અમદાવાદ-રાયખડમાં 'સસ્તું સાહિત્ય મુદ્રણાલય' માં
ભિક્ષુ-અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત

નાશવંત ધન ખર્ચીને ધર્મરૂપી સાચું ધન કમાવા જેટલી અક્કલવાળા

बुद्धिमान सज्जनोने खास तक

જેના વાંચન–શ્રવણથી માણસના હૃદયમાં ધર્મ, નીતિ અને સદાચારના સંસ્કારો વધે, એવા શુભ ગ્રંથો દાનતરીકે, ભેટતરીકે અને લહાણીતરીકે અપાય, એના જેવું ડહાપણભરેલું દાન, બુદ્ધિપૂર્વકનો સજ્જનોનો સત્કાર અને સગાંવહાલાં, મિત્ર–પડોશી તથા જ્ઞાતિબંધુઓની મહત્ત્વની સેવા બીજી નથી.

આ વાત લખીને ધનવાનો પાસે આ સંસ્થા દાન કે સહાય માગતી નથી; પણ પુણ્યાત્માઓએ પ્રેરેલી સૂચના પહોંચાડે છે. આશા છે કે આ સૂચના નકામી નહિ જાય. અને આ સંસ્થાનાં અથવા બીજાં જે પણ પુસ્તકો જેમને વધારે ગમી જાય; તેઓ તે પુસ્તકો તેના યોગ્ય અધિકારીઓમાં, સગાંવહાલાંઓમાં અને મિત્ર-પડોશીઓ તથા જ્ઞાતિબંધુઓ વગેરેમાં છૂટથી વહેંચશે; તથા જેઓ તેની કિંમત ખાસ આપવા ઈચ્છે, અથવા તેમની પાસે કાંઈ પણ કિંમત લેવા જેવી લાગે; તો તે જેને પણ અપાય તેઓ તે પુસ્તકને એક વાર કે એથી વધુ વાર પૂરી કાળજીથી વાંચે કે સાંભળે એટલી કબૂલતરૂપી કિંમત લેવી, એ તો બહુજ સારી વાત છે.

બે શ્રાવણ માસને યોગે ચાલુ ચાતુર્માસના પવિત્ર દિવસોમાં (દિવાળીસુધી) આ સંસ્થાના પ્રત્યેક પુસ્તકના મૂલ્યમાં ઘટાડો કરવામાં આવ્યો છે. તે પણ સોનું ને સુગંધ જેવી વાત છે. વળી ઘટાડેલી કિંમતમાંથી પણ જેઓ એક સાથે ૧૦૦) નાં પુસ્તકો લે તેમને માટે વટાવ પણ ૬ા ટકા કપાશે.

શ્રીમદ્‌ભાગવતનું મૂલ્ય તો રૂ. ૫) ને બદલે માત્ર ૪) કરી દેવામાં આવ્યું છે; અને **"મુસ્લીમ મહાત્માઓ"**વાળું સર્વોપયોગી અને અતિમહત્ત્વનું પુસ્તક તો રૂ ૧ાાા ને બદલે માત્ર રૂ ૧) માંજ આપવાનું ઠરાવ્યું છે, કે જેમાં વહીવટને લગતો ખર્ચ નહિ સમાવા ઉપરાંત છપાઈ, બંધાઇ, પૂંઠાં અને કાગળ ઇ૦ એટલું પણ એ મૂલ્ય પાકા પૂંઠાવાળા મોટા ૬૦૦ પૃષ્ઠના પુસ્તકનું સમજવાનું નથી.

सारामाठा प्रसंगे ज्ञाननुं दान–भेट–ल्हाणी

પોતેજ પૂર્ણ જ્ઞાની થઇને બીજાઓને જ્ઞાન આપવું, એ તો કોઇકજ બને; પરંતુ મહાન જ્ઞાનીઓના જ્ઞાનોપદેશરૂપ ઉમદા પુસ્તકો તો સર્વ કોઇ બીજાઓને આપી શકે.

કોઇ કોઇ ઉદારાત્માઓ આ રીતે પણ પોતાના ધનનો થોડોઘણો સદુપયોગ કરે છેજ; પરંતુ દેશની વર્તમાન દશા તરફ જોતાં આ પ્રકાર સર્વત્ર મોટા પ્રમાણમાં ચાલુ થઇ એક ઉમદા સામાજિક રૂઢિરૂપે બનવો જોઇએ.

સારામાઠા પ્રસંગો ઉપર માત્ર થોડાક વધુ ખર્ચથી (કે થોડુંક ઘી ઓછું વાપરીને પણ) શારીરિક ખાનપાન ઉપરાંત એવા માનસિક ખોરાકની પત્રાવળિરૂપ ઉમદા પુસ્તકો પણ પ્રત્યેક મહેમાન, પડોશી, સગાં, કુટુંબી, મિત્ર, જ્ઞાતિબંધુ, બાળકો, વિદ્યાર્થીઓ વગેરેને ભેટ અપાય, તો તે તેમને માટે ગમે તેવાં મિષ્ટાન્ન અને બીજી વસ્તુઓ કરતાં ઘણુંજ વધારે ઉપકારક થાય એ ખુલ્લું છે.

ઇચ્છા હોય તો " અમુક પ્રસંગ અથવા વ્યક્તિના સ્મરણનિમિત્ત અમુક તરફથી ભેટ " કે એવું કાંઇ મુખપૃષ્ઠપર છપાવીને, કે રબરસ્ટાંપથી છાપીને અથવા હાથવડે લખીને તેની ભેટ આપવાથી તે પ્રસંગ અથવા વ્યક્તિના સ્મારકનો હેતુ પણ સરી શકે છે.

સસ્તા સાહિત્યદ્વારા નીકળેલાં અથવા બીજાં જે પણ પોતાને પસંદ પડે તે તે લોકોપકારક પુસ્તકો પોતાને ત્યાં આવતા પ્રત્યેક નાનામોટા પ્રસંગે વહેંચીને ધનના સદુપયોગનું તેમજ જ્ઞાન જેવી સર્વોપરી વસ્તુના પ્રચારનું શ્રેય દરેક સમજુ મનુષ્યે મેળવવું ઉચિત છે.

છૂટથી ખર્ચ કરવા ઇચ્છનાર સજ્જન ધારે તો કોઇ એક ઉપકારક પુસ્તકની ખાસ આવૃત્તિ છપાવીને પણ વહેંચી–વહેંચાવી શકે; અને મધ્યમ કે ઓછો ખર્ચ કરવાનો હોય તો પોતાને પસંદ પડે તેવા કોઇએક ઉત્તમ પુસ્તકની સામટી પ્રત ખરીદીને તેની લહાણી કરી શકે. જો એકથી વધુ જાતનાં સારાં સારાં પુસ્તકો લીધાં હોય તો ભેટ લેનારને તેમાંથી પોતાને મનગમતું પુસ્તક ઉપાડી લેવાની સગવડ પણ આપી શકાય. માત્ર પાંચ–દશ રૂપિયાજ આ રસ્તે ખર્ચવા હોય તોપણ ગીતાનો ૧૮ મો અધ્યાય અથવા તો બીજી કોઇ સારી બસો–ચારસો પુસ્તિકાઓની લહાણી વહેંચી શકાય; છેવટે એકાદ રૂપિયો ખર્ચવો હોય તો તેટલાવડે પણ ધર્મગ્રંથોમાંની અથવા બીજી અસરકારક શિખામણોનાં સો–બસો હસ્તપત્ર સુખેથી વહેંચી શકાય.

અગત્યની સૂચનાઓ

૧–દિવાળી સુધી આ સંસ્થાના દરેક પુસ્તકોમાં ખાસ કિફાયત—ચાલુ ૧૯૮૪ના વર્ષમાં પુરુષોત્તમ માસ સહિત બે શ્રાવણ માસ આવતા હોવાથી એ નિમિત્તે જેઓ જ્ઞાનચારિત્રપ્રેરક ગ્રંથો વાંચવા-વંચાવવા કે ભેટ અથવા લહાણીતરીકે આપવા ઇચ્છે, તેમને આ સંસ્થાનાં બધાં પુસ્તકો ભાદરવા માસની આખરસુધી ખાસ ઓછા મૂલ્યે આપવાની વિગત આની આગલા પુસ્તક(મુસ્લીમ મહાત્માઓ)માં અપાઇ ચૂકી છે. છતાં એ વાત ભૂલમાં ન જાય તેટલા સારુ એ વિષયનું છુટું હેન્ડબિલ પણ આ પુસ્તક સાથે મોકલી અપાશે. આશા છે કે, જેમને એનો ઉપયોગ ન હોય તેઓ તે ફેંકી નહિ દેતાં અન્ય સજ્જનને આપશે.

૨–"મુસ્લીમ મહાત્માઓ"—આ પુસ્તક દિવાળી સુધી રૂ. ૧।।। ને બદલે માત્ર રૂ. ૧) માં આપવાની ગોઠવણ રાખી છે. આ પુસ્તક વાંચનાર જે સજ્જનને એની મહત્તા સમજાઇ હોય, તે એને માટે બીજાઓને પણ ખાસ ભલામણ કરશે એવી આશા છે.

૩–મહાભારત, યોગવાસિષ્ઠ, દેવી ભાગવત, તુલસીકૃત રામાયણ, શાંતિપર્વ, વાલ્મીકિ રામાયણ, ચિત્રાવલીઓ ઇ૦ની કિફાયત પણ ઉપલા નિમિત્તે લંબાઇ છે.

૪–શ્રીમદ્ ભગવદ્ગીતા—સરલાર્થ સહિત—આ પુસ્તકની સાતમી આવૃત્તિ સંશોધનપૂર્વક છપાવા માંડી છે; અને તે પહેલા શ્રાવણમાં ચારેક આનામાં બહાર પડી જશે.

૫–શુભસંગ્રહનો આ ત્રીજો ભાગ પ્રથમ મૂલ્ય મોકલીને મંગાવનારને દિવાળી સુધી પોસ્ટેજ માફ.

૬–દરેકોઇ પુસ્તકની પેઠે આ પુસ્તક પણ પ્રથમ શુદ્ધિપત્ર મુજબ સુધારીનેજ વાંચવું જોઇએ.

૭–આ લેખસંગ્રહમાંના દરેકે દરેક વિચાર સાથે આ સંપાદકને સંમત સમજવાનો નથી.

૮–આ સંગ્રહ પકવાની પત્રાવળીમાં જે જે વાનીઓ સમાયલી છે, તેમાં જે કાંઇ હિતાવહતા હોય તેનો યશ તેને તૈયાર કરનારા સજ્જનોને અપાવો જોઇએ. અત્ર તરફથી તો તેમની તૈયાર કરેલી વિવિધ વાનીઓમાંથી યથામતિ બની તે તે પીરસવાનુંજ કામ બજાવ્યું છે. એમાંની કયી ચીજ કોને ઠીક અને કોને અઠીક લાગશે એનો આધાર દરેક જમનારની સ્થિતિ ઉપર પણ છે.

૯–પસંદગી કરાવ્યા પછી તેનાં પ્રૂફ જોવાનું હજી પણ જોઇતા પ્રમાણમાં સંપાદકથી બનતું નથી; માટે આ સંગ્રહમાં જેમને પણ અગત્યની ભૂલચૂક જણાય, તે યોગ્ય સુધારણા સાથે લખી મોકલીને આ પછીના અંકમાં તે સુધારણા સૂચવવાની સૂચના આપે એવી વિનતિ છે.

૧૦–આ પ્રકારના શુભ સંગ્રહો માટે જે કોઇ સજ્જનો પોતાના લેખ આ સંસ્થાપર મોકલવા ઇચ્છે, તેમને વિનતિ કે, અત્ર તરફથી એ પ્રકારે પહોંચી વળાય તેમ નથી; અને એ પણ વર્તમાનપત્રો અને માસિકો વગેરેમાં છપાઇ ચૂકેલા લેખોમાંથી પસંદગી કરવાનું એક ખાસ કારણ છે.

૧૧–વિવિધ ગ્રંથમાળાનાં બીજાં પુસ્તકો પણ જલદી નીકળશે.

સંવત ૧૯૮૩ના ગ્રાહકો માટે અંકોતરીકે "મુસ્લીમ મહાત્માઓ" વાળું પુસ્તક ચાલુ ૧૯૮૪ના જેઠમાં રવાના થઇ ચૂક્યું છે. એ પછી ૧૯૭ થી ૧૯૯ સુધીના અંકોતરીકે આ ગ્રંથ પહેલા શ્રાવણમાં રવાના થશે. એ પછી એક પુસ્તક "આત્મની વાણી—ભાગ બીજો" બનતાં સુધી બીજા શ્રાવણમાં રવાના થશે અને તે પછીનું છેલ્લું પુસ્તક "ભારતના વીરપુરુષો" ભાદરવા કે આસો માસમાં વી. પી. થી મોકલાઇ ૧૯૮૪ નું વાર્ષિક મૂલ્ય મંગાવી લેવાશે.

वंदे विभु वरम्

(વંદે માતરમ્-એ લય.)

वंदे विभु वरम्
सुखकरम्, भयहरम्, प्रियकरम्
अनुग्रह-वत्सलम्,........तारकम्; वंदे०
अधम-उद्धारणम् भवभय-हारणम्,
दुरित-दल-विनाशनम्....प्रशासनम्; वंदे०
विश्वरक्षकम्, कार्यदक्षकम्,
सुखदायकम्........स्हायकम्; वंदे०
असुरखलभाजनम्, भक्त-शिर-साजनम्,
अभयकर-राजनम्, शिशु-दुःख-दाझनम्; वंदे०
सुमधुर हास्यनम्, सूर्यसम भासनम्,
ललित विलासनम् कमलामुखआस्यनम्; वंदे०

ભાવાર્થ:-વરદાન આપવા યોગ્ય વિભુ! આપને પુનઃ પુનઃ પ્રણામ! ભક્તજનોના ઇપ્સિત વરોને આપવાવાળા આપ એકજ વિભુ છો. ઇપ્સિતાર્થને આપવાની સાચી સિદ્ધિ હે નાથ! આપનામાં છે; તેથી અમે ફરી ફરીને આપને પ્રણામ-નમસ્કાર કરીએ છીએ.

પરમાત્મન્! તમેજ સંસારના જીવોને સુખ કરવાવાળા છો; ભય હરવાવાળા છો અને પ્રિય કરવાવાળા છો. આપનું સ્મરણ અમે ઘડી ઘડીમાં વ્યવહારની જાળોમાં ગુંચાઇને નથી કરતા, ત્યારે પણ આપનો અનુગ્રહવત્સલ સ્વભાવ તેનો તેજ કાયમ રહે છે. ભક્તને આપ તારો છો.

હે અનાથના નાથ! અધમોનો ઉદ્ધાર કરવો એ તો આપનો સ્વભાવજ છે. આ ભવભયને હરવાવાળા આપજ છો. અમારા દુરિતો-પાપકર્મોના દળો-દગલાને વિનાશ કરવાવાળા તથા પાપીઓને તેના પાપકર્મના બદલાની શિક્ષા આપવાવાળા આપજ છો. આપને અમે વંદન કરીએ છીએ.

વિશ્વના સાચા રક્ષક આપ છો. આપના કોપને પાત્ર થયેલ કોઈ પણ માનવ, દેવ કે રાક્ષસ એક ક્ષણભર પણ દુનિયામાં જીવી નજ શકે. હે નાથ! આપ ખરેખરા કાર્યદક્ષ પણ છો. આ સમગ્ર વિશ્વની વ્યવસ્થા ચલાવો છો, પણ તેમાં જરાયે આપની કાર્યદક્ષતામાં ભૂલ કોઇને પણ જણાતી નથી. હે સુખદાયક નાથ! અમને સહાય કરો, સહાય કરો; અમે આપને શરણ છીએ.

જે અસુરો છે, દુષ્ટો અને પાપીઓ છે તે સર્વને આપ ભાંજન કરો છો. અર્થાત્ તેના ગર્વને ભાંગી નાખો છો; અને જે આપના સાચા ભક્તો છે તેના શિર ઉપર સાજનરૂપે-છત્રરૂપે આપ બિરાજો છો. આપના જેવા અભયસ્વરૂપ પરમાત્મા અમારા શિર ઉપર રાજના હોવાથી અમે કે આપના શિશુઓ-બાળકો છીએ, તેનાં દુઃખોથી આપ દાઝો એમાં કાંઇ નવાઈ નથી. બાળકોને જે દુઃખ પડે તે આપનેજ પડે છે, એમ આપ માનો છો.

હે પ્રેમમૂર્તિ! તમારૂં મુખ [illegible] મધુર મધુર હસતું, સૂર્યના સમું [illegible] અનેક લલિત વિલાસોને ભરતું અમે જોઈએ છીએ.

હે નાથ! [illegible] વિવિધ [illegible] એ મનહર મુખને વારંવાર આદર કરે-[illegible] હે વિભુ! આપને પ્રણામ છે.

("વિશ્વજ્યોતિ"ના એક અંકમાંથી)

संतना साद

गुरु लोभी शिष्य लालची, दोनुं खेले दाव ।
दोनुं बूडे बापडे, चडे पथरकी नाव ॥
पूरा सद्गुरु ना मिला, रहा अधूरा शिष्य ।
स्वांग जतिका पहेरके, घरघर मागे भीख ॥
तिमिर गया रवि देखतें, कुबुध गइ गुरुज्ञान ।
संपत गइ अति लोभसें, भक्ति गइ अभिमान ॥
कामी क्रोधी लालची, तासों भक्ति न होय ।
भक्ति करे कोइ शूर नर, जात वरन कुल खोय ॥
जीन घर नौबत बाजती, होते छतीस राग ।
वो मंदिर खाली पडे, बैठन लागे काग ॥
एक दिन ऐसा आयगा, सबतें पडे बिछोह ।
राजा रानी छत्रपति, क्यों सावध नहीं होत ॥
कबीर मंदिर लाखका, जडीया हीरा लाल ।
दिवस चार का देखना, बिखर जायगा काल ॥
कबीर शेरी सांकडी, चंचल मनुवा चोर ।
गुन गावे लेलीन होय, मनमें है कछु ओर ॥
संगत भइ तो क्या भया, हिरदा भया कठोर ।
नव नेजा पानी चढे, पथर न भींजे कोर ॥

भारतके आधुनिक समर्थ जीव*

समरथ लोग आज भारतके, सच्चे वही कहाते हैं।
देश जाति गौरव निजका तज, परको जो अपनाते हैं॥
रीति नीति निज भाषा छोडी, वेष पराय बनाते हैं।
सुन अपनेको 'भारतवासी' अतिशय वे सकुचाते हैं॥
घृणा द्वेष थू छी छी कर, निज भाईको ठुकराते हैं।
गौरप्रभू को लखकर मानो, इष्टदेव मिल जाते हैं॥
नख सिख धारे वस्त्र पश्चिमी, खद्दर सुन कुढ जाते हैं।
देश जातिकी सेवा-पथसे, शुभ विचार मुड जाते हैं॥
हिन्दू हिन्दी वेद शास्त्र सुन, क्रोधानल वर्षाते हैं।
नास्तिक भाव भरी गप-गीता, सुनकर अति हर्षाते हैं॥
राम कृष्ण शिव शिवा नाम सुन, अचरजमय अठलाते हैं।
लॉर्ड देव मिस देवीके ये, परम भक्त कहलाते हैं॥
सर्व भावसे परको ये, भारतवासी अनुसरते हैं।
पुच्छविषाणहीन पशु ऐसे, प्रायः इहां विचरते हैं॥

---

* "विश्वमित्र" ना एक अंकमां लेखकः-श्री. शंकरलाल शर्मा 'विशारद'

શ્રીયોગવાસિષ્ઠ-મહારામાયણ

બે મ્હોટા ભાગમાં—પૃષ્ઠ ૨૦૦૦

પાકાં પૂઠાં સાથે મૂલ્ય રૂ. ૧૦, તરતમાં ૮)

વેદાંતપ્રેમીઓ માટે આ ગ્રંથની ઉપકારકતા અનુપમ છે. સ્વામી રામતીર્થ તો આ ગ્રંથ-માટે ખાસ ભાર દઇને ભલામણ કર્યા કરતા. મહર્ષિ વસિષ્ઠજીએ ખુદ આ ગ્રંથમાંજ તેની ઉપકારકતા વર્ણવી છે કે:–"આ સંહિતા પોતાની મેળેજ અભ્યાસ કરીને જાણી હોય અથવા બીજા કોઇના મુખથી સાંભળી હોય તો ગંગાજીની પેઠે તુરતજ સઘળાં તાપોની શાંતિ કરીને પરમસુખ આપે છે. જેમ રજ્જુ(દોરડી)નું અવલોકન કરવાથી તેમાં થએલી સર્પની ભ્રાંતિ ટળી જાય છે, તેમ આ સં-હિતાના અવલોકનથી સંસારનાં દુઃખો ટળી જાય છે."

"જેમ શરદ્ઋતુ પ્રાપ્ત થતાં દિશાઓનું મલિનપણું ધીરે ધીરે મારી પેઠે ઓછું થવા લાગે છે; તેમ આ ગ્રંથનો વિચાર પ્રાપ્ત થતાં બુદ્ધિના લોભ તથા મોહ આદિ દોષો ધીરે ધીરે સારી પેઠે ઓછા થવા લાગે છે. સઘળી કલ્પનાઓ શાંત થતાં ધીરે ધીરે પરિપાકને પામેલું, આ ગ્રંથને વિચારનારનું જીવન્મુક્તપણું એવું થાય છે કે જેનું વર્ણન કરી શકાતું નથી. સઘળી રીતે શીતળતાવાળી, શુદ્ધ અને ઉત્તમ પ્રકાશ આપનારી એ પુરુષની બુદ્ધિ શરદ્ઋતુની ચાંદનીની પેઠે અત્યંત ખીલી નીકળે છે."

"આ ગ્રંથ સાંભળવામાં આવે, વિચાર કરવામાં આવે અને સમજવામાં આવે તો માણસ-ને મોક્ષની પ્રાપ્તિમાં તપની, ધ્યાનની કે જપ આદિની કંઇ પણ અપેક્ષા રહેતી નથી. આ શાસ્ત્રના દૃઢ અભ્યાસથી અને વારંવાર અવલોકનથી ચિત્તના સંસ્કારપૂર્વક અપૂર્વ પાંડિત્ય થાય છે."

શ્રીમદ્ ભગવતી ભાગવત

વેદધર્મસભાવાળું ઉત્તમ ભાષાંતર

આમાં આવડા મોટા અક્ષરમાં, મોટાં પૃષ્ઠ ૬૦૦, છતાં માત્ર રૂ. ૪॥ તરતમાં ૪)

'વેદધર્મસભા' જેવી કાળજીથી પસંદગી કરનારી સંસ્થાએ આ ગ્રંથનું ભાષાંતર કરાવીને પ્રથમ છપાવ્યો હતો; અને અનેક સજ્જનો તથા વિદ્વાનો આ ગ્રંથને વિષ્ણુભાગવત કરતાં અધિ-કતો માને છે. મહાન સંસ્કૃત ટીકાકાર નીલકંઠ તો કહે છે કે, ૧૮ મહાપુરાણોમાંનું જે ભાગ-વત તે તો આજ ભાગવત છે.

આ પુરાણના વાચનથી ઐતિહાસિકવૃત્તિવાળા વિદ્વાનોને જગતના અતિપ્રાચીન ઇતિહાસસંબંધી વિચારપૂર્ણ સામગ્રી મળી શકે તેમ છે; ભક્ત અને જિજ્ઞાસુ જનોને આમાં ઠેકાણે ઠેકાણે વેદ અને ઉપનિષદના ગૂઢ આધ્યાત્મિક ઉપદેશો સરળ રૂપમાં મેળવાવેલા જણાશે; સર્વ સજ્જનોને એમાંથી નીતિ, ધર્મ, સદાચાર ઇ૦ ઉત્તમ વિષયોથી ભરપૂર પુષ્કળ સુબોધક કથાઓનો લાભ મળી શકશે, અને સ્ત્રીવર્ગ માટે મહાન સતીઓના બોધદાયક તથા અસરકારક આખ્યાનો પણ આવેલાં જણાશે

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } ભદ્રપાસે—અમદાવાદ. કાલબાદેવી-મુંબઇ.

अनुक्रमणिका

शुद्धिपत्र

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૦૧	૨૮	કોપ	કોપ
૨૦૫	૪	પ્રંતિ	પ્રતિ
૨૧૮	૩૩	સુખપ્રદાયિની	સુખદાયિની
૨૦૭	૧૯	૧—મા૨૦	[illegible]
૨૨૭	૨૦	૨—૬૨૦	[illegible]
૨૩૭	૩૧	[illegible]	કામ
૨૧૯	૨૨	[illegible]	[illegible]
૨૮૨	૨૭	हृदये	हृदय
૩૨૨	૨૦	મટાડનારી	મટાડનારી
૩૨૬	૩૮	"[illegible] પ્રકાશ"	"[illegible] પ્રકાશ"
૩૩૭	[illegible]	[illegible] છે	છે [illegible]
૩૦૭	[illegible]	[illegible]	[illegible]
૩૩૩	૧૮	[illegible]	[illegible]
૩૩૯	૮	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]

શુભસંગ્રહ-ભાગ ત્રીજો



૧—પ્રાર્થનાનું સામર્થ્ય

હે રસસાગર પ્રભુ! તારા સ્વરૂપનો પાર પામવા મનુષ્યબુદ્ધિ અસંખ્ય વર્ષો થયાં મહાભારત પ્રયત્ન કરી રહી છે, પરંતુ અદ્યાપિપર્યંત તારો પાર પામી શકી નથી. તારા સ્વરૂપપરત્વે જગતના મહાન તત્ત્વચિંતકોએ જુદા જુદા મત પ્રવર્તાવ્યા છે, પરંતુ તે સઘળાં તેમનો સમય પૂરો થતાં વિરામ પામ્યાં છે અને તારો મહિમા જેવો પ્રકાશજ પ્રાપ્ત કરી શક્યાં છે. અમારા પામર મનુષ્યના અલ્પ વિચારો તારા અનંત તેજોમય અમૃતમય સ્વરૂપનું નિરૂપણ કરવા સમર્થ નથી. હે દયાસિંધુ! તું વાણી, મન અને ઇંદ્રિયોથી પર હોવાને લીધે અમારી બુદ્ધિ તારૂં ગ્રહણ કરી શકતી નથી એ ખરૂં; પણ જે સામર્થ્ય અમારી બુદ્ધિમાં નથી, તે તારી કૃપાવડે તારાપ્રત્યે પ્રેમથી છલોછલ ઉભરાતા અમારા હૃદયમાં છે. અમારા હૃદયમાં સ્થિર થયેલી પરમ શ્રદ્ધાથકી અમે આ વિશ્વમાં તેમજ અમારા અંતરાત્મામાં તારૂં દર્શન કરી શકીએ તેમ છીએ. હે સર્વજ્ઞ પ્રભુ! જ્ઞાન એ પણ વસ્તુતઃ તારૂંજ સ્વરૂપ છે. અમારી બુદ્ધિનો ઉત્પાદક અને પ્રેરક તુંજ છે. અજ્ઞાનતિમિરમાં જ્ઞાનરૂપી તેજોમય કિરણો વેરનાર શક્તિ પણ તુંજ છે. આ વિશ્વમાં જ્ઞાન યથેચ્છ વૃદ્ધિ પામો, પરંતુ જ્ઞાનના વિકાસની સાથે અમારા હૃદયમાં ત્હારાપ્રતિ પરમ શ્રદ્ધા અને આદર ઉત્તરોત્તર વિકાસ પામો, કે જેથી હે સંગીતનાયક! બુદ્ધિ અને હૃદયના સૂરની સુરાવટમાંથી અપૂર્વ અને ભવ્ય સંગીત ઉત્પન્ન થાય.

× × ×

સાધુજીવન એ કૃપાણની ધાર છે, સત્પુરુષની પ્રભુ કઠણમાં કઠણ કસોટી કરે છે—એને પૂરેપૂરો તાવે છે; પરન્તુ અનેક દુઃસહ પ્રસંગોમાં પણ એ સન્નિષ્ઠામાંથી ભ્રષ્ટ થતો નથી. ચંદનના લાકડાને અધિક ઘસવાથી જેમ અધિક સુવાસ પ્રસરે છે, તેમ સંકટના સમયમાં સત્પુરુષનો આત્મા અલૌકિક સુગંધ પ્રકટ કરે છે. સંકટો આવ્યા છતાં ભક્તજનની પ્રભુમાં સ્થિર થયેલી શ્રદ્ધા લેશ પણ ડગતી નથી—બલ્કે દુઃખમાં દ્વિગુણ ભક્તિભાવથી ભક્ત પ્રભુ તરફ આકર્ષાય છે. જેમ માતા બાળકને ધમકાવે છે અને રોવરાવે છે, તોપણ બાળક માતાનેજ વળગતું જાય છે અને તેના ખોળામાંજ સંઇ જાય છે; તેમ સંસારનાં દુઃખો માથે આવે, તોપણ ભક્ત પ્રભુને વળગતો જાય છે અને પ્રભુમાં ચિત્ત લગાડી તેમાંજ લીન બને છે. પ્રભુ ઉપર આવી પરમ શ્રદ્ધાને લીધેજ કુંતા વારંવાર કહે છે કે ' विपदः सन्तु नः शश्वत् तत्र तत्र जगद्गुरो ' હે જગદ્ગુરો શ્રીકૃષ્ણ! અમને વિપત્તિઓ પડજો, કારણ કે તેમાંજ તારો વાસ છે. નરસિંહ મહેતા પણ કહે છે કે 'સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડીઆં.' સાંસારિક દુઃખની સ્વાભાવિકતા અને અનિવાર્યતાને અનુલક્ષીને ભક્તજનોએ આવા ઉદ્ગારો કાઢ્યા છે.

પરન્તુ તીવ્ર દુઃખો અનુભવતાં છતાં મનુષ્યસ્વભાવસુલભ નિર્બળતાની ક્ષણો સત્પુરુષના જીવનમાં કદાપિ નહિ આવતી હોય! એ સહજ પ્રશ્ન થાય છે આનો ઉત્તર એ કે, વત્તાઓછા પ્રમાણમાં પ્રત્યેક સંસારી જીવના જીવનમાં એવી ક્ષણો જરૂર આવે છે. પ્રભુનો પંથ અતિવિકટ છે. મહાન પ્રયત્ન અને અથાગ આંતર્યદ્વારા એ સદ્સ્થાને પહોંચી શકાય તેમ છે. આવા કારણ મંથનકાળમાં મનુષ્યનો 'ડગમગતો પગ' સ્થિર રાખનારી અમોઘ શક્તિ કઈ છે? એ શક્તિ હૃદયના સાચા ભાવપૂર્વક પ્રભુનું સ્મરણ અને તજ્જન્ય વાચિક ઉદ્ગાર' શબ્દાન્તરમાં કહીએ તો પ્રભુની પ્રાર્થના છે. પ્રાર્થનાદ્વારા મનુષ્યહૃદયની ઉંડામાં ઉંડી ખીણોમાંથી ચૈતન્યનો અખૂટ ઝરો પરમાત્માભિમુખ વહે છે. પ્રાર્થના એ મનુષ્યઆત્માની સર્વોત્તમ ભાવના છે, મનુષ્યઆત્માને પરમાત્મા સાથે જોડનાર એ અંકોડો છે. સંકટના સમયમાં સંસારી જીવનું એ પરમ આશ્વાસન છે,

ખળભળેલા મહાસાગરનાં મોજાં જેવી તરંગી અસ્થિરતામાં એક સ્થિર [illegible] શાંતિ અદ્ભુત સંગમભૂમિ છે. ટૂંકમાં, દુઃખ અને નિરાશાથી ભરેલા સંસારસાગરમાં [illegible] દીવાદાંડીની પેઠે પ્રકાશ [illegible] છે. આમ અનેક [illegible] ની પ્રાપ્તિ પ્રાર્થનાથી થાય છે.

અહીં એક શંકા થશે કે, પરમાત્મા 'દૂરાત્ દૂરમ્' [illegible] ધામમાં બિરાજે છે, તેથી માનવબાળની પ્રાર્થના સાંભળે ખરો? [illegible] જેના એક એક રોમમાં અનંતકોટિ બ્રહ્માંડ રહેલાં છે અને જેના [illegible] અસંખ્ય જંતુઓ છે× એવા અખિલ વિશ્વનાયકને એક માનવના ભાગ્યાભાગ્યની [illegible] શી પડી! પ્રભુના સત્યસ્વરૂપની સમજણ [illegible] આવે છે. પ્રભુ [illegible] છતાં પણ સમીપ છે; તેથી જ ઉપનિષદ્ કહે છે કે 'तद्दूरे तद्वन्तिके' (ફાર અને નિયર) અર્થાત્ 'દૂર અને નજીક' એવું પરમાત્માનું સ્વરૂપ છે. પ્રભુ જગતથી પર છે સાચું, પણ તે જગત અને જીવનો અંતર્યામી પણ છે. પ્રત્યેક ભૌતિક પરમાણુના અંતરમાં ને પ્રત્યેક જીવાત્માના અંતરમાં આત્મતત્ત્વરૂપે એ વાસ કરીને રહેલા છે. ટેનીસન [illegible] યોગ્ય જ કહે છે કેઃ—

"મનુષ્યહૃદયની પ્રાર્થના પ્રભુ સાંભળે છે. પ્રાર્થનાદ્વારા જીવાત્મા અને પરમાત્માનો યોગ છે, કારણ કે ઉચ્છ્વાસ અને શરીરના અવયવો કરતાં પ્રભુ વધારે નજીક છે. તેથી મનુષ્ય એના દુઃખના સમયમાં-એની અનાથતામાં--એના અંતરમાં બિરાજતા અંતર્યામી સિવાય કોની સહાય માગે? ઘોર સંકટમાં ઘેરાયેલ ગજેન્દ્ર, દ્રૌપદી આદિ આર્ત ભક્તોના હૃદયના ઊંડાણની ચીસ પ્રભુએ સાંભળી અને તેમની વ્હારે ધાયા."

હવે એક બીજો પ્રશ્ન એ થાય છે કે, પ્રભુ મનુષ્યની પ્રાર્થના સાંભળે તોપણ તે સહાય કરી શકે ખરો? આ સમસ્ત વિશ્વ કાર્ય-કારણના અચલ નિયમથી સંકલિત છે. આ સાર્વત્રિક નિયમનો ભંગ કરીને પરમાત્મા દુઃખી ભક્તહૃદયને સાંત્વન અને સહાયના કેમ આપી શકે? આ શંકા પણ અસ્થાને છે. જે નિયમ સર્વશક્તિમાન પ્રભુએ પ્રવર્તાવેલા છે, તે એને બાંધી શકતા નથી. ટેનીસન કહે છે કે, નિયમરૂપી લોઢાની સાંકળથી જકડેલા જગતની પાર ભક્તહૃદયની પ્રાર્થના પહોંચી શકે છે અને એ નિયમના પ્રવર્તાવનાર પ્રભુને ભેટે છે. વસ્તુતઃ આ વિશ્વ કાર્ય-કારણરૂપી નિયમની શૃંખલાથી બંધાયેલું નથી, પરંતુ પરમાત્માથી વસાયેલું છે.* એ નિયમ પણ ચૈતન્યની ઝલકનોજ આવિર્ભાવ છે. આમ વિશ્વમાં પ્રવર્તી રહેલા અનેક નિયમોદ્વારા પરમાત્માનું સ્વરૂપ પ્રકટ થાય છે અને ભક્તનું કલ્યાણ કરે છે.

પ્રાર્થના એ બુદ્ધિનો વિલાસ નથી કે હૃદયનો ક્ષણિક ઉભરો નથી કે અર્થહીન ક્રિયા નથી, પરંતુ જીવાત્માની પરમાત્મામાટે સ્વાભાવિક વ્યાકુળતા છે; કારણ કે જીવાત્મા એ પરમાત્માનું પ્રતિબિંબ છે. પ્રાર્થનામાં કૃત્રિમતાને લેશ પણ અવકાશ નથી. ખરા હૃદયની પ્રાર્થનામાં મનુષ્યનો સકલ આત્મા-બુદ્ધિ, હૃદય અને પ્રકૃતિ-પરમાત્માભિમુખ થવા માટે તલસે છે. પ્રાર્થનાદ્વારા અંતઃકરણ નમ્ર અને નિર્મળ બને છે અને નિર્મળ અંતઃકરણદ્વારાજ ઈશ્વરનાં દર્શન થાય છે.

અંતમાં 'ભારતના ભાગ્યવિધાતાએ' તો ભારતવર્ષના અદૃષ્ટનું નિર્માણ કર્યુંજ હશે. વર્તમાન સંક્ષુબ્ધ વાતાવરણમાં તો વીર નર્મદની પ્રાર્થનામાં ભળીને એ અદૃષ્ટ નિર્માતાને અંતઃકરણપૂર્વક એટલુંજ વિનવીએ કેઃ—

" હિંદ દેશને થાપે, હરિ ! તું નિજ કરીને થાપે !"

('ચિત્રમય જગત'ના નવેમ્બર ૧૯૨૭ ના અંકમાં લેખક-**રતિલાલ મોહનલાલ ત્રિવેદી.**)

× 'તહાં રે રોમ-અગ્રે બ્રહ્માંડ અનંત, એકેક બ્રહ્માંડે વસે બહુ જંત.'

(પ્રેમાનંદકૃત ભાગવત દશમસ્કંધ.)

* 'ईशावास्यमिदं सर्वं यत् किं च जगत्यां जगत्'

૨–પધારો મૈયા કમલા!

પધારો માતા! પધારો; પરંતુ મા! અમે તમને કે મુખે બોલાવીએ! શી બહાદુરી ઉપર બોલાવીએ? શા વડે તમારું સ્વાગત કરીએ? તમે નરપુંગવો ઉપરજ દયા કરો છો; પુરાણના હૃદયકમળમાં તમારો વાસ છે; વિશ્વરૂપ વિષ્ણુનાં તમે પ્રિયતમા છો; તમે અમ દરિદ્ર ભારતવાસીઓની ઝૂંપડીઓમાં ક્યાંથી પધારો! અમે એવું તે શું પુણ્ય કર્યું છે કે અમે તમને ઘરે લાવી શકીએ? તમારા કૃપાકટાક્ષને લાયક થવા જેટલો પુરુષાર્થ અમારી પાસે ક્યાં છે? તેથીજ કહીએ છીએ કે, મા! આપનું આવાહન કરતાં અમારી જીભ ગભરાય છે, અમારાં પાપોનું સ્મરણ કરતાં હૃદય ફાટી ઉઠે છે–આપને બોલાવવાની પણ હિંમત થતી નથી.

યોગ્યજ છે, માતા! તમે અમારે ત્યાં શા સારૂ આવો? જે દેશના લોકો તમારું અપમાન કરે તમારી વિભૂતિઓનો–ધનદૌલતનો–અનેક રીતે દુરુપયોગ કરે છે, તેઓ તમારી કૃપા શી રીતે મેળવી શકે! જે દેશના લોકો સાક્ષાત્ લક્ષ્મી જેવી પોતાની માતાઓ અને બહેનો તરફ દ્રષ્ટિ કરે છે અને પોતાની આંખો સામે તેમને નિરાધાર, દુઃખી અને પતિત દશામાં જુએ છે–જોવા છતાં જડતાભર્યું મૌન સેવે છે અને પોતાના એ મૌનનેજ હિમાલય જેવી ગંભીરતા માનીને ફાંકો ધારણ કરે છે; તે દેશના લોકો ઉપર તમે આપની કૃપાદ્રષ્ટિ શી રીતે ફેંકી શકો! તેથીજ કહીએ છીએ કે, ઓ મા! ઓ ધનધાન્યસ્વરૂપિણિ! આજ તમને બોલાવતાં પણ શરમના શેરડા પડે છે, કંઠ રૂંધાઈ જાય છે!

જે દેશના લોકો તમારી વિભૂતિસ્વરૂપિણી, પૃથ્વી ઉપર સ્વર્ગભૂમિ કામદુધા ગાય માતાઓના કલ્યાણનો વિચાર કરવાનું તો દૂર રહ્યું, પણ તેમને સ્વહસ્તે કસાઈઓને ત્યાં વેચતાં પણ શરમાતા નથી, ત્યાં તમે આવીને પણ શું કરશો? જે દેશના રાજાઓના રાજમહેલોથી તે સામાન્ય પ્રજાજનોનાં ઝૂંપડાં સુધીમાં એક દિવસ દૂધ-દહીંની નદીઓ વહેતી હતી, તેજ દેશના લોકોએ પોતાનાં ઘોરાતિઘોર પાપાચરણોથી પોતાની એવી શોચનીય દુર્દશા કરી મૂકી છે, કે તેમને સ્વપ્નામાં ઘી-દૂધ મળવાની તો વાત દૂર રહી, પણ પરદેશથી આવતાં 'કન્ડેન્સ્ડ મિલ્ક' (ઘટ્ટ કરેલું દૂધ) અને વનસ્પતિનું ઘી ખાઈને જીવન નિભાવવું પડે છે. તેથીજ કહીએ છીએ કે, મા! તમને શે મુખે બોલાવીએ? તમે કદાચ આવશો, તોપણ હે કમલા મૈયા! અમે તમારાં ચરણકમળોમાં અર્ધ્યપાદ્ય દેવાને લોટી ભરીને ગાયનું દૂધ પણ ક્યાંથી લાવીશું?

માતા કમલા! અમે તમારું ખૂબ અપમાન કર્યું છે, ઘોરાતિઘોર પાપ કર્યાં છે અને તે અનેક વાર કર્યાં છે–હજુ પણ કરી રહ્યા છીએ. હે વસુધરે! હે લક્ષ્મીસ્વરૂપિણિ! અમે તમારું સ્તનપાન કરીને, તમારી ગોદમાં ઉછરીને, તમારાજ પવિત્ર કલેવરને કેટલીયે વાર અમારા ભાઈઓના લોહીથી ખરડ્યું છે, તેનો કંઈ પારજ નથી! વળી એટલુંજ નહિ પણ વિધર્મી-વિદેશીઓને બોલાવીને પણ તમારું અને તમારાં સંતાનોનું–અમારા પોતાના ભાઈઓનું અપમાન કરાવ્યું છે! તો પછી ઓ કમલવનવાસિનિ! તમે આ પતિત ભારતભૂમિ ઉપર શી રીતે રહી શકો? તેથીજ કહીએ છીએ કે, મા! વિશ્વરમે! તમને બોલાવતાં પણ હૃદયદ્વાર બંધ થઈ જાય છે. ઓ જગજ્જનનિ! અમારાં પાપોને અને અમારી કલંક-કથાઓને ક્યાંસુધી સંભળાવીએ–ક્યાંસુધી ગણાવીએ! હે સર્વાન્તર્યામિનિ! તમે અમારી કાળી કરણી જાણો છો, તમારાથી અમારું કયું પાપ અજાણ્યું છે? તમે સર્વ કાંઈ જાણો છો, પણ અમારા પૂર્વકૃત પાપોમાટે અમારે આ નરકયાતના, પરાધીનતાની આ યમ-વેદનાઓ ક્યાંસુધી સહેવી પડશે? આ રીતે ક્યાંસુધી અમ ભારતવાસીઓની–હિંદુઓની–નાલાયક સંતાનોમાં ગણના થયા કરશે? અમે અમારા પગો ઉપર ક્યારે ઉભા રહીશું? અમારાં પાપો અને તેના પરિણામોનું ક્યારે મૃત્યુ થશે?

ઓ જગદંબા! દિવાળીના દિવસોમાં અમે તમારી પૂજાના માત્ર થોડાક દીવાઓજ ક્યાંસુધી સળગાવ્યા કરીશું! આ દીવાઓથી તો મા! તમારા સ્વાગતની અમારી ઇચ્છા પણ પૂર્ણ થતી નથી. એ તો તમારા સ્વાગતનું માત્ર બાહ્યચિહ્નજ છે માત્ર પ્રથા પ્રમાણેજ અમે તો ચાલીએ છીએ. હે જગદ્ધાત્રિ! તમારું ચિરકાળના ક્રીડાભુવનસમું આ ભારતવર્ષ ક્યાંસુધી આવી મૃતપ્રાય

દશામાં પડયું રહેશે? ભારતવર્ષમાં ઘેરઘેર તમારી પૂજા કોડીઆંના દીવાઓને બદલે મણિમય દીપકોથી ક્યારે થશે? તમારી આપેલી વિભૂતિઓ કે જેને તે પોતાની દુર્બળતા અને મૂર્ખતાથી ગુમાવી બેઠો છે, તે પુનઃ ક્યારે પ્રાપ્ત કરી શકશે?

તેની આ શોચનીય દરિદ્રતા શું ચિરકાળસુધી ચાલ્યા કરશે? તેની આ પરાધીનતા શું દીર્ઘકાળપર્યંત ટકી રહેશે? તેના ભાગ્યમાં જો એવુંજ લખાયું હોય, તો તો હે ભાગ્યવિધાત્રિ! હે સાગરિકે! તેનો એકે સપાટે નિકાલ કરી દેવા માટે શું તમારો હિંદી મહાસાગર પૂરતો નથી? આમ રીબાઈ રીબાઇને મરવા કરતાં તો મા! ભારતવર્ષ હિંદી મહાસાગરમાં ડૂબી મરે એજ લાખ્ખો દરજ્જે સારૂં છે!

પરંતુ ના, માતા! અમે સેંકડો અને હજારો અપરાધ કરીએ, તોપણ તમારે અમને ક્ષમા કરવી ઘટે; કેમકે તમે માતા છો અને અમે પુત્ર છીએ. માતા પોતાનાં સંતાનોનો વિનાશ થતો નજ જોઈ શકે. અમે નથી ઇચ્છતા કે, અમે કંઈપણ કરીએ નહિ અને તમે અમારેમાટે સર્વ કાંઈ કરી આપીને અમારાં માટીનાં ઘર સોનાનાં બનાવી દો.

ઓ કમલા મૈયા! અમે ઇચ્છીએ છીએ તે એજ કે, તમે વજ્રહૃદયનાં થઇને એક વાર-માત્ર એક-જ વાર-અમારી દરિદ્ર ઝુંપડીઓમાં પધારો અને આપના બુલંદ અવાજે અમારા ચિરકાલબધિર કાનોમાં એવા મંત્રની ઘોષણા કરો કે જેથી અમે અનંતકાળ સુધી જાગ્રત રહીએ; અને ઓ માતા! અમારાં અંધ ચક્ષુઓમાં એવી અંજનશલાકા ફેરવો કે જેથી અમે આ બેભાન અવસ્થામાં અમારા કેટલાક દીપકોના આછા પ્રકાશમાં પણ તમારાં દર્શન કરી શકીએ-તમારા સાચા સ્વ-રૂપને ઓળખી શકીએ અને તમારી યોગ્ય ઉપાસના કરવા સમર્થ થઇએ.

માતા! તમે એમ ન ધારશો કે, અમે તમારી ઉપાસના કરવા નથી ઇચ્છતા. આજ અમારી દરિદ્રાવસ્થામાં પણ અમે જે દીપકો પ્રગટાવીએ છીએ, તે માત્ર કોડીઆંનાજ નહિ પણ અમારાં હૃદયપાત્રના બનેલા છે અને જે ઘી-તેલ બળે છે, તેને અમારા હૃદયનું ઉકળતું લોહી જાણજો. ઓ મા! આથી તમે અનુમાન કરી શકશો કે, અમે તમારી ઉપાસના કરવાને કેટલા આતુર છીએ; પણ અમે માર્ગ ભૂલેલા છીએ. ઓ વિશ્વરૂપિણિ! તમે અમને માર્ગ દર્શાવો એજ અમારી એકમાત્ર યાચના છે.

('હિંદુપંચ'ના ૧૯૮૩ના દીપાવલી અંકમાંના પહેલા લેખ ઉપરથી અનૂદિત)

૩-ચેતજો!

મકાનનું આયુષ્ય તેના દૃઢ પાયા ઉપર છે, એ સામાન્ય સમજણ છે; છતાં છેલ્લે મજલેથી નીચે ચણતાં ચણતાં આખરે પાયો મજબૂત કરવાનું વૈચિત્ર્ય કેવળ કલ્પનામાંજ છે, એમ કોઇ ન ધારે; એ પણ એક વાસ્તવિકતા છે, અને તે કેળવણીની દુનિયામાં!

આજે આપણું લક્ષ્ય હવેલીના છેલ્લા મજલાની સુંદરતા વધારવા તરફ છે અને તેથીજ આપણી કૉલેજો ભવ્ય છતાં ભયંકર જ્ઞાનવાળા વિદ્વાનોથી ભરેલી છે. મહાલયો જેવાં એનાં શિક્ષણસ્થાનો છે, જ્યારે એનો પાયો લુણાવાળી જમીનમાં છે; એનું ચણતર ગારાનું છે; એના ચણનારાઓ કંગાલ, અજ્ઞાન અને નિષ્પ્રાણ જેવા છે.

દુનિયાનો સીધો અને સાદો નિયમ કોઇ રીતે કેળવણીના ક્ષેત્રમાં ક્યારે પ્રવર્તે? જ્યાંસુધી આ પાયો નબળો છે, ત્યાંસુધી ઉપલા મજલા ડોલતા છે, ત્યાંસુધી ઉપલી શોભા જોખમભરેલી છે અને ત્યાંસુધી ઉપલો દમામ પિત્તળપાનના જેવો છે.

આપણે આજે સૌ એકજ કામ કરીએ અને તે આજની કેળવણીની ઇમારત તોડી પાડવાનું અને નવેસરથી ઊંડા અને કાળમીંઢ પથ્થર જડેલા પાયાથી તેને ચણવાનું. એમ નહિ કરીએ તો કુદરત ભૂકંપ અગ્નિ કે આગ કરીને આપણી સ્થૂલ ઇમારતો તોડી પાડે છે; તેમ કુદરતનો આપણા ઉપર કોપ થશે અને આપણે તેનું અચાનક ફળ ભોગવવું પડશે.

('દક્ષિણામૂર્તિ' ત્રૈમાસિકમાંથી)

૪—મહાભક્ત મીરાંબાઈ

(૧)

મેડતા એ ઐતિહાસિક ગામ છે અને રાજસ્થાનમાં આવેલું છે. મેડતાનો રાઠોડ સરદાર પ્રભુભક્ત છે. એના મહાલયમાં ગોવિંદજીની મૂર્તિનું પ્રતિષ્ઠાપન છે.

વસંતઋતુ ચાલતી હતી, પ્રભાતનો સમય હતો. ગોવિંદજીના આંગણામાં એક કુમારિકા પોતાની સહેલીઓ સાથે નીચેનું ભજન ગાતી હતીઃ—

> બસો મેરે નયનમેં નંદલાલ
> મોહિની મૂરતી સાંવરી સૂરતી નૈના બને બિશાલ
> અધર સુધારસ મુરલી રાજત ઉર બૈજન્તી માલ
> છુદ્ર ઘંટિકા કટિતટિ શોભિત નૂપુર શબ્દ રસાલ
> 'મીરાં' પ્રભુ સંતન સુખદાઈ ભક્ત વછલ ગોપાલ.

જેણે જેણે આ ભજન સાંભળ્યું, તે તે મોહિત થઈ ગયા; તેમનાં ભાવવિભોર નેત્રોમાંથી અશ્રુ સરવા લાગ્યાં.

કુમારિકા એક અનુપમ સુંદરી હતી. આખા રાજસ્થાનમાં એના જેવી સ્વરૂપવતી રમણી ભાગ્યે જ જોઈ નહિ હોય. એના સુંદર મુખ ઉપર ભક્તિની જ્યોતિ ઝળહળાં મારી રહી હતી. એ સુંદરીના સુંદર કંઠની તુલના કોઈની સાથે થઈ શકે એમ નથી. એના કંઠસ્વરમાં પ્રાણીની વ્યાકુળતા મૂર્તિમંત બની રહી હતી. સ્થાન, કાળ, ગાનારીનું રૂપ અને એનો વેદનાભર્યો સ્વર, એ સર્વેએ એકત્ર મળીને અપૂર્વ ભાવનો સંચાર જગાવી દીધો હતો. સાંભળનારાઓ એ સ્વરમાં લીન થઈ ગયા હતા, ભાવના આવેશમાં સ્તબ્ધ થઈ ગયા હતા, તન્મય બની ગયા હતા.

કુમારિકા મેડતાના રાઠોડસરદારની પુત્રી મીરાં રોજ ગોવિંદજીને પોતાનાં ભજન સંભળાવ્યા કરતી હતી. આજે પણ એણે એજ વ્યવસાય માંડ્યો હતો. ભજન પૂરું થયું, મંત્રમુગ્ધ જેવા બનેલા સાંભળનારાઓમાં ચેતના આવી, મંદિરમાંથી સર્વ ચાલ્યા ગયા; પરંતુ એક યુવક ત્યાંથી જરાએ ખસ્યો નહિ, હતો ત્યાં ને ત્યાંજ ઉભો રહ્યો. ગાનારીને નીરખતાં એનાં તૃષાતુર નયનો જરાએ ધરાતાં નહોતાં.

મીરાં ગોવિંદજીની મૂર્તિ સામું જોઈને એનું એકાગ્રચિત્તે ધ્યાન ધરી રહી હતી, પોતાના હૃદયની વાતો ગોવિંદજીને નિવેદન કરી રહી હતી. ભજનમાં એ એવી એકતાર થઇ રહી હતી કે એની આસપાસ શું બને છે, એનું ભજન કોણ સાંભળે છે, કોણ ક્યાં ઉભું છે, તેનું એને કશું ભાન હતું નહિ. મીરાં અત્યારે માનવસૃષ્ટિમાં નહોતી, ગોવિંદજીની સાથે કોઈ અગમ્ય પ્રદેશમાં વિચરી રહી હતી. મંદિરમાં અત્યારે મીરાંને મન ગોવિંદ અને મીરાંજ હતાં, બીજું કોઇ નહોતું.

ભજન પૂરું થયું અને મીરાંનું ધ્યાન છૂટયું. એ મૃત્યુલોકમાં પાછી આવી. લજ્જા, ભય, ક્રોધ, વિરાગ વગેરે એના ભૂલાઇ ગયેલા દેહધર્મો પાછા એના દેહમાં પ્રવેશ કરવા લાગ્યા. ભજન કરતી મીરાં દેવી હતી. ભજન પૂરું થયે એ પાછી માનવકોટિમાં આવી, હતી તેવી ને તેવી એ મેડતાની રાજકન્યકા થઇ રહી.

મીરાંએ આમ મોં ફેરવ્યું. એક યુવક અનિમેષ નેત્રે એના મુખસૌંદર્યનું પાન કરી રહ્યો હતો. યુવક કામદેવના અવતારસમો હતો. એનું ગૌર સ્વરૂપ, તેજસ્વી લલાટ અને એનાં પ્રતાપી નયનો ઘોર પ્રતાપ પાડી રહ્યાં હતાં. યુવકને જોઇને મીરાં મનમાં ને મનમા વિધાતાની કારીગરીની પ્રશંસા કરવા લાગી. લજ્જાનાં માર્યાં એનાં નેત્રો નીચે ઢળ્યાં. એણે તરતજ યુવક તરફથી પોતાની દૃષ્ટિ પાછી વાળી લીધી. યુવક સામુ બીજીવાર એ ન જોઇ શકી.

ગોવિંદજીના મંદિરમાં અતિથિ આવે તેનો સત્કારભાર મીરાંને માથે હતો. અતિથિ અને સાધુસંતને રહેવા આવવા વગેરેનો પ્રબંધ એ પોતાની જાતિદેખરેખ નીચે કરાવતી અને પોતે જાતે તેમનું સ્વાગત કરતી હતી; પરંતુ આ યુવકનો સત્કાર કરતાં—અરે એના સામું જોતાં પણ એનું મન લજ્જાથી વિવશ બની ગયું.

મીરાંએ પોતાની એક સખીને કહ્યું કે "અલી, જા પેલા યુવકને કહે કે, અમારૂં આતિથ્ય સ્વીકારશો તો અમે કૃતાર્થ થઇશું. એ યુવક કોઇ સાધારણ વ્યક્તિ નથી, રાજપુત્ર જેવા જણાય છે. છુપા વેશે અહીં આવેલા છે."

સખીએ કહ્યું:–ભલે, એ રાજપુત્ર હોય કે ભિખારી હોય. આપણી દષ્ટિમાં તો સર્વ સમાન છે, સર્વ નારાયણરૂપ છે. આજે તમારામાં આવી ભેદબુદ્ધિ શાથી થઇ? એ યુવક કોણ છે?

મીરાં:—તે તો હું નથી જાણતી.

સખી:—તો પછી તમે એમનાથી શરમાવ છો કેમ?

મીરાં:—તે નથી કહી શકતી; એમના સામું જોતાં મને કોણ જાણે કેમ શરમ આવે છે!

મીરાંની સખી પેલા યુવક પાસે જઇને બોલી–શ્રીમાન્! અમારી રાજકુમારી આપનું સ્વાગત કરે છે. એમનું આતિથ્ય સ્વીકારવાની કૃપા કરશો તો એ પોતાને ધન્ય માનશે.

યુવકે કહ્યું:—ભદ્રે! રાજકુમારી મારો સત્કાર કરવો હોય તો એ પોતે મને એમના શ્રીમુખથી કેમ કશું કહેતાં નથી? મારે તો એ વચન એમના મુખથી શ્રવણ કરવાં છે.

હવે બોલ્યા સિવાય મીરાંને છુટકો નહોતો. લજ્જાથી રતુમડા થઈ ગયેલા મુખે મીરાંએ યુવકને પોતાનું આતિથ્ય સ્વીકારવાની પ્રાર્થના કરી.

યુવકને તો એજ જોઇતું હતું. મીરાંના કંઠનું ભજન સાંભળવાને છદ્મવેષે એ ઘણા દૂર દેશથી આવ્યો હતો. એક વારના ભજનથી એને તૃપ્તિ નહોતી થઇ. એને તો મીરાંનું ભજન વારંવાર સાંભળવાની રસવૃત્તિ થઇ આવી હતી. ભજન સાંભળતાં સાંભળતાં મીરાંના રૂપે એને મોહિત કરી દીધો હતો. યુવકે મીરાંની પ્રાર્થના સ્વીકારી.

સાંજે ગોવિંદજીની આરતી થઇ. આરતી ઉતરી રહ્યા પછી મીરાં ગોવિંદજીની સામે બેસીને પાછી ગાવા લાગી.

> તાતલ સૈકત વારિ બિંદુ સમ, સુત મિત રમણી સમાની;
> તોહિ બિસરિ મનવાહિ સમર્પલું, અબ મોર હોય કૌન કાની.
> આધ જનમ હમ સોય ગવાયલું, શિશુ જરા કેતિ દિન ગેલા;
> જૌબન મોહ ફંસી રસરંગી માતલું, તોહિ ભજઉં કૌન બેલા.

આ ભજન સાંભળીને વૃદ્ધો તો રડવાજ લાગ્યા. યુવક સ્તબ્ધ બની ગયો.

મૂર્ખ માનવીને આ દુર્લભ જીવન મળ્યું છે, છતાં પોતાનું અર્ધું જીવન તો એ ઉંઘમાં ગુમાવી દે છે. બાકીનું અડધું રહ્યું તેમાંથી બાલ્યાવસ્થા અને વૃદ્ધાવસ્થાનો કાળ નકામો જાય છે. બચવા પામે છે યૌવનકાળ. એ કાળમાં ભગવાનનું ભજન ધાર્યું હોય તો ઘણી સારી રીતે થઇ શકે છે; પરંતુ યૌવનકાળમાં મનુષ્ય ક્ષુદ્ર આનંદ અને વિષયભોગમાં ડૂબ્યો રહે છે. હાય મનુષ્ય! તારૂં કેવું દુર્ભાગ્ય છે! એ યૌવનકાળ તું પ્રભુને નથી સમર્પણ કરી શકતો.

મીરાંની આંખમાંથી પણ ખર ખર ખર કરતાં આંસુ ખરવા લાગ્યાં.

યુવક મનમાં ને મનમાં વિચાર કરી રહ્યો હતો. આનું ભજન સાંભળતાં હું ધરાતોજ નથી; આનાવિના મારૂં જીવન નિષ્ફળ છે.

ભજન પૂરૂં થયું, સર્વ ચાલ્યા ગયા. રાજકુમારી પણ જતી હતી, ત્યાં તો પેલો યુવક એની સામેજ આવીને ઉભો રહ્યો અને બોલ્યો કે 'રાજકુમારી! તમારી પ્રાર્થનાનો મેં સ્વીકાર કર્યો તો મારી પ્રાર્થનાનો તમે સ્વીકાર નહિ કરો?' એમ કહીને યુવકે પોતાની આંગળીમાંની વિંટી કાઢીને રાજકુમારીના હાથમાં મૂકી તથા કહ્યું કે 'આપ આ વિંટી સ્વીકારો. એ મારી ક્ષુદ્ર ભેટ છે અને હું એક દિવસ તમારો અતિથિ હતો, તેનું સ્મરણ તમને નિત્ય રહે તેવા હેતુથી હું તમને આ સ્મરણચિહ્ન તરીકે આપું છું. આપ એનો અંગીકાર કરશો તો હું મને પોતાને અહોભાગ્યશાળી માનીશ. આજે રાત્રે હું અહીંથી પ્રયાણ કરવાનો છું. આપની મુલાકાત થવાનો હવે સંભવ નથી. મારી આ ધૃષ્ટતા માટે હું આપની ક્ષમા માગું છું.'

એક પળવાર મીરાં યુવક સામું જોઇ રહી, બોલવાની તો ઘણી ઇચ્છા હતી; પણ એના હોઠ ન ઉઘડ્યા, યુવક ચાલ્યો ગયો.

મેડતાના રાઠોડ સરદારની કન્યા મીરાંને આખું રાજસ્થાન ઓળખતું હતું. એના રૂપની પ્રશંસા રજપૂતાનામાં ઘેરઘેર થતી હતી. મેવાડની રાજધાની ચિતોડમાં તો મીરાંનું રૂપ એક ચર્ચાસ્પદ વિષય થઇ પડ્યો હતો. સવાર-સાંજ, દિવસે અને રાત્રે ચિતોડની ગલીએ ગલીએ લોકો ગાતા હતા કે —

મીરાં કહે બિન પ્રેમકે, નાહિ મિલત નંદલાલા.

એ સમયમાં ચિતોડના ભાગ્યવિધાતા મહારાણા કુંભ હતા. કુંભ કુંવારા હતા. વીરરસ જગાડવામાં અને કવિતા કરવામાં એ પોતાનો સમય વ્યતીત કરતા હતા. એમના મનના અભિલાષ એવા હતા કે જેના હૃદયમાં પ્રીતિનાં ઝરણાં ઝરતાં હોય, જે પુષ્પસમી પવિત્ર હોય, સ્ફટિકથી નિર્મળ હોય તેવી સુંદરાંગીનેજ હું મારી રાજરાણી બનાવીશ. એક દિવસ એમણે કોઇને ગાતાં સાંભળ્યું કે:—

મીરાં કહે બિન પ્રેમકે, નાહિ મિલત નંદલાલા.

વળી એમને વિશેષ જાણવા મળ્યું કે, આ પ્રેમનો મહિમા ગાનારી એક અસંકિત મહા-સ્વરૂપવતી કુમારિકા છે. એનો જોટો આખા રજપૂતાનામાં નથી. મીરાંને જોવા કુંભ ઉત્સુક થઇ ગયો.

મીરાંને શી રીતે મળવું ! ક્યાં મેડતાનો નાનો રાઠોડ સરદાર અને ક્યાં મેવાડનો ધણી ! મેવાડનો મહારાણો મેડતાના એક નાના સરદારને ત્યાં જાય, તે પણ એક કુમારિકાને જોવા-માત્ર એનું ભજન સાંભળવા: એ તો મેવાડની પ્રતિષ્ઠા નમાવવા જેવું પગલું ! લોકો શું કહેશે ? આવા આવા વિચારે કુંભને પોતાની અંતરની ઇચ્છાને રોકી રાખવી પડી હતી; પણ એનું મન ક્યાં માને એવું હતું ! ઠેર ઠેર 'મીરાં કહે' 'મીરાં કહે'નો ધ્વનિ એના ચિત્તને ઉદ્વિગ્ન કરી મૂકતો હતો. મીરાંની વાતો તો એના પ્રાણની ભીતરમાં પેસી ચૂકી હતી. એ મીરાંને જોયાવિના હવે કેમ રહ્યું જાય ? પ્રતિષ્ઠા અને લોકવાયકાના ભયના પડદાને મહારાણાએ ચીરી નાખ્યો. છુપે વેશે એ મેડતા ગયો, મીરાંનું ભજન સાંભળ્યું, મીરાંને પોતાની વીંટી આપી, વીંટીની સાથે મીરાંને પોતાનું હૃદય પણ સમર્પી દીધું. હૃદયવિહોણો દેહ લઇનેજ એ ચિતોડ પાછો ફર્યો.

પ્રભાતમાં પક્ષી ગાતાં હોય ત્યારે મહારાણાને મન મીરાં ભજન કરી રહી હોય; સરોવરમાં પદ્મો ખીલી ઉઠતાં હોય ત્યારે મહારાણાને મન મીરાં હસી રહી હોય; પવનથી વૃક્ષની લતાઓ હાલતી હોય ત્યારે મહારાણા માને કે મીરાં મને હાથના ઇશારે બોલાવી રહી છે.

મહારાણા હવે સિંહાસન ઉપર નથી બેસતા, દરબારમાં પણ નથી જતા. જ્યાં જ્યાં "મીરાં કહે".નો ધ્વનિ સંભળાય, ત્યાં ત્યાં એમના કાન ઠરવા લાગ્યા; મનની વાત હવે ગુપ્ત ન રહી શકી. મંત્રી અને રાજમાતા મહારાણાનું મન પરખી ગયાં.

રાજમાતાએ મીરાંને ચિતોડના રાણાની અધિષ્ઠાત્રી બનાવવાને માગાં મોકલ્યાં.

મેડતાનો રાઠોડ સરદાર પોતાની જાતને ધન્ય ધન્ય માનવા લાગ્યો. ગોવિંદજીના મંદિરમાં મોટો ઉત્સવ કરાવ્યો. લગ્નનું મુહૂર્ત નક્કી કરીને ચિતોડ કહાવી મોકલ્યું.

(૨)

પરંતુ જેનું લગ્ન થવાનું હતું એને આનંદ નહોતો, આ સમાચારથી એને પ્રફુલ્લતા નહોતી.

મીરાં પેલી વીંટીનો ભેદ સમજી ગઈ. એ યુવક કોણ હતો, તે એ ઓળખી ગઇ. એની સખીઓ પણ જાણી ગઇ. મીરા તો એ વીંટી પાછી મોકલવાનો પ્રયત્ન કરતી હતી.

સંધ્યાકાળે મીરાં ગોવિંદજીના મંદિરમાં બેઠી. એના લગ્ન થવાના હતા એટલે સાહેલીઓ હસી હસીને એની ઠેકડી કરતી હતી. એકે કહ્યું:-'હું તો તે વખતેજ જાણી ગઇ હતી.'

મીરાં:—શું !

સખી:—તે દિવસે પેલા યુવકને જોઇને તમે કેવા શરમાઇ ગયા હતા ?

મીરાં.—કોણ જાણે કેમ મને તે વખતે શરમ આવી ગઇ; પરંતુ હું સત્ય કહું છું સખી ! ચિતોડની મહારાણી થવામાં નથી મને આનંદ કે નથી મોહ. મને તો પરણવુંજ ગમતું નથી, તો પછી મહારાણીપદની શી વાત!

સખી:—કેમ, ક્ષત્રિયકન્યા આથી કયા વિશેષ સૌભાગ્યની કામના કરી શકે?

મીરાં:—હું એ સૌભાગ્યને નથી ઇચ્છતી.

સખી:—કેમ?

મીરાં:—મહારાણા મને પરણીને સુખી નહિ થઇ શકે. હું મારૂં મન તો ગોવિંદજીને અર્પણ કરી ચૂકી છું, મહારાણા એકલા મારા શરીરને લઇને શું કરશે?

સખી:—તમે એવું શું બોલો છો? મહારાણા તો તમારા ઉપર ઘણોજ અનુરાગ ધરાવે છે. દિવસ અને રાત એમના મુખમાંથી તો 'મીરાં કહે' એજ શબ્દો નીકળ્યા કરે છે.

મીરાં:—એમને મારા ઉપર અનુરાગ નથી, પણ મોહ છે. મારા રૂપનો, મારા કંઠનો એમને મોહ થયો છે. [illegible] એટલું ખરૂં કે, આ મોહને અંતે અનુરાગ પ્રગટે; પણ—

સખી:—પણ શું?

મીરાં:—મોહ હોય કે અનુરાગ હોય; પરંતુ મહારાણા સુખી નહિ થઇ શકે. મહારાણાને [illegible] વાત કહેવી જોઇએ કે, મારૂં મન મારૂં રહ્યું નથી. એ મન હું ગોવિંદજીને અર્પણ કરી ચૂકી છું. [illegible] મને [illegible] ફરી મળ્યા હોત તો સારૂં થાત, હું જાતે એમને આ વાત કહેત.

(૩)

[illegible] લગ્નનું મુહૂર્ત દૂર હતું. કુંભને મીરાંનાં દર્શનની તાલાવેલી લાગી રહી હતી. [illegible] મીરાં એમને ઓળખી ગઇ. એણે દાસીને મોકલીને કહાવ્યું કે, [illegible]

[illegible] થયું, બન્ને [illegible] ગયાં. એક વૃક્ષ નીચે એકાંત-માં [illegible] લાગી હતી.

[illegible] આગળી બંધાઇ ગઇ હતી. એણે [illegible] કર્યો. કોઇ પણ ક્ષત્રિયકન્યાને ચિતોડની મહારાણી [illegible] ઇંદ્રાણીનું પદ પણ તુચ્છ છે; પરંતુ મને સ્વીકારીને [illegible]

[illegible] કેમ ઇચ્છે છે? તારા સહવાસમાં તો હું ચિતોડને [illegible] છું, તું ચિતોડની રાજરાણી થતાં ચિતોડને અમર-[illegible]

[illegible] ગોવિંદજીને અર્પણ થઇ ચૂક્યું છે. હવે [illegible] એકલા દેહથી પતિસેવા નથી થઇ શકતી.

[illegible]

[illegible] જે દિવસે તું ચિતોડના સિંહાસનને અલંકૃત [illegible] તારા જેવું રૂપ આખા રજપૂતાના-[illegible] અને ગુણની મહારાણી બનાવીને [illegible]

[illegible] રાણીનાં પદ શાં! [illegible] નહીં.

[illegible] છે, તારાં ભજન સાંભળવામાં સુખ છે. એથી [illegible]

[illegible]

(૪)

[illegible]

રમાવા લાગી. રાણાનું ઐશ્વર્ય, આનંદ, ભોગવિલાસ અને મીરાંનું મનરંજન કરવાના એના સર્વ પ્રયાસો નિરર્થક નીવડવા લાગ્યા. મીરાંને કોઈ વાતે આનંદ મળતો નહોતો. રાણાને ક્રોધ થવા લાગ્યો. કોઈ કોઈવાર એ વિચાર કરતો હતો કે, આ વનની પંખિણીને મેં પીંજરામાં પૂરી તે ઠીક ન કર્યું. મીરાં કર્તવ્યવશ બનીને પતિની સેવા કરતી હતી, પરંતુ એ આકાંક્ષારહિત હતી. એના મુખમાંથી શૃંગાર-રસભર્યાં મધુર વાક્યો નહોતાં નીકળતાં, એનામાં ઉલ્લાસ નહોતો, એના મુખ ઉપર હાસ્ય નહોતું, એ રાણાની આજ્ઞાને માન આપીને ગાતી હતી; પરંતુ હવે એના ગાનમાં પૂર્વનો રસ નહોતો. હાય! જે સુખમાટે કુંભા રાણો મીરાંને લાવ્યો તે સુખ ક્યાં છે ?

રાણાને આ સ્થિતિ અસહ્ય થઈ પડી. 'મીરાં! આ રાજ્ય, આ વૈભવ તને કશુંએ સુખ આપી શકતાં નથી ! કહે. તને શી વાતનું દુઃખ છે ? તારું ચિત્ત શાથી પ્રસન્ન થાય ? મને કહે તે વસ્તુ ગમે તેવી દુર્લભ હશે, તોપણ હું તને લાવી આપીશ.'

મીરાં:—સ્વામિન્ ! રાજ્ય અને વૈભવની મને આકાંક્ષા નથી, એમાં મને કાંઈ સુખ જણાતું નથી. એ રાજ્ય અને એ વૈભવ મને ન મળ્યાં હોત તો તેનું મને દુઃખ નહોતું. મારા પિતાને ઘેર ગોવિંદજીના મંદિરમાં બેસીને ભજન કરવામાં મને અત્યંત આનંદ હતો, આજે પણ હૃદય એજ આનંદ ઝંખે છે. ઈચ્છા તો એવી થાય છે કે, તેવુંજ ભજન અહીં કરીને હું મારું જીવન વ્યતીત કરું.

રાણો:—મીરાં ! ભજન ગાવાનું તો હું નિત્ય કહું છું અને તું ગાય છે પણ ખરી, છતાં તને આનંદ નથી મળતો !

મીરાં:—મહારાજ! એ ભજન પતિના મનોરંજનમાટે થાય છે, એ રાજના-પતિના આદેશનું પાલનમાત્ર છે. એમાં પ્રાણ ક્યાં રેડાય છે સ્વામિન્!

રાણો ગંભીર બની ગયો. કેટલીક વારે બોલ્યો કે ' મીરાં ! હું તને દુઃખી જોવા નથી ઈચ્છતો. મારી રાજધાનીમાં ગોવિંદજીનું મંદિર બંધાવીશ, એમાં ગોવિંદજીની મૂર્તિ પધરાવીશ. પછી મેડતામાં તું જેવું ભજનકીર્તન કર્યા કરતી હતી તેવું ભજનકીર્તન અહીં કર્યા કરજે; એ સાંભળીને હું સુખી થઈશ.'

(૫)

ચિતોડના રાજમહેલની અંદર ગોવિંદજીની સ્થાપના થઈ ગઈ. મીરાંનું પૂર્વસમયનું ભજન હવે ચાલુ થયું.

શિવભક્ત રાણાના રાજમહેલમાં ગોવિંદજીની સ્થાપના થવાથી સર્વ કહેવા લાગ્યા કે, હવે ચિતોડનું અશુભ થવાનું છે. રાણો મહાસંકટમાં પડી ગયો. એક તરફ મીરાંપ્રતિનો પ્રેમ અને બીજી તરફ રાજકુળનો ધર્મ! આ બેમાંથી રાણો કોની રક્ષા કરે? આ ધર્મસંકટના નિવારણાર્થે રાણાએ એકલિંગજીના મંદિરમાં આસન લગાવી શિવજીની આરાધના કરવી શરૂ કરી દીધી.

મધ્યરાત્રિએ રાણા કુંભને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમા એણે શું જોયું ? એકલિંગજીનું એ અનાદિલિંગ રૂપાંતર પામી ગયું' એને બદલે એક શુભ્રવર્ણ પુરુષ જણાયો; એના લલાટમાં ઉજ્જ્વલ ચંદ્ર લખલખી રહ્યો હતો, શિર ઉપર જટા હતી, એનો કંઠ નીલ હતો, જોતજોતામાં એ પુરુષનું અર્ધું અંગ શ્યામ થઈ ગયું. એ પુરુષના મસ્તકના અર્ધા ભાગ ઉપર મયૂરપિચ્છનો કલાપ હતો અને છાતીના અર્ધભાગ ઉપર શ્રીવત્સ કૌસ્તુભ દૃષ્ટિગોચર થતું હતું. એ પુરુષે હસતાં હસતાં કુંભા રાણાને કહ્યું કે 'રાણા! અમે-હરિ અને હર એકજ છીએ. બન્ને જૂદા છીએ, એ તારો ભ્રમ છે.'

રાણાનું સ્વપ્ન પૂરું થયું, એ જાગી ઉઠ્યો. ભક્તિપૂર્વક એકલિંગજીને પ્રણામ કરીને એ પોતાના મહેલમા પાછો ગયો. એ વખતે મીરાં ગોવિંદજીના મંદિરમાં ભજન કરી રહી હતી. કુંભ રાણો ત્યા ગયો મીરાંની સાથે એકજ આસન ઉપર બેસીને એ પણ ભજન કરવા લાગ્યો. ભજન પૂરું થયા પછી મીરાંએ કહ્યું કે 'સ્વામિન્ ' આજે મીરાંનું ભજન સાર્થક થયું; પરંતુ આપ તો એકલિંગજીના ભક્ત છો અને આજે ગોવિંદજીની સામે બેસીને કેમ ભજન કર્યું ? બધા શું કહેશે ? '

રાણો:-મીરાં' જેને જે કહેવું હોય તે કહે. ભગવાન એકલિંગજીએજ મને ઉપદેશ આપ્યો છે. હરિ અને હર એક છે. મીરાં ' આજે હું તને આનંદમા ડોલતી જોઉં છું. બોલ, તારી શી વાન્છના છે? હું તે પૂર્ણ કરીશ.

મીરાં:—આપના મુખમાંથી ગોવિંદજીનું નામ સાંભળીને હું કૃતાર્થ થઈ, મારું અભીષ્ટ મને મળી ગયું. ગોવિંદજીની સામે બેસીને ભજન કરવાની આપે મને રજા આપી, એટલે મને સર્વ

મળી ગયું. હવે શું માગવાનું રહ્યું ? હવે જો વૈષ્ણવોને પણ વિનાહરકતે અહીં આવવા દેવામાં આવે તો વળી અધિક આનંદ થાય !

રાણો:—તારી વિનતિ મારે માન્ય છે. કાલથી વૈષ્ણવો વિનાહરકતે અહીં આવી શકશે.

(૬)

ગોવિંદજીના મંદિરમાં હવે વૈષ્ણવોની ભીડ જામવા લાગી. મીરાંનો આનંદ સમાયો સમાતો નહોતો. હવે એ આનંદના પૂરબહારમાં આવી ગઈ.

રાણો પોતે કવિ હતો. પ્રસંગાનુસાર મીરાંની સાથે તે ગોવિંદનાં પદ ગાતો હતો, તેમજ નવાં ભજન બનાવીને એ મીરાંના ચિત્તને વિનોદ કરાવતો હતો.

પરંતુ આ સુખ ઝાઝા દિવસ ન પહોંચ્યું. એક દિવસ રાણાએ ગોવિંદજીના મંદિરમાં જઇને જોયું તો દેશ દેશના વૈષ્ણવો ભેગા મળ્યા હતા. મીરાં વૈષ્ણવોની મંડળીમાં ગોવિંદજીની સામે બેસીને ભજન કરી રહી હતી. વૈષ્ણવો અનિમેષ નેત્રે એના સામું જોઇ રહ્યા હતા.

રાણાને નખથી શિખપર્યંત ઝાળ લાગી ગઇ. ચિતોડની મહારાણી કે જેને ચંદ્ર અને સૂર્ય પણ દેખવા પામતા નથી, તે આજે ભરસભામાં બેસીને એક સાધારણ ગણિકાની માફક ગાય અને લોકો એના સામે જોયા કરે. 'એ કલંકિનિ મીરાં ! મોહમાં ફસીને મેં બાપ્પા રાવળના કુળને બટ્ટો લગાડ્યો.' આમ વિચાર કરતો રાણો આવ્યો અને તરતજ ત્યાંથી ચાલ્યો ગયો. શયનખંડમાં આવીને એણે દાસીને કહ્યું કે 'જા, હમણાં ને હમણાં રાણીને બોલાવ.'

'એ તો ગોવિંદજીના મંદિરમાં ભજન કરે છે.'

દાસીનું કહેવું સાંભળી રાણાની આંખો ક્રોધથી લાલ લાલ થઇ ગઇ. દાસી સમજી ગઈ કે, આજનો રંગ જુદો છે. એ તરતજ મીરાંને બોલાવવા ગઇ. મંદિરમાં જઇને એણે મીરાંને રાણાની આજ્ઞા કહી સંભળાવી. મીરાંએ ભજન ગાવું અડધેથી પડતું મૂક્યું. ગોવિંદજીને પ્રણામ કરીને એ શયનખંડમાં ચાલી ગઇ.

રાણાએ કહ્યું:—'મીરાં!' રાણાના સ્વરમાં ક્રોધ અને કઠોરતા હતાં.

મીરાંએ વ્યાકુળ બનીને ઉત્તર આપ્યો:—'કેમ સ્વામિન્!'

રાણો:—તમે ચિતોડની મહારાણી છો, બાપ્પારાવળની કુળવધૂ છો.

મીરાં:—દાસી આપની આજ્ઞાને આધીન છે.

"જે ચિતોડની મહારાણીને ચંદ્ર અને સૂર્ય પણ જોવા પામતા નથી, તે મહારાણી દેશદેશના માણસોની વચમાં બેસીને ગાય તે શું એને છાજે છે ? હાય, ક્યાં છે આજે એ મહારાણીપદનું ગૌરવ ? આજે એનું..... ..."

ક્રોધથી ઉશ્કેરાઇ ગયેલો રાણો આગળ ન બોલી શક્યો. કેટલીક વારે એના મનનો આવેગ ઓછો થયો, ત્યારે એ બોલ્યા કે 'મીરાં! મેં તને કોઇક સમયે જોયેલી. તારૂં ભજન સાંભળીને મેં તારી સાથે લગ્ન કર્યું. તેં બાપ્પારાવળના કુળને કલંક લગાડ્યું.'

મીરાં:—એ મારૂં અદૃષ્ટ.

રાણો:—બેશક છે. હું ભ્રમમાં પડી ગયો હતો. હવે એ ભ્રમમાંથી મારે મુક્ત થવું જોઇએ; નહિ તો કુંભા રાણાનું નામ વગોવાશે. લોકો કહેશે કે, એક ગણિકાના મોહમાં ફસીને કુંભાએ ચિતોડની ગાદીને કલંક લગાડ્યું.

મીરાં ઉપર જો વજ્ર પડ્યું હોત તોએ એને આટલી બધી પીડા ન થાત. વ્યાકુળ થતી એ બોલી કે સ્વામીન્! મીરાં તો મીરાંજ છે. એ નથી મહારાણી કે નથી ગણિકા. મીરાં કોણ છે તે માત્ર ગોવિંદજીજ જાણે છે; અને બીજું કોઇ જાણતું હોય તો મારા સ્વામી કુંભારાણા. મીરાં દેહથી ચિત્તથી અને મનથી સેવા કરવાની ઇચ્છા રાખતી હતી, પરંતુ દેહ અને મનને એકત્ર કરીને એ પતિ અને ગોવિંદ બન્નેની સેવા ન કરી શકી. મીરાં સાધનભ્રષ્ટ છે; એના જેવી હતભાગિની બીજી કોણ છે? કેવળ નારી પોતાના કર્તવ્યનું પાલન ન કરી શકી, તેથી મીરાં અપરાધિની છે. મારો અપરાધ ક્ષમા કરજો. હવે આજથી ચિતોડનો કોઈ પણ મનુષ્ય આ મુખ નહિ જોઈ શકે. મીરાં ક્યાં ગઇ તે કોઇ પણ નહિ જાણી શકે. તમારા કુળને કલંક લગાડીને મીરાં જીવવા નથી ઇચ્છતી." એમ બોલતાં બોલતાં મીરાં પતિના ચરણોને પ્રણામ કરીને રાજમહેલની બહાર ચાલી ગઇ.

'મીરાં ન જા' એમ કહેવાનું રાણાને મન તો થયું, પણ મોઢામાંથી શબ્દ ન નીકળી શક્યો.

ઘોર અંધારી રાત્રિ હતી; ચિતોડમાં બધાં ભરનિદ્રામાં હતાં, સર્વ સ્થળે શાંતિ પ્રસરી રહી હતી. એ સમયે ચિતોડનો પરિત્યાગ કરીને મીરાં ચાલી ગઈ.

ક્યાં જવું તેનો એણે કશો નિશ્ચય કર્યો ન હતો. જ્યાં પગ લઇ જાય, ત્યાં એ ચાલી જતી હતી. એનું મન ચિંતાગ્રસ્ત હતું. ઘડીમાં એને ગોવિંદજી સાંભરતા તો ઘડીમાં એને રાણાના મુખનું સ્મરણ થતું. મીરાં પળવાર ઉભી રહી, એણે પાછળ દૃષ્ટિ કરી. સર્વત્ર અંધારું હતું. એ અંધારામાં કશું જણાતું નહોતું. વળી એ આગળ ચાલવા લાગી.

ચાલતાં ચાલતાં એ નદીકિનારે આવી પહોંચી. અહીં આવીને એ વિચાર કરવા લાગી કે–"ક્યાં જાઉં? હવે જીવીને શું કરું? મારા જીવવાથી કુળમાં કલંક લાગશે? ના, ના, એવું નહિ થવા દઉં. આ જીવન હવે હું નહિ ટકવા દઉં. રાણા ભ્રમમાં પડ્યા, પણ હું ભ્રમમાં નહિ પડું. ગોવિંદજી! તમને મેં મારું મન અર્પણ કર્યું છે એટલે તે તમે લઇ લ્યો. રાણા! તમને મેં મારો દેહ અર્પણ કર્યો છે. એ દેહ તમારો છે; તમે એ દેહની ઉપેક્ષા કરી તો પછી એને ટકાવી રાખવાનું પ્રયોજન શું? પંચભૂતનું બનેલું આ ખોળિયું પંચભૂતમાં ભલે મળી જાય." એમ બોલીને એણે નદીમાં ઝંપલાવી દીધું. પાણીનો વેગ જબરો હતો. મીરાં તણાવા લાગી, એની શુદ્ધિ જતી હતી.

(૭)

જ્યારે એ શુદ્ધિમાં આવી, ત્યારે સૂર્યોદય થયો હતો. નદીના તટ ઉપર એક વૃદ્ધ મહિલા મીરાંનું માથું પોતાના ખોળામાં મૂકીને બેઠી હતી. મીરાંની આંખો ધીમે ધીમે ઉઘડી એટલે વૃદ્ધા પ્રસન્ન થઈ. એણે મીરાંને ભીનું વસ્ત્ર બદલાવીને સૂકું વસ્ત્ર પહેરાવ્યું અને પોતાની ઝોળીમાંથી ઔષધ કાઢીને એને ખવડાવ્યું! મીરાંમાં કાંઇક શક્તિ આવી એટલે એ બેઠી થઇ.

વૃદ્ધાએ પૂછ્યું:—બેટા! તું નદીમાં શી રીતે પડી ગઇ?

મીરાં:—મરવાને માટે હું મારી સ્વેચ્છાથી નદીમાં પડી હતી. તમે મને શું કામ બચાવી?

વૃદ્ધ:—બેટા! તારે એવું કેમ કરવું પડ્યું? તારું રૂપ જો, તારું વય જો, એનોએ તેં વિચાર ન કર્યો! આત્મહત્યા મહાપાપ છે તે તું નથી જાણતી?

મીરાં:—જાણું છું. જેને મેં એ શરીર અર્પણ કર્યું હતું તે હવે એ શરીરને નથી ચાહતા, એટલે જેને મેં મારું મન અર્પ્યું છે તેનું સ્મરણ કરીને હું નદીમાં કૂદી પડી.

"બેટા! શરીર અને મન એ બન્નેને બે પૃથક્ પૃથક્ માણસને દીધાં હતાં? એકજ વ્યક્તિને એ બન્ને તું કેમ ન અર્પી શકી? બેટા! તું ભ્રમમાં પડેલી છું."

'માજી! મારા અદૃષ્ટે આવી ભૂલ કરાવી છે.'

વૃદ્ધા થોડી વાર મીરાં સામું જોઇ રહી. પછી વિચાર કરીને બોલી કે 'તારા હાથમાં ચક્રનું ચિહ્ન છે, તું રાજરાણી હોવી જોઇએ, તારું નામ શું?'

'આ અભાગિનીને લોકો મીરાં કહે છે.'

'કોણ, મીરાંબાઇ! રાણા કુંભની રાણી, ગોવિંદજીની ભક્ત, તું શા દુઃખે આત્મહત્યા કરતી હતી?'

'માજી! મેં મન અર્પણ કર્યું હતું ગોવિંદજીને અને દેહ અર્પણ કર્યો હતો રાણાને. એટલે હું ન થઇ શકી રાણી કે ન થઇ શકી ગોવિંદજીની. મારી બેવે બગડી.'

'બેટા' તું મહાભાગ્યશાળી છે. તારું કશુંયે બગડ્યું નથી.'

'માજી! મારા બન્ને બગડ્યા.'

'ના બેટા' તું પતિ અને ગોવિંદ બન્નેની ભક્તિ કરી શકતી હતી. પતિનેજ ગોવિંદ માનીને તેં એકની ભક્તિ કરી હોત તો તારા બન્ને સચવાત. દેહ અને મન એકને હાથેજ રહેત.'

"બરોબર છે માજી' આ વાત અત્યારસુધી મારા લક્ષમાંજ નહોતી. હું તો એમ માનતી હતી કે ગોવિંદજી જુદા અને પતિ જુદા; તેથી મન ગોવિંદજીને અને દેહ પતિને અર્પ્યાં હતાં. મનથી ગોવિંદજીની અને દેહથી પતિની સેવા કરવા ઇચ્છતી હતી દેહની નજરથી હું પતિને સંતોષ ન આપી શકી. મેં વિચાર કર્યો કે મારે એની રક્ષા કરવાનું શું પ્રયોજન? તેથી એ દેહને મેં પાણીમાં ફેંકી દીધો હતો; તમે મને શું કામ ઉગારી? હવે આ દેહથી શું બનવાનું છે?"

"બેટા! એ તારી ભૂલ છે. આ દેહ મહાન તપશ્ચર્યા કરવાથી પ્રાપ્ત થાય છે, એની આવી રીતે અવહેલના કરવાની નથી. જે દેહ તું મનુષ્યના ભોગવિલાસમાટે ગણે છે, તે દેહ પ્રભુના ભોગ-વિલાસ માટે છે, એમ તું માન. પતિ અને ગોવિંદમાંથી તું એકેની સેવા ન કરી શકી, હવે તું તારા પતિરૂપી ગોવિંદની સેવા કર, તેની ભક્તિ કર. પતિને ગોવિંદરૂપ માન, ગોવિંદને પતિરૂપ માન. પતિમાં ગોવિંદનાં દર્શન કર, ગોવિંદમાં પતિનાં દર્શન કર."

'માજી, તમે કોણ છો ?'

'બેટા! હું એક સંન્યાસિની છું, મારે નામ નથી, ગોત્ર નથી, ગૃહ નથી. આ સંસારમાં મારૂં કોઇ નથી. હું વૃંદાવનમાં દેહ પાડવા જાઉં છું, તુંયે મારી સાથે ચાલ. એ પ્રેમક્ષેત્રમાં દેહ અને મનથી તું ગોવિંદ પતિની સેવા કર્યા કરજે, તને ગોવિંદજીએ મળશે અને પતિ પણ મળશે.'

'જેવી માજીની આજ્ઞા.'

મીરાં ઉભી થઇ ગઇ, એના કંઠમાં એક બહુમૂલ્ય હાર હતો. તે કાઢી નાખીને એ નદીમાં ફેંકી દેવા તત્પર થઇ. વૃદ્ધાએ કહ્યું કે 'બેટા! એ શું કરે છે?'

'આ હારને પાણીમાં ફેંકી દઉં છું.'

'કેમ?'

'હવે એનું શું કામ છે ?'

'બેટા! એનુંએ કામ પડશે. તારા દેહની રક્ષાને માટે ભોજન અને વસ્ત્રવગર ચાલવાનું છે? અને જો દેહ તારે ન ટકાવી રાખવો હોય તો પછી ગોવિંદજીનું ભજન શી રીતે થશે? પતિની સેવા શી રીતે બનશે ?'

'વૃંદાવનમાં હું ભિક્ષા માગીશ.'

"તારાથી ભિક્ષા નહિ માગી શકાય, તારૂં રૂપ આડે આવશે. વળી તું રાજરાણી છે, તેં કોઇ દિવસ ભિક્ષા માગેલી નથી, તને તેમ કરવું વિષમ અને ક્લેશકર થઇ પડશે. દુઃખી શરીરે કૃષ્ણભજન નથી થઇ શકતું. એ હાર તને બાધક ન થતાં સહાયકજ થશે. એ હાર વેચીને વૃંદાવનમાં તું મંદિર બંધાવજે અને રાણીની માફક રહીને ગોવિંદરાજાની સેવા કરજે."

(૮)

મીરાં વૃંદાવન ગઇ. એણે ત્યાં મંદિર બંધાવ્યું, એમાં શ્રીમૂર્તિની પ્રતિષ્ઠા કરી. એ મૂર્તિનું નામ એણે રાણા–ગોવિંદ રાખ્યું.

મીરાં ગોવિંદજીના કંઠમાં માળા પહેરાવતી તે વખતે એવી ભાવના કરતી કે, હું રાણા કુંભાના કંઠમાં આ માળા પહેરાવું છું. રાણા કુંભનું નામ દઇને ગોવિંદજીને એ નૈવેદ્ય ધરાવતી. શ્રીમૂર્તિનાં દર્શન કરતાં એક વાર એ શ્રીમૂર્તિને રાણા કહીને બોલાવતી અને એક વાર ગોવિંદજી કહીને બોલાવતી. મીરાંને મન હવે રાણો અને ગોવિંદ એક થઇ ગયા–પતિ અને પરમેશ્વર એક બની ગયા !

મીરાંનો ભાર હવે હલકો થઇ ગયો, એના રોમેરોમમાં હવે હર્ષ ઉછાળા મારી રહ્યો અને રાણા–ગોવિંદની સન્મુખ બેસીને એ અહોનિશ મધુર સ્વરે આત્મનિવેદન કર્યા કરતી હતી. એના મધુર સંગીતમય ભજનથી આખું વૃંદાવન હર્ષથી પુલકિત બની ઉઠયું, એને જોઇને સર્વ કોઈ અભિભૂત થઇ જતા; એને લોકો રાધાજીનો અવતાર માનવા લાગ્યા.

એ સમયે વૃંદાવન અરણ્ય હતું. આ લુપ્ત તીર્થનો ઉદ્ધાર થાય તથા ભક્તિશાસ્ત્રનો પ્રચાર થાય તેવા ઉદ્દેશથી કેટલાક વિરક્ત બંગાળી વૈષ્ણવો તથા સાધકો આ અરણ્યમાં આવીને તપશ્ચર્યા કરતા હતા. એ વૈષ્ણવોમાં રૂપગોસ્વામી મુખ્ય હતા. રૂપજી મહાસમર્થ વિદ્વાન હતા. કેટલાક સમયસુધી એ ગૌડના બાદશાહના મંત્રી હતા; પરંતુ એમને વિષયભોગ ઠીક ન લાગ્યો, મંત્રીપદ છોડી દીધું અને પ્રેમાવતાર ચૈતન્યદેવને શરણે ગયા. ચૈતન્યદેવના આદેશથી કંથા અને કૌપીન ધરીને એ વૃંદાવનમાં આવી રહ્યા હતા. એમના વૈરાગ્યની તુલના થઇ શકે તેમ નહોતું. હાથમાં કમંડળ અને શરીરે કંથા એ વેષે રૂપજી એક એક વૃક્ષની તળે એક એક રાત કાઢતા. આમ કરવાનું કારણ એ કે, એમને એવો ભય લાગતો હતો કે, એક વૃક્ષ નીચે એકથી વધારે રાત રહેવાય તો કદાચ એ સ્થાનમાં મોહ થઇ આવે.

આવા વિરક્ત સંન્યાસીને એક વાર જોવાની મીરાંને ઇચ્છા થઇ આવી, મીરાંએ રૂપજીને પોતાને ઘેર ભિક્ષા લેવાનું આમંત્રણ મોકલ્યું. મીરાંની દાસી નિમંત્રણ કરવા ગઇ તે વખતે રૂપજી એક વૃક્ષની નીચે ફાટીતૂટી ગોદડી ઉપર બેસીને કાંઇક જપતા હતા. એમનું સ્નિગ્ધ ગંભીર મુખ જોઇને દાસીના દિલમાં ઉંડી છાપ પડી ગઇ. બે હાથ જોડીને એ બોલી કે 'મહારાજ! મીરાંબાઈ સાહેબે એમને ત્યાં આપને ભિક્ષા કરવાનું નિમંત્રણ આપવા મને મોકલી છે.'

રૂપજીએ ઉંચું જોયાવિનાજ પૂછ્યું:–'તારાં બાઇસાહેબ કોણ છે?'

'મીરાંબાઇ.'

"તો એમને કહેજે કે, કાષ્ઠની અથવા તો મૃત્તિકાની સ્ત્રીમૂર્તિને પણ જોવાથી સાધુ પુરુષોનું પતન થાય છે. હું નિરાગી છું, કોઇ પણ સ્ત્રીને ઘેર જવું અથવા કોઇ પણ સ્ત્રીનાં દર્શન કરવાં એ મને વર્જિત છે."

દાસીએ મીરાંને રૂપજીનો સંદેશ કહી સંભળાવ્યો. મીરાંએ હસીને કહ્યું:–'તું ફરીથી જા, ગુસાંઇજીને કહે કે, આ દેહમાં જે વસી રહ્યો છે તે કોણ છે? સ્ત્રી છે કે પુરુષ? વળી મેં તો એમ પણ સાંભળ્યું છે કે, વૃંદાવનમાં તો શ્રીકૃષ્ણ એકલાજ પુરુષ છે, બીજી બધીએ પ્રકૃતિ છે. જો તમે પુરુષ હો તો વૃંદાવનમાં રહેવું તમને ઉચિત નથી.'

દાસીએ જઇને રૂપજીને મીરાંબાઇએ કહાવેલ અક્ષરે અક્ષર કહી સંભળાવ્યો. ગોસ્વામી તેઓ ચકિત થઇ ગયા. ઘોર અંધકારમાં વિજળીનો ચમકાર થાય તેવો એમના હૃદયમાં જ્ઞાનનો ચમકારો થયો. એમણે વિચાર કર્યો કે "હાય! મેં શું કર્યું? મારો દેહાત્મભાવ હજુએ ન ગયો તો હું કેવો વૈરાગ્ય સાધુ છું! હું તો દેહનેજ 'હું' કહું છું; નહિ તો હું મને પુરુષ અને મીરાંબાઇને સ્ત્રી કહેવાની ધૃષ્ટતા કેમ કરત?"

હવે રૂપજીએ ઉંચું જોયું. એ બોલ્યા કે 'મારો અપરાધ થયો છે. તારાં બાઇસાહેબે મારા અજ્ઞાનનું અંધારૂં દૂર કર્યું છે. એમને કહેજે કે, એ મારાં ગુરુ છે; હું ભિક્ષા લેવા આવીશ.'

(૯)

મીરાંએ ચિતોડ છોડયા પછી રાણાએ શોચવા માંડયું કે "અરે, મેં શું કર્યું? સાચેજ શું મીરાં ચાલી ગઇ? મેં એને કેમ અટકાવી નહિ? મેં એને શું કરવા એવું કહ્યું? એનો અપરાધ શો હતો? એ પહેલાં હતી તેવીજ હાલ છે. લગ્ન થતાં પહેલાંજ એણે મને કહ્યું હતું કે 'હું તમને દેહ આપીશ, મન નહિ આપી શકું; મન તો હું ગોવિંદજીને અર્પી ચૂકી છું.' તે વખતે હું એનું કહેવું ન સમજી શક્યો. રૂપના મોહમાં, સ્વરના મોહમાં તથા ભોગ ભોગવવાના લોભમાં હું ભૂલ્યો. મેં વનમાં વિહરતી પંખિણીને પાંજરામાં પૂરી રાખવાની ઇચ્છા કરી. પાંજરૂં તોડીને એ પંખિણી ઉડી ગઇ. હવે પાછી આવવાની છે? ના, નહિજ આવે. આટલી અંધારી રાત્રે એ ક્યાં જશે?"

રાણો કાન માંડીને બેસી રહ્યા. વૃક્ષનું પાન હાલતું તો રાણો સમજતો કે, મીરાં આવી; સનસનાટ પવન ફુંકાતો તો રાણો માનતો કે, મીરાં આવી; પરંતુ મીરાં તો નજ આવી. રાણાએ આખી રાત બેઠા બેઠા કાઢી, ઉજાગરાથી એની આંખો લાલચોળ થઇ ગઇ.

સવાર પડતાંજ ચારે બાજુએ મીરાંની શોધમાટે માણસો મોકલી દીધા; પરંતુ બધાએ નિરાશ થઇને પાછા આવ્યા. મહારાણીનો પત્તો ન લાગ્યો, રાણાનું હૃદય ફાટવા લાગ્યું. એની આંખમાથી અશ્રુધારા વહેવા લાગી–'હાય મીરાં! તું ક્યાં છે?'

રાણો ગોવિંદજીના મંદિરમા ગયો. મીરાં જ્યાં આગળ બેસતી હતી તે આસન સુનું પડી રહ્યું હતું. ગોવિંદજીની મૂર્તિ જેવી ને તેવી છે, મંદિર પણ તેજ છે; પરંતુ મંદિરમા જે સ્વરલહરિ નાચી રહેતી હતી તે આજે નથી. આજે મંદિર શાન્ત હતું, મીરાંવિનાના એ મંદિરમાં રાણાથી ન ટકી શકાયું. એ શયનખંડમા ગયો, અહીં હંસના જેવી ડોક હલાવતી જે પ્રતિમા ઉભી રહેતી હતી તે પ્રતિમા ક્યા છે? રાણાથી શયનખંડમાં પણ ન રહેવાયું. ત્યાંથી એ રાજભવનમા આવ્યો. અહીં પણ એને ઠીક ન લાગ્યું. બાગમાં ગયો, છોડવે છોડવે પુષ્પો ખીલી નીકળ્યા હતા. એ પુષ્પોમા રાણાને મીરાંની મૂર્તિ દેખાઇ કોયલને બોલતી સાંભળી 'મીરાં બોલે છે' એવી કલ્પના કરી. રાણાથી અહીં પણ ન રહી શકાયું. હાય મીરાં! તું ક્યાં છું? આવ, એક વાર આવ.

મીરાં ન આવી, તેમ એનો પત્તો પણ ન મળ્યો. દિવસ આથમ્યો, રાત્રિ આવી. મંદિરમાં

સંધ્યાકાળની આરતીનો ધ્વનિ થવા લાગ્યો. રાણો મંદિરમાં આવ્યો. કદાચ મીરાં આવી હોય. એ ગોવિંદજીનું ભજન ગાતી હશે. આરતી પૂરી થઇ ગઇ. મીરાં તો ન જણાઇ, મંદિરમાં સર્વત્ર સુનસાન હતું. આજે કોણ ગાય ? ગાનારી તો હતી નહિ, કઠણ હૈયે રાણો પાછો શયનખંડમાં ગયો.

આથે કોઇ ગાતું હતું "મીરાં કહે" રાણાએ કાન માંડીને એ ગીત સાંભળવા માંડ્યું. મીરાંની ગેરહાજરીમાં આજે એ ગીત એને ઘણું મીઠું લાગ્યું. રાણાએ મનમાંજ કહ્યું કે 'હાય! આવી મીઠી વાણીવાળીને હું ન પીછાણી શક્યો, મેં એને ન કહેવાનાં વચનો કહ્યાં, દુઃખી થઇને એ ચાલી ગઇ.'

એ રાત્રે રાણાને સ્વપ્નું આવ્યું, મીરાં વૈકુંઠના દ્વાર આગળ ઉભી રહી છે, રાણાને બોલાવી રહી છે. એના મુખ ઉપર મૃદુ હાસ્ય ફરકી રહ્યું છે:–'આવો સ્વામિન્! તમેજ મારા ગોવિંદજી છો–તમને મેં મારો દેહ દીધો, મન ન દઇ શકી–આજે ગોવિંદજીને કહીને મારૂં મન હું પાછું લાવી છું–લ્યો.' મીરાંએ હાથ લાંબો કરીને કાંઇક આપ્યું. રાણો લેવા જતો હતો એટલામાં એની આંખ ઉઘડી ગઇ.

વળી પાછો એ સ્વપ્નમાં પડ્યો, દશભુજા ભવાની એની આગળ પ્રકટ થઇ. એ બોલી કે 'રાણા! તેં શું કર્યું ? આખા રાજપૂતાનાની રાજલક્ષ્મી તારે ઘેર આવી હતી તેને તેં કાઢી મૂકી !' રાણો પાછો ઝબકીને જાગી ઉઠ્યો.

આ પ્રમાણે દિવસ અને મહિનાઓ વીતવા લાગ્યા. મીરાં ન આવી, એની ભાળ પણ ન મળી. ચિતોડવાસીઓએ ધાર્યું કે, મીરાં મરી ગઇ હશે કે એણે આત્મહત્યા કરી હશે.

(૧૦)

ચિતોડવાસીઓને મન મીરાં મરી; પણ એની સ્મૃતિ ન મરી. એનું સંગીત ન મર્યું. ઘરમાં, મંદિરમાં, માર્ગમાં–ઠેર ઠેર લોકો રાત ને દિવસ "મીરાં કહે" ગાવા લાગ્યા. જીવતી મીરાં એકજ સ્થાનમાં હતી, મરીને એ સર્વવ્યાપી થઈ ગઈ.

રાણાને હવે મીરાંની સ્મૃતિ મીઠી લાગવા માંડી, એનાં ભજન પ્રિય લાગવા માંડ્યાં. ભજનનો સંગ્રહ કરવા માંડ્યો. રાણાએ આજ્ઞાપત્ર કાઢ્યું કે, ગોવિંદજીના મંદિરમાં મીરાંનાં ભજન ગાવાં.

મંદિરમાં મીરાં નથી, પણ એનાં ભજન છે. એ ભજન સાંભળવા રાણો નિત્ય મંદિરમાં જવા લાગ્યો. મંદિરમાં મીરાં નથી, પણ મીરાંએ નિમંત્રિત કરેલા સાધુ વૈષ્ણવોની સેવા ચાલુ હતી. રાણો જાતે એમની પરિચર્યા કરતો હતો. શયનખંડમાં મીરાં નહોતી, પણ એની પ્રતિકૃતિ હતી. એ પ્રતિકૃતિ ઉપર રાણો રોજ આંસુ સારતો હતો.

ચિતોડ છોડ્યા પછી મીરાં ચિતોડેશ્વરી બની ગઈ. મંદિરે મંદિરે મીરાંનાં ગાન થતાં હતાં, માર્ગમાં, લેખોમાં મીરાંના પ્રસંગ નીકળતા હતા. ઘેરઘેર મીરાંનાં ભજન ગવાતાં હતાં, આખા ચિતોડમાં "મીરાં કહે, મીરાં કહે"નો ધ્વનિ ગાજ્યા કરતો.

(૧૧)

એક દિવસ ચિતોડના રાજમાર્ગ ઉપર એક ભીખારી ગાતો હતો કે "જીવન મન તું હું શ્યામ" રાણાએ એ સાંભળ્યું. એ ગીતના છેલ્લા ચરણમાં 'મીરાં કહે' હતું, પરંતુ એ ગીત નવું લાગ્યું. આ ગીત રાણાએ કદી સાંભળ્યું નહોતું, ચિતોડમાં કોઇએ પણ સાંભળ્યું નહોતું.

રાણાએ ભીખારીને બોલાવ્યો, એ ગીત એની પાસે એણે ફરીથી ગવડાવ્યું. રાણાએ પૂછ્યું કે 'સાધુજી ! આ ગીત તમે ક્યાંથી શીખી લાવ્યા ?'

ભીખારી–મહારાણા ! આ ગીત હું વૃંદાવનમાં શીખ્યો, ત્યાં રાધા પ્યારી પ્રકટ થયાં છે. એ રોજ નવાં નવાં ગીત ગાઇને ગોવિંદજીની સેવા કરે છે.

રાણો–એમને ત્યાં લોકો શું નામથી ઓળખે છે ?

ભીખારી–કોઇ એમને પાગલ કહે છે, કોઇ એમને રાણીજી કહે છે, એ પોતે પોતાને મીરાં કહે છે. જુઓને, દરેક ભજનના છેલ્લા ચરણમાં 'મીરાં કહે' એવું આવે છે ને ?

રાણો–હા, સમજ્યો.

[illegible] મનમાં [illegible] આવી. રાણાને ભીખારીના કહેવાથી ખબર પડી ગઇ

કે, મીરાં જીવતી છે અને વૃંદાવનમાં છે. ત્યાં ગોવિંદજીનું મંદિર બંધાવી એની સેવા કરે છે. એણે મૂર્તિનું નામ "રાણા-ગોવિંદ" રાખ્યું છે. એણે એ નામ કોઇ દિવસે સાંભળ્યું નહોતું. રાણો એક દિવસે શુભ વેશે-વૃંદાવન જવા નીકળ્યો.

વૃંદાવનમાં બાઇજીનો કુંજ છે. મંદિરમાં મોહનમૂર્તિ રાણા-ગોવિંદ બિરાજે છે. બાઇજી રાણા-ગોવિંદજીની સામે બેસીને પોતાનું બનાવેલું ભજન ગાઇ રહી છે.

સંધ્યાકાળનો વખત હતો. બે અતિથિ મંદિરના આંગણામાં બેસીને-એનું ભજન સાંભળી રહ્યા હતા. ભજન સાંભળીને એક અતિથિને અશ્રુપાત થઇ રહ્યો હતો.

જેની આંખમાંથી અશ્રુપાત થઇ રહ્યો હતો, એ રાણો કુંભ હતો. બીજો એમનો સાથી હતો. રાણો વૈષ્ણવના વેશમાં હતો; એટલે એકદમ એ ઓળખાઈ જાય તેમ નહોતું.

ભજન પૂરું થયું. બાઇજી ઠાકોરજી સામે જોઇને બે હાથ જોડીને કહેવા લાગીઃ-"હે ઠાકુરજી! તમેજ મારા ગોવિંદ હો, તમેજ મારા રાણા છો, મારો સમય હવે ભરાઇ આવ્યો. હે પ્રભો! આ સમયે એક વાર જો મને રાણાના રૂપે દર્શન દો તો મીરાંનો જન્મ કૃતકૃત્ય થઇ જાય. પ્રભો! મારો નારીયોનિમાં જન્મ થયો છે, મારો જન્મ સાર્થક કરો-તમે મારા ગોવિંદ છો. એક વાર રાણા-રૂપે પ્રકટ થાઓ."

પેલા બે અતિથિઓએ પણ આ પ્રાર્થના સાંભળી. રાણાનું હૃદય કંપવા લાગ્યું.

ઠાકોરજીને પ્રણામ કરીને બાઇજી મંદિરની બહારની કોટડીમાં આવી. શુભ વેશે આવેલ મહારાણો કુંભ એની પાસે ગયો. તેણે કહ્યું કે 'રાણીજી! કાંઇ ભિક્ષા મળશે?'

મીરાંઃ-આપને શી ભિક્ષા જોઇએ? કહો, હું રાણીજી નથી; પરંતુ એક ભિખારિણી છું.

રાણાઃ-તમારું કહેવું હું માની લઉં છું; પરંતુ હું જે માગું છું તે તમારી પાસે છે.

મીરાંઃ-આજ્ઞા કરો.

રાણાએ ગદ્‌ગદ કંઠે કહ્યુંઃ-'ક્ષમા!'

બહાર વિજળીનો ચમકારો થયો. એના પ્રકાશમાં મીરાંએ રાણાને પૂરેપૂરો ઓળખી લીધો, મીરાંના હૃદયમાં પણ વિજળીનો ચમકાર થઇ રહ્યો.

સ્વામિન્! આટલે દિવસે તમારી દયાના દાન મેળવવા હું ભાગ્યશાળી થઇ!' એમ કહીને મીરાં કુંભના ચરણોમાં ઢળી પડી.

રાણાએ મીરાંનો હાથ પકડી એને ઉઠાડી વ્યાકુળ થતાએ બોલ્યો કે 'મીરાં' મારી મીરાં!" રાણો આગળ ન બોલી શક્યો, એનો કંઠ રૂંધાઇ ગયો.

કેટલીક વારસુધી બન્ને શાંત રહ્યાં. આખરે મીરાં બોલી કે 'આપ પધાર્યા છો! આ દાસીનો જન્મ સાર્થક કરવા પધાર્યા છો! પધારો.' એટલું બોલીને કુંભનો હાથ પકડી મીરાં એને મંદિરમાં લઇ ગઇ. પોતે રાણા-ગોવિંદ સાથે જે આસન ઉપર બેસતી હતી, તે આસન ઉપર કુંભા રાણાને બેસાડ્યો. પછી એક વાર ગોવિંદજીની મૂર્તિ તરફ અને એક વાર રાણાને જોતી જોતી મીરાં ઓચિંતી સંજ્ઞારહિત બનીને બેની વચ્ચે ઢળી પડી.

કુંભારાણાએ બૂમ પાડી 'મીરાં, મારી મીરાં!' પણ કોણ ઉત્તર આપે! જન્મનું સાર્થક કરીને મીરાંએ રાણા અને ગોવિંદજીની સમક્ષ દેહ છોડી દીધો.*

('સંદેશ' ના ૧૯૮૩ ના દીપોત્સવી અંકમાં લેખકઃ-રત્નેશ્વર ભવાનીશંકર વકીલ)

૫–એક કુતરાની વફાદારી અને વણજારાનો પશ્ચાત્તાપ

કુતરો ઘણું ઉપયોગી પ્રાણી છે. જંગલમાં રહેનારા એની કિંમત બરાબર સમજે છે. 'કુતરાઓની વફાદારી'ની વાર્તાઓ ઘણી પ્રસિદ્ધ થઈ છે. આ એક વાર્તા તેમાં ખાસ ઉમેરવા જેવી છે.

જુના વખતમાં પોઠી વણજારાઓની શાખ સારી હતી. તેઓ દેશ–દેશાંતર હજારો રુપિયાનો માલ લઇ જતા ને લાવતા. એવા એક પોઠી વણજારાને ખોટ આવવાથી દેવું થયું. લેણદાર શેઠ તેની પાસે વારંવાર ઉઘરાણી કરે ને વણજારાને શરમાવું પડે. તેની પાસે રોકડ નાણું કંઇજ ન હતું. તેની પાસે જો કાંઈ પણ મિલ્કત હોય તો તે તેનો વફાદાર એક કુતરોજ હતો. એ કુતરાને તે કદી પોતાનાથી વિખૂટો કરતો ન હતો, કુતરો એ તેનો પ્રાણ હતો. લેણદારની ઉઘરાણીથી કંટાળીને છેવટે તે પોઠી વણજારાએ શેઠને પોતાનો કુતરો એવી શરતે લખી આપ્યો કે, દેવું વાળ્યા પછી તે પાછો પોઠીને સોંપવો. લેણદાર શેઠ કુતરાને લઈ ઘેર ગયો.

એવું બન્યું કે, થોડાજ દિવસ પછી આ શેઠને ઘેર ખાતર પડયું, પાંચથી દશ હજારનો માલ ચોરાયો. શેઠ તો રડવા લાગ્યા. ગામની પોલીસ ને માણસો મળી ચોરનાં પગલાંની શોધ કરવા લાગ્યા; પણ કંઇ પત્તો લાગે નહિ. પેલો કુતરો છેટે ઉભો રહી આ બધી ધાંધલ જોયા કરતો હતો. માણસો જ્યારે વીખરાઈ ગયા, ત્યારે તે પોતાના માલીક પાસે આવ્યો ને તેમના ધોતીઆનો છેડો પકડી ખેંચવા લાગ્યો. શેઠે માન્યું કે; આ કુતરો કવખતે ગેલ કરે છે, તેથી બે ત્રણ વાર તો તેને કાઢી મૂકયો.

પરંતુ કુતરાએ તો વારંવાર એમ કરવા માંડયું; ત્યારે કેટલાક માણસોને શંકા થઇ અને તેમણે શેઠને કહ્યું કે, કુતરો વણજારાનો છે, પગપારખુ છે; તો જુઓ તો ખરા કે, એ ખેંચીને કયાં લઇ જાય છે અગર શું કરે છે?

પછી શેઠ અને કેટલાક માણસો કુતરાની પાછળ પાછળ ગયા. જંગલમાં બેએક ગાઉ દૂર ગયા, ત્યાં એક વડના ઝાડ તળે કુતરો નખથી જમીન ખણવા લાગ્યો; એટલે શેઠના નોકરોએ તે જગાએ ઉંડું ખોદ્યું આશ્ચર્યની સાથે તે જગાએથી ચોરોએ દાટેલો શેઠનો બધો માલ નીકળી આવ્યો. બન્યું એમ હતું કે, કુતરો ચોરોની પાછળ છાનો છાનો રાત્રે ગયેલો અને તેઓ આ માલ કયાં દાટે છે, તેની તપાસ તેણે બરાબર રાખેલી! સૌ કુતરાની હોશિયારી અને વફાદારીની તારીફ કરવા લાગ્યા.

વણજારાના કુતરાએ ધર રાખ્યું, તેથી શેઠ તેનાપર ઘણા ખુશ થઇ ગયા. તેમણે વણજારાનું લેણું પતી ગયું એમ માની કુતરાને તેના મૂળ માલીક પાસે જવા છુટો કર્યો. તેમણે આ બધી બાબત એક ચિઠ્ઠીમાં લખી તે ચિઠ્ઠી કુતરાને ગળે બાંધી, ઘણા આનંદ સાથે તેને વિદાય કર્યો. કુતરો પણ બહુ હર્ષમાં આવી જઇ પોતાના સ્વામીને મળવા આતુર થઇ ચાલ્યો.

આ સમયે પેલા પોઠી વણજારાનો મુકામ પાદર સ્ટેટના વડાલી ગામથી એકાદ ગાઉ છેટે હતો. સવારના પહોરમાં વણજારો તાપતો હતો, ત્યાં તો તેણે દૂરથી પોતાના કુતરાને આવતો દીઠો. તેણે ધાર્યું કે, કુતરો શેઠને ઘેરથી નાસી આવ્યો ને મારૂં નામ બોળ્યું. તેનું હૃદય ઉકળી આવ્યું. આવા બેઇમાનને હવે જીવતો ન મેલવો, એવો તેણે નિશ્ચય કર્યો. અવિચારી વણજારાએ પૂરી તપાસ ન કરી.

કુતરો નજીક આવ્યો એટલે વણજારાએ ડાંગ લઇ તેના માથામાં મારી. કડામે વાગવાથી કુતરો મરી ગયો. જરા ટાઢો પડયા પછી કુતરાને ગળે બાંધેલી ચિઠ્ઠી તેણે જોઇ. તે વાંચીને તેને મૂર્છા આવી ગઇ. ભાનમાં આવતાં તે ખૂબ રડયો. તેને જીવતર અકારૂં લાગ્યું. તેણે પોતાની પાસે જે કંઇ મિલ્કત હતી તેનાથી કુતરાનું નામ અમર કરવા નિશ્ચય કર્યો. જે જગાએ કુતરાને તેણે મારી નાખ્યો ત્યાં તેણે એક વિશાળ તળાવ બંધાવ્યું. હજીયે તે તળાવ 'નખીરા તળાવ' નામથી ઓળખાય છે અને વડાલીથી એક ગાઉને છેટે છે.

('સંદેશ'ના ૧૯૮૩ ના દીપોત્સવી અંકમાં લેખકઃ–મૂળશંકર કે. અધ્યાપક)

૬—હિંદુઓને હાકલ

ભારતના ભાગ્યાકાશમાં આજે અજબ વાતાવરણ વ્યાપી રહ્યું છે. એક વખતનું પરસ્તાન-માન મનાતું-ગણાતું હિંદુસ્તાન આજે રોગી ઝઘડાનું રણમેદાન થઇ પડયું છે. હિંદી જનો! આજે ચારે તરફ શું બની રહ્યું છે, તે ધ્યાનપૂર્વક અવલોકો! ઉન્નતિના શિખરે પહોંચેલું આર્યત્વ-હિંદુત્વ આજે અવનત થતું અવલોકાય છે. તમારા પૂર્વજો તમારી કંગાલ-દીન અને નિર્માલ્ય સ્થિતિપર આજે સ્વર્ગમાંથી અશ્રુ વહાવી રહ્યા છે.

શ્રીરામ-કૃષ્ણ-પ્રતાપ-શિવાજીનાં સંતાનો! તમારી આસપાસનું દૃશ્ય અવલોકો-વિચારો. આજે હિંદુધર્મની કેવી દુર્દશા થઇ રહી છે! અનેક પંથો, અનેક જ્ઞાતિઓ અનેક ધર્મો-અંધશ્રદ્ધા અને કુરૂઢિઓના પરિણામે હિંદુત્વ જમીનદોસ્ત થતું અવલોકાય છે. હિંદુઓ! તમારા પ્રમાદથી, તમારા સ્વાર્થની રાક્ષસી તૃષ્ણાથી અને પરોપકારના પુણ્યકારક ધર્મકર્મપ્રત્યે બેદરકાર બનવાથી દિનપ્રતિદિન તમારા બંધુઓ તમારો પવિત્ર ધર્મ ત્યાગી અન્ય ધર્માવલંબી બનતા જાય છે. હિંદુધર્મને મીટાવવા-ફના કરવા અન્ય ધર્માંધો તનતોડ પ્રયત્નો કરી રહ્યા છે. હિંદુઓને માર પડે છે; હિંદુઓની બાળાઓ-બહેનો-માતાઓનાં હરણ થાય છે; હિંદુઓ ઉપર અનેક અત્યાચારો ગુજરે છે; છતાં દુર્ભાગ્યની વાત છે કે, હિંદુઓ જાગ્રત નહિ થતાં નામર્દ-બીકણની માફક શાંતિથી સઘળું સહન કરી રહ્યા છે. આ સ્થિતિ અસહ્ય છે. આ જગતમાં નિર્બળ-નિર્માલ્યને જીવવાનો અધિકાર નથી. ભગવાનની પુણ્યભૂમિમાં આજે આ શું પરિવર્તન? "જો ધર્મનું યથાર્થ રક્ષણ કરવામાં આવે છે તો ધર્મ તેના રક્ષકનું રક્ષણ કરે છે."

જ્યારથી હિંદુસ્થાન પોતાનો સાચો-સત્ય ધર્મ ભૂલ્યું, ત્યારથીજ દુઃખના દાવાનળમા સપડાયું છે. સાચો ધર્મ ભૂલવાથી ધર્મના અનેક ફાંટા પડ્યા છે અને તેના પરિણામે પરસ્પરમાં કલેશ-કુસંપનાં બીજ રોપાયાં છે. આજે હિંદુઓ કહેવાતા હિંદુઓ બન્યા છે. કલેશ-કુસંપના પરિણામે ઓશિયાળા અને નિર્માલ્ય બની ગુલામી જીવન વ્યતીત કરી રહ્યા છે. દુનિયાના ઉદ્ધારક મનાતા-પૂજાતા સાચા સંન્યાસીઓ-સાધુઓ અને બ્રાહ્મણો આજે ક્યાં અદૃશ્ય થયા છે! સાધુ-સંન્યાસીઓનો ધર્મ પોતાનું અને જગતનું કલ્યાણ કરવા-કરાવવાનો છે; પણ તે કેવી રીતે થઇ શકે? શું તે એકાંત સ્થળમાં ભરાઇ બેસી રામ-નામ જપવાથી? શું લોકોનાં વિવિધ મિષ્ટાન્ન આરોગવાથી? ગાંજા-ભાંગમાં મસ્તગુલ બનવાથી? શું મોટાં મંદિરોના મહંત-આચાર્યો બનવાથી? પવિત્ર મનાતા મહાત્માઓ જવાબ આપો! તમારા અંતરનો સાચો ધર્મ બતાવો! આજે તમારું સ્થાન ક્યાં છે? એ વિચારો. બ્રાહ્મણો! તમે ભૂદેવો ગણાઓ છો. આજે તમારું મહત્વજ ક્યા છે? આજે તમારી ગણના ભીખારીમાં ગણાય છે. ભૂદેવો! સાચો ધર્મ ભૂલવાથી આજે તમે સ્થાનભ્રષ્ટ બન્યા છો. જ્યારે ધર્મની અવનતિ થાય, ન્યાય-નીતિનું ખૂન થાય, પોતાના ધર્મપર અત્યાચાર થાય, ત્યારે સાચા સંન્યાસીઓ અને બ્રાહ્મણોએ યથાર્થ ધર્મ-સત્યનું સ્થાપન કરવા એકદમ મેદાનમા આવવું જોઇએ; પણ અફસોસ! આજે આવું કોણ સમજે છે? આજે હિંદુત્વ હણાય છે, આજે હિંદુધર્મ હસવાપાત્ર બનાય છે; આજે હિંદુધર્મની મશ્કરીઓ થાય છે; આજે હિંદુ ગણાતા મનુષ્યો તેમના હિંદુભાઇઓની બેદરકારી-પ્રમાદીપણાથી મુંઝાઇ ગુલામદશા-પશુદશાથી કંટાળી અન્ય ધર્મ સ્વીકારી આનંદ માને છે. આજના હિંદુઓ તેમના અનેક બંધુઓ કે જેઓ હિંદુનો પવિત્ર ધર્મ પાળે છે, તેઓને અંત્યજ-પશુ-ગુલામ માની તેઓને અડકવામા મહાપાપ માને છે જેથી પણ અધમ મનાતા તે હિંદુઓ હિંદુ મટી જ્યારે અન્યધર્મી બને છે, ત્યારે એ શુદ્ધ હિંદુઓ-પોતાને મનાવતા હિંદુઓ તે નવા ધર્મીઓને પ્રેમથી ભેટે છે. ઓ શુદ્ધ હિંદુધર્મીનો દાવો ધરાવનારાઓ! આ શું? તમારા ધર્મનું અધઃપતન નથી સમજાતું? તમે શું તમારા સ્વહસ્તેજ તમારા ધર્મબંધુઓને અન્ય ધર્માવલંબી બનાવી તમારા ધર્મનું નિકંદન કાઢવા ઇચ્છો છો? સમજજો કે, આનું પરિણામ ઘણું ભયંકર આવશે. તમારા ધર્મનો ધ્વંસ કરવા, તમારા ધર્મમાંથીજ ઉભા થયેલા તમારા ભાઇઓ તમારા પ્રબળ શત્રુ બનશે.

હિંદુઓ! જાગ્રત બનો, સાવધ થાઓ! ચારે તરફ પ્રચંડ જ્વાળામુખી સળગી રહ્યો છે. અહંકાર, અભિમાન અને જડતાથી આજે હિંદુત્વ હણાય છે. હિંદના વીરાઓ! ચેતો. "શુભ

બદલાતાં ધર્મની માન્યતામાં પણ ફેરફાર કરવો ઘટે છે." જેને તમે અસ્પૃશ્ય માનો છો, તેઓ અંતરથી કેવા વિશુદ્ધ અને ધર્મપ્રેમી છે, એ તો અનુભવીજ સમજી શકે છે. અનેક ઉજળા અને ઉપરથી ધર્મી મનાતા હિંદુઓ અંદરથી કેવા મલિન અને અધમ વિચારોના હોય છે, કે જેનો વિચાર કરતાં હૃદય કંપી ઉઠે છે.

હિંદુસમાજ—ન્યાતો-કોમો પણ આવી બાબતોપ્રત્યે બેદરકાર છે, ખાનગી-છુપાં ગમે તેવાં પાપકર્મ કરો, પણ જાહેર ન કરો. હિંદુસમાજની ન્યાતો આ માન્યતાને પોષતી જણાય છે. હિંદુઓ મેળામાં-આગગાડીમાં, ખેતરોમાં-સ્વાર્થસમયે અંત્યજોથી અભડાતા નથી. દાક્તરો મુડદાં ચીરી લોહી-માંસ ફેંદે છે, મીલોમાં શાળો ચલાવતા હિંદુઓ-મનાતા બ્રાહ્મણો અસ્પૃશ્ય મનાતી કોમના ચૂસેલા કાંસકા ચૂસે છે; હિંદુઓ દવા-દારૂ-ચરબીવાળા પદાર્થો ખુશીથી વાપરે છે; હિંદુઓ હોટેલમાં જાતિ-જાતિભેદ તોડી ભક્ષ્યાભક્ષ્ય કરી સુધારાનો વિજયોત્સવ કરે છે; છતાં સમાજ, જ્ઞાતિ કે ગુરુ હિંદુધર્મી તરફથી આ બાબતોવિષે એક અક્ષર પણ ઉચ્ચારાતો નથી. હિંદુઓ! આ શું કેવું અધઃપતન?

અનેક બાળવિધવાઓ તેમનીપર ગુજરતા જુલ્મ-અત્યાચારોથી આજે આક્રંદ-કલ્પાંત કરી રહી છે. હિંદુસમાજ! એ અબળાઓનાં અશ્રુઓ નિહાળી તારું હૃદય પીગળશે કે?

ડોસી-વિધવાઓની સાસુઓથી ભાનભૂલતી એ કમનસીબ મનાતી અબળાઓ ખાનગી-છુપી રીતે ગર્ભપાત કરે-કરાવે, બીજાં અનેક કુકર્મો કરે; છતાં તેની પરવા-દરકાર કોઇ સમાજ કે જ્ઞાતિને નથી; પણ [illegible] અબળાઓનાં પાપકર્મથી જાહેરમાં આવતાં સમાજ-જ્ઞાતિ [illegible] અને તિરસ્કારનો વરસાદ વરસાવે છે. આના પરિણામે ધર્મ-કર્મ ભૂલેલી ભ્રષ્ટ [illegible] પડે છે કે કાં તો દેહાંત કરવો પડે છે. હિંદુઓ! [illegible] દુર્લક્ષ રાખવું કે બેદરકાર બનવું તે યોગ્ય નથી.

[illegible] પરિણામે બાળાઓ અને યુવાનોના ભવ બગડે છે, સંસાર [illegible] બને છે, [illegible]-વૃદ્ધલગ્ન-કન્યાવિક્રય-વરવિક્રયના પરિણામે સંસાર સ્મશાનસમાન બને છે. [illegible] તો તરત સમજી શકશે. હિંદુઓ! આવી અનિષ્ટ બાબતોને ક્યાં [illegible] "જ્યાં [illegible]-વૃદ્ધલગ્ન-વિધુરલગ્ન-કન્યાવિક્રય-વરવિક્રય થાય છે, ત્યાં [illegible] છે." આપણાં ધર્મસ્થાનો-તીર્થસ્થાનોમાં કેવી લીલાઓ ચાલી રહી છે, તે [illegible] હિંદુધર્મીઓને કંઇ દરકાર છે? કુરૂઢિઓ-અંધશ્રદ્ધા અને [illegible] હિંદુજાતિના વિનાશનાં રોપાયેલાં બીજ આજે વૃક્ષરૂપે ફાલ્યાં છે.

હિંદુધર્મપર [illegible] થવા માંડ્યા છે. હિંદુધર્મનો વિનાશ કરવા પ્રચંડ [illegible] છે. હિંદુઓ! હજી સમય છે. ચેતો, વિનાશવૃક્ષનાં કડવાં ફળ જરૂર ચાખવાં [illegible]! તમે શ્રીરામ-કૃષ્ણ-પ્રતાપ-શિવાજી-સીતા-સાવિત્રી વગેરે [illegible] તમારા શરીરમાં-તમારી રગેરગમાં અને પુણ્ય-પવિત્ર દેવોનું [illegible] તમે [illegible] તમારા ધર્મની રક્ષાને માટે દીક્ષા લ્યો. [illegible] પ્રતિજ્ઞા લ્યો. તમે ચારિત્ર્યવાન-અંતરના [illegible] અને [illegible] તમારા ધર્મની અંધશ્રદ્ધા-જડતા તોડવા [illegible] યથાર્થ [illegible] ગુરુ ગોરખનાથના [illegible] કરો. તમે પવિત્ર છો, તમે [illegible] તેમના જીગરમાં સમાવો [illegible] અને [illegible] તિરસ્કારેલા અને અન્ય [illegible] તમારી વિધવા બહેનોને [illegible] [illegible] તમારી [illegible]-બહેનોની [illegible] હિંદુધર્મ-હિંદુજાતિ. [illegible] તમારી [illegible] હિંદુધર્મની રક્ષા કરો!

([illegible] લેખક-[illegible]પ્રસાદ મહેતા.)

૭–નિર્માલ્ય હિંદુઓનો મોક્ષદાયક મહામંત્ર

(તેમાં આપણે શું !—આત્મરક્ષાનું દુર્જય હથિયાર !)

તેમાં આપણે શું ! કેવો સુંદર શબ્દસમૂહ ! બહાર તો માત્ર આટલું કથન, પણ તેમાં ભરી રહસ્ય ! જગતમાં કોઈ ચિંતાનાશક દવા હોય તો તે એજ. કોઈ નિઃસ્વાર્થતાના પાઠ શીખવનાર શિક્ષક હોય તો તે પણ એજ. એનાથી મોટા દર્દીઓનાં દર્દ નાસે છે, હજારો માનવીઓ આ સંસારસાગર તરીને પેલે પાર ઉતરી જાય છે. એવો એ અદ્ભુત મહામંત્ર ! એનો જાપ જપ્યાથી જન્મમરણનો ફેરો ટળવા સિવાય બીજાં અનેક દુઃખનો નાશ થાય છે. એવા એ પરમસુખદાયક સકળદુઃખભંજક મંત્રને કોટિ કોટિ વાર અભિનંદન હો.

× × ×

તેમાં આપણે શું ? ગઈ કાલે ગોપામહેતાની પોળને નાકે થઈને આવતા એક માણસને ચિંથરેહાલ દશામાં જોયો. શરીરપર લાજ ઢાંકવા જેટલાં પણ કપડાં ન મળે, પણ તેમાં આપણે શું કરીએ ? આપણે તો આડું મોં કરીને આગળ ચાલ્યા. દુનિયામાં તો એવાં હજારો માણસ હશે. તેમાં આપણે શું !

× × ×

વળી થોડા દહાડાપર એક ગાડાવાળો ભરેલું ગાડું હાંકતો હતો. એક બાઈને રસ્તે ચાલતાં તેની અડફટ વાગી. બાઈએ ગુસ્સે થઈને કહ્યું:–કેમ અલ્યા ! જોઈને હંકાતું નથી ? પેલા બદમાસ ગાડાવાળાએ સામો મા–બ્હેનસંબંધી ગાળો ભાંડવા માંડી, અને વધારામાં તે બાઈના પ્રત્યે જોઈને નિર્લજ્જ બેશરમ ચાળા કરવા લાગ્યો. આસપાસ ઉભેલા સેંકડો માણસોએ તે નજરોનજર જોયું; પણ કોઈ કશું બોલ્યું નહિ. સૌએ મનમાં એમજ વિચાર્યું કે, એમાં આપણે શું ? એ બાઈ એવીજ હશે. એમ બબડતા બબડતા સૌ કામદારના દીકરા પોતપોતાને રસ્તે ચાલ્યા ગયા—તો કેવા સુખીઆ થયા !

× × ×

અરે, તે દિવસે સવારે નાનપરાની ખાડીમાં એક મુડદું પડેલું. માથે ને છાતીમાં છરાના ઘા થયેલા ને લોહીનો રેલો ખડખડાટ વહી જતો હતો. આપણે બંદાએ તે પડેલવડેલું જોયું: કેવો કમકમાટી ભરેલો દેખાવ ! વિચાર કરતાં કંઈક ઓળખાણ પણ પડી; પણ આપણે તો જાણે કંઈ જોયુંજ નથી, એમ ગણીને નીચી મુંડી કરીને હેંડવાજ ગયા. મૂઓ તો તેના મોતે મૂઓ, તેમાં આપણે શું ? એનાં સગાંવહાલાંને ખબર પડશે, એટલે તેઓ તેમની ગરજે આવશે; તેમાં આપણે શું ? પોલિસને તપાસ કરવી હશે તો આપોઆપ કરશે, તેમાં આપણે શું ?

× × ×

અરે એ તો બધું ઠીક છે, પણ તે દિવસે પેલો કમબખ્ત ગાડીવાળો મારતે ઘોડે આવ્યો. સાત વરસની ચમારની છોકરીને પાડી નાખી. ગાડીનું પૈડું છોકરીના પગપરથી ફરી ગયું અને તેના નળાનું હાડકું કડાક કરતું ભાંગીને બહાર નીકળ્યું. સૌએ બૂમ પાડવા માંડી કે, ગાડીવાળાને પકડો, ગાડીવાળાને પકડો; પણ કોઈએ પકડવાને માટે દોટ મૂકી નહિ. આખરે રસ્તામાં ગાડું ઉભું હોવાથી ગાડી આપોઆપ અટકી ને હાંકનારને એક જણે પકડ્યો. ત્યારે કોઈ પણ સાક્ષી માટે તૈયાર ન થયા. સૌ કોઈએ ઉપરોક્ત મહામંત્રનેજ સંભાર્યો—"છોકરીનું હાડકું ભાંગ્યું તેમાં આપણે શું?"

× × ×

વળી એક પરદેશી માણસ સુરતમાં આવીને રસ્તે ચાલતાં અચાનક હૃદય બંધ પડવાથી મરણ પામ્યો. કોઈ પરગજુ ડૉક્ટરે વગર ફીએ આવીને અભિપ્રાય આપ્યો કે, હવે એમાં કંઈ નથી. છાતી બંધ પડવાથી મરી ગયો છે. ચાલો, એને ઠામ પાડવાને પૈસા તેમજ માણસ જોઈએ છે. એક વાણીઆ મહાજન સાથી દૂર ખસીને ચાલ્યા જતાં કહે છે કે, કપાળમાં ટીલું છે છતાં એ વાણીઓ નહિ હોય. આજકાલ તો એવા ઘણા લોકો ટીલાં કરતા થઈ ગયા છે તે બધા આમ મરી જાય તેમાં આપણે શું ? બ્રાહ્મણભાઈ કહે છે કે, ગળામાં જનોઈ છે, પણ એ કાંઈ બ્રાહ્મણ

તો નહિજ હોય. આજકાલ તો સૌ કોઈ જનોઇ નાખતા થઇ ગયા છે. તો પછી આપણે શું? આ પ્રમાણે જે જે 'આપણે શું?' મંત્રનો આશ્રય લે છે તે સઘળા બચી જાય છે અને પોતપોતાને ઘેર જઇને નિરાંતે ગોળ ને રોટલી ખાવા બેસી શકે છે.

× × ×

ફલાણે ઠેકાણે હુલ્લડ થયું. હિંદુ અને મુસલમાનો લડયા ને એકબીજાનાં માથાં ભાંગ્યાં. તેમાં જાણીતા મીસ્ટર क જેમણે આજસુધીમાં શહેરની તથા કોમની અનેક પ્રકારે સેવા બજાવેલી તે મરાયા. તેમનાં બૈરી–છોકરાં રખડતાં થયાં, ભૂખે મરવા લાગ્યાં; પણ તેમાં આપણે શું કરીએ? ભાઇ શ્રી क ને કોણે કહ્યું હતું કે, તમે સેવા કરજો ને લડવા જજો. ડહાપણ કરીને ગયા તો ખરડાયા. હવે તેમનાં બૈરીછોકરાં ભૂખે મરે તેમાં અમે શું કરીએ? તેમનું નશીબ! કરમના ભોગ!! ગયે જન્મે ઘણાં પાપ કર્યા હશે; તે એટલીજ લહેણાદેણી લખાવીને લાવ્યાં. તેમાં આપણે શું?

× × ×

શહેરમાં અખાડા કાઢવાને અને રમતગમત ખીલવવાને માટે એક કમીટું નીમાયું, તેણે તેની યોજના તો ઘડી; પણ ફંડ ભેગું કરવા માટે નીકળવાનું તે સૌને કડવું લાગે. દરેક જણ કહેવા લાગ્યું કે, કોઇને ન પડી હોય તો પછી આપણે શું? શહેરમાં અખાડા નીકળે યા ન નીકળે તેમાં આપણે શું?

× × ×

આ પ્રમાણે તો મનુષ્યજીવનની દરેકે દરેક શાખામાં 'આપણે શું?'નો મહામંત્ર સૌ કોઇને આંધળાની લાકડી પેઠે સહાયભૂત થઇ પડે છે. જ્યાં માર પડતો હોય, ત્યાંથી સલામત–હાડકે ને વળી બહાદૂરીથી પાછા હઠવાનો માર્ગ છે. જ્યાં પૈસા ભરવાના હોય ત્યાંથી નાણાંકોથળી જેવી ને તેવી રાખી નાસી છૂટવાની બારી છે. જ્યાં વખતનો ભોગ આપવાનો હોય ત્યાં અત્યંત કામગરાપણું પૂરવાર કરવાની ચાવી છે. અનેક રીતે એ ઉપયોગી છે. બોલો, આપણે શું? આપણે શું? આપણે શું? મંત્રાય નમોનમઃ!

("ગાંડિવ"ના તા. ૩૦–૧૦–૧૯૨૭ ના અંકમાં વાપરનાર **રા. નિરંજન નિરાકાર.**)

૮–એક નમુનેદાર ગામડું

કલકત્તાના ફોરવર્ડ પત્રમાં નીચેની રસભરી વિગત પ્રકટ થઇ છે:–

આસનસોલ શહેરથી લગભગ બે માઇલ અંતરે ગ્રાંડ ટ્રંક રોડ ઉપર બીશપ ફીશર નામના અમેરિકન મેથોડીસ્ટ મીશનના એક પાદરીની એક મિલ્કત આવેલી છે. આ મિલ્કતને એક નમુનેદાર ગામડામાં ફેરવી નાખવામાં આવેલી છે અને તેને ઉપાગામ નામ આપવામાં આવેલું છે. એક અમેરિકન ગૃહસ્થ મી૦ કોલી જે ખેતીવાડીનો યુનિવર્સીટિનો ગ્રેજ્યુએટ છે, તેની દેખરેખ નીચે આ ગામડાની પ્રગતિ સાધવામાં આવે છે. હાલ તેમાં ૧૦ નાનાં મકાનો છે અને ૫૦ માણસોની વસ્તી છે. દરેક મકાન પાસે શાક અને ફૂલ ઉગાડવાનો બાગ અને ઢોરઢાંખર બાંધવાનો એકેક વાડો છે. એક સહકારી ભંડાર, એક સેવીંગ બેંક અને એક હૉસ્પીટલ તે ગામડાના લોકો પોતેજ ચલાવે છે. એક અંગ્રેજી મીડલ સ્કુલ પણ છે, કે જેમાં સુથારકામ અને લુહારકામ પણ શીખવાય છે. દરેક કુટુંબનું એકેક ખેતર એ ગામડામાં છે, જેમાં તેઓ ખેતીનાં સસ્તાં અને સુધારેલાં ઓજારોથી ડાંગરની વાવણી કરે છે. એક ગામપંચાયત પણ છે, જેમાં દરેક કુટુંબ પોતાનો પ્રતિનિધિ મોકલે છે. પંચાયત પોતાનો પ્રમુખ ચુંટે છે અને ગામની સ્વચ્છતા, દીવાબત્તી વગેરેપર લક્ષ આપે છે. બંગાળાના ઘણા જાણીતા માણસોએ આ ગામડાની મુલાકાત લીધી છે.

("**એદા વર્તમાન**" તા. ૨૮–૯–૧૯૨૭ ના અંકમાંથી.)

૯—હીરારત્નોથી પણ વધારે કિંમતી આદેશ

ઘણા પ્રાચીનકાળમાં, ખ્રિસ્તની પૂર્વે સદીઓ પહેલાં, હિંદના આર્ય લોકો ધર્મ, માનસશાસ્ત્ર, અધ્યાત્મવિદ્યા, વિજ્ઞાનકળા, સંગીત અને વૈદકશાસ્ત્રમાં એટલા બધા આગળ વધેલા અને નિષ્ણાત હતા કે કોઈ પણ પ્રજા જ્ઞાનના આટલા વિશાળ પ્રદેશમાં તેમની બરોબરી કરી શકી નથી.

મેક્સમૂલર લખે છે કે:—"પ્રકૃતિદેવીના સંપૂર્ણ કૃપાપાત્ર અને તજ્જન્ય ઐશ્વર્ય, સત્તા અને સૌંદર્યયુક્ત હોય એવો સમસ્ત સૃષ્ટિમાં સર્વોત્કૃષ્ટ દેશ—પૃથ્વીપરનું સ્વર્ગ—મારે શોધવાનું હોય તો હું હિંદુસ્તાનનેજ પ્રથમ પદ આપું. મને જો એમ પૂછવામાં આવે કે, વિશ્વમાંના કયા પ્રદેશના રહેવાસીઓએ ઈશ્વરદત્ત બક્ષીસોનો સંપૂર્ણ વિકાસ કરેલો છે તથા મનુષ્યજીવનના અતિ ગૂઢ વિષયોપર અદ્વિતીય મનન કરેલું છે અને તેમાંના કેટલાક પ્રશ્નોના એવા તો સયુક્તિક અને સપ્રમાણ ઉત્તરો આપ્યા છે, કે જે પ્લેટો અને કેન્ટના અભ્યાસકોને પણ વિચારવા લાયક છે? તો હું જવાબ આપું કે, હિંદુસ્તાને."

"વળી મને એમ પણ પૂછવામાં આવે કે, રોમન, ગ્રીક અને યાહુદી લોકોનાજ વિચાર અને સિદ્ધાંતો પ્રમાણે કેળવાયેલા યુરોપવાસીઓ પોતાની ખોટ કયા સાહિત્યમાંથી પૂરી પાડી પોતાનું અંતર્જીવન વધારે સંપૂર્ણ, વિસ્તૃત, વિશ્વવ્યાપી અને ખરેખરી રીતે માનુષિક બનાવી અનંત જીવન-મોક્ષ-પ્રાપ્ત કરી શકે? તોપણ મારો જવાબ એજ છે."

સહસ્ત્રાવધિ વર્ષો પૂર્વે આર્યાવર્તના મહર્ષિઓને અવિનાશી વેદોની પ્રભુ પાસેથી પ્રાપ્તિ થઈ અને તેમણે પોતાના વંશજોને વેદોનો ઉપદેશ કર્યો. વેદકાલીન આર્યસાહિત્ય પ્રવૃત્તિઓમાં વેદોથી બીજા નંબરે ઉપનિષદો અને આરણ્યકો આવે છે; પૌર્વાત્ય વિચારપુષ્પોની તેઓ માળા છે અને આ માળા ધારણ કરનારાઓને તે આશીર્વાદરૂપ બની અસીમ શાંતિ અને આનંદનો સુખાનુભવ કરાવે છે.

× × ×

ઋગ્વેદ કહે છે કે:—સૂર્ય તારીજ આજ્ઞા પ્રમાણે ચાલે છે અને તેને પ્રવર્તાવે છે; શાંતિ અને આનંદના અધિરાજા! તારી કીર્તિ મહાન અને સંપૂર્ણ છે. પ્રકાશની માફક તું તદ્દન પવિત્ર છે. મનુષ્યોનો પ્રિય એવો તુંજ પૂજ્યની પ્રતિમારૂપ છે.

બધાએ ભેગા મળી આપણે આપણું કરવું જોઈએ અને જમવું પણ બધાએ સાથેજ જોઈએ. આપણે એકબીજાને ધિક્કારવા જોઈએ નહિ.

યજ્ઞ આ સૃષ્ટિનો આધાર છે.

કદી પણ જુગાર રમો નહિ; ખેતી કરો અને જે તમને મળ્યું છે તે પૂરતુ માની આનંદમાં રહો.

કરેલાં અને ન કરેલાં પાપોમાંથી અમને બચાવો. દરેક પાપમાંથી અમારૂં રક્ષણ કરો કે જેથી અમને આનંદ પ્રાપ્ત થાય.

તમારો બધાનો એકજ નિશ્ચય હો, અને તમારાં સર્વના ચિત્ત સંમત રહો, તમારા બધાના વિચાર પણ એવા મળતા રહો કે બધા તેમને કબુલ રાખી શકે.

દેહાત્મા કોઈ કે મૃત્યુ પામતો નથી; સંતાપના દુઃખ કે ચિંતા તેને ક્ષોભ પમાડી શકતા નથી. આખું વિશ્વ, તેના સુખો અને સ્વર્ગનો આનંદ પણ તેનાજ છે.

ખાવાનું માગવા આવનાર ગરીબો તરફ સ્વાર્થવૃત્તિથી પથ્થર જેવું હૃદય રાખનાર શ્રીમંતને પોતાને પણ આપત્તકાળમાં દિલાસો દેનાર કોઈ પણ નહિ રહે.

શક્તિ હોય ત્યાંસુધી ગરીબોના દુઃખ નિવારો. અનંત ભવિષ્યપર નજર નાખો [illegible] ને ભૂલવા મન કરો; કદાચ તમારી લક્ષ્મી તુરતમાંજ ચાલી જાય.

જે મનુષ્યના વૈભવનો લાભ તેના મિત્રોને મળતો નથી, તે પોતાનો નાશ પોતેજ કરે છે; પોતાનો વૈભવ એકલા પોતેજ ભોગવનારાને પોતાનું પાપ પણ પોતાને એકલાનેજ ભોગવવું પડશે.

યજુર્વેદ કહે છે કે:—જ્ઞાનપૂર્વક કર્મ કરવાની અને અજ્ઞાનપણે કર્મ કરવાની અલગ વૃત્તિજ આવે છે, એમ કહેવાય છે.

હું તમને સંપ, હૃદયોનું ઐક્ય અને કોઇનો પણ તિરસ્કાર ન કરવાની વૃત્તિ આપું છું. વાછરડાંના જન્મથી જેમ ગૌમાતા હર્ષ પામે છે, તેમ બીજાનામાં આનંદપૂર્વક રસ લો.

અથર્વવેદ કહે છે કે:-આનંદી સ્વભાવ, માન, શાંતિ અને શક્તિ, સત્તા અને દૃઢતા. તથા પ્રેમ અને ભક્તિથી ઉદ્‌ભવતા સર્વે ઉચ્ચ સદ્‌ગુણો અમર પરમાત્મામાંજ પૂર્ણપણે વ્યક્ત હોય છે.

ઉપનિષદો કહે છે કે:-નમ્ર મનુષ્ય કરતાં કોઇ વધારે શક્તિવાન નથી; કારણકે નમ્ર મનુષ્ય આત્માને ભૂલી જઈ પરમાત્મામાં ભળી જાય છે.

તમારા પોતાના તેમજ બીજાના સદ્‌વિચારોને વખાણો. તમારા જીવનનું ખરૂં તત્ત્વ શોધી પ્રાપ્ત કરવામાં સદ્‌વિચાર જેવું બીજું તમારૂં સહાય્યાથી નહિ થાય.

તમારૂં ધારેલું કાર્ય પાર પાડવું હોય તો તમારા વિચારોપર કાબુ મેળવો. ઝુરસાઓથી મુક્ત એવા શુદ્ધ તેજપર તમારા આત્માને એકાગ્ર ચિત્તથી ધ્યાનસ્થ કરો.

તમને જે વસ્તુ દુષ્ટ કે પાપમય લાગતી હોય, તેનો વિચાર સરખો પણ ન કરવા કોશીશ કરો. દુષ્ટ વિચારોજ દુષ્ટ કર્મો તરફ મનુષ્યને ધસડી જાય છે.

જે બધાં પ્રાણીઓને પોતાના આત્મા જેવાજ જાણે છે અને પોતાના આત્માને બીજાં પ્રાણીઓના જેવોજ ગણે છે, તે કોઇને ધિક્કારતો નથી.

ડાહ્યા મનુષ્યે ઇંદ્રિયોનો ચિત્તમાં લય કરવો, ચિત્તનો બુદ્ધિમાં અને બુદ્ધિનો બ્રહ્મરૂપ પરમાત્મામાં લય કરવો.

ભક્તિ, આત્મસંયમ અને કર્મ-આ સત્યનાં શિખરો છે.

સત્યજ જય પામે છે, અસત્ય કદી વિજયી થતું નથી.

સંપૂર્ણ વૈરાગ્યવાન અને તત્ત્વને પામવાની ઇચ્છાવાળા મુમુક્ષુઓને જવાના દેવયાનો સત્યથીજ વિસ્તૃત બને છે અને સત્યથીજ પરમાત્માનાં તત્ત્વ પ્રાપ્ત કરી શકાય છે.

ઉઠો, જાગૃત થાઓ અને ઇષ્ટપ્રાપ્તિ કર્યા સિવાય બેસો નહિ.

મનુષ્યોને બંધન કે મોક્ષનું કારણ તેનું મનજ છે.

શાંત અને સ્થિર ચિત્તથીજ અખૂટ આનંદ પ્રાપ્ત કરી શકાય છે.

મનની સર્વ ઇચ્છાઓ લય પામે ત્યારેજ મનુષ્ય અમર થઈ આ જીવનમાંજ બ્રહ્મને પ્રાપ્ત કરી શકે છે. ('સુવર્ણમાળા' ના એક અંકમાંથી.)

૧૦-“દીપમાલિકે”!

હાય! કૈસે દીપક ભવન જલાઉં!
ગૃહ સૂના હૈ લૂટા અન્ન-ધન, ક્યા વીતી બતલાઉં;
જલા રહી હૈ હૃદય-અગ્નિ હા! જલેકો કૈસે જલાઉં.
બસનહીન તન અન્નબિના કસ, જીવનચક્ર ચલાઉં;
પાહન સમ હૈ કઠિન હૃદય ક્યોં આર્ત્તનાદ સુનાઉં.
પરબશ, દુઃખી, હીન કાયર હૂં, ક્યોંકર બદન દિખાઉં;
લાજ બચાવનહાર તિમિર કો, ક્યોંકર હાય ભગાઉં.
નિકલ ગયા હૈ, હાય! દિવાલા, કૈસે સાખ જમાઉં;
પરબન્ધન સે હો 'સ્વતંત્ર' કરૂં જીવન-જ્યોતિ જગાઉં.
હે મોહન! માધવ!! મધુસૂદન!!! કૈસે તુઝે રિઝાઉં;
ભક્તિ-ભાવ નહીં, ભગ્નહૃદય હૈ કૈસે દિવાલી મનાઉં.

("વિશ્વમિત્ર" ના એક અંકમાં લેખકઃ-મધુસૂદન ઓઝા "સ્વતંત્ર".)

૧૧—ભગવાન શ્રીકૃષ્ણનો સંદેશ

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः। तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥

મહાભારતના યુદ્ધના આત્મા અને પોતાના ચરણે પડેલાનું રક્ષણ કરનાર શ્રીકૃષ્ણ સમસ્ત મનુષ્યજાતિના રક્ષક અને ઉદ્ધારક છે; અને યુદ્ધપૂર્વે તેમનો સંદેશ એ "શ્રીમદ્ ગીતા" છે, જેનું રહસ્ય આ છેઃ—"ઉઠ, પરંતપ! તારી ફરજ બજાવ." આ સંદેશ આખી દુનિયાને પણ લાગુ પડે છે. "ગીતા" જાતિકૃત બંધનોથી પર છે; સર્વવ્યાપી પરમાત્મા એનો વિષય છે. પાંચ પાંડવો રણભૂમિમાં અતિ મહાન શત્રુ સામે લડવા ઉભા હતા એવા અદ્‌ભુત પ્રસંગમાં શ્રીકૃષ્ણે કુરુક્ષેત્રમાં આ ગીતા ગાઈ. "શ્રીમદ્ ભગવદ્‌ગીતા" નામથી ઓળખાતો ગ્રંથ માત્ર એ ગાનનો એક ભાગ છે, પરંતુ તેમાં પણ કેટલું ડહાપણ, દીર્ઘદર્શિતા અને ઉચ્ચ ગૂઢ બોધ સમાયલાં છે! શ્રીકૃષ્ણ અમુક જાતિનાજ નહિ, પરંતુ સમસ્ત મનુષ્યસૃષ્ટિના ઉદ્ધારક હતા, એ વાત સાબીત કરવાને "ગીતા"જ બસ છે.

આ ગીતાનો અભ્યાસ—શ્રીકૃષ્ણનું વ્યક્તિત્વ—અતિશય મનોરંજક છે. શ્રીકૃષ્ણ બાલ્યાવસ્થામાં માખણ ચોરતા અને ગોપીઓ સાથે ક્રીડા કરતા; પછી ગોવાળતરીકે ઘણીજ સંભાળથી એમણે પ્રેમપૂર્વક ગાયો ચારી; કુશળ રાજનીતિજ્ઞતરીકે લોકમતને સમજનાર પણ શ્રીકૃષ્ણ હતા. એજ કૃષ્ણ એક આદર્શ નૃપેન્દ્રતરીકે, પ્રજાના સેવકતરીકે, દરેક રાજાએ કેવી રીતે વર્તવું જોઇએ તેનું જ્વલંત ઉદાહરણ થયા; એટલુંજ નહિ પરંતુ તેઓ એક મહાન તત્વવિદ્યાવિશારદ અને આપ્ત પુરુષ હતા. ઉપર કહેલા દરેકે દરેક દૃષ્ટિબિંદુથી જોતાં ઘણું વિચારવાનું મળે છે; પરંતુ અહીંઆ તો આપણે શ્રીકૃષ્ણનો એક આદર્શ નેતાતરીકેજ વિચાર કરીશું. સંસ્કૃતમાં 'નેતા'ને 'માર્ગદર્શક'—રસ્તો બતાવનાર કહ્યો છે; તેણે સાચો રસ્તોજ બતાવવો જોઇએ; તેણે ધર્મ પ્રમાણે વર્તવું જોઇએ અને તેણે સત્યજ બોલવું જોઇએ. લોકસેવા એ લોકપ્રિયતાનો રસ્તો નથી. મનુષ્યોનો નેતા એક આદર્શ સેવક હોવો જોઇએ.

"કુંતીપુત્ર! જાગૃત થા, ઉભો થા!" આ શબ્દોમાંજ કૃષ્ણ નેતાએ આપણનેજ અર્વાચીન ભારતવર્ષના પુત્રોને તે પોતાનો સંદેશ કહી દીધો છે! "જાગૃત થાઓ!" હિંદમાં શાની ખામી છે? આપણે હજુ જાગ્યા નથી! કોઇ કોઇ વાર આપણી આંખો ઉઘડે છે, પરંતુ સત્વરજ પાછી મિંચાઇ જાય છે. એટલા માટેજ શ્રીકૃષ્ણ કહે છે કે જાગો જાગો, અને આંખ ઉઘાડી જુઓ! તમારી દુર્દશા તરફ નજર કરો! તમારી સ્ત્રીઓની સ્થિતિનો વિચાર કરો! અસંખ્ય લોકોની છાતી કંપાવનારી ગરીબાઇ નિહાળો! જાગો અને જુઓ કે, એક વખતનું સર્વશ્રેષ્ઠ હિંદ આજે પૃથ્વીપરનો ગરીબમાં ગરીબ દેશ છે! જાગો અને દેશની નબળાઇનું મુખ્ય કારણ તમારો કુસંપ—જાતિભેદ—પેટાજાતિઓ છે, એ સમજો.

"જાગો અને ઉભા થાઓ! હે કુંતીપુત્ર!" "ઉભા થાઓ." શ્રીકૃષ્ણ કહે છે કે, "તૈયાર થાઓ"—શા માટે? મારામારી કરવા માટે? નહિ. હિંસામાટે? નહિ. પરંતુ તમારૂં નૈતિક બળ વાપરવા તૈયાર થાઓ. ભારતની—સમગ્ર મનુષ્યજાતિની—પૂજા કરવા તૈયાર થાઓ અને યાદ રાખો કે, પૂજાનું સર્વોત્તમ સ્વરૂપ સેવા છે. ન્યાય અને સત્યમાટે, નમ્ર મનુષ્યસ્વાતંત્ર્યમાં તમારી આ વિમળ શ્રદ્ધા સાબીત કરવા માટે બહાર પડી એ રસ્તે હિંદ અને મનુષ્યજાતિની સેવા કરો.

કુંતીપુત્ર! માત્ર જાગ અને ઉભો થા! તારા હાથ તે શ્રીપરમાત્માના હાથ છે; તારો આત્મા એ વિશ્વવ્યાપી પરમાત્માનો અંશ છે. તારૂં સામર્થ્ય તે તેનું છે અને શ્રીકૃષ્ણના નેતૃત્વ નીચે તૈયાર થયેલાને કદી પરાજય થાયજ નહિ.

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः। तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥

("સુવર્ણમાળા" ના એક અંકમાંથી.)

૧૨–મહાન પેગંબર જરથોસ્તનો સંદેશ

જરથોસ્ત પરમ અદ્વૈતમતવાદી હતા. એ એમ માને છે કે, સઘળા ઉચ્ચતમ સદ્‌ગુણોનું ઉત્પત્તિ સ્થાન વિશ્વવ્યાપી આત્મા–પરમેશ્વરજ છે. જરસ્થોસ્તના ગ્રંથોમાં આવા ૭ દેવતાઈ ગુણોનો ઉલ્લેખ વારંવાર આવે છે. આ સદ્‌ગુણો નીચે પ્રમાણે છેઃ–

(૧) મન સારૂં હોવાનો, (૨) ન્યાય અને સત્યનો, (૩) પવિત્ર રાજસત્તાનો, (૪) લોકોપકારક દયાનો, (૫) સંપૂર્ણ આરોગ્યતાનો અને (૬) અમર હોવાનો.

મહાન ઉપદેશકો ધર્મના મશાલચીઓ છે અને હમેશાં તેમના આદર્શોમાંજ મગ્ન હોય છે. પવિત્રતા અને તેજનો આદર્શ ઈરાનદેશના જરથોસ્ત શીખવે છે. જરથોસ્ત ખરેખરા ઉપદેશક છે, કારણ કે એમનો ઉપદેશ અમુક કાળ કે પ્રજામાટે નહિ, કિંતુ હમેશમાટે અને સર્વને માટે છે.

જરસ્થોસ્તનું જન્મસ્થાન અને તિથિ અંધકારમાં છે. સાધારણ રીતે એમ મનાય છે કે, તે ઇરાનના પશ્ચિમભાગમાં ઇ. સ. પૂર્વે ૨૦૦૦ થી ૧૦૦૦ વર્ષપૂર્વે થઇ ગયા હોવા જોઇએ. જરથોસ્તના મરણને સદીઓ થઇ ગઇ છે, પરંતુ આ વિશ્વમાં જ્યાંસુધી સત્ય રહેશે, ત્યાંસુધી જરથોસ્ત જીવંત રહેશે.

મનુષ્યો ! જ્યારે તમારી પાપી વાસનાઓ, અને સ્વાર્થવૃત્તિનો સદંતર નાશ થશે, જ્યારે સદાને માટે તમારામાંથી પાપ દૂર થશે, ત્યારેજ તમને મહાન કાર્યનો આશીર્વાદરૂપ બદલો મળશે. જો તમે આ નહિ કરી શકો તો તમારે છેવટે શોકોદ્‌ગાર કાઢવાનોજ વખત આવશે.

હે મઝદ અહુર ! શંકા થાય ત્યારે, તથા હે સર્વશ્રેષ્ઠ ! દુઃખ અને કંકાસના સમયમાં અને દુષ્ટોની વૈરવૃત્તિને લઇ આપત્તિના સમયમાં પણ અમે તો પવિત્ર અગ્નિના દીપ્ત પ્રકાશમાં આપેલા તમારા સર્વશ્રેષ્ઠ ઉપદેશનું મનન કરીશું.

હે મઝદ ! એક જાણકારતરીકે, જેમને જાણવાની ઇચ્છા હશે તેમનામાટે તારાવતી હું કહું છું કેઃ–

"પાપ દુષ્ટજનોને તેમની દુષ્ટતાનો બદલો છે; પરંતુ સર્વોત્તમ સ્થિતિ–મોક્ષ–તો સત્યના નિયમ પાળનારનેજ મળે છે." અને તારો આ સંદેશો જાહેર કરતાં મને અત્યંત આનંદ થાય છે.

જો તમારે સજ્જનોનો સંગ જોઈતો હોય, સત્યની મૈત્રીની જરૂર હોય અને પવિત્ર ધર્મને ટકાવી રાખવો હોય, તો ક્રોધ અને હિંસા પરહરો, ઈર્ષ્યા અને કંકાસનો ત્યાગ કરો. હે મઝદ ! આવાં પરોપકારી મનુષ્યોનેજ હું સ્તુતિમંદિરમાં દાખલ કરીશ.

("સુવર્ણમાળા"ના એક અંકમાંથી.)

૧૩–દિલ્હીનાં મંદિરોમાં અંત્યજ ભાઈઓને દાખલ કરે છે.

૨૧ મી ઑગસ્ટ ૧૯૨૭ ને રોજ ગોસ્વામી ગંગાપ્રસાદજીના મંદિર–કટરાનીલ–માં અસ્પૃશ્ય કહેવાતી જાતિઓને દર્શન કરવા દાખલ કર્યા હતા. સૌ લોકો યમુનાસ્નાન કરીને અને તિલક ધારણ કરીને એક જબરદસ્ત સરઘસ સાથે સાંજના ૭ વાગે મંદિરમાં દાખલ થયા અને હિંદુઓએ તેમાં ખૂબ પ્રેમપૂર્વક ભાગ લઇને તેમને પ્રસાદ વહેંચ્યો. દિલ્હીમાં આ પહેલો અવસર છે, કે જ્યારે શ્રીગોસ્વામી મહારાજે અસ્પૃશ્ય ભાઇઓને દર્શન કરાવીને હિંદુઓ સમક્ષ એક આદર્શ રજુ કર્યો છે. અમને સંપૂર્ણ આશા છે કે, દિલ્હીનાં બીજાં બધાં મંદિરોના અધિકારીઓ આનું અનુકરણ કરી યશભાગી બનશે. સભા શ્રીગોસ્વામીજી મહારાજને ધન્યવાદ આપે છે કે, તેમણે સેંકડો વર્ષોના તૃષિત આત્માઓને અમૃતપાન કરાવી હિંદુઓના વિશાળ હૃદયનો પરિચય કરાવ્યો છે.

("અર્જુન"ના એક અંકમાંથી અનૂદિત.)

૨૪-ભગવાન બુદ્ધનો સંદેશ

બુદ્ધ અજાતશત્રુ હતા. તેમનું ચિત્ત કે દૃષ્ટિમર્યાદા અમુક દેશ કે પ્રાંતમાંજ સમાઈ જતાં ન હતાં. સંપૂર્ણ પ્રકાશ અને કીર્તિ મળ્યાથી રહેલા અંતરસંયમના જીવંત પ્રતિમારૂપ હતા. પારકાનું કંઈપણ દબાવવાની તેમને જરા પણ ઈચ્છા નહોતી. કીર્તિ, ધન, ઐશ્વર્ય, સત્તા, રાજ્ય કે એ તેમને આકર્ષી શકતાં નહિ. બુદ્ધ ભગવાન ચાંડાલો, દુષ્ટો, વેશ્યાઓ અને પાપીઓ તથા ગરીબો-ઓને સંપૂર્ણ દયા અને દિલસોજી દાખવતા; પરંતુ શ્રીમાનો તથા જુલ્મી સત્તાધીશોના અભિમાનની તેમને દરકાર ન હતી. શારીરિક પીડા, નિંદા અને જુલમ તેમણે ધીરજ અને નમ્રતાથી સહન કર્યાં. સત્યનું પ્રતિપાદન કરવામાં તેઓ નિડર અને કોઈની પણ દરકાર ન રાખનાર હતા અને જીવનની વહાલામાં વહાલી વસ્તુઓનો પણ સત્યને માટે ભોગ આપતા. તે બુદ્ધિસ્થાનના સુરત દિમાગના હતા. મનુષ્યજીવનના પ્રશ્નોપર એમણે નવું અજવાળું પાડ્યું. મનુષ્ય ઈશ્વરનો અંશ છે એ સત્ય તેઓ ખરા દિલથી માનતા ને ફેલાવતા. મહાન સામ્રાજ્યો વિનાશ પામ્યાં છે, પરંતુ બુદ્ધે કરેલો સત્ય ઉપદેશ જીવંત છે અને અનંતકાળસુધી તેવોજ રહેશે.

એક વખત પૂર્ણ નામના સાધુને બુદ્ધે એમ બોલતાં સાંભળ્યો કે, તેને હિંસાપ્રિય લોકોના દેશમાં રહેવાની ઈચ્છા છે. પછી ગુરુશિષ્ય વચ્ચે નીચે પ્રમાણે સંવાદ થયો:-

"એ લોકો તને ગાળો આપશે કે મારશે તો તું શું કરીશ?"

"હું એમ ધારીશ કે, આ લોકો ભલા છે; કારણ કે તેઓ ફક્ત મને ગાળોજ આપે છે, પરંતુ મને મારતા નથી કે મારાપર પથરા ફેંકતા નથી."

"પણ એ લોકો પથરા ફેંકશે અગર મારશે તો?"

"તો હું ધારીશ કે, એ લોકો ભલા છે; કારણ કે તેઓ ફક્ત મારાપર પથરાજ ફેંકે છે, પરંતુ લાકડી કે તરવારથી મને મારતા નથી."

"પરંતુ જો એ લોકો લાકડી કે તરવારથી તને મારશે તો?"

"તો હું એમ ધારીશ કે, હજુ તે ભલા છે કે મને સદંતર મારી નાખતા નથી."

"પણ જો તને મારી નાંખશે તો?"

"તો તો હું ધારીશ કે, એ બહુ ભલા છે; કેમકે આ દુઃખપૂર્ણ સંસારની ઉપાધિમાંથી મને તેમણે મુક્ત કર્યો."

આ સાંભળી બુદ્ધે કહ્યું:-"પૂર્ણ! તેં બરાબર કહ્યું. જા, અને તેં પોતે મુક્તિ મેળવી છે, તેમ બીજાને મોક્ષ અપાવ. તું પોતે સામેપાર તરી ગયો છે તો બીજાને તાર. તું પોતે આનંદમય છે તો બીજાને આનંદાનુભવ કરાવ. તને નિર્વાણ પ્રાપ્ત થયું છે તો તે બીજાને સુલભ બનાવ."

દ્વેષનો નાશ દ્વેષથી નહિ પણ પ્રેમથીજ થાય છે. દયાજ વેરનો ઉત્તમ બદલો છે. હે સાધુઓ! અત્યાચારીઓ અને ખુની લોકો તમારાં શરીર કરવતથી વહેરી નાખે, ત્યારે પણ જો તમે ક્રોધ કરશો તો મારી આજ્ઞા નથી પાળી એમ હું માનીશ.

કોઈની સામે ક્રોધપૂર્વક બોલો નહિ, કેમકે તે માણસો પણ સામો ક્રોધથીજ પ્રત્યુત્તર આપશે. ક્રોધપૂર્વક બોલાયેલા શબ્દો દુઃખજનક થાય છે; અને ઘાની સામે ઘા કરવાથી તમનેજ નુકસાન છે.

સત્ય, ન્યાય, દક્ષતા અને ઉદારતા—આ ચાર મુખ્ય ગુણો છે. બધા ઉપદેશકોનો ઉપદેશ આ છે કે પાપ ન કરવું; પરોપકાર કરવો અને ચિત્ત શુદ્ધ રાખવું.

આ ઉક્તિ સાચી છે કે, "સત્ય એ એક અમર વાણી છે." સત્ય બોલવામાં, સાધુતા દાખવવામાં અને ન્યાયનું સમર્થન કરવામાં ન્યાયી સજ્જનો દૃઢ રહે છે.

પોતે પોતાને જીતે એ સઘળા લોકપરની જીત કરતાં અધિક છે. જેણે પોતાને જીત્યો છે અને જે હમેશાં સંયમ પાળે છે એવા મનુષ્યના વિજયને બ્રાહ્મણ, ગંધર્વ કે દેવ પણ પરાજયમાં ફેરવી શકતો નથી.

આ સૃષ્ટિમાં ઈર્ષ્યારહિત સ્વતંત્રતા અને સઘળાં જીવંત પ્રાણીઓ તરફનો સંયમ સુખાવહ છે. કામાસક્તિરહિતપણું, ઈચ્છાઓપર કાબુ અને નિરાભિમાન એ ઉચ્ચતમ સુખના સાધન છે.

"ધમ્મપદ"

("સુવર્ણમાળા"ના એક અંકમાંથી.)

૨૫-જીંદગીસુધી નિર્ધનવ્રત પાળનાર ચીનનો એક મહાપુરુષ

ચીનનો જુવાનવર્ગ જેના ચરણમાં ઝુકી પડતો અને જેનો શબ્દ પડતાં જીવનની આહુતિ માતાને ચરણે ધરી દેવા તલસતો તે ચીન-પ્રજાસત્તાકના સ્થાપક ડૉ. સુન-યાટ-સેનના મૃત્યુ પછી, તેમના ભવ્ય જીવનના કેટલાક અદ્ભુત પ્રસંગો પ્રકાશમાં આવ્યા છે.

× × ×

ડૉ. સુન-યાટ-સેને એક વ્રત લીધેલું-જીંદગીસુધી ગરીબ રહેવાનું. તે તેમણે બરાબર પાળ્યું. ચીનના પ્રજાસત્તાકના સ્થાપકતરીકે ચીનના દૌલત-ભંડાર તેમના ચરણમાં રજોટાતા હતા, મોટા મોટા પગારની અનેક જગ્યાઓ ઉપર તેમણે અનેક માણસોને ગોઠવેલા; પણ પોતે તો ગરીબજ રહ્યા. એ ગરીબીને પ્રતાપેજ તે ચીનાઓમાં ભક્તિભાવ જગાડતા અને તેમની પાસે ગમે તેવાં જોખમકારક કામો કરાવી શકતા. પ્રજાસત્તાકનો ધ્વજ ચીનના આકાશમાં ઉડવા લાગ્યો, ત્યારે કેટલાયે માણસો, તેમનો ભવ્ય આદર્શ અને તેમની એથીયે ભવ્ય ભાવનાસૃષ્ટિ ભૂલીને, લક્ષ્મીના મોહમાં તણાયા; પણ ચીંથરામાં વિંટાયેલા ચીનના આ વિધાતાએ તો ગરીબીનેજ વહાલી ગણી. તેનું વસિયતનામું બહાર પડયું છે, તેમાં જાહેર થયું છે કે, તેને કશીજ દૌલત નથી; જે નાનકડું ઘર, કપડાં અને ચોપડીઓની મત્તા છે, તે તેની સ્ત્રીને વારસામાં જશે; અને તેનાં સંતાનો ઉંમરલાયક થયાં હોવાથી તેમને વારસાની જરૂર નથી. આટલો આત્મત્યાગ માનવીને નરપુંગવજ બનાવે ને ? અને એને પ્રભાવે પ્રગટતું એ પ્રબળ વ્યક્તિત્વજ ચીન જેવા દેશનું ભાગ્ય ઘડી શકે ને ?

* * *

ક્રાન્તિકારી પ્રવૃત્તિઓના નેતાતરીકે ઉઘાડા પડી જવાથી ડૉ. સુન-યાટ-સેન નાશીને એક ગામડાની ઝુંપડીમાં છુપાઇને રહેતા હતા. જીવતા પકડી લાવે કે માથું લઇ આવે તેમને મોટું ઇનામ આપવાનાં જાહેરનામાં ચીનમાં ચોઢાયાં હતાં. જો કે મનાય છે કે, ચીનની સરકાર તો તેમને જીવતા પકડવાનેજ આતુર હતી, કે જેથી તેમને ખૂબ રીબાવી રીબાવીને મારી શકાય. અચાનક બે લસ્કરી અમલદારો અને બાર સિપાઈની ટુકડીને તેમની ઝુંપડી જડી આવી, તેઓ અંદર પેઠા. સુન-યાટ-સેન જરાયે ક્ષુબ્ધ થયાવિના જ્યાં બેઠા હતા ત્યાં બેસી રહ્યા. સિપાઇઓ અંદર આવી ઉભા રહ્યા, એટલે પોતે ઉઠયા અને પાસેના ખૂણામાંથી 'રાજધર્મ' નામનું પુસ્તક ઉપાડી, ધીરે સૂરે વાંચવા મંડ્યા. સિપાઇઓ તો સ્તબ્ધ બનીને તે સાંભળવા લાગ્યા. તેમના ઉપર ધીમે ધીમે સુન-યાટ-સેનનું જાદુ ઉતરવા માંડયું. તેઓ રસપૂર્વક પ્રશ્નો પૂછવા લાગ્યા. ચર્ચા ચાલી અને અંતે તેઓ ભક્ત બનીને, સુન-યાટ-સેનના ચરણમાં મસ્તક નમાવીને પાછા ફર્યા. એ ટુકડી એમ પાછી ન ફરી હોત, અને નવચીનના ચણનારા આ વીરનું મસ્તક લઇ ગઇ હોત, તો કદાચ ચીન આજે પ્રજાસત્તાક ન બન્યું હોત !

× × ×

ડૉ. સુન-યાટ-સેનની સાધનાઓ અને તેની સિદ્ધિઓ સદા બીજાને લાભદાયી નીવડી છે,પણ એથી તેને પોતાને તો મુસ્કેલીઓનો પારજ રહ્યો નથી. તેણે પશ્ચિમની સંસ્કૃતિનો નવો પ્રકાશ ચીનમાં ઉતાર્યો; પણ પશ્ચિમની સત્તાનો અને તેના શાસનનો વિરોધ પણ તેણેજ આદર્યો તથા જીવનભર લડીને ચીનને તેમાંથી તારવાને ઝુંબેશ ચલાવી.

× × ×

પૂર્વના જરાગ્રસ્ત ખોળીઆમાં નવા પ્રાણ પૂરવાનો, પૂર્વની પુરાતન પ્રજાઓની નાડમાં નવું જોસ મૂકવાનો જશ ત્રણ નરવીરોને નામે ઇતિહાસમાં જમા થાય છે. એક આ ડૉ. સુન-યાટ-સેન; બીજા મોહનદાસ ગાંધી અને ત્રીજા તુર્કીના મુસ્તફા કમાલ પાશા. એ ત્રણેમાં પહેલા ડૉ. સુન-યાટ-સેન. તેમણે બીજા બેનું કામ સરળ બનાવ્યું છે.

× × ×

ડૉ. સુન-યાટ-સેનનું નામ જગતની તવારીખમાં તો આજથી વર્ષો પહેલાં નોંધાયું છે. તે કાવેોમાં હતા. ત્યાં તેમને થોડા જુવાનીઆઓ મળ્યા. એ જુવાનોના અંતરમાં, ચીનના વિદેશી રાજ્યકર્તા શહેનશાહોની સામે, તેમના નિર્બળ, મોજીલા અને લોભી આપખુદ અમલ સામે, અસંતોષની હોળી સળગતી હતી. આ જુવાનો એ આગમાં સુધારણા કરાવવાની બુદ્ધિ-ક્રાંતિ કરવાની [illegible] નહિ-શાંત કાર્ય કરતા હતા. ડૉ. સુન-યાટ-સેને તેમને વિપ્લવનો સંદેશ આપ્યો, અને 'તરુણ ચીન' નામનો પક્ષ સ્થાપ્યો. તે દિવસથી તેમણે વિપ્લવમાર્ગે ભેખ લીધો, કે જે તેમણે જીવનાંતસુધી ન ઉતાર્યો.

× × ×

ડૉ. સેનના આ નવા પક્ષમાં પ્રથમ અઢાર બહાદુર ચીના યુવકો જોડાયા; પણ તેમાંથી પહેલા વર્ષની આખરે એકલા સેનજ બાકી રહ્યા. બીજા ક્યાં ગયા! સેનને છોડી ગયા! ના, એ બધા પકડાઇ, ફાંસીને લાકડે લટકી, ચીન-માતાનું નામ જપતા જપતા સ્વર્ગને માર્ગે સંચર્યા હતા. તે વખતે ડૉ. સેનના પક્ષમાં જોડાવું કે વિપ્લવની પ્રવૃત્તિ કરવી, એ એટલું ભયંકર હતું. અડચણો અને યાતનાઓનો યુગ આથમીને સેનના ઉદયની સાથે, વિપ્લવ-યુગનો ચીનમાં ઉદય થયો; અને ચીની તરુણો એમાં હસતે મુખે હોમાવા લાગ્યા. ડૉ. સેન પોતાના તરુણ સાથીઓનો વિજોગ સહતો, પ્રજાસત્તાકનું પોતાનું સ્વપ્ન સિદ્ધ કરવાની અમર આશાએ, વિપ્લવનું કાર્ય જોસભેર આગળ ધપાવવા લાગ્યો. ચીનમાં એ આગ ધીમે ધીમે ફેલાવા લાગી.

× × × ×

૧૮૯૪-૯૫ માં જાપાન સાથેના યુદ્ધમાં ચીન હાર્યું. પરાજયનું કારણ ચીનના લશ્કરમાં પ્રસરેલું લાંચરૂશવતનું વાતાવરણ હતું. એ પરાજયે મંચુ શહેનશાહ સામે પ્રજામાં પ્રબળ અણગમો પ્રસાર્યો. ડૉ. સેને અવસર ઓળખ્યો. તક સાધવાના વિચારથી આક્રમણની યોજના તૈયાર થઇ. કેન્ટોન, દક્ષિણનું સમૃદ્ધિશાળી પ્રાંતિક પાટનગર કબજે કરી, પ્રજાસત્તાક જાહેર કરવાનું હતું. શસ્ત્ર અને દારૂગોળો સંઘરાયો. પ્રજાસત્તાકને નામે લડનારા લડવૈયાઓ ઉભા થયા. બળવો જાહેર કરવાનો વખત નક્કી થયો; પણ છેલ્લી પળે, જ્યારે બળવાખોરોની ટુકડીઓ યુદ્ધદુંદુભિ ગજાવતી મેદાને નીકળી ચૂકી હતી ત્યારે, એક બદમાશ દેશદ્રોહીએ આખી યોજનાની વિગતો પ્રાંતિક સુબાને આપી દઇ, આખું કાવતરૂં ખુલ્લું પાડી દીધું. જે જે ન નાસી છુટયા, તે બધા પકડાયા: બેહદ જુલમોના ભોગ બની, જેલમાં ખૂબ રીબાયા અને છેવટે, દાખલો બેસાડવાને, પાટનગરના ચોકમાં તેમનાં માથાં ઉડાવી દેવામાં આવ્યાં.

જે જે નાસી છુટયા, તેમની સાથે વેશ બદલીને, ડૉ. સેન પણ છટકી ગયા. તેમને શોધતા સિપાઇઓની વચ્ચે થઇને તે શહેરના ગઢ ઉપર ચઢી, રાતોરાત ગામડામાં નાસી ગયા. ખેડુતોનાં ઝુંપડાંઓમાં, માછીમારોનાં હોડકામાં અને જંગલોમાં છુપાતા લપાતા તે મેકાવો પહોંચ્યા. ત્યાંથી થોડા દિવસ પછી તે હોંગકોંગમાં દેખાયા. એ રીતે તેમનો પંદર વર્ષનો દેશવટો શરૂ થયો; પણ એ સમય, સેનના અકૃત્રિમ સાહસ અને અતુલ શૌર્ય તેમજ અખંડ વીરતા અને અદ્ભુત દેશભક્તિથી ચીનના ઇતિહાસમાં અમર બની ગયો છે. વિપ્લવની તૈયારીઓમાં તે આખી પૃથ્વી ઘુમી વળ્યા. એક દિવસ ચીનના આ ખૂણામાં તો બીજે દિવસ તે ખૂણામાં, એમ સૌને આશ્ચર્યચકિત કરતા તે ચીની તરુણોની શોધમાં ભટકતા. દેશવટો ભોગવતા દુનિયાના ગમે તે ભાગમાં રહેતા ચીનબંધુઓ અને ચીન-માતાની વચ્ચે તે એક સાંકળરૂપ હતા. તેમણે તેમને બધાને સાંકળી રાખ્યા, અને એક જબરદસ્ત, આખી દુનિયામાં પથરાયેલું ચીના વિપ્લવવાદીઓનું લશ્કર બનાવ્યું. તેમાંથી બહાર ભટકતા માણસોનું કામ ફાળો એકઠું કરવાનું, ચીનમાં રહેલાઓનું કામ વિપ્લવનો આતશ પ્રગટાવવાનું અને જુવાનોનાં મંડળ સ્થાપવાનું, એમ યોજના ઘડી આખરી લડાઇ લડી લેવાના નિશ્ચયથી જોસભેર કામ ચાલ્યું.

પોતાના માથા ઉપર, કેટલીયે વખત, લાખોનું ઇનામ લટકતું લઇને, અને જાસુસો તથા બાતમીદારોની કરડી નજર ચૂકાવીને ડૉ. સેન મજુરના, માછીમારના કે અભણ ખેડુતના લેબાસમાં એકાએક ચીનમાં દેખા દેતા અને ગામે ગામ તથા ગામડે ગામડે વિપ્લવનો સંદેશ પહોં-

ચાડતા, નવાં નવાં વિપ્લવમંડળો સ્થાપતા અને તેને માટે પૈસા ઉઘરાવતા.

× × ×

ઘણી વખત, રાત્રિના ભયાનક અંધારામાં ગામથી દૂર દૂરના કોઇ દેવાલયમાં કોણ જાણે કેમ, ક્યારે અને કોની મારફત પહોંચેલા સરદારના હુકમને તાબે થઇને જુવાનોની ટોળી જમા થતી. મધ્યરાત્રિએ એક માણસ કોણ જાણે ક્યાંથી એ દેવાલયમાં આવીને હાજર થતો. અર્ધો દેખાય અને અર્ધો ન દેખાય એવી રીતે રહી, ત્રણ-ચાર કલાક સુધી, વશ કરી લે એવે સૂરે કંઇક ઉપદેશ આપતો અને પાછો અદૃશ્ય થઇ જતો. વર્ષો સુધી વિપ્લવ-મંડળોનું કામ એ રીતે ચાલ્યું. પકડાય તો ભયંકરમાં ભયંકર રીબામણીઓ સહીને મરવું પડે, એવું જોખમ નિરંતર માથે ઝઝુમતું; છતાં અસંખ્ય યુવાનો સેનની આજ્ઞાએ, તે જ્યાં કહે ત્યાં હાજર થતા; અને સેન પણ જાણે મૃત્યુને હથેળીમાં લઇને ખેલતો હોય ;તેમ માથામાટે લાખ્ખોનાં ઇનામ બોલાતાં હોય તોયે, એમ ચોરના માથાની જેમ રાતની રાત ભમતો.

૧૮૯૬માં કેંટોનમાંથી પહેલી વખત નાસ્યા પછી, ડૉ. સેન લંડનમાં પકડાયા. સેન અમેરિકાથી લંડનમાં આવ્યા છે, એવી જાસુસોને ખબર પડતાંજ તેમણે ચીનના એલચીને તરતજ એ ખબર પહોંચાડયા અને તેણે બે ચીનાઓને ડૉ. સેનને પકડવા મોકલ્યા. સેન પકડાઇ ગયા. તેમને એક કોટડીમાં પૂરવામાં આવ્યા અને તેમના ઉપર સખ્ત જાપ્તો મૂકવામાં આવ્યો.

તેમની ગિરફતારી ખાનગી રાખવામાં આવી. ડૉ. સેન કોઇને પણ મળી શકે નહિ એવી વ્યવસ્થા મૂકાઇ. ચૂપચાપ સેનને ચીન જતી સ્ટીમર ઉપર ચઢાવી દેવા અને ચીન પહોંચાડી સરકારને સોંપી દેવા, એટલે સરકાર મરજી પ્રમાણે શિક્ષા કરે એવી ચીનના એલચીની ધારણા હતી.

મૃત્યુના જડબામાં ઉભા રહીને સેને છૂટવાના મરણીઆ પ્રયત્નો કરવા માંડયા. મિત્રોને પોતાના પકડાયાના સમાચારનો એકજ શબ્દ પહોંચાડવાને તેમણે આકાશ અને અવની એક કર્યાં. તેણે તેના ઉપર પહેરો ભરતા પહેરેગીરો મારફત મિત્રોને ચિઠ્ઠી પહોંચાડવા પ્રયાસ કર્યો; પણ પહેરેગીરે તે એલચીને આપી દીધી. આથી જાપ્તો સખ્ત થયો.

તેણે સિક્કાઓ સાથે બાંધીને, તેમની કોટડીની સળિયાવાળી બારીઓમાંથી બહાર ચિઠ્ઠીઓ ફેંકવા માંડી; પણ તે મકાનના ચોગાનમાં પડતી. છેવટે તેમણે એક નોકરને ફોડયો અને તેની મારફત, પોતાના એક વખતના શિક્ષક અને પછીના દિલોજાન દોસ્ત ડૉ. જેમ્સને આ ખબર પહોંચાડી.

ડૉ. જેમ્સે, સેનને છોડાવવાની તૈયારીઓ એકદમ આદરી. ચીન જનારૂં જહાજ બારામાં આવી ગયું હતું અને થોડા દિવસમાં ઉપડવાનું હતું; એટલે દરેક પળની તેને કિંમત હતી. તે છાપાંઓની ઑફિસે દોડયો, પરદેશ ખાતાના પ્રધાનને મળ્યો; પણ વાત એટલી વિચિત્ર હતી કે, પ્રથમ તો સૌ કોઈ તે માનવાનેજ તૈયાર થતું નહિ. છેવટે તપાસ શરૂ થઈ. પ્રથમ તો ચીનના એલચીએ સેનના સંબંધમાં સાવ અજ્ઞાન બતાવ્યું; પણ જ્યારે તે ન ચાલ્યું, ત્યારે 'સેન સાવ પોતાની ઇચ્છાપૂર્વક આવેલા અને તે ચીનમાંથી રાજદ્રોહનો ગુન્હો કરી નાસી ગયા હોવાથી પકડવામાં આવ્યા છે' એમ કહેવા માંડયું; પણ પરદેશ ખાતાએ તે સ્વીકારવાની સાફ ના પાડી. લંડનનાં પત્રોએ જબરો શોર કરી મૂકયો અને ડૉ. સેન બાર દિવસનો કારાવાસ ભોગવી છૂટા થયા.

× × ×

આવી રીતે છૂટકારો મેળવ્યાના અનેક પ્રસંગો ડૉ. સેનના જીવનમાં બન્યા છે. એક વખત તે નાની હોડીમાં છુપાઇને રહેતા હતા, ત્યારે પાંચહજાર ડોલરનું ઇનામ લેવા એક માણસ તેમને પકડવા આવ્યો. ડૉ. સેને તેની સાથે મીઠાશથી વાત કરી. પેલો માણસ તેમના ચરણમાં પડયો.

આવા પરાક્રમશીલ અને પ્રતાપી પુરુષે એશિયાના પ્રથમ પ્રજાસત્તાકની સ્થાપના કરી. આજે અને યુગોસુધી એ વીરના ભવ્ય જીવનમાંથી એશિયાના યુવકો દેશભક્તિની પ્રેરણા પામી, ડૉ. સેનને પગલે ચાલી, માતૃસેવાની ધૂન મચાવો અને એશિયાને ઉજ્જવળ બનાવો.

('સૌરાષ્ટ્ર' તા. ૨૩-૫-૨૫ તથા ૩૦-૫-૨૫ ના અંકમાંથી.)

તો અડગજ રહ્યો અને એવો કટોકટીનો વખત આવી પહોંચ્યો કે આખા જાપાનમાં બળવો ફાટી નીકળવાની ધાસ્તી ઉભી થઇ; પણ વડા પ્રધાનને કોઇ તેના નિશ્ચયમાંથી ડગાવી શક્યું નહિ.

ટોયામા જે વખતે જે માટે રાહ જોઇ રહ્યો હતો તે આવી પહોંચ્યો. પોતાને ઘેરથી નીકળી તે સીધો વડા પ્રધાનને ઘેર ગયો અને તેને કહ્યું "મેં કદી એવું ધાર્યુંજ નથી કે, તમે ગુન્હેગાર છો; છતાં નામદાર શહેનશાહની શાંતિમાટે તથા લોકોની લાગણી હદ ઉપરાંત ઉશ્કેરાઇ ગઇ છે તે માટે અને દેશની શાંતિમાટે હું ઇચ્છું છું કે, તમે રાજીનામું આપો."

બસ, આટલું પૂરતું હતું. બીજેજ દિવસે પોતાનું નવું પ્રધાનમંડળ રચ્યું.

હિંદી વિપ્લવવાદીઓ

૧૯૧૬ માં થાકુર અને ગુપ્તા નામના બે હિંદી વિપ્લવવાદીઓ સંસ્થાનો સામે કંઇ કાવત્રાં કરવા જાપાન ગયા. આગળ તેઓને હાર મળેલી, પણ તેઓએ ધાર્યું કે, જો તેઓ જાપાન જશે તો કંઇ પણ વિઘ્નોવગર તેઓ તે કામ કરી શકશે; પણ તેઓની તે ધારણા ભૂલભરેલી હતી; કારણકે તે વખતે યૂરોપીય મહાયુદ્ધ ચાલતું હતું, જાપાન તે વખતે જર્મની સામે મિત્રરાજ્યોને મદદ કરી રહ્યું હતું. જાપાનીસ પોલીસે આ બંને હિંદીઓને ઓળખી કાઢ્યા અને તેમને તાકીદ કરી કે, તે લોકોએ તરતજ બીજી સ્ટીમરમાં શાંગાઇ જવું, જ્યાં બ્રિટિશ પોલીસ તેમને તરતજ પકડી શકે. આ હિંદીઓએ તે પોલીસ અમલદારને વિનવણી કરી કે, અમને થોડા દિવસ મહેરબાની કરી રહેવા દો અને અમે બીજી કોઇ સ્ટીમરમાં અમેરિકા જઇશું, પણ જાપાનીસ પોલીસે તેમની આ વિનવણી ગણકારી નહિ.

ટોયામાએ આ વાત સાંભળી અને આ બંને હિંદીઓને પોતાને ઘેર બોલાવ્યા. તેણે આ બંનેને પૂછ્યું કે, તેઓને જર્મનીની આમાં કંઈ ખાનગી મદદ હતી કે કેમ ? આ બંને જણે સાફ 'ના' પાડી; અને કહ્યું કે, અમને પરાણે હિંદ છોડવાની ફરજ પડી છે અને અમે તો વિપ્લવવાદીઓ છીએ તથા અમારો ઇરાદો મિત્રરાજ્યોને કંઈ પણ નુકસાન કરવાનો નથી. આથી ટોયામાને સંતોષ થયો અને તેમને પોતાને ઘેર ઉતારો આપ્યો. બીજેજ દિવસે ડીટેકટીવો ટોયામાને ઘેર આવ્યા અને ગુસ્સામાં ટોયામાને આ બંને હિંદીઓને સોંપી દેવા કહ્યું. ટોયામાએ કહ્યું "તેઓ ગઈ રાત્રે પાછા ચાલ્યા ગયા છે. તમારે જોઇએ તેટલો વખત લઇને મારૂં આખું ઘર તપાસી લ્યો." ટોયામાનું કથન સાચું માનીને પોલીસ ત્યાંથી ચાલી ગઇ, અને આજ દિવસસુધી કોઈ નથી જાણતું કે, તે બંને હિંદીઓનું પછી શું થયું ?

થોડાં વર્ષ ઉપર પાટવી કુંવરનું વેશવાળ નાગાકો નામની રાજકન્યાની સાથે થયાનું જાહેર થયું હતું; પણ એવી વાતો સંભળાતી હતી કે, કોઇ એક મોટો સભ્ય આથી નારાજ છે અને આથી મામલો ગંભીર થાય એવી આગાહી થતી હતી. એક દિવસ જ્યારે જાહેર લાગણી બહુજ ઉશ્કેરાયલી હતી, ત્યારે એક જાપાનીસ અમલદાર ટોયામાને ઘેર ગયો અને મદદમાટે માગણી કરી. ટોયામા આથી તે સભ્યને ઘેર ગયો અને કહ્યું કે, આ તમારી હિલચાલ ગેરવ્યાજબી છે અને હું કહું છું તે છતાં તમે હઠ કરશો તો તમારો જાન જોખમમાં છે, એમ ખચિત માનવું. બીજેજ દિવસથી બધું શાંત પડી ગયું. જાપાનમાં સૌ કોઇ આ વાત જાણે છે; પણ થોડાજ જાણે છે કે, ટોયામાએ આમાં કેવો ભાગ ભજવ્યો હતો.

ટોયામાની ઉદારતા તેમજ પોતાની જાત પાછળ તે કેટલો બધો બેદરકાર છે, તે નીચેની વાત ઉપરથી જણાશે. થોડાં વર્ષો ઉપર તેની માલીકીની એક કોલસાની ખાણ તેણે એક લાખ પાઉંડ લઇને વેચી નાખી અને તેના પૈસા—દરેક દશ—યેનની નોટોનું બંડલ—તેણે ઘેર લાવી સાધારણ પેટીના ખાનામાં મૂક્યું અને તેને ચાવી દેવાની પણ દરકાર કરી નહિ. જ્યારે કોઇક ગરીબ કે મુશ્કેલીમાં આવી પડેલ માણસ તેની પાસે મદદ માગવા આવે, ત્યારે ટોયામા તેને પૂછે કે "કેટલું જાડું ?" પછી પેલો આ પ્રશ્ન ન સમજ્યો હોય એટલે હસીને તેને સમજાવે કે, એક કવરમાં દસ-યેનની નોટો મૂકીને તે કવર કેટલું જાડું થાય તેવું તમારે જોઇએ છે ? એક દિવસ તેના એક અનુયાયીને ફીકર પડી કે, આ રીતે ટોયામા ઉદારતા દેખાડ્યા કરશે તો તેની તીજોરીનું તળિયું વહેલું આવશે. તેથી તેણે ટોયામાને પૂછ્યું કે, પેલા એક લાખમાંથી હવે કેટલા બાકી છે? ટોયામાએ જવાબ આપ્યો કે "મને કંઇ ખબર નથી. તમે પોતેજ પેલા ખાનામાં જોઇ લ્યો." પેલાએ પેટીમાં જોયું તો લગભગ બધું ખલાસ થઇ ગયું હતું.

વીરત્વની વાત

તેના અસાધારણ વીરત્વની એક વાત છે. જ્યારે તે સાવ જુવાન હતો, ત્યારે તેણે પોતાના સાથીની એક વખત કંઇ મશ્કરી કરી અને પેલો ચીડાયો. બધાઓએ એકઠા થઇ વિચાર કર્યો કે, ટોયામાને ખૂબ માર મારવો અને જો ટોયામા સામો થાય તો વખત આવ્યે પૂરો પણ કરવો. આવો વિચાર કરી તે બધા જમ્યાઓ અને લાકડીઓ લઇ રાતના ટોયામા સૂતો હતો ત્યાં છાનામાના દાખલ થયા. ટોયામાને આ કાવત્રાની ખબર પડી ગયેલી, તેથી તે સાવ નવસ્રો થઇને એ ખુલ્લી તરવારો સાથે લડવાને તૈયાર થઇ રહ્યો. ટોયામાએ આ લોકોના આવવાની રાહ ઘણી જોઇ, પણ તે લોકો ત્યાંસુધી આવેલા નહિ, એટલે થોડો આરામ લેવા ખાતર તે જમીન ઉપર લાંબો થઇને સૂતો અને થોડી વારમાં ઘસઘસાટ ઉંઘી ગયો. જ્યારે પેલા લોકો આવ્યા અને પોતાના સરદારને આવી હાલતમાં જોયો, ત્યારે તેઓ તેની હિંમતમાટે વાહ વાહ કરીને જે રીતે આવ્યા હતા તે રીતેજ તેને ઉઠાડ્યા વગરજ પાછા ચાલ્યા ગયા.

આ ટોયામા અત્યારે જાપાનીસ ઇતિહાસમાં એક બહુજ અસાધારણ વ્યક્તિ છે. તેનો પ્રભાવ એવો છે કે, તેને જે જે ઓળખે છે તેનાથી તેને સલામવગર રહેવાતું નથી; અને ટોકિયોમાં એવો કોઇ જુવાન નહિ હોય કે જે ટોયામાની ટોળીનો સભ્ય નહિ હોય.

("હિંદુસ્થાન" તા. ૧૯-૪-૧૯૨૪ના અંકમાં અનુવાદકઃ—અમુલખરાય પ. સરૈયા.)

૧૭—સંદેશનો સંદેશો

(રાગ—આટલો સંદેશો મ્હારા સદ્‌ગુરૂને કહેજો.)

આટલો સંદેશો ગરવા ગુજરાતને કહેજો, નવલા વર્ષાંગે તો નર થઇ રહેજો—આટલો સંદેશો૦
ધર્મ આચાર નીતિ નેવે છે મૂક્યાં, ભૂલ્યા પ્રભુને તે પથે વહેજો. ,, સંદેશો૦
ફેશનમાં ફૂલ્યા ફુલી વિદેશીના વાયરે, જગ્યાં જરી પ્રાચીનતાને દેજો. ,, સંદેશો૦
મોટર,બીજલી,ગુન્નીને સાંભળી રાચ્યા, મીરાં(નરસિંહ)ભજનના લ્હાવ લેજો. ,, સંદેશો૦
યૂરૂપ પેરિસ લંડન પ્રવાસે ધસાયા ? તીર્થભૂમિની ભાળ લેજો. ,, સંદેશો૦
કર્મયોગ સાધના ને તત્ત્વજ્ઞાન ચૂક્યા, અધ્યાત્મવિદ્યા સાધી લેજો. ,, સંદેશો૦
પૃથુ ને પ્રતાપ જતાં સ્વાતંત્ર્ય સળગ્યાં, શિવાજીનાં સોણાં સમરી લેજો. ,, સંદેશો૦
કારીગરી કળા ને ઉદ્યોગ આથમ્યાં, કૃષિ બાઈ છે તે સાચવી લેજો. ,, સંદેશો૦
ખાખટી ભેંસોના દૂધે ગોરસ જામેલાં, સંગા હૉટલથી છેટા રહેજો. ,, સંદેશો૦
રેનૉલ્ડઝ મીલ્ટન વાંચ્યા, ગીતા—યોગ ભૂલ્યા છો, કાલિદાસ માઘનેયે જોજો. ,, સંદેશો૦
લક્ષ્મીને લાટી વાટી સર્વસ્વ માનો, ગરીબોને દાદ જરા દેજો. ,, સંદેશો૦
મિષ્ટાન્ન ખાતાં ને હીરચીર ધારો તો—ભૂખ્યો નગ્ન બાંધુ હૃદયે રહેજો. ,, સંદેશો૦
મોટરે મ્હાલો ટાઇ કૉલરે મહાઇ, અપંગ થથરતાં યાદી લેજો. ,, સંદેશો૦
ગાન તાન ગુલતાને—પત્નીના પ્રેમ માંહે, વિધવાની હાય કાને દેજો. ,, સંદેશો૦
મીલના માલેક મોટા મજુરો ન ભૂલશોજી, ગરીબોય માનવ છે તે જોજો. ,, સંદેશો૦
ત્યાગી સાચાંઆ જગો—ધર્મ લુંટાય છેજી, સાધુઓ તીર્થ ડૂલે છે જો. ,, સંદેશો૦
લીલુડી કુંજર વાટી ગુર્જરી મેલાણી, એના રસમાળી બની લેજો. ,, સંદેશો૦
ગુર્જર વીરોના વંશજ પામર પાક્યા, પાછા નરવીર બની રહેજો ,, સંદેશો૦
અમે ગુજરાતી કહેતાં છાતી ફુલાની, 'ગાંડુ ગુજરાતી'—કહે નવ સહેશો. ,, સંદેશો૦
ગામાવનાર બનતાં જ્યોર્જવનાર ઉગ્યો, એની મોજેએ ચાખી લેજો. ,, સંદેશો૦
ફેશન સંયમ ત્યાને દયાઓ છવાઇ, એને ત્યાગી વીરતામાં વહેજો. ,, સંદેશો૦
નવલ પ્રભાતે [illegible] આટલો સંદેશો આ, હતું ને ગુજરાત કરી દેજો. ,, સંદેશો૦
[illegible] સૌભાગ્ય વરસો, અભિનય સંદેશ અક્ષય રહેજો. ,, સંદેશો૦

("સંદેશ" ૧૯૮૩ના દીપોત્સવી અંકમાં લેખકઃ—"પાદરાકર")

૧૮–વિષમ જ્વર ઉપર એક સર્વોપયોગી ઉકાળો

ગઇ સાલે અતિવૃષ્ટિથી ઘણાં ઘરો પડી જઇ જનસમાજની પાયમાલી થઇ છે. ચાલુ સાલમાં પણ વળી રોગચાળાને લીધે ગુજરાતનાં નાનાં–મોટાં ગામોમાં મેલેરીઆ તાવ-(આયુર્વેદમાં જેને વિષમ જ્વરો કહે છે તેના)થી લોકો ઘણાજ પીડાય છે. લોકોમાં દવાનું સાધન દરેકને મળી શકતું નથી. આવા સંયોગોમાં જૂની પદ્ધતિનું ઔષધ ક્વાથ (ઉકાળો) નીચે પ્રમાણેનો જનસમાજને વાપરવા અમારી ભલામણ છે ને નાનાં નાનાં ગામડાંમાં તો કોઈ કોઇને પાણી પાનારા પણ નથી તેવી સ્થિતિ ચાલુ છે; તો આશા છે કે, ગામોના આગેવાનો પોતાનાં ગામોની પ્રજામાટે નીચે બતાવેલ ઉકાળો બનાવી દરેક મોટા માણસને દિવસમાં ત્રણ વાર થઇ ૧ ઔંસ ને નાનાં બચ્ચાંને ॥ ઔંસ ત્રણવાર થઇ આપશે. દવા ઓછા–વત્તા પ્રમાણમાં લેવાથી કાંઇ વિરુદ્ધ પરિણામ આવશેજ નહિ ને સરળતા સાથે સસ્તાપણાનો લાભ પ્રજા લેશે.

ક્વાથ–(ઉકાળો) નીચે પ્રમાણે છેઃ–

દરેક નાનાં ગામમાં લીમડાનો છોડ તો હોય છે. તેવા લીમડાની અંતરછાલ શેર ૧, કરીઆતું શેર ૧, ઇંદ્રજવ શેર ૧, જેઠીમધ શેર ૧, ભારંગમૂળ શેર ૧; ઉપર પ્રમાણે ૫ શેર વસ્તુઓ લઇ, ૧ મણ પાણી મૂકી બરાબર ॥ મણ પાણી રહે ત્યારે ઉતારી જાડું કપડું બેવડું કરી તે ઉકાળો ગાળી લેવો ને બાટલા કે બરણીઓમાં ભરી રાખવો તથા દરેક દરદીને છુટથી વિનામૂલ્યે આપવો.

આ ઉકાળાથી તાવ સાથે થોડાઘણા પ્રમાણમાં ખાંસી હશે તે પણ મટશે ને જનસમાજને વૈદ્યો–ડૉક્ટરોનાં મોટાં બીલોથી બચવામાં આ ક્વાથ સંપૂર્ણ મદદગાર થશે.

(“ગુજરાતી” તા. ૨૦–૧૧–૧૯૨૭ના અંકમાં લેખકઃ–વૈદ્ય ચુનીલાલ રેવાશંકર વડોદરા.)

૧૯–ટોપીવાળાને શીદ મોકલ્યો !

(એક કાઠિયાવાડી લોકગીત)

[કાઠિયાવાડનાં લોકગીતોના સાહિત્યમાં રઘુવીરને અરજ કરતું એક લોકગીત ગ્રામ્ય સુંદરીઓ મીઠા હલકથી ગાય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોએ પોતપોતાનાં સાધનો આ યુગમાં ગુમાવ્યાં છે, એ સર્વને લગતી ભાવના સાદી લોકભાષામાં પણ આકર્ષક ઢાળથી જ્યારે ગવાય છે, ત્યારે સાંભળનાર બે ઘડી થંભી જાય છે.]

રઘુવીર ! ટોપીવાળાને શીદ મોકલ્યો.

તારા બ્રાહ્મણ જોશીડા ભાગી ગયા રે, એનાં ટીપણાં તણાયાં જાય રેઃ
રઘુવીર ! ટોપીવાળાને શીદ મોકલ્યો !
તારા રજપૂત બાપુ સૌ ભાગી ગયા રે, એનાં ખાંડાં તણાતાં જાય રેઃ
રઘુવીર ! ટોપીવાળાને શીદ મોકલ્યો !
તારા વાણીયા વેપારી ભાગી ગયા રે, એનાં લેખાં તણાતાં જાય રેઃ
રઘુવીર ! ટોપીવાળાને શીદ મોકલ્યો !
તારા ઢેઢું વણકરીયા ભાગી ગયા રે, એની સાળું તણાતી જાય રેઃ
રઘુવીર ! ટોપીવાળાને શીદ મોકલ્યો !
તારા કણબી લાખેણા ભાગી ગયા રે, એની ધોંસરી તણાતી જાય રેઃ
રઘુવીર ! ટોપીવાળાને શીદ મોકલ્યો !
તારા આયર ખીમાણંદ ભાગી ગયા રે, એની ધાબળી તણાતી જાય રેઃ
રઘુવીર ! ટોપીવાળાને શીદ મોકલ્યો !

(“મુંબઈ સમાચાર” સં. ૧૯૮૩ ના દીપોત્સવી અંકમાં સંપાદક–ગોકળદાસ દ્વારકાંદાસ રાયચુરા.)

૨૦—નેતાઓં કે સંદેશ



એમ૦ કે૦ ગાંધી—ભારતવાસી બિનાતપસ્યા કે હી સ્વરાજ્ય પ્રાપ્ત કરને કી કલ્પના કરતે હૈં; પરંતુ સ્વરાજ્ય સભી સાંસારિક વસ્તુઓં સે મહંગી ચીજ હૈ. ઉસકે લિયે હમેં એક બાર અપના સર્વસ્વ બલિદાન કર દેના હોગા. વિદેશી કપડે કા વ્યાપાર ભારતવાસિયોં કે જર્જર શરીર કા રક્ત શોષણ કર રહા હૈ. ઉસસે છુટકારા પાને કે લિયે હમેં સૂત કાતના ઔર ખદ્દર ધારણ કરના હોગા.

મદનમોહન માલવીય—હમેં માલૂમ નહીં હો રહા હૈ, પરંતુ શીઘ્ર હી હમ ઇસ બાત કા અનુભવ કરેંગે કિ હિંદુજાતિ ક્રાંતિ કે પથ પર આરૂઢ હૈ. હિંદુસમાજ મેં ક્રાંતિ હોને સે હી એક બાર સમસ્ત દેશ મેં ક્રાંતિ હોગી. એક હજાર બરસ સે પડી સોતી હુઇ હિંદુજાતિ અબ ઔર અધિક દિન તક નહીં સો સકતી. પ્રભાતકાલીન સૂર્યોદય હો રહા હૈ, ઉસીકે પ્રકાશ મેં હમ ભારત કી વિજયલક્ષ્મી કે દર્શન કરેંગે.

મોતીલાલ નેહરૂ—નવયુવક દેશ કે ધન હૈં. ભારતમાતા કા આશા-ભરોસા ભી ઉન્હીં પર હૈં. ભારત મેં ભી અબ વહ સમય આ ગયા હૈ, જબ કિ ભારતમાતા કે સપૂતોં કો અપની જનની જન્મભૂમિ કે ઉદ્ધાર કે લિયે માતૃભૂમિ કી વિજયપતાકા હાથ મેં લે કર આગે બઢના હોગા. નવયુવકો! દેખતે ક્યા હો! આગે બઢો.

જેલમાંથી છૂટ્યા પછી તેણે રાજપ્રકરણમાં ઝુકાવ્યું અને ખેડુતોનું અત્યાચારોથી રક્ષણ કરવાનું કાર્ય હાથમાં લીધું. તેજ વખતમાં રૂસોનું "શુદ્ધ સ્વાભાવિક જીવનની પ્રશંસાઓ" નામનું પુસ્તક વાંચીને તેને સામાજિક જીવનનો અનુભવ પ્રાપ્ત કરવા માટે ખેડુતનું જીવન ગાળવાનું મન થયું. એક બાજુ એક ઉચ્ચ કુટુંબની કન્યા સાથે તેના વિવાહની ચર્ચા પણ થવા લાગી. એક વર્ષ સુધી ખેતીનું કામ શીખીને તેણે થોડી જમીન ખરીદી અને ખેતી શરૂ કરી દીધી. જે સ્ત્રી સાથે તેનાં લગ્ન થયાં તેની ઉપર લગ્ન પહેલાં લખેલા પત્રો વાંચતા તો એક વાર આશ્ચર્યચકિત થઇ જવાય છે. પોતે કેવા વિચારનો માણસ છે તે તેને સ્પષ્ટ કહી દેવાનું તે પોતાનું કર્તવ્ય સમજતો હતો. તેથી તેણે લખ્યું હતું કે, હું નમ્ર સાથે ઘણોજ નમ્ર થઇ શકું છું, પણ એની સાથે મારામાં 'શિષ્ટાચાર'નો પણ અભાવ છે અને હું દેશપ્રત્યેનાં કર્તવ્યો પ્રથમ બજાવીશ અને તે પછીજ સ્ત્રીપ્રત્યેનાં કર્તવ્યો બજાવી શકીશ. તેની સ્ત્રીએ આ શરતો સ્વીકારી તે પછીજ તેણે તેની સાથે લગ્ન કર્યાં તથા તે એવી તો ઉત્તમ પતિભક્ત નીવડી કે તેના જેવી સ્ત્રીઓ સંસારમાં બહુ થોડી જોવામાં આવે છે.

જો કે તે સ્ત્રી તેને સદાયે પૈસાની મદદ આપ્યા કરતી, છતાંયે તે ખેતીમાં નિષ્ફળ નીવડ્યો. એજ

આમામાં તેને ત્યાં એક પુત્રજન્મનો [illegible] થયો. તેના વિચાર હવે ફરી [illegible]; અને તેણે પોતાના ખાસ કર્તવ્યની સાથે ફક્ત શિક્ષણ આપવાની પણ એક યોજના તૈયાર કરી અને [illegible] એક શાળા ખોલી. એ શાળામાં ૨૦ વિદ્યાર્થીઓ દાખલ થયા. પોતાના [illegible] તેમનાદ્વારા કામ કરાવી [illegible] તેમને યોગ્ય શિક્ષણ પણ આપવા માંડ્યું. [illegible] નહોતો કરતો કે જે વાતમાંથી તેમને કંઈપણ શીખવાનું ન મળે. તરત જ તેણે પોતાના પ્રયત્નથી વિદ્યાર્થીઓની સંખ્યા પચાસની વધારી, પરંતુ આ વખતે પણ તે નિષ્ફળ થયો; અને તેની [illegible] ખઈ મન [illegible]. પેસ્ટોલોઝ પોતાના વિદ્યાર્થીઓને ફક્ત ભોજન, [illegible] શિક્ષણ પણ આપતો હતો; છતાં પણ એ વિદ્યાર્થીઓનાં માતપિતા [illegible] કે, [illegible] ઊલટી [illegible] છે. આવા વિચારથી તેમણે પોતાનાં બાળકોને તેની શાળામાંથી ઉઠાડી લીધાં. ગરીબ પેસ્ટોલોઝ [illegible] એટલે કે પૈસો અને મહેનત ખૂબ ખર્ચવા છતાં—જેમના બદલામાં તે અસાધારણ બોજ આવી રહ્યો હતો. તેમના તરફથી આ પ્રમાણે અપયશ અને નિષ્ફળતાજ [illegible] મજુર હતો.×

આ પછીનાં અઢાર વર્ષો સુધી ખરૂં જોતાં પેસ્ટોલોઝીના આ માઠા દિવસો રહ્યા કર્યા હતા કે, તે એવા સંજોગોમાં જીવતોજ શી રીતે રહ્યો, એજ એક આશ્ચર્યની વાત છે. એ સમયદરમિયાન તેને પૈસાના બદ્દલ સાંસા પડ્યા. મહીનાઓ પર્યન્ત રાત્રિઓ તેને માત્ર પાણી પીનેજ ગાળવી પડતી હતી. કેટલીક વાર તો તેને કપડાંની તંગી એટલી બધી તંગી આવી પડતી કે તેને લીધે તે સભ્ય સમાજમાં બેસી પણ શકે નહિ. આટઆટલું વીતવા છતાં પણ લોકશિક્ષણના સિદ્ધાંતોનો જેટલો વિચાર તેણે તે દિવસોમાં કર્યો હતો તેટલો કોઈ દિવસ કર્યો નહોતો.

હવે તે વધારે પ્રખ્યાત કેવી રીતે થતો ગયો તે પણ જાણવા જેવું છે. ખેતીનું કામ બંધ કર્યા પછી તેણે "લિયોનાર્ડ અને ગરટ્રૂડ" નામની એક ચોપડી લખી અને તેનું ખૂબ વેચાણ થયું. જ્યાં જ્યાં જર્મન ભાષાનો પ્રચાર હતો, ત્યાં ત્યાં તેનો ખૂબ પ્રચાર થયો. એ એક નવલકથાનું પુસ્તક હતું. તેની નાયિકા 'ગરટ્રૂડ' નામે એક ગામડીઆણ હતી, કે જેણે પોતાના દિવ્ય ગુણોથી પતિને પણ સુધાર્યો, સંતાનોને પણ સુશિક્ષણ આપ્યું તથા પોતાના ગામડા ગામને પણ સ્વર્ગ જેવું બનાવ્યું હતું ! પેસ્ટોલોઝીનો આ પ્રથમજ ગ્રંથ તેના જીવનનું અણમોલ રત્ન હતો, પણ પાછળથી તેમાં બીજો વધારો કરવાથી તેની મહત્તા અનેક રીતે ઓછી થઇ ગઇ. આ પુસ્તકથી સ્વીટ્ઝરલેંડની સરકાર એટલી ખુશ થઇ ગઇ કે તેના લેખકને તેણે એક સુવર્ણચંદ્રક આપ્યો, પણ આ સમયે પણ પેસ્ટોલોઝીના એવા વસમા દિવસો વીતતા કે રોટીને ખાતર તેને આ સુવર્ણચંદ્રક પણ વેચવો પડ્યો. આ વખતે તેણે ફરીથી એક વર્તમાનપત્ર કાઢવું શરૂ કર્યું, પણ તેમ ન ચાલ્યું. પુસ્તકો લખવા માંડ્યાં, પણ એ ખાતે પણ નિરાશા મળી. તેની આવી સ્થિતિ પચાસ વર્ષની ઉંમર સુધી રહી. ત્યાર પછીજ તેને પુનઃ એક એવો અવસર પ્રાપ્ત થયો કે જ્યારે પોતાના શિક્ષણસંબંધી વિચારોને વ્યવહારમાં ઉતારી શકયો. પૈસાની પણ હવે તેને પૂર્ણ સહાયતા મળી.

સને ૧૭૯૮માં ફ્રાંસની પ્રજાકીય સેનાએ સ્વીટ્ઝરલેંડ ઉપર ચઢાઇ કરી વિજય મેળવ્યો. તે સમયે લુસર્ની ઝીલની આજુબાજુ સ્વીટ્ઝરલેંડના અનેક બાળકો અનાથ થઇ પડયા હતાં. તેઓ તદ્દન અસહાય હતા, તેમને ખાવાનું કે પહેરવા—ઓઢવાનું કંઇપણ ઠેકાણું ન હતું. તે વખતે ફ્રેન્ચ સરકારને પણ રાષ્ટ્રીય શિક્ષણનું મહત્ત્વ સમજાઇ ચૂક્યું હતું તેથી તે સમયના ફ્રેન્ચ અમલદારો(જેઓ તે સમયે સ્વીટ્ઝરલેંડનું રાજ્ય ચલાવતા હતાએ સ્ટેંજના અનાથાશ્રમમાં આ બાળકોનું પાલનપોષણ કરવાનો અને શિક્ષણનો પણ સઘળો કારભાર પેસ્ટોલોઝીના હાથમાં સુપ્રત કર્યો. ખર્ચ તો સરકાર પોતેજ આપતી હતી.તે ઉત્સાહી શિક્ષક અહીં પાંચ ૭ મહીનાથી વધારે ન રહી શકયો. તેને બીજા

× અહીં ટૂંકમાં માત્ર આટલુંજ લખીને અટકવું પડે છે અને આવા દિવ્ય માનવના આ કડવા અનુભવની સ્વાભાવિકતા ઈત્યાદિવિષે જે કાંઈ લખવું જરૂરી લાગે છે, તે અનવકાશને લીધે અને મંદ પ્રકૃતિને લીધે આ લેખક અત્યારે લખી શકતો નથી. ભિક્ષુ-અખંડાનંદ

કોઇની મદદ ન હતી. તેના દેશબંધુઓ પણ તે "પ્રોટેસ્ટંટ" પંથનો હોવાનો સંદેહ રાખ્યા કરતા હતા; પરંતુ પેસ્ટૅલોઝીએ પોતાનું કાર્ય અજબ ખુબીથી ચલાવ્યું. આ વખતે તેનો ઉદ્યોગ સર્વાંશે સફળ થયો, અને તે એટલે સુધી કે અધિકારીઓએ પણ સ્પષ્ટ રીતે જાહેર કર્યું કે, બાળકોની સાધારણ કરતાં પણ વધારે ઉન્નતિ થઇ છે. તેના જીવનમાં અમુક અંશે આ સૌથી ભારે વિજય હતો. આ કાર્યમાં તેણે પોતાના પ્રાણની પણ પરવા કરી ન હતી, પણ અંતે તેને તેમાંથી પણ દૂર થવું પડ્યું. ફ્રાન્સના અધિકારીઓને ઘાયલોને રાખવામાટે આ અનાથાલયની જરૂર પડી, એટલે પેસ્ટૅલોઝી અને પેલાં બાળકોને ત્યાંથી વિદાય કર્યાં; પણ આ વખતે તેને પૂર્ણ અનુભવ થઇ ચૂક્યો હતો. તેને વિશ્વાસ હતો કે પોતે બાળકોને પૂર્ણ શિક્ષિત બનાવી શકે તેમ છે. એ પણ સાચી વાત કે, તે કોઇ બાહ્ય પંડિતાઇને ભણી ચૂકેલો બાહ્ય નીતિરીતિવાળો પંડિત ન હતો. તેના આચારવિચાર જૂના કાળના (પ્રાતઃસ્મરણીય જિજ્ઞાસુ અને મુક્તાત્માઓના જેવા) હતા. શરીર ઉપરનાં કપડાંની ટાપટીપને લગતી બહુ ઓછી પરવા તેને રહેતી હતી. તેનું એવું બાહ્ય રૂપ જોઇને તો કોઇ પણ તેને શિક્ષક બનાવે તેમ ન હતું; પરંતુ તેનો ઉત્સાહ પણ અજબ હતો. વર્ગડૂર્ફમાં તેને એક શિક્ષકતરીકે જગા મળી અને ત્યાં તેણે ઇ. સ. ૧૭૯૯ થી ૧૮૦૪ સુધી કામ કર્યું.

તેજ અરસામાં તેણે 'ગરટ્રૂડે પોતાનાં સંતાનને કેવી રીતે શિક્ષણ આપ્યું ?' એ નામની એક બીજી ચોપડી લખી. પુસ્તકનું આવું નામ તેણે એજ વિચારથી રાખ્યું હતું કે આ પુસ્તકનો સંબંધ પણ પેલા સુવિખ્યાત પુસ્તક સાથે ગણાય. તેનાથી પણ તેની કંઇક ખ્યાતિ થઇ. હવે તેનું વ્યક્તિત્વ સમજાવા લાગ્યું. સન ૧૮૦૨માં પેરિસની સરકારે તેને કેટલીક બાબતો ઉપર વિચાર કરવા માટે ડેપ્યુટી બનાવીને સ્વીટ્ઝર્લેંડથી પેરિસ બોલાવ્યો; પણ તેને રાજ્યપ્રકરણ કરતાં શિક્ષણ તરફ વિશેષ પ્રેમ હતો. તેણે નેપોલિયનને મળીને રાષ્ટ્રીય શિક્ષણપદ્ધતિ ઉપર વિચાર કરવા ઇચ્છ્યું; પણ નેપોલિયને તેને જોતાંવેંતજ તિરસ્કારપૂર્વક કહ્યું કે હું કાંઇ એ. બી. સી. ના ઝગડામાં પડવા નથી માગતો.

તેની શિક્ષણપદ્ધતિ જોવામાટે અનેક સ્થળેથી વર્ગડૂર્ફની શાળામાં શિક્ષકો આવવા લાગ્યા. સન ૧૮૦૫માં તે ત્યાંથી ન્યૂચૅટેલઝીલ ઉપર યવર્ડનમાં ચાલ્યો ગયો, અને ત્યાં તે વીસ વર્ષસુધી રહ્યો. પ્રસિદ્ધ પ્રસિદ્ધ શિક્ષકો તેની શિક્ષણપદ્ધતિ જોવા-શીખવા ત્યાં આવતા હતા; પણ ધીમે ધીમે આ સંસ્થાના અધિકારીઓમાં પણ વિખવાદ થયો અને એ સ્કૂલ પણ બંધ થઇ ગઇ. પેસ્ટૅલોઝી નોહફ ગયો અને ત્યાં તેણે બાકીનું જીવન પોતાના જૂના ખેતીવાડીનાજ કાર્યમાં ગાળ્યું. વગમાં સન ૧૮૨૭માં તે મૃત્યુ પામ્યો.

પેસ્ટૅલોઝીની આખા જીવનપર્યંત એજ ઇચ્છા રહ્યા કરી હતી કે, તે પોતાના શિક્ષણવિષયક વિચારો જગત સમક્ષ મૂકી જાય. તેની સમજમાં **ચારિત્ર્યવર્ધક શિક્ષણ આપવું એજ એક મહાન શક્તિ આપવા બરાબર હતું.** મનુષ્યની મહત્તા તેના ગુણોનેજ લીધે હોય છે. તે સમયમાં જે શિક્ષણપદ્ધતિ ચાલુ હતી, તેમાં તેને અનેક દોષ દેખાતા હતા. વિદ્યાર્થીઓનાં મગજમાં બીનજરૂરી બાબતો જબરદસ્તીથી ઘુસાડવામાં આવતી હતી. તેમને માત્ર શબ્દજ્ઞાનજ આપવામાં આવતું; પણ તેણે વિચાર્યું કે, ગોખણપટ્ટી કરતાં વિચારશક્તિ ખીલવવાથી બાળકોને વધારે શિક્ષણ મળે છે. શિક્ષકનો એજ આદર્શ હોવો જોઇએ કે, તે પોતાના શિષ્યોનાં હૃદયોમાં સ્વાભાવિક શિક્ષણના અંકુર પેદા કરે. બાળકોના સ્વાભાવિક વિચારોને ઉત્તમ કામો તરફ વાળવાનો પ્રયત્ન કરવો જોઇએ. વ્યાવહારિક જ્ઞાનથી બાળકો જેટલું શીખે છે, તેટલું માત્ર પુસ્તકો ગોખી મારવાથી મળતું નથી. ખરૂં જોતાં પેસ્ટૅલોઝીનો એજ ઉદ્દેશ હતો કે, બાળકોના માનસનો પૂર્ણ અભ્યાસ કરી તેમના માનસિક જ્ઞાનનો વિકાસ કરવો. તે સમજતો હતો કે, જ્યાંસુધી શિક્ષક અને શિષ્ય વચ્ચે સંપૂર્ણ સહાનુભૂતિ નથી, ત્યાંસુધી તેમનાં મગજમાં કોઇપણ બાબત જોઇએ તેવી પ્રવેશ કરી શકતી નથી; તેમજ તેમનો સ્વાભાવિક વિકાસ પણ થતો નથી. આથી પ્રથમ વિદ્યાર્થીઓના હૃદયમાં સ્થાન મેળવ્યા પછીજ તે તેમના મગજમાં પ્રવેશ કરવા ઇચ્છતો હતો.

વિદ્યાર્થીઓમાં શિક્ષણપ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરવો, એજ તેનો ઉદ્દેશ હતો.

(શ્રી. નર્મદેશ્વર શર્મા વિદ્યાર્થીના 'વિશ્વમિત્ર'માંના લેખપરથી સ્વતંત્રાનુવાદ)

(અમારા હાલના પોતાને દેશભક્તો અને મહાન શિક્ષકોમાં ખપાવનારા તેમજ ખપાવવા મથી રહેલા સજ્જનોને આ ચરિત્રમાંથી કેટલું બધું સમજવા-આચરવા જેવું છે! ફ્રાન્સને તો પાછું નેપોલિયનદ્વારા ભારી વિજય મેળવીને પણ છેવટે લૌકિક મોજશોખનાજ ખાડામાં જઇ ડૂબવું હતું, એટલે તે આવા સાચા મહાપુરુષની અવગણના ન કરે તો બીજું કરે પણ શું? પરંતુ શું હિંદવાસીઓને પણ એવાજ બનવું છે! જોજો કે, હવે દશકા દરમિયાનજ એવા લૌકિક શોખ-સ્વાર્થમાં ડૂબી રહેલા માનવીઓની કેવી દુર્ગતિ થાય છે! લિ૦ અવગુણસાગર ભિક્ષુ-અખંડાનંદ.

૩૧–ચીનનું સ્વાતંત્ર્ય–યુદ્ધ

"ચીનમાં રાજસત્તાવાદ પુનઃ જન્મે તે પહેલાં પર્વતો જમીનદોસ્ત થશે અને સમુદ્રનાં નીર સુકાઈ જશે."

હિંદમાં અસહકારની પ્રચંડ જ્વાળાઓ પ્રકટી અને સ્વરાજ્યગર્જનાથી દેશ ગાજી ઉઠ્યો તે પહેલાં સ્વ૦ તિલક મહારાજે જેમ 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે" એ મહામંત્ર ઉચ્ચાર્યો હતો અને એ ભાવનાનાં બીજ રોપ્યાં હતાં, તેમ ચીનમાં વિજયી વિપ્લવ પહેલાં લિયાંગ-ચી-ચાઓએ ઉપરનો મહામંત્ર ઉચ્ચાર્યો હતો; અને લોકોમાં પ્રજાસત્તાવાદની ભાવનાના પ્રથમ ગુરુની એ આત્મશ્રદ્ધા અસ્થાને નહોતી. કેમકે એ પોતાની પ્રજાને બરાબર પીછાણતા હતા. ચીની પ્રજાના બળની તુલના એણે બરાબર કરી હતી. તેમની એ ગણત્રી ખોટી નહોતી, એ આજથી માત્ર પા સદી પહેલાંનાજ અફીણીઆ, ટુંકપગા અને લાંબા ચોટલાવાળા ચીનાએ પોતાના વતનમાં પેઠેલા પરદેશીઓને ગાંસડાંપોટલાં બાંધવાની ફરજ પાડીને પુરવાર કર્યું છે.

જગતમાં જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે સત્તાધીશો સીતમગારો બને છે, પ્રજાને પોતાની એડી નીચે પીસે છે, ભૂખે મરતી પ્રજાનાં લોહી ચૂસી વિલાસોમાં રાચે છે, પ્રજાના પ્રાણ સાથે ખેલ માંડે છે અને એ બધા અમાનુષી જુલમો અને અત્યાચારો સામે પ્રજા જ્યારે "ત્રાહિ-ત્રાહિ" પોકારી "ભૂખે મરવા કે ભાલે મરવા"ની પરિસીમાએ પહોંચે છે, ત્યારે ગમે તેવી નિર્માલ્ય પ્રજા પણ "ભાલે મરવાનું" પસંદ કરે છે અને જીવપર આવી કેસરિયાં કરે છે. પ્રજાકોપના એ પ્રચંડ મોજાંઓ સામે કોઇ સલ્તનત ટકી શકી નથી, કોઇ સામ્રાજ્ય ઉભું રહી શક્યું નથી.

આજથી કેવળ અડધી સદી પહેલાં ચીનમાં એવીજ પરિસ્થિતિ ઉભી થઇ હતી. ચીની શહેનશાહતમાં સર્વત્ર અંધેર ચાલતું હતું; પ્રાંતના સુબાઓ આપખુદીથી મનસ્વી સત્તા ભોગવતા હતા; કાયદા કે બંધારણ જેવું કશું હતું નહિ. સુબાનો શબ્દ એ કાયદો' તેના હુકમ સામે કશી દાદ-ફરિયાદજ ન હોય. પોતાના વિલાસોમાટે તે પ્રજાને ચૂસતો; સુબાનો સાગરીત ગમે તેને રંજાડી શકતો; પોતાના નિર્દોષ વિરોધીને તે પકડી શકતો અને ફાવે તે આરોપ તેની સામે મૂકી શકતો. ત્રણ ત્રણ દિવસસુધી અસહ્ય યાતનાઓ આપી ન કર્યા ગુન્હાનો એકરાર કરાવવામાં આવતો અને એમ છતાંયે ગુન્હો કબૂલ ન રાખે તેને પણ તેના શિકારીનાં લાગવગના પ્રમાણમાં સજા તો થતીજ.

ચીનનો તારણહાર

આવાએ ચીનમાં આવા જુલ્મોનું સામ્રાજ્ય પથરાયું હતું. પ્રજાની જનશક્તિ ખુટી હતી, ભૂખમરો અને અસંતોષ વધતાં જતા હતા. જીવન-મરણના નફાનુકસાન જેવું જનાવર પણ જીવપર આવી સામે થાય છે તો આ તો હતા મનુષ્યો., અને ચાન એટલ તો પૃથ્વીની સપાટીપરની

[illegible]

[illegible] સુન-યાત-સેનની આત્મકથા

[illegible]

[illegible] પોતાના વતનમાં ઉશ્કેરક ભાષણો કરવા માંડ્યાં કે "તમારાં નાણાં ક્યાં જાય છે? પેલા ભવ્યના પુત્રને! એ 'સ્વર્ગનો પુત્ર' તમારે માટે શું કરે છે? કશુંજ નહિ. એની રાજ્યપદ્ધતિ એટલી સડેલી છે કે તેની સાથે તમારે કશી લેવાદેવા નથી. તમે તમારા રેલ્વે અને પૂરો સલામ બાંધી શકો છો, તમારી શાળાઓ સરકારના નભાવ્યા શકો છો; છતાં તમને ચૂસવામાં આવે છે." તેમણે ચિંગીમ બાદશાહને પ્રકટને અને સત્તાધારીઓને સુણાવી દીધું કે "ટીન મીંગ તુ ચાંગ." (દૈવી હકના અમરપટા ન હોય.) આપખુદી સત્તાધારીઓનાં સિંહાસનો કેમ જાણે ડોલવા લાગ્યાં! તેમનાથી એ બાળકનો તાપ પણ ન ઝરવાયો. તેઓએ સુન-યાટ-સેનને દેશપાર કર્યા અને હોંગકોંગ ધકેલ્યા; પરંતુ ઈશ્વર એમની પડખે હતો. હોંગકોંગમાં તેમને અનેક મિત્રો મળી ગયા. તેમણે એક ગુપ્ત મંડળ સ્થાપ્યું અને કેન્ટન કબજે કરવાનું કાવત્રું રચ્યું. જોકે એ કાવત્રું નિષ્ફળ ગયું, તોપણ વિપ્લવના ગણેશ તો ત્યારથીજ મંડાયા. એ કાવત્રાની કથા એમના પોતાના શબ્દોમાંજ રજુ કરીશું:—

કેન્ટનનું કાવત્રું

"કેન્ટન કબજે કરવાનું અમારૂં કાવત્રું જો કે નિષ્ફળ ગયું હતું, તોપણ અમે તેને ક્ષણિક આઘાતજ ગણ્યો હતો. અમારો ઉત્સાહ જરાએ હણાયો નહોતો. અમારી સામે અનેક મુશ્કેલીઓ હતી એનું અમને ભાન હતું; પરંતુ તેની પાર ઉતરવા અમારો દૃઢ નિશ્ચય હતો. અમે ગુપ્તમંડળ સ્થાપ્યું હતું અને તેમાં પ્રજાકીય ધોરણે ચુંટણી કરી આગેવાનો અને એક નાયકની પસંદગી કરી હતી. દરેક પ્રાંતમાં અમારા ગુપ્તમંડળની શાખાઓ હતી. અમારાં મસલતસ્થાનો અમે બદલ્યાજ

કરવા હતાં. દરેક પ્રાંતમાં એકસાથે બળવો જગાવવો એવી મુકરર કર્યું હતું કે જ્યાં કમાન્ડ હતાની ફરતે ગોઠવાયા એક હજાર ગામડાંમંદિર જેવા નર્વાંત સ્થળમાં એવા મજૂર મોરચા માટે પણ તૈયાર હતા. મધ્ય ચીનમાં લશ્કરોનો વહીવટ કેન્દ્રસ્થ હવાલાથી. અમે કર્મ લખી એકત્રના નહિ, પરંતુ એટેચ્ડ સરખા ચલવતા. કેટલાક વ્યક્તિને હણવાનો અમારો ફક્તમાત્ર ઇરાદો નહોતો. અમારા ચૂંટી કાઢેલા અનુયાયીઓને અમે બળવાખોરપણે તૈયાર કરવાની તાલીમ આપી હતી. સૈનિકો અમારી સાથે જોડાવા તૈયાર હતા, પરંતુ ત્યાંજ અમારી મુશ્કેલી હતી. ખજાનો ઘણો મોટો હતો, પરંતુ એટલો મોટો કેટલાને કાબુમાં રાખવો એ મુશ્કેલ હતું. કારણ કે વ્યવસ્થાનું તેમને ભાન નહોતું. તેઓ ઉપયોગ તો પ્રજાના સ્વાતંત્ર્ય સંગ્રામમાં કરવો પડે. રંગને તેઓ લૂંટફાટ ચલાવે એવો ભય રહ્યા કરતો. આખરે ખૂબ મહેનત પછી અમે ત્રીસ આગેવાનોએ એક સો ચુનંદા અંગરક્ષકો તૈયાર કર્યા. ત્રણ હજાર એ અને બીજા પાંચના ત્રણ હજાર મળી છ હજાર સૈનિકો વ્યવસ્થા જાળવવા તૈયાર કર્યા. બળવામાટે ઓક્ટોબરનો એક દિવસ મુકરર કર્યો. હોંગકોંગનો અમારો એજન્ટ સઘળી તૈયારીની ખબર આપે; તેમજ ત્રણ હજાર સૈનિકો, દારૂગોળો અને માલમો મજૂરો મોકલે કે તરતજ અમારે જ્યાં મથકોએ હુમલો મોકલી, અમારી જુદી જુદી ટુકડીઓ પાડી દઈ, એકસાથે બધે બળવો જગાવવાની ગોઠવણ હતી. હોંગકોંગથી તૈયારીનો સંદેશો આવ્યો, ટુકડીઓ રવાના થઈ. થોડી વાર પછી ત્રણ હજાર સૈનિકોને ખાસ સંદેશો આવ્યો કે 'મુશ્કેલી થઈ છે, સૈનિકો નહિ આવી શકે.' હવે શું થાય? ટુકડીઓને પાછા બોલાવવાનું અશક્ય હતું. મેં મજૂરો ન મોકલવા તાર કર્યો, પરંતુ કંઈક સમજફેર થઈ અને મજૂરો આવી પહોંચ્યા. હવે તેમનો કોણ ધણી! તેઓ રખડતા થઈ પડ્યા, અમારો ભેદ ફૂટી ગયો."

કેદ

"પછી તો સરકારના કોપની વાત શી? અમે આગેવાનો તો નાસી ગયા હતા, એટલે સપડાઈએ તેમ નહોતું; પરંતુ સરકારે કેટલાયે નિર્દોષ મજૂરોને ફાંસીને માંચડે લટકાવી દીધા. સોળ માણસોને, તેઓ આગેવાન છે એમ ધારીને, સરકારે ગરદન માર્યા. અમે ખરા આગેવાન તો આબાદ છટકી ગયા. હું મારી સ્ટીમલૉન્ચમાં હોંગકોંગ ગયો. સરકારી જાસૂસો મારી પાછળ ભમતા હતા. હું ઘણી વખત તેમની પાસેથી પસાર થતો, પરંતુ કોઈ મને ઓળખી શકતું નહિ. ત્યાં અકસ્માત્ હોંગકોંગ મારું કુટુંબ, પત્ની, બાળકો અને માતા મારી પાછળ આવી શકે એવી ગોઠવણ કરી હું મારી પાછળ ભમતા ભૂખાઓની નજર સામે સ્ટીમરપર ચડી ગયો. એક વર્ષ સુધી ભટકતો ભટકતો હું લંડન પહોંચ્યો. જાસૂસો મારી પાછળ ભમતાજ હતા. આખરે લંડનમાં ચીની એલચી ખાતાની હદમાં હું ફસાયો. મને મારા અંગ્રેજ મિત્રોએ ચેતવ્યો હતો, પરંતુ હું એક વખત ફરવા નીકળ્યો હતો ત્યાં બે માણસોએ મને બોલાવ્યો. ચીની એલચી ખાતાની હદ હું ભૂલી ગયો હતો. તેઓએ મને ખગોળવિષે ચર્ચા કરવા પોતાને ત્યાં આમંત્રણ કર્યું. મેં આનાકાની તો કરી, પરંતુ તેઓએ મને જબરદસ્તીથી પકડી એક મકાનમાં કેદ કર્યો. મારી આસપાસ મજબૂત ચોકી-પહેરો ગોઠવાયો. મેં છટકવાના ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ લાગ ન ફાવ્યો. આખરે ચીની એલચી ખાતાના એક અંગ્રેજ નોકરને ફોડીને મેં મારા અંગ્રેજ મિત્રોને મારી કેદના સમાચાર પહોંચાડ્યા અને તેઓની મદદથી હું છૂટ્યો."

બળવાનો પ્રચાર

લંડનમાંથી છૂટી તેમણે જાપાનનો માર્ગ લીધો. જાપાનમાં ચીની વિદ્યાર્થીઓએ તેમનું ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું ત્યાં પણ તેમણે પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખી અને થોડાજ દિવસોમાં "તુંગ-મીંગ-હુઇ' નામનું મંડળ સ્થાપ્યું. એ મંડળનો હેતુ ચીનને જાગૃત કરવાનો, પ્રજાને પરાધીનતાનું ભાન કરાવવાનો અને આઝાદીના યુદ્ધમાટે કટિબદ્ધ કરવાનો હતો. એ હેતુથી "મીનપાઓ" (પ્રજા) નામનું અઠવાડિક પત્ર શરૂ કરવામાં આવ્યું અને તેમાં મંચુરિયાની સરકારના સડા, જુલમો અને નિર્માલ્યતાના બનાવો છતા કરવા માંડ્યા. તે ઉપરાંત ભૂતકાળમાં પણ રાજસત્તાએ કરેલા અમાનુષી અત્યાચારો અને અન્યાયો પણ પ્રગટ કરવા માંડ્યા "પ્રજાએ પોતાના પૂર્વજોપર ગુજ-

રેલા ગજબોનું વેર કાં ન લેવું ?" એવી ખુલ્લી ઉશ્કેરણી ચાલુ કરવામાં આવી. જોતજોતામાં આખાયે ચીનમાં અને બીજે જ્યાં જ્યાં ચીનાઓ વસતા હતા ત્યાં 'પીપલ્સ'નો પોકાર પહોંચી ગયો. મંચુરિયાની સરકારનાં ગાત્ર ઢીલાં પડવા માંડ્યાં. તેણે પણ પોતાની ખરી પડતી ઇમારતો અને ડોલતાં સિંહાસનો બચાવવાના પ્રયત્નો આદર્યા. જાપાનની સરકારને તેણે વિનવી, ચીની રાજસત્તા સાથે મૈત્રી ઇચ્છતા જાપાને "પીપલ્સ" બંધ કરાવ્યું. ચીની રાજસત્તાના એ મિથ્યા પ્રયાસો હતા. ખુલ્લી ચળવળ દબાવી દેવામાં આવતાં સુન–યાટ–સેને ગુપ્ત મંડળો સ્થાપવાં શરૂ કર્યાં. તેમણે "કુંગ–ચીંગ" (એકસંપે આગળ ધસો) નામનું મંડળ સ્થાપ્યું. એ મંડળનો હેતુ સૈનિકો અને વિદ્યાર્થીઓને સરકારની સામે બળવો ઉઠાવવા માટે ઉશ્કેરવા સારૂ પ્રાંતેપ્રાંતમાં પ્રચારકો મોકલવાનો અને બળવામાટે ફંડ એકઠું કરવાનો હતો. જેમને સૈનિક અમલદારો અને વિદ્યાર્થીઓમાં ઓળખાણ કે મૈત્રી હોય, તેવા ઉત્સાહી પ્રચારકોને શોધી શોધીને મોકલવામાં આવ્યા. તેમણે પોતાનું કામ પૂર વેગે ચલાવવા માંડ્યું. અલબત્ત એમાં જીંદગીનું જોખમ હતું, પરંતુ આઝાદીનાં મૂલ તો એવાં મોંઘાંજ હોય ! સઘળી વાતો ગુપ્ત રાખવામાં આવતી. મસલતનાં સ્થળો કોઇને વહેમ ન પડે એવાં મુકરર કરવામાં આવતાં; ખાનગી સભાઓ ભરવામાં આવતી. જેઓ બળવામાં સામેલ થવા આનાકાની કરતા, તેમને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીઓનો પણ પ્રયોગ કરવામાં આવતો.

બૉમ્બ ફૂટ્યો.

આમ એક બાજુ પ્રચારકાર્ય ચાલી રહ્યું હતું ત્યારે બીજી બાજુ હેંકાઉમાં બૉમ્બ બનાવવાનું કામ પણ એટલાજ વેગથી ચાલુ હતું. સુન–વુ અને લિયુ–કીંગ નામના બે યુવાનો એ કાર્યમાં કુશળ હતા. ક્યાં ક્યાં કેટકેટલો ખજાનો હતો, તેની પણ બાતમી મેળવી રાખવામાં આવી હતી. છેવટે ૧૯૧૧ નો ડિસેમ્બર મહીનો વિપ્લવના મહાયજ્ઞના મુહૂર્તમાટે મુકરર કરવામાં આવ્યો. વાઇસરૉયપર બૉમ્બ ફેંકવો અને એ ધડાકાની સાથે આખા ચીનમાં બળવાનો પ્રચંડ ધડાકો કરવો, એવી વ્યૂહરચના રચવામાં આવી. લિયુ–કીંગની બળવાખોર પત્નીએ ફેરીવાળીનો વેષ લઇ વાઇસરૉયપર બૉમ્બ ફેંકવાનું બીડું ઝડપ્યું.

આ પ્રસંગે પણ એક કમનસીબ બનાવ બનવા પામ્યો અને અકાળે આગ સળગી ઉઠી–૧૯૧૧ ના ઑક્ટોબરની તા૦ ૯ મીએ સાંજે ચાર વાગે બૉમ્બ બનાવતાં સુન–વુના હાથે કંઇક ગફલત થવાથી એક જબ્બર ધડાકો થયો. બાજુમાંજ હેંકાઉનું રશિયન મથક હતું. રશિયન પોલીસ દોડી આવી. બૉમ્બનું કારખાનું, બૉમ્બ બનાવવાની સઘળી વસ્તુઓ, બળવા પછીના ઢંઢેરાની છાપેલી નકલો, ખાનગી પત્રો, બળવાખોરોનાં નામોની યાદી અને બળવાખોર સૈનિકોના નિશાનની પટ્ટીઓ વગેરે સઘળું પકડાઇ ગયું. સુન–વુનો ચહેરો બૉમ્બે છેદી નાખ્યો, એમ છતાં પણ તેને તો પોલીસની પધરામણી થતાં પહેલાં છુપી રીતે સારવારમાટે મોકલી દેવામાં આવ્યો. લિયુ–કીંગ પણ નાસી છૂટયો. તેના ભાઇ અને પત્નીને સરકારે કેદ કર્યાં, બીજા સંખ્યાબંધ માણસોને પણ બેડીઓનાં બંધન પડ્યાં. બીજેજ દિવસે સવારે ચાર જણાઓને ફાંસીને માંચડે લટકાવવામાં આવ્યા. લિયુ–કીંગના ભાઇને હજુ ફાંસી દેવામાં નહોતી આવી, કેમકે તેનાપર અત્યાચારો ગુજારી તેનો ભાઈ ક્યાં છે, તે તેની પાસેથી કઢાવવાની સત્તાધીશોની ધારણા હતી. તેમની એ ધારણા પાર ન પડી અને લિયુ–કીંગ તેમના હાથમાં નજ આવ્યો.

બળવો

તા૦ ૯ મીની રાત્રે બૉમ્બના કારખાના પાસે રશિયન પહેરેગીરોસિવાય કોઇ નહોતું. સર્વત્ર સ્મશાન જેવું શૂન્યકાર હતું. હેંકાઉના એક ખૂણામાં લિયુ–કીંગ વિચાર કરતો બેઠો હતો. બળવાની આખી યોજના તેના હાથમાં હતી. તેણે વિચાર કર્યો કે, બળવાની વાત ફૂટી ગઈ છે, એટલે હવે તો હમણાંજ ઘા કરી લેવો; નહિ તો સરકાર આખી બાજી ચુંથી નાખશે. તેણે બળવામાં ભાગ લેવા ઇચ્છતા લશ્કરને ખબર પહોંચાડી કે, બળવાખોરોની યાદી અને યોજના સરકારને હાથ ગઇ છે, એટલે તે તેમને ગરદન માર્યાવિના નહિજ રહે, તો પછી શામાટે બહાદૂરીથી લડતાં

ન મરવું ? લશ્કરને એ વાત ગળે ઉતરી. એજ રાત્રે દશ વાગે કાર્યનો આરંભ કરવાની ગોઠવણ કરવામાં આવી; પરંતુ બળવાખોરો ઉત્સાહમાં અધીરા બન્યા હતા. તેમણે તો સાત વાગ્યામાં મોરચા માંડયા; તોપોના ધડાકા થવા લાગ્યા; ગોળીઓ સનસનાટ છૂટવા લાગી. આ એકાએક આક્રમણથી સરકારી સેનાપતિ ચાંગ-પીઆઓ પોતાના મુઠ્ઠીભર માણસો સાથે પલાયન કરી ગયો. વાઇસરૉય પણ જીવ લઈને નાઠો. ધારવા કરતાં વહેલી શરૂઆત થઈ હતી, પરંતુ હવે તેવિષે વિચાર કરવાનો વખત નહોતો. લિયુએ રાતોરાત પોતાના ગોઠીઆઓની સભા ભરી. સેનાપતિ કોને નીમવો તેની ચર્ચા ચાલી. લિયુની નજરે કર્નલ લી-યુઆન-હંગ ચઢ્યો. તેણે તેને સેનાપતિ બનવાની સૂચના કરી. તે સેનાપતિનું માન સ્વીકારવા તૈયાર નહોતો; કેમકે એ માનનું મૂળ માથું છે, એ તે સમજતો હતો. તેણે કોઈ વધારે બાહોશ અને અનુભવી માણસની નિમણૂક કરવા વિનંતિ કરી. આ ભાંજગડ કે વાટાઘાટ કરવાનો વખત નહોતો. ૭ નાગી તલવારો તેની ગરદન પર ઝૂકી રહી. એકજ મિનિટ અને તે વધુ આનાકાની કરે તો તેનું માથું ધૂળમાં રગદોળાતું થાય! તેણે વચન વર્તી લીધો અને કિસ્મતનું પાસું તેની તરફેણમાં બદલાયું—ચીનને સાંકળોનાં બંધનોમાંથી મુક્તિ અપાવનારા વિજયી વિપ્લવના સેનાપતિની કીર્તિને એ વર્યો.

પ્રજાસત્તાકની સ્થાપના

આમ મુકરર કરેલા મુહૂર્ત પહેલાં પણ કાળના કોઈ શુભ ચોઘડીએ વિપ્લવના મહાયજ્ઞના મંડપ રોપાઈ ગયા. પછી તો સીનેમાની ફીલ્મની માફક એક પછી એક બનાવોની પરંપરા ચાલી. તા૦ ૧૩ મીએ ચીનના સામ્રાજ્યનો દારૂગોળાનો મોટામાં મોટો હાનયાંગનો ભંડાર બળવાખોરોએ કબજે કર્યો અને સ્વાતંત્ર્યયજ્ઞની જોઈતી સામગ્રીઓ સહેજે પ્રાપ્ત થઈ. તે પછીના થોડાજ દિવસોમાં વુચાંગ, હાનકાંઉ અને હૅંકાઉ તેમના હાથમાં આવ્યાં; સરકારી બેંકો તેમણે કબજે કરી અને તેના ભર્યા ભંડાર પણ મળી ગયા. આમ એક પછી એક વિજય મેળવતા બળવાખોર લશ્કરે આગળ ધપેજ રાખ્યું. ઠેકઠેકાણે પ્રજાસત્તાક અને રાજ્યપક્ષ વચ્ચે દોઢ મહિનાસુધી નાની-મોટી ઝપાઝપીઓ ચાલી અને હારજિતની વારાફેરી પછી દક્ષિણચીનમાં તો પ્રજાસત્તાકની સ્થાપનાનો પરદેશી રાજ્યોએ પણ સ્વીકાર કર્યો. ૧૯૧૧ના ડીસેમ્બરની ૩૧મી તારીખે પ્રજાસત્તાક જાહેર કરવામાં આવ્યું અને ડૉ૦ સુન-યાટ-સેન તેના પ્રમુખ ચુંટાયા. તેમણે પોતાના "તુંગ-મીંગ-હુઈ" નામના મંડળને "કુ-મીંગ-ટંગ" (કુ=રાષ્ટ્ર; મીંગ=પ્રજા; ટંગ=મંડળ) એટલે રાષ્ટ્રીય પ્રજામંડળમાં ફેરવી નાખ્યું.

રાજગાદીનો ત્યાગ

૧૯૧૨ના ફેબ્રુઆરીની ૧૩ મી તારીખે ચીનની રાજમાતાએ રાજ્યગાદીનો ત્યાગ કર્યો અને તે માટેનો આજ્ઞાપત્ર બહાર પાડયો. તેમાં રાજસત્તાએ કબૂલ કર્યું હતું કે "વુચાંગના બળવા પછી પ્રજાએ અમને ગાદીત્યાગ કરવાની ફરજ પાડી છે, તેથી અમે સઘળી સત્તા પ્રધાનોને સોંપી દઈએ છીએ. રાજકુટુંબ હવેથી રાજકાજમાં માથું નહિ મારે. વડા પ્રધાનનું સ્થાન પ્રજાસત્તાકના પ્રમુખ લેશે અને તેમની ચુંટણી પ્રજાજ કરી શકશે. સઘળી રાજ્યકારી સત્તા પ્રમુખના હાથમાં રહેશે. રાજ્યપરિવર્તન દરમિયાન અંધાધુંધી ન વર્તે તે માટે પ્રજાસત્તાક અને જુની સરકારની બનેલી કામચલાઉ સરકાર સ્થાપવી. નવી સરકારમાં શહેનશાહને કશી સત્તા નહિ રહે, પરંતુ તે પોતાના અસલ રાજમહેલમાં રહી શકશે. પ્રમુખને પણ પેકીંગમાં રહેવાનો મહેલ મળશે. આ આજ્ઞાપત્ર છપાવી પ્રજામાં અને લશ્કરમાં વહેંચવું." આ અને આવી બીજી રાજ્યવ્યવસ્થાને લગતી કેટલીક કલમો પણ તેમાં હતી.

અંગ્રેજોનો પગપેસારો

આ પ્રમાણે ચીનાઓએ પોતાના ઘરના સીતમગારોથી તો છુટકારો મેળવ્યો, પરંતુ તેમને હજુ વિદેશી હકારોની લોખંડી સાંકળોથી જકડી રાખનાર બીજી ત્રણ કે ભાગ ન લાગના સાણસામાંથી છૂટવાનું બાકી હતું. પોતાની આંતરિક મુક્તિ કરતાંયે એ કમ વધારે મુશ્કેલ હતું; કેમકે પરદેશી સત્તા એકલી નહોતી, તેમજ તેનાં સાધનો ચીનાઓ કરતા વિશેષ અને ચઢીઆતાં હતાં.

પાશ્ચાત્ય પ્રજાઓને અને તેમાંયે ખાસ કરીને અંગ્રેજોને જ્યાં આંગળી મળે, ત્યાં પોંચો કરડી ખાવાની બદદાનત થયાવિના રહેતીજ નથી. જ્યાં જ્યાં તેમની નજર પડી છે, ત્યાં ત્યાંની પ્રજાની પાયમાલી નિર્માયેલીજ છે, એ વાત ઇતિહાસસિદ્ધ છે. વેપારને નામે પગપેસારો કરી કાવાદાવા, દગાફટકા અને પ્રપંચોની જાળમાં પરદેશી પ્રજાઓને સપડાવી પોતાના વાવટા તેણે ફરકત કર્યા છે. આત્મરક્ષણને નામે લશ્કરો જમાવી પરમુલકો પચાવી પાડવામાં તેનો ઉપયોગ કર્યો છે. પોતાનો સ્વાર્થ સાધવા ગમે તેવાં કાળાં કૃત્યો કરતાં તેમણે સંકોચ નથી રાખ્યો. નીતિને તો તેમણે નેવે મૂકી છે. ન્યાયનાં તો તે કેવળ નાટક ભજવે છે. ચીનમાં પણ અંગ્રેજોએ એવી રીતેજ પોતાનો પગપેસારો કર્યો હતો.

આજથી ચારસો વર્ષ પહેલાં સોળમી સદીમાં અંગ્રેજી વેપારી વહાણો ચીનના બંદરે લાંગર્યાં. ચીનાઓની દયા અને કૃપા ઉપર રહીને તેમણે પોતાના વેપાર ખેડવા માંડ્યા. બે સદીઓ એમ વીતી ગઈ. વેપારને નામે ઘેટાં અને વરૂના ન્યાયે પરદેશો હજમ કરવામાં નામચીન બનેલી બ્રિટિશ ઇન્ડિયા કંપનીએ અઢારમી સદીમાં કેન્ટન બંદરમાં પોતાના પાયા રોપ્યા, ત્યારથી તેણે પોતાના દાવ ખેલવા માંડ્યા. વેપારની વધુ સગવડો માગવા શહેનશાહ પાસે એલચીઓ મોકલવા માંડ્યા. ત્રણ ત્રણ પ્રયત્નો પછી પણ દાદ ન મળતાં ૧૮૩૯માં ઇંગ્લૅંડે દાદાગીરી ચલાવી અને ચીનનાં કેટલાંક બંદરો કબજે કરી કેન્ટનપર ઘેરો ઘાલ્યો. ત્રણ વર્ષના સતત યુદ્ધ પછી ચીનાઓ હારી ગયા અને ૧૮૪૨ માં ચીનાઓને નાનકીંગની નામોશીભરી શરતો સ્વીકારી, વિજેતાઓને ૨ કરોડ ૧૦ લાખ પૌંડનો ચાંલ્લો કરવો પડ્યો.

કોલકરારોની જંજીરો

નાનકીંગની શરતોથી કેન્ટન, એમોય, ફુચાઉ, નીંગપો અને સેંઘાઈ, એમ પાંચ બંદરો પરદેશીઓમાટે ખુલ્લાં થયાં. ત્યાં તેઓ કશી પણ અટકાયતવિના પોતાનો વેપાર ખેડી શકે, સંપૂર્ણ સ્વતંત્રતાથી વસવાટ કરી શકે અને પોતાના વ્યવહારપર પોતેજ દેખરેખ રાખી શકે. જકાતના દર પણ તેઓજ નક્કી કરે અને તેમાં ચીનની સરકાર કશો વધારો ન કરી શકે. તે ઉપરાંત અંગ્રેજોસિવાયના જે જે પરદેશીઓને ચીનની સરકાર જે જે છૂટછાટો આપે, તે બધી અંગ્રેજોને પણ મળે. આમ આખી બાજી ઉલટાઇ ગઇ. હવે અંગ્રેજોએ દરેક બાબતમાં આપખુદી ચલાવવા માંડી. બે વર્ષ પછી એટલે કે ૧૮૪૪ માં અમેરિકન પ્રતિનિધિ કાબેલ કશીંગે ચીનપર નવી જાળ પાથરી અને અસાધારણ મુલકી હક્કના કોલકરારની જંજીરો ચીનના ગળામાં પહેરાવી દીધી. એ કોલકરાર પ્રમાણે તો કોઇ પરદેશી ચીનમાં ગમે તે ગુન્હો કરે, તો તેની તપાસ ચીની અદાલતમાં નહિ પણ પરદેશી અદાલતમાંજ ચાલે; એટલુંજ નહિ પણ કોઇ ચીનો એ હદમાં ગુન્હો કરે, તો તેની તપાસમાટેના પંચનો પ્રમુખ પણ પરદેશીજ બને. દિવસો જતા ગયા, તેમ તેમ પરદેશીઓએ કોલકરારોની કલમોનો મનમાન્યો અર્થ કરી પોતાના ખીલા મજબૂત ઠોકવા માંડ્યા. પછી તો ચીનની હદમાં પણ ગુન્હો કરીને કોઇ ચીનો પરદેશી હદમાં પલાયન કરી જાય, તો પરદેશી સત્તાની મંજુરીવિના ચીની અમલદાર તે ગુન્હેગારને પકડી પણ ન શકે. પરદેશી હદની મ્યુનીસીપલ ઉપજનો નેવુ ટકા હિસ્સો ચીનાઓ ભરે અને છતાં તેમનો મ્યુનિસિપલ વહીવટમાં કશોયે અવાજ ન મળે. ટુંકામાં પરદેશીઓજ ચીનના ખરા માલીક બની બેઠા. ૧૯૦૦ના બોક્ષર બળવા પછી "કાયદા અને વ્યવસ્થા" જાળવવાના બહાના નીચે પરદેશીઓએ પોતાનાં લશ્કરો અને નૌકાઓ ચીનમાં ખડકવા માંડ્યાં—ચીનની ભૂમિપર પોતાનીજ પોસ્ટ ઑફીસો અને વાયરલેસ ગોઠવવા માંડ્યા અને છેલ્લા યૂરોપીય યુદ્ધના ઈંગ્લૅંડના સંચાલક જ્યૉર્જ લૉઇડે તો સિંગાપુરમાં નૌકાથાણું નાખી ચીનના ગળાપર કાયમનો ફાંસો નાખવાનો દાવ અજમાવ્યો; પરંતુ આખો લાડવો ગળવા જતાં ખાધેલું પણ ઓકી કાઢવાનો સમય આવ્યો.

સ્વાતંત્ર્ય-યુદ્ધ

૧૯૧૧ ના વિજયી વિપ્લવ પછી અને પ્રજાસત્તાકની સ્થાપના પછી ચીનને પોતાની પરાધીન દશાનું પૂરેપૂરૂં ભાન થઇ ગયું. તેને પોતાની ઉપર જડવામાં આવેલાં પોલાદી ચોકઠાં સામે

સખત અસંતોષ ઉપજ્યો. યુરોપીય મહાયુદ્ધ પછીની સુલેહ પરિષદમાં ચીને પોતાની ઉપર જબર-દસ્તીથી લદાયેલા એ બધા હડહડતા અન્યાયો સામે ફરિયાદ ઉઠાવી; પરંતુ જગતની સુલેહ અને શાંતિને નામે મહાયુદ્ધની લૂંટની વહેંચણી કરવા માટે મળેલા મહારથીઓ પાસેથી ઇન્સાફની આશા ફોકટ હતી. આત્મનિર્ણયના અભિલાષી અને આઝાદીના ઉત્સાહી ચીનને હવે પરદેશીઓ-ની દયા કે મહેરબાનીની નહોતી જોઇતી. તેને પરદેશીઓના સંહારક સરંજામોની પણ પરવા નહોતી. તે હવે માત્ર અરજીઓ અને આજીજીઓ, વિનંતિઓ અને કાકલુદીઓ કરવા તૈયાર નહોતું. ઇન્સાફની પણ તે ભીખ માગતું નહોતું. હકથી તેને ઇન્સાફ જોઇતો હતો અને તેમ ન મળે તો પોતાના બાહુબળે તે લેવાનો તેનો નિરધાર હતો. પરદેશીઓની મુત્સદ્દીગીરીની જાળમાં પણ તે હવે ફસાય તેમ નહોતું. તેણે પોતાના હકની લડતનાં આંદોલન આદર્યાં. જગતની પ્રજા સમક્ષ તેણે પોતાનો કેસ રજુ કરી દીધો. વિદ્યાર્થીઓએ પરદેશીઓના બહિષ્કારની અને તેમની સામેના ખુલ્લા તિરસ્કારની ચળવળ ઉપાડી લીધી. પરદેશી શાળા-કૉલેજોનાં બારણાંને તાળાં વાગ્યાં. પરદેશી કંપનીઓનાં અને ગોદીઓના ચીના મજુરોએ પરદેશીઓમાટે પસીનો ઉતારવાની સાફ સાફ ના પાડી. અંગ્રેજોએ તેમના સ્વભાવ પ્રમાણે કાયદા અને વ્યવસ્થાને નામે ગોળીઓ ચલાવી. ચીનાઓ અને તેમની વચ્ચે ખુલ્લી ઝપાઝપીઓ ચાલી. ઘણા ચીનાઓએ માથાં ગુમાવ્યાં. અંગ્રેજો અને તેની સાથે બીજી પાશ્ચાત્ય પ્રજાઓએ પોતાની પ્રજાના અને વેપારના રક્ષણને નામે ચીનનાં બારાંઓમાં પોતાની નૌકાઓ મોકલી દીધી; ચીનની ભૂમિપર પોતાનાં લશ્કરો ઉતારી મૂક્યાં અને ચીનના એ સ્વાતંત્ર્ય-યુદ્ધને દાબી દેવા તેમનાથી બની શકે તેટલા ઉપાયો યોજ્યા. ચીનપરત્વે અન્ય પ્રજાની સહાનુભૂતિ ન રહે તે માટે ચીનાઓના અત્યાચારોની કપોલકલ્પિત કથાઓના તાર દેશદેશમાં મોકલાવી, ચીનને દુનિયાની દૃષ્ટિમાં કાળું ચીતરવા માંડ્યું. પ્રપંચોથી પરદેશો પચાવનાર, પોતાના વેપાર-ઉદ્યોગની ખાતર પરદેશીઓને ભૂખે મરતા કરનાર, નિઃશસ્ત્રપર ગોળીઓ ચલાવનાર કયા ઉજળા મોઢે એ ચીનાઓને કાળા ચીતરતા હશે!

ઇંગ્લૅંડના મિથ્યા પ્રલાપો

પરંતુ એ બધાં કાદવ ઉડાડવાનાં ફાંફાંપ્રત્યે ચીનાઓ બેપરવા હતા; અને ઘડીભર માની લ્યો કે, યુદ્ધના આવેશમાં થોડાઘણા અત્યાચારો થયા હોય તોપણ શું? પોતાની ભૂમિપર પરદેશીઓ ફાવે તેવા અત્યાચારો ગુજારે એ કઈ પ્રજા-જો તે નિર્માલ્ય ન બની ગઇ હોય તો-નભાવી લે? લંડનમાં ચીનાઓ છૂટથી વેપાર કરી શકે; તે સ્વતંત્રપણે રહી શકે; તે કાંઇ પણ ગુન્હો કરે તો તેની અંગ્રેજી નહિ પણ ચીની અદાલતજ તપાસ લઈ શકે; કોઈ અંગ્રેજ ગુન્હો કરીને ચીની હદમાં આશરો લે, તો પછી લંડનનો પોલીસ કમીશ્નર ચીના અધિકારીની રજાવિના ગુન્હેગારને પકડી ન શકે; ચીની હદમાં રહેતા અંગ્રેજો મ્યુનીસીપલ વેરાનો મોટો હિસ્સો આપે અને છતાં તેમને મતાધિકાર ન મળે; લંડનના બારામાં ચીનનાં લડાયક જહાજો રહે; ચીનના વેપાર અને પ્રજાના રક્ષણમાટે લંડનમાં ચીની લશ્કર રહે-એ બધું કોઇપણ અંગ્રેજ એક ઘડીભર પણ સાંખી શકશે ખરો કે? તો પછી ચીનો શામાટે એ બધુ સહી લે? એવી પરિસ્થિતિ સામે બંડ ઉઠાવનાર અંગ્રેજ શૂરવીર કહેવાય, એટલુંજ નહિ પણ પરદેશીઓ ઉપર જુલ્મો ગુજારી, તેમના પર હત્યાકાંડ રચનારા અંગ્રેજોની બહાદૂર સૈનિકતરીકે કદર કરવામા આવે અને તેના કીર્તિ-સ્તંભો અને બાવલાંઓ ખડાં કરવામા આવે, તો પછી પોતાના આત્મરક્ષણાર્થે લડનાર ચીનો અત્યા-ચારી શામાટે? અન્ય દેશોના વેપાર તોડી પાડી પોતાના વેપાર જમાવવામાટે અને એક પછી એક દેશો હોઇયાં કરી જવા માટે અંગ્રેજો બીજા રાજ્યો સાથે મૈત્રી કરી તેની મદદ મેળવી શકે; પરંતુ ચીન જો રશિયાની મદદ લે તો અંગ્રેજોથી તે સહન ન થાય! ચીનમા બોલ્શેવીઝમ અને કૉમ્યુનીઝમ ફેલાશે એવી તે બૂમો પાડે! ચીને પોતાના સ્વાતંત્ર્ય-યુદ્ધમા મદદ કરવા ઇંગ્લૅંડને આમંત્રણ કર્યું હતું, પણ ઇંગ્લૅંડને તેમ કરવામા પોતાનો સ્વાર્થ આડો આવતો હોય, તો પછી ચીન બીજા ગમે તેની મદદ શામાટે ન લે? ડૉ. સુન-યાટ-સેને સ્પષ્ટ બતાવી આપ્યું છે કે, ચીન જેવડા વિશાળ દેશમાં બોલ્શેવીઝમ કે કૉમ્યુનીઝમ શક્ય નથી. દેશ એટલો કંગાલ છે કે,

પાશ્ચાત્ય પ્રજાઓને અને તેમાંયે ખાસ કરીને અંગ્રેજોને જ્યાં આંગળી ગળે, ત્યાં પોંચો કરી ખાવાની બદદાનત થયાવિના રહેતીજ નથી. જ્યાં જ્યાં તેમની નજર પડી છે, ત્યાં ત્યાંની પ્રજાની પાયમાલી નિર્માયેલીજ છે, એ વાત ઇતિહાસસિદ્ધ છે. વેપારને નામે પગપેસારો કરી કાવાદાવા, દગાફટકા અને પ્રપંચોની જાળમાં પરદેશી પ્રજાઓને સપડાવી પોતાના વાવટા તેણે ફરકત કર્યા છે. આત્મરક્ષણને નામે લશ્કરો જમાવી પરમુલકો પચાવી પાડવામાં તેનો ઉપયોગ કર્યો છે. પોતાનો સ્વાર્થ સાધવા ગમે તેવાં કાળાં કૃત્યો કરતાં તેમણે સંકોચ નથી રાખ્યો. નીતિને તો તેમણે નેવે મૂકી છે. ન્યાયનાં તો તે કેવળ નાટક ભજવે છે. ચીનમાં પણ અંગ્રેજોએ એવી રીતેજ પોતાનો પગપેસારો કર્યો હતો.

આજથી ચારસો વર્ષ પહેલાં સોળમી સદીમાં અંગ્રેજી વેપારી વહાણો ચીનના બંદરે લાંગર્યાં. ચીનાઓની દયા અને કૃપા ઉપર રહીને તેમણે પોતાના વેપાર ખેડવા માંડ્યા. બે સદીઓ એમ વીતી ગઈ. વેપારને નામે ઘેટા અને વરુના ન્યાયે પરદેશો હજમ કરવામાં નામચીન બનેલી બ્રિટિશ ઇન્ડિયા કંપનીએ અઢારમી સદીમાં કેન્ટન બંદરમાં પોતાના પાયા રોપ્યા, ત્યારથી તેણે પોતાના દાવ ખેલવા માંડ્યા. વેપારની વધુ સગવડો માગવા શહેનશાહ પાસે એલચીઓ મોકલવા માંડ્યા. ત્રણ ત્રણ પ્રયત્નો પછી પણ દાદ ન મળતાં ૧૮૩૯માં ઇંગ્લૅંડે દાદાગીરી ચલાવી અને ચીનનાં કેટલાંક બંદરો કબજે કરી કેન્ટનપર ઘેરો ઘાલ્યો. ત્રણ વર્ષના સતત યુદ્ધ પછી ચીનાઓ હારી ગયા અને ૧૮૪૨ માં ચીનાઓને નાનકીંગની નામોશીભરી શરતો સ્વીકારી, વિજેતાઓને ૨ કરોડ ૧૦ લાખ પૌંડનો ચાંલ્લો કરવો પડ્યો.

કોલકરારોની જંજીરો

નાનકીંગની શરતોથી કેન્ટન, એમોય, ફુચાઉ, નીંગપો અને સેંઘાઈ, એમ પાંચ બંદરો પરદેશીઓમાટે ખુલ્લાં થયાં. ત્યાં તેઓ કશી પણ અટકાયતવિના પોતાનો વેપાર ખેડી શકે, સંપૂર્ણ સ્વતંત્રતાથી વસવાટ કરી શકે અને પોતાના વ્યવહારપર પોતેજ દેખરેખ રાખી શકે. જકાતના દર પણ તેઓજ નક્કી કરે અને તેમાં ચીનની સરકાર કશો વધારો ન કરી શકે. તે ઉપરાંત અંગ્રેજોસિવાયના જે જે પરદેશીઓને ચીનની સરકાર જે જે છૂટછાટો આપે, તે બધી અંગ્રેજોને પણ મળે. આમ આખી બાજી ઉલટાઇ ગઇ. હવે અંગ્રેજોએ દરેક બાબતમાં આપખુદી ચલાવવા માંડી. બે વર્ષ પછી એટલે કે ૧૮૪૪ માં અમેરિકન પ્રતિનિધિ કાશેલ કશીંગે ચીનપર નવી જાળ પાથરી અને અસાધારણ મુલકી હક્કના કોલકરારની જંજીરો ચીનના ગળામાં પહેરાવી દીધી. એ કોલકરાર પ્રમાણે તો કોઇ પરદેશી ચીનમાં ગમે તે ગુન્હો કરે, તો તેની તપાસ ચીની અદાલતમાં નહિ પણ પરદેશી અદાલતમાંજ ચાલે; એટલુંજ નહિ પણ કોઇ ચીનો એ હદમાં ગુન્હો કરે, તો તેની તપાસમાટેના પંચનો પ્રમુખ પણ પરદેશીજ બને. દિવસો જતા ગયા, તેમ તેમ પરદેશીઓએ કોલકરારોની કલમોનો મનમાન્યો અર્થ કરી પોતાના ખીસા મજબૂત કરવા માંડ્યા. પછી તો ચીનની હદમાં પણ ગુન્હો કરીને કોઇ ચીનો પરદેશી હદમાં પલાયન કરે, તો, તો પરદેશી સત્તાની મંજુરીવિના ચીની અમલદાર તે ગુન્હેગારને પકડી પણ ન શકે. પરદેશી હદમાં મ્યુનીસીપલ ઉપજનો નેવુ ટકા હિસ્સો ચીનાઓ ભરે અને છતાં તેમનો મ્યુનિસિપલ કમિટીમાં ક્યાંયે સ્થાનજ ન મળે. ટૂંકામા પરદેશીઓજ ચીનના ખરા માલીક બની બેઠા. ૧૯૦૦ ના બૉક્સર બળવા પછી "કાયદા અને વ્યવસ્થા" જાળવવાના બહાના નીચે પરદેશીઓએ પોતાનાં લશ્કરો અને નૌકાઓ ચીનમાં ખડકવા માંડ્યાં–ચીનની ભૂમિપર પોતાનીજ પોસ્ટ ઑફીસો અને [illegible] ખોલવા માંડ્યા અને છેલ્લા યુરોપીય યુદ્ધના ઇંગ્લૅંડના સંચાલક લૉઇડ જ્યૉર્જે [illegible] ચીનના ગળાપર કાયમનો ફાંસો નાખવાનો દાવ અજમાવ્યો; [illegible] પણ ખોદી કાઢવાનો સમય આવ્યો.

સ્વાતંત્ર્ય-યુદ્ધ

[illegible] સિક્વર્ડ [illegible] પછી અને પ્રજાસત્તાકની સ્થાપના પછી ચીનને પોતાની પરા[illegible] તેને પોતાની ઉપર જડવામાં આવેલાં પોલાદી ચોકઠાં સામે

[illegible] ચળવળ ઉપાડી લીધી. [illegible] કારખાનાં અને ઑફિસોમાંથી ચીના મજુરો [illegible] આવી અંગ્રેજોએ તેમના [illegible] કાયદા અને [illegible] ચીનાઓ અને તેમની ઉપર ખુલ્લી [illegible] માંડી. [illegible] તેની સાથે બીજી [illegible] પોતાની પ્રજાના [illegible] ચીનનાં આંદોલનમાં પોતાની [illegible] હતી; ચીનની જમીન પર પોતાના [illegible] ચીનના એ સ્વાતંત્ર્ય-યુદ્ધને [illegible] તેમનાથી બનતા [illegible] અન્ય પ્રજાની સહાનુભૂતિ ન રહે તે માટે ચીનાઓના [illegible] દેશોમાં ફેલાવી, ચીનને દુનિયાની દૃષ્ટિમાં કાળું ચીતરવા માંડ્યું. [illegible] પોતાના વેપાર-ઉદ્યોગના ખાતર પરદેશીઓને ભૂખે મારતા [illegible] નિર્દોષ [illegible] કરનાર [illegible] ચીનાઓને કાળા ચીતરો છો !

ઈંગ્લેંડના મિથ્યા પ્રલાપો

પરંતુ એ બધાં કારણ ઉપાડવાના કૂવાઓમાં ચીનાઓ ઓગરવા હતા; અને પરિણામ માની લોકે. યુદ્ધના આવેશમાં ઘાયલેલા અત્યાચારો થયા હોય તોપણ શું ? પોતાની જમીન પર પરદેશીઓ આવી તેવા અત્યાચારો ગુજારે એ કયો પ્રજા—જેને તે નિર્માલ્ય ન બનાવી માગ હોય તેના—ચલાવી લે ! શાંઘાઈમાં ચીનાઓ છૂટથી વેપાર કરી શકે; ત્યાં સ્વતંત્રપણે રહી શકે, ત્યાં કોઈ પણ ગુન્હો કરે તો તેની અંગ્રેજ નહિ પણ ચીની અદાલતમાં તપાસ થઈ શકે; કોઈ અંગ્રેજ ગુન્હો કરીને ચીની હદમાં આવ્યો હોય, તો પછી શાંઘાઈનો પોલીસ કમીશ્નર ચીના અધિકારીની રજા વિના ગુન્હેગારને પકડી ન શકે; ચીની હદમાં રહેતા અંગ્રેજો મ્યુનીસીપલ વેરાનો મોટો હિસ્સો આપે અને ત્યાં તેમને મતાધિકાર ન મળે; શાંઘાઈના બારામાં ચીનના વહાણ [illegible] રહે; ચીનના વેપાર અને પ્રજાના રક્ષણમાટે શાંઘાઈમાં ચીની લશ્કર રહે—એ બધું કોઈપણ અંગ્રેજ એક પળભર પણ સાંખી શકશે ખરો કે ? તો પછી ચીનો શામાટે એ બધું સહી લે ? એવી પરિસ્થિતિ સામે બંડ ઉઠાવનાર અંગ્રેજ શૂરવીર કહેવાય, એટલું જ નહિ પણ પરદેશીઓ ઉપર જુલ્મો ગુજારી, તેમના પર હુમલાઓ રચનારા અંગ્રેજોની બહાદુર નૈતિકતાની કદર કરવામાં આવે અને તેના કીર્તિસ્તંભો અને બાવલાઓ ખડા કરવામાં આવે, તો પછી પોતાના [illegible] કરનાર ચીનો અસહકારી શામાટે ? અન્ય દેશોના વેપાર તોડી પાડી પોતાના વેપાર જમાવવા માટે અને એક પછી એક દેશો હોઈયા કરી જવા માટે અંગ્રેજો બીજા રાજ્ય સાથે [illegible] મદદ મળવી શકે; પરંતુ ચીન જો રશિયાની મદદ લે તો [illegible] અને કોમ્યુનીઝમ ફેલાશે એવી તે બુમો પાડે ! ચીને પોતાના [illegible] કરવા ઈંગ્લેંડને આમંત્રણ કર્યું હતું, પણ ઈંગ્લેંડે તેમ કરવામાં પોતાનો સ્વાર્થ [illegible] હોય, તો પછી ચીન બીજા ગમે તેની મદદ શામાટે ન લે ? ડૉ. સુન-યાટ-સેને [illegible] બતાવી આપ્યું છે કે, ચીન જેવા વિશાળ દેશમાં બોલ્શેવીઝમ કે કોમ્યુનીઝમ શક્ય નથી. હવે એટલો સવાલ છે કે,

ત્યાં એવી કશીયે દોલત નથી કે જે વહેંચી લેવાનો ઝગડો થાય. આમ છતાં ધારો કે ચીનમાં બોલ્શેવીઝમ કે કૉમ્યુનીઝમ આવે, તોપણ તેની ચિંતામાં ઇંગ્લૅંડ કાં દુબળું પડે? ખરી વાત તો એ છે કે, ઇંગ્લૅંડને પોતાનો વેપાર, પોતાની લૂંટ, પોતાની આપખુદ સત્તા, એ બધું જવા બેઠું છે તેની ચિંતા પેઠી છે અને તે ડૂબતાની જેમ તરફડીઆં મારી રહ્યું છે.

પરંતુ દુનિયાની કે ચીનની આંખે હવે એ પાટા બાંધવાના પ્રયત્નો મિથ્યા છે. "ચીન ચીનાઓ માટે" એ સ્વ. સુન-યાટ-સેનનો મહામંત્ર પ્રજાની રગેરગમાં રમી રહ્યો છે. એ સિવાય બીજી કોઇ શરત તેમને મંજુર નથી. યુજેન-ચેન જેવા કાબેલ કારભારી બ્રિટિશ મુત્સદ્દીગીરીનો જડબાતોડ જવાબ આપી રહ્યા છે. જનરલ ચિયાંગ-કે-શેક પરદેશી બળોનો મુકાબલો કરી તેને બહાદૂરીથી પાછા હઠાવી, અસાધારણ હક્કો છોડી દેવાની ફરજ પાડી રહ્યા છે.

વિઘ્નો

કમનશીબે વુ-પે-ફુ, ચાંગ-સો-લીન, સુન-ચાંગ-ફાંગ, ચાંગ-સુંગ-ચાંગ અને ફેંગ-યુ-સિયાંગ જેવા સ્વાર્થી અને સત્તાલોલુપ ચીના સરદારો અને પ્રજાસત્તાકના પ્રયત્નોમાં પથરા નાખી રહ્યા છે અને વુ-પે-ફુ જેવા તો પરદેશીઓના હાથમાં રમી રહ્યા છે, એટલે પ્રજાસત્તાક ચીન હજુ નિશ્ચિંત નથી બન્યું; પરંતુ નવું ચીન-પ્રજાસત્તાક ચીન-આઝાદ ચીન એ બધી મુશ્કેલીઓથી પાર ઉતરવા કટિબદ્ધ છે. સ્વ. ડૉ○ સુન-યાટ-સેનનાં પત્ની આજે ચીનનાં મહારાણી જેવાં છે. તેઓ પોતાના પતિનું અધુરૂં રહેલું કાર્ય પૂરૂં કરવા મથી રહ્યાં છે. એ દરમિયાન પરદેશીઓના પંઝામાંથી મુક્ત થવાનું મથન ચાલુ છે, એનું ભાવિ ભાખવું મુસ્કેલ છે; તોપણ જગતમાં પ્રભુના ન્યાય જેવી વસ્તુ જો કોઇ હોઈ શકે તો વિજય જરૂર ચીનનો છે. યુદ્ધ કે શાંતિના સમયમાં ચીનનું આંતર-રચનાત્મક કાર્ય ચાલુ છે અને એની રૂપરેખા-યોજના, સ્વર્ગસ્થ ડૉ. સુન-યાટ-સેન પોતાના "ઇન્ટરનેશનલ ડેવેલપમેન્ટ ઑફ ચાઇના" (ચીનની આંતરરાષ્ટ્રીય ખીલવણી) નામના પુસ્તકમાં દોરી ગયા છે. તેના મુખ્ય દશ વિભાગો નીચે પ્રમાણે છેઃ—

પ્રગતિને પંથે

૧—વહેવારનાં સાધનોની ખીલવણી
- ક-૧,૦૦,૦૦૦ માઇલની રેલ્વે બાંધવી.
- ખ-૧,૦૦,૦૦૦ માઇલના પાકા રસ્તા બાંધવા.
- ગ-ચાલુ નહેરો સુધારવી.
- ઘ-નવી નહેરો બાંધવી.
- ચ-નદીઓની સંભાળ રાખવી અને સુધારણા કરવી.
- છ-આખા દેશમાં તાર, ટેલીફોન અને વાયર્લેસ નાખવા.

૨—વેપારી બંદરો ખીલવવાં
- ક-ઉત્તર, મધ્ય અને દક્ષિણચીનમાં ન્યુયૉર્કના બંદર જેવડાં મોટાં બંદરો બાંધવાં.
- ખ-બીજાં નાનાં બંદરો બાંધવાં.
- ગ-જે નદીઓમાં સ્ટીમરો જઇ શકતી હોય, તેના કાંઠે ગોદીઓ બાંધવી.

૩-રેલ્વેમથકો અને દરિયાઇ બંદરો નજીક શહેરો બાંધવાં.
૪-પાણીમાંથી વિજળીક બળ ઉત્પન્ન કરવું.
૫-લોખંડ, પોલાદ અને સીમેન્ટના મોટા પાયાપર કારખાનાં ખોલવાં.
૬-ખાણો ખીલવવી.
૭-ખેતીવાડી ખીલવવી.
૮-ખેતરોને પાણી પૂરૂં પાડવા માટેની નહેરો બાંધવી.
૯-મધ્ય અને ઉત્તરચીનમાં ફરી જંગલો ઉગાડવાં.
૧૦-મંચુરિયા, મોંગોલિયા, સીકિયાંગ, કોકોનોર અને થીબેટમાં વસવાટ જમાવવો.

આ બધી યોજનાઓનો કેવી રીતે અમલ કરવો, તેને માટે નાણાં અને સાધનો કેવી રીતે

ભેળવવાં વગેરે સંપૂર્ણ વિગતો તેમણે એ પુસ્તકમાં આપી છે. અનુભવીઓએ તેમની યોજનાનાં વખાણ કર્યાં છે. એ યોજનાઓનો અમલ થતાં ચીન આજના કરતાં કાંઇક જુદું જ હશે.

અને ચીન માત્ર પોતાનાં ગદ્દારનાં બંધનો તોડીને સંતોષ માની બેઠું નથી. તેણે પોતાના દોષો અને ઉણપો પણ નિહાળી લીધી છે અને પોતાની આત્મશુદ્ધિનો યત્ન પણ આરંભ્યો છે. લાંબા ચોટલાઓપર તેણે એકજ સપાટે કાતર મૂકી દીધી છે, દેશના મોટા ભાગે અફીણ છોડયું છે અને બાકી રહ્યા છે તે પણ છોડતા જાય છે. પહેરવેશમાં પણ ફેરફાર કર્યો છે. સંખ્યાબંધ યુવાનો પરદેશમાં હુન્નરકળા અને ઉદ્યોગધંધાનું શિક્ષણ લઇ રહ્યા છે. અનેક યુવાનો પરદેશમાં લશ્કરી અને નૌકાની તાલીમ લઇ રહ્યા છે. આખુએ ચીન પ્રગતિને પંથે વળ્યું છે. પ્રભુ ચીનના એ મનોરથો પાર પાડો અને પોતાની આઝાદી ઇચ્છતી પ્રજા ચીનના આ મહાયત્નમાંથી પાઠ શીખો!

("મુંબઇ સમાચાર"ના સં. ૧૯૮૩ ના દીપોત્સવી અંકમાં લેખક:—રા. 'વિનોદ')

૩૨—ધાર્મિક ઘેલછા

થોડાક વખતપર બનારસ કૉલેજમાં અંગ્રેજી શિક્ષણ મેળવેલા નવયુવાન રાજા પોતાની સ્ત્રી તથા મા સાથે મુસાફરી કરતા તીર્થમાં ફરતાં અયોધ્યામા આવ્યા. મા જુના વિચારની હતી. સરયૂમા સ્નાન કર્યાં પછી માએ પુત્રને કહ્યું કે, હું તારા પિતાની સાથે અહીં આવી, ત્યારે તારા બાપે મને પંડયાને દાનમાં આપીને પછી મને ખરીદી હતી, તેથી મહાપુણ્ય ગણાય છે. શિક્ષિત બેટાને એ વાત ગળે ન ઉતરી. માતાને ઘણું સમજાવી, પણ તે શેનું માને? હારીને પુત્રે પોતાની સ્ત્રીને શણગાર પહેરાવી પંડયાને દાન કરી દીધી. સંકલ્પવિધિ પૂરો થતા રાજાના નોકરોએ પંડયાને તે સ્ત્રીનું મૂલ્ય પૂછ્યું. પંડયાએ રૂપિયા નહિ લઉં એમ કહી મૌન પકડ્યુ. માના કહેવાથી નોકરોએ હજારના તોડા પંડયા પાસે મૂકયા, પણ પંડયાએ જવાબ આપ્યો કે, રૂ. નહિ લઉં અને મને દાનમાં મળેલી ચીજ હું વેચવા માગતો નથી. એ ઉપરથી રાજાને ઘણી રીસ ચઢી અને હુકમ કર્યો કે, બદમાસને બૂટ મારો અને પાલખી લઇ કાંઇ પણ આપ્યા સિવાય સ્ત્રીને લઇ ક્યો; પરંતુ ધર્માવતાર માએ પુત્રને ઠપકો આપ્યો અને પંડયાની આજ્ઞા સિવાય પુત્રવધૂ નહિ લેવાની આજ્ઞા ફરમાવી. આથી રાજા પાછા ઢંડા પડયા ને પંડયાને સમજાવવા માંડયો. વળી કિંમત પણ વધી તે એટલે સુધી કે રાણીના શરીરપરના તમામ દાગીના અને ૧૦ હજાર રૂપિયા રોકડા આપવાનું ફરમાન થયું; પરંતુ પંડયાજીના મનમા તો રાણી વસી હતી, તેથી કોઇ રીતે સમજે નહિ. ગભરાઇ જઇ રાજા સાહેબે ફૈઝાબાદના કમીશ્નરને અરજ કરી. કમીશ્નર પણ આ વાત સાંભળી ખૂબ હસ્યો; પરંતુ આખરે પંડયાને કેદ કરી જેલમા પૂર્યો. એક રાત કોટડીવશ થતાં પંડયાજી ઠેકાણે આવી ગયા અને શરીરના દાગીના તથા રૂ. ૧૦ હજાર લેવાની હા પાડી. કમીશ્નરે કહ્યું કે હવે માલની કિંમત ઉતરી છે, તેથી હવે એટલુએ નહિ મળે. આખરે ૩ દિવસ કેદમાં રહ્યા પછી છેવટે હજાર રૂ. લેવા હા પાડી. તે પછી કમીશ્નરે રાજા પાસેથી હજાર રૂ. અપાવી રાણીનો કબજો સોંપાવ્યો.

("ખેડાવર્તમાન" ના તા. ૨૧-૧૨-૨૭ ના અંકમાંથી)

અર્થાત્–બ્રાહ્મણે પોતાની પાસે ૩ વર્ષ પૂરતો સામાન રાખવો; અથવા ૧૨ દિવસનો અથવા ત્રણ દિવસનો અથવા આવતી કાલ નો એક દાણો કે અન્નમાંથી પણ પોતાની પાસે રાખવો નથી. ૪,૮ માં આ ચાર પ્રકારમાંથી એકથી બીજાને ઉચ્ચ કોટિનો ગણ્યો છે. [illegible] છે, બ્રાહ્મણે ધનધાન્યનો બહુ સંગ્રહ રાખવો ન જોઈએ. પોતાના ઉદરનિર્વાહ પૂરતું પોતાની પાસે રાખવું, તેથી વધારે રાખવું જોઈએ નહિ. વેદવ્યાસે તો [illegible] કહીને જ સામાન્ય આદર્શ રજુ કરી દીધો છે. મનુ ૭,૧૩૩ માં બ્રાહ્મણનાં કર્તવ્ય બતાવતાં કહ્યું છે કે, વેદજ્ઞ ગમે તેટલી આપત્તિમાં પણ [illegible] વિરુદ્ધ જાય એવો [illegible] કરવો જોઈએ નહિ, તેમજ ભૂખથી કે કર્મથી જીવનનો [illegible] પણ કરી શકે નહિ.

બ્રાહ્મણોની જવાબદારીનો પણ આ પ્રસંગે વિચાર કરવો જોઈએ. જનસમાજમાં જ્ઞાનનો પ્રચાર કરીને શાંતિ સ્થાપવી, એ બ્રાહ્મણોનું જ કર્તવ્ય છે. માત્ર આધ્યાત્મિક જ નહિ, પણ વ્યાવહારિક જ્ઞાનભંડારનો અધ્યક્ષ–મુખ્ય માણસ પણ બ્રાહ્મણે જ થવું જોઈએ. તેથી જ મનુએ અ૦ ૧૦,૨ માં કહ્યું છે કેઃ—

सर्वेषां ब्राह्मणो विद्याद् वृत्त्युपायान् यथाविधि ।
प्रब्रूयादितरेभ्यश्च स्वयं चैव तथा भवेत् ॥
योऽनधीत्य द्विजो वेदमन्यत्र कुरुते श्रमम् ।
स जीवन्नेव शूद्रत्वमाशु गच्छति सान्वयः ॥

અર્થાત્–બ્રાહ્મણે સર્વ વર્ણોની આજીવિકાના ઉપાયો જાણીને તેમને બતાવવા જોઈએ અને પોતે પોતાના કર્તવ્યમાં તત્પર રહેવું જોઈએ. મનુ૦ ૧–૮૮મા બ્રાહ્મણનાં કર્તવ્ય—

अध्यापनमध्ययनं यजनं याजनं तथा ।
दानं प्रतिग्रहश्चैव ब्राह्मणानामकल्पयत् ॥

આ શ્લોકથી બતાવેલાં છે. તેમાં ભણવું–ભણાવવું, શાસ્ત્રો સાંભળવા–સંભળાવવાં, યજ્ઞ કરવા–કરાવવા, દાન દેવું અને જરૂર પડતા થોડુંક દાન લેવુ, એ છનો ઉલ્લેખ કરેલો છે. સમાજમાં જ્ઞાનનો નાશ અને અજ્ઞાનનો વધારો થાય, ધર્મનો નાશ અને અધર્મનો ફેલાવો થાય, તો તે બધાની જવાબદારી ઘણે ભાગે બ્રાહ્મણોને માથે છે. બ્રાહ્મણોની જવાબદારી ધ્યાનમાં રાખીને જ મનુ મહારાજે અધ્યાય ૮, શ્લો. ૩૩૭, ૩૩૮માં કહ્યું છે કે, શુદ્રને ચોરીને માટે ૮ રૂપીઆ દંડ થાય ત્યાં વૈશ્યને ૧૬ રૂપીઆ, ક્ષત્રિયને ૩૨ રૂપીઆ અને બ્રાહ્મણને ૬૪, ૧૦૦ અથવા ૧૨૮ રૂપીઆ દંડ કરવો જોઈએ; કેમકે તેણે જ્ઞાનસંપન્ન હોવા છતાં પાપકર્મ કરેલું છે.

આ જાતના શ્લોકોથી સ્પષ્ટ જણાય છે કે, બ્રાહ્મણોની પ્રતિષ્ઠા સૌથી વધારે હોવી જોઈએ. આ પ્રમાણે જ્યાં ધર્મશાસ્ત્રોએ કહ્યું છે, ત્યાં તેમનું જીવન અત્યંત સાદું અને કઠણ તપસ્યાપૂર્ણ બનાવેલું છે અને સાથે સાથે સૌથી વધારે જવાબદારી તેમને માથે નાખી છે. તે પ્રમાણે નહિ સમજવાથી તેઓ ઉચ્ચ પદપરથી ભ્રષ્ટ થાય છે–અર્થાત્ ઉપર બતાવ્યા પ્રમાણે સૌથી વધારે પાપ અને દંડના ભાગીદાર થાય છે.

હવે બ્રાહ્મણોચિત ગુણો ઉપર અત્રે થોડું શાસ્ત્રીય દૃષ્ટિએ વિવેચન કરીશું. શુક્રનીતિસાર અ૦ ૧, શ્લોક ૪૦ માં–

ज्ञानकर्मोपासनाभिर्देवताराधने रतः ।
शान्तो दान्तो दयालुश्च ब्राह्मणश्च गुणैः कृतः ॥

આ પ્રમાણે કહ્યું છે તેનું તાત્પર્ય એ છે કે, જે પૂરું જ્ઞાન, કર્મ અને ઉપાસનાદ્વારા પરમેશ્વર અને બીજા જ્ઞાનીઓની પૂજામાં તત્પર રહે છે, જે શાન્ત, સંયમી અને દયાળુ છે, તે શમ–

છે. જેમ સર્વ સિદ્ધિઓ બ્રહ્મવેત્તાની સેવા કરે છે, તેમ યથાર્થ સંધ્યોપાસકને અભ્યુદયપ્રાપ્તિ પણ અનાયાસેજ થાય છે. સંધ્યોપાસનામાં ચિત્તશુદ્ધિને અર્થે અનેક શક્તિઓનો વિનિયોગ યોજાયેલો છે. માર્જન, અઘમર્ષણાદિમાં ભાવનાશક્તિ, ગાયત્રીજપ, અર્ઘ્યપ્રદાનાદિમાં મંત્રશક્તિ, આચમન, ભસ્મધારણાદિમાં દ્રવ્યશક્તિ અને પ્રાણાયામાદિકમાં ક્રિયાશક્તિનો વિનિયોગ વિશેષરૂપે કરી સાધ્યની સિદ્ધિ કરવાની યોજના એ પુણ્યકર્મમાં સ્પષ્ટ જણાઇ આવે છે. આ બધા વ્યાયામવડે અપૂર્વ શક્તિઓ પ્રાપ્ત થાય છે. આવા નિત્ય નિયમથી એક પ્રકારની આત્મશ્રદ્ધા અને પ્રભુશ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

આ સમયમાં ધાર્મિક ક્રિયાઓ તરફ ઉપેક્ષા વા આક્ષેપો થાય છે, પ્રતિકૂળતા જણાય છે; તથાપિ ઉપનયન સંસ્કારવાળા સર્વ દ્વિજોએ શિખાસૂત્ર અને સંધ્યાનું રહસ્ય સમજી પોતાના ધર્મકર્મમાં ઉદ્યુક્ત થવું ઘટે છે. ભારતને સારુ આ સંધ્યાનો સમય છે. સંધ્યોપાસના એ બ્રાહ્મણનું પરમ બળ છે અને આદર્શ બ્રાહ્મણો એ દેશનું દૈવત છે. એવા બ્રાહ્મણો સ્વાભાવિક રીતેજ બ્રાહ્મણો અને અબ્રાહ્મણો સર્વથી પૂજ્ય છે; પણ એ આદર્શ મહાન છે, એમાં વિલાસપરાયણતાને, સન્માનશોધનને, અર્થલોલુપતાને અવકાશ નથી. "બ્રાહ્મણનો દેહ ક્ષુદ્ર કામનાઓને અર્થે નથી" એમ વેદવ્યાસ પોતાની સમાધિભાષામાં કહે છે અને ભગવાન મનુ તેના ઉચ્ચાર્યનોજ જાણે ઉદ્ઘોષ કરતા હોય તેમ કહે છે:–

स हि धर्मार्थमुत्पन्नो ब्रह्मभूयाय कल्पते ।

આ પરમ સાધ્યને અર્થે સંધ્યોપાસના કરવી એ શું બહુ છે? અને સંધ્યાની ઉપાસના–"પ્રયોગ" કરનારને બ્રહ્મવિદ્યાનું દર્શન કરાવશે, એવી આપ્તજનો તેમજ અનુભવ સાક્ષી તો પૂરે છે.

("ચિત્રમય જગત" ના સપ્ટેમ્બર ૧૯૨૫ ના અંકમાં લેખક રા. "વસંત")

૩૫–વિજયા–દશમીની વિશેષતા શું છે?

કોઇ પણ જાતિના તહેવારો એ તેના જાતીય જીવનના પ્રદર્શક હોય છે. એ તહેવારોદ્વારા જાતીય જીવન ઉત્પન્ન કરવામાં આવે છે અને તેને સ્થિર કરવામાં આવે છે. જે માણસ હિંદુજાતીયતાની અસ્મિતા ઉપર વિશ્વાસ નથી રાખતો, તે જો હિંદુઓના જાતીય તહેવારો તરફ ધ્યાન આપે તો તરતજ તેને જણાઇ રહે કે આ તહેવારો હિંદુઓને એક જાતિતરીકે કેવી રીતે તૈયાર કરે છે.

આપણા જાતીય તહેવારોમાં વિજયાદશમીનો તહેવાર મુખ્ય મનાયો છે અને જ્યાં પણ હિંદુજાતિનો કોઇ પણ બચ્ચો મોજુદ છે, ત્યાં તે તે દિવસે પોતાના હૃદયમાં ઉલ્લાસ અનુભવે છે. કોઈ ખાસ સમયે સૌના હૃદયમાં એકજ ભાવ ઉત્પન્ન થવામાંજ જાતીયતાનું બીજ રહેલું છે. આપણે એ જોવાનું છે કે, આ ભાવ ઉત્પન્ન થવાનું કારણ શું છે? એ યોગ્યજ છે કે, મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામચંદ્રજીના જીવનનો સમગ્ર વૃત્તાંત તે દિવસે હિંદુજાતિની સમક્ષ ખડો થઈ જાય છે. એ વૃત્તાંત ગમે તેટલો દિવ્ય અને આપણે માટે સાચા આદર્શની ગરજ સારનાર હોય, તોપણ માત્ર એટલા પ્રસંગે તે–કેવળ એટલાજ કારણથી આટલો બધો મહાન તહેવાર થઈ શકાય નહિ. આ તહેવારના મૂળમાં એક વિશેષ કડી બાબત હોય લાગે છે. તે એ કે, તે દિવસે ભગવાન રામચંદ્રજીએ ત્યાં આગળ વસીને લંકાના રાજાને હરાવ્યો અને લંકામાં આર્યરાજ્યની સ્થાપના કરી. ભગવાન રામચંદ્રજીના જીવનમાં ઐતિહાસિક દૃષ્ટિએ વિશેષ મહત્ત્વની વાત એ છે કે, તેઓ આર્યજાતિના એક સર્વથી પહેલાજ રાજપુત્ર હતા, કે જેમણે ઉત્તરભારતથી ઉતરી દક્ષિણ દિશા તરફ જઈ દક્ષિણની જાતિઓમાં આર્ય સભ્યતાનો પ્રચાર કર્યો. તેમના લંકાવિજયથી આર્યજાતિના હૃદયમાં એવો અને આનંદની એવી લહેરો ઉઠી કે સમગ્ર જાતિએ તે દિવસની સ્મૃતિ માટે એક વાર્ષિક તહેવાર બનાવી દીધો. લંકા–વિજયથી આર્યજાતિમાં એક એવી

શક્તિ પેદા કરે કે જેણે એકેએક હિંદુ મહાત્માઓના અપમાન ભૂમિમાં જઈને બની શક્યા. તે આપણને સ્વર્ગ સમુદ્રની પાર જઈને લંકા ઉપર વિજય ન કર્યો હોત તો બિભીષણ, અંગદ, સુગ્રીવ અને મારુતિ વગેરે દેશોમાં આર્યધર્મ અને આર્યસભ્યતાનો ફેલાવો અસંભવિત હતો; તેથી વિજયાદશમીનો તહેવાર હિંદુજાતિને તેના ભૂતકાળના ગૌરવના મહત્વનું સ્મરણ કરાવે છે. પણ હવે આપણી પતિત અવસ્થા તો જુઓ! આપણે આજે તો એમજ સમજીએ છીએ કે, સમુદ્રમાં કે વિદેશ જવાથી ધર્મભ્રષ્ટ થઈ જઈએ છીએ! કારણ એજ છે કે, આપણે એટલા પતિત થઈ ગયા છીએ કે આવા મહાન જાતીય તહેવારના મહત્વને પણ ભૂલી ગયા છીએ. આપણો આ તહેવાર આપણાં સ્ત્રી-પુરુષ અને બાળકો માં કેવળ માટે માત્ર હરવાફરવા અને ખેલ-તમાશાનુંજ સાધન બની ગયો છે. આપણા ભાષા દારૂખાના અને પૂજનના આડંબર આપણાં હૃદયમાં સાચા જાતીય પ્રેમની લાગણીઓ ઉત્પન્ન કરી શકતા નથી. આપણે પોતે પતિત બનવાની સાથે સાથે આપણા જાતીય તહેવારોને પણ પતિત બનાવી દીધા છે!

વધારે શું લખું? હું ઈશ્વર પાસે એજ વરદાન માગું છું કે, વિજયાદશમીના તહેવારને દિવસે હિંદુજાતિમાં નવેસરથી સ્વજાતિ-પ્રેમ ઉત્પન્ન થાઓ; આપણે પ્રત્યેક હિંદુને ભલે તે ગમે તેટલો નીચ જાતિનો હોય, તોપણ તેને આપણે આપણો ભાઈ સમજીએ અને નવેસરથી જાતીય તહેવારોના મહત્વની સ્થાપના કરીએ.

('હિંદુપંચ' ના વિજયાંકમાંથી અનુદિત. લેખક-દેવનારાયણ ભાઈ પરમાનંદજી એમ. એ.)

૩૬-વિજયે

સ્વાગત મૈં! સ્વાગત વિજયે!!
નિજ ગંભીર-નિનાદ-વિજય સે કર દે કમ્પિત દેશ,
હો કોપિત ધુલવા દે હમ સે કાયરતા કા વેશ. સ્વાગત૦
ખોયા નિજ ગૌરવ સબ હમને હો વિલાસ-આધીન,
યહ વિલાસ-પ્રિયતા વિનષ્ટ કર ભર ઉત્સાહ નવીન. સ્વાગત૦
કાયર જન કી ભાંતિ મૂક હો સહતે અત્યાચાર,
ભર દે શક્તિ માતુ! કર પાયેં દુષ્ટોં કા પ્રતિકાર. સ્વાગત૦
તવ હુંકાર કર સકે હમમેં નવ-જીવન સંચાર,
હો જાયેં સ્વદેશ-વેદીપર મરને કો તૈયાર. સ્વાગત૦

('હિંદુપંચ'ના વિજયાંકમાંથી)

૩૭-દશરા અથવા દશાહરા એટલે ?

પ્રાચીનકાળમાં ચારે વર્ણોને માટે જે રીતે જુદા જુદા વ્યવસાયો નક્કી કરેલા હતા, જેમકે બ્રાહ્મણોને માટે પઠન-પાઠન, ક્ષત્રિયોને માટે રક્ષણ-પાલન, વૈશ્યોને માટે વેપાર અને શૂદ્રોને માટે સેવા, તેજ પ્રમાણે પ્રત્યેક વર્ણને પોતપોતાની પ્રધાનતા દર્શાવવાનો અવસર મળે, એવા ઉદ્દેશથી વર્ષની અંદર ચાર મોટા મોટા તહેવારો નક્કી કરવામાં આવ્યા હોય તેમ જણાય છે. રક્ષાબંધન (બળેવ) એ બ્રાહ્મણોનો મુખ્ય તહેવાર છે; દશેરા ક્ષત્રિયોનો; દીવાળી વૈશ્યોનો અને હોળી શૂદ્રોનો. તેમાંથી ત્રણ તહેવારોનાં નામોના અર્થ તો સહેજે સમજાય છે, પરંતુ ચોથા દશેરાનો અર્થ સ્પષ્ટ

થતો નથી. રીંવા રાજ્યના ગેઝેટિયર-લેખકે દેશી શબ્દોની 'ગ્લૉસરી' માં નીચે પ્રમાણેની નોંધ આપી છેઃ—

દશેરાનો અર્થ દશ (પાપ) હરણ કરનાર થાય છે. તે આસો સુદી ૧૦ ને દિવસે આવે છે અને રાજપૂત તથા મરાઠાઓનો ખાસ તહેવાર ગણાય છે. રામે દુર્ગાની પૂજા કરીને રાવણુસાથે યુદ્ધ કરવાને દશમને દિવસે પ્રયાણ કર્યું હતું અને તેજ દિવસે વિજય મળવાથી તેનું નામ વિજયાદશમી પડયું છે. આ તહેવાર વર્ષાઋતુનો અંત દર્શાવે છે. તે દિવસથીજ ક્ષત્રિયો વિજય-પ્રસ્થાન કરતા હતા. આ ઉપરથી વિજયાદશમીનો અર્થ તો બરાબર સમજી શકાય છે; પરંતુ દશેરાનો અર્થ તો તેમ છતાંયે સ્પષ્ટ થતો નથી. એવાં કયાં દશ પાપો હતાં કે જેનું આ અવસરે હરણ થાય છે; તે પણ સમજાતું નથી. એ ઉપરથી લાગે છે કે, પ્રાચીનકાળમાં એ દશ પાપ એટલાં જાહેર હશે કે જેમને ગણાવવાની જરૂર નહિ પડતી હોય, જેમ વર્તમાન સમયમાં ચાતુર્વર્ણ્ય કહેવાથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રને ગણાવવાની જરૂર પડતી નથી. પ્રાચીન શાસનોમાં "દશાપરાધ"નો ઉલ્લેખ કરેલો છે, પરંતુ કયાંય તે દશ અપરાધોનાં નામ લખેલાં જણાતાં નથી. અલબત્ત, કાશીનાથ ઉપાધ્યાયના ધર્મસિંધુસારમાં નીચે લખેલા શ્લોકો મળી આવે છેઃ—

अदत्तानामुपादानं हिंसा चत्रावधानतः ।
परदारोपसेवा च कायिकं त्रिविधं स्मृतं ॥
पारुष्यमनृतं चैव पैशुन्यं चापि सर्वशः ।
असम्बद्ध प्रलापश्च वाङ्मयं स्याचतुर्विधं ॥
परद्रव्येष्वभिध्यानं मनसानिष्टचिन्तनम् ।
वितथाभिनिवेशश्च मानसं त्रिविधं स्मृतम् ॥
एतानि दश पापानि हर त्वं मम जाह्नवी ।
दशपापहरा यस्मात्तस्माद्दशहरा स्मृता ॥

અર્થાત્-ચોરી, હત્યા અને પરસ્ત્રીગમન, એ ત્રણ શારીરિક પાપ છે. કટુવચન, જૂઠ, નિંદા અને મિથ્યાપ્રલાપ, એ ચાર વાચિક પાપ કહેવાય છે. બીજાના ધનનો લોભ, અનિષ્ટનું ચિંતન અને અસત્યની હઠ, એ ત્રણ માનસિક પાપ છે. આ દશ પાપો છે. હે ગંગા! તું આ દશ પાપોને હરી લે છે, તેથી દશેરા-દશહરા કહેવાય છે. આજ પ્રમાણે વાગ્ભટ્ટના અષ્ટાંગ હૃદયમાં લખ્યું છે કેઃ—

हिंसास्तेयान्यथा काममपैशुन्यं परुषानृते ।
संभिन्नालाप व्यापादमभिध्यादृग्विपर्ययम् ॥
पापं कर्मेति दशधा कायवाङ्मानसैस्त्यजेत् ॥

આમાં પણ ઉપર જણાવાયલાંજ દશ પાપ વર્ણવેલાં છે.

જેઠ માસમાં પણ એક દશેરા-દશહરા આવે છે, તે વખતે ગંગામાં સ્નાન કરવાથી દશે પાપ નાશ પામે છે.

('હિંદુપંચ' ના વિજયાંકમાંના રાયબહાદુર હીરાલાલના લેખ ઉપરથી અનૂદિત)

૩૮—હા ! મૈયા ચંડિકે !

હે માતા ! આ (હિંદુ સંતાનો) જીવીને શું કરશે ? કીડીઓની પેઠે સંખ્યામાં બત્રીસ કરોડ તો શું પણ બત્રીસ અબજ હોય, તોપણ શું કરી શકવાના હતા ? હે ગૌરિ ! તારા અનન્ય ભક્ત શ્રીરામે એકલાએ દુર્દમ્ય રાક્ષસવંશનો નાશ કરી નાખ્યો હતો. હે માતા ! ગણ્યા-ગાંઠયા થોડાક રાજપૂતોનેજ સાથમાં લઇને આર્યકુળકેસરી મહારાણા પ્રતાપે સમ્રાટ્ અકબરનો નાકે દમ આણી દીધો હતો. હે દેવિ ! એકલા ગુરુ ગોવિંદે, એકલા બાજીરાવે અને વીર વૈરાગીએ પણ એકલાએજ આર્યધર્મની રક્ષા કરી હતી. દેશનો ઉદ્ધાર તો લક્ષ્મીબાઇ અને પદ્મિની જેવી વીરાંગનાઓ કરશે કે આ વિષયી પુતળીઓ ? આ તીડનાં ટોળાંથી તો ધરતીનો ભારજ વધવાનો ! આ પાપીઓથી તો પૃથ્વી દબાતીજ ચાલવાની ! જે બગભગતો માતાને ખાતર કાંઇ પણ સંગીન ભોગ નથી આપી શકતા, તેમના શ્વાસોચ્છ્વાસથી તો દેશનું વાતાવરણ ગંદુંજ થયા કરવાનું ! તેથી ઓ ભૈરવિ ! આપની શાંતિકારિણી ડાકણોને તરતજ મોકલો કે જેથી તેઓ દેશમાંથી એવાં તેવાં માનવોનો ભાર ઉતારી નાખે ! હે માતા ! વાર શું એટલાજ માટે કરો છો કે, તેમને નરકમાં પણ જગા મળે તેમ નથી !

હિંદુઓ ! જુઓ, નભોમંડળમાં વિપ્લવ મચી રહ્યો છે; જુઓ, પ્રલયકારી મહાભયંકર કાળ ચાલ્યો આવે છે, રાક્ષસી રક્ત-પિપાસા ખાઉં-ખાઉં કરતી ધસી આવે છે, તોપો વિનાશક ગોળાઓ ફેંકી રહી છે, અશાંતિની પ્રખર જ્વાળાઓ ભડભડ સળગી રહી છે, દશે દિશાઓ કંપી રહી છે, બ્રહ્માંડનો હૃપિંડ કંપી રહ્યો છે !!! તમારામાંથી કોઇપણ દુર્ગતિનાશિની દુર્ગામૈયાનું આવાહન કરનારો છે ? શું કોઇ હેલ-મુંડોની આહૂતિ આપનારો રાઘવેંદ્ર છે ? શું કોઇ લક્ષ્મણની પેઠે ચૌદ વર્ષ અખંડ બ્રહ્મચર્ય ધારણ કરનાર આર્યપુત્ર છે ? શું કોઈ રણકંકણ અને લોહકવચ ધારણ કરનાર પેદા છે ? શું કોઇ દેશોદ્ધારને કાજે મૃત્યુરૂપી પ્રિયતમાને આલિંગન કરશે ? શું કોઇ દુઃખીઓનો હાહાકાર અને કરુણ આક્રંદ સાંભળીને હૃદયમાં જ્વાળારૂપી માળા પહેરવાને તૈયાર છે ? શું કોઇ "જનની જન્મભૂમિ" નો અભયનિનાદ ગજવનારો છે ?

('હિંદુપંચ' ના વિજયાંકમાંથી અનૂદિત)

૩૯—શ્રીશક્તિ-પૂજા

જ્યોં કદલી કે પાત મેં, પાત પાત મેં પાત; ત્યોં પંડિત કી બાત મેં, બાત બાત મેં બાત.

જે સમયે ભારતના પ્રાચીન આર્ય વિદ્વાનોનો જ્ઞાનવિજ્ઞાનનો સૂર્ય ભારતના હિતરૂપી આકાશમાં મધ્યવર્તી હતો, તે વખતે તેમણે તેમનાં ભાવી સંતાનોના-અમો વર્તમાન શિખા-સૂત્રધારી ભારતવાસીઓના કલ્યાણને માટે જે જે રીત-રિવાજ ચાલુ કરાવ્યા હતા, તે દરેક પ્રકારનાં કલ્યાણપ્રદ શિક્ષણથી ઓતપ્રોત હતા અને છે પણ ખરા. તેમના અન્યાન્ય શિક્ષણપૂર્ણ રીતરિવાજોમાં શારદીય શક્તિપૂજા એ ઘણા મહત્ત્વની વસ્તુ છે. મહાખેદ અને દુઃખની વાત છે કે, હાલમાં આપણે ભારતવાસીઓ શક્તિપૂજાના બાહ્યસ્વરૂપ આગળજ અટકી જઇએ છીએ અને તેના અંદર ભરેલા અમૃતગુણી પહોંચીને તેનું પાન કરવાની કઇ કાળજીજ કરતા નથી. શક્તિ-પૂજામાં આપણેમાટે જે અમૃત ભરેલું છે, તેના ઉપેક્ષા કરવાથીજ આપણી-વર્તમાન શિખાસૂત્રધારીઓની-હાલમાં આવી દુર્દશા થઇ રહી છે, કે [illegible] આપણા ભાઇભાંડુઓ, માતાઓ અને બહેનોને પશુશક્તિવાળા માણસો અપમાનિત અને [illegible] કરે છે આપણા પૂર્વજોમાં પરશુરામજી અને મર્યાદા પુરુષોત્તમ [illegible] કે જેમણે પોતાનાજ બાહુબળથી પોતાના પ્રિયજનોનું અપમાન કરવાવાળા [illegible] -મહાત્માઓને પણ ધૂળ

પઠન-પાઠનનો જે પ્રાચીન સંપ્રદાય હતો તેનો તો અત્યંત ઉચ્છેદ થયો છે, અને આજ એક શતકથી પાશ્ચાત્ય કેળવણીના પ્રભાવથી આપણે વાચતા અને લખતા થયા છતાં એક પણ શુદ્ધ પ્રતિભાવાળો (ઓરીજીનલ) લેખ ઉપજાવી શક્યા નથી! આપણું વાચન એજ આપણા જીવનનું ખરું પ્રતિબિંબ છે; માણસ કોની કોની સાથે રહે છે ને શું વાંચે છે તે કહો, એટલે તે કેવો છે એ કહી શકાશે, એમ જે જ્ઞાનીએ કહ્યું છે તેણે સત્યજ કહ્યું છે.

(સ્વ૦ મણિલાલ ન૦ દ્વિવેદીકૃત 'સુદર્શન ગદ્યાવલિ'માંથી)

૫૦—આત્મશુદ્ધિ કા સરળ માર્ગ

"હે મનુષ્ય! તૂ રાત્રિ કે સમય નિદ્રાદેવી કી ગોદ મેં વિશ્રામ કરને કો તૈયાર હો. પરંતુ જબતક તૂ દિનભર કે કિયે કાર્યોંપર વિચાર ન કર લે, તબતક વિશ્રામ ન કર; તૂ અપને ચિત્ત મેં ઇસ પ્રકાર સે વિચાર કર, કિ મેરી કહાં ભૂલ હુઈ હૈ? આજ મૈંને ક્યા ક્યા કાર્ય કિયે હૈં? ઔર મેરે કરને યોગ્ય ઇસકે અતિરિક્ત કૌનસા કાર્ય થા, જિસે મૈંને નહીં કિયા? યદિ તુઝેકો યહ જ્ઞાત પડે કિ તૂને કોઈ કાર્ય ઉત્તમ ન કિયા, તો ઉસકે લિયે પશ્ચાત્તાપ કર ઔર ભવિષ્ય મેં ઐસા ન કરને કી પ્રતિજ્ઞા કર." (મ૦ સૉક્રેટિસ)

ઉપર્યુક્ત વાક્ય કિતને ગંભીર હૈં, કિ જો મનુષ્ય ઇનપર ધ્યાનપૂર્વક મનન કરેગા, વહ [illegible] કા મતલબ સમઝ, અપના આચરણ સુધાર સકતા હૈ. પહલે જબ મનુષ્ય યહ જાન લેતા હૈ, કિ મેરે કરને યોગ્ય કૌનસા કાર્ય હૈ ઔર ન કરને યોગ્ય કૌનસા? તબ ઉસે ભલી ભાંતિ જ્ઞાત હો જાતા હૈ, કિ ઉસને કહાં ભૂલ કી હૈ, યા ઉસને અપને કરને યોગ્ય કૌનસા કાર્ય નહીં કિયા? [illegible] જ્ઞાન હો જાતા હૈ. તભી હમ શુભ કાર્ય કા ગ્રહણ ઔર અશુભ કાર્ય કા ત્યાગ કર સકતે હૈં. ઇસલિયે પ્રત્યેક આત્મશુદ્ધિ કરનેવાલે મનુષ્ય કો ઉચિત હૈ, કિ [illegible] રાત્રિ કે [illegible] ઉક્ત વિષયપર વિચાર કર લે. ઇસસે સ્મરણશક્તિ કી વૃદ્ધિ [illegible] કા વિશેષ અવસર પ્રાપ્ત હોગા.

જિસ પ્રકાર [illegible] અપના હિસાબ ઠીક કિયા કરતે હૈં, ઉસી પ્રકાર પ્રત્યેક [illegible] કા લેખા [illegible] લેના ચાહિયે, હમેં અપને અંતઃકરણરૂપી [illegible] મેં પ્રત્યેક દિવસ કે કિયે હુએ કાર્યોં કા વિવરણ પ્રસ્તુત કરના ચાહિયે.

[illegible] કર્મ ક્યા હૈ—ઇસકા વિશદ વિવેચન કરના [illegible] હૈ. [illegible] મેં હમ કેવલ કઇએક બાતેં બતા દિયા ચાહતે હૈં.

[illegible] પરમપિતા પરમાત્મા કે પ્રતિ ભક્તિ એવં શ્રદ્ધા [illegible] હૈ.

[illegible] ગુરુજનોં કે પ્રતિ સમ્માન કા ભાવ અપને હૃદય મેં રખેં [illegible].

[illegible] સત્સંગ [illegible] કરના ચાહિયે, ઓછે લોગોં કી સંગતિ ભૂલ કર [illegible] ચાહિયે.

[illegible] કો પરિમાર્જિત કરને કી ચેષ્ટા કરતે રહના ચાહિયે. [illegible] ધ્યાન દેના ઔર સંસાર કી નશ્વરતા કી ઓર [illegible] સ્વભાવતઃ ઉચ્છૃંખલ ઇંદ્રિયોં કો વશ મેં લાને [illegible]

[illegible] કા અભ્યાસ સદા કરતે રહના ચાહિયે.

[illegible] હૈ. યદિ કુછ શબ્દ [illegible] [illegible] વિચાર કર લિયા કરેં.

[illegible] જિનકે હમારે અંદર [illegible]

[illegible]

કિયા, તો ઉસકે લિયે તુમ્હેં પશ્ચાત્તાપરૂપી અગ્નિ મેં કૂદ કર અપને આપકો તપ્ત સુવર્ણ કી ભાંતિ શુદ્ધ એવં નિર્મલ કર લેના ચાહિયે. ઇસ નિર્મલતા કો પ્રાપ્ત કરને કી ચેષ્ટા આરંભ મેં બહુત અખરેગી. તુમ ઇસ ચેષ્ટા સે ભાગના ચાહોગે; પરંતુ સદિચ્છા કો પ્રબલ બનાયે રખનેપર વૈસા નહીં હોગા. કતિપય બાર અપને કર્તવ્યોં કા અન્વેષણ કિયે બિના હી તુમ્હેં નિદ્રા દબોચ લેગી; પરંતુ ઇસસે તનિક ભી વિચલિત નહીં હોના ચાહિયે.

તુમ્હેં અપને નિશ્ચયપર દૃઢ રહના ચાહિયે. કુછ હી દિનોં મેં તુમ્હારે માર્ગ કી યે રુકાવટેં મિટ જાયેંગી ઔર અલ્પ કાલ મેં તુમ આત્મનિરીક્ષણ કે અભ્યાસી હો કર ઇન્દ્રિયોં કો અપને વશીભૂત કર લોગે. પાપોં કો હમ દો ભાગોં મેં વિભક્ત કર સકતે હૈં. પ્રથમ યહ, કિ ન કરને યોગ્ય કામોં કા કરના; દ્વિતીય યહ, કિ કરને યોગ્ય કામોં કો ન કરના. ઇસલિયે યહી દો પ્રશ્ન હમેં અપની અંતરાત્મા સે પૂછના ચાહિયે કિ:—

"આજ મૈં કૌનસા કાર્ય, જિસકા કરના આવશ્યક થા, ભૂલ ગયા હૂં ?"—યહ પ્રથમ પ્રશ્ન હૈ. દ્વિતીય પ્રશ્ન સે યહ જ્ઞાત હોતા હૈ, કિ પાપ કે દો ભાગ હૈં—એક તો ઉપકાર કરના ઔર ઉસસે વિરક્ત હો જાના. દ્વિતીય કિસીકા અપકાર કરના. ઇન દોનોં કે ક્ષેત્ર પૃથક્ પૃથક્ હૈં. એક પ્રવૃત્તિમાર્ગ કા ઉલ્લંઘન કરતા હૈ. ઉદાહરણ મેં શાસ્ત્રોં કી આજ્ઞા દેખિયે "માતા પિતા કી સેવા કરની ચાહિયે તથા ચોરી નહીં કરની ચાહિયે." જો મનુષ્ય અપને માતા-પિતા કી આજ્ઞા કે વિરુદ્ધ કર્મ કરતા હૈ, વહ પ્રવૃત્તિમાર્ગ કે વિપરીત ચલતા હૈ; ઔર જો ચોરી કરતા હૈ, વહ નિવૃત્તિ કે વિરુદ્ધ સિર ઉઠાતા હૈ. રાત્રિ કો આત્મ-નિરીક્ષણ કરતે સમય કઇ બાતેં ભૂલ જાતી હૈ. ઇસલિયે યહાં એક આવશ્યક સૂચના દી જાતી હૈ, જિસકે અનુસાર ચલને સે ભૂલોં કા ન હોના સંભવ હૈ—વહ યહ, કિ ઐસા સોચને કે બદલે કિ પ્રાતઃકાલ સે અબ તક ક્યા-ક્યા કાર્ય કિયે ? યહ વિચાર કરના ચાહિયે, કિ મૈંને અબસે પ્રાતઃકાલ તક ક્યા ક્યા કાર્ય કિયે હૈં ? ઐસા કરને સે ધીરે ધીરે સબ બાતેં ધ્યાન મેં આ જાયેંગી. એક ભી બાત વિસ્મરણ ન હો સકેગી; ઔર તુમ અપને અંતરાત્મારૂપી જજ કે નિકટ ભલી ભાંતિ સબ બાતેં બતા સકોગે. ઇસકે અતિરિક્ત અંતરાત્મા સરીખા તુમ્હેં અન્ય જજ ભી નહીં પ્રાપ્ત હો સકતા; ક્યોંકિ અંતરાત્મા સે કોઇ વિષય અજ્ઞાત નહીં હૈ. ઇસી પ્રકાર પ્રતિદિન વિચારપૂર્વક અંતઃકરણ કે સાથ પ્રયત્ન કરને સે અસત્કાર્યોં સે સર્વથા નિવૃત્તિ હો જાતી હૈ ઔર સત્કાર્યોં મેં ચિત્ત લગ જાતા હૈ. અતએવ યદિ તુમ્હેં ઉપર્યુક્ત વિચારોં સે લાભ ઉઠાના હૈ, તો સર્વદા નિમ્ન વિષયોંપર વિચાર કરો, ઉનસે કામ લો ઔર પરમાત્મા સે સાયંપ્રાતઃ ઘુટને ટેકકર પ્રાર્થના કરો કિ:—

"હે પરમ દયાલુ, કૃપાલુ ક્ષમાસિંધુ ભગવન્ ! ગત દિવસ મનસા, વાચા, કર્મણા યદિ મુઝસે કુછ પાપ હો ગયા હો તો આપકે સન્મુખ સચ્ચે હૃદય સે આપસે ક્ષમા માંગને કો પ્રસ્તુત હૂં. હે પ્રભો ! આપ અંતર્યામી હૈં. આપસે કુછ છિપા નહીં હૈ. મુઝસે જો પાપ હુઆ હૈ, ઉસે આપ ભલી ભાંતિ જાનતે હૈં, ઉસકે લિયે મૈં ક્ષમા ચાહતા હૂં. ઔર અબ ઇચ્છા રખતા હૂં, કિ પુનરપિ મુઝસે વૈસા કામ ન હો. નિમ્નલિખિત દશ અધર્મોં મેં સે પ્રમાદ યા અજ્ઞાનતા સે યદિ કોઇ અધર્મ મુઝસે હો ગયા હો, તો ઉસકો સ્મરણ કર કે મૈં અપની આત્મા ઔર આપકો સર્વવ્યાપી સમઝ કર ઉસકો અનુચિત સમઝતા હૂં ઔર ઐસા કામ પુનઃ ન કરને કી પ્રતિજ્ઞા કરતા હૂં.

અધર્મ કે દશ લક્ષણ

તીન પ્રકાર કે માનસિક પાપ હૈં:—(૧) દૂસરે કે ધન કો કુત્સિત વિચાર સે લેને કી ઇચ્છા કરના; (૨) કિસી જીવ કે નિમિત્ત અહિત વિચાર કરના; (૩) અસત્ય કો સત્ય મેં પરિણત કરના.

ચાર પ્રકાર કે વાચનિક પાપ હૈં:—(૧) કટુ શબ્દ ભાષણ કરના, જિસસે કિસી કો દુઃખ પ્રાપ્ત હો; (૨) અંતઃકરણ મેં કુછ, ઔર કહના કુછ ઔર; (૩) પિશુનતા (ચુગલી) ઔર નિંદા કરના; (૪) વ્યર્થ મેં બકવાદ કર કે અમૂલ્ય સમય કો નષ્ટ કરના.

તીન પ્રકાર કે શારીરિક પાપ હૈં:—(૧) અન્યાયપૂર્વક બલાત્ કિસી કા ધન અપહરણ કરના; (૨) પરસ્ત્રી કે સાથ વ્યભિચાર કરના; (૩) સ્વાર્થવશ જીવોં કી હિંસા કરના.

હે ભગવન્! ઉપર્યુક્ત પાપોં કે ન કરને કી પ્રતિજ્ઞા જો આપકે સન્મુખ કી હૈ, ઉસે પૂર્ણતઃ પાલન કરને કી શક્તિ પ્રદાન કરો. હે પ્રભુ! મૈંને આજ જો પાપ કિયા હૈ, ઉસકે લિયે મૈં અંતઃકરણ સે દુઃખિત હૂં. મેરા ચિત્ત પવિત્ર કરો, જિસસે મુઝે પુનઃ ઉસ પાપ કે લિયે પ્રાયશ્ચિત્ત કરને કી આવશ્યકતા ન પડે. હે નાથ! મુઝે ઐસી શક્તિ પ્રદાન કરો જિસસે આત્મશુદ્ધિ કા સરલ માર્ગ નિર્વિઘ્ન હો જાયે.

દશ પ્રકાર કે ધર્મ

(૧) ચિત્ત કો સદા સ્થિર રખના ઔર ઉસકો ભિન્ન-ભિન્ન વિષયોં કે વિચારો મેં ભ્રમણ ન કરને દેના; (૨) સદૈવ અભિમાનરહિત બને રહના; (૩) સદૈવ સત્ય ભાષણ કરના; (૪) ક્ષમાવાન્ હોના; (૫) પરોપકાર કે લિયે મનસા, વાચા કર્મણા સદૈવ તત્પર રહના; (૬) દયા કરના. (૭) [illegible] તથા અપને બડોં કા સન્માન કરના; (૮) મનસા, વાચા, કર્મણા કો સદૈવ શુદ્ધ રખના; (૯) જ્ઞાન-પ્રાપ્તિ કે હેતુ પ્રતિદિન પ્રયત્ન કરતે રહના; (૧૦) ઔર સંસાર કે હિત કે લિયે પ્રતિદિન કમ-સે-કમ પાંચ મિનટ તક બૈઠકર ચિંતન કરતે રહના.

ઉપર્યુક્ત દશ પ્રકાર કે આચરણીય કાર્યોં મેં સે યદિ મૈં કુછ ભી કર સકૂં, તો અપને કો ધન્ય સમઝતા હૂં. ઇસીકે લિયે પ્રસન્ન હૂં ઔર ભવિષ્ય મેં ઇન શુભ કર્મોં કો કરને કે હેતુ શક્તિ પ્રાપ્ત હોને કી પ્રબલ ઇચ્છા રખતા હૂં. ઇસ પ્રકાર હે પ્રભુ! મેરે સબ પાપ નિવૃત્ત હોં ઔર ઉક્ત દશ પ્રકાર કે ધર્મ મુઝમેં સદૈવ વૃદ્ધિ હોતે રહેં ઔર મેરી શક્તિ સદા ઉપકારક સિદ્ધ હો.

હે ભગવન્! અન્તિમ પ્રાર્થના યહ હૈ, કિ ઇસ પ્રકાર કે "આત્મ-શુદ્ધિ કા સરલ માર્ગ" આત્માર્થિયોં કો લાભદાયક હો. મેરી યહી મનોકામના હૈ.

("[illegible]"ના એક અંકમાં લેખક-ઠાકુર [illegible]સિંહ)

૫૧—રામાવતાર કે કારણ ઔર કાર્ય

[illegible] વિકલ-સી થી, અધિક અધર્મ કા અંધેરા ઘિર આયા થા;
[illegible] કુલ-દ્રોહિયોં ને-કપટ કુચાલ સે સમાજ ઘબરાયા થા.
[illegible] ઔર — [illegible] મેં ખલબલ કા [illegible] પ્રકટાયા થા;
[illegible] રામ ભારત મેં આયા થા.
[illegible] અત્યાચારિયોં કો માર કે ભગાયા થા;
[illegible] આપનાયા થા.
[illegible] અભિમાન કો ગલાયા થા;
[illegible] નિરાશ્રિતોં કો ગૃહ મેં મિલાયા થા.

([illegible])

૫૨-સમઢિયાળા-ઓઢાના એકદેવતુલ્ય દરબાર

આ ગામ (કાઠિયાવાડમાં બાબરવાડના ખાંભા મહાલનાં) અસલ તે વાળા દરબારોનું હતું, પણ પછી ગાયકવાડ સરકારે તે હાથ કર્યું છે. અહીં દ. ઓઢાવાળા અને દ. જસ્તાવાળા જેવા બડ પુરુષો પાક્યા છે. આ ગામમાં, વાલકાપના નિષ્ણાત દાક્તરોને પણ એક નવું જોવા જાણવાનું આપે એવી એક સુંદર વસ્તુ મેં જોઈ. અહીં ગોલણવાળા કરીને એક વયોવૃદ્ધ કાઠી દરબાર છે. તેમણે કોઇ નિશાળ જોઇ નથી, તો પછી મેડીકલ કૉલેજનું નામ સરખું પણ ક્યાંથી સાંભળ્યું હોય! છતાં તે ગાય, ભેંસ, ગાડર, બકરી વગેરેનું-અરે, ઘેટાંનું પણ-આડું ભાંગી શકે છે. જો ઢોરના પેટમાં પાડરૂં મરી ગયું જણાય અને આખે આખું નીકળી નહ શકે તેમ દેખાય, તો માત્ર હજામના દેશી સજીયાવડે તે વાછરૂ-પાડરૂના ઢોરના પેટમાંજ કકડા કરી કાઢી લે છે. આવી રીતે તો તેમણે કેટલીયે ભેંસો ને ગોમાતાઓ ઉગારી છે; અને દરબાર ગોલણવાળા આ કામનો શો બદલો લે છે તે દાક્તર સાહેબોને જાણવું છે? ગોલણભાઇને સાં વાસેથી સમાં આવ્યાં હોય ને કોઈ અજાણ્યો માણસ આવી બોલી નાખે કે, 'બાપુ! મારી ગાયને આડું આવ્યું છે, ગાયમાતા મરૂં મરૂં થઇ છે.' તો આ સાંભળતાંજ ભાણામાંથી મોંમાં મૂકવા ઉપાડેલો કોળિયો એમને હરામ બને છે. બસ, તરતજ હાથ ધોઇ, ઘરના ઉંટ કે ઘોડા-પર પલાણ નાખી, તે પેલાને ગામ જાય છે. ઢોરનું આડું ભાંગે છે તે પછી તરતજ તે ગામનું પાણી પણ પીધા વગર પોતાને ઘેર આવી જમે છે. જે ગામ તે આવા કામે જાય, તે ગામ પુરતું તેમને અન્નજળ પણ નથી ખપતું. પછી ઢોરના માલીક પાસેથી મોટરભાડું, ટપ્પાભાડું, વીઝીટ-ફી, પટાવાળાનો વેરો, કાચો ખર્ચ વગેરે આજના દાક્તર સાહેબો તરફથી વસુલ થતી ફી લેવાનું તો ક્યાં રહ્યું! દરબાર ગોલણભાઇ વૃદ્ધ છે. તેઓ તેમની આ કળા કોઇને શીખવાડતા જાય, અગર થોડા કેળવાયેલા યુવાનો આ કળા હાથ કરવા આ ગામમાં આવી તકલીફ લે તો સારૂં; નહિતર આપણા આવા જૂના જમાનાના ધરતી માતાના પેટમાંજ દટાઈ જશે-અને પછી તો એનો ફરીથી પત્તો લાગે ત્યારે ખરો! આ ગામમાં એક બીજું પણ સુંદર દૃશ્ય જોયું. આ તરફના ચીભડીયા તડના ઔદીચ્ય બ્રાહ્મણોનું એક તાલુકા-મંડળ અહીં મળેલું. તેમાં તેઓ વિધવા બહેનોની ખાસ સંભાળ લે છે; તેમજ જ્ઞાતિમાં કન્યાવિક્રય ને બાળલગ્નો ન થાય તેવી સાવચેતી રાખે છે, તેનું દર્શાવતાં સીધાં કાર્યો તેની કાર્યવાહીમાં દૃષ્ટિગોચર થયાં. બધા બ્રાહ્મણો અને વણિકો આવો પંથ પકડે તો કેવું સારૂં!

('સૌરાષ્ટ્ર' તા. ૮-૧૦-૧૯૨૭ના અંકમાં લેખક 'પ્રવાસી')

૫૩-હિંદુ વિધવાઓનો આર્તનાદ

સમાજના નેતાઓ કાન ઉઘાડો!

(હિંદુ સમાજમાં ફરજિયાત વૈધવ્યની ઘાણીમાં કચડાતી અસંખ્ય બાળાઓને બચાવવા નવજુવાનોએ બહાર પડવાની પારાવાર જરૂર છે)

આજકાલ હિંદુજાતિમાં જેટલી કુપ્રથાઓ જડ ઘાલી ગયેલ છે, તે સર્વમાં વિધવાવિવાહની અટકાયત એ એવી કુરીતિ છે કે જેણે ઉચ્ચ સ્થાને વિરાજી સર્વોપરિ સત્તા ભોગવતી હિંદુજાતિનો વિનાશ કર્યો છે. પરદેશીઓના શસ્ત્રબળથી, આર્ય સંસ્કૃતિને અખંડ રાખતી હિંદુજાતિને એટલું નુકસાન નથી પહોંચ્યું કે જેટલું બાળવિધવાઓને પરાણે વિધવા રાખવાની પ્રણાલીએ પહોંચાડ્યું છે. અરે! વિવાહ એ કયું જનાવર હશે? એ પાંચ વર્ષના ધાવણી બાળા ન જાણી શકે તેને વૈકુંઠના વારસદારો (!) કસાઈવાડે જેમ ગરીબ ગાયને લઈ આવે, તેવી રીતે પિતાતુલ્ય સાઠ-

સિત્તેર વર્ષના મરણપથારીએ પડેલ હાડપિંજર સાથે પવિત્ર વેદમંત્રોને અપવિત્ર બનાવી લગ્ન કરાવી આપે છે.

બાળવિધવાઓની દુર્દશા

ઓ વૃદ્ધ ભારત ! સભ્ય રાષ્ટ્રોના સર્વોપરિ હિંદ ! તારી મૈત્રી, ગાર્ગી અને અરૂંધતી જેવી આર્ય દેવીઓની વારસદાર ભારતીય આર્ય રમણીઓની આ દશા ! પોતાનાં સગાં સહોદરના દેખતાં છતાં લાચારીથી પરવશ બની પલાયન થતી બાળવિધવાઓની દુઃખદ દશા દેખી કયું માતૃપ્રેમી હૃદય અકર્મણ્યતા સેવી શકે ?

મારા પ્યારા હિંદુ નવયુવાનો ! પાખંડપ્રવર્તકોનાં પાપકર્મથી વિખૂટી થયેલ આર્ય સન્નારીઓની લાજ તમારે હાથ છે. તમેજ બાળવિધવાઓની ડૂબતી નૌકાના તારણહાર સુકાની છો. યાદ રાખજો કે, ઉન્નતિને શિખરે વિરાજમાન, સંસારની સર્વ જાતિઓની મુકટમણિ, જગતને પોતાનો ઉચ્ચ આદેશ શીખવતી હિંદુજાતિ જો અધર્માચરણ સેવશે, કિંચિત પણ ધર્મપથપરથી વિચલિત થશે તો જાણજો કે, તેનું નામનિશાન નાબુદ થશે.

શાસ્ત્રોનો દુરૂપયોગ

મારે અત્યંત શોકથી કહેવું પડે છે કે, હિંદુઓનાં શાસ્ત્રોનાં વિદ્વત્તાપૂર્વક સંભાષણો કરનારા પંડિતો પણ કન્યાવિક્રય કરવામાં સંકોચજ નથી રાખતા. જો કોઈ જગોએ વિધવાવિવાહનો પ્રશ્ન ઉપસ્થિત થયો તો આપણા તેજ વિદ્વાન અને ધર્મના રાહદારીઓ સનાતન ધર્મની 'દુહાઈ' બોલવા મંડી પડે છે. જે સનાતન ધર્મમાં સાઠ–સિત્તેર કે પંચોતેર વર્ષના બુઢ્ઢાનાં લગ્ન મંજુર થાય છે અને જેને માટે શાસ્ત્રોની પણ જરૂર નથી, જે ધર્મમાં પુત્રી જેવડી કન્યા સાથે લગ્ન કરતાં 'બુઢ્ઢાબાપા'ને જ્ઞાતિ, શાસ્ત્ર કે પંડિત અટકાયત નથી કરતા; તે ધર્મમાં સોળ કે સત્તર વર્ષે વિધવા થતી બાઇના પુનર્વિવાહમાં જબરદસ્ત અટકાયતો થાય છે ! શાસ્ત્રો કે સ્મૃતિઓને જૂઠાં પ્રમાણો બતાવી તે શુભ કાર્યમાં અન્યાય અને અત્યાચારોનો છૂટથી ઉપયોગ કરવામાં આવે છે. જાણે કે સનાતન ધર્મની નૌકા મધ્યદરિયે ડૂબી જતી હોયની !

પ્રાચીન પૂરાવા

વિધવાવિવાહની આવશ્યકતાવિષેના પ્રાચીન પૂરાવા જેમને જોઇતા હોય, તેમને માટે પણ તે રજુ કરૂં છું.

વાલીના મરણ બાદ તેની સ્ત્રી તારાનાં લગ્ન (જેને અંગદ નામનો પુત્ર હતો) સુગ્રીવ સાથે મર્યાદાપુરુષોત્તમ રામચંદ્રજીએ કરાવી આપ્યાં હતાં. મહારાજા ભીમકે નળરાજાના ગુમ થવાથી પોતાની પુત્રી દમયંતીનો સ્વયંવર બીજીવાર રચ્યો હતો. મહાભારતના ભીષ્મપર્વ અ. ૯૧ માં લખ્યું છે કે, નાગરાજ ઐરાવણે પોતાની વિધવા પુત્રીનો પુનર્વિવાહ અર્જુન સાથે કર્યો હતો. ટૉડ રાજસ્થાનમાં લખ્યું છે કે, મહારાણા ભીમસિંહે સરદાર માલદેવની વિધવા પુત્રી સાથે પોતાનાં લગ્ન કર્યાં હતાં. મહારાષ્ટ્રના પ્રાચીન ઇતિહાસમાં છે કે, પરશુરામ ભાઉ પટવર્ધને રાજપંડિતોની સલાહથી પોતાની વિધવા પુત્રીનો પુનર્વિવાહ એક બ્રાહ્મણ સાથે કર્યો હતો.

ઉપરનાં ઉદાહરણો જોઇ આજના મોક્ષના માર્ગદાતાઓ અને ધર્મના ઇજારદારો ચેતી જશે તો સારૂં છે, નહિ તો તેમને વિધવાવિવાહનાં પ્રચંડ મોજાં તળે ચગદાઇ મરવાનો વખત આવશે.

હિંદુઓ ! રામ અને કૃષ્ણનાં સંતાનો ! ઓ ગૌપૂજકો ! શું તમો ભારતની આર્ય સંસ્કૃતિનો નાશ કરવા ચાહો છો ? જો 'નહિ' તો તમારી રક્ષાનું એકજ સાધન અને બાળવિધવાઓના પુનર્વિવાહનો અગત્યનો સુધારો અપનાવી વિધવાવિવાહના પ્રચારમાં સહાયક બની તમારી બહેનો અને બાળાઓને અપાર કષ્ટથી બચાવો.

(દૈનિક "હિંદુસ્થાન"ના એક અંકમાં લેખક–શ્રી મોહનલાલ વિઠ્ઠલદાસ કટારીઆ)

૫૪—ધાર્મિક હિંદુઓનું હાલનું મંતવ્ય અને કર્તવ્ય

॥ अथ मंगलम् ॥

श्रीमंगलानृसिंहाभ्यां नमो विघ्नप्रशान्तये ।
ततो वच्मि स्वधर्मस्य रक्षणाय हिताय च ॥

ભાવાર્થ—શ્રી મંગલાદેવી અને શ્રીમન્નૃસિંહાચાર્ય ભગવાનને પ્રથમ નમસ્કાર કરીને પછી હું હિંદુઓના સનાતન સ્વધર્મના રક્ષણ અને હિતમાટે બોલું છું.

સનાતન હિંદુધર્મના રક્ષણને માટે અને હિતને માટે કાંઈ બોલવાની શી જરૂર પડી ? એ પ્રશ્ન સૌથી પહેલો દરેક હિંદુના મનમાં આ વિષયનું મથાળું વાંચતાં ઉદ્ભવે, એવો હાલનો જમાનો છે; કેમકે અત્યારે નામદાર અંગ્રેજ સરકારના રાજ્યમાં કોઇના ધર્મ ઉપર કોઇ અત્યાચાર જબરદસ્તીથી ગુજારી શકતું નથી. પોતપોતાના ધર્મના રક્ષણમાટે અત્યારે કોઇ હિંદુ પુરાને પોતાનું માથું આપવું પડતું નથી; અને કોઇ હિંદુ અબળાને સતી થવું પડતું નથી. હિંદુસ્થાન રમખાણોથી હાલમાં હિંદુઓની આ નિર્ભયતામાં કાંઇક ખલેલ પહોંચ્યું છે અને ચિંતાજનક પરિસ્થિતિ ઉત્પન્ન થઇ છે, તોપણ જે પ્રજા પોતાનો ધર્મ પાળવા માગે તેને પરાણે કોઈ તેનો સ્વધર્મ છોડાવે તેમ નથી—એવી નિશ્ચિંતતાનો આભાસ કોઇ પણ રીતે ઓછો થયો નથી; પણ કોઇ કોઇની ધાર્મિક લાગણી ના દુખાવે અને સર્વના મૂળપુરુષો અથવા મુખ્ય પુરુષોની કોઇ નિંદા કરે નહિ—એવો નવો કાયદો હમણાંજ પસાર થયો છે. આ વગેરે અનેક કારણોભાસોથી હજુ ધર્મરક્ષણસંબંધી નિશ્ચિંતતા આપણી હિંદુજનતામાં જેવી ને તેવી છે; એટલુંજ નહિ પણ એ નિર્ભયતા ધર્મરક્ષણસંબંધી ઉપેક્ષામાં પણ પરિણમી છે. આ ઉપેક્ષાનાં બીજાં પણ એક કરતાં વધારે કારણો છે; પણ હાલ તે કારણોના વિગતવાર વિચારમાં ઉતરતાં પહેલાં હું મારા હિંદુભાઇઓને આ લેખની આવશ્યકતાના મુખ્ય કારણતરીકે એ ઉપેક્ષાનેજ આગળ મૂકું તો તેમાં કાંઇ ખોટું નથી; કેમકે એ ધર્મસંબંધી ઉપેક્ષાએજ સનાતન ધર્મને નભવાનું ટકા જોખમાવે એવી પરિસ્થિતિ ઉત્પન્ન થવા દીધી છે.

ધર્મસંબંધી ઉપેક્ષાનાં કારણો

જેમ રોગનાં કારણો અનેક હોય છે, તેમ આ ધર્મસંબંધી ઉપેક્ષાનાં કારણો પણ અનેક હોવા છતાં પણ તે પૈકીનાં કેટલાંક કારણો વધારે ધ્યાન ખેંચે તેવાં છે. તે કારણોનો યથાશક્તિ વિચાર આપણે સાવધ થવાને માટે ઉપયોગી છે; તેથી તે કારણોની મીમાંસા કરવામાં આવે છે. પરદેશીઓના વારંવાર થયેલા હિંદ ઉપરના હુમલાઓએ ઉપજાવેલી અવ્યવસ્થા એ ધર્મસંબંધી ઉપેક્ષાનું પ્રથમ કારણ છે. જે વખતે પ્રજા યુદ્ધમાં રોકાયલી હોય છે, તે દરમિયાન તેને પોતાના ધર્મનું અનુષ્ઠાન ઓછું કરવું પડે છે; અને કોઈ વાર તો ધર્મની સઘળી ક્રિયાઓને અને આચારોને લાંબા સમય લગી ટાળ્લે મૂકવા પડે છે. આવી સ્થિતિ લાંબો વખત ચાલે છે, તો પછી પ્રજાને એ આચારો અને ક્રિયાઓને ઉપેક્ષવાનું વલણ યુદ્ધનો સમય ગયા પછી પણ પ્રમાદને લીધે રહ્યા કરે છે. આવી દશા લાંબો સમય ચાલે છે, તો પછી તે એક ઉપેક્ષાની ટેવરૂપેજ બની જાય છે. હિંદુધર્મશાસ્ત્રોએ રણધર્મને ચારે વર્ણની પ્રજાના સામાન્ય ધર્મતરીકે અને ક્ષાત્રપ્રજાના વિશેષ ધર્મતરીકે આલેખેલો હોવાથી પરધર્મીઓના સેંકડો અને હજારો વર્ષસુધીના સતત હુમલાઓમાં ગુંથાયલા રહેવા છતાં પણ તે પ્રજાની ધર્મભાવના હજુ લગી અકબંધ રહી શકી છે; તોપણ હુમલાઓ અને યુદ્ધાના સમય પછી થાક અથવા પ્રમાદથી જે ઉપેક્ષા ધર્મના સંબંધમાં ઉપજી, તે ઉપેક્ષાએ હિંદુપ્રજાને ઓછું નુકસાન કર્યું નથી. અત્યારે જેટલી અનર્થજાળમાં હિંદુ પ્રજા ફસાયેલી છે, તે બધી અનર્થજાળ સહરહ, ઉપેક્ષાનીજ સંતતિ છે.

સદરહુ ઉપેક્ષાથી થયેલો પ્રથમ અનર્થ–સંસ્કૃતિની શિથિલતા છે.

મુસલમાન ચઢાઇઓની પ્રથમ અનર્થરૂપ અસર તે એજ કે, વર્ણ અને આશ્રમોના સંસ્કારોની વ્યવસ્થામાં ખામી આવી ગઇ. તે ખામીનું પ્રત્યક્ષ સ્વરૂપ એ છે કે, બ્રાહ્મણવર્ણના સંસ્કાર તો બ્રાહ્મણોએ તેમના અરણ્યવાસ અને એકાંતવાસની નિવૃત્તિમાં જાળવી રાખ્યા; પણ બ્રહ્મચર્ય–આશ્રમની સંસ્થા તેઓ પૂર્વવત્ જાળવી શક્યા નહિ. વેદવ્રત અને સ્વાધ્યાયપ્રવચન જતાં રહ્યાં, તેમાં પણ વેદવ્રતનો કેવળ લોપજ થયો; અને તેથીજ તેમના સ્વાધ્યાયપ્રવચનમાંથી ચમત્કાર જતો રહ્યો. શાપાનુગ્રહ સામર્થ્યનું મીંડું વળી ગયું, હૃદ્બળ અને સંકલ્પસિદ્ધિ ચાલ્યાં ગયાં. બ્રાહ્મણેતર વર્ણોના તો સંસ્કાર લોપ પામ્યા. બ્રાહ્મણેતર વર્ણો સંસ્કાર અને સ્વાધ્યાયરહિત બની **भवति भिक्षां देहि** ને બદલે 'વિદ્યાર્થીના આશીર્વાદ' થી બ્રાહ્મણતાનો આડંબર દર્શાવવા લાગ્યા. **ब्राह्मणानां ब्राह्मणत्व ब्रह्मचर्यात्प्रजायते**–અર્થાત્ બ્રાહ્મણોનું બ્રાહ્મણપણું વિધિવત્ બ્રહ્મચર્ય પાળવાથીજ ઉત્પન્ન થાય છે. આવા શાપ કે આશીર્વાદ આપવાના સામર્થ્યવાળા બ્રાહ્મણપણાના મૂળરૂપ બ્રહ્મચર્યનો તો ઉચ્છેદજ થઇ ગયો; ત્યારે વિદ્યાર્થીના આશીર્વાદની ડંફાસ ચાલી. જ્યારે શાપવરસામર્થ્યવાળું–વેદવ્રતવાળું બ્રહ્મચર્ય રખાતું, ત્યારે નમ્ર બ્રહ્મચારી વિનીતભાવે **भवति भिक्षां देहि** કહેતા, અને હવે "વિદ્યાર્થીના આશીર્વાદ" નો દમામ! 'ખાલી ચણો વાગે ઘણો!!'–એ કહેવતનો અમલ થયો. આથી લગ્ન અને ગર્ભાધાનના સમયસંબંધી હિંદુત્વ અને હિંદુજનતાની સંખ્યાના રક્ષણ અને વૃદ્ધિના જે સર્વોત્તમ નિયમો પાળવાજ પડતા હતા, તે નિયમો શિથિલ થઇ ગયા. પરિણામે હિંદુસમાજ બળ, સંખ્યા અને સુવ્યવસ્થામાં હીન થતો ગયો અને બીજા અનેક અનર્થો એક પછી એક ઉપસ્થિત થયા. આ એક પ્રકારના અનર્થોવિષે ટૂંકામાં મેં ઉલ્લેખ કરી દીધો છે.

અનર્થોના બીજા પ્રકાર

ઉપર વર્ણવી ગયા તે પ્રમાણે હિંદુપ્રજાની આંતરસંસ્કૃતિમાં શિથિલતા થવાથી બીજા એક પ્રકારના બાહ્ય અનર્થોના સમુદાય પણ હિંદુસમાજમાં પેદા. એ બીજો અનર્થસમુદાય વિદેશીઓના અને વિધર્મીઓના સંસર્ગોથી ઉપજેલા અનર્થોનો સમુદાય છે. આથી હિંદુઓનું સ્વાભિમાન નરમ પડ્યું. વિદેશીઓની તથા વિધર્મીઓની જે સૂગ હિંદુઓમાં હતી, તે નરમ પડી ગઇ. કાંઇક આના જેવીજ સૂગ ગોરા લોકોની પ્રજાઓ ને અન્ય રંગની પ્રજાઓ સામે છે; તેજ પ્રમાણે પ્રત્યેક પ્રજાને થોડે કે ઘણે અંશે અન્ય પ્રજા સામે છે. તેની સામે દરેક પ્રજા માંહેના શુષ્કજ્ઞાનીઓ અથવા જ્ઞાનભાસીઓ અથવા જ્ઞાનાભાસીઓ પરમતસહિષ્ણુતાનો પાઠ શીખવવાને માથાફોડ કરી રહ્યા છે, પણ તે માથાફોડ ફોકટ છે; કારણ કે એ પ્રજાઓની જે એકબીજાવિરુદ્ધ સૂગ છે, તે નૈસર્ગિક એટલે પ્રકૃતિસિદ્ધ છે. તેમાં કોઇ પણ પ્રકારે માનવજાતિનું કે વ્યક્તિઓનું અકલ્યાણ નથી. કર્મનિષ્ઠાની નિશાળ પ્રમાણે એ માનવવિકાસના વિવિધ દરજ્જા પ્રમાણે પ્રગતિજ કરાવનાર છે, સંકરતાને અટકાવનાર છે. શ્રીકૃષ્ણ પરમાત્માએ '**प्रकृतिस्त्वां नियोक्ष्यति**' વગેરે વાક્યો ગીતામાં કહ્યાં છે, તેનો ભાવ પણ એજ સૂચવે છે; પણ મિથ્યા જ્ઞાનીઓ અને વિદેશી ચેપવાળાં મનુષ્યો સદરહુ નૈસર્ગિક સૂગને કાઢી નાખવાને જૂઠા ઉદારભાવથી નકલ કરવાનો અને કરાવવાનો ઉપદેશ ફેલાવી રહ્યા છે. આમાંજ હિંદુજાતિનાં અને હિંદુધર્મના સમૂળ ઉચ્છેદનાં બીજ વવાઇ ચૂક્યાં છે. જ્યાંસુધી એ બીજાનો નાશ કરવામાં નહિ આવે, ત્યાંસુધી હિંદુપ્રજા પ્રલયના જડબામાં જકડાયલી છે, એ સમજવા જેટલો પણ બુદ્ધિનો પ્રકાશ મળવો અશક્યજ છે.

ઉપર જણાવેલા બે પ્રકારના અનર્થોનો કારણ–કાર્ય–ભાવ

ઉપર જણાવી ગયા તે બંને પ્રકારના અનર્થો પૈકીના પ્રથમ પ્રકારના અનર્થો તે બીજા પ્રકારના અનર્થોના કારણરૂપ છે; અને બીજા પ્રકારના સદરહુ અનર્થો તે પ્રથમ પ્રકારના ઉક્ત અનર્થોના કાર્યરૂપ અનર્થો છે. આ બીજા પ્રકારના અનર્થોએ ક્યારનીએ હિંદુપ્રજાને અને તેના પ્રજાત્વને નાબુદ કરી નાખી હોત; પણ હિંદુધર્મના સંસ્કારી અને તે સંસ્કારોની અસર

જેમાં ઓતપ્રોત થયેલી છે એવા હિંદુસમાજનાં મર્યાદાબંધન એવાં તો બલિષ્ઠ છે કે તેમના ઉપર સદરહુ બંને પ્રકારના અનર્થો હજુ સુધી વિનાશકારક કાર્ય પણા પ્રમાણમાં ઉપજાવી શક્યા નથી; તોપણ તેથી જે વિનાશકારક કાર્ય ઉપજી ચૂક્યું છે, તે એવું તો ભયંકર છે કે જેઓને હજુ પોતાના સ્વત્વનું ભાન રહેલું છે, એવા મર્મજ્ઞ હિંદુ અભ્યાસીઓ અત્યંત સ્પષ્ટ રીતે સમજે છે કે, જો હવે પૂર્વોક્ત બંને પ્રકારના અનર્થોને મૂળમાંથી ઉખેડીને ફેંકી દેવામાં નહિ આવે તો હિંદુજાતિ પોતેજ જડમૂળમાંથી ઉખડી જશે.

અનર્થોને માટે આગેવાનોજ જવાબદાર છે-જુના આગેવાનો

સદરહુ બંને પ્રકારના અનર્થોને માટે જવાબદાર કોણ છે? આ પ્રશ્નનો જવાબ ખુલ્લોજ છે કે, ઉક્ત બંને પ્રકારના અનર્થોને માટે જવાબદાર તો હિંદુપ્રજાના જૂના અને નવા આગેવાનો છે; કેમકે " यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः " ।

એટલે અર્થાત્ આગેવાન મનુષ્યો વર્તે છે તેજ પ્રમાણે બીજા મનુષ્યો પણ વર્તે છે. એ શ્રી ભગવદ્ગીતાનું વચન તેમજ લોકવ્યવહાર ઉપરથી સિદ્ધ થાય છે. હિંદુઓની પૂર્વસંસ્કૃતિમાં વિરોધી અને વિધર્મીઓના હુમલાઓ વખતે ઉપજેલી હાનિઓને દૂર કરીને હિંદુપ્રજાને પોતાના અસલ સંસ્કારોપર લાવવાનું કામ સદરહુ હુમલાઓનો સમય વીત્યા પછી જૂના આગેવાનોએ જે ત્વરા અને ઉદ્યોગ તથા ખંતથી કરવું જોઈતું હતું તે પ્રમાણે ન કર્યું; પણ તેથી ઉલટુંજ કામ તેઓએ કર્યું. પ્રજાના એ જૂના આગેવાનો બ્રાહ્મણો હતા, તેમની હું નિંદા કરવા માગતો નથી. " तेषां निन्दा न कर्तव्या " એ વાક્ય મને શિરસામાન્ય છે; પણ " युगरूपा हि ब्राह्मणाः " એ વાક્ય પણ ભૂતાર્થ(ફેક્ટ)તરીકે મારે કહેવુંજ પડે છે. યુગ તો કળિયુગજ છે અને તે યુગરૂપ બ્રાહ્મણો હાલ બન્યા છે-એ વાત તો દરેક હિંદુએ સમજી રાખવીજ જોઈએ તેવી છે. તેવા બ્રાહ્મણોની પણ નિંદા કે દ્રોહ તો કરવોજ નહિ, પણ તેમની તરફ ધર્મબુદ્ધિથી માનબુદ્ધિ રાખવી; કારણ કે બ્રાહ્મણોમાં કાંઈ બધાએ બ્રાહ્મણો કળિયુગરૂપ બની ગયા નથી અને બની જવાના નથી. હજુ પણ બ્રાહ્મણોમાં એવી ઘણી સદ્વ્યક્તિઓ છે કે જેઓ પોતે ગુમાવવા બેઠેલી આ હિંદુપ્રજાની દયામણી દશાને માટે લાગણી ધરાવે છે અને દયાદૃષ્ટિ તથા ઉદારભાવથી પ્રજાના સંસ્કારનું પુનર્જીવન અને પુનઃસ્થાપન કરવાને માટે ઉત્સાહ અને ઉદ્યોગને સેવે છે; અને કળિરૂપ બનેલા બ્રાહ્મણજાતિજનોની કનડગત વહોરીને પણ પ્રજાના ઉદ્ધારનું કાર્ય દુઃખ વેઠીને પણ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. એ સત્પુરુષ બ્રાહ્મણોનો દાનમાનથી સત્કાર કરવો અને બીજાઓનો નમસ્કારમાત્રથી કરવો તથા જેઓ કળિયુગનેજ પુષ્ટિ આપનારા હોય તેવા બ્રાહ્મણોપ્રત્યે ઉપેક્ષાબુદ્ધિ રાખવી; કેમકે શ્રી મનુ ભગવાન પણ આજ્ઞા કરે છે કે, એવાઓને તો " वाङ्मात्रेणापि नार्चयेत् " અર્થાત્ વાણીમાત્રથી પણ માન આપવું નહિ. આ પ્રમાણે વિવેક રાખીને દરેક મર્મજ્ઞ હિંદુએ હિંદુઓનો ઉદ્ધાર કરનારા બ્રાહ્મણોપ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવી તથા બીજાઓને તેમ કરવાને માટે વાણી અને વર્તનથી ઉપદેશ આપવો.

નવા આગેવાનો

ઉપર વર્ણવી ગયા તેવી ઉપેક્ષાવાળી અથવા ઉચિત અથવા તરછોડાયેલી જેવી નિર્બળ પ્રજા અને તેના જૂના આગેવાનો હતા તેવામાં પ્રજામાં એક નવો આગેવાનવર્ગ ઉત્પન્ન થયો. આ નવા આગેવાનો કોણ હતા? સદરહુ રીતે પડી ભાંગેલી પ્રજાના સંતાનો પ્રજાના આગેવાનો થયા; પણ આગેવાનો થયા પહેલાં તે નવા [illegible] યુરોપે પોતાનું શિક્ષણ નવા [illegible] કર્તાઓએ-અંગ્રેજોએ રચેલી કેળવણી ખાતાની વ્યવસ્થા પ્રમાણે [illegible] અને પુર-[illegible] સમયે વહી ગયા હતા, [illegible] રાજ્યમાં [illegible] હતો. સર્વ ચિંતા છોડી [illegible] નવા રાજ્યકર્તાઓની પણ હિંદુઓની-અને સમગ્ર હિંદીઓની [illegible] અથવા તે હિંદીઓને પોતાનેજ [illegible] કેળવણીની ચિંતા પણ હવે આસ્તિક સ્વભાવવાળા હિંદુઓને રહી નહિ [illegible] પણ [illegible] પોતાને સાદિ

ઉઠાવી લીધી અને એ પરદેશી અને પરધર્મી રાજ્યસત્તાને હાથે મળેલી કેળવણી અને ઉત્તેજનાથી તૈયાર થયેલા યુવકો તે પ્રજાના આગેવાન ધીમે ધીમે થઇ ગયા. સરકારે આ યુવકોને પોતાના સેવકો બનાવ્યા. નિશ્ચયપૂર્વક દર માસે વખતસર મળતા પગારથી આ યુવકો બેફીકર અને બે-પરવા બની ગયા. તેમાં વળી તેઓ રાજદરબારનાં વિવિધ ખાતાંઓની કચેરીઓમાં ગાદીએ–ખુર-શીએ ચઢીને બેસનાર થયા હતા. કોઇને હુકમ ફરમાવવાની સત્તા તો કોઇનો તે હુકમનો અમલ કરવાની પદ્ધતિમાં કરવામાં થોડો કે ઘણો હાથ હતોજ. રાજા અને પ્રજાની વચમાં સંસારમાં અનેક કાર્યોનો સંબંધ તો છેજ; તેથી બીજા પ્રજાજનો આ સરકારી નોકરોને બુદ્ધિમાન અને કમાતા–ધમાતા ગણી તેઓ તરફ માનની નજરે જોતા. તેમની સાથે સગાઈ–સંબંધ અને દોસ્તી-માં પણ પ્રજાજનો એક પ્રકારે હુંફ અને અભિમાન ધરવા લાગ્યા. તેજ પ્રમાણે કોર્ટમાં જઇને વાક્ચાતુર્ય અને અક્કલની આંટીઘુંટીઓના તોડ કરાવનાર વકીલો પણ તેવાજ માનપાત્ર થઈ પડ્યા. સરકારની પદ્ધતિ પ્રમાણે કેળવાયલા ડાકટરો પણ તેવાજ પૂજાવા લાગ્યા. અરે સરકારી રીતે શરાફી કરનાર બેન્કના નોકરો પણ બુદ્ધિના ઇજારદાર ગણાવા લાગ્યા અને જે કોઇ સર-કાર સાથે દૂરનો પણ સંબંધ ધરાવે એવા ધંધા સાથે–સાળાનો સાળો દૂરનો પણ–સંબંધ ધરા-વતો હોય, તે સર્વજ્ઞતરીકે તેમજ સર્વશક્તિમાનતરીકે મદદને માટે અને સર્વવ્યાપકતરીકે વ્યવહારમાં ગણાવા લાગ્યો. સરકારી નોકરો પૈકી જેઓ પેન્શનરો થતા તેઓ નાતજાતમાં પટલાઇ-માં ભાગ લેનારા અને બુદ્ધિના સાગર ગણાતા. આવા બેફીકરો અને બેપરવા વર્ગમાંથી પ્રજાનાં આગેવાનોની પલટણ ઉભી થઇ હતી. આવા આગેવાનોનો પહેલો જમાનો કાંઇક પ્રાચીન હિંદુ-ત્વનો સંસ્કાર વધારે ભાગે ધરાવતો હતો; પણ બીજો જમાનો હિંદુ નહિ પણ કેવળ માણસ-તરીકેજ ગણાવામાં અને આચારવિચારમાં રહેવામાંજ મોટાઇ સમજવામાં લાગ્યો. હિંદુત્વ એ બીજા જમાનાના આગેવાનોના મનમાં કેવળ ગૌણ થઇ ગયું હતું; અને ત્રીજો જમાનો તો મનુષ્ય-પણામાંથી સામાન્ય પ્રાણીત્વમાંજ ઉતરી પડવાના વેગવાળી પાશ્ચાત્ય પ્રજાનો ચેલો બન્યો છે. તે પોતાને હિંદુ જનસમાજ કરતાં ઘણોજ આગળ વધેલો સમજે છે. પોતે આગળ વધેલો હોવાથી પાછળ રહેલા સઘળા હિંદુસમાજને દોરવાનો અને દોરાયો ન દોરાય તો તો તેને નાક પકડીને ઘસડવાનો પોતાને હક્કદાર માને છે. આવા વર્ગમાંથી હાલના આગેવાનો થયા છે.

નવા આગેવાનોની આગેવાનીનું ફળ

આ આગેવાનોએ હિંદુપ્રજાને એવે રસ્તે દોરી છે, કે જે રસ્તાની પૂરી માહિતી તે આગે-વાનોને પોતાનેજ નથી, તે રસ્તાનો તેમને મોહમાત્ર છે. તેઓ પોતાની વિચારશક્તિની નિર્બળતાને પ્રત્યક્ષ પરિણામો જોવા છતાં પણ સમજી શકતા નથી. એ આગેવાનો થાક અને તંદ્રામાં પરા-વલંબી બની ગયેલી તોપણ સમગ્ર હિંદુજનતાની પ્રકૃતિ અને સ્થિતિ શી રીતે સમજી શકે? હિંદુજન-તાનો અંતરાત્મા પોતાની પ્રકૃતિ સમજે છે. ઝાંખો પણ પ્રતીતિજનક ખરો ખ્યાલ હિંદુજાતિને પોતાની પ્રકૃતિનો છે. હિંદુજાતિ પોતાની પ્રકૃતિને અનુકૂળ અને હિતકર પોતાના પ્રાચીન માર્ગને અને તેના સ્વરૂપને અસ્પષ્ટ રીતે પણ વિશ્વાસપાત્ર રીતે ઓળખે છે. આથી નવા આગેવાનો પાછળ હિંદુ જનતા ધ્રૂજતે પગે અત્યંત આનાકાની સાથે બાર માસે બે ગજની ગતિથી ચાલે છે. વખતોવખત આગે-વાનોપર ગુસ્સે થાય છે, તેમનો તિરસ્કાર પણ કરે છે અને ઘણીવાર તો જનતા પોતાના શંકા-ગ્રસ્ત ભાવિમાટે ભય-ચિંતાથી સ્તબ્ધજ થયેલી જણાય છે. આમાં પ્રજાનો દોષ નથી, પ્રજાએ નવા આગેવાનોની નવી દોરવણીનાં ફળ નજરે જોયાં છે. એ નિશ્ચિત છે કે, એ ફળ સારાં આવ્યાં નથી. હિંદુજનતા હવે શંકાશીલ બની છે, ફરિયાદ ઉઠાવે છે અને નિરાશા દર્શાવે છે. આગે-વાનો તે બધાનો દોષ હિંદુજનતા ઉપરજ નાખે છે. આગેવાનો કહે છે કે "તમે અમારી સાથે ચાલતા નથી, તેમજ અમારા કહ્યા પ્રમાણે ચાલતા નથી. તેથી તમોને અમારા કહેવા પ્રમાણે લાભ થતો નથી."

જનતા કહે છે કે "અમે જેટલે અંશે તમારી પાછળ ચાલ્યા અને જેટલે અંશે જે બાબ-તમાં તમારા કહેવા પ્રમાણે વર્ત્યા, તે પ્રમાણે તેટલે અંશે તે બાબતમાં પણ અમને કોઇ સારું ફળ જણાવું જોઇએ; તે જો જણાયું હોત, તો અમને તમારી સલાહ અને પ્રવૃત્તિ ઉપર કાંઇ

ભોગો ભોગવ્યા. આજસુધી જે જે કાંઈ અમે તમારા કહેવા પ્રમાણે કર્યું, તેમાં અમારા ધર્મ, સમાજવ્યવસ્થા, શરીરસંપત્તિ, ધનબળ, શૌર્ય, ધૈર્ય, ઉત્સાહ, બુદ્ધિબળ અને અમારા સ્વત્વમાં લાભને બદલે હાનિ થઈ છે. તમોએ અમને ટુંકામાં વિરોધી અને વિધર્મી અનાચારો ચાલ્યા આવ્યા છે. તમો પ્રજાત્વનો વિરોધ અજુવાને બદલે પ્રજાત્વને હણવાનો ઉદ્યમ એવ નેતાઓ. તમોએ પ્રજાનું વિનાશકારક રૂપાન્તર આરંભ્યું છે. તમો રામ, કૃષ્ણ, હરિશ્ચંદ્ર, નળ, યુધિષ્ઠિર વગેરે પુણ્યશ્લોક આદર્શ પુરુષોની વાતો કરો છો; તે એવા પવિત્રને માટે કે એ પવિત્ર નામો પણ તમારા પાતકી મ્લેચ્છોના સંપર્કમાં આવતાં અપવિત્ર થાય છે. પ્રતાપ, શિવાજી વગેરે વીરનરોનાં નામ, આર્ય કુળોમાં એક એક અનાર્યતાની પરાકાષ્ઠાએ જવાને અને પ્રજાને પરદી જવાને કમર કસી ઉભા થયેલા તમારા વંશના મુખમાં શોભતાં નથી. તમે રામાયણ અને મહાભારતના મર્મોને વખાણો છો તે લોકોને રમવાનેજ; તમે તે ગ્રંથોની ચર્ચા કરો છો તે લોકોને ભ્રમણામાં નાખી ધર્મવિમુખતા અને સંકરતા ઉપજાવવાને માટેજ. તમારા ધર્મશોધન, સમાજશોધન વગેરે ધર્મિષ્ઠ કેવળ અજ્ઞતાના ભંડાર છે, અશુદ્ધિના આગાર છે. પ્રજાત્વનો નાશજ કરવાને તૈયાર થયેલા તથા બીજી પ્રજાઓમાં આકાશમૂળ થઈ જવાની નિશાળ માંડીને તમો બેઠા છો. રાજકીય સત્તા અને હક્કો મેળવવાની જે જે વાતો તમોએ કરી, તે તે ઝેર ભેળેલા લાડુ-માટેની લાલુપતાજ હતી અને છે-એમ પ્રત્યેક દિવસ, ઘડી અને પળે પળે ઉઘાડું થતું જાય છે. તમારી રચનાત્મક કાર્યક્રમની વાતો તે હિંદુ પ્રજાત્વનો નાશમાટે ખાડો કરવાનાં ભયંકર મહા-યંત્રનાં ચક્રો છે-એમ પ્રત્યક્ષ થતું જાય છે; છતાં પણ તમે પકડેલા ખરપુચ્છને સ્વર્ગના વિમાન-નો દાંડો માનીને પકડ્યું છે, તેને છોડતા નથી; અને તમારા મિથ્યા કૂપમાં 'હાજી' મિલાવ-નારે મૂર્ખ ખુશામતીયાઓની ફુંક તમારી દેવાળીયા પેઢીનો અંધાધુંધીનો વેપાર ચલાવે જાઓ છો. આ ઓથની ધાટે કે ઘણે ભાગે હવે હિંદુ પ્રજાને ઝાંખી થઈ છે. તમારા જેવા મોહ-મદિરામત્ત મનુષ્ય પશુઓ આર્ય વંશમાં કેટલાએક પાક્યા છે, તેમની મદદથી છળ-બળના પ્રયોગો કરી હિંદુ-જનતાનું નાક પકડી તેને અધર્મ અને જાતિભ્રંશના અગાધ ખાડા તરફ તમો ધસડાવવામાં આગેવાનીનું માન સમજી બેઠા છો; પરંતુ પ્રજા હવે તમને ખુલ્લી અને રોકડી વાતો સંભળાવે છે, પણ આગેવાનીની ખુમારીમાં તમે બહેરા બન્યા છો.”

પ્રજાનું અંતઃકરણ ઉપર પ્રમાણે આગેવાનોને સંબોધે છે એના સાબીતી પણ ખુલ્લે ખુલ્લી છે કે, આગેવાનોની પાછળ હવે પ્રજા ખેંચાતી નથી. હવે જેમ બ્રિટિશ સરકાર સ્વપ્રતિષ્ઠાની ખાતર પોતાની સત્તાનો આશ્રય લે છે, તેજ પ્રમાણે આગેવાનો પ્રજાના પ્રજાત્વનો અને જાતિનો ભંગ કરવામાં તેમણે માનેલી સ્વપ્રતિષ્ઠા(પ્રેસ્ટીજ)ની ખાતર વિદેશી અને વિધર્મી સરકાર-સત્તાનો તથા ભ્રષ્ટ દેશી-રાજાઓનો આશ્રય લઇ વ્યામોહની ખુમારીમાં મરજી આવે તેવા કાયદાઓ, સામાજિક અને ધાર્મિક વ્યવસ્થાનો સુધારો નહિ પણ, તે વ્યવસ્થાના વિદેશીકરણ અને વિધર્મીકરણને માટેજ કરાવે છે; એટલુંજ નહિ પરંતુ કોઈ પણ હેતુથી હિંદુ-મુખ્ય-દલથી વિશૃંખલ બનેલી વ્યક્તિઓને અને રાજાઓને તેમની વિશૃંખલતામાં અથવા બળવાખોરીમાં તે આગેવાનો ટેકો અને ઉત્તેજન આપે છે. આ રીતે હિંદુપ્રજા વિનાશ અને જાતિભ્રંશના ખાડામાં ઉતરતી જાય છે.

થોડાંક ઉદાહરણો

હિંદુપ્રજાનું મુખ્ય દલ ઘણું મોટું અને આગળ શરૂઆતમાં જણાવી ગયા તે પ્રમાણે મંદ અથવા પ્રમાદગ્રસ્ત તથા થાકેલું હોવાથી તેને વિનાશ્રમે રાજપ્રકરણી લાભો અને આખરે સ્વરાજ્ય મળવાની લાલચો બતાવી તેમાં વિશૃંખલતા ઉપજાવવાનું કામ ઘણું સહેલું છે! તે વિશૃંખલતાનું પ્રથમ બીજ વિદેશી અને વિધર્મીઓને હાથે આપવામાં આવતી કેળવણીથીજ રોપાઈ ચૂકેલું હતું. તે કેળવણીના પ્રથમ ફળરૂપ વિશૃંખલ વ્યક્તિઓ પાકી, તેમનો ઉપયોગ હિંદુજાતિ-શત્રુ જેમને લાભ છે એવાં અથવા જેમણે અભિનિવેશ ધારણ કરીને એવા હિંદુજાતિદ્વેષીને હિંદુ પ્રજાના કલ્યાણના માર્ગરૂપે માની લીધેલા છે એવા પાત્રોએ કરીને હિંદુજાતિને પીસી નાખવાની ઘાણીઓ જેવી સંસ્થાઓ અને દિશાઓ ઉભી કરી છે. તે

મર્મજ્ઞ સનાતનીઓ સારી પેઠે સમજે છે; છતાં પણ આ વિષયમાં અજાણ્યા હિંદુ ભાઈઓને ખ્યાલ આપવાને કેટલાંક ખાસ ઉદાહરણો આપીને લખવાની જરૂર પડે છે. જે વ્યક્તિઓ જાહેર રીતે હિંદુ–મુખ્ય–દલની સંહતિ(સંગઠિતતા)માં હાનિ કરનારી પ્રવૃત્તિઓ હાલ કરી રહી છે, તેમની જાહેરપ્રવૃત્તિ અને યોગ્યતાવિષે અમારે સ્પષ્ટ રીતે કહેવું પડે તો તેમાં અમારો હેતુ–અમારા મુખ્ય–હિંદુ–દલના સંરક્ષણનો–શુદ્ધ હેતુ છે, 'કોઈને ખોટું લગાડવાનો કે કોઈને ખોટું દેખાડવાનો અમારો હેતુ નથી.

પોતાને સુધારક માનનાર અને રાજપ્રકરણી આગેવાન ગણાવનાર ઘણાં મનુષ્યોએ અને તેમની ટોળકીઓએ તેમનું બનતું કરીને હિંદુજાતિમાં ધાર્મિક અને સામાજિક વર્ગીકરણ નહિ, પણ વૈમત્ય અને સંકરત્વ ઉપજાવવાનું કાર્ય માંડ્યું; પણ તેઓ તેમાં સફળતા પ્રાપ્ત કરી શક્યાં નહિ. નવ સંસ્કારમાં સૌ કરતાં સ્વતંત્ર રીતે આગળ વધેલું ટોળું તે બ્રહ્મોસમાજ છે. તેમાં હવે વસ્તીનો ઉમેરો થતો નથી. એટલે સુધારકમન્યોનો એ પ્રયોગ આટલેથીજ અટક્યો. આર્યસમાજે વેદનું ઓઠું અને યજ્ઞકુંડનું કમઠાણ આગળ ધર્યું, તેથી કેટલાક મર્મ નહિ સમજનાર સનાતનીઓ તેમાં ખેંચાયા; પણ તેઓ આર્યસમાજના સિદ્ધાંતને માનનાર પૂર્ણ અંશે નથી. કેટલાકો તો આર્યસમાજથી અણબનાવ કરી પાછા તેમાંથી બહાર નીકળ્યા; તેજ પ્રમાણે આર્યસમાજમાં કેટલાક અનર્ગલ સુધારકો પણ છે. તેમને નથી વેદની સાથે લેવાદેવા કે નથી યજ્ઞનું કામ. નિરંકુશ સુધારણાને નામે સ્વચ્છંદાચારનો પ્રચાર એજ એ મનુષ્યોનો હેતુ છે, તેથી આ પ્રયોગ પણ પટેલની ઘોડી પાદર સુધીની પેઠે છે. શુદ્ધિસંગઠનથી કચરોપૂંજો એકઠો કરતાં પણ કાંઈ ચુસ્ત આર્યસમાજીઓની સંખ્યા વધી નથી. આર્યસમાજમાં સમાજી અને નાતમાં "હાજી" એવાં સંખ્યાબંધ માણસો છે. વળી સુધારક નામપર જનતાને એવી તો અરુચિ છે કે તેમની વાતને એક તરંગી ભ્રષ્ટતાની વાતતરીકે ઉવેખી કાઢે છે. તેથી જનતાને એ "સુધારા પર રુચિ ઉપજાવવાને તે પક્ષના લોકો વિવિધ યુક્તિઓનો આશ્રય લે છે. હિંદુજનતામાં કેટલીક વ્યક્તિઓ અને ટોળીઓ વિશૃંખલ હોય છે; તેમજ કેટલાક ભોળા પણ હોય છે. તેઓ એ યુક્તિઓમાં ફસાય છે. આવી યુક્તિઓ સનાતની આચાર્યાભાસો ખડા કરી, સનાતનીઓમાં ભંગાણ પાડવાની હોય છે. પ્રજામાં ચાલેલી અસહકારી અને ખીલાફતની સંયુક્ત હિલચાલનો લાભ લઈ ભારતીકૃષ્ણ જેવી વ્યક્તિને અનભિજ્ઞોએ અને યુક્તિબાજોએ આચાર્યાભાસતરીકે ચલાવેલ છે. શ્રી શાંત્યાનંદ સરસ્વતીને શ્રીમંત ગાયકવાડ સરકારે દ્વારકાપીઠના શંકરાચાર્ય બનાવવાની પણ એવીજ સુધારક પક્ષની યુક્તિઓ યોજેલી હતી; તેવીજ યુક્તિનું ફળ ડૉ. કૂર્તકોટિ. એ હેતુવાદીઓના શંકરાચાર્ય કોલ્હાપુર રાજ્યના પેંતરાથી રાજપ્રકરણના ક્ષેત્રમાં વાજ્યા કરે છે. આ બધી પ્રવૃત્તિમાં અનભિજ્ઞ મતલબી વ્યક્તિઓ અને ટોળીઓ ભળીને અપાર હાનિ હિંદુત્વને સમાજ-સુધારાને નામે અને રાજપ્રકરણને આગળ ધરીને પહોંચાડવામાં આવે છે. મર્મજ્ઞ હિંદુઓ આ બધું સમજે છે; પણ વિશૃંખલો અને અનભિજ્ઞો, આવી પ્રવૃત્તિઓને–જો કે તેમનું કાંઈ વળતું નથી તોપણ–એક વિસંવાદી સૂરતરીકે નિભાવવા મહેનત કરે છે. મુખ્ય સનાતન હિંદુદલ આ વિસંવાદી સૂર તરફ વિરોધ કે ઉપેક્ષા દર્શાવે છે, તોપણ સુધારકમન્ય પક્ષ આ રીતે મુખ્ય–હિંદુ–દલને ક્ષોભ પમાડવા પ્રયત્નશીલ રહે છે. આ તો મોટાં મોટાં ઉદાહરણો બતાવ્યાં, પણ આવી બીજી અનેક યોજનાઓ ધર્મ અને જાતિને નાબુદ કરવા વિરોધી પક્ષ તરફથી કરવામાં આવે છે. આમાં શેઠીઆ કે પટેલીઆ બનવાની આતુરતાવાળા ધાલમેલીઆઓ અને અર્ધદગ્ધ તાલમેલીઆ બડેખાંઓ ધર્મને અને જાતિને જોખમાવી પોતાની વિવિધ મતલબો સાધવાને મની રહેલા છે. ટુંકામાં સૂચવવાનું કે, આથી હિંદુધર્મને અને જાતિને અપાર જોખમનો સંભવ છે. તે જોખમના તણખા અને છમકલાં હવે નજરે પડતાં જાય છે; છતાં ધાલમેલીઆ અને તાલમેલીઆ વ્યક્તિઓ પોતાના મિથ્યાભિમાનમાં આંખો મીંચી આગળ વધ્યે જાય છે. પ્રજાએ અને પ્રજાના હિતસ્વી આગેવાનોએ શા ઉપાયો સત્વર લેવા જોઈએ, તે નમ્રપણે જણાવવાનું હવે બાકી રહે છે.

[illegible]

[illegible]

૫૫—શિક્ષણનો આદર્શ

[illegible] ભારતવર્ષમાં [illegible] ... અને [illegible] ... આદર્શ રાખી [illegible] રહેવાનું હતું.

ભગવાન રામચંદ્ર અને કૃષ્ણ પરમાત્મા જેવા પણ [illegible] ઋષિઓ પાસે રહી શિક્ષણ લેતા અને શુદ્ધ [illegible] કરતા. એ [illegible] શિક્ષણ ઉત્તમ [illegible] પરંતુ હાલમાં જે શિક્ષણ આપણા યુવાનોને અને યુવતીઓને [illegible] છે, તે પાશ્ચાત્ય આદર્શો ગ્રહણ કરાવે છે, કે જે આપણા હિન્દુ [illegible] નથી. કારણ કે તે મોજશોખ અને વૈભવનાં સાધનો મેળવવામાંજ [illegible] છે, અને પરિણામે તે આપણને દુઃખરૂપ અને હાનિકર્તા થઈ પડે છે. આપણા દેશના યુવાનોનો [illegible] છે કે જે ઘણી ગરીબ છે અને તેમનો આધાર તેમના માતાપિતાના ઉપર હોય છે. તેઓ [illegible] અભ્યાસ પૂરો કરતા પહેલાં પોતાની મોજશોખની હાજતો એટલી વધારી મૂકે છે કે પરિણામે તે પોતાનાં માતાપિતાને મુશ્કેલીમાં મૂકે છે અને ઘણી વાર તો પોતાના ગુજરાન પૂરતું કમાઈ શકતા નથી; તો કેટલાક પોતાના અભ્યાસ ચાલુ રાખી ન શકવાથી પોતાનો અભ્યાસ છોડી દેવાની ફરજ પડે છે, તેને તો પોતાના ગુજરાન જેટલું [illegible] છે, અને કેટલીક વાર તો તેને રખડવું પડે છે. આનું ખરું કારણ આપણા દેશમા અપાતા શિક્ષણ સાથે [illegible] જ્ઞાન અપાતું નથી તે છે. આથી આપણા દેશમા અપાતા શિક્ષણ [illegible] હુન્નરઉદ્યોગમાં લાગી શકાય તેવું શીખવાડવામાં આવે તો લાભદાયક થઈ પડે. આપણે [illegible] અને [illegible] ત્યાગ કરી આપણું [illegible] કમાતા થવા [illegible] સંસારવ્યવહારમાં પડતાં ગુજરાનના નિભાવમાટે [illegible] અને દુઃખી થઈએ છીએ. તેથી આવકના પ્રમાણમાંજ [illegible] ખર્ચ [illegible] અને [illegible] સંતોષ માનવો એજ સુખી થવાનો માર્ગ છે. વળી શરીરની તંદુરસ્તીમાટે [illegible] અને ધર્મ તથા નીતિસંબંધી જ્ઞાન મેળવવું અવશ્ય જરૂરી છે. [illegible] રખડવા અને ગપ્પાં મારવા કરતાં દેશમાં થયેલા મહાન પુરુષોના [illegible] સારા લેખકો-નાં પુસ્તકો વાંચવાનો અભ્યાસ રાખવો.

૫૬—હિંદના અંધો અને સંગીતનું શિક્ષણ

૧૮૯૪ માં મારા મુરબ્બી મોટાભાઈ દા. નીલકંઠરાયને આંખે એકાએક અડચણ આવી. પરિણામે એમને અને સાથે સાથે મારે પણ બ્રેઈલ-ઇંગ્રેજી અંધ કક્કો-શીખવાની જરૂર પડી. બીજેજ દિવસે અમે, પાડોશમાંથી એક ગોંક અંધ છોકરીને આણી. આમ, અમદાવાદમાં અમારા ઘરમાંજ પહેલી અંધશાળા ઉપડી. એ છોકરી કંઇ ઇંગ્રેજી જાણતી નહોતી. આથી ગુજરાતી અને દેશી ભાષાને માટે 'અંધ કક્કો' બનાવવાની જરૂર તરતજ જણાઇ. મારા ભાઇની સૂચના પ્રમાણે આમ કેળવણીમાં રસ લેનારા અમે પાંચ ભાઇઓ આ કામમાં વળગ્યા. અહીં અમને ઘણી ઘણી મુશ્કેલીઓ જણાઇ. અમે હિંદની, સમજ પડી તેટલી ભાષાના કક્કાની તપાસ કરી. એ સર્વને અનુકૂળ પડે એવો 'અંધ કક્કો' અંગ્રેજી બ્રેઇલને ધોરણે બનાવાય તો, એક સામાન્ય, કક્કો ભાષાપરત્વે જોઇતા થોડાકજ ફેરફાર સાથે હિંદને માટે સર્વસામાન્ય કક્કો નીવડે, એમ અમને લાગ્યું. આમ હિંદમાં ચાલતી ભાષાઓનાં મૂળ અને કક્કાઓ તપાસી, અમે "ધી ઇંડિયન બ્રેઇલ" અથવા દા. નીલકંઠરાયના બ્રેઇલ કક્કાને નામે ઓળખાતો, દેશી ભાષાનો કક્કો બનાવ્યો. આ પ્રમાણે ઉભી થયેલી અમદાવાદની આ અંધશાળા આઠ વર્ષ સુધી અમદાવાદમાં જામી. કાળ જતે, ખીલતી ખીલતી તે અમારા ઘરમાંથી નીકળી, સાર્વજનિક સેવાને વધારે અનુકૂળ થઇ પડે તેમ, જાહેરમાં આવતાં, હવે તે ગુ. વ. સોસાઇટીવાળા હીમાભાઈ ઇન્સ્ટીટ્યુટના નીચેના ભાગમાં બેસવા લાગી. આ અરસામાં મર્હુમ મહારાણી વિક્ટોરિયાના સ્મારકમાં મુંબઇમાં, એક સારી રકમ ભેગી થઇ. એ ફંડની કમિટીની ઇચ્છાનુસાર, આઠ વર્ષ પછી, આ અમદાવાદની આખી અંધશાળા મુંબઇ આવી અને ધી વિક્ટોરિયા મેમોરિયલ અંધશાળા બની. અહીં દા. નીલકંઠરાયે, ૧૯૦૨ થી ૧૯૨૨ માં તેમનું અવસાન થયું ત્યાંસુધી, એકસરખું સારૂ કામ કર્યું. આમ આ અંધશાળા મુંબઇમાં દિવસે દિવસે વિકાસ પામી.

આ તમામ કાળ, મારા ભાઇને લીધે, મારે પણ અંધોના સંબંધમાં રહેવાનું થયું. આ પ્રમાણે ૩૪ વર્ષ થયાં, મને આંધળાઓને લગતા અનેક વિષયો વાચવાનો, તેમને લગતા અનેક પ્રશ્નોનો વિચાર કરવાનો તથા તે પ્રશ્નોનો ઉકેલ કરવાનો, તેમજ અંધાપો અને આંધળાઓનાં દુઃખ જોવાનો અવકાશ મળ્યો. મારા ભાઈના અવસાન પછી, તેમનું કામ કોઇ ઉપાડી લે એવું માણસ ન મળવાથી શાળામાં પડતી અડચણ દૂર કરવાને તથા મારા ભાઇએ મૂકી દીધેલું કામ ત્યાંથી આગળ ચલાવવાને માટે શાળા તરફથી મને સૂચના થઇ. શાળા તરફનો પુષ્કળ આગ્રહ, મારો અંધભાઇઓ સાથેનો પરિચય તથા મારા ભાઇએ શરૂ કરેલું કામ બગડતું અટકે તે માટે તેને ઉપાડી લઇ આગળ ચલાવવાને માટે થતી માગણી લક્ષમાં લઇ મેં તે બોજો સ્વીકાર્યો છે. આમ છેલ્લાં પાંચ વર્ષથી હું અંધભાઇઓના સબંધમાં વિશેષ આવ્યો છું. આજે હુ તેમના પ્રશ્નોમાં ખાસ સ્વાર્થ ધરાવું છું. એ પ્રશ્નોને જેમ બને તેમ ચર્ચવા એ મારી ફરજ સમજું છું. આ સંજોગો ધ્યાનમાં લઇ વાચકોને નીચેની બાબતોનો વિચાર કરવા વિનવવા પ્રેરાઉં છું.

૧—આ શાળાનો એક ઉદ્દેશ આંધળાઓને શાસ્ત્રીય ધોરણે સંગીત શીખવવાનો છે. આ વિષેનો શાળાનો અનુભવ નીચે નોંધું છું.—

(અ) દશ વર્ષની અંદરના છોકરાઓ પણ, શરીર અને બુદ્ધિ સારા હોય તો ગાવાનું, તાલ આપવાનું અને વાજીંત્ર વગાડવાનું શિક્ષણ સારી રીતે શરૂ કરી શકે છે.

(આ) સંગીત અંધને રૂચે છે.

(ઇ) સૂર મોઢે કાઢતાં તથા સા-રી-ગ-મ અને તેના પલટા શીખતા આંધળાઓને અંધાપાને લીધે કોઇ પણ પ્રકારની ખાસ અડચણ નડતી નથી

(ઈ) તાલ, માત્રા, સૂર વગેરે આંધળાઓ પણ દેખતા બાળકજ સમજે છે

(ઉ) વાજીંત્ર શીખવાને માટે ખાસ વખત થાય, તે પહેલા ઘણો વખત જગાડે, આ વિદ્યાર્થી-

એને મંજીરાની મદદથી, કાન કેળવવાની શરૂઆત કરાવવામાં આવે છે. હાથની તાળી અને મંજીરા સાથે કંઇક અભ્યાસ થયા પછી, ધીમે ધીમે તેમને દિલરૂબાદ્વારા આગળ ચલાવવાનું કાર્ય શરૂ થાય છે. પછી દિલરૂબા તેમના હાથમાં સોંપી, પોતાને હાથેજ સૂર કાઢતાં શીખવી, તે પ્રમાણે કાન અને હાથને સાથે સાથે પદ્ધતિસર કેળવી, સંગીતમાં આગળ પ્રવેશ કરાવવામાં આવે છે. દિલરૂબા આ કામમાં ઘણોજ બંધબેસતો જણાય છે. સીતાર પણ પડદાવાળું વાજીંત્ર છે, પરંતુ તે તેમને તેટલું રૂચતું જણાતું નથી.

(ઊ) એક વાર દિલરૂબા પર હાથ બેઠો, એટલે સારો અભ્યાસ થતે, ત્રણ ચાર વર્ષમાં, વિદ્યાર્થી દરરોજનો પાકો મહાવરો રાખે છે તો, આશરે પખવાડીઆમાં કે મહિનાના મહાવરામાં હાર્મોનિયમ, કોન્સરટીન, ફીડલ, મેંડોલીન, સારંગી, વાંસળી વગેરે ગમે તે વાજીંત્ર જાતેજ વગાડતાં શીખી શકે છે.

(ઋ) આંધળાઓ એજ પ્રમાણે સાથે સાથે તબલા પણ દેવતાઓની માફકજ શીખવ્યાથી વગાડી શકે છે. એમાં પણ કાળ જતે, કામ કરતાં કરતાં, હાથ અને કાન કેળવાય છે, તેમ તેઓ સારી પ્રવીણતા પ્રાપ્ત કરી શકે છે. તાલ, માત્રા અને સૂરને સમજી તે પર ધ્યાન આપે એ સઘળું આંધળાઓ ધીમે ધીમે આપોઆપ કરી શકે છે. આ દિશામાં રસ લઇ કામ કરનારાઓનું ભવિષ્ય ઉજ્જવળ જણાય છે.

૨—અહીં શીખી પાર ઉતરેલા વિદ્યાર્થીઓ મુંબઈ અને કાઠિયાવાડ, કચ્છ અને યુ. પી. અને હિંદના બીજા ભાગોમાં સંગીત શીખવી સારી રીતે ગુજરાન કરી શકે છે. એમાંના સારાઓ તો દેખતાઓની શાળાઓમાં પણ છોકરા, છોકરીઓ, એમ તમામને શિક્ષણ આપે છે. ખબર કાઢતાં આવા આંધળાઓની કમાઇ રૂા. ૧૫૦) થી ૨૦૦) અને ૨૫૦) લગણ થાય છે. છેક હલકી પંક્તિના અભ્યાસીઓ પણ રૂા. ૩૦-૪૦) માંથી જતા નથી, એમ જણાય છે; પણ આ સઘળી કમાઇ મોટાં શહેરોમાંજ થાય છે. ગામડામાં વસનારા આવા વિદ્યાર્થીઓને આવી તક કે લાભ મળતા નથી; પણ ગામડાંઓમાં ખર્ચ ઓછું, જીવન સ્વચ્છ, હવાપાણી સારાં, હરવા-ફરવાની હાડમારી ઓછી, એટલે સંતોષ માની રહેનારા કથાકારો, ભજન ગાનારાઓ અને કીર્તન કરનારાઓ જો ભગવાનની ભક્તિ તરફની વલણવાળા હોય છે તો તેમને તો ત્યાં સારૂં ફળે છે. મોટાં શહેરોની સહેલ-સપાટામાં મઝા માનનારા આંધળાઓ શહેરોની ગંદી જીંદગીમાં ફસાઇ જાય એવો ભય ભારે છે. નાટકશાળાઓમાં અથવા ખાનગી હલકી પંક્તિની સંગીત મંડળીઓમાં કામ કરવામાં, ખાવાપીવાનો, ચડસ લાગવાનો અને અનેક ન ઇચ્છવા જેવા સહવાસમાં રહેવાનો એટલો પ્રસંગ બને છે, ને આંખે અડચણવાળા તેમાં વહેલા ફસાઇ પડે છે. આંધળાઓને કામે લગાડનાર ભાઇબહેનોએ આ દિશામાં ખાસ લક્ષ આપવું ઘટે છે.

૩—દેશ, આંધળાઓ સંગીતમાં શું કામ કરી શકે છે તેથી તદ્દન અજાણ લાગે છે. દેશનું ધ્યાન, આંધળાઓ સંગીતમાં શું શું ચોક્કસ કરી શકયા છે, એ તરફ લક્ષ દોરાવે તો અંધોદ્ધારની આ દિશામાં લોકો ધીમે ધીમે રસ લેતા થાય, આંધળાઓને તેમના જ્ઞાનના પ્રમાણમાં કામ મળે, દેશપર તેઓ બોજારૂપ થતા અટકે અને દેશસેવાનું પહેલું કાર્ય પેટીઉં કમાઇ, સ્વતંત્ર થઇ, સમાજને પણ યથાશક્તિ ઉપયોગી થાય. આ અંગે નીચે થોડીક વિગતો ટાંકું છું:—

(અ) આ શાળાના એક વિદ્યાર્થી આજે મુંબઇની એક જામેલી દેખતાઓની હાઇસ્કૂલમાં કેટલાંક વર્ષથી સંગીત શિક્ષકનું કામ કરે છે.

(આ) બીજા એક ભાઇ, આ શાળા છોડ્યા બાદ, મુંબઇનું પાણી માફક ન આવવાથી, અમદાવાદની એક જાણીતી કન્યાશાળામાં કન્યાઓને સંગીત શીખવવાના કામમાં, છેલ્લાં બે વર્ષથી રોકાયા છે.

(ઇ) ત્રીજા એક ભાઇ, છેલ્લાં દશ વર્ષથી, લોનાવલાની હોટેલમાં સંગીત કરે છે; અને પોતાના સારા કામથી સંતોષ આપી, માલેકની મહેરબાની તથા વિશ્વાસ મેળવી, આંખે અડચણ હોવા છતાં પણ, હૉટેલની વ્યવસ્થાનું અટપટું કામ પણ હવે તે ઉપાડે છે, એમ સંભળાય છે.

(ઈ) ચોથો એક વિદ્યાર્થી મુ. પ્રા. માં એક બોર્ડીંગ હાઉસમાં એવુંજ કામ કરે છે.

(ઉ) પાંચમા ભાઇ તો સૌથી વિશેષ ભાગ્યશાળી નીવડ્યા છે. તેમણે શાળામાં રહી અંધ જીવનમાં શાળામાં અપાતું શિક્ષણ, સંગીત અને દરેક કામ સારી રીતે શીખી શકવાનો અભ્યાસ પૂરો કરવાના અરસામાં શાળા તરફથી તેમની આંખે નશ્તર મૂકવામાં આવ્યું. પરિણામે તે દેખતા થયા છે. વખત જતે આંખ કેળવાઈ છે ને આજે બીજા દેખતા જેવુંજ તે સારૂં દેખી શકે છે. મામમાં હરે છે, ફરે છે અને પોતે આ શાળામાં લીધેલા શિક્ષણનો લાભ લઇ, આ શાળાના એક વખતે કામ કરનારા, પ્રો. દેવધરના ભેગા; તેમની ઇંડિયન એકેડેમી ઑફ મ્યુઝીકમાં જોડાઇ, સંગીતશિક્ષકતરીકે કામ કરે છે.

(ઊ) વળી બીજા ચાર પાંચ જણ, કાઠિયાવાડમાં સ્વતંત્ર સંગીત શાળાઓ કાઢી પોતાનું ગુજરાન ચલાવે છે.

(ઋ) મુંબઇ નગરમાં પણ આ શાળામાંથી પાર ઉતરેલા પારસી, મુસલમાન, ગુજરાતી અને દક્ષિણી વિદ્યાર્થીઓ, એજ પ્રમાણે સંગીતમાં પણ છૂટક ટ્યુશનો આપી, સ્વતંત્ર જીંદગી ગુજારે છે.

(ૠ) મુંબઇના ધી વિક્ટોરિયા ગાર્ડનસમાં પણ આ શાળાના વિદ્યાર્થીઓને તેમના સંગીતના કામને અંગે, જલસા કરવાને આમંત્રણ થએલાં છે. તેવે દરેક પ્રસંગે તેમને પણ દેખતા જેટલુંજ મહેનતાણું અપાયું છે.

૩—આવા વિદ્યાર્થીઓને પશ્ચિમમાં જે પ્રકારનું ઉત્તેજન મળે છે, તે ઉત્તેજન આપવામાં આવે તો, સંગીતમાં તેઓ ઘણું કામ કરી શકે; અને કોણ જાણે; પ્રભુ કરે તો સંગીતના પ્રદેશમાં દેશસેવાનું એક સમર્થ સાધન હિંદના આંધળાઓ પણ નીવડે. ત્યાં તો આંધળાઓને જલસાઓમાં જવાને તથા જાહેર સ્થાનોમાં થતા સંગીત વગેરેનો લાભ મફત મળે, એ ખાતર અંધશાળાઓમાં મફત ટીકીટો મોકલવાનો રિવાજ દેખાય છે. આ ઉપરાંત સારા સંગીતશાસ્ત્રીઓ અંધશાળાઓમાં આવી, શાળાના કામને તપાસી, તેમાં યોગ્ય સૂચનાઓ કરે છે; તથા અંધસંગીતને દરેક પ્રકારે ઉત્તેજન મળે એ દિશામાં અનેક સહાય આપે છે. સારા સારા ગવૈયાઓનો લાભ આ આંધળાઓને મળે એમ હિંદ કરે તો?

૪—અગાઉથી ગોઠવણ કરી હોય તો, આ શાળાના વિદ્યાર્થીઓ શુભ પ્રસંગે અથવા જાહેર કામોમાં જલસાઓ વગેરેમાં હાજરી આપી શકે, એમ વ્યવસ્થા કરી શકાય.

૫—દેશની ઇસ્પિતાલોમાં પીડાતા દરદીઓને માટે તેમજ જેલમાં સડતા, કાળથી ફારેગ થયા પછી ફરી પાછા પોતાની જૂની વૃત્તિઓના વિચારમાં ફસાતા, આપણા ભાઇઓને માટે આ શાળાના વિદ્યાર્થીઓ અવારનવાર જઇ જલસા વગેરે કરી શકે. દરદીઓને સાજા કરવામાં મનને આનંદમાં રાખી, કોણ જાણે સંગીત કદાચ દવા જેટલોજ સારો ઉપાય નીવડે, ખાસ કરીને સાજા થતા દરદીઓને જેમને સહવાસની જરૂર જણાતી હોય, પણ જેમની પાસે જઇ બેસનારા માણસો, મોટા શહેરની મુશ્કેલીઓમાં ન મળે, તેવે દરેક પ્રસંગે આંધળાઓ ઘણું કામ ઉપાડી શકે. આ લાભ તેમને અપાય તો? એમાં બેવડો ફાયદો થાય.

૬—મીલે મીલે, કારખાને કારખાને, આવી શાળાઓના વિદ્યાર્થીઓ પગારને દિવસે, અથવા રજાના વખતે આવી, સંગીત કરે, કથા વાંચે, કીર્તન કરે એવી ગોઠવણ કરી હોય તો દારૂ, વગેરે અંગે બરબાદ થતા દેશના અઢળક ધનને રોકાવામાં, મજૂરોના મગજને મઝા કરાવવામાં આરામ આપી તેમને નવું કામ કરવાને વધારે ઝડપથી તૈયાર થવામાં આવા સંગીત વગેરેની યોજના ખાસ મદદ કરે, એ બનવાજોગ છે. આ દિશામાં દેશ દષ્ટિ દોડાવે તો?

૭—દેખતાઓના સંગીતને માટે જેમ નોટેશન છે, તેમ આંધળાઓને માટે પણ તેમની લીપીમાં નોટેશન ઉતાર્યું છે. અંધશાળાઓમાં સારા સારા ગીતો, ભજનો, કીર્તનો, સંગીતો વગેરેનાં પુસ્તકો તેમના કર્તાઓ વગેરે તરફથી મોકલવામાં આવે તથા તે અંધ ભાષામાં ઉતારવાને માટે ગોઠવણ થાય તો દેશમાં અંધ એવા નું [illegible] નવીજ નદ મળે.

આ દિશામાં ઘણું કામ થાય એમ છે, પણ [illegible] અહીંજ અટકાવીશું.

પણ તે બંધ કરતાં પહેલાં બે બાબતપર વાંચનાર ભાઇઓનું ખાસ લક્ષ્ય દોરૂં છું:-

(૧) શાળાઓમાં આંધળાઓ શું કામ કરે છે તે જાતે જુઓ. તે તમારા પાડપડોશમાં, ગામમાં, જ્યાં ત્યાં સર્વ કોઇ જાણે તેમ ગોઠવણ કરો.

(૨) આંધળા ગરીબ હોઇ મોટે ભાગે ભીખ માગે છે. તેવાં તમામ ભાઇબ્હેનને આ શાળામાં અથવા અન્ય ઠેકાણે મોકલી, બને તેમ, તેમને ભીખ અને તે અંગે સાથે સાથે આવતી અનેક અનીતિ અને બૂરી બદીમાંથી બચાવી, તેમનો ઉદ્ધાર કરો.

('મુંબઈ સમાચાર' ના દીપોત્સવી અંકમાં લેખક-રા. રા. હરિપ્રસાદ ડાહ્યાભાઇ છત્રપતિ. બી. એ. પ્રિન્સિપાલ-ધી વિકટોરિયા મેમોરિયલ અંધશાળા, તારદેવ, મુંબઈ.)

૫૭-મોટા લાડુભટ્ટ કોણ છે?

આપ કહેશો કે, લાડુઓ તો હિંદુઓજ ખાય છે; ત્યારે સારા જગતનો સવાલ શું કામ વચ્ચે લાવો છો? પણ વાચકો! શું લાડુભટ્ટો તે કાંઇ એકજ જાતના હોય છે? શું માત્ર હિંદુઓજ લાડવા ખાય છે? અને બીજી કોમો નથી જમતી? વાંચો તમો નીચલી વાત.

(૧) ખરૂં છે, કે બનારસમાં અને મથુરામાં બાસુદી પીનારા અને લાડવા ખાનારા એવા ભટ્ટો હોય છે, કે જે એકી વેળા પા-મણ, અર્ધો મણ, પોણો મણ કે એક મણ માલ સાફ કરી જાય છે!

(૨) કોઇ કહે છે, કે તેઓ જમવા આગમચ એક બે દિવસ ભૂખ્યા રહે છે અને જમ્યા પછી પણ એક બે દિવસ અપવાસ પાળે છે!

(૩) ભલે, તમો આ લાડુભટ્ટો ઉપર હસો; છતાં પણ તેઓ કેવળ નિર્દોષ છે!

(૪) તેઓ કાંઇ "રામનામ જપના ને પરાયા માલ અપના" કરનારા નથી! તમો જમાડો છો તો એઓ જમે છે; તેઓ કાંઇ લૂંટનારા કે ખેંચનારા નથી!

(૫) ત્યારે તમે કહેશો કે, સારાય જગતમાં મોટામાં મોટા લાડુભટ્ટો આ પા-મણીયા, અધમણીયા કે મણીયા લાડુ ખાનારા છે! ખરૂં ને? હા-અને નહિ!

લાડુભટ્ટો ભલા પણ હાઉદ્દાસો નહિ!

(૧) વાચકો! આ મથુરાના પેંડા કે લાડવા ખાનારા પરવડે! પણ બોલા ગોરાઓ, જે આપણાજ લાડવા બનાવે છે-તે નહિ પરવડે!

(૨) આટો આપણો, ખાંડ આપણી, ઘી આપણું, મહેનત આપણી; અને છતાં આપણે તો ગુલામ અને એઓ શેઠ! કહો, એ 'રૂઆબ' કેમ પરવડે?

(૩) વળી આપણા લાડુભટ્ટો તો જે જે આપીએ તે જમે, અને દુવા દે! આ તો જે હોય તે બધુંજ જમી જાય! ઉપરથી દમ કરે! અને સલામ કેમ નહિ કીધી, તે સામું પૂછે! કહો, એ લાડુભટ્ટોને શું ઉપમા આપીએ?

(૪) વળી, જેઓ પ્રાંતના પ્રાંત ગળી જાય! બીજા દેશના વેપારવણજ ચાવી જાય! તેઓના હુનર-ઉદ્યોગ દબાવી જાય! તે લાડુભટ્ટોને શું નામ અપાય?

(૫) ઓ "બે ઘડીની મોજ" ના વાચકો! જરા ધ્યાનથી વાંચો અને વિચારો કે, આજે તમારા લાડવા કોણ ગળી જાય છે? આજે તમો અર્ધા ભૂખે કાં સુવો છો? યાદ રાખજો, કે લાડવા માટે લડવાથી લાડવો હાથમાંથી જાય છે! બીજાના પેટમાં ગરપ થાય છે!! અરે, જો શાંતિથી સમજીને તમો હિંદુમુસ્લીમો લડતા-વઢતા બંધ પડશો, તોજ લાડવો તમારા હાથમાં રહેશે-બાકી નહિ!

માટે સમજો, સજ્જનો! સમજો. કુસંપનો અંધકાર ઉડાડો! દિવ્ય દિવાળીની રોશની તમારા અંતરમાં પ્રવેશ કરો! અને નવું વેપારી વર્ષ આબાદ કરો! આમીન!

('બે ઘડી મોજ'ના દિવાળી અંકમાં લખનાર-શ્રી બરજોરજી ફરામજી ભરૂચા.)

૫૮—સોવીયેટ રશિયામાં શિક્ષણપ્રચાર

આ શતાબ્દીના આરંભકાળમાં રશિયા શિક્ષણમાં બહુ પછાત હતું; કારણ કે ઝારશાહીએ એ તરફ ઉદાસીનતા બતાવી હતી. એ વખતે શિક્ષણ કેવળ ઉચ્ચ વર્ગને માટેજ આવશ્યક મનાતું હતું. આથી મજૂરો અને ખેડૂતોને શિક્ષણથી વંચિત રહેવું પડતું હતું. સ્ત્રીઓને કોઈ પ્રકાર મળતો ન હતો. ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ લેવું પડતું. એનો ઉદ્દેશ એ હતો કે, કુમળી પ્રજા સ્વતંત્રતાપૂર્વક વિચાર ન કરી શકે! કિંતુ આ બધાને ઝારશાહીને—નાબૂદ થવું પડ્યું.

સોવીયેટ સરકાર નવી હતી, પાસે પૈસો પણ અભાવ હતો. દેશમાં ખૂબ અશાંતિ ફેલાયેલી હતી, દુકાળથી પ્રજા ત્રાહિ ત્રાહિ પોકારી રહી હતી; પણ જલ્દીજ સોવીયેટ સરકારે એ મુશ્કેલીઓ ઓળંગી આગળ વધી. દેશની પ્રથમ પ્રજાને શિક્ષણ આપવાનો પ્રબંધ કર્યો. પ્રથમ એણે દેવાલય અને પાઠશાળા વચ્ચેનો પરસ્પર સંબંધ તોડી નાખ્યો; કારણ કે ઝારશાહીના જમાનામાં પાદરીઓએ શુદ્ધ શિક્ષણપર જે આવરણ નાખ્યું હતું, તે દૂર કરવું આવશ્યક હતું.

આજે રશિયામાં પ્રત્યેક પ્રાંત પોતાના શિક્ષણનું નિર્માણ સ્વતંત્રતાપૂર્વક કરે છે. આખુંયે રશિયા એની સામાન્ય નીતિમાં સમાનતા રાખવાનો યત્ન કરે છે. ત્યાંની મધ્યવર્તી સભા પણ આ વિભિન્ન શિક્ષણસંસ્થાઓની સ્વાધીનતાનો નાશ કરી દે એટલી અધિકારી નથી. દરેક નાનાં નાનાં ગામો પણ પોતાનો શાસન અને વ્યવસ્થા કરવા માટે સ્વતંત્ર છે.

શિક્ષણના ચાર ભાગો:—૧—બાળકોનું શિક્ષણ, ૨—પ્રાથમિક શિક્ષણ (સમજુતી પાઠશાળા), ૩—ઉદ્યોગશાળા, ૪—ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (કૉલેજ, યુનિવર્સિટી, ઇન્સ્ટીટ્યુટ)

બાળકોનું શિક્ષણ

આમાં ૩ થી ૮ વર્ષનાં બાળકોનો સમાવેશ થાય છે. રશિયન જનતા એને વિદ્યાલયમાં જતાં પહેલાંનો સમય (પ્રીસ્કૂલ પીરિયડ) કહે છે; કારણ રશિયન શિક્ષણશાસ્ત્રીઓ નાના બાળકના શિક્ષણને માટે યોગ્ય ધ્યાન આપી શકતા નથી. આથી આ ક્ષેત્ર વિશેષ રૂપથી વિકસિત થઈ શક્યું નથી, છતાં એવાં સમસ્ત બાળકોના શિક્ષણને માટે પ્રયત્નો યત્ન કરી રહ્યા છે.

પ્રથમ એણે કિન્ડરગાર્ટન શાળાઓ ખોલી છે. એમાંની ઘણીખરી બહુ સુંદર છે; પણ એ શાળાઓ વિશેષે કરીને બાળકોને રમવાને ખુલી જગા, સુંદર પોશાક અને સારી સંગતિના ઉદ્દેશથી ચલાવવામાં આવે છે.

રશિયન શિક્ષણશાસ્ત્રીઓ પૂરેપૂરા બળથી નવીન બાલસાહિત્ય નિર્માણ કરવાને તત્પર થઈ ગયા છે. આપણી પેઠે રશિયામાં પણ ભૂતકાલીન દેવી-દેવતાઓ, રાજા-રાણી અને પરીઓની વાતો પ્રચલિત છે. આપણા દેશની પેઠે ત્યાં પણ અનેક રસિક રાજકુમારો અને વીર સેનાપતિઓ થઈ ગયા છે; પણ હવે એ ભૂતકાળનું સાહિત્ય શા કામનું? દેવદેવીઓની કલ્પિત વાતો ફક્ત મનોરંજનજ કરી શકે છે. સોવીયેટ સરકાર પોતાના બાળકો સન્મુખ નવીન દુનિયાનો આદર્શ રાખવા માગે છે. તે પણ દેવ-દેવીની માફક કલ્પિત નહિ, બલ્કે યથાર્થ અને પ્રત્યક્ષ. આથી વર્તમાન કળા અને વિજ્ઞાન બંનેને દૃષ્ટિપથમાં રાખી ત્યાં નવીન બાલસાહિત્ય નિર્માણ કરવાની તૈયારી થઈ રહી છે. આ સર્વ પ્રયોગ જેટલો ગંભીર છે, તેટલોજ આકર્ષક પણ છે. આ વખતે તો સાચી દુનિયાજ બાળકોની સામે ખડી કરી આનંદ અને નવું આધુનિક વિજ્ઞાન અને કલાની દૃષ્ટિ સામે રાખીને આવી રચના શિક્ષણ નિશ્ચિત થઈ શકે છે. આવી રીતે રશિયાનાં ૩ થી ૮ વર્ષના બાળકોમાટે નાનાએંટ સરકાર કિન્ડરગાર્ટન શાળાઓદ્વારા પૌષ્ટિક ભોજન, રમતગમતના સ્થાન, આરામ કરવાના તથા વિવિધ વસ્તુઓનું જ્ઞાન તથા વર્તમાન સંસાર અને સામાજિક તત્ત્વોનો પરિચય આપી સારી શિક્ષણના બીજ રોપી રહી છે.

પ્રાથમિક શિક્ષણ

રશિયાની ક્રમકની શાળાઓ આપણી પ્રાથમિક શાળાઓ સાથે ઘણે અંશે મળતી છે. ૮ વર્ષની ઉંમરે ફરજીઆત નિશાળે જવું પડે છે. આ શાળાઓના બે વિભાગ છે. ૮ થી ૧૨ વર્ષ સુધીનો અને ૧૨ થી ૧૬–૧૭ વર્ષ સુધીનો. પણ આમાં મતભેદ છે; કારણ કે કેટલાક ૧૫ વર્ષ અને કેટલાક ૧૭ વર્ષથી ઔદ્યોગિક શિક્ષણનો આરંભ કરવાનું કહે છે. આથી ૧૫ થી ૧૭ વર્ષની ઉંમર સુધી આ શાળામાં રહેવું પડે છે.

આવી શાળાઓ મોટે ભાગે ગામડાંમાં છે. ૧૯૨૪ માં આવી શાળાઓ સેંકડે ૮૭ ગામડાંમાં અને ફક્ત ૧૩ શહેરોમાં હતી. ગામોમાં આવી શાળા ઘણી મુશ્કેલીથી ચાલે છે, કારણ કે શિક્ષકોનો બહુધા અભાવ હોય છે. બિચારા ગામડીઆ સર્વથા અશિક્ષિત હોય છે. ઘરકામને માટે [illegible] પોતાનાં બાળકોને આમતેમ મોકલે છે. ખાસ કરીને ફસલ વખતે તો સ્કૂલ એકદમ ખાલી થઈ જાય છે. આવી મુશ્કેલીઓ વેઠીને પણ તરુણ રશિયા શિક્ષણપંથમાં બરાબર આગળ [illegible] રહ્યું છે.

એક [illegible] અધ્યાપિકા પોતાનો દશ વર્ષનો અનુભવ આ પ્રમાણે પ્રગટ કરે છેઃ–

"[illegible] પદ્ધતિ સરળ હતી. હું લખતાં, વાંચતાં અને થોડું ગણિત શીખવાડતી. આખા વર્ગને [illegible] કરી [illegible] શાળની. અધ્યાપકનું કામ ચોપડીમાં જોવા પૂરતું જ હતું; પરંતુ આજે [illegible] કામ નથી. બાળકોને માટે પોતાનું ઘર, મહોલ્લો અને ગામની વ્યવસ્થા આદિ જોવાનું [illegible] છે. [illegible] બાળકોએ આખા ગામની સ્વચ્છતાની તપાસ કરી, તેઓ એ નિર્ણય [illegible] કે [illegible] પડે છે, એનો યોગ્ય ઉપાય કરવો જોઈએ. સારાંશ કે, આ [illegible] અવલોકન અને તુલનાપર છે. પુસ્તકોની હવે જરૂર રહી નથી, [illegible] શાળામાં આવવું પડે છે અને પોતાના વિષયનું [illegible] કરવું પડે છે."

[illegible] જણાવે છે કે, ત્યાં બાળકો પાસે પુસ્તકો નથી. બાળકોએ [illegible] શરૂ કર્યું છે, ત્યારથી એમણે વૃક્ષોનાં પાંદડાં, ઘી, ફળ, [illegible] શરૂ કરી દીધું હોય છે. નવરાશની વેળાએ તેઓ આ વસ્તુ એકઠી કરે છે, [illegible] કરે છે. આવી રીતે ઋતુઓને અનુરૂપ પક્ષીઓ [illegible] છે. આ બાળકો અહીં દાખલ થયા પહેલાં કોઈપણ કિન્ડરગાર્ટન [illegible] નથી. [illegible] પુસ્તકદ્વારા શિક્ષણનો આરંભ કરવાને બદલે પોતાના આજુબાજુ [illegible] પુસ્તકથી જ્ઞાન સંગ્રહ કરવાનો ઉદ્યોગ કરેલો હોય છે. [illegible]?

[illegible] હોય છે, જ્યાં આધુનિક શિક્ષણશાસ્ત્રની દૃષ્ટિથી [illegible] અને વિદ્યાર્થી, એ બન્ને બાબતોમાં એ શાળાઓ [illegible]

[illegible] ઉત્સાહને [illegible] કરવામાં આવે છે. [illegible] આજુબાજુની પ્રવૃત્તિઓ [illegible]

[illegible]—

[illegible]

[illegible]

કેટલાક શિક્ષણશાસ્ત્રીઓનો મત છે કે, આ "પ્રોજેક્ટ મેથડ" પ્રારંભનાં ત્રણ-ચાર વર્ષ માટેજ લાભદાયી છે; છતાં હજી કોઇ નિશ્ચિત નિર્ણયપર આવ્યા નથી. સંભવ છે કે, શીઘ્ર તેઓ કોઇ સારા પરિણામપર પહોંચી જશે.

આ શાળાની એક વિશેષતા વિદ્યાર્થીઓના સંબંધની છે. રશિયાની તમામ શિક્ષણસંસ્થાઓમાં વિદ્યાર્થીવર્ગને ઘણા સન્માન સાથે રાખવામાં આવે છે.

શહેરની એ શાળાઓમાં પ્રત્યેક કક્ષામાં ત્રણ ત્રણ વિદ્યાર્થીઓની એક સમિતિ બનેલી હોય છે, જેનો એક મંત્રી હોય છે. સ્કૂલની પ્રબંધસમિતિમાં આ મંત્રીની સંમતિ લેવાય છે. આખી સ્કૂલમાં વિદ્યાર્થીઓની સમસ્ત પ્રવૃત્તિઓ કેવળ વિદ્યાર્થીઓનાજ હાથમાં રહે છે. સ્વચ્છતા, વ્યાયામ, રમતગમત આદિ વિભાગના મંત્રી પણ એજ સ્કૂલના વિદ્યાર્થી હોય છે; કિંતુ એ સૌથી અધિક મહત્ત્વપૂર્ણ કાર્ય વિદ્યાર્થીઓના નિયમનનું છે, તે પણ એમનાજ હાથમાં છે. અધ્યાપકો એમાં જરા પણ હસ્તક્ષેપ કરતા નથી; કિંતુ એથી એમ ન સમજવું કે, એ સ્કૂલોમાં ઘણી અવ્યવસ્થા હશે, પણ ત્યાંના વિદ્યાર્થી તો કક્ષા બદલતી વખતે પણ શાંતિથી કામ લે છે.

વિદ્યાર્થીગણ પોતાનો સહયોગી વ્યવહાર ચલાવી સામાજિક શિક્ષણ પ્રાપ્ત કરે છે. વિદ્યાર્થી મંડળની સ્વાધીનતા, અધ્યાપક અને વિદ્યાર્થીઓ વચ્ચે એકમત સ્કૂલ કમિટિમાં વિદ્યાર્થીઓનું સ્થાન, નિરીક્ષણ-કર્તાઓની પાઠશાળાની સંપૂર્ણ માહિતી કરાવવાના વિષયમાં કર્મચારીઓનું ઉત્તરદાયિત્વ આદિ કારણોથી વિદ્યાર્થી શાળાને પોતાનીજ માને છે.

ઉદ્યોગશાળાઓ

ક્રમદ્ધી શાળામાંથી નીકળ્યા પછી વિદ્યાર્થીઓને કોઇ ઔદ્યોગિક શાળામાં દાખલ થવું પડે છે. તેમાં ચાર વર્ષ રહેવું પડે છે. એ શાળાઓ ત્રણ પ્રકારની છેઃ—(૧) કૃષિશાળા, (૨) શિલ્પશાળા, (૩) યંત્રકળા-વિદ્યાલય. આ સ્કૂલોમાં ચાર કલાક શિક્ષણ અને ચાર કલાક પરિશ્રમ (મજૂરી) કરવાનો નિયમ છે. રશિયાનાં વિભિન્ન વ્યાપારીમંડળ એ સ્કૂલના વિદ્યાર્થીઓને પોતપોતાની હિતની દૃષ્ટિથી ઉત્સાહિત કરે છે. યંત્રકલા-વિદ્યાલયોમાં બે પ્રકારના વિદ્યાર્થીઓને દાખલ કરે છે.

(૧) ઉમેદવાર-જેઓ આગળ વધી કોઈ કારખાનામાં કામ કરવા માગતા હોય તે.

(૨) કારીગર-કારખાનામાં કામ કરતાં કરતાં બુઢ્ઢા થયા હોય, પણ અત્યારસુધી જેમણે હસ્તકૌશલ સિવાય કોઇ વિષયનું સંસ્કારયુક્ત સૈદ્ધાંતિક જ્ઞાન પ્રાપ્ત કર્યું ન હોય તે.

આવી શાળાના વિષયમાં એક મુખ્ય અધ્યાપક લખે છે કે, વ્યાપારની દૃષ્ટિએ આપણને એક ઉત્તમ અને પરિશ્રમી કારીગરની આવશ્યકતા છે. સામાજિક દૃષ્ટિથી આપણને એક ઉત્તમ નાગરિકની જરૂર છે. આથી એ બન્ને ઉદ્દેશોની પૂર્તિ કરી શકે, એવો અભ્યાસક્રમ આપણે આ શાળાઓમાટે બનાવવો જોઇએ.

એ શાળાથી વિદ્યાર્થીઓ કામ કરીને કમાય છે, શારીરિક શ્રમદ્વારાજ નિર્વાહ કરતાં શીખે છે. આથી વિદ્યાલયમાં શિક્ષિત થઇ નીકળતાંજ નોકરીની શોધમાં રખડવું પડતું નથી. દેશના જીવનમાં તે પોતાનું સ્થાન નિશ્ચિત કરી લે છે. સાથે એક ઉત્તમ નાગરિકનું કર્તવ્ય પણ બજાવે છે.

ઉચ્ચ શિક્ષણસંસ્થાઓ

સને ૧૯૨૫ મા ઉચ્ચ શિક્ષણ પ્રદાન કરનાર સંસ્થાઓ નીચે મુજબ હતી—ડાક્ટરી વિભાગની ૬૬, શિક્ષણશાસ્ત્રની ૨૩૧, કૃષિવિભાગની ૧૫૨, કળાકૌશલ્યની ૨૧૯, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રની ૫૩, સંગીત અને કળાની ૯૨

આમાની કઇ સંસ્થાઓના ભવન અને સાધનોપર દૃષ્ટિપાત કરવાથી તેની દરિદ્રાવસ્થાનો પ્રત્યક્ષ પરિચય મળે છે; પણ એમની પ્રયોગશાળાઓ અને પુસ્તકાલયોની અવસ્થા ઘણી સંતોષજનક છે. હજી સારી સ્થિતિમા લાવવાના પ્રયત્ન ચાલુ છે

ત્યાંની કૉલેજો આપણી આર્ટ કૉલેજ જેવા નથ [illegible] એમને ત્યાં ઉચ્ચ કળાભુવન (ટેક્નીકલ સ્કૂલ) હોય છે. સ્ટેશનોવમા [illegible] એક [illegible] એ કળાભુવનમાં ૨૫૦ વિદ્યાર્થી છે, એમાથી અર્ધા તો ખાણુસબધી [illegible], [illegible] મેકેનીકલ ઇજનિયરીંગના

[illegible] માટે ધ્યાન ને વિદ્યાર્થીઓ [illegible] એ સિવાય [illegible] વિદ્યાર્થી [illegible] આશીર્વાદ છે નહીં, [illegible]

[illegible]

[illegible]

તેઓ જગતના પ્રખ્યાત વિદ્વાનોને પોતાના ઈન્ટરવ્યૂ માટે આમંત્રણ કરે છે અને પ્રત્યેક ગૂઢ પ્રશ્નની અનેક પ્રકારથી ચર્ચા કરી અંતિમ નિર્ણય માટે એમને ગૌ છે.

કોઈ પણ પ્રશ્નનું અધ્યયન અને નિરાકરણ કરતી વખતે ત્યાં વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય દૃષ્ટિએજ પ્રધાનતા આપવામાં આવે છે. આથી નિર્ણય પણ સાર્વદેશીય બને છે.

('વિશ્વધર્મ દર્શન'ના દીપોત્સવી અંકમાં લેખક-શ્રી. હરસનજી મણિભાઈ દેસાઈ)

૫૯—ચીનનો ધર્મ અને તત્ત્વજ્ઞાન

કૉન્ફ્યુશ્યસ અને તેનું તત્ત્વજ્ઞાન

(૧)

કૉન્ફ્યુશ્યસ"નું તત્ત્વજ્ઞાન બહુ ઉદાત્ત અને અભ્યસનીય છે. આપણી હિંદુ સંસ્કૃતિની સાથે તેનું પુષ્કળજ સામ્ય છે. સિવાય આજકાલ ગાઢો રહેલો ઉભયપાક્ષને લીધે ચીન દેશ તરફ મોં લોકનું લક્ષ લાગી રહ્યું છે, એવી વેળાએ ચીન દેશની સંસ્કૃતિસંબંધે જ્ઞાનને કંઈક પિછાણ થાય તો તે તેની થોડી પણ જિજ્ઞાસાપૂર્તિ કરશે, એમ પ્રસ્તુત લેખકને લાગે છે.

કૉન્ફ્યુશ્યસનો જન્મ ઈ. સ. પૂ છઠ્ઠા સૈકામાં થયો હતો. એ વખતે ચીનના સામ્રાજ્યના ટુકડે-ટુકડા થઈને પાંચ છ હજાર નાનાં નાનાં સંસ્થાનો અસ્તિત્વમાં આવી અવ્યવસ્થા અને અંધાધુંધી મચી રહી હતી. ચીનના ઈતિહાસમાં આ કાળને 'અરાજકતાના કાળ' તરીકે ઓળખે છે. "શાંગ" નામક રાજવંશ ઈ. સ. પૂ. ૧૧૨૫ ની સાલમાં વિનષ્ટ થયા પછી "ચાઉ" વંશ અધિકારારૂઢ થયો. આ ચાઉ વંશની સત્તા ઘણાં વર્ષ ચાલી હતી. ઉપર હિંદુસ્થાનમાં અશોકરાજાની ને ઈંગ્લાંડમાં 'ટાલેમિલ'ની કારકીર્દિના સમયમાં આ ચાઉ વંશને ઉતરની કળા આવી. કેણ લોકોએ વચમાં ઘુસીને અંધાધુંધી ને અવ્યવસ્થા મચાવી ઠેકઠેકાણે પોતાનો અધિકાર સ્થાપવાની શરૂઆત કરી. સ્થાનિક માંડલિકોએ ખંડણી આપવાનું બંધ કર્યું અને તે સ્વતંત્ર થવા લાગ્યા. કૉન્ફ્યુશ્યસના જન્મની વેળાએ ચીનદેશની આવા પ્રકારની સ્થિતિ હતી. બૌદ્ધધર્મના સ્થાપક બુદ્ધદેવ પોતાના અવતારકાર્યની સમાપ્તિ કરી થોડુંક થયાં સ્વધામ સીધાવી ગયા હતા ને ખ્રિસ્તીધર્મનો પ્રસાર થયો નહોતો. આવા સંધિકાળમાં કૉન્ફ્યુશ્યસનો જન્મ થયો હતો.

કૉન્ફ્યુશ્યસે આગળ જતાં જે ધર્મતત્ત્વોનો પ્રસાર કર્યો, તેનું મહત્ત્વ સમજવાને તત્કાલીન પરિસ્થિતિની માહિતી હોવાનું આવશ્યક હોવાથી ઉપરનું વર્ણન આપ્યું છે. કૉન્ફ્યુશ્યસની નજર સામે એક વિશિષ્ટ ધ્યેય હતું. જૂનું સુરાજ્ય નષ્ટ થયું હતું, જેથી પુરાતન કાળની સારી રીતભાતો, ઉપયુક્ત સંસ્થાઓ તેમજ શ્રદ્ધાને પુનરપિ સ્થાપન કરવાની હતી. એટલા સારૂ અસંખ્ય રાજાઓના દરબારમાં તે કેટલાંય વર્ષોસુધી ફરતો રહ્યો; પરંતુ તેને કોઈએ પણ આશ્રય આપ્યો નહિ. કદાચિત્ કોઈ રાજા તેને પોતાને ત્યાં રાખે, તો ત્યાં આગળ તેનો નિભાવજ ન થાય એવી સ્થિતિ હતી. આ અવધિમાં તેને પુષ્કળજ અનુયાયી મળ્યા; પરંતુ છેવટે તેનો અંત દુઃખમાં ને દારિદ્ર્યમાંજ ઈ. સ. પૂ. ૪૭૮ ની સાલમાં થયો!

કૉન્ફ્યુશ્યસ સંબંધેની પુષ્કળ માહિતી અત્યાર અગાઉ કોઈ કોઈ ઠેકાણે આવી ગઈ છે, પણ એથી તેની યથાર્થ કલ્પના કોઈનેયે વિશેષ રીતે થઈ નથી. કોઈ કોઈ તેને નૂતન ધર્મસંસ્થાપક-તરીકે ઓળખે છે, પણ તે ભૂલ છે, તથાપિ તે ચીનમાં ચિરંજીવ ને પ્રાતર્વંદ્ય થયેલો છે અને તેની યોગ્યતા પણ ખરેખર તેવીજ છે, એ બીના નીચેના વિવેચન ઉપરથી કોઈનાયે ધ્યાનમાં આવે એવી છે.

કૉન્ફ્યુશ્યસ ઉચ્ચકુળમાં જન્મ્યો હતો અને તે "લૂ" રાજવંશની કારકીર્દિમાં થોડાક વખત મંત્રીપદપર હતો. વાસ્તવિક રીતે તે ન્યાયમંત્રી હતો. તત્કાલીન દુરવસ્થા તેના અંતઃકરણને દુભવતી હતી ને તે સુધારવાને તે કૃતનિશ્ચય હતો. મંત્રીપદની વેળાએ તે નાનકડા રાજ્યની માત્ર ત્રણ વર્ષમાંજ ઉત્તમ વ્યવસ્થા કરી બતાવવાની તેણે શરૂઆતમાંજ પ્રતિજ્ઞા કરી. તેની નૈતિક તેમજ શૈક્ષણિક કલ્પના નિશ્ચિત થઈ ચૂકી હતી, અને તેને પ્રયોગ કરી જોવો હતો. પોતાનાં તત્ત્વોનો પ્રભાવ બતાવીને માત્ર એકજ વર્ષની અંદર રાજ્યને જરૂર સુસ્થિતિમાં આણી

મૂકીશ, એવી તેને ખાત્રી હતી; પરંતુ ત્યાર પહેલાંજ તેને ત્યાંથી વિદાયગીરી મળી. રાજ્યમાં થતો અન્યાય દૂર કરવાની તેની દૃઢ પ્રતિજ્ઞા હતી. કૉન્ફ્યુત્સુનું અહિત કરવાને ટાંપી રહેલા બીજા એક રાજાએ જે રાજાને ત્યાં કૉન્ફ્યુત્સુ મંત્રીપદે હતો, તે રાજાને ૮૦ સૌંદર્યવાન કળાવંતિણી નજરાણાતરીકે મોકલી. તેના મોહમાં લપટાઇને એ રાજાએ કૉન્ફ્યુત્સુને તેના અધિકારપરથી દૂર કર્યો. અહીંજ તેની સુરાજ્યવ્યવસ્થાની પ્રતિજ્ઞાની ઇતિશ્રી થઈ!

"લાઉત્સી" નામનો બીજો એક સંપ્રદાયપ્રવર્તક કૉન્ફ્યુત્સુના જેવોજ થઇ ગયો. એનું તત્ત્વ એવું હતું કે, સારાની સાથે સારા ને ખરાબની સાથે પણ સારા. ન્યાયને ન્યાય ને અન્યાયનેયે ન્યાયજ, સૌજન્યને સૌજન્ય અને દુષ્ટપણાનો પ્રતીકાર પણ સૌજન્યથીજ કરવો; પરંતુ કૉન્ફ્યુત્સુનું તેમ નથી. તેને એક વાર પૂછવામાં આવ્યું કે, "દુષ્ટપણાનો જે સારાપણાથી પ્રતીકાર કરે છે, તેની બાબતમાં આપનો શો મત છે?"

અહીં કૉન્ફ્યુત્સુએ સામો પ્રશ્ન કર્યો:-"તો પછી એવો માણસ સારાપણાનો બદલો કેવી રીતે વાળી શકે? યોગ્ય રીત તો એ છે કે, માણસે જેવાની સાથે તેવા થવું. સૌજન્યનો બદલો સૌજન્ય અને દુષ્ટતાનો બદલો દુષ્ટતા." ઠોસાને ઠોંસો ને ધક્કાને ધક્કો, એજ તત્ત્વ તેને માન્ય હતું; એમ આ ઉપરથી જણાય છે. આટલા પૂરતું તેનું રામદાસ ને લોકમાન્યની સાથે સામ્ય દેખાય છે.

કૉન્ફ્યુત્સુનામાં આત્મવિશ્વાસ બહુ હતો. વર્તમાનકાળની સુધારણા સારૂ ભૂતકાળની સ્થિતિ તરફ નજર દોડાવવી તેને ઇષ્ટ લાગતું હતું. પૂર્વજોના ઉપયુક્ત રીતરિવાજોની સ્થાપના તેને ફરીથી કરવી હતી. તેમ કર્યા સિવાય લોકો સુખી થવાના નથી, એવી તેની દૃઢ માન્યતા હતી. કેવળ લોકકલ્યાણ એજ તેની અખંડ ચળવળનું એકમાત્ર ધ્યેય હતું. તેના વિચાર, તેના પ્રવાસ અને તેણે સહન કરેલાં દુઃખો કેવળ લોકકલ્યાણને માટે હતાં. ધાર્મિક વિધિના આચાર તરફ તેનું વલણ વિશેષ હતું ખરૂં, પણ અહીં એ સુદ્ધાં કબૂલ કરવું જોઇએ કે, જે લોકોનું સ્વાભાવિક વલણ ધાર્મિક આચાર તરફ હોય છે અને જેમને અમૂર્ત તત્ત્વ સિદ્ધાંતોની બરાબર સમજ પડતી નથી એવા લોકોને શિથિલ થયેલા ધાર્મિક વિધિ ને આચાર ફરીથી શીખવવાની સમાજશાસ્તાઓને જરૂર પડે છે. એ સિવાય શાબ્દિક ધર્મતત્ત્વોની તેમની ઉપર જરા પણ અસર થતી નથી.

ઉપર કહી ગયા તે પ્રમાણે કૉન્ફ્યુત્સુ એ કોઇ ધર્મસંસ્થાપક નહોતો, પણ પુરાણજીર્ણોદ્ધારક હતો. તે એક સંપ્રદાય-પ્રવર્તક હતો. તેની ગ્રંથરચનામાં નાવીન્ય ક્વચિતજ છે. તેણે પુરાણ ગ્રંથોનુંજ ફરીથી પ્રકાશન કર્યું. પ્રથમથીજ અસ્તિત્વમાં આવેલા વિસ્ખલિત વિચારોનું તેણે સંકલન કર્યું. એ વિચાર ઇતિહાસ, કાવ્ય ને નીતિ વગેરે વિષયોપરના હતા. ચીનનાં આ જૂનાં પુસ્તકો નીચે પ્રમાણે છે:—

(૧)—યિ-કિંગ—સૃષ્ટિસંતરવિષયક પવિત્ર ગ્રંથ, (૨) શુ-કિંગ—ઇતિહાસગ્રંથ, (૩) શિ-કિંગ—કાવ્યગ્રંથ. (૪) લિ-કિંગ—આચારબોધક ગ્રંથ.

(૧) યિ-કિંગ:—આ ગ્રંથમાંના મૂળ સૂત્રોનું ઉત્પાદકત્વ "ફૂ-હિ" નામના પુરુષને હોવાનું મનાય છે. આ પુરુષ ઇ.સ. પૂ. ૩૦૦૦ વર્ષપર થઇ ગયો. એ ગ્રંથનું અધ્યયન ખુદ કૉન્ફ્યુત્સુએ ખૂબ મન લગાડીને કર્યું હતું. તે કહેતો કે "મારૂં જો આયુષ્ય હજુ વધે તો હું બીજાં ૫૦ વર્ષ સુધી, આજ ગ્રંથનો અભ્યાસ કરતો રહીશ."

(૨) શુ-કિંગ—આ મહત્‌ગ્રંથમાં બીજા સો નાના નાના ગ્રંથોનો સમાવેશ છે. એ પૈકી હાલમાં ૫૮ ગ્રંથ ઉપલબ્ધ છે. એમાંના જૂના ગ્રંથોનો રચનાકાળ ઇ. સ. પૂ. ૨૩ મા સૈકાની પહેલાંનો છે ને બીજાનો નજીકનો કાળ ઇ.સ. પૂ. ૮ મા સૈકા પહેલાંનો છે.

(૩) શિ-કિંગ—આ કાવ્યગ્રંથના ચાર વિભાગ છે. એમાંથી હમણાં ફક્ત ૩૦૫ જ ઉપલબ્ધ છે. એમનો રચનાકાળ ઇ. સ. પહેલાંના ૧૨ મા શતકથી ઇ. સ. પહેલાંના છઠ્ઠા શતક સુધીનો છે. "આ કાવ્યગ્રંથ જેણે વાંચ્યો ન હોય તેની સાથે બોલવું પણ યોગ્ય નથી. આ ગ્રંથ [illegible] કરવા કરી [illegible] આવે" એમ કૉન્ફ્યુત્સુ કહેતો હતો.

(૪) લિ-કિંગ—આ [illegible] ની ધાર્મિક વિધિનું ને આચારોનું સંકલન કરેલું છે ને કૉન્ફ્યુત્સુએ કહેલાં પણ વચનો [illegible] ઉમેરવામાં આવ્યાં છે.

કૉન્ફ્યુત્સુનો સ્વતંત્ર એવો એકજ ગ્રંથ છે. તેનું નામ "વસંતપર્ણ-ની કથા" છે. બાકી કહીએ તો આ ગ્રંથ શુ-કિંગ નામક ઇતિહાસગ્રંથની સ્વતંત્ર એવી એક પુરવણીજ છે. તે પોતાનાં તત્ત્વોનું માત્ર વાણીદ્વારાજ પ્રતિપાદન કરતો હતો ને એ તત્ત્વોનું તેના શિષ્યોએ સંકલન કરી રાખ્યું છે. કૉન્ફ્યુત્સુના આ ગ્રંથપ્રતિપાદિત તત્ત્વજ્ઞાનના ત્રણ વિભાગ હોય આગળ જતાં તેમાં તેના વડા શિષ્ય મેનત્સુના વિચારોના એક ચોથા વિભાગનો ઉમેરો થતાં કૉન્ફ્યુત્સુ સંપ્રદાયના આ નવા ગ્રંથસમુદાય એ સંપ્રદાયવાળાઓને વેદતુલ્ય પ્રમાણભૂત જ પરમપૂજ્ય થઈ પડ્યા છે. આ ચાર ગ્રંથ તે આ—(૧) ત-હૈઉ-મહાવિદ્યા, (૨) ચંગ-યંગ-મધ્યમાવસ્થા, (૩) લન-યુ-કૉન્ફ્યુત્સુના સ્ફુટ વિચાર, (૪) મોંગ-તિસ-મેનત્સુના ઉદાત્ત વિચાર.

નીતિશાસ્ત્રદૃષ્ટિએ કૉન્ફ્યુત્સુના આ ગ્રંથોની કિંમત બહુ મોટી છે. કૉન્ફ્યુત્સુના આ ગ્રંથોમાં ભૂતકાળને વિશેષ મહત્ત્વ આપ્યું હોય પિતૃભક્તિને અસામાન્ય મહત્ત્વ આપેલું છે, તેની પશ્ચિમ લોકોનાથી કલ્પના સુદ્ધાં થઈ શકશે નહિ. પૂર્વ અને પશ્ચિમની મનુનિર્મિતતામાંનું વિશેષ છે તે આ. સિવાય એના ઉપદેશમાં ધાર્મિક વિધિના આચરણપર જે જોર આપેલું છે, તે તો પાશ્ચાત્યોને હાસ્યાસ્પદજ લાગશે. નૈતિક સદાચરણ એ તેના ઉપદેશનું બીજ છે. શુ-કિંગ ગ્રંથ તેનાજ સંપાદકપણા નીચે પ્રસિદ્ધ થયો. તેમાં એક નીચેનો ઉતારો છે. આ ઉતારો મૂળનોજ હતો કે તે કૉન્ફ્યુત્સુએ નાખ્યો એ બાબતમાં શંકા છે. ગમે તેમ હોય, પણ એ ઉપરથી ચીની નીતિમત્તાનો નમુનો આપણને જોવા મળે છે. આ રહ્યો તે ઉતારો:—

ઇ. સ. પૂ. ૨૦૦૦ વર્ષના શુમારે સન નામનો રાજા રાજ્ય કરતો હતો. તેના પ્રધાનને 'નવ સદ્‌ગુણ કયા?' આવો પ્રશ્ન કરવામાં આવતાં તેનો તેણે જવાબ આપ્યો કે'—

૧-બોલવામાં નરમાશ, પણ તે રુઆબદાર.
૨-સૌમ્યપણું, પણ એમાં મક્કમતા.
૩-બોલવામાં તીક્ષ્ણતા, પણ તેમાં સુદ્ધાં આદર.
૪-સ્પષ્ટ ને સચોટપણાનો વ્યવહાર, પણ એમાં પૂજ્યભાવ.
૫-શાણાશપણું, પણ તેમાં ધીટતા.
૬-નિઃસ્પૃહતા, પણ તેમાં શાંતપણું.
૭-સાદાઇ, પણ તેમાં વિવેકનું તારતમ્ય.
૮-જોમ, પણ બતાવવા પૂરતું નહિ; હૃદયથી.
૯-શૌર્ય, પણ તેમાં સુદ્ધાં ન્યાયનિષ્ઠા.

ઇ. સ. પૂ. ૨૦૦૦ વર્ષ પહેલાંના ચીનના આ નીતિવિચાર (હોવા છતાં અત્યારે પણ તે) ખરેખર સૌને વિચારણીયજ જણાશે.

કૉન્ફ્યુત્સુ તત્ત્વવાદના અતિરેકે કદી પણ જતો નહિ. તેને મધ્યમાવસ્થા પસંદ હતી. તે પોતાના તત્ત્વપ્રતિપાદનમાં પણ દુરાગ્રહી નહોતો. તેણે તરુણોને પિતૃભક્તિનો ઉપદેશ ભાર મૂકીને કર્યો અને તેની સાથે પ્રૌઢ માણસોને સંતતિવિષયક-પુત્રવિષયક કર્તવ્ય શીખવવાને પણ ઓછું કામ કર્યું નહોતું. તે ન્યાયમંત્રી હતો ત્યારે એક ચમત્કારી કેસ તેની પાસે આવ્યો. એમાં બાપ ફરિયાદી અને છોકરો આરોપી હતો. કૉન્ફ્યુત્સુએ બન્નેને કેદની સજા કરી. એણે ન્યાય આપતી વેળા જે ભાષણ કર્યું એમાં નીચેનો મજકૂર છેઃ—

"જેને 'પિતૃભક્તિ એટલે શું?' એ ઉદાહરણપૂર્વક કદીપણ શીખવવામાં આવ્યું નથી તોપણ એની પિતૃભક્તિમાં ફરક પડવા બદલ શું મારે તેનેજ શિક્ષા કરવી? પિતૃવિષયક કર્તવ્ય ચૂકનારા છોકરાના જેટલોજ પુત્રવિષયક કર્તવ્ય ચૂકનારો બાપ સુદ્ધા દોષી નથી હોતો કે? માનવી સ્વભાવની અંદર ગુન્હેગારપણું એ કંઈ જન્મજાત નથી હોતું એટલા સારુ પુત્રે અગર પ્રજાએ પિતાવિરુદ્ધ અથવા કાયદાવિરુદ્ધ જો ગુન્હો કર્યો તો તેમને તેમનું કર્તવ્ય ન શીખવવા બદલ બાપ અને સરકારને પણ જવાબદાર માનવા જોઈએ. જનતામાં કાયદાકાનુનની યોગ્ય પ્રસિદ્ધિ ન કરવા છતા તે અજ્ઞાત કાયદાનો ભંગ કરવા બદલ પ્રજાને શિક્ષા કરનારો રાજા તે રાજા શાનો? પ્રથમ સૂચના કે તાકીદ ન આપતાં જે રાજા કર વસુલ કરે છે, તે રાજાને જુલમીજ કહેવો જોઇએ. અપરાધના સ્વરૂપસંબંધનું જ્ઞાન ન શીખવતા પ્રજાને દેહાંત સજા આપનાર રાજા પોતેજ ગુન્હેગાર છે, એમ સમજવું જોઇએ."

આ ઉતારા ઉપરથી કૉન્ફુત્સુની રાજનીતિની પિછાણ થઈ શકે એમ છે.

માનવસ્વભાવના જન્મજાત સારાપણાની બાબતમાં કૉન્ફુત્સુની પૂર્ણ ખાત્રી હતી ને કોઇને શિખામણ આપવી તે પોતાના આચરણથી આપવી એવો તેનો મત હતો. "સદ્વર્તની મનુષ્યના સંરક્ષણ સારૂ અસદ્વર્તની મનુષ્યને ઠાર મારીએ તો આપણને કેવું લાગે?" એવો એક વાર તેને રાજાએ પ્રશ્ન પૂછ્યો.

તરતજ કૉન્ફુત્સુએ તેનો જવાબ આપ્યો કે "રાજ્યકારભાર ચલાવતી વેળા દેહાંત પ્રાયશ્ચિત્તની આવશ્યકતા પણ શી છે? લોકોએ સદ્વર્તની થવું જોઇએ, એવી આપની ઇચ્છા જાહેર કરો કે લોક સદ્વર્તની બનવા લાગશે."

કૉન્ફુત્સુનો પ્રામાણિક મત એવો હતો કે, સ્વભાવતઃજ જે પ્રમાણે સોનું કઠણ ને અગ્નિ ઉષ્ણ છે, તે પ્રમાણે સ્વભાવતઃજ મનુષ્ય ઉદાર, સદ્વર્તની, સદ્વિચારી, શાણો ને નિશ્ચયવાળો હોય છે. જગતમાં વ્યવહરતાં જેમ હમણાં ઘણેભાગે આપણને, તેવોજ ત્યારે તેને પણ તેના મતની વિરુદ્ધ અનુભવ રોજ મળતો હોવા છતાં તેણે પોતાનો આ મત કદી પણ તજ્યો નથી.

સાધારણ લોકમત એવો છે કે, તેના તત્ત્વજ્ઞાનમાં આધ્યાત્મિકતાનો અભાવ છે, પણ એ મત ખરો જણાતો નથી; કારણ તે વારંવાર કહે છે કે, નિષ્ઠા અને વિશ્વાસ હોવા સિવાય દુનિયામાં પગલુંજ ભરી શકાતું નથી, એટલી આ ગુણની માતબ્બરી છે. મનુષ્યના આચરણને દૃઢ નિશ્ચયનો પાયો જોઇએ, એ તેના ઉપદેશનું ધ્રુપદ યાને પાલુપદ છે. નદીને તરી જનારાને જેવી નૌકા તેવી સદ્વર્તનને નિષ્ઠા, એ તેનું પોતાનું નક્કી થયેલું પાલુપદ છે. મનુષ્યના સામર્થ્યની બાબતના તેના વિચાર ખરેખર મનન કરવા જેવા છે. જે સમયમાં કૉન્ફુત્સુને આ તત્ત્વો સૂઝ્યાં, એ સમયનો વિચાર કરીએ તો આ તત્ત્વજ્ઞાનિનું કૌતુક કરવાનીજ ઇચ્છા થાય છે. તે કહે છે કેઃ-

"મનુષ્ય દૈવાધીન નથી, પણ તે દૈવનેજ પોતાને અનુકૂળ કરી શકે છે. દૈવનેજ શું? પણ સામર્થ્યવડે તે સ્વર્ગ અને પૃથ્વીનીય બરોબરી કરી શકશે; ને સૃષ્ટિક્રમ ઉપર સુદ્ધાં પોતાની છાપ પાડી શકશે. મનુષ્ય નિર્દંભ વર્તનવડે આત્મોન્નતિ કરી શકે છે. પણ **આંતરિક સ્વોન્નતિ સાધી લીધા પછીજ પરોન્નતિ સાધવાનું તેને સુલભ થાય છે.** પોતાના માનવ બાંધવોની ઉન્નતિ પછી પોતાની આસપાસનાં પ્રાણી અને વસ્તુઓને પણ તે ઉન્નતાવસ્થાએ પહોંચાડી શકે છે. આટલું સાધ્ય થયા પછી તે સ્વર્ગ અને સમગ્ર પૃથ્વીના સામર્થ્યમાં ક્રાન્તિ કરીને પોતાનું સામર્થ્ય વધારી શકે છે. આટલું સામર્થ્ય પ્રાપ્ત થયા પછી તે પૃથ્વી અને સ્વર્ગમાં એકરૂપ થઇ જઇ પોતેજ ત્રૈમૂર્ત્યાત્મક બને છે. તેમની સાથે તે સમત્વ પામે છે. આમ થવાથી આખા વિશ્વમાં પણ સુસ્થિતિ વર્તવા લાગે છે. જ્યાં ત્યાં પૂર્ણતા અને પુષ્ટતાની સત્તા જામે છે. આદર્શ માનવીનું સામર્થ્ય આવી યોગ્યતાવાળું છે. આદર્શ માનવમાં મૂળથીજ આવી સ્વર્ગીય શક્તિ હોય છે. સર્વ મનુષ્ય સારાજ હોય છે ને તેમનામાં સ્વર્ગીય એવા આદર્શ ગુણોનું વાસ્તવ્ય હોય છે."

આમાંનાં તત્ત્વોને માટે મતભેદ હોઇ શકે; પણ તે ઘણાં ઉદાર છે, એમાં તો શંકાજ નથી. જન્મતઃજ મનુષ્ય ખરાબ છે એમ માનવા કરતાં તે સારો છે, એમ માનવું; એ માનવજાતિની સુધારણાને કોઇ પણ સંયોગમાં વધુ આશાજનક છે.

મનુષ્યમાત્રમાં રહેલી ઉદાર બુદ્ધિને માટે કૉન્ફુત્સુને બહુજ વિશ્વાસ છે. આ ઉદારબુદ્ધિ ધર્મદાનમાટેજ નહિ પણ જીવનની અંદર દરેક પ્રકારે શ્રેયસ્કર છે, એવો તેનો મત છે. તેવીજ રીતે ન્યાયબુદ્ધિપર સુદ્ધાં તેનું પુષ્કળ જોર છે. આત્મોન્નતિજ જીવનના ધ્યેયસાધ્યનો મુખ્ય પાયો છે, એમ તેનું કહેવું છે.

'વૈયક્તિક ઉન્નતિ જો પ્રથમ સાધી હોય તો આપણી આસપાસનાં મનુષ્યોપર સુદ્ધાં તેની સારી અસર થાય છે ને એને પરિણામે આખા દેશની ઉન્નતિ કરવામાં કારણભૂત થઈ શકાય છે-અર્થાત્ પ્રત્યેક **મનુષ્યે સૌથી પહેલાં પોતાનુંજ જ્ઞાન ને વર્તન સુધારીને સ્વોન્નતિ કરી લેવી જોઇએ. સૌ પહેલાં પોતાનુંજ વચન અને વર્તન સૌ કોઇએ સાવધ રહીને તપાસતા રહેવું જોઇએ અને જે કંઇ અહીક જણાય તેને પોતાના પંડમાંથી હદપાર કરીને ઉન્નતાને પેસવાનો યોગ્ય અવકાશ આપવો જોઇએ.** જીવનની મુસાફરીમાં મનોદાર્ય એ વિશ્રાંતિસ્થાન, સદાચાર એ માર્ગ, દેશકાલાનુરૂપતા એ વસ્ત્ર, જ્ઞાન એ દીપક ને નિશ્ચય એ અદ્ભુત શક્તિ મળેલી હોય એ ભાવના સૌ કોઇએ મેળવી લેવી જોઇએ. સુસંસ્કૃત મનુ-

ષ્યનામાં ભવ્યતા, આદર, નિષ્ઠા અને વિશ્વાસ, આ ગુણો હોય છે. ભવ્યતાને લીધે તેનામાં અસાધારણતા દેખાઈ આવે છે, આદરવડે તે લોકપ્રિય થાય છે, નિષ્ઠાથી તે મહાન પદે પહોંચે છે અને વિશ્વાસુપણાને લીધે તે પોતે વિશ્વાસને પાત્ર બને છે. સત્કારબુદ્ધિ એ યથાકાલોચિતતાની નજીકમાં છે. દરદસર એ દયાળુપણાની નજીક છે ને સત્યનિષ્ઠા એ તત્વપ્રતીતિની નજીક છે.

યથાકાલોચિતતા અથવા વ્યવસ્થિતપણું કૉન્ફુત્સેને ખૂબ મહત્વનું જણાય છે. તેના આ તત્વમાં પ્રેમ અને આદરસત્કારનોએ અંતર્ભાવ થાય છે. તેનાં આ તત્વોની ચીની લોકો ઉપર બહુ સારી અસર થઈ છે. કુટુંબના ને રાષ્ટ્રના ઘટકતરીકે ચીની લોકોમાં કર્તવ્યજાગૃતિ ઉત્પન્ન કરવાનું શ્રેય કૉન્ફુત્સેનાં આ તત્વોને આપવું જોઈએ. કૉન્ફુત્સેનામાં બળવત્તર આત્મવિશ્વાસ હતો, છતાં તે ગર્વથી દૂષિત હતો; એ ધ્યાનમાં રાખવા જેવું છે. દુરાગ્રહ, અહંતા અને આત્મપ્રૌઢીના દોષથી તે અલિપ્ત હતો. તે પોતાની બાબતમાં એક ઠેકાણે લખે છેઃ—

"દયાળુપણાનો ને સંધુપણાનો મેળ જેનામાં થયો છે, તેની સાથે બરોબરી કરવાને હું કેવી રીતે જાઉં? એ ગુણો મારામાં આવે એને માટે હું અહર્નિશ પ્રયત્ન કરતો રહીશ; ને મારામાં તે ઉતરશે ત્યારે બીજાઓની અંદર પણ એ ગુણો ઉતારવાનો હું પ્રયત્ન કરીશ. એ ઉદ્યોગમાં હું કદી પણ નિરાશ થવાનો નથી."

આ બધું કૉન્ફુત્સે માટેનું થયું. હવે વ્યક્તિમાત્રને ઉપદેશ કરતી વખતે પણ તેની વાણીમાં પોતાનીજ વર્તણૂકની થોડી ઘણી છટા પડેલી જણાય છે. એનો એક નમુનો જુઓઃ—

"એકાદ સદ્ગુણી મનુષ્યની મુલાકાત થતાં તેના ગુણ આપણામાં કેટલા છે, એ તપાસી જુઓ. તેવીજ રીતે કોઇ દુષ્ટ માણસ મળે તો તેના દુર્ગુણોનો આપણામાં પ્રવેશ થવા પામ્યો છે કે નહિ, એનું પરીક્ષણ કરો."

"માનો કે, અમે ત્રણ જણા પ્રવાસે નીકળ્યા છીએ; તો મને પોતાને બાદ કરીને બાકીના બેને હું મારા ગુરુ સમજીશ. તેમાં જે સારો હશે, તેનું હું અનુકરણ કરીશ ને જે ખરાબ હશે તેને જોઈને હું આત્મશોધન કરીશ—એટલે કે તેનામાં રહેલા દુર્ગુણ મારામાં નજરે પડતાં તે દુર્ગુણોને દૂર કરવાનો પ્રયત્ન કરીશ."

કૉન્ફુત્સેના નીચલા ઉદ્ગાર જો કે અનેક વર્ષો પૂર્વે નીકળેલા છે, તોપણ તે આજના પોતાને સુધરેલા કહેવડાવનારા લોકોએ—વિશેષતઃ યુરોપીયનોએ—રોજ મુખોદ્ગત કરવા જેવા છે.

"લોકવ્યવહારમાં પોતાના વચનનું પ્રતિપાલન કરો. બોલવાનું હોય તે સત્ય ને અંતઃકરણથી બોલવું. જે કંઇ કરવાનું હોય, તે શોભવા જેવું ને આદરણીય હોવું જોઈએ. તદ્દન જંગલી ગણાતા લોકોની સાથે વ્યવહાર કરવાનો કાં ન હોય; પણ પોતાનું વર્તન લોકવ્યવહારમાં નિષ્કલંક રાખો."

"લોકોને સન્માન અને સંપત્તિ જોઈએ છે. ઠીક છે! પણ જો વિહિત માર્ગથી એ બન્ને મેળવતા શકય ન હોય તો તેનો છંદ છોડી દાધેલોજ ઠીક. ગરીબી અને અપમાન કોઈનેજ ન જોઈએ, પણ વિહિત માર્ગવડે જો એમાંથી છુટી શકાય એવું ન હોય તો તેની પ્રાપ્તિમાં પણ સુખ માનીને રહેવાની પોતાની ફરજ છે, એમ સમજવું."

કૉન્ફુત્સેની રાજનીતિ પણ વિચારણીય છે અને તેણે રાજાઓને કરેલો નીચેનો ઉપદેશ લખ કરવાની હિંમતનો છેઃ—

"રાજાએ પોતાના પ્રધાનની પસંદગી કરવી તે નજર સામે પ્રજાનુંજ કલ્યાણ રાખીને ને પોતાની વિવેકબુદ્ધિને જાગ્રત રાખીને કરવી. સર્વસાધારણ વ્યક્તિમાત્રને જેવો 'કર્તવ્યકર્મ'નો નિયમ લાગુ છે, તેવોજ રાજાને સુદ્ધાં છે. રાજાએ પોતાનું કર્તવ્ય કરતી વેળાએ સર્વથી વધારે ધ્યાનમાં રાખવા જેવી કોઈ પણ બાબત હોય તો તે 'લોકકલ્યાણ'જ છે. કેમકે લોકકલ્યાણ એ વિશ્વપ્રેમનુંજ એક અંગ છે—અર્થાત્ પોતાના દોષનું સંશોધન કરીને પોતાના [illegible] બાબતમાં કર્તવ્યકર્મના નિયમની બાબતમાં તો રાજા સુદ્ધાં મુક્ત રહી શકે તેમ નથી." એક વાર એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે 'મરણ એ શું છે?' જવાબમાં તેણે [illegible] કે "જીવન એટલે શું એજ જો સમજાતું નથી તો પછી મરણ એ શું છે [illegible] શકાય!"

(૨)

આજે જન્મમાં આદર્શ જીવન કેવી રીતે બનાવી શકાય, એનો પણ વિચાર દરેક જણે જરૂર કરવો, એમ કૉન્ફુત્સુ કહે છે.

"सतां हि संदेहपदेषु वस्तुषु प्रमाणमंतःकरणप्रवृत्तयः ।"

આમ કાલિદાસ કહે છે, અને કૉન્ફુત્સુ સુદ્ધાં એમજ માને છે. સિવાય તે એમ કહે છે "વિચાર(મનન)સિવાયનું જ્ઞાનાર્જનજ નકામું છે અને જ્ઞાનાર્જનસિવાયના એકલા વિચાર તો અનર્થકારકજ છે!"

હવે પ્રશ્ન આવ્યો કે, જ્ઞાન એટલે શું ?. તો "એક વસ્તુનું સમ્યક્‌જ્ઞાન થયું હોય તોજ તે થયું છે એમ સમજવું; અને તેવા પ્રકારનું જ્ઞાન થયું ન હોય તો તે થયું નથી, એમ સ્પષ્ટપણે કબૂલ કરવું" એનુંજ નામ જ્ઞાન કહેવાય. માનનીયને માન આપવું; સુખદુઃખ, ક્રોધ, આનંદ ઇત્યાદિને મનની સમતા ખોવા જેટલા પ્રબળ ન થવા દેવા; આત્મદમન કરવું, ઇંદ્રિયોને તાબામાં રાખવી; ગંભીરતા, ઔદાર્ય, લાગણી, દયાળુતા વગેરે શુભ ગુણોનો વિકાસ કરવો વગેરે બાબતોપ્રત્યે મનુષ્યપ્રાણીએ લક્ષ આપવું આવશ્યક છે.

કૉન્ફુત્સુ પોતે નવધર્મપ્રવર્તક નથી, એ ઉપર એક વાર જણાવેલુંજ છે. માત્ર પહેલાંનાંજ ધર્મતત્ત્વો તેણે સમાજને વિશદ કરીને બતાવ્યાં છે. આપણે ઈશ્વરી સ્ફૂર્તિથી બોલીએ છીએ, કિંવા સ્વર્ગીય સંદેશ મર્ત્યલોકને આપીએ છીએ, એમ તો તે પોતે સુદ્ધાં કહેતો નથી. પૂર્વજોની ઉપર તેની ભક્તિ છે ને તેનુંજ દૃષ્ટાંત પોતે લે છે. તે પોતાનીજ બાબતમાં પોતે કહે છે કેઃ—

"ચિંતામુક્ત થવા જેટલો હું સદ્‌ગુણસંપન્ન નથી, દુઃખાતીત થવા જેટલો હું સુજ્ઞ નથી કે ભયાતીત થવા જેટલો હું ધીરજવાન નથી." થોડાશા લાભને માટે ગુલામગીરી સ્વીકારે એટલી હલકી બુદ્ધિનો તે નથી અથવા લોકોના મન ઉપર દાબ બેસાડવાની ભલતીજ મોટાઇમાં પડનારો પણ નથી. કૉન્ફુત્સુની વિચારસરણી "अति सर्वत्र वर्जयेत्" ના સ્વરૂપની હતી; પણ આવા તત્ત્વપ્રતિપાદકે ધૈર્યનું મહત્ત્વ વર્ણવવું એ પણ એક નવાઈજ છે. એમાંય શારીરિક ધૈર્યના કરતાં માનસિક ધૈર્યને તે મહત્ત્વનું માને છે. સદાચારી અને ઉદાર મનનો હોય તેજ ખરો ધૈર્યવાન છે. અંતઃકરણને યોગ્ય લાગે તેજ આચરણ કરવું અને વિપત્તિકાળે પણ ન ડગમગવું, એજ ધીરપુરુષનું લક્ષણ છે એમ તે માને છે. પ્રત્યેક વ્યક્તિમાં ધૈર્ય હોવું જોઇએ, એમ તે કહે છે. ધૈર્યની તેણે કરેલી ચિકિત્સા અને મહત્ત્વને જોઇએ તો આપણને શ્રી સમર્થ રામદાસના ઉપદેશનું સ્મરણ થાય છે. ધૈર્યમાટેનો તેનો ઉપદેશ વાંચતાંજ કૉન્ફુત્સુ રાજકારણી તત્ત્વવેત્તા હતો, એમ માનવુંજ પડે છે. જે જે ગુણોવડે દેશનું સંરક્ષણ થાય તે તે ગુણોની ઉપાસના કરવી, એવી તેની ઉપદેશાત્મક તાકીદ છે. લોકોનામાં રાષ્ટ્રનું સંરક્ષણ કરનારા ગુણો ઉદ્‌ભવીને એ ગુણોની વૃદ્ધિ પણ થવી જોઇએ, એ બાબતપર તેની એકસરખી નજર રહેતી; ને એજ ધ્યેયને નજર સામે રાખીને તેણે માનવી કર્તવ્યોની મર્યાદા આંકેલી છે. તે નીતિપ્રવર્તક તત્ત્વવેત્તા હતો. મનુષ્યના અંગમાં ધૈર્ય કેવી રીતે દૃઢીભૂત થઇ જવું જોઇએ, એનાં તે કેવાં ઉદાહરણો આપે છે તે જુઓઃ—

"સમુદ્રમાં જવું ને મગરમચ્છની સાથે લડવું; જંગલમાં પ્રવેશવું અને ગેંડા તથા વાઘ વગેરેથી બે હાથ કરવા; તીક્ષ્ણ શસ્ત્રો ધારણ કરનારાનો ભેટો થતાં મૃત્યુનેજ જીવન માનવું; એજ અનુક્રમે માછીઓનું, શિકારીઓનું ને સિપાઇઓનું ધૈર્ય છે; તથાપિ દારિદ્ર્ય એ ઈશ્વરી ઇચ્છાથી આવે છે ને ઉન્નતાવનતિની રેંટમાળ માનવજીવનમાં ફરતીજ રહે છે, એ સમજી લઇ તેનાથી બીવું નહિ. એ સાધુ પુરુષોનું ધૈર્ય છે.

તેની દૃષ્ટિ હમેશાં લોકકલ્યાણ ઉપરજ રહેતી. જે કંઇ કરવું તે બધું જનહિતને માટેજ કરવું, એ તેનું મુખ્ય તત્ત્વ હતું. એક વાર તેને કોઇએ પૂછ્યું કેઃ—

"લોકોને માટે શું કરવું ?"

"લોકોને સધન કરો." આવો તેણે ઉત્તર આપ્યો.

"વારૂ, એને માટે બીજું શું કરવું ?" આવો તેને ફરી પ્રશ્ન કરવામાં આવ્યો.

'એમને શિક્ષણ આપવું" તેણે કહ્યું.

"શુ-કિંગ" નામનું જે પુસ્તક કૉન્ફુત્સુના સંપાદકપણા નીચે પ્રસિદ્ધ થયું છે, તેમાં નીચેનું તત્ત્વ છે.

"લોકોના ઉપર પ્રેમ કરવો એના કરતાં બીજો કોઇ સદ્‌ગુણ નથી; અને લોકોનું હિત સાધવું એના કરતાં રાજસત્તાનું ઉચ્ચતર ઉદ્દિષ્ટ બીજું કોઈજ હોઇ શકતું નથી."

અત્યારસુધીની માહિતી ઉપરથી એ સ્પષ્ટ થશે કે, કૉન્ફુત્સુ એ કોઇ પણ એક વિશિષ્ટ સંપ્રદાયનો પ્રવર્તક નહોતો. એ વિચારશીલ ને જ્ઞાની હોવાથી પ્રસંગાનુસાર તે જે વાક્ય બોલતો, તેજ હવે કહેવતો બની છે, ને એ કહેવતોનેજ તેનો ઉપદેશ માનવો પડે છે. ચીની રાષ્ટ્રને ને તદ્દેશીય લોકોને ઉદ્દેશીને તે બોલ્યો–તે વાક્ય નીકળેલાં હોવાને લીધેજ તે બધાનું એકસરખુંજ વ્યાપક સ્વરૂપ નથી; પણ એમાં એવાં પણ કેટલાંય સર્વસાધારણ તત્ત્વો છે કે જે પૃથ્વીપરના કોઇ પણ રાષ્ટ્રને વિચારણીય લાગશે. આખું ચીન તેને વંદ્ય માને છે. તેના મૃત્યુ પછી તેના અનુયાયી એક રાજાએ તેના સમગ્ર ઉપદેશને સોળ સૂત્રોમાં સમાવીને તે પ્રસિદ્ધ કર્યો છે. તે ષોડશ સૂત્રી નીચે આપીએ છીએ.

કૉન્ફુત્સુની ષોડશ સૂત્રી

૧–સામાજિક બંધનોને દૃઢ રાખવા સારૂ માતૃપિતૃભક્તિ અને બંધુપ્રીતિ ઉત્કૃષ્ટ રીતે આચરણમાં આણો.

૨–ઐક્ય અને દિલદારપણું રાખવા સારૂ સગાસ્નેહીઓની સાથે ઉદારતાથી વર્તો.

૩–ટંટાબખેડા અને ન્યાયપંચાયતો ટાળવા સારૂ આડોશીપાડોશીની સાથે વિવેક ને શાંતિથી વર્તો

૪–અન્નવસ્ત્રને માટે ખેતી અને વણેતરનું મહત્ત્વ ઓળખી રાખો.

૫–ઉડાઉપણાનું દુષ્પરિણામ ટાળવા સારૂ મિતવ્યય અને કરકસરને આચરણમાં આણો.

૬–વિદ્યાર્થીઓની વિદ્યાર્જનની સગવડને માટે વિદ્યાપીઠો તેમજ પાઠશાળાઓની વૃદ્ધિ ને ખીલવણી કરો.

૭–સદ્ધર્મતત્ત્વોની વૃદ્ધિને અર્થે અધર્મતત્ત્વોનો નાશ કરો.

૮–અજ્ઞાની ને દુરાગ્રહી લોકોની બરાબર સમજુત કરવા સારૂ નીતિનિયમો બરાબર ને વિશાળ કરો.

૯–આચારવિચાર ને રીતરિવાજ બરાબર પળાય એટલા સારૂ આદરસત્કાર તથા શુભાશુભ વિચારને આચરણમાં પ્રગટ કરો.

૧૦–લોકોએ પોતાનું ઉદ્દિષ્ટ ધ્યેય પોતાની નજર સામે અટલપણે રાખવા સારૂ પોતાના ધંધાની અંદર સાવચેતીથી વર્તવું.

૧૧–બાળકો અને બંધુવર્ગ કુમાર્ગથી પાછા વળે એટલા સારૂ તેમને સારૂં શિક્ષણ આપો.

૧૨–પ્રામાણિક સજ્જનોના રક્ષણમાટે તેમનાપર ખોટા આરોપ કરવાની ટેવથી દૂર રહો.

૧૩–ધાતકી લોકોના પાપમાં ભાગીદાર થતા અટકવા સારૂ તેમને આશ્રય ન આપો.

૧૪–તમારા તરફથી મળનારા પૈ–પૈસાની સુદ્ધાં જેમાં જરૂરીઆત હોય તેની પૂર્તિ કરવા સારૂ સરકારી કર આપવાને તત્પર રહો.

૧૫–ચોરીઓને ને ધાડોને બંધ કરવા સારૂ સૌની એકતા કરો.

૧૬–વ્યક્તિમાત્રનું ને જીવિતનું મહત્ત્વ સિદ્ધ કરવા સારૂ મત્સર તથા ક્રોધનો નાશ કરવાનો અભ્યાસ કરો.

આ બધા તત્વો ખરેખર ઉચ્ચ દરજ્જાના છે. એ ઉપરથી સન્માર્ગની વિશેષ પ્રવૃત્તિ થાય એજ ઉદ્દેશ દેખાય છે; અને તેથીજ કૉન્ફુત્સુના તત્ત્વજ્ઞાનની માતબ્બરી વિશેષ લાગે છે. આ ષોડશસૂત્રી તેના ઉપદેશના સારતરીકે તેના અનુયાયીઓએ યોજેલી છે; પણ તેના મુખમાંથી નીકળેલાં તત્ત્વો પણ જેવા ને તેવા ઉતારી લઇને સંભાળપૂર્વક રાખી મૂકવામાં આવેલાં છે. એ પૈકી અષ્ટસૂત્રી નીચે ઉતારી લેવાનો મોહ અમારાથી અટકાવી શકાતો નથી. મનુષ્યમાત્રના કૅન્ફુત્સુએ એક બે પ્રકાર ગણત્રી કરવા યોગ્ય માન્યા છે. એક તો ઉચ્ચ પ્રકારનો મનુષ્ય અને બીજો નીચ પ્રકારનો મનુષ્ય. તે કહે છે કે.–

કૉન્ફ્યુશ્યસની અમૃતશ્રુતી

૧-ઉચ્ચ પ્રતિનો મનુષ્ય જેની શોધમાં હોય છે, તે તેના પોતાનામાંજ હોય છે; નીચ મનુષ્ય જે શોધે છે તેજ બીજાની પાસે હોય છે.

૨-ઉચ્ચ પ્રકારના મનુષ્યનો દરજ્જો મોટો હોવા છતાં પણ તેને માટે તે શેખાઈ કરતો નથી. તે સમાજમાં હળીમળી જનારો હોય છે, પણ પક્ષપાત કરતો નથી. કેવળ સારૂં સારૂં બોલવા ઉપરથીજ તે કોઈનોય દરજ્જો નક્કી કરતો નથી. કિંવા કેવળ વ્યક્તિગત વાંધા રાખીને તેની મીઠી વાણી તરફ જાણી જોઈને દુર્લક્ષ પણ કરતો નથી.

૩-ખુશામત ન કરનારા નિર્ધન લોક અને ધનમદવિનાના શ્રીમંત લોક સારા છે; તથાપિ તેમનામાં પણ જેઓ દારિદ્ર્યમાં આનંદ માનનારા નિર્ધન લોકો હોય અને નીતિબંધનોને શિથિલ ન થવા દેનારા શ્રીમંત લોકો હોય તેમની બરોબરી થઈ શકશે નહિ.

૪-વિચારવિનાનું જ્ઞાન જેમ વ્યર્થ છે તેમ જ્ઞાનવિનાના વિચાર અનર્થકારક છે.

૫-આચારશુદ્ધિ એવી હોવી જોઈએ કે તેમાંથી આરોગ્ય થાય.

૬-અતિવ્યયથી મર્યાદાભંગ થાય છે અને કંજુસપણાથી હલકાપણું આવે છે, માટે મર્યાદાભંગ કરવાના કરતાં હલકાપણું સ્વીકારવું ઠીક.

૭-મનુષ્ય પોતે પોતાના સિદ્ધાંતોને અધિકાધિક ઉચ્ચકોટિએ પહોંચાડી શકે છે. કાંઇ સિદ્ધાંતો મનુષ્યને ઉચ્ચકોટિએ લઇ જતા નથી.

૮-સાવધતાપૂર્વક વર્તનારને હાથે સહસા પ્રમાદ થતો નથી.

આવા પ્રકારની અસંખ્ય કહેવતો ચીની જનતાના મ્હોંએ ચઢી ગઈ છે. આ કહેવતોની તેમના આચારવિચારોપર સુદ્ધાં બહુ અસર થઇ છે. આ વચનોનો ઉપયોગ મોટા મોટા ગ્રંથોની અંદર વેદવાક્ય પ્રમાણે ઉદ્ધૃત કરવામાં પણ થાય છે. કેમકે આ વચનોને ચીની વિદ્વાનો પૂરેપૂરાં પ્રમાણભૂત માને છે.

ચીન દેશનો જે સમયથી ઇતિહાસ ઉપલબ્ધ છે, તેના આરંભથીજ ચીન દેશમાં પિતૃપૂજા અને મૃતાત્માપ્રીત્યર્થ યજન કરવાની પ્રથા રૂઢ હોવાનું દેખાઇ આવે છે. આ રૂઢિના મૂળમાં કયી ધાર્મિક સમજુત રહેલી છે તે કંઇ કૉન્ફ્યુત્સુ કહેતો નથી. એવી બાબતોમાં તે મનજ ઘાલતો નથી. "ત્સે-લુ" ના પ્રશ્નનો ઉત્તર આપતાં તે કહે છેઃ-

"જીવિત માણસને જો તારાથી કંઇ આપી શકાતું નથી તો પછી મૃતાત્માઓને તો તું શુંજ આપવાનો હતો ?"

કેવો મઝાનો આ જવાબ છે ! દૃશ્ય જગતનો પણ વિચાર કરવાનો તેનો સ્વભાવ આ જવાબપરથી દેખાઈ આવે છે; પણ જીવંતપણે માતા-પિતાને કષ્ટ આપીને મૃત્યુ પછી તેમનું શ્રાદ્ધતર્પણ કરનારા કેટલાક હિંદી તરુણોની મનોભાવનાનો સુદ્ધાં ઉપલા પ્રત્યુત્તરમાં ઉપહાસ કરેલો પ્રતીત થાય છે.

એનો મત એવો જણાય છે કે, માણસને તેનાં સારાં-નરસાં કૃત્યોનું પરિણામ કદી ને કદી પણ ભોગવવુંજ પડવાનું.

× × ×

સુવર્ણવચન

"ત્સે-કુન્" નામના તેના એક અનુયાયીએ તેને પૂછ્યું કે, "જીવનકર્તવ્યનો ઉદ્બોધક અને આયુષ્યભર આચરણમાં ઉતારવા જોગ એવો એકાદ નિયમ એકજ શબ્દમાં સમાવીને આપ જણાવશો કે ?"

આ પ્રશ્ન વિકટ હતો, પણ કૉન્ફ્યુત્સુએ તાબડતોબ એક શબ્દ કહી બતાવ્યો. એ શબ્દમાં બે અક્ષરાકૃતિ હતી. એક આકૃતિનો અર્થ "અંતઃકરણ" એવો હતો; ને બીજીનો અર્થ "જેવું અંતઃકરણ" એવો હતો. "જેવું અંતઃકરણ" તેવું તેણેજ પાછળથી આવું સ્પષ્ટીકરણ કર્યું-
'જેવું બીજાએ તારી સાથે વર્તવું જોઇએ એમ તને લાગે છે, તેવીજ રીતે તું પણ બીજાની સાથે વર્તતો ચાલ.'

ખ્રિસ્તે પણ આજ વાક્ય ઉપદેશ્યું છે. આ વચનને ચીની વાઙ્મયમાં સુવર્ણવચન કહે છે. ખ્રિસ્તની પૂર્વે આશરે પાંચમો વર્ષ પહેલાંથી આ ઉદાત્ત તત્ત્વ કૉન્ફ્યુશ્યસે જગતની અંદર પ્રચલિત કરેલું છે.

રાજનીતિમાં સુદ્ધાં કૉન્ફ્યુશ્યસનો ઉપદેશ અત્યંત મનનીય છે. તે કહે છે કે, ખરાબ માણસને સત્તાધારી થવા દેવો નહિ. કુલપતિની પેઠે અથવા ન્યાયાધીશની પેઠે એવો અધિકારી નીતિ-બંધનોના ઉલ્લંઘનને માટે શિક્ષા કરશે એ ખરું, પણ એવા અજ્ઞાન લોકોને પોતાના વર્તનથી ઉત્તમ ઉદાહરણ બનાવી આપવાની પાત્રતા તેનામાં નહિજ હોય. તેના આ તત્ત્વની અસર પણ ચીન દેશની સંસ્કૃતિપર બહુ મજબૂત રીતે થયેલી છે.

શાસનતત્ત્વો

એકાદ સંસ્થાનો કારભાર જો તમને સોંપ્યો હોય તો તમે શું કરશો ? આવો એક પ્રશ્ન તેના શિષ્યે તેને પૂછતાં તેણે જવાબ દાખલ કહ્યું કે " તે સંસ્થાના નામને સાર્થક બનાવવાનો પ્રયત્ન કરીશ." અર્થાત્ જ્યારે નામ પ્રમાણે આચરણમાં ઉતરે, ત્યારેજ રાજ્યમાં સુવ્યવસ્થા રહી શકે. સમાજ એ ઈશ્વરે નિર્મ્યો છે અને સમાજશાસન સારૂ સમાજમાંના પાંચ પરસ્પર સંબંધ બરાબર પળાવા જોઇએ. તે પાંચ સંબંધ તે આ પ્રમાણે છેઃ—

(૧) રાજા અને પ્રજા વચ્ચે, (૨) પતિ અને પત્ની વચ્ચે, (૩) પિતા અને પુત્ર વચ્ચે, (૪) મોટાભાઇ અને નાના ભાઇ વચ્ચે તથા (૫) મિત્ર અને મિત્ર વચ્ચે.

પહેલી ચાર જોડીમાં એક પક્ષ શાસ્તા હોય છે ને બીજો પક્ષ શાસિત હોય છે. શાસ્તાનું વર્તન ઉદારતા ને સદ્બુદ્ધિપ્રેરિત હોવું જોઇએ. શાસિતનું પણ વર્તન સદ્બુદ્ધિવાળું ને અંતઃકરણપૂર્વકનું હોવું જોઇએ. પહેલી ચાર જોડીઓનો આ પરસ્પર સંબંધ થયો, પણ છેલ્લી જોડી તેવી નથી. તેમાં શાસિત–શાસ્તા સંબંધ નથી. એમાં ઉભય પક્ષ સમાન હોય છે. તેમની પરસ્પરના સંબંધની વર્તણુંકનું ધ્યેય સદ્ગુણસંવર્ધન હોવું જોઇએ. આ તત્ત્વો જો ન પળાવામાં આવે તો સમાજનું સ્વાસ્થ્ય ટકશે નહિ, એ કૉન્ફ્યુશ્યસનો નિશ્ચિત મત છે. "પવનની લહેર આવતાં જેમ કુમળું ઘાસ નમી જાય છે, તેમ કનિષ્ઠોએ શ્રેષ્ઠોની સામે નમવું જોઇએ." આમ તે કહેતો. પોતાની આસપાસના સમાજની અત્યંત દીનાવસ્થા જોઇને તેનું અંતઃકરણ ચીરાઇ જતું ! તે કહેતો કે "કોઇ પણ એકાદ સંસ્થાનાધિપતિએ મારા કહેવા પ્રમાણે વર્તવું, એટલે રાજ્યયંત્ર ને સમાજતંત્ર સરળપણે ચલાવવાની જવાબદારી હું લઉં છું." પણ એવું કંઇ બન્યુજ નહિ.

શિષ્યસમુદાય

કૉન્ફ્યુશ્યસના અનુયાયી આશરે ૩૦૦૦ હતા ને એ પૈકી ૭૦–૮૦ની ઉપર તેની વધારે મરજી હતી. તેઓ બહુ વિદ્વાન અને વ્યાસંગી હતા. તેઓ તેની સાથેજ હમેશાં રહેતા ને તેની હાલચાલનું, રીતરિવાજનું, બોલવા–ચાલવાનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતા રહેતા. કૉન્ફ્યુશ્યસે ઉચ્ચારેલો પ્રત્યેક શબ્દ તેઓ લખી રાખતા. કૉન્ફ્યુશ્યસ પણ તેમની સાથે બરોબરીના સંબંધથીજ વર્તતો હતો. ચીન દેશમાં તેને ત્રિકાલવંદ્ય માને છે, એટલી તેની યોગ્યતા છે.

વાચકોને

અહીંસુધી કૉન્ફ્યુશ્યસના તત્ત્વજ્ઞાનની ચર્ચા કરી છે. ચીન દેશ બહુ પ્રાચીન છે તેની પણ એક વિશિષ્ટ સંસ્કૃતિ છે. તે સંસ્કૃતિની સાથે હિંદી સંસ્કૃતિની પુષ્કળ સામ્યતા છે. હિંદુસ્થાનને તે તદ્દન પાડોશનો દેશ છે. હિંદુસ્થાનમાં ઉદ્ભવેલો બૌદ્ધધર્મ ચીની રાષ્ટ્રને ધ્યાગે છે અને તેથીજ ચીની રાષ્ટ્ર હિંદી રાષ્ટ્રને ગુરુસ્થાને માનતું આવ્યુ છે મંગોલિયાની બાજુએ જે પુરાણ–વસ્તુસંશોધન ચાલુ છે, એમા હિંદી દેવદેવતા ને હિંદી કલાવિશેષોના અવશેષ હાથ લાગે છે. પ્રાચીનકાળમાં ચીની રાષ્ટ્રે હિંદી રાષ્ટ્રની માહિતી મેળવવા સારૂ પોતાના પ્રવાસીઓ મોકલ્યા હતા. તેમના પ્રવાસવર્ણનને લીધે આપણને પણ આપણો ખરો ઇતિહાસ લખી કાઢવામાં આજ મદદ થઇ છે અને થાય છે. આ રીતે આ બન્ને રાષ્ટ્રની વચ્ચે અનેક બાબતમાં સાધર્મ્ય અને સામ્ય છે. ચીની રાષ્ટ્રે આજ પોતાની ચળવળવડે આખા જગતનું લક્ષ પોતાની તરફ ખેંચી

હોય છે; તો એવા પ્રસંગે ચીની સંસ્કૃતિનું બની શકે તેટલું જ્ઞાન પ્રાપ્ત કરી લેવું, એ પ્રસંગોચિતજ છે અને એટલા સારૂજ કૉન્ફ્યુશ્યસની તેમજ તેના તત્ત્વજ્ઞાનની માહિતી આટલા વિસ્તારથી આપી છે; પરંતુ ચીનની સંસ્કૃતિને એકલા કૉન્ફ્યુશ્યસેજ ઘાટ પૂર્ણતા આપેલી નથી. ચીન દેશમાં બૌદ્ધધર્મ તો પ્રમુખ છેજ, પણ એ સિવાય કૉન્ફ્યુશ્યસની પેઠેજ "લાઓ-ત્સુ" નામનો એક બીજો મહાન ઉપદેશક થઈ ગયો છે. તેના સંપ્રદાયને "તાઓ" ધર્મ કહે છે. ચીનદેશમાં પિતૃપૂજા છે, મૃતાત્માઓનું અસ્તિત્વ મનાય છે, એ ઉપર જણાવવામાં આવ્યુંજ છે. ઉપરાંત તેમનામાં બીજી પણ કેટલીક એવી માન્યતાઓ છે.

("[illegible] જગત"ના ઑગસ્ટ તથા સપ્ટેમ્બર ૧૯૨૭ના અંકમાંથી)

૬૦–સામુદાયિક જીવનમાં સ્વચ્છતાના વિધિનિષેધો

ઘણો મોટો સમૂહ એક પ્રકારનું જીવન ગાળી રહ્યો હોય, ત્યારે વિશિષ્ટ પ્રકારનું જીવન ગાળનાર નાનકડા ભાગને એમની સાથે સામુદાયિક જીવન ગાળવું કઠણ થઈ પડે છે.

આપણા દેશમાં હવે અનેક વાર સ્વયંસેવકોદ્વારા પ્રવૃત્તિઓ કરવાના પ્રસંગો આવે છે; અને તેમાં કેટલાક એક બાજુથી નજીવા અને બીજી બાજુથી મુશ્કેલ પ્રશ્નો ઉઠે છે. એમાંના કેટલાકનો અહીં વિચાર કરૂં છું. એમાંનો એક સ્વચ્છતાના ધોરણવિષેનો છે.

મર્જાદી કુટુંબોમાં ઉછરેલા સ્વયંસેવકોને એવા સંસ્કારોવિનાના સ્વયંસેવકો સાથે એકત્ર રહેવાનો પ્રસંગ આવે છે, ત્યારે એ જીવનને અપનાવતાં કેટલી મુશ્કેલી લાગે છે, તેનો મને અનુભવ છે.

સ્વયંસેવકતરીકે દાખલ થયેલા પંક્તિભેદના નિયમોનો; બ્રાહ્મણીઆ, મર્જાદી કે દૂધની બનાવેલી રસોઇનો આગ્રહ રાખે તો તેને સ્વયંસેવકતરીકે કામ કરવું અશક્ય થાય, એટલું તો જાણે સ્વયંસેવકો હવે સામાન્ય રીતે સમજતા થયા છે; અને જેઓ આવા આગ્રહો છોડી નથી શકતા, તેઓ ધીમે ધીમે સ્વયંસેવક થવા બહાર પડતાજ નથી.

પણ રહેણીના કેટલાક નિયમો રૂઢ પાપ-પુણ્યની બુદ્ધિથી નહિ, પરંતુ સ્વચ્છતાની, સુઘડતાની અને આરોગ્યની દૃષ્ટિએ તેમનાં જીવન સાથે દૃઢ થયેલા હોય છે અને એ દૃષ્ટિનો ત્યાગ કરવા સૂચવવું અયોગ્ય ગણાય; છતાં મોટો સમૂહ પોતાને ઘેર પણ એવું જીવન ગાળતો ન હોવાથી, અપવાદરૂપ સ્વયંસેવકો પોતાનું ધોરણ બીજા પાસે પળાવવા ઇચ્છે તો તે તેમને એ નકામી કટકટ જેવું લાગે છે.

મર્જાદીઓનું સ્વચ્છતાનું ધોરણ બધું સયુક્તિક છે કે એમની સૂગને સ્વચ્છતા અને આરોગ્ય સાથે સંબંધજ છે, એમ નહિ કહી શકાય. ઘણી વાર એ આરોગ્ય વિઘાતક, કાલ્પનિક અને તારતમ્યહીન(આઉટ ઑફ પ્રોપોર્શન) પણ હોય છે; પણ તે સાથેજ આપણા પ્રજા-સમૂહનું સ્વચ્છતાનું ધોરણ અતિશય ન્યૂન છે અને એ ઉંચું થવાની આવશ્યકતા છે, એ પણ યાદ રાખવાનું છે.

આ વિષયનો વિચાર કરતાં મને જણાયું છે કે, નીચેના નિયમો પાળવા શક્ય છે, આવશ્યક છે અને એ પાળવાની ટેવ પાડવામાં કટકટ માનવી એ પ્રમાદ છે.

૧–દિશાએ જઇ આવી હાથ-પગ સ્વચ્છ અને ચોળીને ધોઇ નાખવામાં અને લોટો અજવાળવામાં કટકટ સમજવી અયોગ્ય છે.

૨–પીવાના પાણીના માટલાંમાં બોળવા માટે જૂદું વાસણ રાખવું ઇષ્ટ છે, બોટેલું વાસણ તો નજ બોળવું જોઇએ. માટલા ઉપર પાણી પડે એવી રીતે એની પાસે ઉભા રહીને પાણી પીવું અયોગ્ય છે.

૩—જ્યાં અનેક માણસો વચ્ચે પીવાનો એકજ પ્યાલો હોય, ત્યાં પ્યાલાને મોઢે માંડવો અયોગ્ય છે. ઉંચેથી પીવાની ટેવ પાડવી ઘટે છે અને એમ ન પી શકે તેને જુદો પ્યાલો રાખવો આવશ્યક છે.

૪—જમી ઉઠેલી જગ્યાએ દાળ-ભાત કે એઠી ખાવાની વસ્તુઓ વેરાઈ હોય તે જગ્યાને ઘરની અંદર હોય તો ધોઈ નાખવી અને ખુલ્લામાં હોય તો સારી પેઠે વાળી નાખવી આવશ્યક છે. એમ થયા પહેલાં એ જગ્યામાં દરરોજ ફરવી અને વેરાયેલી વસ્તુથી ખરડાયેલ પગે ધોયાવિના સ્વચ્છ ઓરડામાં જવું અયોગ્ય છે, તેમજ એવી જગ્યાએ બીજાને જમાડવા એ પણ અયોગ્ય છે.

૫—સામાન્ય રીતે કડછી કે ચમચાથીજ પીરસવું જોઇએ. શાક, દાળ કે ભાત જેવી ચીજો હાથેથી પીરસવી અયોગ્ય છે. એથીયે વધારે અયોગ્ય ખાધેલે હાથે પીરસવું એ છે. રોટલા કે પુરી જેવી કોરી ચીજો પણ ખાધેલે હાથે આપવી ન જોઇએ અને કડછીવડે પીરસવામાંયે ખાધેલો હાથ ન વાપરવો ઘટે.

૬—જમનારની થાળી કે વાડકાને પીરસવાનું વાસણ અડકે એ અયોગ્ય છે; અને અડકવાની બીકથી પીરસવાને બદલે ભાણામાં ફેંકવું કે વેરવું એ વધારે અયોગ્ય છે.

૭—ખરડાયેલે પગે પોતાની પથારીપર પગ મૂકવો એ પણ અયોગ્ય છે; પણ અનેક માણસો જ્યાં સાથે સુતા હોય, ત્યાં ફરવું કરનારે કોઇની પથારીને ખુંદીને ચાલવું બહુજ અયોગ્ય છે.

૮—કામ કરી આવીને હાથ ધોયાવિના ખાવાની ચીજને અડવું કે પાણીના માટલામાં હાથ બોળવો અયોગ્ય છે. પાન, તંબાકુ, બીડી વગેરેનાં વ્યસનવાળાએ એ વિષે ખાસ કાળજી રાખવી ઘટે છે. કેટલાક માણસોને શરીરે ખજવાળ આવ્યા કરતી હોય છે, કેટલાકને ગુહ્યાંગોને વારંવાર સ્પર્શ કરવાની ટેવ પડેલી હોય છે, કેટલાકને વારંવાર નાક સાફ કરવું પડે છે; તેવા માણસોએ તેમજ દરેકે લઘુશંકા કરી આવીને હાથ ધોયાવિના ખાવા-પીવાની ચીજોને અડવું નજ જોઇએ.

૯—જે ડોલમાં કપડાં ધોયાં હોય તે ડોલને અંજવાળીને ચોક્કસ કાઢી નાખ્યા વિના કૂવા-માં નાખવી અથવા એવી ડોલથી પીવાનું કે રાંધવાનું પાણી ભરવું અયોગ્ય છે.×

૧૦—ચોકડીમાં પેશાબ માટે બેસનારે પાસે વાસણ પડયાં હોય તો તેને બાજુએ મૂકવાં જોઇએ. એને છાંટા ઉડે એમ બેસવું અયોગ્ય છે. એવીજ રીતે એમાં છાંટા પડે એવી રીતે હાથ ધોવા કે કોગળા કરવા એ પણ અયોગ્ય છે.

૧૧—પોતે પહેરેલાં કપડાં ધોયા વિના બીજાને પહેરવા આપવા અયોગ્ય છે; અને પોતાનાં કપડાં ગેરવલ્લે પડયાં હોય ત્યારે ગમે તેના પહેરી લેવાં અને પછી એ માણસને ધોયા વિના એ પહેરવાનો પ્રસંગ આવે એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવી અયોગ્ય છે.

મને લાગે છે કે, આ નિયમો પાળવામાં મર્યાદીની ચટ કે કટકટ નથી. હું જેમ ફરું છું તેમ તેમ જોઉં છું કે, આ નિયમો બહુ ઓછી જગ્યાએ પળાય છે. એટલે આવા નિયમો પાળવા-ની ટેવ પડી ગયેલી હોય એવાં કુટુંબો હું ધારતો હતો તેના કરતાં બહુ થોડાં છે. રદ સ્વચ્છતાને બાજુએ મૂકીએ તો આપણું સ્વચ્છતાનું ધોરણ એટલું બધું નીચું છે કે એને સારી પેઠે ઉંચું કરવાની મહેનત કર્યા વિના ચાલે એમ નથી. ઉપર જે નિયમો છે, તે કેવળ મર્યાદિત સામુદાયિક જીવનને વ્યાપનારા છે. વ્યક્તિગત, કૌટુમ્બિક અને નાગરિક જીવનને અંગે જે કહેવાનું રહે છે, તેનો પ્રદેશ આથી ઘણો મોટો થાય એમ છે. એને માટે આજે વિચારવાનો અવકાશ નથી.

('મુંબઈ સમાચાર' ૧૯૮૩ ના દીપોત્સવી અંકમાં લેખક—શ્રી કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા)

× આપણી વાસણ અજવાળવાની રીતો કંઈ બહુ સારી નથી, પણ આ એક જુદો વિષય છે. રસ્તામાંથી એમે તેવી માટી ઉપાડી લાવી, એથી વાસણ ઘસી નાખવાં અને તગારાના પાણીમાં નાખવાં એમાં અજવાળ્યા પછી સ્થૂળ સ્વચ્છતા જળવાશે, દાક્તરી સ્વચ્છતા તો નથીજ

૬૧—મોતીનું ભણતર

શહેરની બહાર એક ખૂણામાં વાલજી નામનો એક ભંગી રહેતો હતો. તેને મોતી નામનો એક છોકરો હતો. મોતી હતો તો જાતે ભંગી, પણ તે બહુ સારો છોકરો હતો. ખોટી-ગંદી વાતોથી તે દૂરજ રહેતો. તેને રોજ રોજ સારું સારું જાણવાની-શીખવાની ઈચ્છા થયા કરતી.

એક દિવસ મોતી શહેરમાં ફરવા ગયો. એક પંડિતજી હનુમાનજીના દહેરામાં બેઠા બેઠા રામાયણનો પાઠ કરતા હતા. મોતી રસ્તા ઉપર ઉભો રહીને રામાયણ સાંભળવા લાગ્યો. તે સાંભળીને તે અત્યંત આનંદ પામ્યો. ઘેર આવીને તેણે તેના બાપને કહ્યું કે "બાપા! આજ પંડિતજી દહેરામાં બેઠા બેઠા રામાયણ વાંચતા હતા. તે સાંભળીને મારા મનમાં તો શુંનું શું થઇ રહ્યું છે! મારી ઇચ્છા છે કે, હું વિદ્યા ભણું અને પછી રોજરોજ રામાયણનો પાઠ કર્યા કરૂં. તમે મને ભણવાનો બંદોબસ્ત કરી આપજો."

પિતાએ મોતીને કહ્યું કે "બેટા! તું ભંગીનો છોકરો છે, તને કોઇ પાસે બેસવા તો દે નહિ, ત્યાં તું વિદ્યા શી રીતે ભણવાનો? ભગવાને આપણ ભંગીઓના ભાગ્યમાં વિદ્યાનો આનંદજ નથી લખ્યોને!"

પણ મોતી હિંમત ન હાર્યો. તેણે પિતાને કહ્યું કે 'તમે જરા તપાસ તો કરજો. કદાચ કોઈ દયાળુ સજ્જન ભણાવવા ખુશી પણ હોય.'

પિતાએ નારાજ થઇને જવાબ આપ્યો કે "તું એ વાતો નથી જાણતો. જેની આગળ તું વાંચવા-લખવાની વાત કરીશ, તેજ માણસ નારાજ થશે. મફતની ગાળો શામાટે ખાવી?"

પછી મોતીએ પિતાને કંઇ પણ ન કહ્યું. બીજે દિવસે મોતી ફરીથી તેજ દહેરા આગળ ગયો. પંડિતજી રામાયણ વાંચતા હતા. મોતી રસ્તાની એક બાજુએ બેઠો બેઠો રામાયણ સાંભળવા લાગ્યો. પંડિતજી રામાયણ વાંચી રહ્યા, એટલે મોતીએ તેમને કહ્યું કે "પંડિતજી! મને પણ ભણાવો. હું પણ રામાયણનો પાઠ કરીશ." પંડિતજી હસીને બોલ્યા કે "જારે પાગલ! તું તો રામાયણને અડકી પણ ના શકે. ફરીથી જો કોઇ દહાડો અહીં આવ્યો તો—"

ત્યાર પછી મોતી કેટલાય માણસો પાસે ગયો. તેમને તેણે ભણાવવાની વિનતિ કરી, પણ તેને કોઇએ ભણાવ્યો નહિ. હા, કોઇએ તેને ગાળો દીધી, કોઇએ તેને ધુતકારી કાઢયો ખરો. આથી પણ મોતી નિરાશ ન થયો. તેણે સાંભળ્યું કે, નિશાળના એક મહેતાજી ખૂબ દયાળુ છે. બસ, તે તો નિશાળે જવા લાગ્યો; પણ કોઇએ તેની સાથે વાત સરખી પણ ન કરી. મોતી રોજ નિશાળે જતો, કલાકોસુધી બહાર બેસી રહેતો અને રજા પડતાં ઘેર પાછો આવતો.

એક દિવસ ગુરુજીએ તેને પૂછ્યું કે "છોકરા! તું રોજ રોજ અહીં કેમ આવ્યા કરે છે? ત્યારે મોતીએ આતુરતાથી પોતાની સઘળી વાત કરી. ગુરુજી બહુજ પ્રસન્ન થયા. તેમણે કહ્યું કે 'કાલથી તું સ્લેટ-પેન લેતો આવજે, હું તને ભણાવીશ.'

મોતીના આનંદનો તો પાર રહ્યો નહિ. તેણે પિતાને બધી હકીકત કહી સંભળાવી. પિતાએ તેને એક નાનકડી સ્લેટ અપાવી આપી. હવે મોતી રોજ નિશાળે જવા લાગ્યો. મહેતાજી તેને દૂર બેસાડીને રોજ થોડી વાર ભણાવતા હતા. મોતી ઉત્સાહપૂર્વક ચિત્ત દઇને પોતાનો પાઠ તૈયાર કરતો. થોડાજ દિવસમાં મોતી હોશિયાર થઇ ગયો. તે સારી રીતે ચોપડીઓ [illegible]. [illegible] ખુશ થયા, તેને તેમણે એક રામાયણ આપી અને તેને કહ્યું કે "બેટા! હવે તું આનંદથી રામાયણનો પાઠ કર્યા કર. ભગવાન કરે ને તારી પેઠે બધાય ભંગીઓ રામાયણનો પાઠ કરતા થાય."

[illegible] મોતી રોજ [illegible] રામાયણનો પાઠ કરવા લાગ્યો. બધા ભંગીઓ તેને ત્યાં રામાયણ [illegible] દિવસ [illegible] રામાયણ [illegible]

રજા થઇ. આથી મોતી બહુ ખુશી થયો. હવે મોતીએ એક નાનકડી નિશાળ ઉઘાડી છે. ત્યાં ઘણાયે ભંગી અને તેમનાં છોકરાં ભણવા આવે છે. મોતી તેમને ખૂબ પ્રેમપૂર્વક ભણાવે છે. બધા ભંગીઓ મોતીને ખૂબ ચાહે છે અને તેનો આદરસત્કાર કરે છે. એક વખતના મોતીઆને સૌ કોઇ 'મોતીભાઈ, ભલે પધાર્યા' એમ કહીને માન આપે છે.

(અધ્યાપક શ્રી. જહૂરબક્ષજી 'હિંદી-કોવિદ'ની વાર્તાને આધારે)

૬૨–હીરાની મોટાઈ

ગરમીના દહાડા હતા. ખૂબ તાપ પડતો હતો, ધરતી આગની પેઠે ધગધગતી હતી, હીરાના પગ દાઝતા હતા. તરસને લીધે બિચારાનું ગળું સુકાવા લાગ્યું. તે પરસેવાથી રેબ-ઝેબ થઇ ગયો; ત્યારે ગભરાઇ જઇને રામવલ્લભ શેઠની દુકાને જઇને બેઠો. હીરા એક ગરીબ ચમારનો છોકરો હતો. તેનું ઘર ગામની બહાર હતું. બિચારો આવા બળબળતા બપોરે ગામમાં અનાજ લેવા આવ્યો હતો.

હીરા હજી સ્વસ્થ થયો ન હતો, એટલામાં તો રામવલ્લભ શેઠનો એક આઠ-દસ વર્ષનો છોકરો દુકાને આવ્યો. તેને જોઇને હીરાએ ખૂબ આતુર અવાજે કહ્યું કે "ભાઈ! તરસે મરી જાઉં છું, થોડુંક પાણી પાઓ, ખૂબ દયા થશે." બાળકે તેને જવાબ આપ્યો કે "ભાઈ! તું તો ચમારનો છોકરો, હું તને પાણી પાઉં અને પિતાજી નારાજ થાય તો હું શું કરું?"

રામવલ્લભ શેઠને કાને અવાજ પડ્યો, તેઓ એકદમ બહાર આવી પહોંચ્યા. પોતાની દુકાનમાં ચમારના છોકરાને જોઇને શેઠજીને તો પગથી તે માથા સુધી ઝાળ ઉઠી. તેઓ ઘુરકીને બોલ્યા કે "કેમ રે સાલા! સુવરના બચ્ચા! તું મારી દુકાનમાં પેઠો, આખું ઘર અપવિત્ર કર્યું; અને હવે અમારીજ પાસે પાણી માગે છે. ઠીક લેતો જા." એમ કહીને શેઠજીએ તે ગરીબને બે ત્રણ લાતો લગાવી દીધી.

હીરા આંસુભરી આંખે ત્યાંથી ચાલ્યો ગયો.

× × × × ×

વરસાદ આવ્યો. ખૂબ પાણી પડ્યું, નદી–નાળા છલોછલ વહેવા લાગ્યા. ગામની નાનકડી નદી ખૂબ ભરાઇ હતી. રામવલ્લભ શેઠનો એજ બાળક નદીએ નહાવા ગયો. તે નદીમાં ઉતર્યો, તેનો પગ લપસી ગયો. તે તરતાં તો જાણતો ન હતો, બિચારો ડૂબવા લાગ્યો. કિનારે બીજા પણ બાળકો નહાતા હતા, તેઓ શેઠજીના બાળકને ડૂબતો જોઇ બૂમો પાડવા લાગ્યા; પણ તેને બચાવવા કોઈ તૈયાર થયું નહિ.

તેજ વખતે હીરા ખેતર તરફ જતો હતો. બાળકોની બૂમનો અવાજ તેને કાને પડ્યો. દોડીને તે ઘાટ ઉપર આવ્યો, બાળકને ડૂબતો જોઇ હીરાનું હૈયુ ભરાઈ આવ્યું. તે તરતાં સારી પેઠે જાણતો હતો. પોતાના પ્રાણની પરવા કર્યાસિવાય તે ધબ લઇને નદીમાં કૂદી પડ્યો અને મહામહેનતે બાળકને બહાર કાઢી લાવ્યો; પણ બાળક બેહોશ થઇ ગયો હતો.

હીરા બાળકને પીઠ ઉપર નાખી શેઠજીના ઘર તરફ ચાલ્યો. તેની પાછળ પાછળ બાળકોનું ટોળું પણ ચાલ્યું. શેઠજી બધી વાત સાંભળીને બહુ ખુશી થયા અને હીરાને કંઇક ઇનામ આપવા લાગ્યા; પણ હીરાએ તેમને કહ્યું કે "શેઠજી! મે કાંઇ ઇનામ મેળવવા જેવું કામ નથી કર્યું, ડૂબતાને બચાવવાનો તો મારો ધર્મજ હતો." એટલું કહીને હીરા ચાલ્યો ગયો.

શેઠજી વિચારવા લાગ્યા કે "મેં તે દિવસે હીરાને બે ઘુંટડા પાણીમાટે લાતો મારી હતી. આજ એજ હીરાએ મારા બાળકનો જાન બચાવ્યો. અરે! મે તે દિવસે કેવું ખરાબ કામ કર્યું!" શરમનું માર્યું શેઠજીનું મસ્તક નીચું નમી ગયું.

(અધ્યાપક શ્રી જહૂરબક્ષજી- 'હિંદી-કોવિદ'ની વાર્તાને આધારે)

૬૩–સ્વીડનનું રાષ્ટ્રવિધાન

યૂરોપને કિનારે વાવાઝોડાં ઉઠયાં છે; રાષ્ટ્રવાદ, સમાજવાદ, મુડીવાદ–એવા એવા વાદોનાં એ તોફાનો ત્યાંના કાળજૂના વડપીપળાને જ્યારે જડમૂળથી ઉખેડી જમીનદોસ્ત કરી રહ્યાં છે, ત્યારે બીજી બાજુ આનંદે ઉભા છે નાના નાના નાજુક રોપાઓ. એનાં ડાળ–પાંદડાં નવપલ્લવિત બન્યે જાય છે. પવનના સૂસવાટા આવે, ત્યારે આ નાનાં વૃક્ષો ડાહ્યાં થઇને પોતાના ઝુંડને નમાવી લે છે. વંટોળીઓ વહી જાય એટલે એ પોતાનું નિરવ, નીરાળું પોષણકાર્ય પાછું આરંભી મૂકે છે. યૂરોપમાં ચાહે તેવા વંટોળીઆ ચઢો; બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીને હચમચાવો; પણ એ સ્વીટ્ઝરલાંડ, હોલાંડ કે સ્વીડન–નોર્વેનાં શાંત રાષ્ટ્ર–વિધાનને કોઇ રોકી શકતું નથી.

એ એકાંતવાસી ડાહ્યા દેશોમાંથી આજે આપણને સ્વીડન–નોર્વેની આંતર્દશામાં ડોકિયું કરવાનો અવસર મળે છે. યૂરોપની ઓતરાતી સરહદ ઉપર અબોલ ઉભેલી એ પ્રજા ઉત્તરધ્રુવની થીજાવી નાખતી ઠંડી વચ્ચે પણ સમૃદ્ધિની ઉષ્માએ ભરપૂર પ્રાણ લઇને જીવે છે. એને નૌકા–સૈન્ય નથી. બીજી પ્રજાઓએ પોતના નૌકા–બળમાં કેટલી મનવારો ઉમેરી તે જાણવાનીયે એને જરૂર નથી. એને આકાશભેદી યુદ્ધ–વિમાનો પણ નથી; કેમકે એને અન્ય કોઇ તાબેદાર પ્રજાનાં સુંદર લોકાલયો કે હરિયાળાં ખેતરો ઉપર દારૂગોળા વરસાવીને પોતાનું ગુજરાન કરવાની વાંચ્છના નથી. પોતાની ઉપજનો પોણો ભાગ ચાવી જનાર લશ્કર પણ એ નથી રાખતું; પણ પોતાના યુગ યુગજૂના વીરત્વના ઇતિહાસને સજીવન રાખવા માટે એ પોતાના પ્રત્યેક સૈનિકને જમીનનો ટુકડો ટુકડો આપીને (સેટલ્ડ ફાર્મર) સુસ્થિર ખેડુતને સ્વરૂપે પોષી રહેલ છે. એનું નાનકડું લશ્કર સંસ્કારશીલ ખેડુઓનું બનેલું છે.

સૌરાષ્ટ્રથી બમણુંજ મોટું એ રાષ્ટ્ર, ૬૦ લાખની એની જનસંખ્યા; એની જમીનના બારમા ભાગમાં મીઠું પાણી ભર્યું છે. એના ડુંગરાની ખીણેખીણ મહાનદીઓના જળઘોધ ઝીલીને નિરંતર સરોવરોરૂપ બની રહે છે. એના ઉપર ઇશ્વરની કરુણા છવાઇ રહી છે અને એ કરુણાને તેઓએ મનુષ્યોના નાશમાટે નથી યોજી. કુદરતની દીધેલી સમૃદ્ધિને ઉદ્યમશીલ બની તે પ્રજાએ સરખે હિસ્સે વહેંચી છે. આપણા ઘરના ચૂલા ઉપર શોભતાં દિવાસળીનાં ખોખાં ઉપરનું 'મેઇડ ઇન સ્વીડન' એવા લેબલ પાછળ સ્વીડનની સર્વસ્પર્શી આબાદી ઉભી છે; કારણકે સ્વીડન દેશ એનાં ગામડાંઓમાં વસે છે–નગરોમાં નહિ.

એ પ્રજાનેયે ઉજળો ભૂતકાળ છે. એણેય ચડતી–પડતીના દાવ ખેલ્યા છે. એની સંસ્કૃતિ ઉપર પણ સારી ને નબળી છાપ છે. એના પુત્રો એક સમયે દરિયામાં ચાંચીઆગીરી કરતા અને ધરતીપર લૂંટો ચલાવતા. આજ પણ એ 'વાઇકીંગો'ની વીરતા તેમજ ક્રૂરતાને યૂરોપી પ્રજાઓ સંભારે છે; પરંતુ આજના નવ–દીક્ષિત સ્વીડને એ ક્રૂરતાને કારણે પોતાના ભૂતકાળની વીરતાના વારસાનેએ જતો કર્યો નથી. માટીના પોપડામાંથી એણે કંચનને તારવી કાઢયું છે, પૂર્વજોનાં સાહસ–શૌર્યને એ પ્રજાએ આજની એની જ્ઞાન–શોધમાં યોજી દીધું છે.

રાજસત્તા અને અમીરસત્તા સામેની સ્વીડનના આમ–લોકોની ઝપાઝપી પણ શતકો સુધી ચાલી હતી. રાજસંસ્થાના સંતાપો એણે ચાખ્યા છે. 'રાજા ઇશ્વિર–અંશી' એ વહેમને કારણે પ્રજાએ અમુલખ બલિદાન દીધાં છે. સ્વાતંત્ર્યના વિગ્રહમાં સદીઓ સુધી ઝુઝી ઝુઝીને આજે એણે ઇંગ્લૅંડની માફક નિયંત્રિત રાજસત્તા (લીમીટેડ મોનાર્કી)નાં નિશાન ચઢાવી દીધાં છે. જેમ ઇટાલીના રાજદ્રોહી મેઝિની–ગેરીબાલ્ડીને બ્રિટનના કિનારાપર રક્ષણ મળતાં, તેમ આજે આપણા હરદયાલ જેવા વિપ્લવવાદી વીરનરોને પણ સ્વીડનની પ્રજા• પોતાને કિનારે વધાવે છે–વધાવે છે એટલુંજ નહિ, પણ એની પાસેથી ભારતવર્ષની સંસ્કૃતિનો પ્રકાશ પામવા તલ્સે છે. એ દેશવટે રઝળતા લાલા હરદયાલ ત્યાંના સ્નેહ તથા આતિથ્યનું અતિકૃતજ્ઞતાભીનું વૃત્તાંત લખી મોકલે છે. એ વૃત્તાંતમાંથીજ સ્વીડનના રાષ્ટ્ર–વિધાનના કાર્યની થોડી રેખાઓ આપણને સાંપડે છે.

સ્વીડનને જ્ઞાનની ભૂખ લાગી છે; પણ એ જ્ઞાન તે સાધન–સંપન્ન શહેરીઓનું નહિ, મુઠ્ઠી–

ભર વિદ્વાનોની જિજ્ઞાસાની વાત નહિ. એ તો સ્વીડનની સાચી ગ્રામ્ય-જનતાનો પ્રાણ વધુ ને વધુ માહિતીમાટે વલખાં મારે છે. સ્વીડનના મહાપુરુષોની બસ એકજ ચિંતા છે અને સ્વીડનનાં વર્તમાનપત્રોની એ એકજ ધૂન છે, કે લોકોને જ્ઞાન શી શી રીતે પહોંચાડવું !

જ્ઞાનની આ પિપાસાને છીપવવા માટે સ્વીડનની પ્રજાએ જે દેશવ્યાપી યોજના કરી છે, તે યોજનાને આખું યુરોપ આજે નમુનેદાર યોજનાતરીકે નિહાળીને અનુસરી રહ્યું છે. એ યોજના તે "જાદુઈ ફાનસ સાથેનાં વ્યાખ્યાનોની." ગામડે ગામડાના થોડા સંસ્કારી લોકો એકઠા મળીને વાર્ષિક બાર કે એક રૂપીઆનું લવાજમ ભરાવી પોતાના ગામની વ્યાખ્યાન મંડળી સ્થાપે અને પછી સરકાર એને વાર્ષિક સહાય મંજૂર કરે. આ મંડળીઓએ આખા વર્ષમાં બાર વ્યાખ્યાનો-ની વ્યાખ્યાનમાળા ગોઠવવાની ફરજ છે. એક પણ વ્યાખ્યાન અધુરું રહે તો સરકારી રકમ તે વર્ષમાટે રદ થઈ સમજવી. સ્વીડનનાં ઘણાં ગામડાંમાં આજે આવી મંડળીઓ હસ્તી ધરાવે છે. રેલગાડીના સ્ટેશનથી પચીસ ગાઉ દૂર પડેલાં ગામોમાં પણ આ ગૌરવવંતી સભાઓ જામી ચૂકી છે. બિનસભાસદો દરેક વ્યાખ્યાન દીઠ બાર આના ભરીને સાંભળવા જઈ શકે. સતાને માટે ઝંખતાં એ ગામડીઆંઓ જાદુઈ ફાનસની સમજાવટવાળાં વિધવિધ વિષયપરનાં વીણી વીણીને ગોઠવેલાં વ્યાખ્યાનોપર ફીદા થઈ પડે છે.

અને એ વ્યાખ્યાનકર્તાઓ ક્યાંથી આવે છે? આખા યુરોપખંડમાંથી ચુનંદા વિદ્વાનોને ચૂંટી આણવા માટે એક મંડળ નીમાયું છે. વ્યાખ્યાન દેવા ઇચ્છનારો દરેક પુરુષ એ મંડળમાં સભ્ય નોંધાય છે. આખું મંડળ પ્રથમ પોતાના અધિકારીઓ સમક્ષ વ્યાખ્યાન કરાવી વ્યાખ્યાન-કારની પરીક્ષા લે છે. એ કસોટીમાંથી પાર થયેલાઓનાંજ નામ, તેમના વિષય સાથે પત્રકમાં નોંધાય છે ને પછી પ્રત્યેક ગ્રામ્ય સભા-મંડળી એ પત્રક પૈકીના હરકોઈ બાર પુરુષોને નિમંત્રણ આપે છે. નિમંત્રિત વ્યાખ્યાનકારને મુસાફરીભાડું, દરરોજ રૂપીઆ ખાધા-ખોરાકીના અને રૂ. ૬૦ પ્રત્યેક વ્યાખ્યાનના મહેનતાણાના એટલું ચૂકવે છે. ૭ ૭ મહિના અગાઉથી નિમંત્રણ અપાઈ જાય છે અને મંડળીઓ કરકસર કરી શકે તેટલા માટે એના એ વ્યાખ્યાનકારને આખા જીલ્લામાં એકજ આરે ફેરવાય છે.

અને વ્યાખ્યાનો શા શા વિષયપર? આસમાનથી તે પાતાળ સુધીના, તારામંડળથી તે સાબુ બનાવવાના, નગોદરથી તે તુતાનખામેન સુધીના, ગમે તે વિષયનું શાસ્ત્રીય ને સુવ્યવસ્થિત વિવેચન સ્વીડનની પ્રજાને મન અતિમધુર લાગે છે. નવયુગના જ્ઞાન-મંડપમાં દીક્ષા પામેલી એ સૌમ્ય અને ભદ્રિક પ્રજા, હરકોઈ વસ્તુનું વિજ્ઞાન લેવામાં નિઃસ્વાર્થ ને નિષ્કપટ આનંદ અનુભવે છે. ચીન, હિંદ કે આફ્રિકાવિષે વ્યાખ્યાન હોય, ત્યારે તો વ્યાખ્યાન-મંદિરમાં ઉભા રહેવાનીએ જગ્યા ન રહે. મુકરર સમયપૂર્વે એકેક કલાક સુધી એ સભા-ગૃહના બંધબારણા ઉપર શ્રોતા-ઓની અતિશય ભીડ જામેલી હોય છે. કેટલેક સ્થળે તો એનું એ વ્યાખ્યાન, એની એજ સાંજરે ફરી વાર કરવું પડે છે. ત્યાંની લગભગ તમામ વિદ્યાપીઠોના આચાર્યો આ વ્યવસાયમાંથી થોડું થોડું રળી શકે છે. દેશનો સારોએ વિદ્વાનવર્ગ આ સેવાભાવનાથી જ્વલિત થયો છે. તેઓ પ્રજા-ની સુસંસ્કૃતિના પ્રચારક સાધુઓ જેવા થઈ રહ્યા છે.

અહીં તો ભાગ્યેજ કોઈને ભાન હશે કે, 'ભારતવર્ષ' શબ્દમાં સ્વીડનની પ્રજાને કેવો ચમ-ત્કાર ભાસે છે. એ એકજ શબ્દ કોઈ નિગૂઢ મંત્રોચ્ચારની માફક એ લોકોની કલ્પનામાં કોઈ વિસ્મય-ભૂમિ કે અમર-ભૂમિના સૌંદર્ય અને રહસ્યથી ભરપૂર કોઈ સૃષ્ટિના ભાસો ઉત્પન્ન કરે છે. આજસુધી તો તેઓએ આ દેશવિષેનાં પોતાના અનુમાનો પેલા સ્વાર્થસાધુ પાદરીઓ પાસેથી આપણી મૂર્તિઓ, વિધવાઓ અને કાળી બાજુઓ સાંભળીનેજ બાંધેલાં; પણ હવે જ્યારે તેઓને કાને બુદ્ધની, પંચતંત્રોની, ઇંદ્રિયનિગ્રહ અને સહિષ્ણુતાની, આપણા શાયરો કે કલા-ધરોની, આપણા તાજમહાલની ને અજન્ટાની કથાઓ સાંભળે છે; ત્યારે તેઓ ચકિત થાય છે અને દુઃખનો ઉદ્‌ગાર કાઢે છે કે "અરરર! હિંદુઓ આટલા સંસ્કૃતિશાલ હશે એવી અમને ખબર નહોતી!"

સ્વીડનવાસીઓએ રાષ્ટ્રવિધાનનું બીજું બીજારોપણ ક્યાં કર્યું? ખેડુતોની અસાધારણ શા-

[illegible]માં એક નાનકડી ઘટનામાંથીજ આ પ્રબળ આંદોલન પેદા થઇ ગયું. એ દેશના સૌભાગ્ય-[illegible] ડેનમાર્કના એક વિજ્ઞાનશાસ્ત્રીએ સ્વીડનના એક વર્તમાનપત્રકારને [illegible] કે, ખેડુતો તો બહુજ 'નિરક્ષર' અને 'નાદાન' છે ! એ બેજ શબ્દોએ પેલા દેશ-[illegible]ના અંતરમાં ચીનગારી મેલી દીધી. ખેડુ–શાળાઓને માટે પ્રથમ ઝુંડો ઉઠાવનાર એ [illegible] દેશમાં મરતસ્થાન પામ્યો; પણ તે પહેલાં તો એણે પેલા મહેણાનો જવાબ દેનારી ખેડુ [illegible] દીધી હતી. [illegible] પ્રજાને ગમ પડી કે, સાર્વજનિક પ્રાથમિક શાળાઓમાં [illegible] વર્ષ [illegible]ને–અને તેમાં પણ આંકગણિત અને જોડણીજ ગોખી ગોખીને ખેડુતોનાં [illegible], તેનું પરિણામ [illegible] કહેવાય. બસ, પ્રજાએ પોતાને ખર્ચે ખેડુશાળાઓ [illegible] ઉમરથી ઉપરની ગમે તેટલી ઉંમરના ખેડુતોને દાખલ કરવા માંડ્યા: [illegible], ઇતિહાસ, રસાયણ, અર્થશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્ર જેવા [illegible] તે શાળાઓને 'રેસીડેન્શિયલ સ્કુલ્સ' બનાવી દીધી. વર્ષમાં એક [illegible] ઋષિકુળોની પેઠે અહીં પણ હેડમાસ્તરને [illegible]. માસ્તરની પત્નીજ એ સૌ બાળકોની માતા બને, સૌ [illegible] અને માતા–પિતાઓથી વિચ્છિન્ન થયેલાં બાળકોને વિયોગનાં [illegible] સાંજરે જલસા ગોઠવે. ૧૬ વર્ષથી માંડીને ૪૦–૫૦ [illegible] આવતા સૌ દરદ્યાસે ભાળ્યા છે. સરકાર આવી [illegible]

[illegible], પદવીઓ કે ચંદ્રકો નથી અપાતાં. પોતાના [illegible] તેની કશી ગોઠવણ ત્યાં નથી. ફક્ત કેળ-[illegible], [illegible] અને વ્યવહાર–નિપુણતા, સામાજિક જીવન-[illegible] અને જગત–પરિચય, એકાદ ટુકડો જ્ઞાન નહિ પણ [illegible] છે.

[illegible] નિશાળ ઉપર વધુ વાપરવાનો નિરધાર છે.

[illegible] સ્વીડનની સરકાર, તેના લશ્કરી ખર્ચ ઘટાડીને [illegible] છે; પણ ખેડુતો માટેનાં એ શારદા-[illegible]. પોતેજ પોતાનાં મંડળો સ્થાપી, તેનાં સભા-[illegible] નિશાળો ચલાવે છે. સ્વીડનની આવી [illegible]. આમ આવી સંસ્થાઓમાંથી અનેક [illegible] સ્વીડનની શહેર સુધરાઈ [illegible] અને [illegible] એ સ્થાનિક સ્વ-[illegible] નિભાવવાનુંજ સમજે છે [illegible] સરકારનો આશ્રય મળે છે.

[illegible]

વિનાશને માર્ગે વેગબંધ ધસી રહી છે, ત્યારે નાનકડા આ સ્વીડને રાષ્ટ્રવિધાનનું શાંત રચના-કાર્ય માંડ્યું છે.

સ્વીડનના રચનાકાર્યનો આ સ્વલ્પ પણ પરિચય આપવાની પાછળ એકજ અભિલાષા છે. આજે ભારતવર્ષમાં લડાઇનો આનશ બુઝાઇ ગયો છે: શસ્ત્રો ધારવાની-જંગ મચાવવાની ધગશ ઠેલાવાઇ ગઇ છે અને ઠેરઠેર રચનાકાર્ય, શાંત રાષ્ટ્રવિધાનના કાર્યની બુમો પડી રહી છે; પણ કોઈ દિશામાં નિશ્ચિત માર્ગ સ્વીકારી, જનસમુદાયને શિક્ષિત બનાવવાના વિધાનકાર્યનો આરંભ મંડાતો નથી દેખાતો. દેશસેવાની પ્રબળ ભાવનાથી ઉભરાતા તરુણો ધારે તો કોઇ-એક એક ગામડું સર કરી, ત્યાં થાણું નાખી, રાષ્ટ્રવિધાનનું સુંદર કાર્ય આરંભી શકે. સ્વીડનનું શિક્ષણ-પ્રચારનું કાર્ય એવા કાર્યના ઉત્સુકોને માટે માર્ગસૂચન કરે છે. એ આદર્શ દષ્ટાંતને દષ્ટિસમીપ રાખી તેને પગલે પગલે સ્વકીય જીવન ઘડવાનો લાલા હરદયાલનો હિંદને સંદેશ છે.

('સૌરાષ્ટ્ર' તા. ૧૦-૪-૧૯૨૬ના અંકમાંથી)

૬૪—અમેરિકામાં પણ કામદારોનીજ કુરબાની !!

વિદ્વાન અમેરિકન લેખક અપ્ટન સિંકલેરના નામથી ભાગ્યેજ કોઇ અપરિચિત હશે. અમેરિકા આજે દુનિયામાં સૌથી વધારે સમૃદ્ધ અને સ્વતંત્ર દેશ મનાય છે; પણ સ્વતંત્રતાની એ ભૂમિમાં જે સડો અંદરખાનેથી ચાલી રહ્યો છે અને ત્યાંનો ધનિક વર્ગ ગરીબ બિચારા કામદારોને કેવી રીતે નીચોવી રહ્યો છે અથવા તેમની કુરબાની કરી રહ્યો છે તેનાં બોપાળાં સચોટ દલીલોસહિત આ લેખકે પોતાના એક સુથાર મિત્ર જુડને લખેલા પત્રો(લેટર ટુ જુડ)દ્વારા બહાર પાડ્યાં છે. દરેકે દરેક પત્રમાં લેખકના જલતા જીગરના અંગારા ભરેલા છે. લેખકે અમેરિકન રાજતંત્ર અને અમેરિકન જીવનનો ત્રીસ વર્ષનો અકંગ અભ્યાસ કરેલો છે અને એ અનુભવને અંતે તેમણે જે અનુમાનો અને સિદ્ધાંતો તારવી કાઢ્યાં છે, તે દુનિયાના કામદાર વર્ગોને પણ ઘણાંજ ઉપયોગી નીવડે તેવાં છે. મિ૦ અપ્ટન સિંકલેર ગરીબ કામદારોના પરમ મિત્ર અને હિતચિંતક છે. હાલના સુધરેલા જમાનામાં દુનિયાનો ધનિક વર્ગ અને સુધરેલી સરકાર કામદારોને કેવાં સાધનોથી લૂંટી અને નીચોવી રહી છે તેનો સાદી ભાષામાં લેખકે આ પત્રોમાં અચ્છો ખ્યાલ આપ્યો છે. બેન્કો, મીલો, લિમિટેડ કંપનીઓ વગેરે સાધનોવડે ગરીબ કામદારોને ચારે તરફથી લૂંટવામાં આવે છે અને આ જાળ એવી ચતુરાઇથી બિછાવવામાં આવી છે કે તેનાથી તવંગરો કામદારોની મહેનતવડે વધારે તવંગર બનતા જાય છે; જ્યારે કામ કરનાર કામદારો વધારે ને વધારે ગરીબ બનતા જાય છે. ધનિકોના આ ભયંકર અન્યાયના ધોકબંધ પૂરાવા અને હૃદય હચમચાવે એવી કથા સિંકલેરના આ પત્રોમાં પાને પાને ભરી છે. તે પત્રો ઘણાજ સુંદર હોવાથી અમે તે વાચકો સમક્ષ રજુ કરતા રહીશું.

પત્ર—૧

વહાલા મિત્ર જુડ,

કેટલીક વાત એવી છે, કે જેને માટે દલીલોની જરૂર હોતી નથી; અને હું, તું કે બધાજ તે પૂરાવાવિનાજ માનીએ છીએ. દાખલાતરીકે દરેક વ્યક્તિને બની શકે તો તેના પોતાના માર્ગ મુજબ સ્વર્ગ મેળવવાનો હક્ક છે, પણ આપણે કોઈના ધર્મમાં માથું મારવાની જરૂર નથી. બીજો સિદ્ધાંત આપણે એવો પણ માનીએ છીએ કે, બધાજ માણસો ન્યાયની દષ્ટિએ સમાન હોવા જોઇએ. આનો અર્થ એવો નથી કે, બધાનામાં સરખી શક્તિ હોવી જોઇએ; પણ દરેકને સ્વતંત્રતા, જીવન અને સુખ મેળવવાનો સરખો અધિકાર છે. તેજ પ્રમાણે જે માણસ પોતાનીજ મહેનતવડે જે કાંઇ પણ પેદા કરે છે, તે ઉપર તેનો હક્ક હોવો જોઇએ અને તેના આ પ્રાથમિક હક્કનું રક્ષણ કરવામાં પ્રમાણિક સરકારે તેને મદદ કરવી જોઇએ

સાધારણ રીતે આપણે કહીએ છીએ કે, માણસોને એકલાજ રહેવા દઇને તેમનું ભાગ્ય ઘડવા દેવામા આવે તો તેઓ વધારે સુખી બને આપણે સરકારનો કે તેની વધારે હકુમતની

[illegible] નથી. [illegible] જેવા ગરીબોના ખિસ્સામાંથી બીજા માણસો દગાબાજ તરકીબોથી પૈસા [illegible] તો પછી આપણે આપણા ઘરમાં [illegible] અને વ્યક્તિસ્વાતંત્ર્ય કહેવામાં આવે છે. જો કોઈ માણસ [illegible] નથી. એ વાત આપણે કબૂલ કરી શકીએ; એટલે આપણે [illegible] માટે બરાબર દયા બતાવી જોઈએ નહિ. એ વાત પણ સાચી; પણ [illegible] કરે છે, તેમને પોતાની મહેનતનું [illegible] મળે છે. આ સિદ્ધાંતરૂપી કસોટીપર આજની [illegible] હું પૂછું છું કે, આજે કામદારો જો માલ કે વસ્તુ પોતાની [illegible] પછી તે કોઈ લાયકાત વગરની ગણ છે? આગળ [illegible] વર્ગ છે, કે જે કાંઈ પણ ઉપયોગી કામ [illegible] મહેનતનો [illegible] ચલાવે છે. આનો અર્થ એ થયો કે, જો કોઈ [illegible] કરતો હોય તો દેખીતી રીતેજ એ વસ્તુનાગેરા [illegible]

[illegible] તારા બાપદાદાની દોલતતરીકે તેં જે ગણું ગરો [illegible] તે અડાણમાં પડાવીને ઉપાડી જાય તો તને કેટું [illegible] સુધી જગ્યા મરતો માલીક બની બેસે તો તેને તું [illegible] પણ તને તેમ કરવાની સત્તા આપે છે. [illegible] નથી ખબર નહિ હોય કે, દુનિયામાં કેટલાક [illegible] પર ચલાવી પાડે કરવાં કાયદો નને બરાબર [illegible] અને જેવા લાયકાતને તારી ખિસ્સ [illegible] તારા જેવા બેખબર કામદારોને ઘણું સમજ- [illegible] તું જો ખોરાક ખાય છે, [illegible] લક્ષાધીશ લોકોના હાથમાં સત્તા છે, તેઓ જો તેની [illegible] નહિ અને તેના વિના તો [illegible] તેમ કરતાં તું પડોશી ન બને તો તારે [illegible] ઘરમાંથી કાઢી મૂકે. બીજું વરસ બાળકોને [illegible] કરતાં આપણી ભૂખ જાય; તો [illegible] પર ગેયાલી નાખે! આમ [illegible]

[illegible]

એની કિંમત વધતી જાય છે, તેમ તેમ તારાં બેંકમાં રાખેલાં નાણાંની કિંમત ઘટતી જાય છે.

વહાલા મિત્ર! હમણાં તો તું સવારે ચાર વાગે ઉઠતો હોઇશ; ચા સાથે બે-ત્રણ પાઉંના ટુકડા વહેલા વહેલા ગળે ઉતારી દેતો હોઇશ, તારાં મરઘાં કે બતકાંને દાણા નાખીને તું ઝટપટ કામે દોડી જતો હોઇશ. આજે ચાળીસ વર્ષથી અઠવાડીઆના ૭ દિવસનો તારો કાર્યક્રમ આ મુજબ થઇ પડેલો હશે; અને દિવસના આઠ-નવ કલાક નોકરી કરી રાતે તું થાક્યો પાક્યો ઘેર જતો હશે. ધ્યાન રાખ, જુડ! અમેરિકામાં તારા જેવી જીંદગી ગુજારનારા ચાર કરોડ કામદારો છે અને તેઓ જે મહેનતવડે અઢળક લક્ષ્મી પેદા કરે છે, તેનો ઉપભોગ તેઓ કરી શકતા નથી. જુડ! મોટાં આલીશાન મકાનોમાં અને ઑફીસમાં ટેબલ-ખુરશીપર હાથપર ગાલ ટેકવી રાખનાર ધોળા સજ્જનોને આ ગરીબ કામદારોના ગદ્દાવૈતરાની જરાએ ખબર હોતી નથી. જ્યારે કામદારો સખ્ત ટાઢ કે તાપમાં વૈતરું કરે છે, ત્યારે આ સજ્જનોને બેસીને વિચાર કરવા સિવાય બીજું કાંઇ કામ હોતું નથી; અને આ વિચાર એકજ હોય છે કે, તમારા જેવા ગરીબ કામદારો પાસેથી વધારે નાણાં શી રીતે કમાવાં! આ લોકો કહે છે કે, અમે ઘણાં મોટાં કામોનો ફેંસલો થોડી વારમાં કરી નાખીએ છીએ; પણ કામનો ફેંસલો કરવાને બદલે આ લોકો બિચારા કામદારોનો નિર્દય રીતે ફેંસલો કરે છે અને તેમને લુંટવાને માટે આ લોકોએ મોટી છટકજાળ ઉભી કરી છે, કે જેનાવડે તમારી મહેનતથી પેદા કરેલી લક્ષ્મી તેઓ ભોગવે છે અને આ પ્રમાણે માનવજાતિના ઇતિહાસમાં બની રહ્યું છે. આ છટકજાળ કેવી રીતે રચવામાં આવી છે તે હું તને મારા બીજા પત્રમાં સમજાવીશ.

પત્ર—૨

વહાલા મિત્ર જુડ,

ગયા પત્રમાં હું તને સમજાવી ગયો કે, ધનિકોએ કેવી છટકજાળ ઉભી કરી છે કે જેના વડે તેઓ તારા જેવા હજારો બલ્કે લાખો કામદારોને નીચોવીને તાલેવંત બને છે. આપણે જાણીએ છીએ કે, માણસને એકલો રોટલો મળ્યો એટલે તે સુખી થયો ગણાતો નથી. રોટલા ઉપરાંત તેને આ જમાનામાં ઘણી વસ્તુની જરૂરીઆતો રહે છે. તેને રહેવાને સુઘડ ઘર, પહેરવાને સારાં કપડાં, વાંચવાને પુસ્તકો અને કામ પછી કાંઇ રમતગમતની શાંતિની જરૂર છે. પારાવાર ગરીબાઇ જેવું બીજું એક પણ ભયંકર દુઃખ નથી, કે જે માણસના સુખ અને શરીર-મનનો નાશ કરનાર હોય. પોતાનાં વહાલાં બાળબચ્ચાંઓને માટે જોઇતી ચીજો ન મળે એના જેવું બીજું દારૂણ દુઃખ કયું હોઇ શકે!

દુનિયાના કેટલાક ભાગોમાં ગરીબાઇ એ કુદરતી કોપસમાન આવી પડે છે, પણ ૧૯૨૫-૨૬ ના અમેરિકામાટે તેમ નથી. આપણા દેશનો વિસ્તાર ૪૦ લાખ ચોરસમાઇલ જેટલો છે. અને આપણે ત્યાં દુનિયાના કોઇ પણ દેશ કરતાં વધારે કુદરતી પદાર્થો પેદા થાય છે. [illegible] ગોળામાં મોટા ઉદ્યોગો આપણે ત્યાં છે આપણે ત્યાંથી જે વસ્તુઓ નીકાસ થાય છે, તેમાંની ઘણી ખરી મોજશોખની વસ્તુઓ છે. જેવી કે સંગીતનાં વાજીંત્રો, ખાણ કેટલની ચીજો વગેરે. આપણા દેશમાં તાલીમ પામેલા ચારકરોડ કામદારો છે અને [illegible] ઉપર ચાલતા હુન્નરઉદ્યોગો છે. આપણે દુનિયાનું ૪૦ ટકા જેટલું લોખંડ, ૫૨ ટકા જેટલું [illegible], ૬૦ ટકા જેટલું તાંબું, ૫૫ ટકા જેટલું અનાજ અને ૮૫ ટકા જેટલી મોટરો [illegible] છીએ.

વીસ વર્ષ પહેલાં જ્યારે આપણી સરકારે મજુરી કરી, ત્યારે એવું [illegible] કહ્યું કે, દારૂથી દર [illegible] બનાવવાને માટે ૧૧૮૦ કલાક [illegible] ૨૯૦ ડઝનને મશીનરીથી બનાવતા [illegible] ૨૭ કલાક લાગે છે [illegible] કલાક લાગતા, તેને આજે હવે મશીનથી [illegible] કે, બંનેને લીધે મનુષ્યની [illegible] ૧,૧૫૦૦૦ માણસો કામ કરે છે, અને [illegible] ઉત્પન્ન કરે છે. શહેરોમાં મોટી ફેક્ટરીઓ છે, [illegible] જોઇતી વસ્તુઓ આપણે ત્યાં [illegible] ૧૦૦ ટકા [illegible] છે, આ

બધું જોતાં આપણા દેશમાં પ્રજા ઘણીજ સુખી હોવી જોઇએ; અને ગરીબાઈ ૧૮૨૫ કરતાં પોણોસોગણી ઓછી હોવી જોઇએ. પણ જુઓ! સ્થિતિ શું છે? ગરીબાઇ તો હજુ તેટલીજ કે તેથી પણ વધારે છે. અસલના વારામાં કોઈ પણ ભૂખે મરતું નહિ. આપણા બાપદાદાઓને પેટપૂરતું ખાવાનું મળતું અને તેઓ દશ માણસોના કુટુંબનું કે કેટલીક વાર તો વીસ માણસોના કુટુંબનું સંતોષકારક રીતે ભરણપોષણ કરી શકતા. આજે આપણા ગીલકામદારોમાંથી આટલા મોટા કુટુંબનું કોણ પોષણ કરી શકે એમ છે? આરસના સુશોભિત મહાલયોથી શોભતા આપણા વૉશિંગ્ટન શહેરનું ચિત્ર મારા ઘરમાં છે; પણ આ ચિત્ર જરા જૂદા પ્રકારનું છે. એક ભવ્ય મહાલયની અગાશીમાંથી કામદારો જે વિભાગમાં રહે છે તે લત્તાનું આ ચિત્ર છે. કયાં આ મહાલયો અને કયાં બિચારા મહેનતુ કામદારોને રહેવાનાં જર્જરિત અને ગંદાં મકાનો! આવાં કેટલાંએ મકાનો તને વૉશિંગ્ટનમાં મળી આવશે. અરે ન્યુયૉર્ક કે જે આપણું વિલાસ, મોજમજાહ, અઢળક દ્રવ્ય અને ફેશનનું ધામ છે, ત્યાં જઇને જોશે તો કેટલાંએ ગરીબ લોકો ગંદાં મકાનોમાં સડતા દેખાશે. ન્યુ ઇંગ્લાંડમાં તો હજારો કામદારો નરકયાતના ભોગવતા નજરે પડે છે અને કેટલીએ સ્ત્રીઓ પૈસાને ખાતર પોતાની જાતને વેચે છે. અહીં કામદારો ઘરમાં નથી રહેતા, પણ અંધારા ભોંયરામાં રહે છે એમ કહીએ તો ચાલે. જ્યોર્જીઆમાં બચ્ચાંઓ પાસે મીલોમાં કામ કરાવવામાં આવે છે.

આવી સ્થિતિ છતાં આપણા અર્થશાસ્ત્રીઓ કહે છે કે, અમેરિકામાં કામદારોની સ્થિતિ સુધરતી જાય છે અને થોડા વખતમાં કોઈ ગરીબ જોવામાં આવશે નહિ. જુઓ! આ બધું ધતીંગ છે. હું તને કહું છું તે નોંધી લે કે, છેલ્લાં પચીસ વર્ષમાં અમેરિકાના કામદારોની સ્થિતિ બગડતી ગઇ છે, અને તે કેવી રીતે? તે આપણે તપાસીએ. દેખીતી રીતે કામદારોનો પગાર વધે તે ઉપરથી તેમની સ્થિતિ સુધરી ગઇ એમ માની લેવાનું નથી. પગારનું ધોરણ માણસના જીવનનિર્વાહ અને ચીજોના ભાવ ઉપર ઘણો આધાર રાખે છે. એટલે જો એક માણસને રોજના ચાર ડોલરને બદલે આઠ ડોલર મળવા લાગે અને જો ચીજોનો ભાવ હોય તેથી બમણો થઈ જાય તો તેથી તેની સ્થિતિ જરાએ સુધરી કહેવાય નહિ. એ તો મુડીવાળાઓ એ રીતે દુનિયાને ઠગે છે; એટલે કામદારે તો ઉપર ઉપરથી જે સુધારો થયેલો નજરે પડે તેથી ભોળવાઇ જવાનું નથી. આ સુધારાનાં બીજાં અનેક કારણો છે. દાખલાતરીકે હવેનો કામદાર વર્ગ પૈસાનો સમજુપણે ઉપયોગ કરતાં શીખ્યો છે, તંદુરસ્તી અને સુખાકારીના નિયમો શીખ્યો છે, તેની સંસ્કૃતિમાં ઘણો વધારો થતો ગયો છે; પણ તેથી કાંઈ તેના પગારમાં તેને ફાયદો થઇ ગયો છે, એમ માનવાનું નથી. બીજી તરફ જુઓ કે, કેટલા માલેતુજાર મુડીવાળાઓ ગરીબ બનવા પામ્યા છે?

અમેરિકામાટે તો આ સવાલજ હસવા જેવો લાગે છે; કારણ કે હેન્રી ફૉર્ડ જેવા માણસો તો ૩૫ વર્ષ પહેલાંના કરતાં લાખોગણા પૈસાવાળા બન્યા છે. ૧૮૯૦ માં આપણા દેશની દોલત ૬૫ અબજ હતી, તે વધીને ૩૨૦ અબજ જેટલી ૧૯૨૨ માં થઇ છે અને આમાં કામદારોને કાંઈ મળ્યું નથી; એટલે પૈસાદાર માલેકોનીજ તીજોરીઓ ભરાવા પામી છે. ૨૫ હજારથી એક લાખ ડોલરની વચમાંની ઉપજવાળાઓની સંખ્યા ૩૭૬૬૩ થી વધીને ૫૨૧૫૮ જેટલી થવા પામી છે. આ ઉપરથીજ જોઇ શકાશે કે, તાલેવંતો વધારે ને વધારે તાલેવંત થતા જાય છે, જ્યારે ગરીબો વધારે ગરીબ બનતા જાય છે. જુઓ! આપણાં છાપાંઓ આનો વિરોધ કરે છે; પણ સત્ય વાત તો એ છે કે, દુનિયાની સૌથી વધારે તાલેવંત પ્રજાનો કામદારવર્ગ ગરીબ બનતો જાય છે.

('હિંદુસ્થાન' તા ૪–૯–૨૬ ના અંકમાંનો અપ્ટન સિંક્લેરના પત્રોનો અનુવાદ)

૬૫–શાળામાં ધર્મશિક્ષણ

શાળામાં ધર્મશિક્ષણ હોવું જોઇએ કે નહિ, તેનો એકાન્તિક જવાબ આપવો મુશ્કેલ છે. એક બાજુએ વિચારતાં શિક્ષણમાં ધર્મને સ્થાન ન હોય તો તે શિક્ષણ નકામું છે, એ સ્પષ્ટ રીતે દેખાય છે; અને બીજી બાજુએ 'ધર્મ' શબ્દમાં જે વિશાળ, અટપટો અને અગમ્ય અર્થ રહેલો છે, તે જોતા શાળાની અંદર ધર્મશિક્ષણની શક્યતાનો સમાધાનકારક નીવેડો નથી આવતો; પણ શિક્ષણશાસ્ત્રીઓને આ પ્રશ્નનો ઉકેલ લાવ્યાવિના ચાલે તેમ નથી.

માણસના જીવનમાંથી ધર્મ બાદ કરીએ તો બાકી શું રહે ?

મનુષ્ય–ધર્મ=પશુ

એવું સમીકરણ બધા વિચારકોએ નક્કી કરી રાખ્યું છે. धर्मो हि तेषाम् अधिको मतो मे આ વચન બહુ અર્થપૂર્ણ છે. ધર્મસંસ્કારવિનાનું મનુષ્યત્વ સંભવતું નથી. 'મેન કૅન નૉટ લીવ બાય બ્રેડ એલોન' આ વચન નિતાન્ત સત્ય છે. ધર્મવગર મનુષ્ય મનુષ્યતરીકે જીવી શકે તે કલ્પનામાં ઉતરી શકતું નથી; એટલે મનુષ્યના જીવનમાં ધર્મને અનિવાર્ય સ્થાન છે. આ વસ્તુ સર્વમાન્યતરીકે માની લઇએ તો (અને તે સર્વમાન્ય છે તેમાં બે મત હોઇજ ન શકે) શાળામાં ધર્મશિક્ષણને સ્થાન છે કે નહિ ! એ વસ્તુના વિચારનો સરળ માર્ગ આપણને મળવાનો છે, માટે એ સિદ્ધાંત માન્ય રાખીનેજ આગળના વિચાર મૂક્યા છે.

આપણે ઉપર જોઇ ગયા તેમ મનુષ્યના જીવનમાં ધર્મ અગ્રસ્થાને છે. તે ધર્મવિનાનું જીવન શૂન્ય છે. તે મનુષ્યજીવનજ નથી, તે પશુજીવન છે. શિક્ષણ મનુષ્યને જીવવાની કળા શીખવે છે. પછી શિક્ષણમાં ધર્મને સ્થાન ન હોય તો કેમ ચાલે ? ધર્મશિક્ષણ આવશ્યક છે, એટલુંજ નહિ પણ અપરિહાર્ય છે. આપણે તેને આપણા શિક્ષણક્રમમાં રાખીએ કે નહિ, બાળક તે ગમે ત્યાંથી મેળવી લેવાનુંજ છે. જેવી રીતે બાળકની આંખો જોવા માટે તલસી રહેલી હોય છે; કાન સાંભળવા માટે તલસી રહેલા હોય છે અને જીભ બોલવા માટે તલસે છે, તેવીજ રીતે બાળકનો આત્મા ધર્મમાટે તલસે છે. આપણે એને ધર્મશિક્ષણ ન આપીએ તેથી કંઇ તે ધર્મવગર રહેવાનું નથી. બાળકની કુશિક્ષિત આંખો રૂપનું સારું–ખોટું પણ જ્ઞાન કરી લેવાની છે, તેવીજ રીતે બાળકનો આત્મા સાચા–ખોટા પણ ધર્મનું જ્ઞાન મેળવવાનોજ છે. બાળક ખોટું જોતાં ન શીખે પણ સાચું જોતું થાય, એવી અનુકૂળતા તેને કરી આપવી, એવું વાતાવરણ તેની આસપાસ ઉભું કરવું એ શિક્ષણનું કાર્ય છે. શિક્ષણની હસ્તીજ એને માટે છે; તેવીજ રીતે બાળકને સત્ય ધર્મનું જ્ઞાન થાય એવી અનુકૂળતા એને કરી આપવી, એ પણ શિક્ષણનું કાર્ય છે. એવી અનુકૂળતા શિક્ષણ ન કરી આપે તો તે શિક્ષણ વિફળ છે.

ધર્મવગર મનુષ્યનું જીવન પશુતુલ્ય છે. આ સિદ્ધાન્ત સર્વમાન્ય હોવાથી ઘણાઓએ શિક્ષણમાં ધર્મને દાખલ કરવાના અખતરા કર્યા છે, પણ તેમાંનો એકે અખતરો સાચો નથી. ખ્રિસ્તી મિશનરીઓની સંસ્થાઓમાં બાઇબલના વર્ગો ફરજીઆત હોય છે; આર્યસમાજની સંસ્થાઓમાં વેદના મંત્રો ભણાવાય છે; આજકાલની રાષ્ટ્રીય શાળાઓમાં સમૂહપ્રાર્થનાના ભજનો ગવાય છે અને ધર્મના સમયો રખાય છે; પણ આ ત્રણે પ્રકારોમાં એકે માર્ગે સાચું ધર્મશિક્ષણ નથી મળતું. ધર્મનો અભ્યાસ, ધર્મનું અધ્યયન અને ધર્મની માહિતી એટલે કંઇ ધર્મશિક્ષણ નથી. બીજા વિષયોની માફકજ ધર્મની બાબતમાં પણ ધર્મનો સાક્ષાત્કાર થવાની જરૂર છે. કોઇ પણ વસ્તુ બુદ્ધિની મર્યાદા ઓળંગી હૃદયસુધી ઉંડી ઉતરે, ત્યારેજ તેનો સાક્ષાત્કાર થયો મનાય. આજે દુનિયામાં શંકરાચાર્યના અદ્વૈતમતના પ્રતિપાદક પંડિતો [illegible] નથી કોઇ પણ વિવાદને પોતાની યુક્તિ–પ્રયુક્તિથી હરાવી દેત; તેમનું પાંડિત્ય દુનિયાને ચકિત કરે છે, પણ તેમના અદ્વૈતની ધન્ય જેટલી પણ કિંમત નથી, તેમનું [illegible] ઉપરજ હોય છે.

ઘરની અંદર જેમ તેઓ રામચર્ચા [illegible] અદ્વૈતવાદનો પટ-પટારે ગોટાળો રાખે છે એટલુંજ, સામાન્ય [illegible] એટલાજ કે, સામાન્ય

શેઠોના મગજ ઉપર હલકો બોજો હોવાથી તે હળવાં હોય છે; જ્યારે આ પંડિતોનાં મગજ ઉપર અદ્વૈત જેવા તત્ત્વજ્ઞાનનો ભારે બોજો હોવાથી તેમનાં મગજ દબાઈ જાય છે !

આજે શાળાઓમાં ધર્મશિક્ષણ દાખલ કરવાની જે પદ્ધતિ છે, તેમાંથી આવું જ પરિણામ આવવાનું છે. વેદ, ઉપનિષદ, બાઇબલ, કુરાન કે ગીતાનું અધ્યયન એટલે ધર્મશિક્ષણ નથી. અધ્યયનથી લાભ નથી એમ નથી, પણ તેની સાથે સાથે બીજી વસ્તુ હોય તો જ અધ્યયન લાભકારી છે; અન્યથા તે નુકસાનકારક છે એવો ભય રહે છે. વૈદામાં કેટલીક દવાઓ એવી હોય છે, કે જે બીજી દવાઓ સાથે મેળવીએ તો અમૃતસમી ગુણકારી થાય છે; પરંતુ એકલી તે ઝેર જેવી મારક હોય છે. ધર્મના અભ્યાસનું પણ એમ જ છે. ધર્મનો કેવળ અભ્યાસ લાભકારી નથી જ; ઉલટો હાનિકારક હોવાનો સંભવ છે. ધર્મના અભ્યાસની સાથે શ્રદ્ધા ઉમેરાય તો બંનેનો સમન્વય મનુષ્યની ઉન્નતિ સાધે. શ્રદ્ધા એટલે ધર્મજીવનની અભિલાષા. ધર્મનું અધ્યયન અને ધર્મનું જીવન બન્ને સાથે સાથે ચાલે, તો જ ધર્મનું અધ્યયન ઉપકારી થાય છે. પુસ્તકદ્વારા ભૂગોળનો અભ્યાસ કરનાર માણસ પોતાનો લાભ પણ સાધે અને પોતાનું નુકસાન પણ સાધે. ભૂગોળના અભ્યાસની સાથે સાથે તેમાંથી જાણી લીધેલી વસ્તુઓ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર કરવાની વૃત્તિ તેનામાં જાગ્રત હોય તો ભૂગોળનો અભ્યાસ તેને ઉપકારક થાય; તેના દેશદર્શનના પર્યટનમાં તેને તે મદદરૂપ થાય; પણ કેવળ નકશા જોઈને અને પુસ્તકો વાંચીને પોતાને આખા વિશ્વનું જ્ઞાન થયું, એવા આત્મવંચક અહંકારમાં જે માણસ રહ્યો તેને કોઈ દિવસ વિશ્વનું પ્રત્યક્ષ જ્ઞાન થવાનું નથી. નકશો અને પુસ્તકમાંથી મેળવેલું ભૂગોળજ્ઞાન કેવળ આભાસમાત્ર છે; સત્ય જ્ઞાન તો પ્રત્યક્ષ દર્શનથી, સાક્ષાત્કારથી જ થઈ શકવાનું છે. ધર્મશિક્ષણની બાબતમાં પણ બરાબર એવી જ પરિસ્થિતિ ઉભી છે. ધર્મગ્રંથનું કેવળ અધ્યયન આભાસમાત્ર છે. મેં એવા શાસ્ત્રીઓ જોયા છે, કે જેમને અભિમાન જ લાગે છે કે, પોતાના અદ્વૈતજ્ઞાને (!) તેમને મુક્ત સ્થિતિમાં મૂકી દીધા છે; પણ આ તો ભયાનક આત્મવંચના છે અને એનું કારણ તેનું અધ્યયન કેવળ બુદ્ધિની ભૂમિકા સુધી જ મર્યાદિત હોય છે એ છે. ધર્માધ્યયનની સાથે સાથે જ ધર્મજીવનની અભિલાષા તેનામાં નથી, એટલે ધર્મનું એક પણ નાનું-એક પણ સિદ્ધાંત પોતાના જીવનમાં તે ઉતારતો નથી. અંતરમાં ઉપનિષદના દરેક શબ્દસમૂહનો તે બુદ્ધિથી નિર્ણય લાવે છે, પણ તેનું હૃદય કોરું જ રહે છે. તેનો આત્મા [illegible] ની માફક રહે છે અને અંતે તેની અણુવિકસેલ પ્રાણનલિનીને [illegible] નહિ જેવું છે.

શાળાઓમાં ધર્મશિક્ષણને સ્થાન આપવાની ઇચ્છા ધરાવનાર શિક્ષકોની જવાબદારી બહુ વધી છે. ધર્મ આત્માનો ખોરાક છે. સાદા શરીરનો ખોરાક પૂરો પાડતાં પણ અનેકવિધ શક્તિઓનો [illegible] છે. ત્યારે આત્માના ખોરાકની તો વાત જ શી ? ધર્મ જ આત્માનો—હૃદયનો ખોરાક છે. [illegible] પછી આ બાબતમાં ઝાઝું કહેવાપણું નથી રહેતું. જેનાથી હૃદયનો વિકાસ થાય, તેનું નામ ધર્મશિક્ષણ. આને જ ધાર્મિક કેળવણીના નામથી ઘણા [illegible] છે. [illegible] ધર્મરાજવિષે એક પ્રસિદ્ધ વાત છે. 'सत्यं वद' આ એક જ [illegible] એમને અનેક દિવસો [illegible] છતાં તે શીખવા ન [illegible] શીખવા માટે એમના સહાધ્યાયી [illegible] 'सत्यं वद। धर्मं चर। स्वाध्यायान्मा प्रमदः।' ઇત્યાદિ ઇત્યાદિ અનેક સૂત્રો મુખપાઠ [illegible] ત્યારે [illegible] તે વ્યાખ્યાનો [illegible] ભલે અનુકૂળ હોય, પણ તે જીવનને જરૂર [illegible] વેદ ને સૂત્રો [illegible] ગીતો [illegible] નથી. તે [illegible] વસ્તુની જરૂર રહે છે.

[illegible] ધર્મશિક્ષણ [illegible] છે. [illegible] નથી, [illegible] ધર્મશિક્ષણ [illegible] નહિ, [illegible]

ઉત્તમમાં ઉત્તમ ધર્મતત્ત્વો નકામાં છે. શરીરને કસરત આપીને ક્ષુધા જાગ્રત કર્યા પછી જ પકવા-ન્નનો સ્વાદ લઈ શકાય, તેમજ ધર્મજિજ્ઞાસા પછી જ ધર્મનો આસ્વાદ લઈ શકાય અને કર્મો-રૂપી કસરત કર્યા વગર કોઈ દિવસ જ્ઞાનની ભૂખ—ધર્મજિજ્ઞાસા ઊઘડવાની જ નહીં; માટેજ શાસ્ત્ર-કારોએ લખી રાખ્યું છે કે आचारः प्रथमो धर्मः। મનુષ્ય જે જાતની ક્રિયા કરે, તે જાતની તેની ભૂખ જાગ્રત થાય છે; ધર્મવિહિત કર્મોથી ધર્મજિજ્ઞાસા ઉત્પન્ન થાય છે.

એટલે હવે ધર્મશિક્ષણના પ્રશ્નનો ઉકેલ એવો આવ્યો કે, જે વિદ્યાર્થીઓને ધર્મશિક્ષણ આપવું હોય, તેમની આગળ ધર્મવિહિત કર્મોનું વાતાવરણ ઉભું કરવું જોઈએ. આવું વાતાવરણ ઉભું કરવાની જવાબદારી શિક્ષકોની છે. શિક્ષકો જેટલે અંશે પ્રભુવાન, જેટલે અંશે ત્યાગી, જેટલે અંશે સંયમી, તેટલેજ અંશે શાળાનું વાતાવરણ ધર્મમય થવાનું છે. ધર્મમય વાતાવરણનો અર્થ વિશદ કરવાની જરૂર છે. જે શાળામાં શિક્ષકોની સેવા ત્યાગ ઉપર રચાયેલી હોય, તે-શાળામાં ત્યાગનું વાતાવરણ પોતાની મેળે ઉભું થવાનું છે. તે શાળામાં રહેનાર વિદ્યાર્થીઓને ત્યાગથી વિરુદ્ધ વર્તન કરવાની પ્રેરણા પોતાની જાતની બહારથી—શાળાના વાતાવરણમાંથી નથી મળવાની. "હું સત્યાગ્રહાશ્રમનો વિદ્યાર્થી; મારાથી જૂઠું કેમ બોલાય?" "હું રાષ્ટ્રીય શિક્ષણ લઉં છું; મારાથી રાષ્ટ્રદ્રોહ કેમ થાય?" "હું દક્ષિણામૂર્તિનો વિદ્યાર્થી; હું વગરટીકીટે કેમ પ્રવાસ કરું?" ઇત્યાદિ ભાવનાઓ તે તે સંસ્થાના વાતાવરણને લીધે વિદ્યાર્થીઓમાં જાગ્રત થવાની છે. આ ભાવના એ વિદ્યાર્થીઓનું કવચ; આ કવચથી તેમનું અધર્મથી રક્ષણ થાય છે. આગળ જતાં અભ્યાસથી આ કવચજ એમનો પોતાનો સ્વભાવ થઈ જાય છે. સત્યાગ્રહાશ્રમની ખાતર, રાષ્ટ્રીય શિક્ષણની ખાતર, દેશની ખાતર, ગાંધીજીની ખાતર કે દક્ષિણામૂર્તિની ખાતર જે વસ્તુ તે અત્યારસુધી કરતો હતો, તે બધી વસ્તુઓનો તેને હવે સ્વાભાવિક રસ લાગી જાય છે અને તે વસ્તુ તેની પોતાની થઈ જાય છે. બાળક બહારથી સારા કે ખરાબ સંસ્કાર ગ્રહણ કરે છે, તેમાં હમેશાં આ પ્રમાણેજ ક્રિયા થાય છે. એટલા માટે જે સંસ્થાને ધર્મશિક્ષણ આપવાની ધગશ છે, તેણે શાળાનું વાતાવરણ ધર્માચરણને પોષક એવું બનાવવું જોઈએ—એવું બનાવવું એ એની પહેલી ફરજ છે.

આવું વાતાવરણ બની જાય તો વિદ્યાર્થીઓમાં ધર્મજિજ્ઞાસા ઉત્પન્ન થતાં વાર નથી લાગતી. તેમની આ ધર્મજિજ્ઞાસાને તૃપ્ત કરવામાટે શાળામા ધર્મવિચારની ગંગા અખંડ વહેતી રાખવાની જરૂર છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર કે દક્ષિણ ગમે તે દિશા તરફ એ જાય તો બધેય ધર્મ-ગંગાનો મધુર પવિત્ર ખળખળાટજ એને કાને પડવો જોઈએ. એક જગ્યાએ મહાભારતનું વાચન ચાલતું હોય, તો બીજી જગ્યાએ ગીતા ઉપર પ્રવચનો થતાં હોય; ત્રીજી જગ્યાએ મીરાંનાં ગીતો ગવાતાં હોય અને રામનામની ધૂન ચાલતી હોય તો ચોથી જગ્યાએ વિદ્યાર્થીજીવનના સવાલો લઈ તેના ઉપર ધર્માધર્મની ચર્ચા ચાલતી હોય. આવી રીતે આખી સંસ્થાનું વાતાવરણજ ધર્મસાગરની ગંભીર સતત ગર્જનાથી ભરપૂર રાખવાની જરૂર છે.

એક બાજુએ ધર્મના આચરણનું વાતાવરણ અને બીજી બાજુ ધર્મના વિવરણનો અખંડ પ્રવાહ, એ ધર્મશિક્ષણના બે અંગો છે. બન્ને અંગો સાચા ધર્મશિક્ષણને માટે જરૂરી છે. કેવળ આચરણ જ્ઞાનવગર સ્થાયી થતું નથી, કેવળ જ્ઞાન આચરણવગર સ્વપ્નવત્ નિષ્ફળ રહે છે. આચારની કસરતથી જ્ઞાનની ભૂખ જાગ્રત કરી, જ્ઞાનના ભોજનથી નવા આચરણની શક્તિ બાળકે મેળવવાની છે. કર્મમાંથી જ્ઞાન અને જ્ઞાનમાંથી પાછું કર્મ, એવો વિકાસનો ક્રમ છે. એક કર્મના આચરણથી મનુષ્યધર્મના અમુક ભાગનો સાક્ષાત્કાર કરે અને તે સાક્ષાત્કારના પ્રકાશ-માં એને નવા આચાર સ્ફુરે; તેમાંથી પાછું નવું જ્ઞાન અને તેમાથી નવો આચાર, એજ સ્વાભા-વિક વિકાસનો ક્રમ છે. આચાર અને વિચાર મનુષ્યના જીવનરથના બે પૈડાં છે. એકજ પૈડું તૂટે તોપણ રથ અટકે. ધર્મશિક્ષણનું પણ એમજ છે.

અહીં કોઈ એવી શંકા ઉભી કરશે કે, આ તો બધું તત્ત્વજ્ઞાન થયું. આમાથી કંઈ પ્રત્યક્ષ માર્ગ જડતો નથી; પણ આ નિબંધ માત્ર સિદ્ધાંતનિરૂપણ-અર્થે ખાસ લખાયેલો છે. આ સિદ્ધાંતોનો અમલ કયી રીતે કરવો તે દરેક શિક્ષકની કે નિયામક સંસ્થાની શક્તિ અને વૃત્તિ ઉપર

આધાર રાખે છે. સાધ્ય ઉપર બતાવ્યું તે છે. તે કયે રસ્તે સાધવું તે તો દરેકે પોતાની મેળે જોઇ લેવાનું છે.

ધર્મશિક્ષણ ફરજીઆત હોય કે નહિ? આ સવાલ પણ ઘણી વાર પૂછવામાં આવે છે. અનેક સંસ્થાઓમાં ફરજીઆત સંધ્યા, ફરજીઆત પ્રાર્થના ઇત્યાદિ હોય છે; પણ ફરજીઆત ધર્મશિક્ષણ આ પ્રયોગજ વદતોવ્યાઘાત જેવો છે. ફરજીઆત ભોજન આપી શકાય, તોજ ફરજીઆત ધર્મશિક્ષણ કરી શકાય. અન્ન શરીરનો ખોરાક છે, તેમ ધર્મ આત્માનો ખોરાક છે. આપણે છાત્રાલયમાં ખાવાની સુંદર સગવડ કરી મૂકીએ, એટલું બસ છે. બાળકની સહજ ભૂખજ એને ખાવાની ફરજ પાડે છે. આપણે એટલુંજ જોવાનું રહ્યું કે, કોઇ પણ કારણસર બાળકની ભૂખ મંદ તો નથી થઇ? તેને અજીર્ણ તો નથી થયું? તેના શરીરમાં કંઇ વિકાર તો નથી? એવું કંઈ હોય તો તેને દવાપાણી કરી તેની ક્ષુધા જાગ્રત કરવી એ શિક્ષકની ફરજ છે. બાળકની ક્ષુધા જાગ્રત રાખવી અને તેની તૃપ્તિમાટે શુદ્ધ પૌષ્ટિક ખોરાક તૈયાર રાખવો—આ બન્નેમાંજ શિક્ષકનું કાર્ય ખતમ થાય છે. બાકીનું કાર્ય બાળક પોતાની મેળે કરી લે છે. તેવીજ સ્થિતિ ધર્મશિક્ષણની છે. કોઇ પણ કારણસર બાળકની ધર્મજિજ્ઞાસા પ્રસુપ્ત હોય તો તેને જાગ્રત કરવી અને તેની પરિતૃપ્તિમાટે ધર્મવિચારનો અખંડ પ્રવાહ ચાલુ રાખવો, એટલીજ શિક્ષકની ફરજ છે. ધર્મના શિક્ષણમાં નદીની વૃત્તિ રાખવી જોઇએ. તે તો અખંડ વહેજ જાય છે. જેને ઇચ્છા હોય, જેનું ભાગ્ય હોય તે આવીને તેના પ્રવાહમાં નાહી-ધોઈ પુનિત થઇ પાછા જાય છે. તેવીજ રીતે ધર્મનો પ્રવાહ આપણે છલતો રાખીએ. જે બાળકને આવીને તેમાં નાહી-ધોઇ પાવન થવું હોય તે ભલે થાય. જેને એમ કરવાની વૃત્તિ નથી, તેને કંઇ ફરજ પાડી તેમ કરાવી શકાય તેમ છે? प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति। ઓછામાં ઓછું ધર્મશિક્ષણની બાબતમાં તો ફરજીઆત વિચારજ હાસ્યાસ્પદ લાગે છે.

[illegible] રીતે આપણે ધર્મશિક્ષણ અનિવાર્ય જરૂર કરી શકીએ તેમ છે. વિદ્યાર્થી [illegible] કોઇ શિક્ષક કુદરતનું દર્શન શાળામાં ફરજીઆત કરે [illegible] રસ્તો એ છે કે, આપણી નિશાળજ કુદરતના [illegible] હોય કે ન હોય, બાળકને કુદરતનું દર્શન કર્યાવગર છૂટકોજ નહિ [illegible] બાજુ ઉંચા ડુંગરો [illegible], બીજી બાજુએ મેદાનો, ત્રીજી બાજુએ ખીણો, ચોથી બાજુએ [illegible] વહેતી નદીઓ અને સરોવરો; આવી રીતે જ્યાં કુદરત પોતાના [illegible] વિકસતી હોય, ત્યાંજ શાળાનું અધિષ્ઠાન હોય તો બાળક કુદરત જોયા વગર કેમ રહે? તેવીજ રીતે જેને બધા વિદ્યાર્થીઓ ધર્મશિક્ષણ લેતા થાય એવી ઇચ્છા હોય [illegible] આખું વાતાવરણજ ધર્મમય કરી મૂકવું; એમ થશે તો [illegible] ફરજીઆત ધર્મશિક્ષણ લેવાનું છે.

[illegible] પંથની શિક્ષણસંસ્થાઓમાં અપાતા ધર્મશિક્ષણ [illegible] ધર્મશિક્ષણથી કંઇ લાભ છે કે કેમ, તે તપાસવાની જરૂર છે. [illegible] આત્માનો—હૃદયનો વિકાસ સાધવ એ છે. જેનાથી તે વિકાસ [illegible] સંસ્થાઓમાં જે શિક્ષણ ધર્મને નામે અપાય છે [illegible] આવશ્યક છે, [illegible] ખ્રિસ્તીશાળામાં જેમ ખ્રિસ્તીધર્મ [illegible] [illegible] ધર્મશિક્ષણ છે, [illegible] બાઇબલના [illegible] [illegible] [illegible] છે.

ધર્મશિક્ષણ જેવા વિશાળ વિષય ઉપર એટલા વિસ્તૃત [illegible] એટલે [illegible] છે. [illegible] ના ધર્મશિક્ષણના સિદ્ધાંતોનું ખાસ વિવેચન કર્યું છે. ધર્મશિક્ષણ [illegible] છે, [illegible] તે [illegible] હોય તેમ તેઓ [illegible]. [illegible] તેને [illegible] કાર્ય [illegible] એક [illegible] તે અભિમાનજનક [illegible] કર્યું છે.

(કાર્તિક સં. ૧૯૮૪ના '[illegible]' [illegible])

* * * * * *

વિદ્યાર્થીઓને સામાજિક તાલીમ આપવા માટે કેટલાંક પુસ્તકોનો ઉપયોગ [illegible] છે. [illegible] વિષયવસ્તુના વ્યાખ્યાનોના શ્રવણ કરતાં વિધેયાત્મક ક્રિયાઓ વધારે સારી, વધારે [illegible] છે. આવી ક્રિયાઓમાં [illegible] હોય છે. શાળા-ઓમાં આજે રમતોએ હવે પોતાનું સ્થાન તો ઠીક ઠીક મેળવ્યું છે, પરંતુ રમતો રમાડવાની પાછળ જે દૃષ્ટિ ઉભી થવી જોઈએ, તે હજી નથી. [illegible] શરીર-વ્યાયામ આપવા, નિર્દોષ આનંદ આપવા અને વિદ્યાર્થીઓને [illegible] મોટેભાગે રમાડાય છે. આ દૃષ્ટિની સાથે આ ઉપરાંત સામાજિક તાલીમની દૃષ્ટિ ઉમેરવાની ખાસ જરૂર છે. મનુષ્યને સામાજિક જીવન ગાળવા માટે વિનય, નમ્રતા, વિવેક, બંધુભાવ અને સહકાર જેવા જે જે સદ્ગુણો સંપાદન કરવાની અપેક્ષા રહે છે, તે બધાય રમતો જેવી વિદ્યાર્થીના મનને આકર્ષનારી પ્રવૃત્તિમાંથી સહેજે મેળવી શકાય તેમ છે. આ દૃષ્ટિએ રમતોની યોજના કરવા માટે શિક્ષકોએ તે દૃષ્ટિ કેળવવી પડશે અને વિદ્યાર્થીઓ પામે તે માટે [illegible]. તેમ થશે તો શિક્ષણની એક આવશ્યક પ્રવૃત્તિ તરીકે રમતો યથાર્થ ગણાશે.

* * * * * *

૬૬—કવિતાશિક્ષણ

ભાષાનું શિક્ષણ એટલે ગદ્ય અને પદ્યનો બાળકોને પરિચય કરાવવો. આ પરિચય જેટલો દૃઢ અને સ્પષ્ટ એટલું ભાષાનું શિક્ષણ બળવાન થવાનું. પરિચયના સાધનો મુખ-સાહિત્ય અને લિખિત સાહિત્ય છે. બાળક નાનપણથી મુખસાહિત્યના પરિચયમાં આવે છે. વાચનું-લખતું થયા પછી તેને લિખિત સાહિત્યનો પરિચય થાય છે. મુખસાહિત્ય કે લિખિત સાહિત્યના પરિચયમાં ગદ્યાત્મક સાહિત્ય બાળક પાસે એકંદરે આજે વધારે અને વહેલેથી આવે છે, જ્યારે પદ્ય સાહિત્યનો પરિચય મોડો મોડો અને થોડો થોડો થાય છે. ઘરમાં આપણે બોલીએ છીએ તે મુખ-સાહિત્ય છે. ઘરમાં જે પ્રકાર ગાનનો પરિચય વાણીના પરિચય સાથે સરખાવતાં સાવ ઓછો જણાય છે. પાઠ્ય પુસ્તકોમાં ગદ્ય કરતાં કાવ્યનું પ્રમાણ ઘણુંજ ઓછું હોય છે.

આમ હોવાથી બાળક ગદ્યનો આનંદ વહેલી ઉમરે વધારે લેતું થાય છે. વળી આને પરિણામે એવી ખોટી સમજણ પણ ઉભી થઇ છે કે બાળકો કાવ્યને વહેલી ઉમરે સમજી શકે નહિ તેમ તેનો આનંદ પણ લઇ શકે નહિ, તેથી તેમની આગળ કાવ્યો મોડાં અને ઓછાં આવવા જોઇએ. પરિણામ એમજ આવ્યું છે. આપણે મોટાઓ સુદ્ધા પદ્ય કરતાં ગદ્યમાં વધારે રસ લઇએ છીએ. ગદ્ય વધારે સહેલું લાગે છે, ગદ્યનો પ્રચાર ઘણો થાય છે, ગદ્યનું સર્જન પણ અધિકતર છે.

બેશક, સરખામણીથી જોતાં કાવ્ય વધારે અઘરૂં છે. ગદ્ય કરતાં પદ્ય જરા મોટી ઉમરે વધારે આનંદ આપી શકે. મતલબ કે, કાવ્ય સ્વતઃ જ જરા ઉચ્ચ ભૂમિકાનું સર્જન છે, એમ સહુએ તો તેનો ઉપભોગ પણ જરા ઉચ્ચપણેજ થઇ શકે.

પરંતુ એ જરા દૃષ્ટિએ ને સીધો વિચાર કરીએ તો ઉપલું કથન અત્યારે તો વિચારવા જેવું છે—અર્થાત્ આપણે બાળકોને ગદ્યનો પરિચય વધારે આપીએ છીએ ને પદ્યનો ઓછો આપીએ છીએ, ને તેને લીધે આજે પદ્યમાં આપણે ઓછો મઝા લઇ શકીએ છીએ.

આ પરિસ્થિતિ દૂર કરવામાટે આપણે આજના કાવ્યશિક્ષણમાં સુધારા કરવાની જરૂર લાગે છે.

આપણો પહેલો સુધારો આપણી ખોટી સમજણ દૂર કરવાનો છે. તે એ કે, કાવ્યોને નાની ઉંમરે મૂકાય નહિ. જરા વિચારી જોઈએ તો આ સમજણ દૂર થશે. સાહિત્યના ઇતિહાસમાં જોઈએ તો ગદ્યથી પહેલાં પદ્ય છે, એમ જણાય છે. વાણીએ પહેલું સ્વરૂપ કવિતા મારફત લીધું. આપણી દુનિયાનાં લોકગીતો અને ઇલિયડ, મહાભારત, રામાયણ આદિ મહાકાવ્યો પ્રથમ પદ્યના નમુના છે. લેખનની શોધમાટે સાહિત્ય રાહ જોઈ નથી શક્યું. સાહિત્ય એટલે સર્જનાત્મક વૃત્તિનું એક વ્યક્ત સ્વરૂપ; અને આ વૃત્તિ તો મનુષ્ય બોલતો થયો તે પહેલાંની છે. વાણીની સાથે તે વાઙ્‌મયરૂપે દેખાઈ. જૂના પુરાણા લોકોનું વાઙ્‌મય એટલે પ્રથમતઃ કાવ્યનું વાઙ્‌મય. કાવ્ય એક કંઠેથી બીજે કંઠે સહેલાઈથી જઈ શકે. વેણુ-પદ્ધતિએ એનો અભ્યાસ કેવળ સરળ છે. કાવ્યની ગેયતાને લીધે સ્મૃતિપટે ચઢવાનું વધારે સીધું છે. કાવ્યમાં પ્રાસ અને છંદના બંધનને લીધે અથવા તેમાં રહેલા પુનરાવર્તનને લીધે તે અકબંધ રહે છે ને તેથી તે પરંપરિત વારસામાં ઉતારવાને માટે વધારે લાયક છે.

પ્રાથમિક લોકોનું સાહિત્ય-ધનભંડાર કાવ્ય હતું. કાવ્યમાં તેઓ પોતાનું ડહાપણ અને અજ્ઞાન ભરતા. કાવ્યમાં તેઓ પોતાની મહત્ત્વાકાંક્ષા અને લઘુતા દેખાડતા. કાવ્યમાં તેઓ પોતાનાં સ્વપ્નો અને ઇતિહાસ પ્રગટ કરતા. કાવ્યમાં તેઓ શોક, મોહ, પ્રેમ વગેરેને સંઘરતા. કાવ્ય એજ તેમનું સંગ્રહસ્થાન હતું, તેમનો ઇતિહાસકાર હતું. એ કાવ્ય લોકજીવનની જીવંત શાળામાં ઉચ્ચારાતું અને આબાલવૃદ્ધ એમાં જીવી જીવી એને જાણતા, શીખતા ને એમાંથી નવાં કાવ્યો રચવાનો પ્રાણ અને પ્રેરણા મેળવતા. આ જૂનું કાવ્ય એટલે લોકગીત-લોકકાવ્ય. મનુષ્યલોકની બાલ્યાવસ્થા કવિતાથી સાહિત્યનો પરિચય સાધતી અને આજે પણ બાલ્યાવસ્થા સાહિત્યનો પરિચય કાવ્યથી-જ માગે છે ને તે તેને મળવો જોઈએ.

જ્યાં મા હાલરડું ગાય છે ને બાળક ઉંઘી જાય છે; જ્યાં મા ગાતાં, ખાંડતાં, ભરતાં ગીતો ગાય છે ને બાળક તેની ફરતું દોડે છે; જ્યાં પિતા પૂજા કરતાં સ્તોત્રો ગાય છે ને બાળક સામે શાંતિથી બેસે છે, ત્યાં લોકગીતનો-કાવ્યનો-બાળકને પરિચય છે, ત્યાં તેનું શિક્ષણ છે.

જેમ જેમ જૂના વખતમાં જઈએ, તેમ તેમ આવો પરિચય વધારે ને વધારે દેખાશે. આવો પરિચયજ માત્ર બાળકને રસ અને વસ્તુથી ભરતો. આજે પણ જ્યાં એ મુખસાહિત્યના જીવંત અવશેષ છે, ત્યાં બાળક તેનાથી રસાતું જાય છે; પરંતુ આજની દુનિયા બદલાતી ચાલી છે, લોકગીતો ભૂલાતાં જાય છે. આપણી જીવનસરણી બદલાતી જાય છે, તેમ લોકગીતોને રહેવાને જાણે જગા નથી રહેતી. ઘંટી આગળ લોકગીત રહેતું, તે ગિરણી આગળ નથી રહી શકતું; તે ચૂલા આગળ રહેતું, પ્રાઇમસ આગળ કેમ રહી શકે! છતાં લોકગીતોને છોડી દીધે ન ચાલે. અને કાવ્યશિક્ષણમાંથી તેને જતા કરીએ તો પાયાવિના જેમ મકાન ચણી નથી શકાતું છતાં ચણવાની કલ્પના કરીએ તેવું કવિતાશિક્ષણનું થાય.

આથી કાવ્યશિક્ષણમાં પ્રથમ વસ્તુ લોકગીતોનો પરિચય છે. બાળમનુષ્યનાં ગીતોથીજ બાળકનું કવિતાશિક્ષણ થઈ શકે, આ વિચાર કેટલો સાચો છે તે અનુભવથી સ્પષ્ટ રીતે જાણી શકાય છે. લોકગીતો બાળકો પાસે મૂકી જોઈએ અને તેની ખાત્રી કરી લઈએ. બાલ્યાવસ્થાના કાવ્યશિક્ષણમાં મુખ્ય વસ્તુ કાવ્યની ગેયતા, ડોલન, તાલની સ્પષ્ટતા અને ઉચિત વસ્તુ છે. બધાં લોકગીતો ગેય છે, બધાં કાવ્યો એટલાં ગેય છે, છતાં તેજ કારણે તે બધાં બાળકોને ન ગમે. એમાંજ ડોલન, તાલની સ્પષ્ટતા અને ઉચિત વસ્તુપરત્વે તફાવત પડે છે. લોકગીતોનાં પદો તપાસીશું ને શિષ્ટ કાવ્યોને જોઈશું તો તેના વિકાસનો ક્રમ જણાશે. આપણે ગેયતા, ડોલન, તાલ અને ઉચિતતાનો ક્રમ રાખવો પડશે. લોકગીતોની ગેયતાનો ક્રમ સીધા પ્રયોગસિવાય જડી નહિ શકે. લોકગીતોનું [illegible] ઉપર તરતાં બધાં લોકગીતોમાં [illegible] એમ જરા આવશે, પણ શિષ્ટ કાવ્યો કે કવિતાની બાબતમાં તો [illegible] અને જે ક્રમમાં કાવ્યનું સાહિત્ય [illegible]—બાલ્યાવસ્થાથી વિકસતું

આવ્યું હોય તે ક્રમે બાળકો પાસે કાવ્યો મૂકતા જઇ શકીશું. આમ કરીશું એટલે મોટેભાગે બાલકાવ્યનાં ક્રમિક લક્ષણોવાળી કવિતાઓ આપણા હાથમાં સહેજે પડશે.

લોકગીતોમાંના બાલ-લોકગીતો કયાં કયાં છે, તે આગળ કહ્યું તેમ અનુભવથી નક્કી કરવું. તેવો અનુભવ કરનારને કેવાં લોકગીતો મૂકવાં ને કેવા ઉપર પ્રયોગ કરવો, તે જાણવું પડશે.

ગેયતાને કારણે મોટેભાગે ગમે તે લોકગીત રસિક થશે; પણ બાળકો આગળ બીજાં કારણો સાથે હોવાથી કયું ગીત વારંવાર પ્રિય થઇ પડે છે, તે તેને સંભળાવીને જોવાનું છે ને તે ઉપરથી નિયમો તારવી કાઢવાના છે. બાળકોને પોતાની દુનિયાના સ્થૂળ તેમજ માનસિક અનુભવો વ્યક્ત કરતું લોકગીત ભાવે છે. પોતાની આસપાસનું જગત જેમાં પ્રતિબિંબિત થયું હોય છે, તેવું ગીત પણ તેને વધારે ખેંચે છે. પોતાનાં સુખ-દુઃખો સાથે જે ગીત વધારે જોડાયેલું હોય છે, તે પણ ગમે છે. હમેશના બનતા બનાવો ગીતરાયા હોય છે, તેવું ગીત પણ તેને ગમે છે. વળી પોતાની કલ્પનાઓને ઉડાડે, પોતાના તરંગોને પોષે તેવાં ગીતો પણ તે સાંભળે છે. વળી જે વાર્તા હોવું અને બનાવોની પરંપરા સાંકળતું ગીત હોય છે, તે તેને ઘણું ભાવે છે. આ બધું ગીતના વસ્તુ અને ભાવપરત્વે છે. ગીતની ભાષા એટલે તેની ઝડઝમક, તેના શબ્દો, અનુધ્વનિઓ, તેની ભાષા, રચના એ બધું પણ ગીતની પ્રિયતા-અપ્રિયતામાં સાથે રહે છે. ગીતની ગાન-સરળતા અને સ્મૃતિસરળતા પણ ગીતના પક્ષપાતમાટે ઉભાં રહે છે. આ બધું જોતાં જઇને બાલગીતોને ગીતસમૂહોમાંથી તારવી કાઢવાનાં છે.

જૂનાં ગીતો મૂકનારને માત્ર એકજ સૂચના આવશ્યક છે. જૂનાં ગીતોના સંગ્રાહકની દૃષ્ટિ સંગ્રહપૂરતી છે, પુરાતત્ત્વવેત્તાની ગીતપરત્વેની દૃષ્ટિ જૂદી હોય, જૂદા જૂદા મનુષ્યોની દૃષ્ટિ—આત્મલક્ષી કે પરલક્ષી—જૂદી જૂદી હોય; તેમજ શિક્ષકની દૃષ્ટિ જૂદી જોઇશે.

જૂના વખતમાં શું હતું તે લોકગીતદ્વારા આપણે બાળકોને શીખવવું નથી. જૂનાં ગીતનો એ ઉપયોગ આગળ જતાં ઇતિહાસ ભણનારમાટે હોઇ શકે. આપણે તો બાળકને નિર્દોષ આનંદ આપે તેવું બાલભોગ્ય ગીત આપવાનું છે; અને નિર્દોષનો અર્થ આપણે ખૂબ વિચારવો જોઇએ. આપણે આજની કાલની સમાજમાં જે બધું જોવા ન ઇચ્છતા હોઇએ, તેવું બધું જે ગીતો પોતનાં હોય તેવાં ગીતોને કાઢી દઇએ, કાઢી દેવાંજ જોઇએ. આપણે વહેમી થવા નથી માગતા, આપણે સાસુ-વહુના કજીયાથી કંટાળ્યા છીએ, ઝેર દઇને મારી નાખવાનો શોક્યદ્વેષ આપણને નથી જોઇતો; એવું એવું જે બધું આપણને નહિ ગોઠતું છે તેવું ગીતમાં ન જોઇએ; કારણ કે ગીતની સાથે ને તે પણ બાળકને સ્પર્શે છે; ને જ્યાં ગીતનો ઝોક એવું એવું આદર્શતરીકે ધરવાનો હોય છે, ત્યાં તો તે વિષરૂપજ થઇ પડે છે. માટે ગીત ઉપર આપણે ચોકી-પહેરો બેસાડવો જોઇએ. ગીતમાં બાળજીવનને, મનુષ્યજીવનને ઉન્નત કરે તેવા ભાવો રહેવા દઇએ ને બાકીનાને ફેંકી દઇએ. તેમ કરતાં ગીત જાય તો જવા દઇએ. ખરી રીતે ગીતની કિંમત ગેયતા, સરળતા વગેરેમાં રહેલી છે. તેની વસ્તુની કિંમત છે, પણ તે તો ગૌણ છે. આપણે ગીતના જૂના ઢાળોમાં નવું વસ્તુ મૂકી ગીતોને નવાં કરીએ તો ઉત્તમ કાવ્યશિક્ષણની શરૂઆતનું સાહિત્ય તૈયાર કર્યું કહેવાય.

લોકગીતનો પરિચય ગાઇને આપવો. જે ગીતો ગવાય, બાળકોને જેનો રસ લાગે, તે ગીતો લખાઇને તેમની સામે આવે તો પરિચયને દૃઢ કરશે; પરંતુ ગીતનો પરિચય ગીતગાનથી થાય, ગીતવાચનથી ન થાય તે ભૂલવું નહિ ગીતપરિચય માત્ર મોઢે કરવાથી કે બોલવાથી નથી થતો. એનો પરિચય ગીતના વાતાવરણમાં રહેવાથી થાય; માટે શાળામાં ગીતો છૂટથી ગવાય, એજ ઉત્તમ માર્ગ છે.

હવે કવિઓની કવિતાઓ બાળકો આગળ કેમ મૂકવી, તેનો વિચાર કરીએ પ્રથમ વિચાર તેના ક્રમનો છે. આજના કાવ્યસંગ્રહો-બાલકાવ્યસંગ્રહો સરળ નથી જણાતા. વાચનમાળામાં મૂકવામાં આવેલાં કાવ્યો ઉપર બાળકોને પ્રેમ નથી થતો ત્યારે શું કરવું?

આપણું કવિતાનું સાહિત્ય અમુક હદસુધી વિકસ્યું છે. એ સાહિત્યને તપાસી તેના વર્ગો પાડીએ તો કંઇક આવા પડે—એક વર્ગ છેક જૂના કવિઓનો એટલે હિંદી કે વ્રજ ભાષાની

[illegible] પ્રાકૃત ભાષામાંથી ઘડાઈ આવેલી ગુજરાતી [illegible] શુદ્ધ ગુજરાતીનો અને મેળો આજના ગુજરાતીનો. [illegible] ગુજરાતી ભાષા, આપણે ભાષાને પાછે ગુજરાતી [illegible] એટલે તેઓ ગુજરાતી કાવ્યરચિતામાં [illegible] આ પ્રાચીન કાવ્યો રચ્યાં અનેરેવા કવિઓ થયા. [illegible] તેઓ મિશ્રભાષાના અસર તો [illegible] ગુજરાતી કાવ્યરચિતાના [illegible] પરંતુ તેમનાં કાવ્યો [illegible] ગુજરાતી ભાષાના કાવ્યસાહિત્યના [illegible] જેમ કેમ સ્પષ્ટ [illegible] તેની શરૂઆત તો [illegible] તેમ આ કવિઓનાં કાવ્યોને [illegible] ગુજરાતીમાં [illegible] તેણે તેમાંથી સંસ્કૃત કે [illegible] [illegible] આ કવિઓ ગુજરાતી [illegible] કવિઓ [illegible] ભક્તિ-અર્થાગીતો અને [illegible]

[illegible] કવિતાપરિભાષા [illegible] આધ્યાત્મિક [illegible]

[illegible]

જતા, તેથી તેમનાં કાવ્યો બાળકોના મોંમાં આગવરણુથી બેઠેલાં છે. તેઓએ ઇંટ અને ચંપાની અને વાંદરા વગેરેની વાતો પણ કરી છે.

અગાઉ લોકગીતના વસ્તુસંબંધે જે કહેવામાં આવ્યું, તે કાવ્યોને પણ લાગુ પડે છે. તેમાં પણ આપણે જે નથી માગતા તેની વાત ન જોઈએ. આપણો જે આદર્શ આજે નથી રહ્યો, તે પ્રેરનાર કાવ્યવસ્તુનો ત્યાગ કરીએ. બીજી બાજુ આપણા ભવ્ય ભૂતકાળ તથા ગંભીર અને ઊંડા આદર્શોથી કાવ્યને ભારે કરી બગાડી ન નાખીએ. આજના બાળકના સહજ જીવનને પ્રેરક, પોષક એવી વસ્તુઓવાળાં કાવ્યો એ આપણાં બાળકોનાં કાવ્યો છે.

એક બીજો વિચાર પણ વિચારીએ. બાળકો બન્ને જાતનાં કાવ્યોમાં રસ લઈ શકે છે. એક વર્ણનવાળાં કે એક ભાવવાળાં અને એક કથનવાળાં એટલે કે એક વાત કે વાર્તાવાળાં. આમાંયે સારાં વર્ણનકાવ્યો કે ભાવકાવ્યો જેટલાંજ ઉત્કૃષ્ટ કાવ્યો બાળકોની નજરે આખ્યાયિકા કાવ્યો જણાય છે. આખ્યાયિકા કાવ્યો વાર્તારૂપ છે, તેથી વાર્તા તેમને જેટલી ગમે છે તેટલાંજ, તે ગમે છે. ઘણી વાર તો તે ખૂબ ગમે છે; માટે તેવાં કાવ્યો આપણે શોધવાં જોઈએ. ભુમતરામ જેવા તેવાં કાવ્યો વધારે ને વધારે રચે તો સારૂં. પ્રાથમિક માનસને લંબાણ અને વાર્તાકથન જેવું વધારે ગમે છે. નાનાં બાળકોને તેવાંજ ગમે છે. આપણે મોટા થયા છીએ, એટલે ઊર્મિકાવ્યો આપણને વધારે ખેંચે છે; છતાં ગામડામાં મોટાં નરનારીઓ સુદ્ધાં ઓખાહરણ ને નળાખ્યાન કે મહાભારત જેવાં મહાકાવ્યો સાંભળતાં થાકતાંજ નથી. કાવ્યો લાંબાં હોય પણ તેમાં બનાવની પરંપરા હશે તો બાળકો ઝીલશે; જ્યારે એક નાનું કાવ્ય કેવળ ભાવપ્રધાન હશે તો નિરર્થક જશે.

આપણે બાળકોને કાવ્યપરિચય આપીને બેસી રહીશું તોપણ તેમને કાવ્યશિક્ષણમાં ઘણું શીખવ્યું કહેવાશે. ખરૂં શિક્ષણ વસ્તુમાં તરબોળ થવામાં છે અને પરિચયથી તરબોળ થવાય છે. પછી અર્થ, અન્વય વગેરે સૂંઘવાં તો સહજે સિદ્ધ થાય છે.

આપણે પરિચયની હિમાયત કરી. તે કેમ આપવો? આગળ જરા કહી ગયા છીએ, છતાં અહીં પુનિરૂપે જરા વિશેષ કહીએ. કાવ્યોનો પરિચય ગાઈને આપી શકાય. ગાવાની ઢબ, સુંદર રાગ, સરસ યોગ્ય અભિનય, છટા, તાલ વગેરે સરસ પરિચય કરાવવામાં સારી મદદ આપનારાં છે. પરિચય એટલે પરિચય. કાવ્ય ગોખાવાય નહિ, તે મોઢે કરી લેવરાવાય નહિ ને લેવાય પણ નહિ. તેનો સ્વાદ લેવાય ને તેમ કરતાં કરતાં પોતાનું કરાય.

પરિચય આપતી વખતે કાવ્યવિષે પ્રસંગોપાત કહેવાય, કાવ્યના વસ્તુવિષે જરા બે બોલ ચાલે, કાવ્યની અંદર રહેલ વાર્તાને મોઢેથી ટૂંકાવીને કહી હોય તો કાવ્યમાં ઝટ પ્રવેશ થાય ને બાળકો વધારે રસ લે. પ્રથમ ભૂમિકા રચવામાટે કાવ્યવિષે કંઈક કહેવું ઉપયોગી છે. વચ્ચે વચ્ચે પણ કોઈ શબ્દનો અર્થ કરી આવા કાવ્યની ખુબી કે અર્થ બહાર આણવાનું પણ જરૂરનું છે. વખતે વખતે કાવ્યને ગદ્યના રૂપમાં છટાથી બોલી જવું પણ કામનું છે.

જ્યારે બાળકો કાવ્ય વાચતાં થાય, ત્યારે તો તેની સામે કાવ્યો પણ મૂકીએ તેમજ કાવ્યપાઠો પણ મૂકીએ. એટલે કે કાવ્યને પાઠના રૂપમાં ગોઠવીને તે મૂકીએ. ગીતપરત્વે ગીતપાઠ કરીએ ને કાવ્યપરત્વે કાવ્યપાઠ કરીએ ગીત અને ગીતપાઠ સાથે વાચતાં બાળકને કાવ્યનો અર્થ સ્પષ્ટ થશે અને અન્વય વગેરેના આડકતરી જાણ થશે, પરંતુ આમ દરેક કાવ્યપરત્વે થવુંજ જોઈએ એમ નથી. આ તો નમૂનાતરીકે આપવાનું છે.

કાવ્યશિક્ષણના વિષયમાં કાવ્યપરિચયવિષે કંઈક આમ કહી શકાય છે.

(કાર્તિક સં. ૧૯૮૪ ના 'દક્ષિણામૂર્તિ'ના અંકમાં લેખક—ગિજુભાઈ.)

૬૭–નિવૃત્તશિક્ષણ

ફ્રાંસની રાજ્યક્રાંતિની ઘટનાના સંબંધમાં આગળની વ્યક્તિઓમાં રૂસો અને વૉલ્ટેરનાં નામો પ્રસિદ્ધ છે. આ લેખકોની લેખનશૈલી તેજસ્વી, જીવંત અને ક્રાંતિકારક છે. આ લેખકોની લેખિનીનો જેટલો ધાક તે કાળમાં લોકોને લાગતો, તેટલો બળવાન રાષ્ટ્રોના શસ્ત્રબળનો ધાક લોકોને લાગતો ન હતો. ફ્રેંચ રાજ્યક્રાંતિ એ આ વ્યક્તિઓના લેખોનું મૂર્ત પરિણામ છે. આ બંને ગ્રંથકર્તાઓમાં રૂસો વધારે ભાવનાપ્રધાન હતો. લેખો લખવા ખાતર તેણે કદી ભાષાશાસ્ત્રનો અભ્યાસ કર્યો નથી. એના વિચારો એટલા બધા વધી પડ્યા કે હૃદયની અંદર રહી ન શક્યા. બહાર પડવા માટે એ વિચારો વાણીને અંદરથી ખૂબ ધકેલવા લાગ્યા અને તેથી તેની ઇચ્છા ન હોવા છતાં પણ, જ્વાળામુખી ફાટીને જેમ અંદરથી ધગધગતો લાવા રસ નીકળે તે પ્રમાણે–તે કરતાંએ વધારે દાહક એવા તેના વિચારો લખાણરૂપે બહાર નીકળ્યા. તેના લેખમાં તેનું હૃદય બોલતું હતું; અને તેથીજ એ લેખો બૌદ્ધિક ને તાર્કિક દૃષ્ટિએ શ્રેષ્ઠ ન ઠરે તોપણ તેના લેખોએ જાણે કે જીવંત અગ્નિ જેટલી અસર કરી એ વાત ઇતિહાસને કબૂલ કરવી પડે છે. મૃતજીવન કરતાં જીવંત મૃત્યુ વધારે શ્રેયસ્કર છે, એ તેના લેખનું સૂત્ર હતું. આવા પ્રભાવશાળી, પ્રતિભાવાન ગ્રંથકારના શિક્ષણવિષેના વિચારોનો વિચાર કરવો એ આપણું કર્તવ્ય છે.

રૂસોના મત પ્રમાણે શિક્ષણના ત્રણ વિભાગ પાડવા જોઇએઃ–(૧) નિસર્ગશિક્ષણ, (૨) વ્યક્તિશિક્ષણ અને (૩) વ્યવહારશિક્ષણ. શરીરનો દરેક અવયવ પૂર્ણ રીતે અને વ્યવસ્થિત રીતે વૃદ્ધિ પામે; ઇંદ્રિયો ચાલાક, ચપળ, કાર્યપટુ બને; જૂદી જૂદી મનોવૃત્તિઓનો દરેક રીતે સંપૂર્ણ વિકાસ થાય; સ્મૃતિ, પ્રજ્ઞા, મેધા, ધૃતિ, તર્ક વગેરે બૌદ્ધિક શક્તિઓ પ્રગલ્ભ અને પ્રખર થાય; આ બધી નૈસર્ગિક ને પ્રાકૃતિક પ્રવૃત્તિઓનો સમાવેશ રૂસોના મત પ્રમાણે નિસર્ગશિક્ષણમાં થાય છે. આથી જૂદા શબ્દોમાં બોલીએ તો મનુષ્યની અંદર ને અંદરજ થતી શારીરિક, માનસિક અને બૌદ્ધિક વૃદ્ધિ–આત્મવિકાસ તેજ નિસર્ગશિક્ષણ કહી શકાય. તેજ પ્રમાણે માણસને બાહ્ય પરિસ્થિતિ ઉપરથી જે જ્ઞાન થાય છે, વ્યવહારમાં જે અનુભવ થાય છે, એ બધા પદાર્થજ્ઞાનને અથવા ભૌતિક માહિતીને રૂસો 'વ્યવહારશિક્ષણ' એવું નામ આપે છે; અને વ્યવહારજ્ઞાનની દૃષ્ટિએ નિસર્ગશિક્ષણને લીધે થયેલા આત્મવિકાસનો બાહ્ય જગતમાં કેવી રીતે ઉપયોગ કરવો, એ સંબંધે અન્ય મનુષ્યોના પ્રયત્નથી જે વાચિક, સાંપ્રદાયિક કે શાલીન (શાળામાં અપાતું) શિક્ષણ મનુષ્યને મળે છે, તેને તેણે 'વ્યક્તિશિક્ષણ' એવું નામ આપ્યું છે. એટલે તેની દૃષ્ટિએ વ્યક્તિશિક્ષણ એ વ્યવહારશિક્ષણ અને નિસર્ગશિક્ષણની વચ્ચેનો અંકોડો છે. વાસ્તવિક રીતે રૂસોએ શિક્ષણના વિભાગ કેટલા પાડ્યા છે, એ બહુ મહત્ત્વનો મુદ્દો નથી. અમુક વિષયના અમુક વિભાગ પાડવાજ જોઇએ એવો કાયદો નથી. આ બધા પ્રશ્નો સગવડના છે. અર્થાત્ દૃષ્ટિભેદને કારણે વર્ગીકરણ ભિન્ન ભિન્ન જાતનું થાય, એ સ્વાભાવિક છે. રૂસોએ પાડેલ ત્રણ વિભાગ અવશ્ય પાડવાજ જોઇએ, એવું નથી; કારણ વ્યક્તિશિક્ષણ અને વ્યવહારશિક્ષણ બંનેને માણસ બહારથી પ્રાપ્ત કરી શકે છે. ફક્ત નિસર્ગશિક્ષણજ અંદરથી મળે છે, એમ કહી શકાય. આ દૃષ્ટિએ જોતાં અંતઃશિક્ષણ અને બાહ્યશિક્ષણ એવા બે વિભાગ પાડવામાં શું અડચણ છે?

પરંતુ આથી પણ આગળ જઇને એમ પણ કહી શકાય કે, બાહ્યશિક્ષણ કેવળ અભાવાત્મક કાર્ય છે, જ્યારે અંતઃશિક્ષણજ ભાવરૂપ કાર્ય છે; તેથી અંતઃશિક્ષણ એ એકજ ખરો અને તાત્ત્વિક વિભાગ છે. આપણે જેને બાહ્યશિક્ષણ નામ આપ્યું છે, તે ફક્ત અન્ય માણસોમારફત કે શાળામારફતજ મળે છે, એવું નથી. આ અનંત વિશ્વના પ્રત્યેક પદાર્થમાંથી એ શિક્ષણ તો મળેજ છે. એમાં કદી ભંગ થતોજ નથી. શેક્સપિયરે કહ્યું છે તેમ વહેતા ઝરામાં પ્રસાદપૂર્ણ ગ્રંથો ભરેલા છે, પથ્થરમાં દર્શનો છુપાઇ રહ્યાં છે અને યચ્ચાવત્ પદાર્થોમાં શિક્ષણનાં બધાં તત્ત્વો ભરેલાં છે. વૃક્ષ, વનસ્પતિ, ફૂલો, નદીઓ, પર્વતો, આકાશ, તારા–એ બધી વસ્તુઓ પોતે દરેક

મનુષ્યને શિક્ષણ આપ્યાજ કરે છે. નૈયાયિકોના અણુથી લઇને સાંખ્યોના મહત્-તત્ત્વથી, ભૂમિતિના બિંદુથી માંડીને ભૂગોળના બિંદુથી બધા નાનામોટા પદાર્થો મનુષ્યના ગુરુજ છે. વિલક્ષણ વિજ્ઞાનવેત્તાઓની દૂરબીનમાં (દુરબીનમાં), વ્યવહાર-વિશારદોના મર્મગ્રન્થોમાં, કલ્પનાકુશળ કવિઓનાં હૃદયમંદિરોમાં અથવા તો તાત્ત્વિક તત્ત્વવેત્તાઓનાં જ્ઞાનમંદિરમાં જે જે પદાર્થ હોય કે ન પણ હોય, તે બધા પદાર્થોમાંથી આપણને શિક્ષણ મળતા રહે છે. આ સૃષ્ટિ એ તો આપણા અભ્યાસમાટે આપણી સમક્ષ ઇશ્વરે ઉઘાડી રાખેલો શાશ્વત, દિવ્ય, આશ્ચર્યમય, પવિત્ર ગ્રંથ છે. તેની આગળ વેદ વ્યર્થ છે, કુરાન નકામું છે, બાઇબલ નિર્જીવ છે; પણ આ ગ્રંથગંગા ગમે તેટલી ગંભીર હોય, તોપણ મનુષ્ય તો તેમાંથી પોતાનાજ કળશાથી પાણી લેવાનો; અને તેથી જેનાં અને જેટલાનાં બીજને આપણી અંદર હશે તે અને તેટલુંજ શિક્ષણ આપણને બહારથી મળવાનું. આનો અનુભવ તો દરેકને છે. આપણે આટલા આટલા વિષયો શીખીએ છીએ, આટઆટલા ગ્રંથો વાંચીએ છીએ, આટઆટલા વિચારો કરીએ છીએ, આટઆટલી વસ્તુઓ જોઇએ છીએ; પણ તેમાંથી કેટલી વસ્તુઓ આપણા સ્મરણમાં રહે છે ? મતલબ કે, આપણે બાહ્યજગતમાંથી જે બધું શીખીએ છીએ તે ભૂલી જઇએ છીએ અને તેની જગાએ સંસ્કારોજ માત્ર બાકી રહી જાય છે. કિંબહુના, શિક્ષણ એ માહિતી મરી ગયા પછી, બાકી વધેલા સંસ્કારોજ છે. આમ થવાનું કારણ ઉપર બતાવ્યું છે કે, જે આપણી અંદર નથી તે બહારથી મળવું અશક્ય છે. બાહ્યશિક્ષણ કોઇ સ્વતંત્ર કે તાત્ત્વિક પદાર્થ નથી, પણ કેવળ અભાવાત્મક કાર્ય છે.

હવે આવી જગાએ હમેશાં બેવડો પેચ મૂકવામાં આવે છે. જો બાહ્યશિક્ષણને મિથ્યા ગણીએ, તો સંસ્કારના ઘડતરમાટે કાંઇ પણ બાહ્યનિમિત્ત કે આલંબન કે આધાર હોવો જોઇએ. ઉલટું બાહ્યશિક્ષણને જો સત્ય કે ભાવરૂપ ગણીએ તો ઉપર બતાવ્યા મુજબ અંતર્વિકાસને જેટલો અંશ અનુકૂળ હોય તેટલોજ અંશ, અને તે પણ સંસ્કારરૂપે બાકી રહે છે; એટલે ઉભય પક્ષે વિપ્રતિપત્તિ સિદ્ધ થાય છે. આવી સ્થિતિમાં આ બન્ને શિક્ષણોનો પરસ્પર સંબંધ કયો કહી શકાય ? પણ આ વાત નવીન નથી, એટલે એનો નિકાલ પણ નવીન નથી. બધાં શાસ્ત્રોમાં આવી જાતના વાદ ઉભા થયા કરે છે અને તેનો સર્વત્ર ઉકેલ પણ એકજ હોય છે. વેદાંતી વાદનો દાખલો લઇએ કે "સુખનો બાહ્યપદાર્થ સાથે શું સંબંધ છે ?' આદી પણ આજ મુશ્કેલી છે. જો બાહ્યપદાર્થોમાં સુખ છે, એમ માનીએ તો હમેશાં તેનાથી સુખ મળવું જોઇએ; પણ એમ થતું નથી. મનસ્થિતિ જો નાદુરસ્ત હોય તો બીજા પ્રસંગોએ સુખ આપનારા પદાર્થો પણ સુખ આપી શકતા નથી. બીજે પક્ષે જો 'બાહ્યપદાર્થોમાં સુખ નથી, સુખ એ તો માનસિક ભાવના છે' એમ માનીએ તો એવો અનુભવ હમેશાં આવતો નથી. શેક્સપિયરે કહ્યા પ્રમાણે ઇચ્છા પોતેજ જો ઘોડો બનત તો દરેક મનુષ્ય ઘોડેસ્વાર થયો હોત. ત્યારે આ પ્રશ્નોને કેવી રીતે ઉકેલવા ? તેવુંજ બીજું ન્યાયશાસ્ત્રનું ઉદાહરણ લ્યો. 'માટી અને માટલાનો શું સંબંધ ?' એ પ્રશ્ન છે. 'માટી એટલેજ માટલું' એમ જો કહેશો, તો માટીથીજ પાણી ભરો. શામાટે માટલું જોઇએ ? માટી પણ જૂદી છે અને માટલું પણ જૂદું છે, એમ જો કહેતા હો તો અમારી માટી અમને પાછી આપો અને તમારૂં માટલું લઇ જાઓ. આવી પરિસ્થિતિમાં આ બન્નેનો સંબંધ શું ? આ કયો સંબંધ છે ? તે અમે સમજી શકતા નથી' એમ આપણે જો ગુજરાતીમાં બોલીએ તો અમસ્થું અજ્ઞાન દેખાય, માટે સંસ્કૃતમાં આ સંબંધને 'અનિર્વચનીય સંબંધ' એવું ભવ્ય, પ્રશસ્ત અને સંસ્કૃત નામ છે; પણ આ સંબંધમાં અનિર્વચનીય હોય તોપણ એક પક્ષે જેમ वाचारंभणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम् એટલે માટી તાત્ત્વિક અને માટલું અસત્ય, એમ જેમ તારતમ્યથી ઠરાવી શકાય છે, તેમજ બીજે પક્ષે અંતઃશિક્ષણ ભાવરૂપ અને બાહ્યશિક્ષણ અભાવરૂપ કાર્ય છે, એમ કહી શકાય છે.

પણ આમ કહ્યા પછી બીજો મુશ્કેલીભરેલો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આપણે શિક્ષણના બે ભાગ કરેલા છે. તેમાંનો અંતઃશિક્ષણ કે આત્મિકવિકાસ ભાવરૂપ હોય તોપણ તે દરેક વ્યક્તિ-

ની અંદર ને અંદરજ **થયા** કરે છે. તેને માટે આપણે કશું **કરી** શકતા નથી. તેનો કાંઇ અભ્યાસક્રમ બનાવી શકાતો નથી અને જો બનાવીએ તોપણ તેનો અમલ કરવો શક્ય નથી; અને બાલશિક્ષણ એ સામાન્યતઃ અને વ્યક્તિશિક્ષણ એ વિશેષતઃ અભાવરૂપ છે, એવું ઠરાવ્યુંજ છે. આવી સ્થિતિમાં **न हि शशकविषाणं कोऽपि कस्मै ददाति** । એ ન્યાયે શિક્ષણવિષયક બધી ચળવળો એ શું મૂર્ખતાનું પ્રદર્શન છે? આ આક્ષેપદષ્ટિએ જેવો નિરુત્તર અને બીનતોડ લાગે છે, તેવો તે નથી એ કહેવું જરૂરી છે; કારણ કે આપણે જ્યારે બાલશિક્ષણ એ અભાવાત્મક કાર્ય (નેગેટીવ ફન્કશન) છે એમ કહીએ છીએ, ત્યારે તે કાર્યજ નથી એમ નથી કહેતા. તે કાર્ય છે, તે ઉપયુક્ત કાર્ય છે, પણ તે અભાવાત્મક કાર્ય છે એટલુંજ કહેવાનું હોય છે. શિક્ષણથી કાંઇ સ્વતંત્ર નવું તત્ત્વ ઉત્પન્ન કરવાનું નથી. સૂતેલું, છુપાયેલું તત્ત્વ જાગૃત કરવાનું હોય છે; એટલે જે અર્થમાં લોકો શિક્ષણનો ઉપયોગ સમજે છે, તે અર્થમાં તેનો ઉપયોગ નથી એટલુંજ કહેવાનું છે, પણ એટલાથી શિક્ષણ નિરુપયોગી છે એમ કહી શકાય નહિ. જહાલ પક્ષના સુધારકોના 'વિધવાવિવાહોત્તેજન'ને સમાજશિક્ષક કર્વેનું 'વિધવાવિવાહ-પ્રતિબંધ-નિવારણ' જો નિરુપયોગી લાગે તોપણ તે નિરુપયોગી નથી. તેજ ખરી રીતે ઉપયોગી છે, એ વાત નાકબૂલ કરી શકાય તેવી નથી. મતલબ કે, શિક્ષણ એ ઉત્તેજક હવા નથી, પણ પ્રતિબંધ-નિવારક ઉપાય છે. રસ્કીને શિલ્પકળાની વ્યાખ્યા પણ આવીજ આપી છે. શિલ્પજ્ઞ માણસને માટીમાંથી કે પથ્થરમાંથી પૂતળું ઉત્પન્ન કરવાનું નથી; તે તો તેમાં છેજ. ફક્ત તે છુપાયેલું છે. તેને પ્રગટ કરવાનું કામ શિક્ષણનું છે. આ ઉપરથી શિક્ષણ અભાવાત્મક હોય તોપણ ઉપયુક્ત છે અને પ્રતિબંધ-નિવારણના જેટલાજ અર્થમાં પણ તેમાં થોડી ભાવાત્મકતા છે એ દેખાઇ આવશે. આજ અર્થ ધ્યાનમાં રાખીને ઉપર તારતમ્યથી અભાવાત્મક એવી સાવધાન ભાષા વાપરી છે. શિક્ષણ આત્મવિકાસના પ્રમાણમાં અભાવાત્મક છે એટલે કે તેનો 'ભાવ' બહુ ઓછો છે.

પણ આપણે શિક્ષણનો ભાવ પુષ્કળ વધારી દીધેલ હોવાથી આપણી અત્યારની શિક્ષણપદ્ધતિ અત્યંત અસ્વાભાવિક, વિપરીત અને અટ્ટહાસ કરવા યોગ્ય બની છે. બાળકની સ્મરણશક્તિ તીવ્ર છે એવું જણાતાંજ તેને કોઇ પણ વસ્તુ કંઠસ્થ રાખવાનું વધારે ઉત્તેજન આપવામાં આવે છે. પિતાને એમ લાગે છે કે, બાળકના માથામાં કેટલું ભરૂં ને કેટલું ન ભરૂં! આજ પરિસ્થિતિ પાઠશાળાની શિક્ષણપદ્ધતિમાં પણ સ્વીકારાયેલી છે. ઉલટું વિદ્યાર્થી મંદ હોય તો તેની તરફ ખાસ દુર્લક્ષજ રાખવામાં આવે છે. 'હોંશિયાર' તરીકે નામાંકિત થયેલ છોકરાઓ કૉલેજમાં પહોંચતાંસુધી તો માંડમાંડ ટકી રહે છે, પણ પછી મોટેભાગે પાછળ પડી જાય છે; અને જો કૉલેજમાં પાછળ ન પડે તો આગળ વ્યવહારમાં તો નિઃસત્વ ઠરે છે. આનું કારણ તેમની કુમળી બુદ્ધિ ઉપર વધારો પડતો પડેલો બોજોજ છે. જો ઘોડો ચપળ હોય અને રીતસર ચાલતો હોય તો તેને સતાવવો ન જોઇએ; પણ તેમ ન કરતાં ઘોડો ચપળ હોવાના કારણેજ તેને ચાબૂક મારવામાં આવે છે. આથી શું થાય? ઘોડો ભડકીને ખાડામાં પડવાનો અને ધણીને પણ પાડવાનો. આ મૂર્ખાડંબરેલો અને જંગલી પ્રકાર રાષ્ટ્રીય શાળામાં તો બંધ થવોજ જોઇએ.

વસ્તુતઃ પોતે શિક્ષણ લે છે, એવો વિદ્યાર્થીને ભાસ થાય કે શિક્ષણનું સ્વારસ્ય ગયું એમજ માનવું. નાનાં બાળકોને તો રમત એજ ઉત્તમ વ્યાયામ છે એમ કહેવામાં આવે છે, એમાં પણ આજ રહસ્ય છે. રમતમાં વ્યાયામ તો થયાજ કરે છે; પરંતુ 'હું વ્યાયામ કરૂં છું' એની જાણ તેને નથી હોતી. રમતી વખતે તો આસપાસનું જગત અસ્તિત્વમાં છે, એ હકીકત પણ ભૂલી જવાય છે. બાળકો તદ્રૂપ બનીને અદ્વૈતનો અનુભવ લેતાં હોય છે. નથી લાગતાં તેમને તરસ કે ટાઢ-તડકો કે થાક. સારાંશ કે, રમત એ આનંદ હોય છે, તે વ્યાયામરૂપ કર્તવ્ય નથી હોતું. આજ વાત દરેક શિક્ષણને પણ લાગુ પડવી જોઇએ. શિક્ષણ કર્તવ્ય છે એવી કૃત્રિમ ભાવના કરતાં શિક્ષણ આનંદ છે એવી નૈસર્ગિક અને જોમદાર ભાવના ઉત્પન્ન થવી જોઇએ; પણ આપણાં બાળકોમાં આવી ભાવના હાલ જાગૃત છે? શિક્ષણ એટલે આનંદ છે એવી ભાવના તો

નથીજ; પરંતુ શિક્ષણ એ કર્તવ્ય છે એવી ભાવના પણ કાંઈ બહુ જોવામાં નથી આવતી. આજે તો વિદ્યાર્થીઓમાં એકજ ગુલામગીરીની ભાવના પ્રચલિત છે કે, શિક્ષણ એટલે શિક્ષા. છોકરાંમાં જરાક જેટલી પણ સ્વતંત્રતાની ઝમક નજરે પડે, તેનામાં જરાક જેટલુંયે ચેતન દેખાય કે તરતજ ઘરના માણસો તેનાથી થાકીને 'આને હવે નિશાળમાં પેસાડો જોઈએ' એવા ઉદ્‌ગારો કાઢવા લાગે છે. શાળા એટલે શું પૂરી રાખવાની જગા! અહીંજ આ પવિત્ર કાર્યને ઉપાડનારા શિક્ષકો એટલે ઉપર્યુક્ત જેલ(શાળા)ના અધિકારીઓ!

પણ આમાં દોષ કોનો? આપણા શિક્ષણની ખાસ ખામીના મતો અને તદનુસાર આપણે જે પદ્ધતિનો–અથવા પદ્ધતિના અભાવનો–અવલંબ કરીએ છીએ તેનો આ દોષ છે. વિદ્યાર્થીને ખબર પણ ન પડે, એવી રીતે તેને શિક્ષણ મળવું જોઈએ. નાનપણમાં બાળક માતૃભાષા જેટલી સ્વાભાવિક રીતે શીખી જાય છે, તેટલીજ સ્વાભાવિક રીતે તેને બધું શિક્ષણ મળવું જોઈએ. બાળક 'વ્યાકરણ એ શું ચીજ છે' એ નહિ જાણતું હોય, તોપણ કદી 'મા આવ્યો' એમ બોલવાનું નથી; એટલે કે તેને વ્યાકરણ સમજાઈજ ગયું છે. ફક્ત તેને 'વ્યાકરણ' શબ્દની ખબર નહિ હોય અથવા તો વ્યાકરણની પરિભાષા તે જાણતું નહિ હોય; પણ વ્યાકરણનું મુખ્ય કાર્ય તો થઈ ચૂક્યું છે. સાધ્ય–સાધનોની અદલાબદલી નહિ થવી જોઈએ. સાધ્યને માટે સાધનો હોય છે, સાધનોમાટે સાધ્ય નથી હોતું. આજ વસ્તુ તર્કમાં પણ લાગુ પડે છે. ગૌતમનાં ન્યાયસૂત્રો કે એરિસ્ટૉટલનું તર્કશાસ્ત્ર શામાટે વાંચવાં? વ્યવસ્થિત વિચાર કરતાં આવડે, સાચાં અનુમાનો કરી શકાય એટલા ખાતર. દીવો ઝાંખો ઝાંખો થતો જાય તો 'ઘણું કરીને તેમાં તેલ નહિ હોય' એવું અનુમાન તો બાળક પણ કાઢી શકે છે. તેના બોલવામાં પણ તર્ક તો હોય છેજ. એટલું ખરું કે, તેને પંચાવયવી વાક્ય કે સિલૉજીઝમ માંડતાં નહિ આવડે. વિદ્યાર્થીમાં તર્કશાસ્ત્ર પ્રથમથીજ હોય છે. તેને વારંવાર ખોરાક મળ્યા કરે એવા પ્રસંગો ઊભા કરવાનું કામજ શિક્ષણનું છે. સર્વ કલા, સર્વ સદ્‌ગુણ બીજરૂપે મનુષ્યમાં સ્વયંભૂજ છે; આપણે તે બીજ જોઈ શકતા નથી, પણ એ દેખાતું નથી એટલા ખાતર એ નથીજ એમ સાબીત ન થઈ શકે.

પણ આ મત રૂસોને પસંદ નથી, એમ કેટલીક વાર દેખાય છે. મનુષ્ય સ્વભાવતઃ દુર્બળ અને અનીતિમાન છે, તેને શિક્ષણથી બળવાન અને નીતિમાન બનાવવાનો છે મૂળથી તો તે પશુ છે, શિક્ષણથી તેને માણસ બનાવવાનો છે. તેનું પૂર્વસ્વરૂપ **पापोऽहं पापकर्माऽहं पापात्मा पापसंभवः।** છે, તેનું ઉત્તરરૂપ શિક્ષણથી ઉત્પન્ન થવાનું છે. આવી જાતની ભાષા તે કોઈક કોઈક વાર વાપરે છે. આની વિરુદ્ધનાં વાક્યો પણ તેના પુસ્તકમાં દેખાય છે તો ખરાંજ અને તેથીજ તેનો મત અમુકજ પ્રકારનો છે, એમ કહેવું કઠણ છે; પરંતુ જો તેનો એવોજ મત હોય તો તેમાં તેનો બહુ દોષ નથી, પણ તે સમયની પરિસ્થિતિનોજ દોષ છે, એમ કહી શકાય એમ છે. સ્વતંત્ર બુદ્ધિવાળા લોકો પણ પરિસ્થિતિના ગુલામ ભલે ન હોય, તોપણ કેટલેક અંશે તે પરિસ્થિતિથીજ બનેલા હોય છે. એમાં પણ રૂસોના સમયની ફ્રાંસની સ્થિતિ કેટલી ભયંકર હતી! આજે જેમ ભારતવર્ષમાં ૩૧ કરોડ જંતુઓનો ભયંકર દેખાવ નજરે પડે છે, તેમજ ફ્રાંસની પણ તેવીજ સ્થિતિ હતી. તેથી રૂસો જેવા જ્વાળામુખી અને જલાલ મનુષ્યનું ભાવનામય વિકારી હૃદય મનુષ્યજાતિના તિરસ્કારથી ભરેલું હોય તો તે ક્ષમ્ય છે. ગુલામગીરી જોતાંજ તેને ચીડ ચડતી, તેનું લોહી ઉકળવા માંડતું, તેની વૃત્તિઓ અનાવર થતી. આવી પરિસ્થિતિમાં મનુષ્યજાતિના તિરસ્કારને લીધે માણસ એ પશુ છે અને શિક્ષણને લીધેજ કાંઈક માણસાઈમાં આવી શકે છે, એવો તેનો મત થાય તો તે સમજી શકાય તેમ છે; પરંતુ રૂસોમાટે આપણને ગમે તેટલી સહાનુભૂતિ ઉત્પન્ન થાય, તોપણ આવો મત ગમે તે માણસ ગમે તે પરિસ્થિતિમાં પ્રતિપાદન કરે તોયે તે અયોગ્ય છે, એમાં તો શક નથી. મનુષ્ય સ્વભાવથીજ દુષ્ટ છે, એમ માનવામાં મનુષ્યજાતિનો ઉપમર્દ તો છેજ; પણ નિરાશાવાદની પરાકાષ્ઠા છે. જો મનુષ્ય મૂળથીજ દુષ્ટ હોય તોપછી શિક્ષણને અવકાશજ નથી. વસ્તુથી તેનો સ્વભાવ કાયમને માટે દૂર કરવો એ તર્કદૃષ્ટિથી અશક્ય છે. તેમ મનુષ્યસ્વભાવ મૂળથીજ દુષ્ટ હશે તો તેને સુધારવાના

બધા પ્રયત્નો નિષ્ફળ થઇને નિરાશાવાદનું અને તેની સાથેજ પશુવૃત્તિનું સામ્રાજ્ય શરૂ થવાનું; કારણ શિક્ષણની આશાનો નાશ થતાં શિક્ષાનું રાજ્ય સ્થાપિત થવાનુંજ. બ્રિટિશ સરકાર ઉપરનો આપણો વિશ્વાસ સમૂળગો ઉડી ગયો છે, એવું ઘણા લોકો આવેશમાં ને આવેશમાં બોલે છે. સદ્‌ભાગ્યે આ કથન આવેશનુંજ હોય છે, પણ જો તે ખરૂં હોત તો તો કોઇ પણ શાંતિમય ચળવળનો અર્થ ફક્ત નિરાશામય કર્મયોગ એટલોજ રહ્યો હોત. 'સરકાર ઉપર વિશ્વાસ રાખીને ચાલવાનું નથી!' એમ કહેવું એ સ્વાવલંબનની દૃષ્ટિએ સાચું છે, પણ જો એનો અર્થ એમ હોય કે 'અમારી ખાત્રી થઇ છે કે, અંગ્રેજોને હૃદય નથી, તેમનામાં કદી પણ સુધારો થવાનો નથી' તોપછી નિઃશસ્ત્ર ચળવળ એટલે કેવળ નાઇલાજનો ઇલાજ ગણાશે. 'દરેક મનુષ્યને આત્મા છે' એ મૂળભૂત કલ્પના ઉપરજ સત્યાગ્રહ કે શિક્ષણનો આધાર છે. જેમ શત્રુને આત્મા નથી, એમ ઠરે એટલે સત્યાગ્રહ બંધ પડે, તેમજ મનુષ્ય સ્વભાવથીજ દુષ્ટ છે, એમ ઠરે એટલે શિક્ષણની લગભગ બધીજ આશાનો નાશજ સમજવો. પછી તો 'સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે રમઝમ' એ એકજ સૂત્ર શિક્ષણનું સાચું સૂત્ર ઠરવાનું. એટલામાટે મનુષ્યમાં પૂર્ણતાનાં બધાં તત્ત્વો બીજરૂપે સ્વતઃસિદ્ધ છે, એવો સિદ્ધાંત વિચારક તત્ત્વજ્ઞોએ અને શિક્ષણવેત્તાઓએ ઠરાવ્યો છે. આ શાસ્ત્રીય સિદ્ધાંત સ્વીકારીએ તો અત્યારની હાસ્યાસ્પદ શિક્ષણપદ્ધતિ જેમ ખોટી ઠરે છે, તેમજ 'શિક્ષણનું કાર્ય નાગરિક બનાવવાનું છે' વગેરે આત્મસંભવિત તત્ત્વો પણ નિરાધાર ઠરે છે. આપણે શિક્ષણ આપીએ કંઇક, વિદ્યાર્થીના મન ઉપર પરિણામ થાય કશાકનું અને પછી તે પરિણામ અને આપણા શિક્ષણનું સમીકરણ બનાવીને **'अस्माकमेव अयं विजयः। अस्माकमेव अयं महिमा।'** વગેરે બોલીને રાચવા મંડી જઇએ છીએ! આવો આ માનવી મૂર્ખતાનો મહિમા છે. ઉપર કહ્યું કે, વિદ્યાર્થીને 'હું શિક્ષણ લઉં છું' એવો ભાસ પણ ન થાય એવી જાતની શિક્ષણની રચના હોવી જોઇએ. આમ થવા માટે તો 'હું શિક્ષણ આપું છું–શીખવું છું' એવી ઝાંખી ઝાંખી ભાવના પણ શિક્ષકના મનમાં હોવી ન જોઇએ. ગુરુ જાતે અનન્ય અને સહજ-શિક્ષક ન હોય તો વિદ્યાર્થીને સહજ–શિક્ષણ મળવું અશક્ય છે. જ્યારે તમને એમ કહેવામાં આવે કે 'અમે ફ્રૉબેલની, પેસ્ટૉલૉઝીની કે મોન્ટીસૉરીની પદ્ધતિ પ્રમાણે શીખવીએ છીએ, ત્યારે ખુશીથી એમજ સમજવું કે, આ તો જીભને તસ્દી આપવાની છે, આ શબ્દશિક્ષણ છે, આ કોઈ પણ એક પદ્ધતિની અર્થશૂન્ય નકલ છે. આ પ્રેત છે. એમાં જીવ નથી. શિક્ષણ એ કાંઇ બીજગણિતની ફૉર્મ્યુલા નથી, કે તેનો ઉપયોગ કરતાંવેંતજ દાખલાનો જવાબ મળી રહે! જે **આપવામાં** આવે છે એ શિક્ષણ નથી. શિક્ષણ **આપવા**ની પદ્ધતિ એ પદ્ધતિ નથી. **'अंतरींचें धांवे स्वभावें बाहेरी'** એ રીતે જે બહાર પડે તેજ શિક્ષણ. આ સહજ શિક્ષણ સદોષ હોય તોપણ ચાલી શકશે, પણ વિશિષ્ટ પદ્ધતિના ગુલામો પાસેથી મળેલું અજ્ઞાન નથી જોઇતું; કારણ શાસ્ત્ર એટલે શું? શાસ્ત્ર એટલે વ્યવસ્થિત અજ્ઞાન. આ સિવાય શાસ્ત્રનો બીજો કો અર્થ છે? શિક્ષણવેત્તા સ્પેન્સર શિક્ષણશાસ્ત્રવિષે લખતાં કહે છે કે, શિક્ષણથી અલૌકિક વ્યક્તિઓ **તૈયાર** થતી નથી. આવાં શાસ્ત્રોની શાસ્ત્રદૃષ્ટિએ શું કિંમત આંકી શકાય? **'एतद् बुद्ध्वा बुद्धिमान् स्यात् कृतकृत्यश्च भारत'** એવી શાસ્ત્રની પ્રતિજ્ઞા હોવી જોઇએ. આવી પ્રતિજ્ઞા જે શાસ્ત્ર નથી કરી શકતું એ શાસ્ત્ર એટલે લોકોની આંખોમાં ધૂળ નાખવાનો પદ્ધતિસરનો પ્રયત્નજ ગણાય. શેક્સપિયરે કયા નાટ્યશાસ્ત્રનું અધ્યયન કર્યું હતું? અલંકારશાસ્ત્રના નિયમો ગોખીને કોઈ પ્રતિભાવાન કવિ કે કાવ્યરસિક પણ બન્યો છે ખરો? 'શાસ્ત્ર' 'પદ્ધતિ' એ બધી શબ્દસૃષ્ટિ છે, એ સિવાય એનો બીજો કશો અર્થ નથી; એ ખાલી ભ્રમ છે. **'वास्तवां स्वैरकथास्ता एव भवन्ति शास्त्राणि'** મહાન પુરુષોની સ્વૈરકથા એજ શાસ્ત્રો છે, એવું ભર્તૃહરિનું એક માર્મિક વચન છે, તેજ આ બાબતમાં સત્ય છે. કોઇ પણ જાતની પદ્ધતિવગર જે પદ્ધતિસરનું થાય છે. કોઇ પણ ગુરુ જે નથી આપી શકતો છતાં જે અપાય છે, એવું શિક્ષણનું અનિર્વચનીયસ્વરૂપ છે; માટેજ શિક્ષણ કેમ આપવું એ અમે જાણતા નથી–**न विजानीमः** એવા ઉદ્‌ગાર દિવ્યદૃષ્ટિ મહાત્માઓએ ઉચ્ચાર્યા છે. (કેન ઉપનિષત્) શિક્ષણપદ્ધતિ, પાઠ્યક્રમ, સમયપત્રક વગેરે બધા અર્થશૂન્ય શબ્દો છે. એમાં આત્મવંચનાસિવાય બીજું કશું નથી. ઉલટા-

ની ક્રિયામાંજ શિક્ષણ મળવું જોઈએ. ઉછરવાની ક્રિયાની બહારની એવી શિક્ષણ નામની એક સ્વતંત્ર ક્રિયા જ્યારે બને છે, ત્યારે વિજાતીય દ્રવ્ય શરીરમાં જવાથી જે પરિણામ થાય છે એવુંજ આ શિક્ષણનું મન ઉપર વિચારી અને રોગી પરિણામ થાય છે. કર્મની કસરત કર્યા વગર જ્ઞાનની ભૂખ લાગતી નથી અને આ સ્થિતિમાં જે જ્ઞાન વિજાતીયરૂપે અંદર ઘુસે છે, તે પચાવવા જેટલી પચનેંદ્રિયોની તાકાત નથી હોતી. એકલાં પુસ્તકો મગજમાં ઘુસાડવાથી જો મનુષ્ય જ્ઞાની થઈ જતો હોત, તો તો લાયબ્રેરીનાં કપાટોજ જ્ઞાની ગણાત! અકરાંતિયા થઈને ખાધેલ જ્ઞાનનું અપચન થઈને બૌદ્ધિક ટાયફોઈડ શરૂ થાય છે અને અંતે મનુષ્યનું નૈતિક મૃત્યુ થાય છે.

જે વાત વિદ્યાર્થીઓના શિક્ષણને લાગુ પડે છે, તેજ વાત લોકશિક્ષણને કે લોકસંગ્રહને પણ લાગુ પડે છે. મહાપુરુષોની દૃષ્ટિએ તો આખો સમાજ એ એક નાનું બાળક છે. ભીષ્માચાર્ય આમરણ બ્રહ્મચારી રહ્યા અને 'પુત્રસિવાય સદ્‌ગતિ નથી' એવું શાસ્ત્રવચન છે, તોપછી ભીષ્માચાર્યને સદ્‌ગતિ કેમ મળશે? આવી જ્યારે શંકા ઉત્પન્ન થઇ, ત્યારે ભીષ્માચાર્ય આખા સમાજના પિતૃતુલ્ય હોવાથી તમે-અમે બધા તેનાંજ બાળકો છીએ, એવું સમાધાન કરવામાં આવ્યું છે.અર્થાત્ લોકસંગ્રહનો પ્રશ્ન એટલે મહાપુરુષોની દૃષ્ટિએ નાનાં બાળકોને શિક્ષણ આપવાનો પ્રશ્ન કહી શકાય; પરંતુ શિક્ષણના પ્રશ્ન પ્રમાણેજ લોકસંગ્રહનો મોટો ભાઉ કરીને જ્ઞાની પુરુષો ઉપર આ એક જવાબદારી છે, એમ કહેવાનો સંપ્રદાય થવા લાગ્યો છે. કોઈ પણ વ્યક્તિ ઉપર લોકશિક્ષણ આધાર રાખતું નથી. મારા પગ ઉપરજ આખું આકાશ ટકી રહ્યું છે, એમ માનીને ટીટોડી જેમ પગ ઉંચા કરીને સુવે છે, તેવોજ જાતનો પ્રકાર 'મારા ઉપર લોકસંગ્રહ અવલંબી રહેલ છે' એમ માનવામાં છે. '**कर्ताऽहम्**'-'હું કરું છું' એ અજ્ઞાનનું લક્ષણ છે. જ્ઞાનનું નથી. '**कर्ताऽहम्**' એવી ભાવના જ્યાં જાગૃત છે, ત્યાં ખરું કર્તવ્ય હોઇ શકેજ નહિ. શિક્ષણની માફકજ લોકશિક્ષણ પણ અભાવાત્મક અથવા પ્રતિબંધ-નિવારણાત્મક કાર્ય છે. એટલેજ **लोकस्य उन्मार्गप्रवृत्ति-निवारणं लोकसंग्रहः।** એવું લોકસંગ્રહનું નિવર્તક સ્વરૂપ શ્રીમચ્છંકરાચાર્યે બતાવેલું છે. ખરો શિક્ષક જેમ શિક્ષણ આપતો નથી, તેની પાસેથી શિક્ષણ મળે છે; તેજ ક્રમ.ણે જ્ઞાની પુરુષ પણ લોકસંગ્રહ કરતો નથી, તેને હાથે લોકસંગ્રહ થાય છે સૂર્ય પ્રકાશ આપતો નથી, તેની પાસેથી સ્વાભાવિક રીતેજ પ્રકાશ મળી રહે છે. આ અભાવાત્મક કર્મયોગનેજ ગીતામાં સહજકર્મ કહ્યું છે. મનુભગવાને આજ સહજકર્મને 'નિવૃત્ત કર્મ' એવી સુંદર સંજ્ઞા આપી છે. 'નિવૃત્તશિક્ષણ' સંજ્ઞા પણ આજ ધોરણે બેસાડવામાં આવી છે આવું નિવૃત્તશિક્ષણ આપનારા આચાર્યો એજ સમાજના ગુરુ છે, એજ સમાજના પિતા છે, બીજા બાકીના ગુરુઓએ ગુરુ નથી અને કેવળ જન્મહેતુ પિતા એ પિતા નથી. ગુરુના પગ પાસે બેસીને જેમને શિક્ષણ મળ્યું છે, તેજ 'માતૃમાન્, પિતૃમાન્, આચાર્યવાન્' વગેરે ગૌરવને પાત્ર છે બીજાં બધાં માબાપ વગરનાં બાળકો છે, બધાં અશિક્ષિત છે. કેટલાના નસીબમાં આવું ઉદાર શિક્ષણ મેળવવાનું હોય છે?

('દક્ષિણામૂર્તિ'ના પુસ્તક ૪, અંક ૨ માં લેખક—શ્રી વિનોબા ભાવે)

૬૮—કન્યાવિક્રય

વિદ્યાની હાનિ થાય એટલે કેટલાક કુટુ રિવાજ અનુક્રમે સહેજે પ્રવેશ કરે છે, એમાં કાંઇ અદેખ રાખવાનું કારણ નથી. તેને ન્યાયબુદ્ધિથી તપાસતાં અનુક્રમે [illegible] ને અધોગતિને માર્ગે મૂકનાર છે. આવા રિવાજ દેશમાં આ જમાનામાં પ્રચલિત કન્યાવિક્રય ગણીએ તો કાંઇ ખોટું નહિ કહેવાય!

આ રિવાજથી કદી ભલાઈ થતી હોય એમ તો લાંબે [illegible] માનતું નથી. કન્યાવિક્રયથી ઉપજેલાં નાણાંથી કોઇએ કાંઇ સારું કર્યું હોય, એવા દાખલા પણ મોજુદ નથી.

૭૦–આ સારૂં કે તે?

આ સારૂં કે તે? એ પ્રશ્ન દરેક વ્યક્તિમાત્રને તેના હમેશના વ્યવહારમાં જરૂર ઉદ્‌ભવતો હશે, હરકોઇને તેની જીંદગીના અનેકાનેક કાર્યક્રમમાં 'આ સારૂં કે તે?' એવા સંકલ્પ–વિકલ્પ વારંવાર થાય છે.

મને પણ એક વખત તે પ્રશ્ન મારી મનોમય સૃષ્ટિના તરંગોમાં રમી રહ્યો હતો. હું મોહમયી મુમ્બાપુરી(મુંબઇ)ના ગીરગામ બેકરોડના રસ્તાપરથી તે વખતે પસાર થતો હતો. સમય રાત્રિના દશ વાગતાનો હતો. રસ્તાપર દિવસે દેખાતી ભું ભું કરતી મોટરગાડીઓ અને ટન ટન અવાજ મારતી ઘોડાગાડીઓ દૃષ્ટિગોચર થતી ન હતી. ઘૂરઘૂર કરતી ટ્રામ પણ બંધ થયેલી હતી; એટલે મારા વિચારોના તરંગોને ખલેલ થાય તેવું કાંઇ રસ્તામાં નહોતું. વિચારની ધુનમાં હું રસ્તાપરથી પસાર થતો હતો, તેટલામાં એક ઘરમાંથી હૃદયદ્રાવક અવાજ મારા કર્ણપથપર પડતાં મારા વિચારોમાં ખલેલ પડી,હું ત્યાં ઉભો રહ્યો તો નીચે મુજબ ગઝલ મારા સાંભળવામાં આવીઃ–

"કહીં તું જાય છે દોરી, દગાબાજી કરી કિસ્મત?
ભરોંસે તેં લઇ શાને, આ હરરાજી કરી કિસ્મત?
ચલાવી પુષ્પ માળાપર, નીચે સર્પો ભર્યા કિસ્મત?

ગાનારનું હૃદય ઘણું દ્રવતું હતું. ગાવાનો અવાજ બંધ થયો. મને ભાસ્યું કે, દુઃખી હૃદયને તેના ભૂતકાળના બનાવોનો આઘાત ઘણોજ થતો હશે. આવા વિચારથી મારા હૃદયમાં વધારે કુતૂહલ ઉપજ્યું. ગાનાર કોણ હશે? શું દુઃખ હશે? કિસ્મતના ઘા તેને શું લાગ્યા હશે? વગેરે જાણવાની જિજ્ઞાસાનાં આંદોલનો મારા મગજમાં ચાલતાં હતાં, તેટલામાં તો ગાનારે આત્મગાન બોલવું શરૂ કર્યું, તેનો ભાગ્યો–તૂટ્યો ભાવાર્થ મારા સાંભળવામાં આવ્યોઃ–"હું લક્ષ્મીદાસ એક વખતનો લખપતિ કે જેની જાહોજલાલીનો સૂર્ય અસ્ત થતાં મારી બિમારીના પ્રસંગે પણ મારૂં કોઇ સગું કે મિત્ર નહિ? વાહ કિસ્મત! તારી પણ બલિહારી છે! મારી જાહોજલાલીના સમયમાં 'જી હા' કરી એકઠા થનાર મિત્રો અત્યારે જાણે મને ઓળખતા પણ ન હોય! અહાહા! શું સમયનું પરિવર્તન!!! ખરેખર! ભાઇ ભગવાનદાસ જેવો કોઈ ભાગ્યશાળી નહિ. તે જો કે લખપતિ થયો નહિ, છતાં શું તેના માટે જનસમૂહનો ચાહ! શું તેનો સેવાધર્મ બજાવવાનો સ્વભાવ! મારો બાળસખા હોવા છતાં તેના વિચારોથી હું કદી મળતો થતો નહોતો. આજે તે સમસ્ત મુંબઇપુરીનો માનીતો મિત્ર થઈ પડયો છે. 'આ સારૂં કે તે?' એ પ્રશ્નનું નિરાકરણ ખરેખર હવે હું કરી શકયો છું."

આટલું લક્ષ્મીદાસ બોલી બંધ થયા. મારા કર્ણપર અવાજ આવ્યો કે "આ સારૂં કે તે?" એ પ્રશ્નનું નિરાકરણ ખરેખર હવે હું કરી શકયો છું, જે સાંભળતાં મારી મનોમય સૃષ્ટિના તરંગમાં જે વિચાર રમી રહ્યો હતો, તેનુંજ નિરાકરણ લક્ષ્મીદાસ કરી શકયા તે સાંભળી તેની મુલાકાત લેવાની મને ઇચ્છા તો થઇ; આથી લખપતિ લક્ષ્મીદાસ શેઠને હું નામમાત્રથી તો જાણતો હતો; પરંતુ પરિચય ન હોવાથી મેં મારી ઇચ્છાને માન ન આપતાં આગળ ચાલવા માંડ્યું.

આગળ આવતા સેન્ડહર્સ્ટ રોડપર પહોંચ્યો તો વળી એક મકાનમાંથી શાંત–મધુર અવાજ મારા કાનપર પડ્યો. ગાયન એટલું તો આકર્ષક હતું કે રાત્રિ મોડું થતું હતું, તોપણ હું ત્યાંજ ઉભો રહ્યો ને નીચે મુજબ સાંભળ્યું.

"જગતના કાચના યંત્રે ખરી વસ્તુ નહિ ભાસે, ન સારા કે નઠારાની જરાએ સંગતે રહેજે;
રહેજે શાંતિ સંતોષે સદાએ નિર્મળે ચિત્ત, દિલે જે દુઃખ કે આનંદ કોઇને નહિ કહેજે.

× × ×

સુખાનું તેમ ક્યાં બેસી નથી કો કામ રોવાનું, ભર્યું છે એકદર દુનિયાવિષે જ્યાં ત્યાં વગોવાનું."

× × ×

નહિ નિંદા શાંતિથી રહે એ સુખ મોટું છે, જગતબાજીગરીનાં તું બધાં છલબલ જવા દેજે.

પછી કેટલીવાર પછી પાછો અવાજ સંભળાયો.

"જુઓ જ્ઞાની બધું મારૂં હવે મોંમાં તજી મારૂં, મુવો જેણે ભજ્યું મુવો કેધા શોધે મારૂં."

ગાનારના વિચારોનો પ્રતિધોષ સ્પષ્ટપણે સમજાતો હતો. ગાયું એટલું તો મધુર હતું કે, હું તો મુગ્ધ થઇ ત્યાં ઉભોજ રહ્યો હતો. તેટલામાં ગાનારનું આત્મગત સંભાષણ મારા સાંભળવામાં આવ્યું.

"હજારો હજાર શુક્ર છે તે પરમ માયાળુ પરમાત્માના કે તેમની માયાથી ભાઈ લક્ષ્મીદાસની સાથે હું નાનપણથી સોબતમાં હતો; છતાં મારા આત્મનિશ્ચયમાં અને મારા વિચારોમાંથી ડગો નથી. ભલે મને મીલમજુરોની દોસ્તી રહી-ભલે હું દરદીઓનો સાથી રહ્યો. મને તે સેવામાં આરામ-વિરામ મળે છે. લક્ષ્મીદાસની મોટરના કરતાં તે ઘણે દરજ્જે મને વધારે પ્રિય છે. ભલે મારી આર્થિક સ્થિતિ સારી નથી તોપણ મારૂં દિલ તવંગર છે, તેજ મને શાંતિ છે-તેજ મારી દોલત છે. હું મારા નિશ્ચયમાંથી ડગીશ નહિ. આ સારૂં કે તે? એ પ્રશ્નો ભલે ભાઇ લક્ષ્મીદાસ કર્યા કરે.

બોલવાનો અવાજ બંધ થયો. અલ્પ સમય પહેલાંજ સાંભળેલી લખપતિ લક્ષ્મીદાસની વાતપરના અનુસંધાનથી મને પ્રતીત થયું કે, ઉપરના ઉદ્ગાર તેના મિત્ર ભગવાનદાસના હોવા જોઇએ.

આ બે મિત્રોના ઉદ્ગાર સાંભળી એ વિષયપરત્વે વધારે જાણવાનું મને કુતુહલ થયું; પરંતુ રાત્રિનો સમય ઘણોજ વ્યતીત થયેલો હોવાથી હું ઘેર ગયો અને વિચારના વમળમાંજ અર્ધનિદ્રા તંદ્રિત સ્થિતિમાં રાત્રી પસાર કરી.

વખતના વહેવાની સાથે ઉપરોક્ત રાત્રિની ઘટનાસંબંધી વિશેષ જાણવાનું મળ્યું.

લક્ષ્મીદાસ અને ભગવાનદાસ એ બાળમિત્રો નાનપણથીજ સહાધ્યાયી હતા. એ બન્નેનાં માબાપોનાં ઘર નજીક પડોશમાં હતાં. વળી તેઓ બન્ને ગીરગામ બેકરોડપરની ગુજરાતી શાળામાં એકજ વર્ગમાં અભ્યાસ કરતા હતા, એટલે બન્નેને મિત્ર થવાના સાનુકૂળ સંયોગો હતા; પરંતુ બાળપણથી બન્નેના વિચારોમાં જમીન-આસમાન જેટલું અંતર રહેલું હતું.

લક્ષ્મીદાસના વિચારો મોટરગાડીમાં ફરવાના, મુંબઇના શેરીફ, રાવબહાદુર અને જે. પી. થવાના અને કરોડાધિપતિ થઇ માત્ર શારીરિક વૈભવો ભોગવવાના હતા; જ્યારે ભગવાનદાસના વિચારો તો "**વસુધૈવ કુટુંબકમ્**" એટલે સમસ્ત જગતને પોતાનું કુટુંબ માની-પોતાનાથી બનતી માનવજાતિની સેવા કરવી-ગરીબ અને દરદીઓના દુઃખમાં મદદ આપી પોતાને મળેલા માનવજીવનનું સાર્થક કરવું અને તે પ્રમાણે સેવા કર્યા બાદ-દ્વૈતની જાળને તોડી "તત્ત્વમસિ" ના પાઠને અમલમાં મૂકી આત્માનું પણ શ્રેય કરી આ જીવનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચારે પુરુષાર્થને સિદ્ધ કરવાની અભિલાષા તેનામાં હતી.

'જેવાં બીજ તેવાં વૃક્ષ' તે મુજબ ખરેખર આ બે મિત્રોમાં બન્યું. લક્ષ્મીદાસ તો બી. એ. પાસ થયા પછી વકીલાતનો ધંધો સારો, માની લોકો પાસેથી પૈસા પ્રાપ્ત કરવાનું ઉત્તમ સાધન માની એલ. એલ. બી. નો અભ્યાસ કર્યો. બુદ્ધિચાતુર્ય ઉત્તમ હતું, એટલે તે પહેલે નંબરે પરીક્ષામાં ઉત્તીર્ણ થયા. ધંધો ધીકતો ચાલવા માંડ્યો. પૈસો પુષ્કળ એકઠો કર્યો. જે આવે તેને કહે મૂક પૈસા, નહિ તો "નો ટાઇમ" વાત કરવાનો વખત નથી. આવી રીતે લક્ષ્મીદાસે લક્ષ્મીનો સારો સમુચ્ચય કર્યો. બીજી બાજુ લક્ષ્મીદાસભાઇનો સ્વભાવ 'જી, હા' કરવાનો ખુશામતીઓ; એટલે સરકાર-દરબારમાં, શેઠીયા-શાહુકારમાં પણ ઘણું સારૂં ફાવી ગયા. થોડા વખતમાં તેઓ "જે. પી" અને "રાવ બહાદુર" ની ઉપાધિ મેળવી શક્યા અને બૅન્કના ડાયરેક્ટર, મીલના પ્રોપ્રાઇટર, લિમિટેડ કંપનીના સંચાલક વગેરે વગેરે લક્ષ્મીદાસને તો પૂછવાનો પાર રહ્યો નહિ. પરોપકાર, આત્મભોગ વગેરે શબ્દો તેની નોંધપોથીમાં તો ન હતા

પ્રિય પાઠક! હવે આપણે ભગવાનદાસના જીવન તરફ નજર કરીએ ભગવાનદાસે તો પ્રીવીઅસ પરીક્ષા પાસ કરી, ડૉક્ટરી પરીક્ષા પસાર કરી, યથાશક્તિ માનવસેવા કરવાનો નિશ્ચય કર્યો હતો. તેઓ પણ બુદ્ધિચાતુર્યમાં કુશળ હોઇ એમ. બી બી એસના ડૉક્ટરી પરીક્ષામાં પાસ થયા. પછીથી તેમ સરકારી નોકરી અને બીજી ખાનગી નોકરીની સારી સારી જગ્યાની નિમણુંકના ચાન્સ મળતા હતા; છતાં તેમણે નોકરીનો સ્વીકાર કર્યો નહિ, પરંતુ ગરીબવર્ગની સેવા કરવાના ઉદ્દેશથી "પરેલ" અને "ભુલેશ્વર" દવાખાનાં ખોલ્યાં. પોતાના ઉમદા સ્વભાવથી અને લક્ષ્મીની લાલચ બીલકુલ નહિ હોવાથી ભગવાનદાસ ટુંક સમયમાં બહુજ લોકપ્રિય થઇ ગયા. પરેલના મીલમજુરોમાં તો

ભગવાનદાસ જાણે ભગવાન ન હોય, તેટલી લોકપ્રિયતા તેણે મેળવી લીધી. પોતે તટસ્થ વિચારના હોઇને જાહેર જનસમાજના કામકાજમાં પણ મક્કમ રહેતા અને સરકાર તથા પ્રજાપક્ષ બન્નેને સીધે રસ્તે દોરતા. સરકાર-દરબારમાં "જી, હા" કરવાનો સ્વભાવ ન હોવાથી તેટલા આદરને પાત્ર ન હતા, તોપણ લોકોમાં તેનું માન ઘણું હતું. દરેક જાહેરસમાજના મેળાવડામાં ભગવાનદાસને બોલાવવાની ફરજ પડતી હતી. મીલમજુરો અને ગરીબ લોકોના "ભગવાન"ના અવાજે, જેમ શ્રી મુરલીધરની બંસીએ ગોપીઓને મુગ્ધ કરી મૂકયા હતા, તેમ મોહમયી મુમ્બાપુરીના મનુષ્યોને પણ મુગ્ધ કરી મૂકયા હતા ! ! ! પરંતુ જ્યારે એક બાજુ લક્ષ્મીદાસ લખપતિ થઈ ગયા હતા, મોટર અને બે ઘોડાની ગાડીઓમાં સહેલ કરતા હતા-ત્યારે બીજી બાજુ તેનો બાળસ્નેહી ભગવાનદાસ આર્થિક સ્થિતિમાં તદ્દન ગરીબ હતો અને મજુરોની ચાલીઓમાં-ગરીબોનાં ઝુંપડાંમાં રાત્રિદિવસ ફરતો હતો.

× × × ×

આજે મીલો બંધ હતી. મજુરો મીલપર કામ કરવા જવાને બદલે સેન્ડહર્સ્ટ રોડપર ભગવાનદાસના મકાનપર એકઠા થતા જતા હતા, મહેતા-મુત્સદ્દીઓ સૌ સૌની દુકાને જવાને બદલે સેન્ડહર્સ્ટ રોડપર એકઠા થતા હતા; શાક મારકીટ બંધ, કાપડ મારકીટ બંધ ! અરે ભાડુતી ગાડીવાળાઓ પણ બંધ ! લોકોનાં ટોળાં સેન્ડહર્સ્ટ રોડપર ઉભરાઇ નીકળ્યાં હતાં; ઑફીસો બંધ છે. ટ્રામ ચલાવનારા માણસો પણ કહે છે કે, આજે અમો કામપર નહિ આવીએ. અમારા ભગવાનદાસના પંચભૂતના શરીરનો આજે વિલય થયો છે. મુંબઇના આબાળવૃદ્ધ સૌએ ભગવાનદાસે કરેલી સેવાના બદલામાં હાજર થઇ અશ્રુપૂર્ણ નયને સદ્દગત આત્માને માન આપ્યું. એક લાખ માણસના સમુદાય વચ્ચે 'ભગવાનદાસ' નામધારી મૃતશરીરને બહાર કાઢ્યું. પુષ્પોની વૃષ્ટિથી પૃથ્વીને ઢાંકી નાખી. સૌ કોઇ કહેવા લાગ્યા કે "ધન્ય છે ભગવાનદાસને ! તેનાં માતપિતાને ! દ્વૈતને જીતી તેણે ખરેખર તેના આત્માનો ઉદ્ધાર કર્યો છે !"

ભગવાનદાસે પોતાને પ્રાપ્ત થયેલા સ્થૂલ પંચભૂતના પિંજરથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે પુરુષાર્થ સિદ્ધ કર્યા અને ભવિષ્યની પ્રજામાટે એક આદર્શ પુરુષતરીકે તેનું નામ ચિરસ્થાયી કરી આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો. "

લખપતિ લક્ષ્મીદાસ ક્ષણિક અભ્યુદયના ઉન્નત શિખરે પહોંચ્યા તો ખરા; પરંતુ કિસ્મતની કરામત ! ભાગ્યદેવીનો પ્રકોપ થતાં તેની જાહોજલાલીનો સૂર્ય અસ્ત થવા લાગ્યો. "**छिद्रेषु अनर्था बहुली भवन्ति**" તે નિયમ મુજબ એક સાંધે ત્યાં તેર તૂટે તેમ થવા લાગ્યું. બૅન્ક ભાંગી-આખી જીંદગીમાં સમુચ્ચય કરેલું દ્રવ્ય નાશ થયું. દ્રવ્ય જતાંની સાથે લક્ષ્મીનાં સાથી સગાં-સહોદર સૌ એક પછી એક ઓછાં થવા લાગ્યાં. શારીરિક વૈભવોનાં સાધનો ઓછાં થયાં. માનસિક શાંતિ તો જેને પહેલેથીજ હતી નહિ, બધું નાશવંત ભાસવા માંડયું ! તેના બાળસખા ભગવાનદાસ યાદ આવ્યા અને ઘણી વખત ભગવાનદાસની સાથે "આ ઐહિક વૈભવો જે સેવાધર્મ કરતાં સારા છે" તે કરેલો વાદવિવાદ યાદ આવ્યો અને "ઐહિક વૈભવો નાશવંત છે, અને તે બ્રહ્મ અજર-અમર છે" તેનું તેને ભાન થયું.

હૃદય ખિન્ન હતું, કિસ્મતે દીધેલા દગા યાદ આવતા હતા અને 'આ' સારૂં નથી; પરંતુ 'તે' ભગવાનદાસનું સારૂં છે, તે યાદ આવતાં હું બહાર ફરવા નીકળ્યો હતો, તે વખતે લક્ષ્મીદાસને ગાતાં સાંભળ્યા હતા.

× × × ×

ભગવાનદાસના દેહનો વિલય થયો; પરંતુ તે તેના સિદ્ધાંત અમર કરી ગયા.

હવે તો માત્ર લક્ષ્મીદાસને નહિ, પણ સૌ કોઇને મુંબઈ નગરીમાં ખબર પડી કે, લક્ષ્મીદાસના 'આ' ઐહિક વૈભવો સારા નથી, પરંતુ 'તે' ભગવાનદાસનો સેવાધર્મ સારો છે.

પ્રિય પાઠક ! 'આ સારૂં કે તે ?' જ્યારે જ્યારે વિચાર કરવાનું ઉપસ્થિત થાય, ત્યારે ત્યારે લક્ષ્મીદાસ અને ભગવાનદાસની જીવનકથામાંથી નિર્ણય શોધી લેશે તો પ્રસ્તુત ઉલ્લેખનો શ્રમ સફળ થયો ગણવાનું લેખક ભાગ્ય માનશે. इति अलम् !

('નવુંચેતન'ના ૧૯૮૪ની દિવાળીના અંકમાં લેખકઃ-ડૉક્ટર પોપટલાલ અ. લુપનકર એમ.બી.બી.એસ.)

૭૧–સોવીએટ રશીઆ

રશીઅન સાહિત્યમાં અદ્‌ભુત પ્રગતિ

બોલ્શેવિકોની નિંદા આખી દુનિયા કરે છે; પરંતુ જ્યારથી રશીઆપર સોવીએટનો અધિકાર થયો છે, ત્યારથી દેશમાં ભારે પ્રગતિ થઈ ગઇ છે. યૂરોપમાં રશીઆને સૌથી અસભ્ય દેશ ગણવામાં આવતો હતો. ત્યાં સાક્ષરોની સંખ્યા આપણા હિંદ કરતાં પણ ઓછી હતી; પણ સોવીએટ રાજ્યે થોડાજ દિવસોમાં નિરક્ષરતાને મોટે ભાગે ઓછી કરી દીધી છે.

આ જમાનામાં રશીઅન સાહિત્યે જે ઉન્નતિ કરી છે, તેની બરાબરી કોઇ મોટામાં મોટું રાજ્ય પણ કરી શકતું નથી. એકલા મોસ્કો શહેરમાં ૪૦૦ ઉપર પ્રકાશન કાર્યાલયો છે, લેનીનગ્રેડમાં ૬૦૦ ઉપર અને સમસ્ત રાજ્યમાં ૧૦૦૦ ઉપર. આમાંનાં કેટલાંક કાર્યાલયો એવાં છે, કે જે વરસમાં હજારો પુસ્તકો પ્રસિદ્ધ કરે છે. ત્યાંની સ્ટેટ પબ્લિશીંગ કંપની (પુસ્તક પ્રકાશનની સરકારી કંપની) જગતમાં સૌથી મોટું કાર્યાલય છે. ૧૯૨૪માં એણે ૨ કરોડ ૧૭ લાખ પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં હતાં. એ વર્ષમાં લેનીનના લેખસંગ્રહની ૯૦ લાખ નકલો વેચી. કાર્લમાર્ક્સના સિદ્ધાંતોના ગ્રંથો ૧૯૨૪ માં દોઢ લાખ વેચ્યા. ૧૯૨૫ ના પૂર્વાર્દ્ધમાં ૧ લાખ ૬૦ હજાર પુસ્તકો લખાવ્યાં. એ લેખકોનાં નામ ઉપર જનતા ત્યાં ભાન આપે છે. ૧૯૨૪માં સરળ સાર્વજનિક પુસ્તકનું સરેરાશ વેચાણ ૮૩૦૦ હતું. અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનું વેચાણ સરેરાશ ૧૯ હજાર હતું. સોવીએટ રાજ્યના સિદ્ધાંતના ઉલ્લેખ કરનાર ગ્રંથોનું ૨૧ હજાર જેટલું વેચાણ હતું. આ ઉપરથી ત્યાંની જનતાની અભિરુચિ જણાઈ આવે છે. આ ઉન્નતિ એવી દશામાં થઈ કે જ્યારે સેન્સરની આજ્ઞાસિવાય એક પણ ચોપાનિયું છપાતું ન હતું ત્યારે. સાચી દેશભક્તિ ને સ્વરાજની આ ધગશ છે. આપણે ૧૫૦ વર્ષમાં પણ જેટલું ન કરી શક્યા તે સોવીએટ રશીઆએ ૫-૬ વર્ષમાં કરી બતાવ્યું છે.

રશીઆમાં સંસ્કૃત

સંસ્કૃત અધ્યયનના શ્રીગણેશ ૧૮૮૦થી થયા. પ્રૉ. જે કોસોવિક્ઝ તથા એમનો શિષ્ય મિનયફ સંસ્કૃતના ધુરંધર વિદ્વાન હતા. એ પછી જર્મનીના વિદ્વાન પ્રૉ ઓ. વોથલિંકનો નંબર આવે છે. એમણે "સેંટપીટર્સબર્ગ" નામનો કોષ સાત ભાગમા ૧૮૫૫ મા રશિયાની વિદ્વત્પરિષદના ખર્ચથી છપાવ્યો. આ કોષ સંસ્કૃતના બીજા કોષોમા શ્રેષ્ઠ છે. વળી પાણિનિની બે આવૃત્તિ છપાવી; મૃચ્છકટિક તથા કેટલાંક ઉપનિષદના અનુવાદ પણ કર્યા છે. રશિયાનો પ્રસિદ્ધ સંસ્કૃત પ્રૉ. બી. વગીલીફ હતો, જેણે બૌદ્ધમતનો એક ઇતિહાસ લખ્યો છે અને 'તારાનાથ' નામના પુસ્તકનો અનુવાદ કર્યો છે. રશીઆમાં હાલમા સૌથી પ્રસિદ્ધ સંસ્કૃતના વિદ્વાન પ્રૉ. ધા સ્ચેરનેટસ્કી છે. એમણે હિંદમા બે વર્ષ રહી અધ્યયન કર્યું છે અને કેટલાક ગ્રંથો છપાવ્યા છે. ૧૯૨૫ના સપ્ટેમ્બરમાં રશીઆની વૈજ્ઞાનિક વિદ્વત્પરિષદે પોતાની અર્ધશતાબ્દી ઉજવી હતી. રશીઆનો વિજ્ઞાનમાં સંસ્કૃતના અધ્યયનને પણ સામેલ કરે છે. રશીઆએ ત્રણ પુરુષોને નિમંત્રણ કર્યું હતું:-પ્રૉ. સી. વી. રમન મુંબઇના પ્રૉ. મોદી તથા પ્રેસીડેન્સી કોલેજના પ્રૉ. એસ. એન. દાસગુપ્તા. રસ સરકાર એમનો જવા-આવવાનો ખર્ચ આપવા તૈયાર હતી પ્રૉ. દાસગુપ્તા જઇ શક્યા નહિ; પરંતુ ત્યાંની વૈજ્ઞાનિક પરિષદે સંસ્કૃત જ્ઞાનનું સન્માન કરી એમને "પીટર્સબર્ગ-સંસ્કૃત-જર્મન કોષ" પારિતોષિક રૂપમા પ્રદાન કર્યો. આ પુસ્તક હમણા છપાતું નથી. આમ છેલ્લા નવ વર્ષમા રશીઆએ અદ્‌ભુત પ્રગતિ કરી છે અને જગતનું ધ્યાન ખેંચ્યું છે

('હિંદુસ્થાન'ના દીપોત્સવી અંકમા લેખક-કલ્યાણજી મહિભાઈ દેસાઇ)

૭૨–શહેરી જીવનની ભ્રષ્ટતા અને ગ્રામ્યજીવનની શ્રેષ્ઠતા

(ગામડાનું જીવન કેટલું નિર્દોષ અને શહેરનું જીવન કેટલું ભ્રષ્ટ છે, તે દર્શાવનારૂં ભાવસૂચક એક કાવ્ય નજરે ચઢતાં તે અત્રે આપવામાં આવે છે.)

સ્યેરમાં[1] એલા જાસ માં[2] માંડણ, સ્યેરમાં એલા જાસ માં;
સ્યેરમાં જા તો ઝાઝું રેકાસ માં[3] રે......માંડણીયા !
સ્યેરની હાંકડી[4] શેરીયું માંડણ, સ્યેરની હાંકડી શેરીયું;
ધોલકાં જેવાં ઘર ન્યાં ખોટી થાસ માં રે......માંડણીયા !

બઝારે ભૂંકણગાડીયું[5] ઘોડે, બઝારે ભૂંકણગાડીયું;
જોતો જોતો હાલજે તું [6]કસરાસ માં રે......માંડણીયા !
કંગલાં[7] જેવાં માંનવી એનાં, કંગલાં જેવાં માંનવી;
હશે હડીયું[8] કાઢતાં ઇ ભટકાસ માં[9] રે......માંડણીયા !

'સા'નાં[10] રંગેડાં[11] ઉકળે ભૂંડાં, 'સા'નાં રંગેડાં ઉકળે;
આખા મલકનાં એઠાં ઇ પીવા જાસ માં રે......માંડણીયા !
રાંધ્યાં ધાન વેસાય[12] સે ન્યાં તો, રાંધ્યાં ધાન વેસાયસે;
કાસાં કોરાં[13] ખાઇ અનરવો[14] થાસ માં રે......માંડણીયા !

પાણીના શીંહા[15] વેસાય સે લાગઠ[16] પાણીના શીહા વેસાય સે,
ઇ રંગેલ ભાંભળાં[17] પાણી મોંને પાસ માં રે......માંડણીયા !
સ્યેરનાં માંણહ પાંદડાં[18] સાવે, સ્યેરનાં માંણહ પાંદડાં;
તું ભુખ્યો તરસ્યો[19] એવા કુસા ખાસમાંરે......માંડણીયા !

રેલ ફતુરનો રાફડો ફાટયો સે, રેલફતુરનો રાફડો;
ન્યાં નાગાં નાટક શેટક જોવા જાસ માં રે......માંડણીયા !
સ્યેડકઢાં[20] ન્યાં દૂધ નથી ભાઇ, સ્યેડકઢાં ન્યાં દૂધડાં;
નઇ કર્ય[21] મોરનાં આંહુ[22] જેવી સાસ માં[23] રે......માંડણીયા !

પાણીયે આખાં[24] નો મળે મીઠાં, પાણીયે આખાં નો મળે;
હંસે ભાંગેલ,[25] ભૂંગળે વે'તા[26] વાહમાં[27] રે......માંડણીયા !
હંસે[28] વાળ્યો સે ઓટલો[29] દેહનો, હંસે વાળ્યો સે ઓટલો:
મોટા હંસા ભાળીને ગાંડો થાસ માં રે......માંડણીયા !

ધનધૂતા નો પાર નથી ન્યાં, ધન ધૂતાનો પાર નઇ;
મોઢડે મીઠા ધૂતાથી[30] શેતરાસ માં[31] રે માંડણીયા !
મેડીયું ઉપર મેડીયું ભાળી, મેડીયું ઉપર મેડીયું;
આ નેહના[32] હિલોળા[33] તું ભૂલી જાસ માં રે......માંડણીયા !

("સૌરાષ્ટ્ર" તા. ૮–૮–૨૫ ના અંકમાં લખનારઃ–ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ)

---

૧ શહેરમાં, ૨ જઇશ માં, ૩ રોકાઇશ માં, ૪ સાંકડી, ૫ મોટરો, ૬ કચરાઇશ માં; ૭ સત્વ-હીન, ૮ દોટો, ૯ ભટકાઇશ માં, ૧૦ ન્હાનાં, ૧૧ દેગડાં, ૧૨ વેચાય છે, ૧૩ કાચાં–કોરાં, ૧૪ માંદો, ૧૫ સીસા, ૧૬ બધે ઠેકાણે, ૧૭ ખારાં–મોળાં, ૧૮ પાનપટ્ટી, ૧૯ તરસ્યો, ૨૦ ધારોષ્ણ, ૨૧ કરીશ નહિ, ૨૨ આંસુ, ૨૩ છાશમાં, ૨૪ વગર વલોવાયાં–કુદરતી, ૨૫ સંચાથી વલોવી નાખેલ, ૨૬ નળમાં વહેતાં, ૨૭ રહેઠાણમાં, ૨૮ સંચે–યંત્રોએ, ૨૯ પાયમાલી, ૩૦ ધુતારા, ૩૧ છેતરાઇશ માં, ૩૨ નેસના, ૩૩ આનંદ–મગ્ન.

૭૩—આજ અને કાલ

કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતના પાયા ઉપર રચાયેલા હિંદુ તત્ત્વજ્ઞાનના અનુયાયીઓ-માટે 'આજ'ના કરતાં 'આવતી કાલ' વધારે મહત્ત્વની હોય એમાં નવાઈ નથી. 'આજ' સાધન છે, 'આવતી કાલ' સિદ્ધિ છે. 'આજ' અસ્થિર, અનિત્ય છે; 'આવતી કાલ' સનાતન, નિત્ય, શાશ્વત છે. હિંદુઓ 'આજ'ને માટે ન જીવે; 'આવતી કાલ'ને ખાતર જીવે અને જરૂર પડ્યે 'આવતી કાલ'ને માટે મરે પણ ખરા. 'આજ'ના તમામ પ્રયત્નો 'આવતી કાલ'ની સત્-સિદ્ધિને અર્થે હોય; 'આજ'ની બધી વિટંબના 'આવતી કાલ'ની પરમ શાંતિને અર્થે અનંત આજનું ઘોર યુદ્ધ 'આવતી કાલ'ના ગૌરવાન્વિત વિજયને અર્થે હોય.

પ્રાચીન ભારતે 'આવતી કાલ'ના આ પ્રાણપ્રશ્નને અદ્ભુત સરસ રીતે ઉકેલી નાખ્યો હતો. 'આજ'ના જીવનને સંપૂર્ણ રીતે જીવી-જીરવી, 'આજ'ની ધાંધલમાંથી નિવૃત્ત થઈ બેઠેલા વાનપ્રસ્થ ઋષિઓના સુંદર આશ્રમોમાં તે કાળે આપણી 'આવતી કાલ'નું ઘડતર થતું હતું. 'આવતી કાલ'ના સ્વરૂપને સમજી તે પ્રમાણે તેને ઘડવાની તે ઋષિઓ પાસે શક્તિ હતી, ફુરસદ હતી અને સ્વતંત્રતા હતી. તેમની પાસે ફક્ત એકજ ધ્યેય હતું. આવતી કાલનું નિર્માણ તથા દૈહિક અને ઐહિક વિટંબનાઓવગરના એ ઋષિઓ એ નિર્માણકાર્યમાં બધી રીતે સ્વતંત્ર હતા. 'આવતી કાલ' 'આજ'ના કરતાં વધારે ઉજ્જ્વળ બને, સુંદર બને, નિર્મળ બને અને ભવ્ય બને એટલીજ તેમની અભિલાષા હતી. અને એ અભિલાષામાંથી ભ્રષ્ટ, ચ્યુત થવું પડે એવું કોઈ જાતનું દબાણ તેમના ઉપર ન હતું. કોઈ સરકાર-દરબારને રીઝવવા માટે એ અભિલાષા ઉપર સીધી કે આડકતરી રીતે અંકુશ મૂકવાની તેમને જરૂર નહોતી. તેમના જીવનનિર્વાહનો આધાર કોઈ સરકાર-દરબારોની મીઠી નજર ઉપર નહોતો. તેઓ સમાજમાન્ય હતા; સમાજ તેમને અનિવાર્ય ગણતો; સમાજને મન તેઓ ભૂતકાળની જીવંત જ્યોતિ સમા હતા; સમાજ તેમને પિતૃસ્થાને ગણી "પિતૃદેવો ભવ" એ સૂત્રમાં શ્રદ્ધા રાખી તેમને નિભાવતો; એટલુંજ નહિ પરંતુ સન્માનતો અને પૂજતો પણ ખરો. અને તેઓ પણ 'સમાજકલ્યાણ' એ એકજ સૂત્રને લક્ષ્યમાં રાખી, ભૂતકાળના પાયા ઉપર વર્તમાનના સંયોગોને અનુસરી 'આવતી કાલ'નું ઘડતર કર્યે જતા.

પરંતુ આજના વ્યવહાર ભણી વળીએ તો આથી કાંઈ ઊલટીજ વાત નજરે પડે છે. 'આવતી કાલ'ના નિર્માણને માટે આજે આપણે કેટલી કાળજી રાખીએ છીએ? કેવળ સંતાનોત્પત્તિ ઉપરાંત બીજું આપણે શું કરીએ છીએ? 'આવતી કાલ'ના વિધાયક એ સંતાનોને આપણા આદર્શો પ્રમાણે ઉછેરવા અને કેળવવામાટે આપણે દિવસનો કેટલામો ભાગ નિયત રાખીએ છીએ?

આપણે દલીલ કરીશું કે, આધુનિક યુગ શ્રમવિભાગનો યુગ છે; આધુનિક પ્રવૃત્તિની ગડમથલમાં એક ને એક માણસ અનેક ઠેકાણે પોતાની શક્તિઓને રોકી શકતો નથી. 'ભવિષ્યની પ્રજા' ઉત્પન્ન કરવી અને એ ઉત્પન્ન થયા પછી શાળાઓમાં જવાને યોગ્ય થાય ત્યાંસુધી એમને જેમ તેમ જીવતી રાખવી, એટલુંજ કાર્ય અત્યારે માબાપોએ કરવાનું છે; તેપછીનું બધું શાળાઓની અંદર શિક્ષકો કરી લેશે. 'આવતી કાલ'ના નિર્માણનું બધું કાર્ય શાળાઓ અને કૉલેજોનેજ સોંપવામાં આવ્યું છે' ઇત્યાદિ. અને આ દલીલ પોકળ છે, એ વાતની શાખ તો આપણી શાળા-કૉલેજોમાંથી દર વર્ષે બહાર પડતો નવો-નમાલો ફાલ સચોટરીતે પૂરે છે. આ નવી સૃષ્ટિ જૂનીના કરતાં વધારે મૂઠીવાળી, વધારે શક્તિસંપન્ન, વધારે આશાવંત તો નથીજ.

આજના આ યંત્રયુગમાં બીજી બધી બાબતોની પેઠે આ શિક્ષણમાંયે યંત્રથી કામ લેવાનું શરૂ થઈ ગયું છે; અને અનેક ભિન્ન ભિન્ન મનોવૃત્તિવાળા ભિન્ન ભિન્ન સંયોગોમાં ઊછરતા બાળકોમાટે એકજ પ્રકારની કેળવણી કાયદારૂપી સંચામાંથી તૈયાર થઈને નીકળે છે. 'આવતી કાલ'ના ખરા શિલ્પીઓ—તે આજે સર્જકો મટી, તે કેળવણીરૂપી મશીનના [illegible] મજૂરો જેવા બની ગયા છે. પોતાના આદર્શોનુસાર સર્જન કરવાની તેમને છૂટ નથી, મોટા ભાગમાં તો શક્તિએ નથી, કદાચ આદર્શો જેવુંએ કશું નથી. શિક્ષકવર્ગને નમતું [illegible] છે—પોતાની ઇચ્છાથી નહિ

પરંતુ આકતરી રીતે–સન્માનતો તો નથીજ. આવા મજૂર–શિક્ષકોના હાથ નીચે કેળવણીના સંચા-માંથી નીકળતા આપણા નવજુવાનોને–એમને નવજુવાનો શામાટે કહીએ? એમનામાં નવીનતાયે નથી અને જુવાનીયે નથી! એમનામાં વિવિધતાયે નથી, સ્વયં પ્રેરણાયે નથી. મજૂર–શિક્ષકો પાસેથી એકજ જાતની ભાવના મળેલી હોય છે, બીજો ગમે તે પ્રકારનો ભોગ આપીને જેટલું બની શકે તેટલું સુખી જીવન ગાળવાની. એમનામાં એકજ જાતની આવડત છે અને તે માથું અને પેટ સલામત રાખવામાટે નાક જતું કરવાની!

આટલી સ્થિતિમાં કોઇ પણ ચિંતનશીલ વ્યક્તિને 'આવતી કાલ'માટે નિરાશા અને અશ્રદ્ધા ઉપજે તેમાં નવાઇ શી?

× × × × ×

('ક્ષાત્રતેજ' તા. ૧૧–૧૧–૨૭ નો મુખ્ય લેખમાંથી)

૭૪–દેશનો સાચો દોરવનાર–તારણહાર કેવો હોય?

લૌકિક કીર્તિ કે અધિકાર સાચા પ્રભુપ્રેમીને ખપે નહિ.

('ડુંગરીના તારણહાર'નું છેલ્લું પ્રકરણ–ડુંગરીની પ્રજા વિજયોત્સવ ઉજવે છે.)

ત્રણ દિવસ અને ત્રણ રાત્રિઓ સુધી આ વિજયોત્સવ ચાલુ રહ્યો. તેજસ્વી દીપમાળાએ રાત્રિદિવસ વચ્ચેનો ભેદ ભાંગી નાખ્યો. [illegible] નદીના હરિયાળા કિનારાપર જનતાએ નૃત્ય, ગીત અને ભોજનના વિજય–કલ્લોલ પાથરી દીધા; પરંતુ આ માંગલિક અવસરમાં, આ જલસા-ઓમાં ને આ નાચરંગમાં, આ જમણમાં કે જીંદગીમાં એક–એકજ મોં ક્યાંયે દેખાતું નથી. પ્રજાની આંખો આમતેમ [illegible] એને શોધે છે, પણ એ નરકેસરીનું ગગન–રમતું મસ્તક, ઝગારા કરતું ભાલ–[illegible], [illegible] આંખો ક્યાંયે જડતાં નથી. નાનાં બાળકો પોતાની માતાઓને પૂછે છે કે, અમને [illegible] ઉપર બેસાડી વાર્તાઓ કહેનાર ને મીઠાઇ આપનાર એ દોસ્ત ક્યાં ગયો? [illegible] હમેશાં [illegible] દેનાર હાથને શોધતા શોધતા પૂછે છે કે, એ દયાળુ ક્યાં છે?

દોસ્ત ક્યાં છે? તારણહાર ક્યાં છે?

તારણહાર નથી આવ્યો. એ પોતાની નાનકડી ઓરડીમાં બત્તી બુઝાવીને ઘુંટણીએ પડી પ્રભુની બંદગી ગુજારે છે. આવા ઉત્સવોમાં ભળવાની એને આદત નથી. શોરબકોરમાં સામેલ થવું એને ગમતું નથી. [illegible] મનોવૃત્તિ એ તારણહારની ન હોય. એ તો એકાંતમાં બેઠો બંદગી કરી રહ્યો છે કે "ઓ પ્રભુ! મારા વીર મજિયરોનો આ વિજયોત્સવ [illegible]! [illegible] ન દેતો! [illegible] વિલાસમાં ન ડુબવા દેતો! [illegible]!"

[illegible]

[illegible]

[illegible]

[illegible]

એનું દિલ ભરાઇ આવે છે, તારણહાર એકાંતે બંદગી કરે છે.

રાજાજી માગે છે કે, મારા સાથીઓ હજુ ક્યારે જેના હાથનો પરાજય પામીને પણ હું આજે ગર્વ ધરું છું. એ સુભટને આજે મારી પાસે તેડી લાવો. મારે એની સાથે આજે કદી નથી મિલાવ્યા તેવી રીતે હાથ મિલાવવા છે. કોઇ ડીકને તેડી લાવો!

ડીક ન આવ્યો. એ બંદગી કરે છે.

રાજાજીનું હૃદય આજે રોકાતું નથી, એ ડીકની પાછળ દોડે છે. ડીક ઉપર એનો પ્યાર ઉભરાય છે. પ્રધાનને પૂછે છે કે "ઓ આન્દ્રેસી! ડીકને હું કયી રીતે વિભૂષિત કરી શકું?"

પ્રધાને કહ્યું કે "મહારાજ! આપના હાથમાં લક્ષ્મી છે, પદવીઓ છે, હોદ્દાઓ છે-બધું છે. બીજા સૌ કોઇને આપ નવાજી શકશો, પણ ડીકને એ તમામ સમૃદ્ધિથી પણ નહિ નવાજી શકાય. હંગેરીનો તારણહાર તો એ બધાં પ્રલોભનોથી પર ચાલ્યો ગયો છે."

"બીજું તો કાંઇ નહિ, ખેર; પરંતુ આ મારી ને રાણીજીની એક છબી લઇ જાઓ અને ડીકને કહો કે, મારી આટલી ભેટ સ્વીકારે."

રત્નજડિત ચોકઠામાં મઢેલી એ રાજ-દંપતીની છબી રાજકર્તાના સાચા દિલનું સ્નેહ-ચિહ્ન કહેવાય; પરંતુ ડીકે તો એ પણ ન સ્વીકાર્યું.

ડીક પ્રાર્થના કરે છે; જગત્પિતાની સન્મુખ ખડો છે. રાજ-ભેટ એને નથી ખપતી.

રાજાજીએ દીન શબ્દોમાં એટલુંજ પૂછાવ્યું કે "ઓ ડીક! તારા સરખા અડગ દુશ્મનપર વીરપૂજાની અને અહેસાનમંદીની મારી જે ઉર્મિઓ ઉછળે છે, એને વ્યક્ત કરવાનો કોઇક રસ્તો તું બતાવ. મને નિરાશ ન કર ભાઈ!"

ડીકે કહેવરાવ્યું કે "મહારાજ! મારા મૃત્યુ પછી ખાસ આટલુંજ કહેજો કે "ડીક પ્રમાણિક આદમી હતો. બસ,- એથી વધુ મારે કાંઇ ન ખપે."

અમુક દિવસમાં તુફાન પૂરાં કરીને આખી પ્રજા ઉદ્યમે ચઢી ગઇ. રાજતંત્રનાં ચક્રો ગોઠવાવા લાગ્યાં. સર્વાનુમતની મદદથી રાજાએ ડીકને મુખ્ય સચિવના પદપર નિમંત્ર્યો; પરંતુ ડીકે ના પાડી. પ્રધાનમંડળના સામાન્ય સચિવ બનવાની પણ એણે ના પાડી.

"ઓ ડીક! તને આ શું થયું?"

"કાંઇજ નહિ ભાઇ! હું તો હવે મારા વતન કેહીદા ગામમાં ચાલ્યો જઇશ. વાર્ષિક ત્રણસો પાઉન્ડની મારી જે આવક છે, તે મારેમાટે ઘણી છે. હું બાકીનું આયુષ્ય આરામ શાંતિમાં ગુજારીશ, બેઠો બેઠો જગત્પિતાની બંદગી કર્યા કરીશ.મને જવા દો,હવે મારું કામ ખતમ થયું છે."

પણ પ્રજા આડી આવીને ઉભી રહી. ડીકનો રસ્તો એણે રોકી લીધો. માતાના વિયોગે બચ્ચાં રડતાં હોય, તેવી વેદના પામીને પ્રજા અશ્રુભીની આંખે આજીજીની દૃષ્ટિ માંડતી ઉભી રહી. જનેતાઓએ ફૂલસરખાં નાનાં બચ્ચાં લાવીને તારણહારના રસ્તા આડે સુવાડી દીધાં. લાકડીને ટેકે ડગમગુ ચાલનાં ડોસા-ડોસીઓએ આર્જવ ને ઠપકાનાં વચનો ઉચ્ચાર્યાં કે "તારણહાર! શું આટલો બધો નિર્દય થાય છે? ગામડામાં જઇને શું જલ્દી શાન્તિ ભોગવવા બેસી જવું છે? પ્રજાને અંતરિયાળ રઝળાવવી છે કે?"

નિઃશ્વાસ નાખીને ડીક રોકાયો. તે પાર્લામેન્ટનો એક સાધારણ સભાસદ બનીને રહ્યો. નવ વર્ષસુધી એ નમ્ર સ્થાનપરજ બેઠો રહ્યો;-પરંતુ સમર્થમાં સમર્થ પ્રધાન કરતાંયે એનો પ્રભાવ અધિક તાપે તપતો રહ્યો. એનું-હંગેરીના એ તારણહારનું વચન કોઇએ ઉથાપ્યું નહિ. એની નિખાલસ સલાહોને સદાય સૌએ શિરપર ચઢાવ્યા કરી. એના મતના વિરોધી પક્ષો પણ એની સચ્ચાઇને વંદન કરતા રહ્યા. એ તો દેશ બધાનો આરાધ્ય દેવતાજ હતો. શ્વેત વાળથી વિભૂષિત એ સિત્તેર વર્ષનો પોલાદી દેહ પાર્લામેન્ટમાં અને સારાયે દેશમાં પોતાની પરિપક્વ વૃદ્ધાવસ્થાનો શીતળ પ્રભાવ પાથરતોજ રહ્યો. એના વિશાળ ચહેરાપરની કરચલીઓમાં પાંત્રીસ વર્ષના પ્રજાકીય ઇતિહાસની જાણે અકેક પંક્તિ લખાઇ ગઇ હોય તેમ માનીને લોકો એ રેખાઓને ઉકેલતા, પ્રેરણા પીતા, નમી પડતા. એની છત્રછાયા તળે તો પ્રજાએ આબાદીના પંથપર કંઇ કંઇ અસાધારણ ડગલાં માંડી દીધાં. યૂરોપીય પ્રજાઓની અવગણના, હાંસી તેમજ તિરસ્કારભરી

પરંતુ આડકતરી રીતે-સન્માનતો તો નથીજ. આવા મજૂર-શિક્ષકોના હાથ નીચે કેળવણીના સંચામાંથી નીકળતા આપણા નવજુવાનોને-એમને નવજુવાનો શામાટે કહીએ ? એમનામાં નવીનતાયે નથી અને જુવાનીયે નથી! એમનામાં વિવિધતાયે નથી, સ્વયં પ્રેરણાયે નથી. મજૂર-શિક્ષકો પાસેથી એકજ જાતની ભાવના મળેલી હોય છે, બીજો ગમે તે પ્રકારનો ભોગ આપીને જેટલું બની શકે તેટલું સુખી જીવન ગાળવાની. એમનામાં એકજ જાતની આવડત છે અને તે માથું અને પેટ સલામત રાખવામાટે નાક જતું કરવાની!

આટલી સ્થિતિમાં કોઇ પણ ચિંતનશીલ વ્યક્તિને 'આવતી કાલ'માટે નિરાશા અને અશ્રદ્ધા ઉપજે તેમાં નવાઇ શી ?

× × × × ×

('ક્ષાત્રતેજ' તા. ૧૧-૧૧-૨૭ નો મુખ્ય લેખમાંથી)

૭૪-દેશનો સાચો દોરવનાર-તારણહાર કેવો હોય ?

લૌકિક કીર્તિ કે અધિકાર સાચા પ્રભુપ્રેમીને ખપે નહિ.

('હંગેરીનો તારણહાર'* નું છેલ્લું પ્રકરણ-હંગેરીની પ્રજા વિજયોત્સવ ઉજવે છે.)

ત્રણ દિવસ અને ત્રણ રાત્રિઓસુધી આ વિજયોત્સવ ચાલુ રહ્યો. તેજસ્વી દીપમાલાએ રાત્રિદિવસ વચ્ચેનો ભેદ ભાંગી નાખ્યો. ડાન્યૂબ નદીના હરિયાળા કિનારાપર જનતાએ નૃત્ય, ગીત અને ભોજનના વિજય-કલ્લોલ પાથરી દીધા; પરંતુ આ માંગલિક અવસરમાં, આ જલસામાં ને આ નાટારંભમાં, આ જમણમાં કે બંદગીમાં એક-એકજ મોં કયાંયે દેખાતું નથી. પ્રજાની લાખો આંખો અધીરી બનીને શોધે છે, પણ એ નરકેસરીનું ગગન-રમતું મસ્તક, ઝગારા કરતું આભ-કપાળ, ઘાટાં ભવાં ને ઝીણી આંખો કયાંયે જડતાં નથી. નાનાં બાળકો પોતાની માતાઓને પૂછે છે કે, અમને પૂલ ઉપર બેસાડી વાર્તાઓ કહેનાર ને મીઠાઇ આપનાર એ દોસ્ત કયાં હશે ? ગરીબો પોતાને હમેશાં ખેરિયત દેનાર હાથને શોધતા શોધતા પૂછે છે કે, એ દયાળુ કયાં છે ?

ડીક કયાં છે ? તારણહાર કયાં છે ?

તારણહાર નથી આવ્યો. એ પોતાની નાનીશી ઓરડીમાં બત્તી બુઝાવીને ઘુંટણીએ પડી પ્રભુની બંદગી ગુજારે છે. આવા ઉત્સવોમાં ભળવાની એને આદત નથી. શોરબકોરમાં સામેલ થવું એને ગમતું નથી. હર્ષાવેશને વશ થાય તેવી ક્ષુદ્ર મનોવૃત્તિ એ તારણહારની ન હોય. એ તો અંધકારમાં બેસી બંદગી કરી રહ્યો છે કે "ઓ પ્રભુ ! મારા વીર મગિયરોનો આ વિજયોત્સવ શાશ્વત બનાવજે ! આપીને પાછો લઇ ન લેતો ! મારી બહાદૂર જાતિને વિલાસમાં ન ડૂબવા દેજે ! ત્યાગ અને સંયમ શીખવજે !"

તારણહાર એવી પ્રાર્થના કરતો હતો. પ્રજાના એકેએક પક્ષે આવીને તારણહારને આજીજી કરી: "ઓ ડીક ! સર્વાનુમતે અમે તને 'રક્ષક' પદે ચૂંટી કાઢયો છે; માટે તુંજ મહારાજાને મુગટ પહેરાવ !"

પણ એ ન માન્યો. "એ મહત્તાનો હું અધિકારીજ નથી. મને ફૂલો ન ચઢાવો. મને મારા અંધારા ખૂણામાં પડયો રહેવા દો, આ કીર્તિનો તાપ મારાથી નથી સહેવાતો."

ડીકને તો ૧૮૪૮ના યુદ્ધમાં રણક્ષેત્રપર પોઢેલા પોતાના સાથીઓ સાંભરે છે. આસ્ટ્રીયન જલ્લાદની ગોળીવડે વિંધાઇ પ્રાણ છોડતી વેળાની છેલ્લી પલકે "અમર હો મારો પિતૃદેશ !" ની દુવા પુકારતો બાંધવ બેથેની-આસ્ટ્રીયન કારાગૃહોના કાળા સીતમોથી પાગલ બની જઇને "મારી માતૃભાષા !" "મારી દેશભાષા !" એવી ઝંખના ઝંખતા અને વેલછાના તારમાં મીઠી માતૃ-વાણીનાં વ્યાખ્યાનો રેલાવતા જુવાન ઝેકેનીનું કરુણાર્દ્ર દશ્ય-અને છૂટકારો મળ્યા છતાં દગલબાજીના સંદેહથી યૂરોપમાં દેશવટે રઝળનારો નિરાધાર વીર કોસ્યૂથ-એ બધા એની આંખોસન્મુખ તરે છે,

* એ નામનું પુસ્તક "સૌરાષ્ટ્ર" કાર્યાલય, રાણપુર (કાઠિયાવાડ) તરફથી બહાર પડી ચૂકયું છે. મૂલ્ય ૧ા રૂ.

એનું દિલ ભરાઇ આવે છે, તારણહાર એકાંતે બંદગી કરે છે.

રાજાજી શોધે છે કે, મારો લાડીલો શત્રુ ક્યાં? જેના હાથનો પરાજય પામીને પણ હું આજે ગર્વ ધરૂં છું. એ સુભટને આજે મારી પાસે તેડી લાવો. મારે એની સાથે આજે કદી નથી મિલાવ્યા તેવી રીતે હાથ મિલાવવા છે. કોઇ ડીકને તેડી લાવો!

ડીક ન આવ્યો. એ બંદગી કરે છે.

રાજાજીનું હૃદય આજે રોકાતું નથી, એ ડીકની પાછળ દોડે છે. ડીક ઉપર એનો પ્યાર ઉભરાય છે. પ્રધાનને પૂછે છે કે "ઓ આન્ડ્રેશી! ડીકને હું કયી રીતે વિભૂષિત કરી શકું?"

પ્રધાને કહ્યું કે "મહારાજ! આપના હાથમાં લક્ષ્મી છે, પદવીઓ છે, હોદ્દાઓ છે-બધું છે. બીજા સૌ કોઇને આપ નવાજી શકશો, પણ ડીકને એ તમામ સમૃદ્ધિથી પણ નહિ નવાજી શકાય. હંગેરીનો તારણહાર તો એ બધાં પ્રલોભનોથી પર ચાલ્યો ગયો છે."

"બીજું તો કાંઇ નહિ, ખેર; પરંતુ આ મારી ને રાણીજીની એક છબી લઇ જાઓ અને ડીકને કહો કે, મારી આટલી ભેટ સ્વીકારે."

રત્નજડિત ચોકઠામાં મઢેલી એ રાજ-દંપતીની છબી રાજકર્તાંના સાચા દિલનું સ્નેહ-ચિહ્ન કહેવાય; પરંતુ ડીકે તો એ પણ ન સ્વીકાર્યું.

ડીક પ્રાર્થના કરે છે; જગત્પિતાની સન્મુખ ખડો છે. રાજ-ભેટ એને નથી ખપતી.

રાજાજીએ દીન શબ્દોમાં એટલુંજ પૂછાવ્યું કે "ઓ ડીક! તારા સરખા અડગ દુશ્મનપર વીરપૂજાની અને અહેશાનમંદીની મારી જે ઉર્મિઓ ઉછળે છે, એને વ્યક્ત કરવાનો કોઇક રસ્તો તું બતાવ. મને નિરાશ ન કર ભાઇ!"

ડીકે કહેવરાવ્યું કે "મહારાજ! મારા મૃત્યુ પછી બસ આટલુંજ કહેજો કે "ડીક પ્રમાણિક આદમી હતો. બસ,- એથી વધુ મારે કાંઇ ન ખપે."

ત્રણજ દિવસમાં તુફાન પૂરાં કરીને આખી પ્રજા ઉદ્યમે ચઢી ગઇ. રાજતંત્રનાં ચક્રો ગોઠવાવા લાગ્યાં. સર્વાનુમતની મદદથી રાજાએ ડીકને મુખ્ય સચિવના પદપર નિમંત્ર્યો; પરંતુ ડીકે ના પાડી. પ્રધાનમંડળના સામાન્ય સચિવ બનવાની પણ એણે ના પાડી.

"ઓ ડીક! તને આ શું થયું?"

"કાંઇજ નહિ ભાઇ! હું તો હવે મારા વતન કેન્ડીડા ગામમા ચાલ્યો જઇશ. વાર્ષિક ત્રણસો પાઉન્ડની મારી જે આવક છે, તે મારેમાટે ઘણી છે. હું બાકીનું આયુષ્ય ગ્રામ્ય શાંતિમાં ગુજારીશ, બેઠો બેઠો જગત્પિતાની બંદગી કર્યા કરીશ.મને જવા દો,હવે મારૂં કામ ખતમ થયું છે."

પણ પ્રજા આડી આવીને ઉભી રહી. ડીકનો રસ્તો એણે રોકી લીધો. માતાના વિયોગે બચ્ચાં રડતાં હોય, તેવી વેદના પામીને પ્રજા અશ્રુભીની આંખે આજીજીની દૃષ્ટિ માંડતી ઉભી રહી. જનેતાઓએ ફૂલસરખાં નાના બચ્ચાં લાવીને તારણહારના રસ્તા આડે સુવાડી દીધાં. લાકડીને ટેકે ડગમગુ ચાલતા ડોસા-ડોસીઓએ આવીને ઠપકાના વચનો ઉચ્ચાર્યાં કે "તારણહાર! શું આટલો બધો નિર્દય થાય છે? ગામડામા જઇને શુ જલ્દી શાંતિ ભોગવવા બેસી જવું છે! પ્રજાને અંતરિયાળ રઝળાવવી છે કે!"

નિઃશ્વાસ નાખીને ડીક રોકાયો. તે પાર્લામેન્ટનો એક સાધારણ સભાસદ બનીને રહ્યો. નવ વર્ષસુધી એ એજ સ્થાનપરજ બેઠો રહ્યો,-પરંતુ સમર્થમા સમર્થ પ્રધાન કરતાયે એનો પ્રભાવ અધિક નાપે તપતો રહ્યો. એનું-હંગેરીના એ તારણહારનું વચન કોઇએ ઉથાપ્યું નહિ. એની નિખાલસ સલાહોને સદાય સૌએ શિરપર ચડાવ્યા કરી. એના મતના વિરોધી પક્ષો પણ એની સચ્ચાઇને વંદન કરતા રહ્યા. એ તો દેશ બધાનો આરાધ્ય દેવતાજ હતો. ત્વેન વાળથી વિભૂષિત એ સિત્તેર વર્ષનો પોલાદી દેહ પાર્લામેન્ટમા અને સારાયે દેશમા પોતાની પરિપક્વ વૃદ્ધાવસ્થાનો શીતળ પ્રભાવ પાથરતોજ રહ્યો. એના વિશાળ ચહેરાપરની કરચલીઓમાં પાંત્રીસ વર્ષના પ્રજાકીય ઇતિહાસની જાણે અકેક પંક્તિ લખાઇ ગઇ હોય તેમ માનીને લોકો એ રેખાઓને જોયા કરતા, પ્રેરણા પીતા, નમી પડતા. એની છત્રછાયા તળે તો પ્રજાએ આબાદીના પંથપર કૈં કૈં અસાધારણ કદમો માંડી દીધાં. યુરોપીય પ્રજાઓની અવગણના, હાંસી તેમજ તિરસ્કારભરી

ઠોકરનું પાત્ર મટીને હંગેરી જોતજોતામાં તો વિસ્મય, વાહવાહ અને અનુકરણનું અધિકારી બની ગયું. પ્રજા-શરીરના અંગેઅંગમાં નવું રુધિર ભરાયું અને પોતાનીજ આંખે પ્રજાનો આ વિસ્મયકારી વિકાસ નિહાળીને એ વીરનર, રાજદ્વારી સંગ્રામોની અણદીઠ યુદ્ધકલાનો એ શોધક, અવિદ્વાન અને ગામડીઓ છતાં ભાવિ તકદીરના તામ્રલેખ ઉકેલનારો એ યુગાવતાર ઇ. સ. ૧૮૭૬માં તોંતેર વર્ષનું તપસ્વી આયુષ્ય ખતમ કરી પ્રભુજીના દરબારમાં શાંતિ પામવા સીધાવી ગયો.

એ દિવસે હંગેરીની દશે દિશાઓ પડી ગઇ હતી. પ્રજા કદીયે નહોતી રડી તેટલી તે દિવસે રડી-છાતીફાટ રડી. બચ્ચાંઓ ને માતાઓ, તમામ રડી પડયાં. એટલાં બધાં આંસુ ઝર્યાં, કેમકે લાખો આંખોનો એ તારો હતો. લોકો એને સાધેસીધાં ઓળખતાં હતાં. હંગેરી માતા વિલાપ કરતી જાણે પોતાના પ્યારા બેટાના મૃતદેહ ઉપર ઝુકતી હતી.

એની પાયદસ્ત પાટનગરના માર્ગોપરથી નીકળી, ત્યારે પગથી ઉપર પ્રજાજનો ઘુંટણીયે પડતાં હતાં અને હૃદયને બહુ બહુ રોકવા છતાં પણ ચોધાર રડી પડતાં હતાં. એના કૉફીન ઉપર મહારાણીજીનાં નેત્રોએ પણ સાચાં મોતી જેવાં આંસુ સાર્યાં અને એનો જીવનભરનો કટ્ટર રિપુ રાજા જોસેફ પણ અફસોસ કરીને ઉચ્ચારી ઉઠયો કે "આજે આપણો ઉમદામાં ઉમદા ને મહત્તમ માનવી ખોવાયો છે!"

તારણહાર કહી ગયો હતો કે "મારી આરામગાહ સાદામાં સાદી કરજો. હું જીંદગીભર જનતાના જેવીજ ઢબછબથી રહ્યો છું, તો મને મૃત્યુ પછી મારા ગરીબ ભાંડુઓથી જૂદો ન પાડતા."

એ આખરી માગણીને માન આપી પ્રજાએ સાદી કબરમાંજ એના શબને સુવાડી દીધું.

(૧૯-૧૧-૨૭ ના 'સૌરાષ્ટ્ર'માંથી)

૭૫-કેટલાક ભેખધારીઓમાં ચાલતો પિશાચોનો પંથ

(ધર્મને નામે કેટકેટલા પ્રકારના દંભો અને અનાચારો ચાલે છે? ધર્મનું લાંબું તિલક તાણનારા 'સાધુ-રાજો' ગાફિલ દુનિયાને કેવી કેવી રીતે પોતાની પાપજાળમાં ખેંચે છે? આજના શિક્ષિત, સુધારક, નીતિશીલ જનસમૂહમાંથી કેટલાક આ પ્રશ્નોના ઉત્તર આપી શકે તેમ છે? ગામના મધ્યચોકની વચ્ચે પ્રવર્તતા ધાર્મિક અનાચારોપરત્વે કેટલાક શિક્ષિત સજ્જનો સાચી માહિતી ધરાવે છે? આપણે ગામડે ગામડે ઉંડાં મૂળ નાખીને જામેલો માર્ગીપંથ એ આજે પ્રવર્તમાન એવા અનેક ધાર્મિક સડાઓમાંનો એક સૌથી વિશેષ વ્યાપક સડો છે, એની આપણા શિક્ષિત જનોને થોડી જાણ કરવા આજનો આ લેખ છે. × × વાચક એ વાંચે, વિચારે અને આપણા અધઃપતિત સમાજ ઉપર લાલ આંખ કરી, એ અધઃપાતનાં કારણોને નાબુદ કરવા દૃઢ નિશ્ચય કરે.)

(તંત્રી 'સૌરાષ્ટ્ર')

ભારતવર્ષનું સત્યાનાશ વાળવાનું માન આપણા ધર્મધુરંધરો-વિવિધ પંથની ધીકતી દુકાન ચલાવનારાઓ-ને જાય છે; અને તેમાંય રામનામને અપવિત્ર બનાવતા, ભગવાં ને સફેદ વસ્ત્રો નીચે કાળાં કૃત્યો છુપાવતા, સેવા અને સત્કારનાં ડીમડીમ્ બજાવતા, પેલા માર્ગીપંથે-મોટા પંથે તો હિંદુસમાજનો ઘોર દાટ વાળ્યો છે. એણે ધર્મને નામે અનેક ભોળી ભગિનીઓને ભ્રષ્ટાચારને માર્ગે વાળી સમાજનો ભયંકર દ્રોહ કર્યો છે. એ પિશાચી માર્ગીપંથમાં ધર્મના નામે કેવાં કેવાં કાળાં કૃત્યો થાય છે-થઈ રહ્યાં છે, એ સમાજ જાણે ને આંખ ઉઘાડે. એ સેતાનોને ઓળખી એ કહેવાતા ધર્મને દફનાવે, એ કહેવાતા ધર્મના બુરખા નીચે સમાજના શ્રેયને જલાવી દેનારા રાક્ષસોને-કહેવાતા સાધુઓને ઓળખી તેનાં પગલાં ટાળે, એ માર્ગીપંથની ભયાનકતા તાદૃશ્ય બતાવતા એના ખાસ ઉત્સવોથી જનતા પરિચિત બને.

પાટપૂજા અને શંખાઢાળ

માર્ગીસાધુઓના મોટાપંથ-વામમાર્ગમાં પાટપૂજા અને શંખાઢાળ, એ ઉત્સવો પ્રધાનપદ ભોગવે છે. એ મહોત્સવોમાં એવી અધમ વિધિઓ છે કે તે સાંભળી કઠોરમાં કઠોર હૃદય પણ કંપે.

એ કૃત્યો આ લખનારે, એક મિત્રની મદદથી નજરે નિહાળ્યાં છે.

આ 'પાટપૂજન'નો મંત્રોચ્ચાર યથાવિધિ ન કરી શકે તેવા ગુપ્ત સ્થાનમાં કરવામાં આવે છે. એક બાજોઠ પર ઘઉંમાંથી સાથીઆ પૂરે છે, તેની મધ્યમાં ઝગમગતી 'જ્યોત'-દિવાસળીના ત્વાસા જેવા પાત્રમાં દીવેટ સળગાવી-મૂકવામાં આવે છે અને તેની આજુબાજુ એ 'મોટાપંથ'માં બેઠેલાં અનુયાયીઓ-જેને 'ગત' કહે છે તેઓ-બેસે છે. એ બાજોઠની નજીક 'પાટપૂજન'ની ગાદીનો 'આચાર્ય' કહેવાતો સાધુ બેસે છે. એ આચાર્યજીની આજ્ઞા પ્રમાણેજ એ આખું ટોળું વર્તે છે.

એ 'પાટપૂજન'ની નજીક કપડાના પડદા બાંધી, નાનો ઓરડો બનાવાય છે. તેને 'મોક્ષગૃહ' કહેવામાં આવે છે. ખરી રીતે તો એને વેશ્યાગૃહ કે નર્કગૃહજ કહી શકાય. એ વિધિની ચોકી કરવામાટે ચાર શ્રદ્ધાળુઓને-શસ્ત્રધારીઓને-ગોઠવવામાં આવે છે અને તેને 'કોટવાળ' કહે છે. પોતાના અનુયાયી સિવાય અન્ય કોઇ આ ગુપ્ત કાર્ય જાણી ન શકે તે માટે આટલી અગમચેતી વાપરી 'ગત' પોતાની વિધિ આગળ ચલાવે છે.

ઉપલી વ્યવસ્થા થઇ રહ્યા પછી 'હરનામ'ના પોકાર થાય છે અને પછી બીજી કેટલીક વિધિઓ થયા પછી, 'આચાર્ય' કહેવાતો સાધુ હાથમાં પાણીનો લોટો લઇ, તેમાંથી પાણીનાં છાંટણાં અનુક્રમે 'ગત'માં બેઠેલાં સ્ત્રીપુરુષોને છાંટે છે. જે સ્ત્રી અને પુરુષપર એ છાંટા પડે છે, તે પેલા 'મોક્ષગૃહ'મા જઇ......પાછાં 'ગત'માં આવી બેસે છે. એ રીતે 'ગત'નાં તમામ નર-નારીઓ પડદા પાછળ અનાચાર સેવી આવ્યા પછી પેલા 'આચાર્ય'નો વારો આવે છે.

આ પાટપૂજનનો કોઇ ચોક્કસ નિયમ નથી. જ્યારે જ્યારે પિશાચવૃત્તિઓ જાગૃત થાય, ત્યારે ત્યારે એ વિધિ થાય; પણ દરેક આષાઢ શુદ ૨ ને દિવસે, તમામ માર્ગી-સાધુઓએ આ 'ધર્મોત્સવ' કરવોજ જોઇએ એવી પ્રથા પડી ગઇ છે. આવોજ બીજો 'ધર્મોત્સવ' એ લોકો ઉજવે છે તે પણ જાણવા જેવો છે.

એ 'ધર્મોત્સવ'ને કહે છે 'શંખાઢાળ.' એ મરણ પાછળની ક્રિયા છે. એ પ્રસંગે પણ ઉપર જણાવ્યા પ્રમાણેની 'પાટપૂજન' થાય છે. માર્ગીપંથનો કોઇ સાધુ કે અનુયાયી મરી જાય, એટલે તેની પાછળ 'શંખાઢાળ' થવોજ જોઇએ અને તેમા 'પાટપૂજા'ને નામે અનાચાર ખેલાવોજ જોઇએ, એવી પ્રથા પડી છે-એ પ્રથા ચાલુ છે.

એ 'શંખાઢાળ'નો વિધિ એવો છે કે, મરેલા માણસના નામનું અડદના લોટનું એક પૂતળું બનાવવામાં આવે છે અને તેને પેલા 'જ્યોત'ના બાજોઠ પાસે મૂકવામાં આવે છે. પછી જુવાર-ના સાંઠાના કટકા લઇ, તેની સાત પગથીઆંની નીસરણી બનાવવામાં આવે છે. તે નીસરણી સાથે સુતરના જાડા દોરાનો એક છેડો બાંધી, બીજો છેડો જે ઘરમાં તે પ્રયોગ થતો હોય છે તે ઘરના મોભે બાંધે છે. પછી પેલા પુતળાને ક્રમે ક્રમે પેલી નીસરણીનાં સાતે પગથીઆં ચઢાવે છે અને પછી પેલા સુતરના તાંતણાને સળગાવે છે. જો તે તાંતણો ઠેઠ મોભારાસુધી સળગી જાય, તોજ મરનારો સદ્ગતિને પામ્યો છે તેમ સિદ્ધ થાય છે. જો પ્રથમ વાર તાંતણો આખો ન સળગે તો ફરી વાર 'શંખાઢાળ' ઉજવાય. આ ઉત્સવ વખતે પણ 'પાટપૂજા'નો ખાસ વિધિ તો ખરોજ.

વિધવાની આત્મકથા

અને એ પંથના બાવાઓ અને બાવીઓ આપણી ભોળી બહેનોને કેવી ચાલાકીથી તેમની 'ગત'માં ભેળવે છે, એ સમાજે જાણી લેવું જરૂરનું છે. એ ઘોર પ્રચારકાર્ય સમજાવતી, એક ઉચ્ચ કુટુંબની વિધવા બહેને સ્વમુખે કહેલી અને 'સાધુ-સર્વસ્વ' માસિકમા પ્રકટ થયેલી એક કથાનો સારભાગ નીચે મુજબ છે.-

"મારા સસરા ભક્ત કહેવાતા. હું બાળવિધવા થયેલી. અમારે ત્યા માર્ગી સાધુઓનો ઉતારો હતો. ઘેર આવેલા 'સંત'નો ચરણસ્પર્શ કરવાનો ધારો હોઇ હું તેવાઓને નમતી. સસરાજી પણ મને 'હરિ, ગુરુ, સંત'થી 'ભેદભાવ' ન રાખવાનું અવારનવાર કહેતા. એ શબ્દો મને પ્રથમ તો નિર્દોષ લાગતા. એ અભેદભાવ કેળવવાનો ઉપદેશ આજે મને સમજાયો છે. જ્યારે જ્યારે હું એ ભગવાંધારીઓને નમતી, ત્યારે એ સાધુ નામને લજવનારા 'આ નિર્વાણ ચડેલ છે?' એવો પ્રશ્ન પૂછતા. એ પ્રશ્નાર્થ ત્યારે ન સમજાતો...સમય જતા મને માતાજીઓ-માર્ગીપંથની કુટ્ટણીઓ-

નો સહવાસ થયો. ભજનમંડળીઓમાં જવા લાગી. ત્યાં સંતોનાં ભજનોની જમાતોનો નાદ લાગ્યો. 'મેઘ, ધારવો, તોરલ, રૂપાંદે, લખમો માળી અને માર્કંડની વાણી હું બરાબર ધ્યાનપૂર્વક સાંભળવા મંડી. 'આવ્યા અભ્યાગતને ઓળખો' 'જ્યોતુંને અજવાળે રે, રૂડાં દાન દીજીએ' એવાં એવાં કેટલાંય ભજનો મેં મોઢે કર્યાં.

"એક વખતે મારા ગામમાં એક 'બાપુ'ની મંડળી આવી. સૌ સ્ત્રીસમાજ સાથે હું પણ તે 'બાપુ'ના ચરણસ્પર્શ કરવા ગઇ. એ દિવસનો રંગ જૂદો હતો. 'બાપુજી' એક તોરણ-ચાકળાથી શણગારેલા નાજુક મંડપમાં ભગવાં વસ્ત્રો ધારી, પગે ચાખડી ચઢાવી, ઝુલાપર મંદમંદ હસતા ઝુલતા હતા. અમે સૌ નમ્યાં, ચરણસ્પર્શ કર્યા. 'જે જે બેટા' કહી 'બાપુજી'એ આશીર્વાદ આપ્યો. મારા સસરાનું નામ સાંભળી, મારા તરફ તો તેનું ખાસ ધ્યાન ખેંચાયું. કોઇ કોઇ ભોળી ધર્મઘેલી બહેનો તો તે 'બાપુજી'ની ચરણરજ માથે ધરવા લાગી. થોડા સમય પછી કથા ચાલી. મને યાદ છે કે, તેમાં જીવ, આત્મા, પુરુષ, પ્રકૃતિ એવું એવું ઘણું આવેલું. હું ત્યારે કશુંય ન સમજતી. એ કથા વંચાઇ રહ્યા બાદ હું ઘેર આવવા ઉભી થઈ ત્યાં તો 'વહુ! બેસને, હજુ ખરી મજા તો બાકી છે' એમ કહી એક બુઢ્ઢીએ મને નીચે બેસાડી અને પેલા 'બાપુજી'ના યુવાન અલમસ્ત સફેદ વસ્ત્રધારી બાવાઓએ રાસમંડળ શરૂ કર્યું. 'આશાભર્યાં અમે આવીયાં ને મારે વ્હાલે રમાડ્યાં રાસ રે' એવા એવા રાસ ગવાયા. એ સાંભળવામાં હું તલ્લીન હતી, ત્યાં પેલી બુઢ્ઢીએ બીજો પાસો ફેંક્યો. તે બોલી કે 'બેટા! જો તું 'ગત્ય'માં ભળશે, તો તો તને ખૂબ મજા પડશે અને 'નિજયા' ધર્મની વાતું તો સાયરપેટાંનેજ કહેવાય હો, બા! એ તો હરચંદ-તારામતીનો ધરમ છે.' એ સાંભળી મેં તે ડોશીમાને તે નવી વાતો સમજવા ખૂબ પ્રશ્નો પૂછ્યા. પ્રત્યુત્તરમાં એ 'માતાજી'એ ગૃહમાં ઘા કર્યો:-'બેટા! નિર્વાણ ચઢીશ ત્યારે બધું સમજાશે. તું હરિ-ગુરુ-સંત-ની થઇશ, 'આપપણું' મટાડીશ ત્યારે ધરમનો મરમ સમજાશે; અને તારી મરજી હોય, તો આજેજ વહેતી ગંગામાં નાહી લે. આજેજ ગત્ય મળવાની છે. તું કહે તો તને નિર્વાણ ચઢાવીએ.'

મારી અપક્વ બુદ્ધિ,યુવાવસ્થા અને એ અધમ નરનારીઓના સહવાસના પરિણામે હું વણસમજ્યે તેમાં પડી. મને તે ડોકરી નિર્વાણના સ્થાનમાં લઈ ગઇ. ત્યાં એક પુરુષ ઉભો હતો. તેણે કંઇક સાંકેતિક શબ્દ પૂછી, પેલી ડોશી સાથે હાથોહાથ મેળવ્યો. જો કે મને એથી ખૂબ નવાઈ લાગી, પણ 'નિજયા' ધર્મમાં 'જ્યોત' આપોઆપ પ્રકટે છે, રાવળમાતા, રૂપાંદે, હરચંદ અને તારામતી અને જેસલ-તોરલ જેવાં પણ આ ગતમાં ભળ્યાં હતાં. રૂપાંએ કુંવર વરાવ્યો, માળાને ફૂલ બતાવ્યાં, તોરલે જેસલને સજીવન કર્યો; વગેરે ચમત્કારિક વાતો તે ડોશીને મોઢેથી મેં સાંભળેલી તેથી મને નિર્વાણ સમજવાની હોંશ થઇ. એથી મેં પેલી ચેષ્ટાની દરકાર ન કરી. હું અંદર ગઇ. ત્યાં કેટલાંક સ્ત્રીપુરુષો બેઠેલાં. ત્યાં ભોંયપર પાંચ ખંડ પૂરેલા ને પાંચ ગાદીઓ નાખેલી. બાજોઠ પર એક પાત્રમાં 'જ્યોત' હતી તે પ્રકટાઇ. 'હરનામ-હરનામ-હરનામ' એવા ત્રણ અવાજ થયા. પછી 'નમણા'ની ક્રિયા થઇ. આ બધું મને પેલી ડોશી સમજાવતી. થોડા ચોખા અને એક પૈસો હાથમાં લઇ, અમુક ઢબે જ્યોત તરફ ફેરવી, નમણના મંત્ર ભણી, ત્રણ વખત 'હર-નામ' 'ગત્ય' ને બોલાવ્યું. પછી પીરગાદીને, જોગણી ગાદીને, લાખીયા ગાદીને, વીરગાદીને વગેરે અનુક્રમે 'ૐ ગુરુજી' એ શબ્દથી શરૂ થતા ને 'આખા ચઢાવું' એ શબ્દોથી પૂરા થતા મંત્રવડે તે ક્રિયા પૂરી થઇ; અને ત્યાર બાદ 'આરાધ' શરૂ થયો. એક પુરુષ પાણીના છાંટા તે ટોળામાં છાંટવા મંડ્યો. જેને છાંટા પડે તે સ્ત્રીપુરુષો ઉઠી ઉભાં થાય, 'ગત'ને 'પંજો' મેળવે (અંગુઠે અંગુઠા મેળવી ડાબો હાથ જમણા હાથ બરોબર સજ્જડ દાબવો તેને પંજો મેળવવો કહે છે) ને પછી પડદા પાછળ જાય…મને પણ છાંટા પડયા. મેં તે નરપિશાચોના સહવાસમાં મારૂં અમૂલ્ય શિયળ લૂંટાવ્યું. જે આર્ય લલનાઓએ પોતાના મોંઘેરા શિયળની રક્ષા કાજ દેહલતાઓને અગ્નિમાં ઝંપલાવી છે, તે જાતિની હું આ રીતે ધર્મના નામે સર્વસ્વ ગુમાવી ચૂકી.

નિર્લજ્જ વ્યભિચાર

આ વિધિ તે 'પાટપૂજા.' એ અધમ વિધિમાં કેટલાય પુરુષો પોતાની ગૃહલક્ષ્મીઓ,

જાદેનો અને માનાસમ અન્ય નારીઓનાં રિવાજ તંદાવે-છૂટે છે. આ 'પાટપૂજન'ના 'મત'માં ભળેલાં નીચ નરનારીઓ 'પાટપૂજન'ના પ્રસંગનિમિત્ત પણ વ્યભિચાર આચરે છે. તે ઓકોને પાપકર્મ કરવાની યાચના કરી હોય, ત્યારે એમાં ભળેલાં અન્યોન્ય 'ખીચડી ખાધી છે' એવી સાંકેતિક યાચના કરે છે અને પરિણામે દુનિયાની નજરમાં ધૃણ છાંડી પાપકર્મ આચરે છે. એ લોકોમાં 'ચાદની કીરામણી'-એટલે કે 'છૂટક વ્યારકર્મ' એવો પણ એક સાંકેતિક શબ્દ વપરાય છે. આજે હું આ અધર્મ છે એમ જાણી શકું છું અને એટલેજ તે વિદ્યાર્થીઓથી દૂર થઈ, થયેલાં પાપનો પશ્ચાત્તાપ કરતી જીવન ગુજારું છું."

એ વિદ્યાર્થીના પંથની પાટપૂજન જેવીજ બીજી ભયંકર વાતો, 'બેજાદાન' અને 'ગર્ભાં-દેત' હવે પછી ચીતરી, જગતને એ ભયાનક ધર્મ-કે, ધર્મને નામે ચાલતા પાપપુંજ-થી વાકેફ કરીશું.

હિંદુસમાજ ચેત ! સમાજ અને રાજ્યસત્તાઓએ આ પાપને દફનાવી દેવા સખત પ્રયત્નો કરવા જોઈએ.

("સૌરાષ્ટ્ર" તા. ૧૯-૧૧-૨૭ ના અંકમાં લેખક 'વજ્રધારી')

૭૬—'એ કાંઈ સાચો માર્ગ નથી !'

રશિયાના પાટનગરમાં ફાંસીનો માંચડો ઉભો કરવામાં આવ્યો હતો. ઝાર એલેક્ઝાન્ડર ત્રીજાને ઠાર કરવાની કોશીશના ગુન્હેગાર એક જુવાન રશિયનને જીંદગીની કુરબાની કરીને તેના દેશપ્રેમની કિંમત ચૂકવતો જોવાને-ફાંસીને માંચડે ચડતો જોવાને-રશિયનોની ઠઠ જામી હતી. ઝારશાહીની જડ ઉખેડી નાખવાનો, જનને જોખમે ઝારશાહીના અંગભૂતોના ખુન કરવાની હિંસક પદ્ધતિ અખત્યાર કરવી એ એકજ માર્ગ છે, એમ દૃઢતાપૂર્વક માનનારો એ જુવાન ફાંસીના માંચડા પાસે સ્મિત ફરકાવતો ઉભો હતો. 'મૃત્યુ પછી પુનર્જન્મ પામીને પણ હું આ ઝારશાહીનાં ઉચ્છેદનને માટેજ ઝઝુમીશ' એવો નિશ્ચય એના મુખની રેખાએ રેખા ઉપર અંકાયો હતો.

ઘંટડી વાગી, કાળા પોશાકમાં સજ્જ થયેલા ફાંસી કરમાવનાર અમલદારે, હમેશનો ક્રમ હોય તેમ, લાગણીવિનાના નિર્ઘૃણ અવાજે ઉચ્ચાર્યું "......પાંચ મીનીટ રહી છે. મિત્રોને, માતા-પિતાને, સ્વજનોને-જેને જેને મળવું હોય તેને મળી લ્યો."

જુવાન દોડતો દોડતો, મેદનીને મોખરે તેનો નાનો બંધવો ઉભો હતો તેની પાસે ગયો. તેના આત્મામાં ગુંજન થઈ રહ્યું હતું કે 'મારી પાછળ મારું જીવનકાર્ય આ મારો સહોદરજ ઉઠાવી લેવાનો છે.' એક માતાના ઉછંગમાં ખેલવાથી ભ્રાતા ભ્રાતા વચ્ચે જે અપાર્થિવ ઉપજે છે, એ પ્રેમથી ઉભરાતા આ જુવાને તેના ભાઇને ભેટી, તેને એક આલિંગન દઈ, હાથ પોતાના હોઠસુધી ઉંચો લીધો અને એક ચુંબન કર્યું-અને તેની સજળ બનેલી આં છેલ્લો વિદાયસંદેશ દીધો.

પણ એ બધું છતાં, જ્યારે સમસ્ત માનવમેદનીના હૃદય લાગણીથી ઉછળી રહ્યા હતા ણુ, એ નાનો ભાઈ ખડકસમો અડગ ઉભો રહ્યો. એના મુખ ઉપર કોઇ પ્રકારના ભાવ ક પણ રેખા નહોતી. પોતાની છેલ્લી વિદાય લેતા શહીદ-ભ્રાતાના આ ભાવ-પ્રદર્શનના જવા ં, સત્તર વર્ષનો એ છોકરો માત્ર એટલુંજ બોલ્યો. 'ઓ' એ સાચો માર્ગ નથી '

સત્તર વર્ષના છોકરાની આ લાગણીહીનતા જોઈ, સકળ જનસમૂહ સજ્જડ થઇ ગયો.

આ વાતને બે વર્ષ થયાં. પોતાના મોટાભાઇની ફાંસી વેળા, 'ઓ' એ સાચો માર્ગ ી ' એવી અકળ વાણી ઉચ્ચારનાર એ યુવક તેના વિદ્યાલયમાંથી, તેની ક્રાન્તિકારી પ્રવૃત્તિ ને કારણે બરતરફ થયો. એ અરસામાં રશિયામાં ભયંકર દુષ્કાળ પડયો. પ્રજાસેવકોએ, અમલદારોની સાથે મળીને રાહત-પ્રવૃત્તિઓ આરંભી.

નો સહવાસ થયો. ભજનમંડળીઓમાં જવા લાગી. ત્યાં ભક્તોનાં ભજનોની જમાવટોથી નાદ લાગ્યો. 'ગેબ, પાટની, તોરલ, રૂપાંદે, રામદે ભાણ અને ભાટીની વાણી હું વારંવાર ધ્યાનપૂર્વક સાંભળવા માંડી. 'આવ્યા અજવાળા તો ઓળખો' 'જ્યોતને જગાવો રે, કરો ધ્યાન ધણીજી' એવાં એવાં કેટલાંય ભજનો મેં મોઢે કર્યાં.

"એક વખતે મારા ગામમાં એક 'બાપુ'ની મંડળી આવી. મેં બીજાઓની સાથે હું પણ તે 'બાપુ'ના ચરણસ્પર્શ કરવા ગઈ. તે દિવસનો રંગ જુદો હતો. 'બાપુ' એક તોરણ-ઝાલરથી શણગારેલા નાજુક મંડપમાં ભગવાં વસ્ત્રો ધારી, ગળે માળાની લટકતી, ગાદીપર મંદમંદ હસતા ઝુલતા હતા. અમે સૌ નમ્યાં, ચરણસ્પર્શ કર્યો. 'જે જે બેટા' કહી 'બાપુજી'એ આશીર્વાદ આપ્યો. મારા સાસરાનું નામ સાંભળી, મારા તરફ તો તેનું ખાસ ધ્યાન ખેંચાયું. કેટલીક ભોળી ધર્મઘેલી બહેનો તો તે 'બાપુજી'ની ચરણરજ માથે ચડાવવા લાગી. ભોજન શયન પછી કથા ચાલી. મને યાદ છે કે, તેમાં હરિ, આત્મા, પુરુષ, પ્રકૃતિ એવું એવું ઘણું આવેલું. હું ત્યારે કશુંય ન સમજતી. એ કથા પૂર્ણ થયા બાદ હું ઘેર આવવા ઉભી થઈ ત્યાં તો 'બહુ! બેસને, હજુ ખરી મજા તો હવે છે' એમ કહી એક ડોશીએ મને નીચે બેસાડી અને પેલા 'બાપુજી'ના પ્રધાન ભગતજન એક વખતોરી ભાવિકોએ રાસમંડળ શરૂ કર્યું. 'આશાભર્યાં અમે આવીયાં ને મારે વ્હાલે રમાડ્યા રાસ રે' એવા એવા રાસ ગવાયા. એ સાંભળવામાં હું તલ્લીન હતી, ત્યાં પેલી ડોશીએ ખભે હાથ મૂક્યો. તે બોલીઃ 'બેટા! જો તું 'ગત'માં આવશે, તો તો તને ખૂબ મજા પડશે અને 'નિજયા' ધર્મની વાત તો સાચરોસાંચેજ કહેવાય તો, બા! એ તો હરચંદ-તારામતીનો ધરમ છે.' એ સાંભળી મેં તે ડોશીમાને તે નવી વાતના સંબંધમાં ખૂબ પ્રશ્નો પૂછ્યા. પ્રત્યુત્તરમાં એ 'માતાજી'એ ભગવામાં ધા કહ્યોઃ—'બેટા! નિર્વાણ ચઢીશ ત્યારે બધું સમજાશે. તું હરિ-ગુરુ-સંત—ની કૃપાથી, 'આપપણું' મટાડીશ ત્યારે ધરમનો મરમ સમજાશે; અને તારી ગરજ હોય, તો આજેજ વહેતી ગંગામાં નાહી લે. આજેજ ગત મળવાની છે. તું કહે તો તને નિર્વાણ ચઢાવીએ.'

મારી અપક્વ બુદ્ધિ, યુવાવસ્થા અને એ અધમ નરનારીઓના સહવાસના પરિણામે હું વગરસમજ્યે તેમાં પડી. મને તે ડોકરી નિર્વાણના સ્થાનમાં લઈ ગઈ. ત્યાં એક પુરુષ ઉભો હતો. તેણે કંઇક સાંકેતિક શબ્દ પૂછી, પેલી ડોશી સાથે હાથેહાથ મેળવ્યો. જો કે મને એથી ખૂબ નવાઈ લાગી, પણ 'નિજયા' ધર્મમાં 'જ્યોત' આપોઆપ પ્રકટે છે, રાવળમાતા, રૂપાંદે, હરચંદ અને તારામતી અને જેસલ-તોરલ જેવાં પણ આ ગતમાં ભળ્યાં હતાં. રૂપાંએ કુંવર વરાવ્યો, માળા ને ફૂલ બતાવ્યાં, તોરલે જેસલને સજીવન કર્યો; વગેરે ચમત્કારિક વાતો તે ડોશીને મોઢેથી મેં સાંભળેલી તેથી મને નિર્વાણ સમજવાની હોંસ થઇ. એથી મેં પેલી ચેષ્ટાની દરકાર ન કરી. હું અંદર ગઇ. ત્યાં કેટલાંક સ્ત્રીપુરુષો બેઠેલાં. ત્યાં ભોંયપર પાંચ ખંડ પૂરેલા ને પાંચ ગાદીઓ નાખેલી. બાજોઠ પર એક પાત્રમાં 'જ્યોત' હતી તે પ્રકટાઇ. 'હરનામ-હરનામ-હરનામ' એવા ત્રણ અવાજ થયા. પછી 'નમણા'ની ક્રિયા થઇ. આ બધું મને પેલી ડોશી સમજાવતી. થોડા ચોખા અને એક પૈસો હાથમાં લઇ, અમુક ઢબે જ્યોત તરફ ફેરવી, નમણના મંત્ર ભણી, ત્રણ વખત 'હર-નામ' 'ગત્ય' ને બોલાવ્યું. પછી પીરગાદીને, જોગણી ગાદીને, લાખીયા ગાદીને, વીરગાદીને વગેરે અનુક્રમે 'ૐ ગુરુજી' એ શબ્દથી શરૂ થતા ને 'આખા ચઢાવું' એ શબ્દોથી પૂરા થતા મંત્રવડે તે ક્રિયા પૂરી થઇ; અને ત્યાર બાદ 'આરાધ' શરૂ થયો. એક પુરુષ પાણીના છાંટા તે ટોળામાં છાંટવા મંડ્યો. જેને છાંટા પડે તે સ્ત્રીપુરુષો ઉઠી ઉભાં થાય, 'ગત'ને 'પંજો' મેળવે (અંગુઠે અંગુઠા મેળવી ડાબો હાથ જમણા હાથ બરોબર સજ્જડ દાબવો તેને પંજો મેળવવો કહે છે) ને પછી પડદા પાછળ જાય...મને પણ છાંટા પડ્યા. મેં તે નરપિશાચોના સહવાસમાં મારૂં અમૂલ્ય શિયળ લૂંટાવ્યું. જે આર્ય લલનાઓએ પોતાના મોંઘેરા શિયળની રક્ષા કાજ દેહલતાઓને અગ્નિમાં ઝંપલાવી છે, તે જાતિની હું આ રીતે ધર્મના નામે સર્વસ્વ ગુમાવી ચૂકી.

નિર્લજ્જ વ્યભિચાર

આ વિધિ તે 'પાટપૂજા.' એ અધમ વિધિમાં કેટલાય પુરુષો પોતાની ગૃહલક્ષ્મીઓ,

બહેનો અને માતાસમ અન્ય નારીઓનાં શિયળ લૂંટાવે-લૂંટે છે. આ 'પાટપૂજા'ના પંથ-'ગત'માં ભળેલાં નીચ નરનારીઓ 'પાટપૂજા'ના પ્રસંગસિવાય પણ વ્યભિચાર આચરે છે. તે લોકોને પાપકર્મ કરવાની યાચના કરવી હોય, ત્યારે એમાં ભળેલાં અન્યોન્ય 'ખીચડી ખાવી છે' એવી સાંકેતિક યાચના કરે છે અને પરિણામે દુનિયાની નજરમાં ધૂળ છાંટી પાપકર્મ આચરે છે. એ લોકોમાં 'ચાલતી શીરામણી'–એટલે કે 'છૂટક જારકર્મ' એવો પણ એક સાંકેતિક શબ્દ વપરાય છે. આજે હું આ અધર્મ છે એમ જાણી શકું છું અને એટલેજ તે પિશાચોથી દૂર થઈ, થયેલાં પાપનો પશ્ચાત્તાપ કરતી જીવન ગુજારૂં છું."

એ પિશાચોના પંથની પાટપૂજા જેવીજ બીજી ભયંકર વાતો, 'ખોળાદાન' અને 'ચર્ણામૃત' હવે પછી ચીતરી, જગતને એ ભયાનક ધર્મ-રે, ધર્મને નામે ચાલતા પાપપુંજ-થી વાકેફ કરીશું.

હિંદુસમાજ ચેત! સમાજ અને રાજ્યસત્તાઓએ આ પાપને દફનાવી દેવા સબળ પ્રયત્નો કરવા જોઈએ.

("સૌરાષ્ટ્ર" તા. ૧૯-૧૧-૨૭ ના અંકમાં લેખક 'વ્રજધારી')

૭૬–'એ કાંઈ સાચો માર્ગ નથી!'

રશિયાના પાટનગરમાં ફાંસીનો માંચડો ઉભો કરવામાં આવ્યો હતો. ઝાર એલેક્ઝાન્ડર ત્રીજાને ઠાર કરવાની કોશીશના ગુન્હેગાર એક જુવાન રશિયનને જીંદગીની કુરબાની કરીને તેના દેશપ્રેમની કિંમત ચૂકવતો જોવાને–ફાંસીને માંચડે ચડતો જોવાને–રશિયનોની ઠઠ જામી હતી. ઝારશાહીની જડ ઉખેડી નાખવાનો, જાનને જોખમે ઝારશાહીના અંગભૂતોનાં ખૂન કરવાની હિંસક પદ્ધતિ અખત્યાર કરવી એ એકજ માર્ગ છે, એમ દ્દઢતાપૂર્વક માનનારો એ જુવાન ફાંસીના માંચડા પાસે સ્મિત ફરકાવતો ઉભો હતો. 'મૃત્યુ પછી પુનર્જન્મ પામીને પણ હું આ ઝારશાહીનાં ઉચ્છેદનને માટેજ ઝઝુમીશ' એવો નિશ્ચય એના મુખની રેખાએ રેખા ઉપર અંકાયો હતો.

ઘંટડી વાગી, કાળા પોશાકમાં સજ્જ થયેલા ફાંસી ફરમાવનાર અમલદારે, હમેશનો ક્રમ હોય તેમ, લાગણીવિનાના નિષ્ઠુર અવાજે ઉચ્ચાર્યું "......પાંચ મીનીટ રહી છે. મિત્રોને, માતા-પિતાને, સ્વજનોને–જેને જેને મળવું હોય તેને મળી લ્યો."

જુવાન રોકતો રોકતો, મેદનીને મોખરે તેનો નાનો બધવો ઉભો હતો તેની પાસે ગયો. તેના આત્મામાં ગુંજન થઈ રહ્યું હતું કે 'મારી પાછળ મારૂં જીવનકાર્ય આ મારો સહોદરજ ઉઠાવી લેવાનો છે.' એક માતાના ઉછંગમાં ખેલવાથી ભ્રાતા ભ્રાતા વચ્ચે જે અપાર્થિવ પ્રેમ ઉપજે છે, એ પ્રેમથી ઉભરાતા આ જુવાને તેના ભાઈને બેટી, તેને એક આલિંગન દઈ, તેનો હાથ પોતાના હોઠસુધી ઉંચો લીધો અને એક ચુંબન કર્યું–અને તેની સજળ બનેલી આંખોએ છેલ્લો વિદાયસંદેશ દીધો.

પણ એ બધું છતાં, જ્યારે સમસ્ત માનવમેદનીનાં હૃદય લાગણીથી ઉછળી રહ્યાં હતાં ત્યારે પણ, એ નાનો ભાઈ ખડકસમો અડગ ઉભો રહ્યો. એના મુખ ઉપર કોઈ પ્રકારના ભાવની એક પણ રેખા નહોતી. પોતાની છેલ્લી વિદાય લેતા શહીદ–ભ્રાતાના આ ભાવ-પ્રદર્શનના જવાબ-માં, સત્તર વર્ષનો એ છોકરો માત્ર એટલુંજ બોલ્યો. 'ઓ' એ સાચો માર્ગ નથી.'

સત્તર વર્ષના છોકરાની આ લાગણીહીનતા જોઈ, સકળ જનસમૂહ સજ્જડ થઈ ગયો.

આ વાતને બે વર્ષ થયાં, પોતાના મોટાભાઈની ફાંસી વેળા, 'ઓ' એ સાચો માર્ગ નથી' એવી અકળ વાણી ઉચ્ચારનાર એ યુવક તેના વિદ્યાલયમાંથી, તેની ક્રાન્તિકારી પ્રવૃત્તિ-ઓને કારણે બરતરફ થયો. એ અરસામાં રશિયામાં ભયંકર દુષ્કાળ પડ્યો. ખેડૂતોએ, અમલદારોની સામે મજાને રાહત-પ્રવૃત્તિઓ આરંભી

એ દિવસોમાં રાહત-પ્રવૃત્તિનો કાર્યક્રમ ઘડવા કાર્યકર્તાઓની એક મોટી સભા મળી હતી. એ સભાના એક ખૂણામાં આ યુવક બેઠો હતો. સૌ સેવકનાં લાગણીભર્યાં, દર્દભર્યાં, રાહત-પ્રવૃત્તિ વિસ્તારવાને માટે વિનવણી કરતાં ભાષણો સાંભળી લીધા પછી તે છલંગ મારીને ઉભો થઇ ગયો અને ત્રાડ પાડીને બોલવા માંડયોઃ 'ના, ના; અમારે મદદ નથી જોઇતી. એ સાચો માર્ગ નથી. દુષ્કાળની દારુણતા ઓછી કરવા પ્રયત્ન કરવો એ ખોટો માર્ગ છે. એનો અર્થ એ છે કે, તમે ઝારશાહીની જીવનદોરી લંબાવવા ચાહો છો. ખરી વાત તો એ છે કે, ભૂખમરો જેટલો વ્યાપક અને ઉગ્ર બનાવી શકાય તેટલો બનાવો; અને એ રીતે અસંતોષ જેટલો સળગાવી શકાય તેટલો સળગાવો. તમે જે સંસ્થાનું-ઝારશાહીનું-નિકંદન ચાહો છો, તેનું નિકંદન કાઢવાનો એ એકજ માર્ગ છે. અને ઝારશાહીના નાશવિના, આ ગુલામીનો કદીજ અંત આવવાનો નથી.' એ જુવાન એટલા આવેશથી બોલ્યો અને એટલું પ્રભાવશાળી બોલ્યો કે આખી સભા પરવશ બની તેને સાંભળી રહી; પણ જ્યારે તે બોલી રહ્યો ત્યારે સભાપતિએ તેને ગાંડો માણસ ગણીને કાઢી મૂક્યો.

× × × ×

આ પ્રસંગ પછી, એ જુવાને, બરાબર અઠ્ઠાવીસ વર્ષસુધી રશિયામાંથી દેશપારીની સજા ભોગવી અને એ અઠ્ઠાવીસ વર્ષ તેણે તેના વિચારોને અને જીવન-ફીલસુફીને મૂર્ત સ્વરૂપ આપવા દિવસરાત કામ કર્યું-ભૂખમરો અને બીજી અનેકવિધ હાડમારીઓની વચ્ચે, પળે પળે ઝારના હત્યારાઓને હાથે જાન ગુમાવવાની ભીતિ વચ્ચે કામ કર્યું અને ૧૯૧૭ ના નવેમ્બર માસની ૭મી તારીખે તે પાછો સેન્ટ પીટર્સબર્ગ આવ્યો-હડધૂત થતા ગાંડા માણસતરીકે નહિ પણ રાષ્ટ્રદેવતરીકે-પૂજા પામતા પ્રજાના તારણહારતરીકે.

અઠ્ઠાવીસ વર્ષ પછી એ ફરી વાર પ્રજાસેવકોના સંઘ વચ્ચે, ખાસ ગોઠવેલી ઉંચી વ્યાખ્યાન-પીઠ ઉપર ચઢીને બોલવા ઉભો થયો; અને જાડા, બાંધી દડીના, ખાસ આકર્ષણ ન કરી શકે એવા શરીરવાળો, આગળ નીકળી આવેલાં ગાલનાં હાડકાંથી અને ઉપસેલાં ભવાંથી લાક્ષણિક રશિયન જેવો લાગતો, વિશાળ ભાલ અને પર્વતશૃંગસમા મસ્તકથી સૌનું ધ્યાન ખેંચતો, ઝીણી, કાળી, ચંચળ આંખ-કીકીઓથી સૌ કોઇને વશ કરી લેતો એ પુરુષ શું બોલ્યો? તે માત્ર એટલુંજ બોલ્યો કે 'એ સાચો માર્ગ નહોતો. આ માર્ગ એ સાચો માર્ગ છે!' ઝારશાહીનું ઉચ્છેદન કરીને સોવિયેટ-તંત્રનું ખાતમુહૂર્ત કરતી મેદનીની તાળીઓથી અને હર્ષનાદથી સભામંડપ ક્યાંય સુધી ગાજી રહ્યો!

પ્રથમ ગાંડા માણસતરીકે અને પછી પ્રજાના તારણહારતરીકે રશિયાના ઇતિહાસમાં અમર બની જનાર એ પુરુષનું નામ લેનીન.

ઝારશાહીઓસમી માનવલોહીતરસી રાજસંસ્થાઓને મીટાવવા, ઇતિહાસના તખ્ત ઉપર લેનીન સમા પુરુષવરોનુંજ આગમન થવું જોઇએ છે.×

(તા. ૩-૧૨-૧૯૨૭ ના 'સૌરાષ્ટ્ર'માંથી)

૭૭–ગામડાંનાં દુઃખદાયક દશ્યો

પ્રાસ્તાવિક

કાઠિયાવાડનાં નાનાંમોટાં રાજ્યોનાં ઘણાં ગામડાંની યાત્રા કરતાં જે દુઃખદાયક દશ્યો ખુલ્લાં રહ્યાં છે, તેનો યત્કિંચિત ચિતાર સહૃદયી સુજ્ઞ વાચકોને આપવાનો આ પ્રયાસ છે. ગામડાંઓ હિંદુસ્તાનરૂપી વિરાટ સ્વરૂપના હાથપગો છે અને તે હાલ હાલમાં રાજાપ્રજા ઉભયનાં કમભાગ્યે સુકાવા માંડ્યાં છે. એ કાંઈ કરુણરસપ્રધાન કાવ્ય કે નાટક નથી, પરંતુ એ તો મહાત્મા ગાંધીજી કહે છે તેમ ખરો રોગ છે. હિંદને લાગુ પડેલ આ ક્ષયસમા રાજરોગનાં ચિહ્નો કોઈ ધન્વંતરીને લખીને બતાવીને તેનું નિદાન કરાવવાની ખાસ જરૂર છે; પણ આપણે તો જાતે આંખે આ ગામડાંઓમાં જઈએ છીએ અને એ બધું શૂન્ય હૃદયે સાંભળીએ છીએ.

શ્રીકૃષ્ણ-સુદામાની દ્વારામતી, જાદવોનું જાદવાસ્થળ, નરસિંહ-મીરાંની પુણ્યભૂમિ, જેઠવા-ઊજળીનાં પ્રેમ, ગોહેલોનાં ગૌરવ, રા'ખેંગારનો જૂનો ગઢ, મૂળુ-માણેકનાં ધીંગાણાં, જોધાનાં ધમસાણ, બાપુજીનો બારો, ગોવર્ધનભાઈનાં સુવર્ણગિરિનાં શૃંગો, રણજિતરામનાં લોકગીતો, કલુ-ભાઈનાં ગોપકાવ્યો, રાયચૂરાજીની શૌર્યભરી કહાનીઓ અને કાકા કાલેલકરના આમ્રદેવતાઓ અત્યારે મરી ખૂટ્યાં છે. કાઠિયાવાડને એક છેડેથી બીજા છેડાસુધી ઢૂંઢી ઢૂંઢીને મરી જઈએ છતાંયે તેમાંનું કંઈ પણ દૃષ્ટિગોચર થાય તેમ નથી એ ખરું; પણ એ તો નિર્વિવાદિતજ છે કે, જો આપણે ખુલ્લી આંખે અને સહૃદય ભાવે ગામડાંઓની યાત્રા કરીએ તો પરાર્થે નીચોવાઈને ભાંગીને ભુક્કો થઈ ગયેલી કરુણાની સાચી મૂર્તિઓમાં આપણને મહાપ્રભુજીનો સાક્ષાત્કાર જરૂર થાય.

ગામડે જતાં રસ્તામાં

શહેરોમાંથી ગામડે જતાં રસ્તામાં મજૂરકામમાંજ માથે લદાયેલી લાકડાંની ભારીઓથી લચી રહેલી અને ઊંધું ઘાલીને પરાણે પરાણે દોડી રહેલી બાહોશ વણકર બહેનો આપણને સામી મળે છે. 'ઢેઢડીઓ'ના નામથી ઓળખાઈ રહેલી એ આપણી બહેનોના ભાગ્યમાં કાંતવા-વણવાનો ધંધો નાશ પામ્યા પછી માત્ર ભીખ, મજૂરી અને ચોરીજ રહેલી છે. લણણી વગેરેની મોસમ હોય ત્યારે રાતદિવસ એ બહેનોને ખેતરોમાં દુષ્ટ સાથીઓની સંગે કલાકોના કલાકસુધી પેટને માટે એકાંતમાં તનતોડ મજૂરી કરવી પડે છે. મોસમવિનાના દિવસોમાં જંગલમાં આથડી આથડીને કે ચોરી કરીને કે જંગલખાતાના કોઈ પાપીઓના ફંદામાં ફસાઈને તેઓ આ ભારીઓ એકઠી કરે છે. શહેરોમાં તે વેચવા જતાં બદમાશો તેઓની શી વલે કરે છે તે તો એક દીનાનાથજ જાણે છે. આ સિવાય સડક ઉપર મજૂરી કરીને કે છંદમાં પડીને તેઓ પોતાનું ગુજરાન મહા-તોબાએ કરે છે. મહાત્મા ગાંધીજી કહે છે તે પ્રમાણે ખરેખર "રેંટીઓ ભાંગીને આપણે ભૂખ-ને વ્યભિચાર વહોર્યો છે." એ તો કહે છે કે "ત્રીસ કરોડની વસ્તીમાંથી એક પણ બહેનને ધંધો ન મળવાથી પોતાની પવિત્રતા વેચવી પડતી હોય ત્યાંસુધી તમારે ને મારે-બધાએ શરમાવું રહ્યું છે."

જરા આગળ જતાં દૂધની તાંબડીઓ લઈને રબારણો અને ઘીના પારીઆ લઈને ખેડુ ગરાસીઆઓ શહેરમાં વેચવા જતા માલૂમ પડે છે. દૂધના દૂધમાં અને પાણીના પાણીમાં એ કહેતીનું રહસ્ય મહીઆરીઓની મટુકી ઠીક સમજાવે છે. દૂધના લોભથી આ રબારણો બોકડાં-માત્રને જીવતા રહેવાજ દેતી નથી. દિનપ્રતિદિન નિષ્ઠુર બની જઈ ભરવાડ લોકો આ બાપડા-ઓને જન્મે કે તરતજ ત્યાં ને ત્યાં વાડામાં ફેંકી દે છે અને તે ત્યાંજ ભૂખે તરફડીયાં મારી ઝુરી ઝુરીને મરી જાય છે. આ ખેડુત ગરાસીઆ પણ પાડાઓને ધવરાવ્યાવિના સ્વધામમાં પહોં-ચાડી દેવાનું મહાપાતક વહોરી રહ્યા છે; નહિ તો કંઈ બધે પાડાઓના ખાડા ને ખાડા હોય અને પાડો ક્યાંય શોધ્યો જડે નહિ એમ બને? આ પ્રાણીઓ પ્રભુએ સરજ્યાં હશે, ત્યારે એમને સ્વપ્નુયે નહિ હોય કે માનવજાતિને બક્ષેલી બુદ્ધિ કુદરતની કૃતિનો સ્વાર્થને ખાતર આટલી હદે ગેરઉપયોગ કરશે. દૂધ વેચવું એ તો પ્રથમ પાપ મનાતું. હાલમાં તો એ કમાણીનું સાધન થઇ પડ્યું છે અને તે એટલે સુધી કે પોતાનાં પેટના બાળબચ્ચાંને પણ ટીપુંયે દૂધ આપી શકાતું

નથી, ઘીના ઝાંટાનું તો નામજ ક્યાંથી લેવાય! દૂધાળાં જાનવરોને નીચોવાય તેટલાં નીચોવી મારીને પૈસાદારની હોજરીમાં એ ખૂન ઠલવવામાં આવે છે. શહેરોમાં જેમ જેમ વસ્તી, પૈસો, હોટેલ-ચાની બદી વગેરે વધતાં જાય છે, તેમ તેમ ગામડાનાં ગોરસ આ રીતે છડેચોક લૂંટાવા માંડ્યું છે. ગામડાંનું નૂર ચૂસી લઈ શહેરોમાં તેનું 'ઇન્જેક્શન'-પીચકારી-દેતી મુંબઇની લોકલ ટ્રેનોની આવૃત્તિ હાલ હાલમાં કેમ જાણે સિહોર, ભાવનગર અને જેતલસર-રાજકોટ ટ્રેનમાં થતી હોય એમ જણાય છે. જ્યાં વાડીસિવાય ઘી ગોરસવાળામાં અવિવેક ગણાતો, ત્યાં હાલ ઘીનું પાવળું પણ ભાગ્યેજ ભરાય છે. જ્યાં તાંસળીઓમાં દૂધનાં દોણાં દોશે દોશે ઠલવાતાં હતાં ત્યાં હાલ ગોરનાં આંસુ જેવી આછીપાતળી છાશનાયે સાંસા છે. અત્યારે તો બરડો આફ્રિકામાટે ઝુરી રહ્યો છે અને વેરાવળનું બારું તો કેમ જાણે ગીરનું ગોરસ લૂંટવા નિર્માયું હોય!

શાકભાજીના પોટલા, શેરડી-ગોળનાં ગાડાં, ખડકડબનાં ભારા, અનાજકણના ગંજો, કપાસ-મગફળીનાં બડાં, અધિકારીઓની લૂંટના ખજાના વગેરે એક પછી એક આપણને સામા મળ્યા-જ કરે છે. ધૂળમાંથી ધાન પેદા કરનાર ધાનમાટે વલખાં મારે અને ધાનમાંથી ધૂળ કરનારા ધાનમાં દટાઇ મરે છે એનો પુરાવો જેઓને જોઇતો હોય તેઓએ અવશ્ય આ બધું જાતે જોઇને વિચારવું ઘટે. શહેરીઓનાં પંજરોથી ઠેરે ઠેરે ભરાયેલ ગામડાંઓમાંથી લોહીની ધારાઓ વછૂટીને આ માર્ગે વહી રહી છે. આ ઘા મન, વચન અને કર્મથી રૂઝવવા કોઇ પણ ભોગે પ્રયાસ કરવો એ શું આપણા બધાનો ધર્મ નથી?

ધણ, વાઘ અને ટોળાંમાંથી ખાટકીઓએ કતલખાનાંમાટે ખરીદીને વિખૂટા પડાવેલ ગાય, ભેંસ, બકરાં, ઘેટાં વગેરે જ્યારે આપણને સામાં મળે છે, ત્યારે તો કાળમીંઢ હૈયે આંખો દાબ્યા છતાંયે આંખોમાંથી આંસુ સરી જાય છે અને અબુધ ગ્રામ્ય જનોની અપંગ દશામાટે લાગણીહીન હૃદયમાં પણ સહેજે લાગી આવે છે. આવાં દુઃખદાયક દૃશ્યો જોઈ જોઇને કંઇ પણ ધાડ માર્યાવિના પ્રભુએ બક્ષેલી લાગણીઓ વિકુંઠિત કરવી તેના કરતાં તો બહેતર છે કે, શહેરોમાંજ દટાઇ મરવું. ઘરને આંગણે મૂલમજુરી નહિ મળતાં પોતાનાં બાળબચ્ચાંને ભૂખ્યે પેટે પ્રભુને ભળાવીને બહાર નીકળી પડેલ ગ્રામ્યજનો જ્યારે અશ્રુભીની આંખે આપણને સામા મળે છે, ત્યારે અનુભવાય છે કે ગામડાંનો સોથ વાળવામાં આપણે સૌએ લગીરે મણા રાખી નથી. આને માટે આપણે રાજાપ્રજા-તમામ ઈશ્વરના દરબારમાં પૂરેપૂરા જવાબદાર છીએ અને શ્રીમંત અને સંસ્કારી વિશેષ.

(૧૯૨૫ ના "શારદા" માસિકના તંત્રીઅંકમાં લેખક—રા. ચંદુલાલ બહેચરલાલ પટેલ)

૭૮—સુલેહરક્ષક પોલીસમેનો અને સ્વયંસેવકો કેવા જોઈયે!

જર્મનીસંબંધી આપને ઘણુંયે લખવાનું મન થાય છે. એ દેશજ મને કંઇ વિચિત્ર લાગે છે. આજે વળી બર્લિનસંબંધી થોડું લખું છું. કંટાળો તો નથી આવતો ને?

હેમ્બુર્ગથી અમે સીધાં બર્લીન ગયાં. યૂરોપના જૂદા જૂદા દેશોની ભાષાનું અમારૂં અજ્ઞાન અમને ડગલે ને પગલે નડવા લાગ્યું. જર્મનભાષા તો અમને કોઇનેયે ન આવડે! એટલે ઘણીયે વાર 'ગીતાને બદલે ઘેટાં' ની પુનરાવૃત્તિઓ થઇ. આપણા કોઇ હિંદી ભાઇ મળી આવે તો અમારો માર્ગ ઘણોજ સરળ થઇ જતો; એટલે અમે હેમ્બુર્ગથી નીકળ્યાં તે પહેલાં બર્લીનમાં વસતા એક હિંદી ભાઇને પત્ર લખેલો. બર્લીનના સ્ટેશનપર અમે તે ભાઇની ઘણીયે શોધ કરી; પરંતુ કંઇક ગલતી થઈ જવાથી તે ભાઇ સ્ટેશને ન આવી શક્યા. બર્લીનની અમારી મુસાફરીમાં ખાસ નોંધ લેવા જેવી બીના તો ત્યાંની પોલીસસંબંધીની છે. અમારી પાસે પેલા હિંદી ભાઇનો ટેલીફોન નંબર હતો. અમે પોલીસના એક સિપાઇને અમારા ભાષાના અજ્ઞાનની જાણ કરી. સિપાઈ અમને જાહેર ટેલીફોનના મથક પાસે લઇ ગયો. અમે તેને નંબર કહ્યો; એટલે તેણેજ નંબર જોડીને વાત કરી લીધી. મુંગાં-બ્હેરાં વાત કરે તેમ તેણે અમને નિશાનીઓથી સમજાવી

લીધું કે, પેલા બાઇ બહાર ગયેલા છે. અમે તે સિપાઇને પેલા બાઇનું સિરનામું આપ્યું. તેણે એક ભાડાની મોટર બોલાવી. મોટરના હાંકનારને અમારે જવાના રસ્તાની ખબર કરી. અમારો સામાન મોટરમાં ગોઠવી આપવામાં પણ તેણે મદદ કરી. તેની આટલી સુજનતા જોઇ તેને કંઇક બક્ષીસ આપી દેવાની અમારી ઇચ્છા થઇ. અમે 'બક્ષિસ' તેની સામે ધરી. તેના મોં ઉપર આછું આછું હાસ્ય ફરક્યું. તેણે કંઇએ લેવાની ના પાડી. અમારી મોટર ચાલી અને તેણે નમ્રતાથી અમને સલામ કરી. મને આપણા મુંબઇના પોલીસ સિપાઇઓ યાદ આવ્યા. બન્ને વચ્ચે કેટલું અંતર !

જર્મનીની પોલીસવિષે તો મેં હેમ્બુર્ગમાં ઘણું સાંભળેલું. કોઇ ગંદકી કરે અગર સ્વચ્છતાના નિયમોનું અતિક્રમણ કરે, તો દંડ કરવા સુધીનો અખત્યાર પોલીસને આપવામાં આવેલ છે. દંડસંબંધમાં કદાચ વાંધો પડે તો તેનાપર અપીલ થઇ શકે છે અને એ વાત સાચી છે; પરંતુ પોલીસને પોતાની આવી સત્તાનો ઉપયોગ ભાગ્યેજ કરવો પડે છે. યુરોપના લોકો સ્વચ્છતાના નિયમોનું પરિપાલન અતિશય દઢતાથી અને સહૃદયથી કરે છે; એટલે મ્યુની-સીપાલીટીનો બોજો પણ ઘણોજ ઓછો થઇ રહે છે. શરીરના આરોગ્યસંબંધમાં તો અહીંનું એક છોકરુંયે અજ્ઞાત નથી; આપણો દેશ અનેક રોગોથી પીડાઇ રહ્યો છે, તેનું કારણ આરોગ્ય-તાના પ્રાથમિક નિયમોનું આપણું ઘોર અજ્ઞાન ! અહીંની ગલીકુંચીઓ, ઘરો, વાડાઓ વગેરે સઘળું સ્વચ્છતાના આદર્શરૂપ છે; અને તેની જોડે આપણા મુંબઇના માળાઓ, ચાલો અને ગલીકુંચીઓ સરખાવીએ તો !

આ સ્થળે હું અમદાવાદમાં જે ઘરમાં ઉછરેલી તે ઘર અને પોળ યાદ આવી રહે છે-પાયખાનાંઓના ખૂણા મળમૂત્રથી ભરાઇ ગયેલા અને પાણી જવાના રસ્તાઓ તો ઘણાંખરાં ગંધાતા જ ગયેલા હોય ! જ્યાં ત્યાં પાણીના રેલાઓ અને ગંદા પાણીથી ભરેલા ખાબોચીયાઓ નજરે પડે ! પોળનું પાણી એકઠું કરવા સારૂ મ્યુનીસીપાલીટી તરફથી કુંડાંઓ રાખવામાં આવે છે, તે પણ ભરાઇ ગયલાં. તેને ખાલી કરવા સારૂ ભંગી આવે; પરંતુ તે બિચારો કેટલું પાણી ઉલેચે ? ભંગીની એ ગંદુ પાણી ભરવાની ગાડી બે ચાર ઠેકાણેથી તો જરૂર કાણી હોય ! આવાં અનેક જાતનાં ગંદકીનાં સ્થાનોથી અમદાવાદ શહેર ભરેલું છે. અમદાવાદમાં રોગનો ઉપદ્રવ સવિશેષ પ્રમાણમાં રહે છે તેનું પણ આજ કારણ છે; અને વ્યાધિગ્રસ્ત લોકોમાં આનંદ, ચેતન અને ઉત્સાહ દૃષ્ટિએ ન પડે તેમાં નવાઇ શી ?

અહીંની-જર્મનીની સ્ત્રીઓ પણ સ્વચ્છતા જાળવવામાં તો અતિકુશળ છે. તેમના ઘરમાં કચરાનું કે ગંદકીનું નામનિશાન મળે નહિ. ખાદ્ય ખોરાકીની દુકાનોમાં પણ સ્થળે સ્થળે સ્વચ્છતા મૂર્તિમંત દેખાય ! હું એક વાત કહી લઉં કે, તેમને સ્વચ્છતા જાળવવામાં દિવસે દિવસે થતી વૈજ્ઞાનિક શોધો તેમજ બીજાં અનેક સાધનો મદદગાર છે; છતાંય આપણી અસ્વચ્છ-તાનો તો આથી કશોય બચાવ થઇ શકતો નથી. મુંબઇની મિઠાઇવાળાઓની કે દૂધ વેચનારા ભૈયાની દુકાન અંદર જઇને જોઇ છે ! તેની અંદર સ્થળે સ્થળે રોગોત્પાદક જંતુઓના આવાસ જોઇ શકાશે. ત્યાંની મ્યુનીસીપાલીટી 'પરવાનો' આપતી વખતે ઘણીયે 'કાળજી' દાખવે છે, પરંતુ પછી......પછીનું પરિણામ તો આપણી દૃષ્ટિ સમક્ષજ છે ને ! અહીંના ઘરોમાં પણ ઠેકાણે ઠેકાણે કચરો નાખવાની પ્રથા નથી, પરંતુ ઘરનો કચરો એકજ ઠેકાણે એકઠો કરી રાખી મૂક-વામાં આવે. સવારે મ્યુનીસીપલ કચરાગાડી આવવાના સમયે સૌ એ કચરાના ડામ બારણાની બહાર મૂકી દે. કચરાની ગાડીવાળો એ સઘળા ડામ ગાડીમાં ઠાલવી દે.

ટ્રામગાડીઓમાં પણ અહીં બહુજ વિનય અને સંભાળ રાખવામાં આવે છે. ચઢતા-ઉતરતા માણસોની સંભાળ અતિશય પ્રમાણમાં કંડક્ટર રાખે. કોઇ બાઇ બે-ચાર છોકરાંઓને લઇને ઉત-રવાની હોય તો કંડક્ટર પ્રથમ નીચે ઉતરી જાય અને પેલા બચ્ચાંઓને તે નીચે ઉતારી આપે. તેવીજ રીતે કોઇ વૃદ્ધને નીચે ઉતરવું ચઢવું હોય તો કંડક્ટર મદદ આપવાને બંધાયલોજ હોય છે. ટ્રામ ઉભી રહેવાનાં સ્થળો પાસે જો મુસાફર ઉતરતા કે ચઢતા હોય તો તે બાજુથી આવતી દરેક મોટર અને ગાડીઓ આપોઆપ ઉભા થઇ રહે આ કાનુનનો ભંગ કરનારને

તરતજ દંડ કરવામાં આવે છે. મુંબઈની ટ્રામગાડીઓની સરખામણી કરૂં? મુસાફરોપ્રત્યે-પછીથી તે સ્ત્રી હોય કે પુરુષ-કંડક્ટરની તોછડાઇ, અવિનયનો તો પાર નહિ. બાલબચ્ચાં ઉતરતાં-ચઢતાં હોય તેની દરકાર રાખ્યા સિવાય ટ્રામ ચલાવવાને ઘંટી મારી દે! ઉતારૂઓને મદદ આપી રહેવાનું તો આપણા કંડક્ટર મહાશયો શીખ્યાજ નથી! ઉતારૂઓ ચઢતા હોય કે ઉતરતા હોય તોપણ તે બાજુથી મોટર કે વિક્ટોરિયા તો ઉતારૂઓનાં અંગ ઉપર ધસીજ આવવાની!

પણ આ સરખામણી કરવાથી શો ફાયદો છે? આપણાં ખાતાંઓ જોકે લોકોને પૈસેટકે, તેમને સુખસગવડ આપી રહેવાને ચલાવવામાં આવે છે, તોપણ તેમાં પ્રજાનો અવાજ નથી અને તે જ્યાંસુધી નથી ત્યાંલગી તો સ્થિતિ આવીજ રહેવાની.

(તા. ૩-૧૨-૨૫ ના 'કર્મભૂમિ'માં લેખિકા-સૌ૰ બ્હેન ભાનુમતી દલપતરામ ત્રિવેદી)

૭૯-ગાંડિવ

કોઇ સંધ્યાએ આપણે સમુદ્રને કાંઠે ઉભીએ. અનંત લાગતા આસમાની વ્યોમમાં નજર ફેરવીએ ન ફેરવીએ ત્યાં સમુદ્રને સામે પાર સૂર્યદેવ પાતાળમાં ઉતરી જાય છે અને આખું આકાશ સૂર્યાસ્તની સુવર્ણકાન્તિથી રંગાઈ જાય છે. સાથોસાથ સમુદ્રના શાંત નીર ઉપર આકાશની અદ્દ્ભુત સુંદર તસ્વીર છપાય છે. એ જોતા અને મંદમંદ મધુર નાદે ગાન કરતી ચાલી આવતી શીતળ વાયુલહરિઓનો આનંદ માણતા, આપણે કોઈ અગમ્ય, અનિર્વચનીય, અજબ આનંદમાં ડૂબી જઇએ છીએ. તે ઘડીએ મનમાં કલ્પનાયે આવી શકે કે, એ મીઠી પવન-લહરિઓ પ્રલયકારી ઝંઝાવાતનું રુદ્ર રૂપ ધરી, પલકમાં તો સમુદ્રને વિનાશના દૈત્ય જેવો ભીષણ બનાવી મૂકશે? એમ બને ત્યારે માનવી મુંગી પ્રાર્થના ઉચ્ચારે કે 'નેતિ ! નેતિ !'

એ વાત ચૂકી જઈ માનવીએ એક દિવસ સરજનહારના સમોવડીઆ હોવાનો ગર્વ જાહેર કર્યો. તેણે 'ટીટાનીક' નામની એક જબરી આગબોટ બનાવી અને એને લગીરે ઇજા કરવાની કોઇની તાકાત નથી એવા અહંકારથી સમુદ્રમાં તેને તરતી મૂકી. 'ટીટાનીક'ની મજબૂતી ઉપર મદાર બાંધીને તેણે સાથે પ્રાણસંરક્ષક કીસ્તીઓ પણ ન લીધી. પોર્ટસ્માઉથ બંદરેથી નીકળી આટલાંટિકનાં પાણી કાપતી, ટીટાનીક અમેરિકા ચાલી. એકાએક આટલાંટીકના ઉદરમાંથી પ્રચંડ મોજાં ઉછળવા માંડયાં. પાણી નીચે તરતા બરફના ડુંગરોએ મ્હોં ફાડયું. કુદરતના એ તરતા રાક્ષસોએ ટીટાનીકના ચૂરેચૂરા કરી નાખ્યા. તેનાં માણસો કાંપતાં, ધ્રૂજતાં, મરણમાંથી ઉગરવા તરફડીયાં મારવા લાગ્યાં. એ તરફડાટમાંથી સ્તુતિ ઉઠી 'નેતિ! નેતિ!'

જે શક્તિ માણસના મ્હોંમાંથી 'નેતિ! નેતિ!' બોલાવે છે, તેજ શક્તિ રાષ્ટ્રોનાં અને પ્રજાનાં ભાવિની દોરી પોતાના હાથમાં રાખી રહી છે. તેણે પ્રાચીન ગ્રીસ અને રોમની કબર રચી; તેણે મીસર અને બાબીલોનનાં મહારાજ્યોનાં દફન કર્યાં; તેણે રશિયાની ઝારશાહી અને યૂરોપની પોપશાહીનો વિનાશ કર્યો. તેજ શક્તિ આજે મીસરને નવો અવતાર આપી રહી છે. તેજ શક્તિ આજે ભારતનું અને ચીનનું નવસર્જન કરી રહી છે.

ઓ ભારતવર્ષ! જેણે તારે આંગણે અફઘાનોનાં ધાડાં અને મોગલનાં જૂથ ઉતારેલાં, જેણે તારી છાતીને યૂરોપીયનનોની એડી નીચે છુંદાવી, જેણે તારી જીવનકથામાં અનેક વિજયો અને અનેક પરાજયો નોંધાવ્યા, તેજ સરજનહાર તને આજસુધી જીવાડી રહ્યો છે અને એજ પરમશક્તિ આજે તને સ્વાધીન બનવા પ્રેરે છે-તેજ મહાવિધાયક તને સ્વતંત્રતાનું યુદ્ધ લડવા આદેશ મોકલે છે. એનું એવું શાસન છે કે:-

'ભારત! તારૂં યુદ્ધધનુષ્ય ગાંડિવ સુદૃઢ પકડી રાખજે અને વિજયટંકાર કરજે. ગાંડિવને શિથિલ થવા દઇશ નહિ કે તું નિરાશ થઇશ નહિ. **युद्धस्व**-સ્વાધીનતાનું યુદ્ધ લડો અને વિજય વરો એ મારી આજ્ઞા છે.'

એક મદ્રાસી કવિ

(તા ૨૯-૮-૧૯૨૫ ના 'સૌરાષ્ટ્ર'નું મુખપૃષ્ઠ)

૮૦—આપણે ગુમાવેલા અગત્યના ખજાના

સમયનો પ્રવાહ જગતને આટલા ત્વરિત વેગે ઘસડી જશે એવું નહોતું ધાર્યું. દહાડે દહાડે એક દાયકાના અને દસકે દસકે એક યુગના પલટા અનુભવાઇ રહ્યા છે. કાળ-સાગરનાં મોજાં એક પછી એક આવીને કિનારાની પાળી પાળેપાળ પોતાની થપાટોવડે પાણીમાં દફનાવે છે. ગઈ કાલની ઘટના આજે ભૂતકાળનો ઇતિહાસ-અરે કલ્પનાની કોઈ ઝગઝગતી માયાવી આકૃતિ બની જાય છે. દુનિયાના સરજનહારે મનુષ્યોની સાથે આ તે કેવી લીલા આદરી છે!

એવાયે દિવસો હતા, કે જ્યારે ધરતીનાં સાત સાત પડ વચ્ચે થઈને વહેતા જળના ઝરાઓને શોધી કાઢનારાં માનવી આપણે ગામડે ગામડે વસતાં હતાં. ચોપની ભપાટી સાથે કાન માંડીને ભૂતળમાં રમતી જતી સરવાણીઓનાં કલકલ ગીતો આ ગામડીઆ પાણી-કળાઓ કાનોકાન સાંભળી શકતા. ચીમનું ઝાડવે ઝાડવું આ ગબથી જળ-શોધકોને માતા વસુંધરાના હૈયામાં ઉછળતી ગુપ્ત જળ-ધારાઓની બાતમી દેતું. પ્રભાતને ઠંડે પહોરે કે કડકડતે શિયાળે પણ ખેતરોનાં અમુક સ્થળોનાં હૈયામાંથી અચાનક ઉની વરાળનો સ્પર્શ અનુભવતાં ચૈતન્ય એ શોધક બંધુના દેહનાં પરમાણુઓ પોકારી ઉઠતાં કે અંહી છે-પાણી અંહી છે. પળવારમાં એ નાનીની લાકડી એ સંકેત-સ્થાન ઉપર ખોપાવી દેતી. કોદાળી અને ત્રીકમના ઘા શરૂ થતા. બરાબર ભાખ્યા મુજબ ધરતીમાં એક પછી એક ચોક્કસ રંગના પળ દેખાતા અને આખરે ભાખેલા કોલ અનુસાર એ નરાજુના અમુક ઉંડાણેથી જળધારાઓ છૂટતી-ખરતી માતાના થાનેલામાંથી જાણે ધાવણની શેડો ઉછળતી. દેશનાં લાખો જળાશયો આજે એ ગામડીયા ઇલ્મની સાહેદી દેતાં મોજુદ ઉભાં છે.

અમારી તેમજ અનેકની સાંભરણની આવી ઘટનાઓ હશે. એક ગામમાં નવાણ ગળાય, બહુ ઉંડાં ખોદાણ થયાં; પણ પાણીનો પત્તો નથી. બોલાવો ગામના પાણી-કળાને. એ બંધુ બેય આંખે સુરદાસ! ખાટલીમાં બેસાડીને સુરદાસને રસીથી તળીએ ઉતાર્યો. ઉતરીને અંધ પુરુષે જાણે કે જુગજુગોની જુની ઓળખાણ હોય તેવી મીઠાશથી પ્રત્યેક પથ્થરપર હાથ પંપાળ્યા. આંગળીઓનાં ટેરવાંવડે ભૂસ્તરવિદ્યાની ભાષા ઉકેલી, સ્થળે સ્થળે કાન માંડીને એણે કાળમીંઢ શિલાઓના પેટની વાત લીધી. 'અંહી ઘા કરો' એવી હાકલ મારીને એક પથ્થરપર આંગળી મેલી પહેલોજ ઘા, અને જાણે કે ગંગા મૈયા વછુટ્યાં. સાત સાત દુકાળોએ ઉપરાઉપરી શોષ્યા તોયે એ સાચાં નીર નથી ખૂટયાં; અને આટલા સંશોધનનું મહેનતાણું શું? શુકનનું એક શ્રીફળ અને અઢી રૂપીઆ. ચાર ચાર કોસનાં પાણી છલકાય તો ૪૦-૫૦ ની પાઘડી. પહેલું પરિણામ ને પછી ઇનામ. પાણી-કળાની આખી ઓલાદ ચાલતી. એવાયે દિવસો હતા!

આજે એ દિવસો ઉપર દશ કરતાં વિશેષ ચોમાસાં નથી વરસ્યાં; છતાં આજે કેવો એક યુગાન્તર બની ગયો! મેજર પોગ્સન નામનો એક અંગ્રેજ. મુંબઇની સરકારે પડો વજડાવ્યો કે, પોગ્સન સાહેબ ઇશ્વરી ચમત્કાર અજમાવીને પૃથ્વીનાં અંતર્ગત ઝરણાંને ઝાલી લ્યે છે. ચમત્કારોનો તિરસ્કાર કરનારી, ઇશ્વરી સંકલ્પોને વહેમ કહેનારી અને વિજ્ઞાનવિદ્યાનાં પ્રત્યક્ષ પ્રમાણોમાંજ વિશ્વાસ કરનારી આ સરકારે પોગસન પયગંબરને માસિક રૂ. ૩ હજારને પગારે જળ-શોધક નીમ્યા છે.

પણ આ પયગંબર સાહેબની આજસુધીની કારકીર્દિની ભાળ લે તેવા ટીખળખોરોય હિંદમાં પડ્યા છે ને! ખબર પડી છે કે, કુલ ૧૨૬ જગ્યાઓ ઉપર પોગ્સન સાહેબે ખોદાણ કરાવ્યાં. તેમાંથી ફક્ત દશ જગ્યાઓમાંજ શારડી ઉતરી શકી ને તેમાંથીયે ત્રણ સ્થળોનાં તળ સાચાં નીવડ્યાં. પોગ્સન સાહેબને પાણીનાં ઝરણાં શોધવાનો ચમત્કાર તો આવડતો હોય યા ન હોય, પરંતુ હિંદી પ્રજાનું પેટ ફાડીને તેમાંથી વાર્ષિક ૩૬ હજારની નિર્મળ-ધવલ રૂપેરી સરવણી ખેંચી કાઢવાનો ઇલ્મ તો બેશક તેમને હાથે બેસી ગયો લાગે છે

ગામડાના ગરીબ જળશોધકો-તેઓ પોગ્સન સાહેબ જેવા ઢગા જંગમ તો નહોતા જાણતા. તેઓના હૈયામાં તો યુગયુગોનાં અનુમાનોની અનુભવસિદ્ધ ઉકેલ હતી. અજ્ઞપણે આજપણે પણ

તેઓનાં મસ્તકમાં કોઇ જુસ્તર વિદ્યાનું પ્રકરણ ઘુમી રહ્યું હતું. પોતાની ઇંદ્રિયોને તેઓએ સંયમ પળાવીને આખરે કુદરતના હૃદયની આ ખાનગીઓ વાંચવા જેટલી સતેજ બનાવી એ [illegible] બાંધ્યા હરમાળા ઉપર સહીસલામત રહીને પોતાની નિષ્ફળતાઓને અટપટી [illegible] વડે ઢાંકી શકે તેવું નહોતું. કાં ફતેહ, નહિ તો આબરૂનો ને ધંધાનો નાશ. એ [illegible] તેઓને જવાનું હતું અને તેઓની વિદ્યાની અજાયબ સફળતાં જ્યાં જુઓ [illegible] ઉભી છે.

કુદરતનો આ આખો જાસુસવર્ગ અત્યારે ફના થઇ જવાની અણીપર છે. કાળનાં એને [illegible] છે: પરંતુ પોમ્સન-ચેલફી સરકારને કદી ન સૂઝયું કે, એ અણમોલ અને અપા[illegible] [illegible] વહેતો રાખવામાટે ગામડાના એ શતકોજૂના જળ-શોધકોની એક સંસ્થા-એક [illegible]. [illegible] ! પરાધીન પ્રજાની પરાધીનતા જો કાયમ કરવી હોય તો એના [illegible] ભૂંસી નાખો, એ વીસમી સદીના વિજેતાઓનો જીવન-મંત્ર છે. ભારતવર્ષ પરત્વે તો [illegible] વિલ્સનનો નહિ પણ સમગ્ર અંગ્રેજ પ્રજાનો એ સંકલ્પ છે. ઢાકાનું મલમલ [illegible] કાપી નાખનારી શ્રીમતી ઇસ્ટ ઇંડિયા કંપનીનો એ તો અખંડ વારસો છે; નહિ તો [illegible] ગામડે ગામડે પથરાયલા એ પાણી-કળા વર્ગમાંથી મુંબઇની સરકારે [illegible] રહેત.

[illegible] આપણું કર્તવ્ય તો આપણાં રજવાડાંની સમક્ષ ધરવાનું [illegible] રજવાડાંઓમાં પુનરાવર્તન ન પામે તેટલીજ આપણી [illegible] અંગ્રેજોની નકલ કરવાને વાદે ચડયો છે. પોતાનાં [illegible] [illegible]ઓના-બબરચીઓના હાથમા સોંપી દીધાં છે, તેવા રાજ [illegible] કારમાં પધરાવતાં શી વાર લગાડવાના હતા ? પરંતુ જે [illegible] જીવન છે, તેજ વાતમાં આપણાં રાજ્યોનો આપઘાત છે. [illegible] રાજ્યો પતંગીઆં બની ઝંપાપાત કરી રહ્યાં છે. [illegible] ઉપર-મુખ્યત્વે આપણી ખેતીવાડીના ઉપર આવો [illegible] છે. કાં તો એનું અંધ અનુકરણ આપણને બેઠ રીતે [illegible] ને [illegible] નાખીને એ વિલાયતી ઇલમ આપણને નવી [illegible] આપણી જુની વિદ્યાને નવાં અજવાળાં સાથે સંયો[illegible] [illegible].

[illegible] નિરખી રહ્યાં છે. કોઇ પણ [illegible] પાણી-કળાઓની ટીપ છે ? ખેતીવાડીના કુશળ કણ[illegible] [illegible] આવનારાં કુટુંબોની નોંધ છે ? પોતાના દેશ [illegible] છે ? મહાસાગરને તળિયે જઇ મોતી કાઢનાર [illegible] [illegible] હકીકતો સાચવી છે ? દોરનું વૈદું કરનાર, [illegible], એવા અજાયબ [illegible] ગીર, બરડા અને [illegible] વનસ્પતિઓનો કોઇ [illegible] નોંધ તપાસી છે [illegible]

[illegible]

૮૧—કરબલાના એક મહાન ધર્મવીર—હજરત ઇમામહુસેન

બાદશાહ યઝીદની જુલમગાર સલ્તનત કેમ ઉખડી ગઈ?

(વિશ્વવિખ્યાત ઇસ્લામધર્મે અનેક નરરત્નો નીપજાવ્યા છે. કુફા, શામ અને આરબસ્તાનની ભૂમિ કંઈક એ ઓલિયાઓના ઇતિહાસથી ઝળહળે છે. એ સૌ ધર્મવીરોમાં અનેક રીતે અજોડ એવા હજરત ઇમામ હુસેને ઈ. સ. ની સાતમી સદીમાં યઝીદની જુલમગાર સલ્તનતના પાયા, સત્યાગ્રહનો અવિરત જંગ ખેલીને હચમચાવી નાખ્યા. તેનો ઇતિહાસ અનેક આરબી ગ્રંથોમાંથી સાંપડે છે. એ જ્વલંત ઇતિહાસની અને ધર્મ-જંગમાં હજરત ઈમામ હુસેનના સત્યને કાજે બલિદાનની સુવર્ણરેખા નીચેના લેખમાં ઝળકે છે)

આલમ ઉપર પાપનો બોજ દુસહ બને છે, ત્યારે ધરતીપરથી તેનું ભારણ વેગળું કરવા એક સુધારનારી પુરુષ જન્મે છે. એવા પુરુષનું જીવનજ અન્યાયની પરંપરા સામે મંડાયેલા વિગ્રહનો ભવ્ય ઇતિહાસ બની રહે છે.

ઇસ્લામના પરમ ઉદ્ધારક હજરત મહમદ પયગંબર બેહીસ્તનશીન થયા પછી ચાર ખિલાફતોના અમલને અંતે જ્યારે ઠેઠ શામ, મીસર અને આરબસ્તાનસુધી સીતમોનો કોરડો વીંઝાવનાર જુલમગાર યઝીદ દમીશ્કમાં તખ્તનશીન થયો, ત્યારે એની નૃશંસ પાપલીલા સામે સત્યનો ઝુંડો હાથને અવિરત ઝુઝનાર હજરત ઇમામ હુસેનના મોરચા મંડાઈ રહ્યા. એ સમયનો ઇતિહાસ ઇસ્લામના દર્દભર્યાં જુલમગાર સલ્તનતના ખપ્પરમાં હોમાયેલા એક અજોડ સત્યાગ્રહી નરવીરના બલિદાનનો જાજ્વલ્યમાન ઇતિહાસ છે. હીજરી સન ૬૧ અથવા ઈ. સ. ૬૮૦ નું એ યુગ યુગ સુધી જનતાની સ્મૃતિમાં ચિરંજીવ અંકાયલું વર્ષ ઇસ્લામના અથંગ ધર્મવીરના આત્મોત્સર્ગમાંથી ઉત્થાન પામતી બુલંદ વિજયગાથાની ન ભુંસાય તેવી તવારીખ નોંધે છે. આજે કરબલાના પુણ્યધામમાં જેના સત્યાગ્રહી જંગ અને શહાદતની અમર સાક્ષી પૂરતો વિશાળ રોજો ઉભો છે અને જેની પવિત્ર સ્મૃતિ સંઘરીને ઇસ્લામી જનતા પોતાને કૃતકૃત્ય માને છે, એ મહાન ધર્મવીર હજરત ઇમામ હુસેન અલૈની આ પીછાન છે.

સત્યના પૂજારીઓ

દેશ દેશના મનુષ્યો સમજતા હશે કે, સત્યાગ્રહનાં મંડાણ તો અમારા શિરોમણિએ કર્યાં છે. હિંદનો કોઈ વિભાગ સમજતો હશે કે, ખરા સત્યાગ્રહના પિતા ગાંધી છે, રશીઆ સમજે છે કે, એ અપૂર્વ શસ્ત્રનો ઉત્પાદક ટૉલ્સ્ટોય છે. આ તમામ વિભ્રમ છે, ખોટા ખ્યાલો છે. યુગે યુગે, દેશે દેશે, સદીએ સદીએ, પ્રસંગે પ્રસંગે સત્યના પૂજારીઓ પ્રકટે છે. સત્યાગ્રહનો જન્મદાતા કોઈ એકજ માનવ નથી. સત્યાગ્રહ તો કીરતારની બક્ષેલી દિવ્ય જ્યોત છે. કીરતારના સાચા ભક્ત ઉપર, સત્યના અથંગ પૂજારી ઉપર તેનાં કલ્યાણદાયી અજવાળાં ઉતરે છે. હીજરી સનની પહેલી સદીમાં એવો સત્યનો જીવીતનિર્વિશેષ પૂજારી ઇસ્લામી પ્રજાના ઉદ્ધાર અર્થે પ્રકટ્યો. હજરત ઇમામ હુસેનના સ્વરૂપમાં જગતને બાજરમાને સત્યની પીછાન સાંપડી.

શીરિયાની જુલ્મી સલ્તનતના કરતુકો ઉપર આ ધર્મવીરનું કાળજું કકળી ઉઠતું, પ્રજાના કલ્યાણને કાજે સલ્તનત સામે જંગ જમાવવાને તેના દિલમા પ્યાસ સળગતી, પણ સમકાલીન પ્રજા પોતાના મહાન નરને ક્યાં મૂલવી શકી છે? દુનિયાનો આ અળખામણો શિરસ્તો હજરત ઇમામ હુસેનના સંબંધમાં જેટલો સાચો ઠરે છે, તેટલો બીજા કોઇ મહાન પુરુષને માટે ભાગ્યેજ ઠરે છે. જ્યારથી એણે પાપની સામે બંડ બળવો આદર્યો, ત્યારથીજ તેના રાહ ઉપર શયતાનના હજારો શાગીર્દોએ શૂળા વેરી દીધા; પણ ધ્યેયસિદ્ધિના મંદિર ઉપર દૃષ્ટિ સ્થિર કરીને ઇમામ હુસેને પોતાની કુચને અપ્રતિહત ધપાવ્યેજ રાખી પ્રજાના રક્ત ચૂસનાર યઝીદ તખ્તનશીન થતાંજ હજરતે તેની સત્તાનો ઇનકાર કર્યો અને પ્રજાને હાકલ દીધી કે, સત્યને પંથ તમારો સાથ આપો. જુલમના કોરડા નીચે નૂર ગુમાવી બેઠેલી પ્રજામાં એવી મર્દાનગી દાખવવાની તાકાત નહોતી. ઉલટી આ ધર્મવીરની જીંદગી ઉપર આફત તોળાઈ રહી, પણ એને તો હરકોઇ ભોગે ઇસ્લામી બાંધવોનાં હીતકો દેખવા હતા. આવરણોની, આપત્તિઓની, દુઃખપરંપરાની એને કંઇ વિસાત નહોતી.

સીતમગાર સલ્તનત

સુલ્તાન યઝીદના કાસીદોએ અને હાકેમોએ કાળો કેર વર્તાવ્યો. ગામેગામ ફરીને એમણે યઝીદની સત્તા જોરજુલ્મથી મંજુર રખાવી. જેણે જેણે ઇન્કાર કર્યો, તેના હાથપગ ને જીભ વાઢ્યાં અગર તેને શૂળીને સ્વાધીન કર્યો. પુરુષોને હણી તેમની ઓરતોને કબજે કરી. યઝીદનો દૂત આવે કે પ્રજાને યમદૂતનો સાક્ષાત્કાર થાય. થરથરતી રૈયત એની તમામ શરતોનો સ્વીકાર કરે અને હજરત ઇમામ હુસેન જેવા ઓલિયા પુરુષ સામે અમંગળ પ્રવૃત્તિ આદરે. ઈમામ હુસેનના સાથીઓ તૂટવા લાગ્યા. આખા ઈરાક પ્રદેશમાંથી હજરતના સાથીઓ ચાર-પાંચજ નીકળ્યા. એ પણ એમના પિત્રાઇઓ કે નિકટના સંબંધીજનો. જે કુફા પ્રદેશની પ્રજા હજરતના નામપર શીદા હોવાની જાહીરાતો પોકારતી, તે પણ યઝીદના કોરડા નીચે ફરી બેઠી. પાપી સુલ્તાન સામે પોકાર ઉઠાવનાર મહાત્માને આખરે મક્કાનો આશ્રય લેવાની વેળા આવી. એક સમયના એ મહાજાદા રંક પ્રવાસી બન્યા. એને લાગ્યું કે, જો મારી હાજરીના કારણેજ પ્રજા ઉપર યઝીદનો સીતમ ચાલતો હોય તો બહેતર છે કે, મારેજ આત્મસમર્પણ કરી વેગળા ખસી જવું; પણ શયતાનના મુરીદોએ આ ઓલિયાને મક્કામાંયે જંપ વળવા દીધો નહિ. ત્યાંયે એની સામે ભીષણ કાવતરાં ઉભાં કર્યાં. મક્કાની પ્રજાને તેના ખરા હિતેચ્છુ સામે-ઈમામ હુસેન સામે-તેમણે બહેકાવી મૂકી. યઝીદના ધનલોલુપ ગુલામોએ જાહેર કર્યું કે, હજરત ઈમામ હુસેન તો યઝીદના દાસ બની રહ્યા છે. આથી પ્રજા હજરત સામે વીફરી, પોતાના તારણહારનેજ રહેંસી નાખવા દોડી. બીજી પાસ સુલ્તાન યઝીદે તમામ ન્યાય અને રહમદિલીને નેવે ચઢાવી ઇમામ હુસેનનાં સંબંધીજનોને વીણીવીણીને રીબાવવાં શરૂ કર્યાં. એના પિત્રાઈ ભાઈના સુકુમાર બાળકોની, તેમને આશ્રય આપનારની અને હજરતના સત્યપરાયણ દોસ્તોની ક્રૂર કત્લ ચલાવી. મક્કા બેઠે બેઠે મહાત્માએ આ વીતકો સાંભળ્યાં અને સત્યને ખાતર હસતે વદને સહી લીધાં. ગમે તેટલી વિટંબનાઓ આવે પણ પાપી સુલ્તાન આગળ શિર નજ નમાવવું, એ એમની પાક મુરાદ હતી.

સત્યમાટે શહાદત

કીરતારનો અચળ ભક્ત, સત્યનો અણનમ પૂજારી સંકટોથી હારે નહિ. એ જીવન કુરબાન કરે, પણ ડગલુંયે પાછો ન હઠે. હજરત ઈમામ હુસેનને કેવળ સત્યાગ્રહના બળેજ યઝીદની સીતમગાર સલ્તનત ઉથલાવવી હતી. એમના સ્નેહીજનો ઇરાક અને કુફાના ગામેગામ ફરીને યઝીદના જુલ્મો સામે પ્રજાને જાગ્રતિની હાકલ આપવા લાગ્યા. એમ કરતાં જો એ સત્યાગ્રહીઓ પકડાતા તો યઝીદના શસ્ત્ર નીચે હર્ષભેર શહીદ બનતા, પણ સત્યના રાહપરથી ડગલુંએ ખસતા નહિ.

કુફાની પ્રજા યઝીદની વજ્રએડી નીચે પીસાઇ પીસાઇને વેદનાની ચીસો નાખતી હતી. સત્યપરાયણ માણસોનો કચ્ચરઘાણ વળતો હતો. પાપીઓ અહર્નિશ નવાજેશો પામતા અને નિર્દોષો રોજરોજ રહેંસાતા. લોહીનાં આંસુ સારતી પ્રજાએ આમંત્રણ મૂક્યું કે, ઓ સરતાજ હજરત! અમને હવે તો આ સીતમોની ચક્કીમાંથી ઉગારો. હજરત તો દયાના મહેરામણ હતા. એક વાર બેવફા નિવડેલી કુફાની પ્રજામાટે પણ એમના દિલમાં વાત્સલ્યનાં પૂર વહેવા માંડયાં. દુશ્મન ઉપર પણ પ્રેમ વર્ષાવનાર સંત શરણાગતની યાચના કેમ પાછી ઠેલે? એમણે પોતાના વ્હાલા પિત્રાઈ હજરત મુસ્લીમને એલચી બનાવી કુફા મોકલ્યા. સત્યની મૂર્તિસમા એ હજરત મુસ્લીમ બીન અકીલ કુફા પહોંચીને સત્ય અને આઝાદીનો પયગામ સુણાવવા લાગ્યા. દિનપ્રતિદિન એમના ધ્વજનીચે રાષ્ટ્રીય સૈન્યની ભરતી ચઢી. અઢાર હજાર, વીસ હજાર, ચાળીસ હજાર અને અંતે એંશી હજાર કુફાવાસીઓની સેના એ નેજા નીચે ઉભરાવા લાગી. જાણે કે જુલ્મગાર સલ્તનતના પાયા હમણાં જડમૂળમાંથી ઉખડી જશે! પાક દીનના અને ખુદાના કસમ લઈ લઇને એ જનતાએ મુસ્લીમ બીન અકીલને ખાત્રી આપી કે, અમે સત્યનાજ સંગાથી છીએ, હજરત ઇમામ હુસેનના આજ્ઞાનુશીલ દાસ છીએ, માટે હજરતને સત્વર તેડાવો.

પ્રજાના આવા ઉજ્જવલ આશાવાદ નીચે મુસ્લીમ બીન અકીલે ઈમામ હુસેનને જલ્દી કુચ કરવા આમંત્રણ પેશ કર્યું. સંદેશો કહાવ્યો કે, હવે વિનાવિલંબ આ[illegible] આવો. પ્રજા ધર્મ મચાવવા તૈયાર છે.

બેવફાઈ

સત્યનો વિજય જગતમાં એમ સહેલાઈથી નથી સાંપડતો. એને કેટલી કસોટીઓ કોમાંથી નીકળવાનું હોય છે. અને એ કસોટીમાંથી નીકળીનેજ તે પ્રખર તેજે પ્રકાશે છે. સદા સર્વદા કામનાઓએ જગાડી છે.

હજરત ઇમામ હુસેનને કુફાની પ્રેમભાર તૈયારીઓની ખબર પહોંચે તે પહેલાં કુફાના ચોકમાં મસ્જીદનો જમાદાર ઓબયદુલ્લાહ ઝીયાદ સશસ્ત્ર સૈન્ય લઈને ખડો થયો. એણે આજ્ઞા ફેરવી દીધી. 'બેવફાઈ' એ તો જાણે કુફાની પ્રજાનું કુદરતી લક્ષણ હતું! જે એંશીહજાર જણો ખુદાના કસમ ઉપર સત્યને પક્ષે શસ્ત્રો વીંઝવા તૈયાર થયા હતા, તે સૌ ઓબયદુલ્લાહના હાથ નીચે નિઃસહાય ઘેટાં જેવા ગુલામો બની રહ્યા. એમાં મગરૂર સત્યવાદીઓ હતા. તેમના મસ્તકપર સમશેરો ફરી અને કોઈ કોઈ શહીદોની લાશો તો મસ્જીદના આ જુલ્મગાર ગવર્નરે બજારમાં કમકમાટી પ્રજા ઉપર સોટો બેસાર્યો. આ દશા વચ્ચે હજરત ઇમામના એલચી મુસ્લીમ બીન અકીલને કોઈએ પણ સંઘરવા હામ ભીડી નહિ. જે કોઈ એને સંતાડે તેનાં શિર ધડથી જુદાં થાય, એને આશ્રય આપનારા કેટકેટલાએ જાન ગુમાવ્યા! હાની બીન ઉરવા, મહમ્મદ કસીર, તેના પુત્ર–એવા કંઈક આશ્રયદાતાઓની ઘોર ખૂનરેજી ચાલી. આખરે મુસ્લીમ બીન અકીલ પણ એક જવાંમર્દની જેમ લડતા લડતા એજ શીતમમાં હોમાયા. એના બે સુકુમાર બાળકો અને એ બાળકોના આશ્રયદાતાઓ પણ કુફાના આ જલ્લાદ ગવર્નરના માણસોની સમશેરો નીચે શહીદ થયા.

રણમેદાન ઉપર

કુફાના દુર્ભાગ્યને તાળાં દેવાયાં હતાં. કોની મગદૂર છે કે એક પણ કાસીદ મોકલી હજરત ઇમામ હુસેનને ખરી સ્થિતિની વાકેફગીરી આપે કે, પોતાના મિત્રોના વારવા છતાં નાનું એવું સૈન્ય લઈને આ સત્યાગ્રહી વીર તો પ્રજાને જુલ્મમાંથી તારવા નીકળી ચૂક્યા હતા. એમને ક્યાંથી સ્વપ્નેય ખ્યાલ હોય કે, કુફાની પ્રજા આમ નામર્દ અને બેવફા બની જશે! ઠેઠ ઇરાકની સરહદ ઉપર આવ્યા પછીજ તેમને ખબર પડી કે, પ્રજા ફરી બેઠી છે અને સત્યના પૂજારીઓ શહીદ બન્યા છે. એમણે પોતાના સૈન્યને આ સંયોગોવચ્ચે ખુશીથી પાછા જવા રજા આપી. ફક્ત સિત્તેર ચુનંદા સત્યપૂજારીઓ સાથે તે આગળ ચાલ્યા. ડગલે ડગલે, મજલે મજલે એમને મસ્જીદ અને તેના શાગીર્દોના જુલ્મનો સાક્ષાત્કાર થતો ગયો. એમનો આત્મા કકળી ઉઠ્યો.

પરવરદિગારનું સ્મરણ કરતા સન્માર્ગના આ યાત્રાળુએ કરબલાની રણભૂમિ ઉપર પડાવ નાખ્યો. સામે શત્રુઓનું દળકટક થયું. એ દળના તરસ્યા ઘોડા જળવિના તરફડતા હતા. માણસોનો જીવ આ પ્યાસમાં રૂંધાતો હતો. એ દૃશ્ય નીરખી સત્યના પૂજારીનું દિલ કરુણાની ધારાવડે ટપકવા લાગ્યું. એણે વેરને કોરે મૂકી શત્રુને મીઠાં જળ પાયાં. આ રહમદિલીનો કેવો બદલો? પાણી પીને તાજગી પામેલા શત્રુઓએ હજરતના પડાવની નદી ઉપર હજારો શસ્ત્રબદ્ધ માણસોનો પહેરો બેસાડી દીધો, પાણીનું એક ટીપું પણ હજરતને ન સાંપડે એની કાળજીપૂર્વક વ્યવસ્થા કરી. આમ છતાં સત્યાગ્રહી વીર હુસેનને લોહી નહોતું વહાવવું; એને તો પ્રેમથી, સંયમથી, સત્યપૂજાથી વિજય મેળવવો હતો. સામા પક્ષને બહુ બહુ વીનવ્યો, પણ એ તો હજરતને ઘેરીને ઉભો રહ્યો.

૭૨૦૦૦ સામે ૭૨!

આમ કરબલાના મેદાન ઉપર બે ટુકડીઓ ખડી છે. એક સત્યને કાજે જીવનની આહુતિ આપવા તૈયાર થયેલી, બીજી પાપી સત્તાનો પરચો બતાવવા તલસતી. એક બાજુ ફક્ત ૭૨ માણસો બીજી બાજુ ૭૨૦૦૦! ૭૨ ફીરસ્તા સામે ૭૨ હજાર અસુરો ખડા થયા. અસુરોની લોહીતરસ અને ફીરસ્તાઓની પ્રશાન્ત ને અહિંસક સત્યાગ્રહી ધર્મભાવના! ઇષ્ટ ને અનિષ્ટ તત્વો વચ્ચેનો એ જંગ હતો. ૭૨ સત્યાગ્રહી વીરો સામે વિકરાળ વરૂ સમા ૭૨૦૦૦ પાપીઓ ખાંડાં ખણખણાવવા લાગ્યા. પૈસાથી ખરીદેલા એ બેવફા કુફાવાસીઓ હતા. હજરત ઇમામ હુસેનની શાન્તિ આરોપવાની તમામ આજીજીઓ નિષ્ફળ નીવડી.

પણ સત્યાગ્રહી મરો સંહારની પહેલ નજ કરે. એ તો પ્રેમ અને અહિંસાથી શત્રુને પણ

૮૨-દેવી શવરી

આજ હમેં જિન તપસ્વિની દેવી કે પુણ્ય ચરિત્ર કો ચિત્રિત કરને કા પરમ સૌભાગ્ય પ્રાપ્ત હુઆ હૈ, વે ભાગવતોં કી ચૂડામણિ થીં; ઔર ઉન્હોંને અપની નિરપેક્ષ સેવા, તપોમયી સાધના, વિમલ ભગવદ્ભક્તિ એવં અનન્ય પ્રેમ સે બડે-બડે તપોધન મુનિયોં, રાજર્ષિયોં ઔર દેવર્ષિયોં તક કો ચમત્કૃત એવં ચકિત કર દિયા થા. ઇસી લિયે સ્વયં આદિકવિને 'સિદ્ધાસિદ્ધ-સમ્મત' કહ કર ઉનકી સ્તુતિ કી થી; ઔર પુરાણ-પ્રણેતા મહર્ષિ કૃષ્ણદ્વૈપાયન વ્યાસ ને ઉન્હેં 'મહા-યશ-શ્રેષ્ઠા' કહ કર અભિવાદન કિયા થા. સ્વયં મર્યાદા-પુરુષોત્તમ ભગવાન રામચંદ્રજી ને અપને શ્રીચરણ-કમલોં કી પરમપદપ્રદાયિની રજ સે ઉનકી સાધના-કુટી કો પવિત્ર કિયા થા; ઔર ઉનકે વિમલ પ્રેમ કે વશીભૂત હોકર ઉનકે હી હાથોં સે ઉનકે ઉચ્છિષ્ટ ફલોં કો સપ્રેમ ભક્ષણ કિયા થા. કહને કા અભિપ્રાય યહ હૈ કિ દેવી શવરી ભક્તિ-રસ કી મૂર્તિમતી મંદાકિની થીં; સેવા કી સજીવ સાધના થીં; પ્રેમ કી પ્રાણમયી પ્રતિમા થીં; પવિત્રતા કી પુણ્યમયી પ્રભા થીં ઔર આનંદ કી અભિનવશ્રી થીં. ઇસી લિયે ઉનકે અભિરામ ચરિત્ર કો આદિકવિ ને અપની દિવ્ય વાણી કા વિષય બનાયા થા; મહાભારતકાર ને ઉનકી દિવ્ય મહિમા કે શ્રીપાદ-પદ્મ મેં અપની કવિતાંજલિ અર્પણ કી થી; ગોસ્વામીજી ને આનંદ-મગ્ન હો કર ઉનકા મધુર ગુણ-ગાન કિયા થા; સુરશ્યામ ને અપની લલિત પદાવલિ મેં ઉનકી પાવન કથા કો ગ્રથિત કિયા થા; ભક્તમાલ-પ્રણેતા નાભાજી ને પ્રેમ-વિભોર હો કર ભક્ત-મંડલ કો ઉનકી કલ્યાણમયી લલિત લીલા સુનાઈ થી. આજ હમ ભી ઉન્હીં પુણ્ય તપસ્વિની કે પવિત્ર ચરિત્ર કો, ઉપરોક્ત મહાત્માઓં કી દિવ્ય વાણી કા અનુસરણ કર કે યહાં પર ચિત્રિત કરેંગે. આશા હૈ, સહૃદય પાઠક-પાઠિકાએં ઇસ દેવ-દુર્લભ દિવ્ય ચરિત્ર કો શ્રદ્ધા-ભક્તિ ઔર પ્રીતિ કે સાથ, એકાન્ત મનોયોગપૂર્વક અધ્યયન કરેંગી; ઔર ઉસકે અન્તરાલ મેં પ્રવાહિત હોનેવાલી શાન્તિ, શીતલ ભક્તિ મંદાકિની મેં અપને હૃદયોં કો અવગાહન કરા કે પરમ પુણ્ય, અભિનવ-આનંદ એવં સરસ સંતોષ કી ઉપલબ્ધિ કરેંગી. વિષય-વાસનાઓં કી ઉત્તાલ તરંગ-માલાઓં સે ઉદ્વેલિત, પાપ કે પ્રચંડ પ્રલોભનરૂપી ભયંકર જન્તુઓં સે સમાકીર્ણ, તામસી પ્રવૃત્તિયોં કી ભીષણ વાડવાનલ સે વિદગ્ધ એવં સ્વાર્થ-મકરોં કે પરસ્પર સંઘર્ષણ સે સમાકુલ ઇસ વિશાલ વિશ્વ-વારિધિ કો ઉત્તીર્ણ કરને કે લિયે ભક્તજનોં કે પુનિત ચરિત સુદૃઢ નૌકા કે સમાન હૈ—યહ શાશ્વત સત્ય સંસાર કે સમસ્ત આચાર્યોં ઔર અવતારોં ને એકમત હોકર-એકસ્વર સે સ્વીકાર કિયા હૈ; ક્યોંકિ ભક્તોં કે ચરિત્રોં મેં લીલામય ભગવાન્ કી લીલા હી કા ચરમ-વિલાસ વિલસિત હોતા હૈ. દેવી શવરી કા 'પાવન પાવનાનાં' ચરિત્ર ભી ઇસી દૃષ્ટિ સે અધ્યયન, મનન ઔર અભ્યાસન કરને યોગ્ય હૈ, ઔર હમ, ઉન્હીં ભક્તચૂડામણિ ભીલ-કિશોરી શવરી કી કલ્યાણશાલી પુણ્યસ્મૃતિ કે પ્રસન્ન પાદપદ્મ મેં પ્રણામ કર કે ઇસ પુનિત કાર્ય મેં પ્રવૃત્ત હોતે હૈં.

× × × ×

ભીલોં મેં શવર નામ કી એક જાતિ હૈ. ઇસી શવરજાતિ મેં કિન્હીં નામાન્યરાત્રા માતા-પિતા કે પુણ્યફલસ્વરૂપ શવરી કા જન્મ હુઆ થા. પુરાણકાર ને ઇનકે માતા પિતા કા કુછ ભી વર્ણન નહીં કિયા હૈ, ઇસી લિયે ઉસ સંબંધ મેં હમારે લિયે ભી કુછ લિખના સંભવ નહીં હૈ. ભક્તમાલ નામક ગ્રંથ મેં લિખા હૈ કિ શવરી પૂર્વજન્મ મેં કોઈ ઋષિ-પત્ની થી. અપરાધ પર અપ્રસન્ન હોકર ઉનકે પતિ ને ઉન્હેં શાપ દે દિયા થા, જિસકે કારણ જન્મ ભીલ-કુલ મેં હુઆ થા, પર કુછ ભી હો, શવરી કા જન્મ સે હી નીચ-કુલ પવિત્ર ...-ઉચ્ચ ભીલકન્યા કે ચરણકમલોં કી રજ સે નિત પવન્ન ... ઇનકે લિયે દેવાંગનાએં ... લક્ષિત હો ઉઠી'.

ભીલ-જાતિ વન-વિહારિણી હોતી હૈ—વહ ગંભીર વનોં મેં, સઘન ઉપત્યકાઓં મેં રહા

दक्षिण में दंडकारण्य के अन्तर्गत पम्पासर नामक एक प्रसिद्ध सरोवर है. आदि-कवि ने इस सरोवर की और इसके चारों ओर विस्तृत वन की अद्भुत प्रशंसा की है. अन्य कवियों ने भी इसकी अपूर्व माधुरी का गुणगान किया है. यह सरोवर आज भी है और यहां की प्राकृतिक सुषमा आज भी हृदय को हरनेवाली है; पर जिस समय की बात हम कह रहे हैं, उस समय तो यह सरोवर मानसरोवर की समता करता था; और इसके चतुर्दिक विस्तृत वन की माधुरी देवताओं तक को अपनी ओर आकर्षित करती थी. इस सरोवर को चारों ओर से फल-विनम्र वृक्षों और उनको आलिंगन करनेवाली सुमन-सज्जिता लताओं ने आच्छादित कर रक्खा है; इन लताओं और वृक्षों पर फूलों और पत्तों के बने हुए सुंदर नीड़ों में बैठकर सुंदर पक्षीगण उषा के सुरभित प्रकाश में और संध्या की कोमल सरस शांति में मनोहर स्वर से गान किया करते थे. पर्वतों पर रहनेवाली कोल-किरात-किन्नरियाँ, आश्रमों में निवास करनेवाली ऋषि-कन्यकाएँ एवं स्वर्ग से आनेवाली देव-युवतियाँ इसी सरोवर के तट पर [illegible] करती थीं; और परस्पर [illegible] किया करती थीं. [illegible] और देवताओं की कमलिनियाँ इसके विमल-शीतल जल में स्नान करके स्वर्ग को लौटती थीं. इस प्रकार इस पावन पम्पासर के पुलिन पुलिन पर स्वर्ग और मर्त्य का सम्मिलन होता था.

इसी पम्पासर के पश्चिम पुलिन पर एक सुंदर वन है. इस वन में महर्षि मतंग और उनके शिष्य तपस्या किया करते थे और [illegible]

[illegible]

આને લગી. અબ તો તપસ્વીજી બહુત ઘબડાએ; અપને પાપ ઔર અશૌચ કા વહ મૂર્તિમાન પરિણામ દેખકર ઉનકી આંખેં ખુલ ગઈ; પર પાપ-પંથ પર એક બાર પ્રવૃત્ત હો જાને પર પ્રત્યાવર્તન કરના એક પ્રકાર સે અસંભવ સા હો જાતા હૈ. ઉન્હોંને અપને ઉસ પાપ ઔર અપવિત્રતા કો છિપાને કે લિયે આશ્રમ કે અન્ય તપસ્વિયોં મેં જૂઠી બાત ઉડા દી; કહા—ભાઈ! અબ ઇસ આશ્રમ મેં રહને કા ધર્મ નહીં રહ ગયા હૈ. જિસ આશ્રમ કે અધ્યક્ષ અંત્યજ યુવતી કે પ્રેમ મેં ઉન્મત્ત હોં ઔર જહાઁ ધર્મ કે સ્થાન પર ઉચ્છૃંખલ વિલાસ-વાસના કી ધારા પ્રવાહિત હોતી હો, વહાઁ ક્ષણભર રહના ઉચિત નહીં હૈ. આજ કી, અભી-અભી કી બાત હૈ; મૈં નહાને ગયા થા. વહાઁ દેખતા ક્યા હૂં કિ યહીં માતંગજી કી શિષ્યા શવરી કામ-મદ મેં ઉન્મત્ત હોકર નંગી નહા રહી હૈ; પર ધર્મ ક્યા ઇતના અપમાન સહ સકતા હૈ? ઉસીકા પરિણામ યહ હુઆ કી સારા પંપાસરોવર રક્તમય હો ઉઠા, દુર્ગંધી સે દૂષિત હો ગયા ઔર સાક્ષાત્ વૈતરણી બન ગયા-મૈં તો અબ યહાઁ એક ક્ષણ ભી નહીં રહને કા.

વહાઁ પર તો પહલે સે હી વિદ્રોહ કી અગ્નિ ધધક રહી થી. બહુત સે ભંડ અભિમાની સાધુ વહાઁ સે ચલે ગએ; પર કુછ ઐસે ભી થે, જો મહર્ષિ માતંગ કે વિશુદ્ધ ચારિત્રબલ કો, અચલ તપોનિષ્ઠા કો, અખંડ બ્રહ્મચર્ય કો જાનતે થે; ઉન્હેં વિશ્વાસ નહીં હુઆ, વે યથાવત્ વહીં રહતે રહે.

ઇધર આંખોં મેં આંસૂ ભર, બ્રહ્મચારિણી શવરી ને સારી કથા ગુરુદેવ કે સામને નિવેદન કી. મહર્ષિવર માતંગ ને શાંત ગંભીર ભાવ મેં કહા-બેટી! તુમ ઇસકી કણમાત્ર ચિંતા મત કરો. તુમ અપને હૃદય કો ઇતના બલિષ્ટ બના લો કિ વિશ્વ કે સંતાપ, પાપ એવં અપમાન ઉસપર અણુમાત્ર પ્રભાવ ન ડાલ સકેં. તુમ અપને મન મેં રત્તિભર ગ્લાનિ મત બોધ કરો; વિશ્વ કે કોલાહલ કી ચિંતા ન કરકે તુમ અપને પથપર ચલી ચલો. તુમ અપ્રસન્ન મત હો. તુમ શુદ્ધ હૃદય સે ભગવાન સે પ્રાર્થના કરો કિ વહ ઉસ ઉદ્ભ્રાંત તપસ્વી કો સદ્બુદ્ધિ પ્રદાન કરેં. બેટી! મોક્ષ કે માર્ગ પર—પુણ્ય કે પથ પર જાતિ ઔર વર્ણ કા ભેદ વિલુપ્ત હો જાતા હૈ. યહાં પર તો જો બ્રહ્મ કો ખોજતા હૈ ઔર ઉસકે આનંદમય સ્વરૂપ કો જાનકર સ્વયં ઉસમેં તલ્લીન હો જાતા હૈ, વહી બ્રાહ્મણ-પથપર પ્રતિષ્ઠિત હોતા હૈ, શેષ સબ શૂદ્ર હૈં. તુમ જાતિ કી ભીલ સહી, પર તુમ બ્રાહ્મણ-કન્યા સે ભી શ્રેષ્ટ હો. તુમ ક્ષમા કર દો, ઉસ ઉદ્ભ્રાંત તપસ્વી કો ક્ષમા કર દો. નિર્વિકાર ક્ષમા હી તપસ્વી કા પ્રધાન ભૂષણ હૈ.

ગુરુદેવ કે દિવ્ય ઉપદેશોં ને શવરી કો પરમ શાંતિ પ્રદાન કી. માયામય વિશ્વ કે સ્વરૂપ કો ઉન્હોંને જાન લિયા; ઉન્હોંને જાન લિયા કિ ભગવાન અપને ભક્તોં કી અનેક અગ્નિમયી પરીક્ષાએં લેતે હૈં; સોને કી ભાંતિ ઉસે પૂર્ણરૂપ સે દુ:ખ કી જ્વાલા મેં તપા લેતે હૈં. ઉન્હોંને ગુરુદેવ કે શ્રીચરણોં મેં ભક્તિપૂર્વક પ્રણામ કિયા; ઔર ઉનકે આદેશાનુસાર પ્રસન્ન-હૃદય સે ઉસ ઉદ્ભ્રાંત સાધુ કો ક્ષમા કર દિયા. ઉન્હોંને ભલી-ભાંતિ જાન લિયા કિ અહંકાર ઔર અનાચાર હી મનુષ્ય કો કુમાર્ગ પર લે જાતે હૈં; ઇસી લિયે ઉન્હોંને અપને હૃદય મેં ગુરુદેવ કે ઉન શબ્દોં કો વિશ્વાસ કે અક્ષરોં મેં અંકિત કર લિયા! વે ઔર ભી ઘોર તપસ્યા ઔર સાધના મેં પ્રવૃત્ત હો ગઈ!

ક્ષમા સંતોષ કી સહોદરા હૈ!!

× × × × ×

ઇસી પ્રકાર બહુત દિન વ્યતીત હો ગએ! શવરી ને પૂર્ણરૂપ સે સચ્ચિદાનંદ કી સમુપલબ્ધિ કર લી-ઉન્હોંને બ્રહ્મ કો પહિચાન લિયા. ભગવાન કે શ્રીચરણોં મેં ઉનકા અનન્ય અનુરાગ હો ગયા; ઔર વહ ઇસ વિશ્વ કે પ્રત્યેક પરિમાણુ મેં ભગવાન કી લલિત લીલા કા દિવ્ય વિલાસ દેખને લગીં. વહ આત્માનંદમયી હો ઉઠીં!

મહર્ષિવર માતંગ યોગીશ્વર થે-ઇસી લિયે અપને પાર્થિવ જીવન કી સમાપ્તિ કી બાત ઉનસે અનવગત નહીં થી. વે ઇચ્છામૃત્યુ થે-પર વે ભાગવતી વિધાન મેં બાધા ડાલના ઉચિત નહીં સમઝતે થે; ઔર ઉનકા વિશ્વાસ થા કિ પરમ કલ્યાણમય જગદીશ્વર જીવન કી જો અવધિ નિર્ધારિત કર દેતા હૈ, ઉસકા અતિક્રમણ કરના ઉચિત નહીં હૈ. ઇસ લિયે જબ ઉનકી પાર્થિવ લીલા

કેવળ તીન દિન અવશિષ્ટ રહ ગએ, તબ ઉન્હોંને શબરી કો બડે પ્યાર સે બુલા કર અપને પાસ બૈઠાયા ઔર કહા—બેટી ! અબ હમારે પાર્થિવ જીવન કી અવધિ સમાપ્ત હો રહી હૈ ! અબ તુમ્હારે હી ઉપર ઇસ આશ્રમ કી વ્યવસ્થા કા ભાર દે કર મૈં પરમ-ધામ કી યાત્રા કરૂંગા. અતિથિ ઔર અભ્યાગત કી સેવા મેં કભી ત્રુટિ મત કરના ઔર એકાન્ત નિષ્ઠાપૂર્વક ધર્મ કે પથ પર આરૂઢ રહના. બેટી ! પ્રસન્ન મન સે આજ્ઞા દો.

પર યોગ કી ચરમ સિદ્ધિ કો પ્રાપ્ત કર લેને પર ભી શબરી ઇસ સમય પ્રેમ સે અધીર હો ઉઠી; ઔર ફૂટ-ફૂટ કર રોને લગી. જિન્હોંને ઉન્હેં આશ્રય દિયા થા, આજીવન હોતે હુએ ભી જિન્હોંને ઉન્હેં અપની પુત્રી કે સમાન અપને તપોવિભૂષિત હૃદય પર ધારણ કિયા થા, જો ઉનકે ગુરુ થે, જો ઉનકે પિતા થે-વે હી મહર્ષિ માતંગ ઉન્હેં છોડ કર આજ પરમધામ કો જા રહે હૈં. યહ દેખ કર શબરી કિસી ભાંતિ અપને આપકો નહીં રોક સકીં. અશ્રુધારા કા પ્રબળ પ્રવાહ પ્રવાહિત હોને લગા.

યોગિવર માતંગ કે શાંત, કરુણ લોચનોં મેં ભી દો જલબિંદુ ઝલક ઉઠે; પર ઉન્હોંને શાંતિ-પૂર્વક કહા—બેટી ! ધૈર્ય ધરો. તુમ જાનતી હો—તુમને અનુભવ કિયા હૈ-કિ આત્મા અમર હૈ, વહ કભી મૃત નહીં હો સકતી. ભગવાન કી નિયમો કે અનુસાર જિસે જિતની અવધિ તક જહાં કાર્ય કરના હૈ, વહ ઉતની હી અવધિ તક વહાં રહ કર અપના કાર્ય કરતા હૈ. તબ દુઃખ કાહે કા ? બેટી ! તુમ શાંતિપૂર્વક ઇસ આશ્રમ મેં રહો; ઔર વિશ્વ કો ધર્મ કા ઉપદેશ પ્રદાન કરો.

શબરી ને અપને કો શાંત કરતે હુએ કહા—તાત ! મુઝે ભી સાથ હી લે ચલિયે ! મૈં વહાં ભી આપકી સેવા કરૂંગી.

મહર્ષિવર હંસે; ઉન્હોંને કહા—પર બેટી ! તુઝે તો મૈં એક ગુરુતર કાર્ય કા ભાર દે કર પરમધામ કી યાત્રા કરના ચાહતા હૂં. તેરે અતિરિક્ત ઐસા કૌન હૈ, જો ઉસ ભાર કે વહન કરને યોગ્ય હો ? બેટી ! ભગવાન કા રામાવતાર હો ચૂકા હૈ; ઔર વે તેરે ઇસ આશ્રમ મેં શીઘ્ર હી પધારેંગે. સ્વયં જગદીશ્વર જગદાધાર તુઝે દર્શન દે કર કૃતાર્થ કરને કે લિયે યહાં આવેંગે. ઉનકી સેવા, ઉનકા સ્વાગત એવં ઉનકી સમ્ભાવના કરને કે લિયે તેરા યહાં રહના અત્યંત આવશ્યક હૈ. દર્શન કરકે તુમ અપના શરીર ત્યાગ કર સકતી હો.

યહ સંવાદ સુન કર શબરી કો પરમ આનંદ હુઆ ! રામ[illegible] કે લિયે ગુરુદેવ કા દારુણ વિયોગ-દુઃખ શાંત હો ગયા. ભલા શબરી ક્યા કહ સકતી થી ! સ્વયં પરમાત્મા સાકાર રૂપ મેં ઉન્હેં દર્શન દેંગે—યહ ભી તો ગુરુદેવ કે હી પરમ અનુગ્રહ કા [illegible] હૈ. શબરી ને યોગિવર માતંગ કે શ્રીચરણ-કમલો મેં અપના મસ્તક [illegible] રખ દિયા. દોનો હી આંખોં મેં આનંદ કે આંસુ ઉમડ પડે.

તીસરે દિન પ્રભાત કે [illegible] પ્રકાશ મેં યોગિવર માતંગ ને યોગ-બલ સે અપને શરીર કો છોડ દિયા. ઉનકે બ્રહ્મરંધ્ર સે એક અદ્ભુત એવં અત્યુજ્જ્વલ તેજ નિકલ કર સૂર્ય-મંડલ કો ભેદતા હુઆ ચલા ગયા. શબરી ને ઉનકે શરીર કો સમાધિ પ્રદાન કી.

વાસ્તવ મેં કબીરદાસજી કા યહ કથન [illegible] શબ્દશઃ સત્ય હૈ —

ગુરુ ગોવિંદ દોનોં ખડે, કિસકે લાગૂં પાય; ધન્ય-ધન્ય ગુરુદેવ જિન, ગોવિંદ દિયે મિલાવ.

[illegible] ગુરુ ગોવિંદ હી કા સ્વરૂપ હૈ !

[illegible] કે પ્રેમ ઔર આનંદ [illegible] નિસ્સંદિગ્ધ [illegible] [illegible]

હી ન રહતી. ભગવાન કે શ્રીચરણોં કે ધ્યાન મેં વહ સબ કુછ ભૂલ જાતી; ભૂલ જાતી અપની દેહ કી સુધ-બુધ કો, અપને નિયમિત નૈમિત્તિક કર્મોં કો, અપને સ્નાન, આહાર-નિદ્રા કો ! ઇસ પ્રકાર ઉનકી પ્રતીક્ષા ભી તપસ્યા હી કે રૂપ મેં પરિણત હો ગઇ. પ્રેમ કી સાધના મેં વહ પ્રતીક્ષા પરિવર્તિત હો ગઇ.

અંત મેં ઉનકી સાધના સફલ હુઇ; ઉનકી તપસ્યા કી સિદ્ધિ હુઇ. એક દિન ઉન્હોંને દેખા કિ ઉસી કુટી કે આનેવાલે પથ પર દો દિવ્ય મૂર્તિયાં ચલી આ રહી હૈં. એક હૈં સજલ જલદ કી સી કાંતિવાલે શ્યામ દૂસરે હૈં સૂર્ય કે સમાન તેજસ્વી ગૌર ! મહર્ષિવર માતંગ સે પહલે હી વહ ઉન દોનોં કા પરિચય પા ચૂકી થીં; ફિર સ્વયં ઉનકી આત્મા ને ઉન્હેં પરમાત્મા કા પરિચય કરા દિયા--

સરસિજ લોચન બાહુ વિશાલા, જટા મુકુટ શિર ઉર બનમાલા. શ્યામ ગૌર સુંદર દોઉ ભાઈ.....કા પુણ્ય દર્શન પ્રાપ્ત કરકે પરમ ભાગવત દેવી—**શબરી પરી ચરન લપટાઇ.**

અહા ! વહ કૈસા પાવન સુંદર દશ્ય થા ! ભક્ત ઔર ભગવાન કા વહ દિવ્ય મિલન કૈસા મધુર ઔર કૈસા આનંદપ્રદ થા ! ભગવાન ને બડે સ્નેહ સે, બડે પ્રેમ સે કમલ-લોચનોં મેં આંસૂ ભર કર શબરી કો અપને કરકમલોં સે ઉઠાયા. શબરી ને ઉન કર-કમલોં કે સ્પર્શ મેં મુક્તિ કી પરમ શાંતિ કા-આનંદ કી સરસ શીતલતા એવં દિવ્ય સંતોષ કી મધુરતા કે સમસ્ત સાર કા અનુભવ કિયા. આત્મા ને પરમાત્મા કો પ્રાપ્ત કર લિયા; ભક્ત ને ભગવાન કો પા લિયા; અબ ક્યા શેષ રહા ? શબરી ને અનંત, અસીમ કો અપને હૃદય મેં બંદ કર લિયા ! ભક્તિ કી શક્તિ કા યહ કિતના વિલક્ષણ ચમત્કાર હૈ ! સ્વયં શેષાવતાર લક્ષ્મણ તક ઇસ પુનિત મિલન કો દેખ કર આશ્ચર્ય ઔર આનંદ મેં વિભોર હો ગયે.

ભગવાન શબરી કી કુટિ પર પધારે. શબરી ને એક શિલા-ખંડ પર મૃગ-ચર્મ ડાલ દિયા. જલ્દી-જલ્દી વહ જલ લે આઇ. દોનોં ભાઇયોં કે પૈરોં કો પ્રક્ષાલન કરકે ઉન્હોંને ઉસ જલ કો પાન કર લિયા. ઉસકે ઉપરાંત વહ મધુર ફલોં કી ડલિયા લે આઇ. બહુત દિનોં સે ઉન્હોંને [illegible] ફલોં કા સંચય કિયા થા. દેહાનુસંધાન ન રહને કે કારણ ઔર પ્રેમોન્માદ હો જાને કે કારણ ઉન્હોંને સ્વયં આસ્વાદન કર કર ફલ રખે થે. ખટ્ટે ફલોં સે કહીં ભગવાન કે દાંત ખટ્ટે ન હો જાય-ઇસીલિયે ઉન્હોંને ઉન્હેં ચખ ચખ કર રખ્ખા થા. વહ ભૂલ ગઇ થીં કિ ભગવાન કો કૈસે જૂઠે ફલોં કા નિવેદ અર્પણ કરેંગી; ઉન્હેં ઇસકા જ્ઞાન હી નહીં રહા થા કિ જગદીશ્વર કો ઉચ્છિષ્ટ ફલોં કા સમર્પણ કરના એકાંત અનુચિત હૈ. સત્ય તો યહ હૈ—પ્રેમ મેં નેમ કહાં ? ભગવાન શબરી કી ઇસ પ્રેમ-વિહ્વલ દશા કો દેખ કર મુસ્કરાયે; ઉન્હોંને અર્ધ-ભરી દૃષ્ટિ સે [illegible] દેખા. નિસ્સંકોચ ભાવ સે ભગવાન ઉન ઉચ્છિષ્ટ બેરોં કો ખાને લગે. [illegible] ઉન્હેં શબરી ને પહલે ચખા થા. સ્વયં [illegible] કે અનન્ય પ્રેમ મેં ઉન્મત્ત હો રહે હૈં. દોનોં-પરમાત્મા ઔર [illegible] યોગિયોં કો જિનકા દર્શન દુર્લભ હૈ; મહર્ષિ ઔર દેવર્ષિ [illegible] સિદ્ધ હોતે હૈં; વેદ કે લિયે જો અગમ હૈં, [illegible] વે હી જગદીશ્વર જગદીશ્વર આજ માંગ-માંગકર શબરી [illegible] — [illegible]

[illegible]

[illegible]

શિલા-ખંડ પર બૈઠે; ઔર તબ ઉન્હોંને પૂછા—તપોધને! કહો તુમ્હારી તપસ્યા તો ભલી ભાંતિ ચલી જાતી હૈ? તુમ્હેં કિસી પ્રકાર કા કોઈ કષ્ટ તો નહીં હૈ?

શબરી ને હાથ જોડ કર કહા—દેવ! આપકા દર્શન હી મેરી તપસ્યા કી ચરમ સિદ્ધિ હૈ. આપને આજ મુઝ અકિંચન દાસી પર દયા કી હૈ, ઉસકે લિયે મૈં કિસ પ્રકાર આપકી સ્તુતિ કરૂં. એક તો મૈં નારી, દૂસરે અંત્યજ-જાતિ મેં ઉત્પન્ન હુઈ હૂં, મૈં મહામંદમતિ હૂં.

ભગવાન ને કહા—મૈં તો જાતિ-પાઁતિ કી ચિંતા નહીં કરતા. મુઝે તો વહી પ્રિય હૈ, જો મેરા ભક્ત હૈ. વર્ણભેદ તો માયામય વિશ્વ કા આડંબર હૈ; મેરે લોક મેં ઇસકા ક્યા કામ?

શબરી કી આંખોં સે અશ્રુ-ધારા બહ ચલી! અપને બલ્કલ-વસ્ત્ર સે ઉસે પોંછ કર ભગવાન ને કહા-દેવિ! ભક્તિ કે નૌ ભેદ હૈં. પહલા ભેદ હૈ-મહાત્માઓં કા પુણ્ય સત્સંગ; દૂસરા હૈ-ભગવાન કી મંગલમયી કથા કા પ્રીતિપૂર્વક શ્રવણ; તીસરા ભેદ હૈ-અહંકાર કા પરિત્યાગ ઔર ગુરુદેવ કી સેવા; ચૌથા ભેદ હૈ-કપટ કા તિરસ્કાર ઔર ભગવાન કે ગુણાનુવાદ કા ગાન; પાંચવાઁ હૈ—વેદ કો શબ્દ-પ્રમાણ માનના, મંત્ર કા જાપ કરના તથા પરમાત્મા કી કરુણા પર અવિચલ વિશ્વાસ રખના; છઠા હૈ-ઇંદ્રિયોં કા નિગ્રહ એવં વૈરાગ્ય કા આશ્રય-ગ્રહણ; સાતવાઁ ભેદ હૈ-વિશ્વ કો સમદૃષ્ટિ સે દેખના ઔર ભક્ત કો ભગવાન સે ભી શ્રેષ્ઠ માનના; આઠવાં ભેદ હૈ-પૂર્ણ સંતોષ ઔર નવાં હૈ સરલ સ્વભાવ એવં શુદ્ધ અંતઃકરણ. દેવિ! ભક્તિ કે યહ નૌ ભેદ તુમમેં પૂર્ણરૂપ સે વિકસિત હુએ હૈં; તુમ તો ભક્તિ કી મૂર્તિમતી પ્રતિમા હો, ઇસીલિયે જો ગતિ યોગિજનોં કો દુર્લભ હૈ, વહ તુમ્હેં પ્રાપ્ત હોગી.

ભગવાન કે મુખ સે અપની પ્રશંસા સુન કર શબરી કો આનંદ ભી હુઆ ઔર સંકોચ ભી. ઉન્હોંને કુછ ઉત્તર ન દિયા; કેવલ એક બાર ફિર ભક્તિ-ભાવ સે ભગવાન કે શ્રીચરણોં મેં પ્રણામ કિયા. ભગવાન ને ઉન્હેં હાથોં સે ઉઠા કર બૈઠા દિયા.

પ્રેમ કી પુણ્ય-શક્તિ કે સમ્મુખ પરમ પ્રભુ તક નતમસ્તક હો જાતે હૈં!

* * *

માતંગ-વન કે નિવાસી અન્ય તપસ્વિજન અપની-અપની કુટિયોં મેં ભગવાન કે પધારને કી બાટ દેખ રહે થે; પર ભગવાન તો રીઝે હુએ થે શબરી કે અનન્ય અનુરાગ પર; વે તો ઉનકે નામ હી નહીં લેતે થે. તબ તો બાધ્ય હોકર સ્વયં હી સમસ્ત ઋષિ-સમાજ કો શબરી કે પુણ્ય આશ્રમ મેં જાના પડા. ભગવાન ને સબ તપસ્વિયોં કો પ્રણામ કિયા; શબરી ને ભી સબકી રજ ઉઠા કર મસ્તક પર ધારણ કી.

ભગવાન ને સબસે કુશલ-સમાચાર પૂછા. ભગવાન ને કહા—પૂજ્યચરણ તપસ્વિજન! આપ લોગ કુશલપૂર્વક તો હૈં? આપ કો કિસી પ્રકાર કા કષ્ટ તો નહીં હૈ? આપ કી તપસ્યા મેં કિસી પ્રકાર કા વિઘ્ન તો સમુપસ્થિત નહીં હોતા હૈ?

ઋષિયોં ને કહા—પ્રભો! ઔર તો સબ કુશલ હૈ—હમેં કિસી પ્રકાર કા કષ્ટ નહીં હૈ; પર એક કષ્ટ હૈ—પંપાસર કા જલ રક્તમય એવં દુર્ગંધી-દૂષિત હો ગયા હૈ. ઉસે આપ અપને ચરણસ્પર્શ સે વિમલ એવં વિશુદ્ધ બના દીજિયે.

ભગવાન હંસે; ઉન્હોંને કહા-મેરે ચરણ-સ્પર્શ સે? મેરે ચરણ-સ્પર્શ સે પંપા-સરોવર કા જલ કૈસે શુદ્ધ એવં વિમલ હો જાયગા?

ઋષિયોં ને કહા—આપ પૂર્ણાવતાર હૈં-આપ કે ચરણ-સ્પર્શ સે પાષાણી માનવી હો ગઈ; આપ કે ચરણોં મેં મુક્તિ કા નિવાસ હૈ; આપકે પાદ-પદ્મ સે મંદાકિની કા ઉદ્ગમ હૈ. તબ આપ કે પાદ-સ્પર્શ સે પંપા-સરોવર કા દુર્ગંધ-દૂષિત રક્તમય જલ અવશ્ય શુદ્ધ એવં વિમલ બન જાયગા—ઐસા હમારા અવિચલ વિશ્વાસ હૈ.

ભગવાન ને ઉત્કંઠાપૂર્વક પૂછા-પર ઐસા હુઆ ક્યો?

તપસ્વિયોં ને કહા—મહારાજ! યહ હમારી હી ઉદ્દંડતા એવં ઉચ્છૃંખલતા કા પરિણામ હૈ. હમમેં સે એક સાધુ ને દેવી શબરી કા અપમાન ઔર અનાદર કિયા થા. ઉસી સાધુ કે શરીર-

[illegible] दुर्गंधि-दूषित हो गया. [illegible]

[illegible] की ओर चल दिये. [illegible] भगवान अपना [illegible] श्रीचरण-कमल [illegible] दुर्गंधि-दूषित [illegible] के अंदर [illegible] किया; [illegible] क्या? [illegible] जिन्होंने पापियों के समूहों को तार दिया. जो योगियों [illegible] हैं, उन्हीं के स्पर्श से पंपा का सलिल और भी [illegible], [illegible] भगवान की यह लीला कैसी रहस्यमयी है? सब ऋषिगण [illegible] भगवान के अधर पर मुस्कान की मंद रेखा [illegible] हुई.

[illegible] और भी रक्तमय एवं दुर्गंधि-दूषित हो गया.

[illegible]?

[illegible]

[illegible] भीलनि!

[illegible] शबरी देवी अपना [illegible] पाद-पद्म पंपा के जल [illegible] सकता है.

[illegible] अंत्यज-कन्या का चरणामृत पान [illegible] पानी में [illegible] करने की प्रार्थना की! देवी शबरी [illegible] करने पर जिन्होंने अपना चरण-कमल [illegible] गया. [illegible]

[illegible] पापियों ने वर्ण-भेद की निन्दा [illegible] देवताओं ने [illegible]

[illegible] कर दिया. भगवान भक्त के लिये [illegible] बनते हैं; नीच से नीच [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

જૈનધર્મનો તેજસ્વી પ્રકાશ પાડતું એ શ્રમણ બેળગુળ મ્હૈસુર રાજ્યમાં બેંગલોરની પશ્ચિમે આવેલું છે. હિંદની પ્રાચીન મહત્તા જાણવાની ઇચ્છાવાળા એકેએક હિંદીએ એ તીર્થનાં દર્શન કરવાં જોઇએ.

જૈન પુરાણોમાં લખ્યું છે કે, આ સ્થળે ચંદ્રગુપ્તે જૈનધર્મ અંગીકાર કરી ભદ્રબાહુ સાથે નિવાસ કર્યો હતો અને પોતાના જીવનનો ઉત્તરકાળ ગાળ્યો હતો. જે ટેકરીપર એમણે તપશ્ચર્યા કરી અનશન વ્રતથી પોતાનો દેહ ગાળી નાખ્યો, એ ચંદ્રગિરિ નામથી ઓળખાય છે.

ચંદ્રગિરિની બરાબર દક્ષિણે બીજી ટેકરીપર ગોમતેશ્વરની ૬૦ ફીટની મૂર્તિ છે. શરીરનું પ્રમાણ યોગ્ય માપસર છે. ૧૦૦૦ વર્ષથી એ ભવ્ય મૂર્તિ પૃથ્વીનાં નિર્બળ મનુષ્યોને ઇંદ્રિયો પર વિજય મેળવવાનો વીર સંદેશ આપતી ઉભી છે. એ નગ્ન છે છતાં નિર્દોષ બાળક જેવી એ નગ્નાવસ્થા તમે કોઇ પણ પ્રકારના વિકારવગર જોઇ શકો.

કથા એમ છે કે, પહેલા તીર્થંકર આદિનાથે સંસારત્યાગ કર્યો પછી એમના બે પુત્રોમાં રાજ્ય-ગાદીમાટે લડાઇ થઇ. ભરત મોટો ભાઇ હતો. ખરો ગાદીનો વારસ એ હતો. બાહુબલિ–જેમની આ મૂર્તિ છે–એ નાનો હતો. બાહુબલિએ ભરતને હરાવ્યો ને ગાદી છીનવી લીધી; પણ થોડાજ સમય પછી એમને પોતાનાં કર્મનો પશ્ચાત્તાપ થયો. મોટાભાઇને બોલાવી એમણે ક્ષમા માગી ને રાજપાટ છોડી આ સ્થળે આવી તપ આદર્યું. જૈનધર્મનાં તમામ અંગોનું એમણે જ્ઞાન મેળવ્યું, એટલે 'કેવલી' અથવા કેવળજ્ઞાની (પરમ જ્ઞાની) ગોમતેશ્વર નામથી એ પ્રસિદ્ધ થયા.

એમના અવસાન પછી ભરતે પોતે આ પર્વતની ટોચ કોતરાવી એમની સુવર્ણની મૂર્તિ (એટલે કે જેમાં પથ્થરના વજન જેટલું સુવર્ણ ખર્ચાયું હશે એવી) બનાવરાવી. આ મૂર્તિ નગ્ન છે. નથી એને લજ્જા કે નથી લંગોટી. ઉપર આભ અને નીચે ધરતી છે. પર્વતની ટોચપરથી એ સંસારપર નજર નાખે છે. પગ પાસે વેલા ઉગી નીકળ્યા છે, પાસે સાપ ફરે છે, પણ એને પોતાના દેહની દરકારજ નથી. સંસારના જીવોપર એ પ્રેમ અને કરુણાથી જોઇ રહી છે.

કાળબળે ત્યાં જંગલ થઈ ગયું. કુકુટ સર્પો–એટલે કે કુકડા જેવા સાપ–ત્યાં ફરી વળ્યા; છતાં કેટલેક્ટલા યતિઓ, રાજાઓ ને ગૃહસ્થો ત્યાં યાત્રાએ જતા. એક સમયે જીનસેન નામના એક યતિ મદુરા પાસે વિહાર કરતા હતા. ત્યાંના સેનાનાયક ચામુંડરાય જૈનધર્મી હતા. યતિએ એમનાં માતુશ્રીને શ્રમણ બેળગુળની યાત્રાનો મહિમા કહ્યો અને માતાએ દર્શન કર્યા પહેલાં દૂધ ન લેવાની બાધા રાખી. ચામુંડરાયની સ્ત્રીએ સાસુજીની બાધાની હકીકત કહી અને ચામુંડરાય લાવલશ્કર સાથે શ્રમણ બેળગુળ જવા નીકળ્યા. બહુ મહેનતે સૌ ચંદ્રગિરિપર પહોંચ્યા, પણ ગોમતેશ્વરનો પત્તો લાગ્યો નહિ.

આખરે માતા અને પુત્રને એકજ જાતનું સ્વપ્ન આવ્યું અને દક્ષિણદિશાએ બાણ મારવાથી

ગોમતેશ્વર જડશે, એવી ભવિષ્યવાણી સંભળાઈ. ચામુંડરાયે સોનાના ધનુષ્યપર સોનાનું બાણ ચઢાવીને માર્યું અને ત્યાં બરાબર ગોમતેશ્વર જડયા.

પછી તો એ સ્થળનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો અને મહાપૂજા રચાઇ. લખ્ખો યાત્રાળુઓને નિમંત્રણ કરવામાં આવ્યાં. વાજીંત્રો, ફૂલ, ધજા, મંડપો ને ભોજનસામગ્રીઓનો પાર ન રહ્યો. પછી અભિષેક થયો. સેંકડો દેગડા દૂધથી ગોમતેશ્વર ભગવાનને નવડાવવામાં આવ્યા; પરંતુ ત્યાં એક આશ્ચર્ય બન્યું.

દૂધની ધારા ભગવાનની કેડ આગળથી નીચે પડી જાય, પણ ચરણકમળ સુધી પહોંચેજ નહિ! ચામુંડરાયે અફસોસ કરવા માંડયો ને વિદ્વાનોને તેનું કારણ પૂછ્યું. એક ગરીબ બાઇ બીલાના કાચલામાં દૂધ લઇને પૂજા કરવા આવેલી તે બિચારી દૂર ઉભી રહેલી. યતિ જીનસેને ચામુંડરાયને એ દૂધ લઇ લેવા કહ્યું અને એ બાઇ તરફથી ભગવાનને ચઢાવવાની આજ્ઞા કરી. આ દૂધ તરત ચરણકમળ સુધી પહોંચ્યું અને પછીની પૂજા નિર્વિઘ્ને પૂરી થઇ.

ચામુંડરાયનાં પડળ હવે ઉઘડી ગયાં. પૂજાના આડંબર અને ઠાઠથી એનામાં અભિમાન આવેલું હતું તે એ સમજી ગયો ને પેલી ગરીબ બાઇનું પાશેર દૂધ એના લાખ્ખો રૂપિયાની પૂજા કરતાં અધિક છે, એમ એને સમજાઇ ગયું. આ બાઇનું નામ ગુલકાયાજી પડયું. ગોમતેશ્વરની સામે એ બાઇની ખરી ભક્તતરીકેની, પૂર્ણ કદની, બીલીફળના કાચલામાં દૂધ લઇને ઉભેલી મૂર્તિ આજે પણ ત્યાં ભાવપૂર્ણ નયને જોઇએ છીએ અને આનંદ થાય છે.

પણ એ જીર્ણોદ્ધારનેયે આજ ૧૦૦૦ વર્ષ થઈ ગયાં છે. ઈ. સ. ૧૨૦૦ પછી દ્રવીડ અને કર્ણાટક દેશમાંથી જૈનધર્મનો ભારબોજ તો તૂટી ગયો છે, છતાં કાનડી ભાષાના ઘડતરમાં અને જૂના સાહિત્યમાં એની મદદ જેવીતેવી નથી.

આપણે સંપ્રદાયોના કુંડાળાથી પર થઇ આ સ્થાને યાત્રાળુઓના જેવા પૂર્ણ ભાવથી જઇશું તો-પણ અમૂલ્ય લાભ મેળવીશું એમાં શક નથી. મૂર્તિ પવિત્ર, ગંભીર અને પ્રેરક છે. આપણા શિલ્પીઓને માટે પણ પૂર્ણ માન ઉત્પન્ન કરાવે એવી છે.

શિવાજી કે નેપોલિયનનાં બાવલાં જોઇને જે વીરતા માટે આપણે ધ્યેય ધારીએ તેના કરતાં પણ વિશેષ ઇન્દ્રિયો પર વિજય મેળવવાનો આખા જૈનધર્મનો સંદેશો આ સ્થાનેથી આપણને મળી રહે છે; અને ભોગવિલાસના આ જમાનામાં એ સંદેશાની આપણને કેટલી બધી જરૂર છે?

આ મૂર્તિનાં કવિજનોએ અને ભક્તોએ ખૂબ વખાણ કર્યા છે. એનાં તો વખાણ જેટલાં થાય એટલાં ઓછાં છે. એક સાધુ લખે છે કે 'લિખિતંગ ગૃહસ્થ લોકોનો સાળો (એટલે સૌ ગૃહસ્થોની સ્ત્રીઓને બ્હેન ગણનારો): ગોમતેશ્વરને જુઓ! શું એમને કોઇપણ વાસના અસર કરી શકે?'

બીજા એક કવિ કહે છે કે 'ગોમતેશ્વરનાં કૃપાકટાક્ષ જેનાપર પડે છે તેના આશય શુદ્ધ થઇ જાય છે.'

(સં. ૧૯૮૪-માગશરના 'કુમાર' માં લેખક-ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ.)

૧૦૨-ભિખારી

મેરે હૃદય કે રંગ મેં, સારે જહાઁ કે અંગ કો! તૂ ને રંગાયા ઔર મૈં, ફિર ઢુંઢતા કિસ રંગ કો!!૧
મેરે હૃદય કે સાજ સે, સારી ધરા હૈ સજ રહી! મેરે હૃદય કી બાંસુરી, સારે ગગન મેં બજ રહી!!૨
મેરે હૃદય કે પ્રેમ સે, તૂને બનાયા હેમ કો! ફિર ભી ભિખારી કી તરહ, મૈં ઢુંઢતા કિસ હેમ કો!!૩
હૈ પ્રેમ-ગંગા બહ રહી, તેરે હૃદય કે આસપાસ! ફિર ભી સદા તૃષાર્ત્ત તૂ-ક્યોં હી બતા દે પ્રેમદાસ!૪

(રચનાર શ્રી હરીંદ્રનાથજી ચટ્ટોપાધ્યાય

૧૦૩–શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ–શિવપુરી

(એક આદર્શ જૈન સંસ્થા)

આ જાન્યુઆરી મહિનામાં હું એક મિત્રના પુત્રની જાનમાં શિવપુરી (ગ્વાલિયર) ગયો. શિવપુરી મહારાજા સિંધીઆનું નિવાસસ્થાન છે. અહીં મહારાજા સાહેબે પ્રચુર ધનવ્યય કરીને જંગલમાં મંગલ કરી દીધું છે, કેટલાક મોટા જંગલને રમણીય પાર્કોમાં પરિવર્તિત કરી દીધું છે અને કૃત્રિમ બંધોદ્વારા જલાશયોને જલાઢ્ય, ઝરણાં તથા મંદમંદ વહેતી નદીના રૂપમાં પ્રવાહિત કરેલ છે. અહીં વિવિધ પ્રકારના સુંદર બગીચા, દર્શનીય કોઠીઓ અને બોટ તથા નાવડાં દેખાય છે. બગીચાની અંદર ચારે તરફ ઘણી સુંદર સડકો છે અને ઉચિત સ્થાનો ઉપર સુસજ્જિત બંગલા અને મોટી કોઠીઓ શોભાયમાન છે.

મહારાજા સાહેબનાં માતાજીની સ્મૃતિમાં એક વિશાળ મંદિર બનાવ્યું છે, જેમાં તેમની શાંતિમયી મૂર્તિ સ્થાપિત છે. તેની દેવમૂર્તિના જેવીજ પૂજા અને માનતા થાય છે. માતાપ્રતિ પુત્રના ઉત્કટ–અગાધ પ્રેમસન્માનનું આ પ્રમાણ છે.

મહારાજા માધવરાવ સિંધીઆ, જેમના અકાળ મૃત્યુએ આ દિવ્ય સ્થાનને વૈભવરૂપ આપી દીધું છે, તેઓ હંમેશાં માતાના મંદિરમાં જઇ સવિનય અને શ્રદ્ધાપૂર્ણ પૂજા કરતા હતા. આજ મંદિરની સામે તેમની સ્મૃતિમાં પણ એક વિશાળ અને દિવ્ય મંદિર બની રહ્યું છે, જેની લાગત લગભગ ૧૦–૧૨ લાખ રૂપિયાની થશે. ભારતવર્ષમાં મૂર્તિપૂજા ક્યારે અને કેવી રીતે ચાલી ? આ પ્રશ્નનો ઉત્તરાભિલાષી પુરુષ આ સ્થાનમાં આવીને સ્વયં જોઇ શકે છે.

શિવપુરીમાં રાજમહેલ પણ મોટા ઠાઠવાળા છે; અને અહીં કચેરીઓ તથા અનેક મનો-વિનોદનાં સ્થાનોની ઇમારતો ઘણી શોભાયમાન છે.

શિવપુરી રેલ્વે સ્ટેશનની પાસે એક અત્યંત સુંદર અને દિવ્ય જૈન સંસ્થા છે, જેનું વિસ્તૃત વર્ણન આ લેખનો વિષય છે.

આ સંસ્થાનું નામ શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ છે. સાત વર્ષથી આનું અસ્તિત્વ છે. આના જન્મદાતા સ્વર્ગીય શાસ્ત્રવિશારદ જૈન આચાર્ય શ્રી. વિજયધર્મસૂરી છે. આ સંસ્થાનો ઉદ્દેશ સંસ્કૃતના ધુરંધર વિદ્વાનો, ત્યાગી, સચ્ચરિત્રશાળી, ઉચ્ચાશયી તથા ધર્મપરાયણ ઉપદેશક અને સંચાલક ઉત્પન્ન કરવા, એ છે. પહેલાં આ સંસ્થા મુંબઇમાં હતી. તે પછી બનારસ ગઇ, ત્યાંથી આગ્રે અને હવે ત્રણ વર્ષથી શિવપુરીમાં છે. આ સંસ્થા જૈનસમાજની સહાયતાથી સ્થાપિત થઇ છે અને પ્રધાનતઃ જૈનોની સહાયતાથી ચાલી રહી છે. એટલામાટે આને જૈન સંસ્થાજ કહેવામાં આવે છે. અત્યારે આમાં ૪૫ વિદ્યાર્થી છે. શિક્ષણક્રમમાં ૯ કક્ષાઓ રાખવા-માં આવી છે. ૬ કક્ષાઓ વિદ્યાલયની અને ૩ મહાવિદ્યાલયની. વિદ્યાલય વિભાગમાં સંસ્કૃત, અંગ્રેજી, ધાર્મિક, ગણિત, હિંદી આદિ વિષયો છે અને મહાવિદ્યાલય વિભાગમાં સંસ્કૃત અને અંગ્રેજી. શારીરિક વ્યાયામ બંને વિભાગમાં આવશ્યક છે. ચરિત્રસુધાર મુખ્ય વિષય છે. ચાર અધ્યાપકો વૈતનિક છે. બે એક આજ સંસ્થાના ઉત્તીર્ણ વિદ્યાર્થી અને કેટલાક જૈન સાધુ–જેઓ અહીં રહે છે–આ કાર્યમાં દત્તચિત્ત થઇને સહાયતા કરે છે. જૈન સાધુઓના સાથે રહેવાથી વિદ્યાર્થીઓના ચારિત્ર ઉપર મોટો પ્રભાવ પડે છે.

પાઠશાળાની સાથેજ બોર્ડીંગ હાઉસ પણ છે, જેમાં વિદ્યાર્થીઓની રહેણી–કરણી અને ખાનપાન પ્રાચીન ગુરુકુલ પદ્ધતિ પ્રમાણે હોઇને એક પ્રાચીન આદર્શનું સ્મરણ કરાવે છે. શિક્ષણમાં તથા અન્ય વિષયોમાં પણ પ્રાચીન અને નવીન આદર્શોનું મિશ્રણ છે.

વિદ્યાર્થીઓને ખાનપાન, કપડાં, પુસ્તક વગેરે આજ સંસ્થા તરફથી અપાય છે. આને માટે વાર્ષિક ખર્ચ દશ–અગિયાર હજારનું લગભગ છે. સ્થાન રમણીય છે તથા હવાપાણી ઉત્તમ છે. એટલા માટે વિદ્યાર્થીઓની તંદુરસ્તી સારી રહે છે. દેશી ખેલદ્વારા તેઓની પાસે પૂરી કસરત કરાવવામાં આવે છે.

વિદ્યાર્થીઓની વ્યવસ્થાને માટે વિદ્યાર્થીઓમાંથીજ ૭ નિયંતા નિશ્ચિત કરવામાં આવ્યા છે. તેમાં પ્રત્યેકને ૭-૭ સાત-સાત વિદ્યાર્થી સુપ્રત કરવામાં આવ્યા છે. તે વિદ્યાર્થીઓનાં કપડાં તથા અન્યાન્ય બાબતોનો ખ્યાલ આ [illegible] નિયંતા રાખે છે. જો કંઈ વિશેષ આવશ્યકતા હોય તો નિયંતા સુપ્રીન્ટેન્ડેન્ટને સૂચિત કરે. વિદ્યાર્થીઓને સ્વાવલંબી બનાવવાનો અહીં પૂરો પ્રયત્ન કરવામાં આવે છે. સંસ્થાના મંદિરની સફાઈ, દેવમંદિર તથા ગુરુમંદિરની સફાઈ, શાક લાવવું વગેરે બધું કામ વિદ્યાર્થીઓ જાતે કરે છે. જ્યારે રસોઇયો નથી આવતો, ત્યારે તેઓ પોતાની રસોઇ પણ બનાવી લે છે. તેઓ સ્વયંપાકના અભ્યાસી થઈ ગયા છે.

આ વિદ્યાર્થીઓને દર રવિવારે વક્તૃત્વ—કળાસંબંધી શિક્ષણ પણ આપવામાં આવે છે. આ કાર્ય પ્રસિદ્ધ વક્તા શ્રી મુનિ વિદ્યાવિજયજીએ પોતાના હાથમાં લીધું છે. ૪-૫ વિદ્યાર્થી તો આ વિષયમાં સારી તરક્કી કરી ચૂક્યા છે.

આ વિદ્યાર્થીઓ ધર્મ—પ્રકાશ નામનું એક હસ્તલિખિત માસિકપત્ર પણ કાઢે છે, જેમાં તેઓ હિંદી, ગુજરાતી, સંસ્કૃત આદિમાં લેખો લખે છે. આવી રીતે એમની લેખનશક્તિનો વિકાસ થાય છે.

વિદ્યાર્થીઓ કેવળ આ નિકટના નહિ, પણ ઘણા દૂર દૂરથી આવે છે. ઘણા વિદ્યાર્થીઓ તો [illegible]

[illegible] વિદ્યાર્થીઓ કલકત્તા ન્યાયવિદ્યાલયની સંસ્કૃત પરીક્ષાઓ પણ આપવા [illegible]. આ સંસ્થાની સાથે એક સારું પુસ્તકાલય પણ છે, [illegible] વાંચે છે. આ ઉપરાંત સંસ્થાના કંપાઉન્ડ [illegible] ઝાડી-ઝાડી અને ફૂલી-ફળી રહ્યું છે. તેમાં વિદ્યાર્થીઓ ઉદ્યાન [illegible]

[illegible] એક કમિટિ શિવપુરીમાં છે, જેના [illegible] અને ઘણા નગરના ગૃહસ્થ સજ્જન. બીજી કમિટિ [illegible]

[illegible] સહાયતા મળતી રહે છે. [illegible] મદદ આપવામાં આવી હતી. સંસ્થાના બોર્ડિંગ હાઉસ [illegible] આથી સ્પષ્ટ થાય છે કે, આ સંસ્થા [illegible]

[illegible] ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. [illegible] જેમનું નામ દૂર દૂર દેશોમાં [illegible] પરિચિત છે, [illegible] જૈનધર્મસંબંધી [illegible] તેમની [illegible]

[illegible]

છે અને પોતાનો વિશેષ સમય વિદ્યાર્થીઓને શિક્ષણ તથા ઉપદેશ આપવામાં રોકે છે. તેઓ કેટલાક વિષયોના પ્રખર અને પૂર્ણ વિદ્વાન તો છેજ; તે ઉપરાંત સરળતા, સચ્ચરિત્રતા અને સજ્જનતામાં પણ એક્કાજ છે. શ્રી વિજયેંદ્રસૂરી મહારાજ, જેઓ અત્યારે આચાર્ય પદવીપર છે, તેઓ જૈનધર્મના એક આદર્શ સાધુ છે. આટલી ઉંચી પદવી ઉપર હોવા છતાં પણ તેમને અભિમાન અને અહંકારનો સ્પર્શ પણ નથી. એવો કયો મનુષ્ય છે, કે જે તેઓને મળીને પ્રસન્ન અને પ્રફુલ્લિત ન થઇ જાય! દર્શન કરતાંજ તેમની પવિત્ર, પ્રસન્ન અને દિવ્ય મૂર્તિનો બધા ઉપર પ્રભાવ પડે છે. તેઓ મીલનસાર પણ ઉંચા દરજ્જાના છે. કેવળ જૈનોપરજ તેમનો પ્રભાવ છે એમ નહિ, પરંતુ હિંદુ, મુસલમાન, ઇસાઈ આદિ દરેક ધર્મના લોકો ઉપર પણ છે. બધાં એમનું સન્માન કરે છે. તેમનું ધર્મ અને લોકસંબંધી-જ્ઞાન એટલું બધું ઉન્નત છે કે તેમની સાથે કોઇપણ વિષય ઉપર વાતચીત કરતાં તમને તેજ વખતે બરાબર ઉત્તર મળશે. હું જૈન નથી, પરંતુ મને જૈન સાધુઓ અને ગૃહસ્થોને મળવાનો બહુજ અવસર મળ્યો છે. જૈન સાધુઓના સંબંધમાં હું વિનાસંકોચે કહી શકું છું કે, તેઓમાં કોઇકજ એવો સાધુ હશે, જે પોતાના પ્રાચીન-પવિત્ર આદર્શથી નીચે પડયો હશે. મેં તો જેટલા સાધુ જોયા, તેઓને મળવાથી ચિત્તમાં એજ પ્રભાવ પડયો કે તેઓ ધર્મ, ત્યાગ, અહિંસા તથા સદુપદેશની મૂર્તિ છે-તેઓને મળવાથી ઘણી પ્રસન્નતા થાય છે. જે સાધુ મહારાજઓનો અહીં ઉલ્લેખ કર્યો છે, તેઓ તો અસાધારણ વ્યક્તિ છે. કેવળ તપસ્વી સાધુ નહિ, બલ્કે પ્રકાંડ વિદ્વાન અને અનુભવી.

આ સંસ્થામાં એક નવી જાત જોવામાં આવી. લગભગ દોઢ વર્ષ થયા જર્મનીથી એક વિદૂષી મહિલા અહીં આવીને રહી છે. એનું અસલી નામ ડૉ૦ શાર્લોટે ક્રુઝે અને ભારતીય નામ સુભદ્રાદેવી છે. તે પી. એચ. ડી. ની ઉપાધિથી વિભૂષિત અને લીપઝિગ યુનિવર્સિટિની એસિસ્ટંટ પ્રોફેસર છે. આ બાઇ ભારતવર્ષની કેટલીયે ભાષાઓથી પરિચિત છે. સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, મરાઠી, હિંદી પહેલવી વગેરે. યૂરોપની તો બધીયે ભાષાઓ તે જાણે છે. આ સંસ્થામાં તે જૈન તત્ત્વજ્ઞાન, જૈન આગમ, જૂની ગુજરાતી વગેરેનો અભ્યાસ કરી રહી છે. થોડા સમય થયાં તેણીએ આચાર્યશ્રી વિજયેંદ્રસૂરી મહારાજની પાસે જૈન દીક્ષા લીધી છે. માંસાહારાદિનો તેણીએ સર્વથા ત્યાગ કર્યો છે અને હિંદુસ્થાની જ્ઞાતિ પ્રમાણે દાળ-ભાત-રોટલી-શાક વગેરેનું ભોજન કરે છે. હિંદી સભ્યતા ઉપર તેણીનો ઘણોજ અનુરાગ છે. 'ધર્મ-ધ્વજ' નામની ગુજરાતી માસિકપત્રિકામાં તેણીના ગુજરાતી લેખો પ્રાયઃ પ્રકાશિત થતા રહે છે. આ વિદૂષી બાઈ, આ સંસ્થાના ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીઓને અંગ્રેજી પણ ભણાવે છે. તેણીએ ભાષાવિજ્ઞાનસંબંધી સારી શોધ કરી છે. બેએક પુસ્તકો પણ તેણીના બહાર પડી ચૂક્યાં છે. હું આ વિદૂષીને મળ્યો અને મળવાથી ચિત્ત ઘણુંજ પ્રસન્ન થયું. આ બાઇ ઘણીજ સરલ સ્વભાવવાળી, વિનયી અને શીલસંપન્ના છે. તેણીની જૈનધર્મ તથા અન્ય ભારતીય ધર્મોપર શ્રદ્ધા જોઇને મને ઘણીજ પ્રસન્નતા થઇ.

આ સંસ્થા દિન-પ્રતિદિન ઉન્નતિ કરતી રહે અને જે ઉદ્દેશથી તેની સ્થાપના થઇ છે, તેની શીઘ્ર પૂર્ણરીતિથી પૂર્તિ થાઓ, એજ મારી હાર્દિક શુભાકાંક્ષા છે.

(પોષ ૧૯૮૪ ના 'સુધા'માંના લાલા કન્નોમલજી એમ. એ. ના લેખપરથી સ્વતંત્રાનુવાદ.)

૧૦૪–વિધવાવિવાહવિષે શાસ્ત્રોના પૂરાવા

ધર્માચાર્યોના વિરોધનાં કારણો

જ્યારે આખું જગત એમ બૂમ મારી રહ્યું છે કે, વિધવાવિવાહ કરવો જોઇએ; મહાત્મા ગાંધીજી જેવા વિચારવંત પુરુષોએ પણ કહ્યું કે, યુવાનોએ વિધવાઓનો હાથ પકડવો જોઇએ; અનુભવ અને બુદ્ધિ પણ એમ સાબીત કરે છે કે, વિધવાવિવાહ આવશ્યક છે; ત્યારે કેટલાક ટુકડાખાઉ શાસ્ત્રીઓ અને પંડિતો જેઓને અમારે વેદીઆ ઢોર કહેવા જોઇએ, તેઓ 'વિધવા-વિવાહ શાસ્ત્રસંમત નથી' એમ સિદ્ધ કરવા નીકળી પોતાની પંડિતાઇથી વિધવાઓના પૈસા હજમ કરવા ઇચ્છતાં ધર્મને નામે અધર્મનો પ્રચાર કરી રહેલા ધર્મગુરુઓને ખુશ કરવા પ્રયત્ન કરી રહ્યા છે, એ ખરેખર ખેદ ઉપજાવનારૂં છે. વિધવાવિવાહનો વિરોધ કરનારાઓને અમારે જણાવવું જોઇએ કે, ખુદ મનુ ભગવાન લખે છે કે, પાંચ આપત્તિઓમાં સ્ત્રીએ બીજો પતિ કરવો. મહાભારતમાં પણ એ માટે પ્રમાણ છે. જ્યારે નલરાજાનો પત્તો ન લાગ્યો, ત્યારે દમયંતીએ બીજો પતિ મેળવવા સ્વયંવર કરાવ્યો હતો. અથર્વ વેદમાં પણ એ માટે જોઇએ તેટલાં પ્રમાણો મળી શકે છે.

ધર્મ એ સર્વની ઉન્નતિમાટે છે. મનુ ભગવાન કહે છે કે–'**यस्तर्केण धर्मं जानाति स तं वेत्ति नेतरः**' જે માણસ ધર્મને તર્કથી સમજવા કોશીશ કરે છે,તેજ માણસ તેને સમજી શકે છે; બીજો નહિ. એ પ્રમાણે વિધવાવિવાહથી લાભ છે કે નહિ તેના વિચારવિના એમ કહેવું કે તે યોગ્ય નથી, એ મૂર્ખાઇ નહિ તો બીજું શું છે ? જે શાસ્ત્રમાં એકજ જાતિને ન્યાય મળતો હોય, તે શાસ્ત્રને કૂવામાં નાખી દેવું જોઇએ. જે શાસ્ત્ર દુઃખી વિધવાઓનો નાદ નથી સાંભળતું તે શાસ્ત્ર ન કહેવાય.

આ વેદીઆ ઢોરો વિધવાવિવાહનો વિરોધ કરે છે, તેનાં ઘણાં કારણો છે. તેમાંના કેટલાકો ધર્મગુરુઓને ખુશ કરવા માટે તેમ કરે છે. પંડિતોને અમુક પગારની લાલચ છે. આજ વિધવા-ઓને ફસાવી ધર્મગુરુઓ કામવાસનાઓ તૃપ્ત કરે છે અને તે બિચારીઓ પાસેથી લાખો રૂપિયા કઢાવી મોજ ઉડાવે છે. મંદિરોમાં ઘણીખરી ઉપજ વિધવાઓ તરફનીજ હોય છે. હવે જો એ વિધવાઓ પુર્નલગ્ન કરે તો ધર્માચાર્યોની મોજમજા નાશ પામે. આ પ્રમાણે પોતાના અંતઃકરણના અવાજની વિરુદ્ધ વેદીઆ ઢોરો પોતાનાં શિંગડાં ઉંચાં કરે છે, એમાં નવાઇ નથી.

આ વેદીઆ ઢોરોને અમારે પૂછવું જોઇએ કે, વિધવાઓને પુનર્લગ્નની છૂટ નહિ મળવાથી અને તમારા તેમનાપરના અનહદ જુલમથી જ્યારે તેઓ ઇસાઇ કે મુસલમાન બનશે, ત્યારે શાસ્ત્રોને કોણ પૂછશે? તમે તમારી સ્મૃતિઓને ચાટતા રહી જશો, તમારી વહુ–બેટીઓ દુઃખની ભોગ થઇ ઇસાઇ કે મુસલમાન બની જશે, જે તમે આજ જોઇ રહ્યા છો. વિધવાવિવાહના વિરોધ-માં સમસ્ત હિંદુજાતિનો વિનાશ દેખાય છે. શું તમારી સ્મૃતિઓ એમ કહે છે કે, હિંદુજાતિનો નાશ થવા દેવો ? શું તમારાં શાસ્ત્રો એમ કહે છે કે, તમારી વિધવાઓ વેશ્યાઓ બને? આજની હિંદુજાતિની અધોગતિ વિધવાવિવાહના વિરોધથીજ થઇ છે. જ્યાંસુધી વિધવાઓના દુઃખનો અગ્નિ બળ્યા કરે છે, ત્યાંસુધી બીજી સ્વરાજ જેવી બાબતોની વાત કરતાં શરમ કેમ ન આવે ! માટે વિધવાવિવાહને ઉત્તેજન આપવું જોઇએ. તેમાં મોટું પુણ્ય છે. દરેક માણસે પોતાની જાતિ અને દેશની રક્ષામાટે વિધવાવિવાહનો પક્ષ લેવો જોઇએ. આ વાંચીને વેદીઆ ઢોરો સમજે તો સારૂં.

("હિંદુસ્થાન" દૈનિકના એક અંકમાં લખનાર–શ્રી વલ્લભદાસ ભગવાનજી ગણાત્રા.)

૧૦૫–સેવાધર્મનો સંન્યાસી

સંવત ૧૯૭૯નો કડકડતો દુષ્કાળ છે. મરેલાં ઢોરનાં ઢેરઢેર મુડદાંનો તો પારજ નહિ. દુષ્કાળે રાડ બોલાવી છે. દલિતોના બાપાને કાને આ અવાજ પહોંચે છે અને આજ દુષ્કાળમાં નવદીક્ષિત થયેલા, સેવાની સાક્ષાત્ મૂર્તિસમા સુખદેવભાઇ સાથે ઝાલોદ તાલુકાની નિરીક્ષામાટે તેઓ સંચરે છે. ભગવાન સૂર્યનારાયણ આ પ્રદેશ ઉપર જાણે ખાસ ગુસ્સે થયા હોય તેમ, આકાશમાંથી ચોમેર અંગારા વરસાવી રહ્યા હતા. જ્યાં જુઓ ત્યાં સૂકું ભૂકું વેરાન, રસકસનું ક્યાંય નામ-નિશાન નહિ. આકડા દુર્બવિહોણા સુકાઇને ઉભેલા. જ્યાં જુઓ ત્યાં ઉકળાટ, ઉદ્વેગ અને આક્રંદ.

આવા વિકટ દેશકાળમાં શીમલાની શીતળ ટેકરીપરથી, ત્યાંની શીતળતા આ મરુભૂમિ પર પ્રસરાવવા મુદામ આવી પહોંચેલા આ દેવ-પાર્ષદ શંકરપુરા નામના ભુંડા-ભુખ જેવા ગામને પાદરે આવી પહોંચ્યા. બપોરના ધગધગતા ધોમમાં નરી કંગાલિયતના ઓળા સમું કંઇક સરી જતું જોયું. એ શું હતું ? અન્નને અભાવે પેટ અને પીઠ જેનાં એક થઇ ગયાં છે, જળને અભાવે જેનું શરીર રસકસવિહોણું રૂક્ષ અને વસ્ત્રને અભાવે સાવ નગ્ન, એવું કેવળ હાડકાંઓનું એક માનવ-માળખું હતું. એ એક વૃદ્ધા હતી. લથડાતે પગે તે પસાર થઇ રહી હતી. બાપાનો અણુઆયો ભેટો થયો. આ દશ્યથી બાપાની આંખે અંધારાં આવ્યાં, આંખે હાથ દીધા અને પીઠ ફેરી વસ્ત્રો પાછલે હાથે ડોસી તરફ ફેંક્યાં. બાપાને પંચમહાલમાં આણી ભીલ સેવાની પ્રથમ દીક્ષા દેનારો આ પહેલો પ્રસંગ.

× × × ×

નીતર્યાં બિલોર જેવું તમારી સામે એક સુંદર તળાવ કલ્પો. એની ઉપર મઝાની એક નાનકડી રામટેકરી અને એના શિખર જેવી ઉગતા સૂરજના રુંઝાડ તાપમાં ખીલી નીકળતી એક સુરમ્ય ભીલશાળા. દાહોદથી ૧૬ માઇલ દૂર, અરણ્યમાં મુડાહેડા નામના ગામડાનું આ દશ્ય. વર્ષમાં ઘણીવાર આ શાળાના નિરીક્ષણ માટે બાપા આવે, તેમ આજે પધારેલા છે. હાથેપાણી સેવા ન દેવાયેલા ભીલ બાળકોને સુઘડ બનાવવા ભીલસેવામંડળની દરેક શાળામાં બાપાનું ફરમાન છુટેલું છે કે, શિક્ષકે જાતિદેખરેખ નીચે નિત્ય સ્નાન કરાવવું. એ પ્રમાણે આજે ભીલ વિદ્યાર્થીઓની એક ટોળી ૭૯ બાપાને મોખરે રાખી સ્નાનમાટે ઉતરી પડી. સૌ નહાવા લાગ્યા એવામાં સોટ્ય માથાવાળું ગોબરું ભીલ બાળક બાપાની નજરે પડ્યું. બાપાએ એ બાળકને પ્રેમપૂર્વક ચોળી ચોળી ઘણી મિનિટ સુધી નવરાવ્યું-હાથ ધોયા, પગ ધોયા, ગરદન પણ ચોળી ચોળીને સાફ કરી અને પેલું ગંધાતું માથું કશાએ સંકોચવિના સાફ કર્યું. બાળક તો નાહી રહ્યું. તેને પોતે નહાય ત્યાંસુધી ટાઢમાં શી રીતે ભીનું રખાય ? એટલે કિનારા ઉપર પડેલો પોતાનો સ્વચ્છ ટુવાલ લઇ એ ભીલ બાળકનો શરીર દેહ અને પેલું માથું ઘસી ઘસીને લુછયાં. અને પછી બાકી રહેલું પોતાનું અડધું કોરું શરીર પાણીમાં ઝબોળી, બહાર આવી જાણે કશુંજ ન બન્યું હોય તેમ તેજ ટુવાલે પોતાનું શરીર લુછ્યું......સ્વામીશ્રી વિવેકાનંદજીના દરિદ્ર નારાયણ સ્નેહનો આવો અનેરો સાક્ષાત્કાર ખરેખર દુર્લભ...ઓ સુધરેલા વાચકો ! આ અનેક દર્શનથી તમે શી લાગણી અનુભવો છો, ? એ એકાંતમાં તમારા અંતરાત્માને જરૂર પૂછી જોજો.

× × × ×

સંવત ૧૯૮૯ના આશ્વિનની વિજયદશમી છે. ભીલસેવા મંડળનું [illegible] ઠક્કરબાપાનું છે. ૨૦ વિદ્યાર્થીઓ [illegible] મેળા [illegible] ભાગ લેવા, [illegible] સાથેની એક ટુકડી [illegible] મુસાફરી કરી [illegible] [illegible] [illegible] ગુજરાત [illegible] [illegible] ના દૃશ્યનું વર્ણન [illegible] [illegible] [illegible]

[illegible]

સ્વચ્છ રહેવું, દારૂ ન પીવો વગેરે દશ શિખામણોનું એક પતાકડું છુટાછવાયા ભીલ સેવકો આ મેળામાં ખપાવી રહ્યા હતા.

અંધાધુંધીવાળી આ સવારી પૂરી થવા આવી. ચકોર દિવાન સાહેબ એમના પારદર્શક ચસ્માંમાંથી ઝીણી દૃષ્ટિએ વસ્તુસ્થિતિ પામી ગયા; મુસલમાન સુપ્રીન્ટેન્ડેન્ટ, તેમજ ફોજદારો વચ્ચે 'હોમરૂલિયો' 'હોમરૂલિયો'ની ગુસપુસ થવા લાગી.

હજુ અમે સહુ ઉતારે જઇ માંડ દામ પડીએ છીએ, ત્યાં તો ઉપરાછાપરી તેડાં આવ્યાં. 'હોમરૂલિયેકુ બુલાતે હૈ.' પૂજ્ય ઠક્કર બાપા તથા અમે સહુ ચાવડી ઉપર ગયા. ઘણો લાંબો સમય ત્યાં નીકળી ગયો. મોડા મોડા ફોજદાર સાહેબ આવ્યા અને રાતોરાત બારિયાના દરબારની હદ છોડી જવાનું ફરમાન છૂટયું. આ વખતે લગભગ રાતના અગીઆર થયા હતા. બારિયાની હદ છોડવા આઠ માઇલનું જંગલ નાનાં બાળકોને લઇ વટાવવું પડે તેમ હતું.

દિવાન સાહેબ વસ્તુસ્થિતિ સમજ્યા હતા કે, "અમૃતલાલ નામનો એક બુઢ્ઢો ખાદીધારી 'હોમરૂલિયો' ભીલોને ભડકાવવા, ચાળીસેક ચળવળીઆની ફોજ લઈ બારિયાની સામ્રાજ્યનિષ્ઠાની પ્રતિષ્ઠા ખરાબ કરવા શહેરમાં દાખલ થઈ ગયેલ છે." પરિણામે રાતોરાત હદપારીનો આ મૌખિક હુકમ.

પણ બાપા ક્યાં ગાંઠે તેમ હતા ? લેખિત હુકમ માગ્યો. તે તો હતો નહિ, એટલે બાપાએ કહ્યું કે 'આ મારાં નાનાં બાળકોને લઇને આટલી રાતે જવું મારેમાટે શકય નથી. અમને ઉંચકીને તમારી હદની બહાર મૂકી આવો.' આમ કહી રજા લઈ, ઉતારે આવ્યા; તો ત્યાં મુકામ આપનાર ઉપર તવાઇ હતી. એ મકાન તો ખાલી કરાવ્યું અને અમે તો આટલી મોડી રાતે ભૂખ્યાંતરસ્યાં નાનાં બાળકોને લઇ ગામના તળાવ ઉપર ઠંડીમાં જઇ પડયા. વચ્ચે બાપા અને આસપાસ મુંબઇના શ્રીકાંત શેઠ અને રતીલાલ શેઠ; ચોતરફ બાળકોનું કુંડાળું રાત ગાળવા પડયું. જરા ઝોકું આવ્યું કે એકાદ ફોજદાર ઘોડે ચડી આવ્યોજ હોય; 'કેમ અમૃતલાલ કાકા! કંઇ અડચણ તો નથી ને ?' સવારે ઉઠયા, ને આકાશમાં ઝળઝાંખળું થતાં પથારીઓ ઉપાડી તો નીચેથી ગામલોકોએ ઝીણ [illegible] કરેલો ખગાડ નીકળ્યો. જાહેરસેવકનાં બિછાનાં કંઇ ફૂલનાં તો થોડાંજ હોવાનાં છે ?

× × × ×

'ઉગે છે પ્રભાત આજ ધીમે ધીમે!'—યશવાટિકા આશ્રમમાં આવેલા રામજી મંદિરમાં આત્મમૂર્તિની આરતિ આરોપાઇ. જેસાવાડા ભીલસેવા મંડળમાં વીસ વર્ષની પ્રતિજ્ઞા લઇ, દીક્ષિત બનતા સેવકો પાસેના કૂવાપર શીત સ્નાન કરી, રંગમંડપમાં પોતપોતાને આસને ગોઠવાયા. કેસવાર એક એક સભાસદને ઉદ્દેશીને પૂ. બાપાએ શિખામણનું પ્રવચન શરૂ કર્યું. સૌ કોઇના કર્ણોમાં એકજ ધ્વનિ સંભળાતો: "પવિત્ર રહેજો, જે કામ લીધું છે તેમાં ઓતપ્રોત થઇ, હાડકાં ને લોહીમાંસ[illegible] પાડજો અને તમારા નિર્દિષ્ટ સ્થાને પહોંચ્યાવિના કદી પણ થાક ખાવા રોકાશો નહિ." એમના શબ્દેશબ્દ ટાંકું તો સાત સભાસદો માટેનાં સારાં સરખાં સાત પ્રકરણો થાય. વાત તો આટલીજ કહી, પણ એટલી બધી ગંભીર રીતે કહી કે સૌ સ્તબ્ધ થઈ, શરૂ થતી સમાધિન. [illegible] ડોલાવા લાગ્યા. પ્રવચનને અંતે પ્રતિજ્ઞાઓ લેવાઇ અને પછી પૂજ્યશ્રી મામા સાહેબ [illegible] 'ફરી ફરી [illegible] નટવરને વરીએ' તેમજ શ્રીકાંતભાઇનું 'પ્રભુ મોરે અવગુણ ચિત ન ધરો.' [illegible] 'એકજ હે ચોનગારી મશાલ, એકજ હે ચીનગારી' [illegible] [illegible] તેમજ સૌ સભાસદો તલ્લીન થઇ, અશ્રુપ્રવાહમાં ભીંજાઇ તરબોળ થઇ ગયા. [illegible] ગંભીર [illegible] ભગવાન ભાસ્કરનો પ્રાદુર્ભાવ ધીમે ધીમે થયો. 'ઉગે છે [illegible] ધીમે ધીમે, ઉગે છે ઉષાનું રાજ્ય ધીમે ધીમે.'

× × × ×

[illegible] બાપાના [illegible] ધોતી—બંડી—માથે ખાદીનો ફેંટો, ખાદીનો કોટ, ફેંટો ને [illegible] [illegible] હોય ત્યારે લાકડી અને બહાર જાય ત્યારે એકાદ પુસ્તક. [illegible] નહિ.

[illegible]

૧૦૬—શાહી સીતમોની સામે ઝુઝનાર

હજરત મુસ્લીમ બીન અકીલે આપેલી આહુતિ

(કરબલાનો ધર્મજંગ આખી દુનિયામાં જાણીતો છે. એ જંગની તૈયારી કરનાર હજરત ઈમામ હુસેનના કેટલાક સંગાથીઓ જુલ્મી સુલ્તાન યઝીદને હાથે શહીદ થયા છે. એવા એક પરાક્રમી જવાંમર્દ શહીદની કથા નીચેની ઐતિહાસિક વાર્તામાં આપી છે. કથાની રચના શ્રી. હસનઅલી અહમદમહના ' હજરત ઈમામ હુસેનનો સત્યાગ્રહ ' નામના પુસ્તકના આધારે કરેલ છે. મૂળ પુસ્તક પેશ્વાસો અરજી ક્ષેત્રના કોહિનૂર છે. મૂળ વસ્તુ માટે શ્રી હસનઅલીનું ઋણ સ્વીકારીએ છીએ.)

સાંજ પડવા આવી હતી. આફતાબ પોતાની રોશની સંકેલી લઈ જાણે કે દમીશ્કના જુલમગાર સુલ્તાન યઝીદનાં પાપોથી શરમાતો શરમાતો ક્ષિતિજ નીચે સંતાઈ જવા દોડતો હતો !

કુફાનગરની શેરીઓમાં ઘોડાઓના તબડાટ સંભળાતા હતા. સમશેરધારી સૈનિકો એક જ માણસની શોધ કરતા હતા. ઘરે ઘરનાં બારણાં ઉઘડાવી તેઓ બૂમ મારતા હતા કે, મુસ્લીમ બીન અકીલને બહાર કાઢો, બહાર કાઢો ! લોકોના શ્વાસ ઉંચા ચઢી ગયા હતા.

આવે ટાણે કુફાના એક ઝરના ખૂણાની મસ્જીદમાં મગરીબ ટાણાની નમાઝ પઢી એક મુસાફર બહાર આવ્યો. આખા દિવસની ભૂખ અને તરસથી તેના ગળામાં ખરેરી પડતી હતી. ધીમે અને થાકેલે પગલે એ મુસાફર એક ગલીમાં દાખલ થયો. કોઈ ઘરના બારણા આગળ એક ડોસી આતુર ચહેરે ઉભી હતી. તે મનમાં બબડતી હતી કે "મારો બિલાલ ક્યારે આવશે !"

ડોસી પાસે જઈ મુસાફરે સવાલ કર્યો કે " અય અમ્મા ! હું આખા દિવસનો તરસ્યો છું, મને પાણી પાશો ! "

મુસાફરનું કોમળ મુખ જોતાં, એની આંખોમાંથી નિરાંતના ઝરતી જોઈ ડોસીએ કહ્યું—

" અય ખુદાના બંદા ! આજની વેળા બહુ જ જોખમી છે; માટે તારો બાળબચ્ચાની સંભાળ લેવા ઘર ભેગો થઈ જા…ચાલ તને પાણી આપું."

મુસાફર ડોસીની પાછળ પાછળ ઘરમાં ગયો અને દિલભર પાણી પીને જવા વાર થઈ. પછી તેણે રજા લીધી. એટલામાં ડોસીને કંઈક કુતૂહલ થતાં તેણીએ પૂછ્યું.

" મુસાફિર ! તારું નામ શું ! "

" અમ્મા! મારું નામ મુસ્લીમ બીન અકીલ છે. "

" ઓહોહો ! ! " ડોસીના મ્હોંમાંથી આશ્ચર્યના ઉદ્‌ગાર નીકળી પડ્યા: " અય મારા સરતાજ! આપ આ દશામાં ? ! આજે તો મારે ઘેર જ રહી જાઓ, આપની સેવા કરવાની મને તક આપો."

હજરત મુસ્લીમ બીન અકીલને આખા દિવસના રઝળાટથી થાક લાગ્યો હતો; એટલે હજરતને એક ઓરડીમાં ઉતારો દીધો. કંઈ પણ અનાજ લઈ હજરત ખુદાની બંદગીમાં લાગી ગયા.

રાતના દશ વાગ્યા હતા. હજરત મુસ્લીમ બીન અકીલની ઓરડીમાં [illegible] દીવો બળતો હતો ઓરડીમાંથી કુરાને શરીફના શબ્દો સંભળાતા હતા.

બિલાલ મોડો મોડો ઘેર આવ્યો. ઓરડીમાં દીવો [illegible] તેને નવાઈ [illegible] તેણે [illegible] અમ્માને પૂછ્યું—

" ઓરડામાં કોણ ઉતર્યું છે ? "

" બેટા ! એ તો આપણી રાતનો મહેમાન છે, નહિ ઉતાર્યો છે "

" પણ તેનું નામ શું ? "

" બેટા ! કોઈને કહીશ નહિ એ તો હજરત મુસ્લીમ બીન અકીલ છે. "

બિલાલ [illegible] કંઈ પણ [illegible] તે [illegible] ઉઠી ગયો.

હજરત મુસ્લીમ બીન અકીલ [illegible]

[illegible]

[illegible]

હજરત મુસ્લીમ બીન અકીલ અજબ જવાંમર્દીથી જંગ ખેલી રહ્યા હતા. એમનું ધ્યાન કેવળ સમશેર ચલાવી શીર જુદાં કરવામાંજ હતું. એવામાં થોડા ઘોડેસ્વાર જંગમાંથી લાગ જોઇ નાસી ગયા. એમણે સેનાપતિને હજરતની કાતીલ બહાદૂરીની ખબર આપી. થોડી વાર થઇ કે તુરતજ તાજા તાજા દોઢસો ઘોડેસ્વારો તબડાટી કરતા આવી પહોંચ્યા. એમણે આવતાંવેંતજ હજરત ઉપર દૂરથી તીરોનો વરસાદ વરસાવ્યો, પથરાઓનો ધોધમાર હલ્લો ચાલુ કર્યો, લડાઇના કાનુનોથી ઉલટા જઇ એમણે આમ બેવફાઇથી જંગ આદર્યો, ત્યારે હજરત શાંત બનીને ઘોડા ઉપર બેઠા રહ્યા.

"સનનન્!" કરતો એક જંગી કાળમીંઢ પથ્થર આવીને હજરત મુસ્લીમ બીન અકીલના કપાળમાં ચોંટયો. તીરના સતત મારથી એમનું શરીર વિંધાઇને ચારણી જેવું થઇ ગયું. ઘોડા ઉપરથી આમ ટક દઇને નીચે પડયા; પરંતુ ભીંતને ટેકો દઇ બેસી ગયા. ફૂટેલા કપાળમાંથી વહેતા લોહીથી તેમની સુરત લાલ ચણોઠી જેવી બની રહી.

ઓચિંતોજ એ દિવાલ આગળથી એક માણસ નીકળ્યો. એણે પોતાની સમશેર સોઇ ઝાટકીને મુસ્લીમ બીન અકીલને લગાવી. હજરતનો હોઠ લઇને તલવારનો એ ઘા ચાલ્યો ગયો. છેલ્લી ઘડીએ આમ ચારે કોરથી ઝટકા સહન કરતાં તે દિવાલને ટેકે દઇ બેઠા રહ્યા.

ઘોડેસ્વારોએ આવીને તેમને ઘેરી લીધા. તેમને મુશ્કે ટાટ બાંધી સાંઢિયા ઉપર બેસાડીને જુલ્મગાર સરદાર ઓબયદુલ્લાહ પાસે લઇ ગયા.

મુસ્લીમ બીન અકીલનો શ્વાસ રૂંધાતો હતો. એમની કાયા ઉપરના અપરંપાર ઝખ્મો ઠરતા હતા. મોત એમનાથી બહુ દૂર નહોતું. એમણે ઓબયદુલ્લાહને કહ્યું—

"જાલીમોના ઓ દૂત! યાદ રાખજે કે, આખરે સત્યનોજ વિજય છે. કુરાન અને શામના ખરા માલેક તો હજરત ઇમામ હુસેનજ છે. થોડા વખતમાં તારા સીતમગાર સુલ્તાનના તખ્તને એ તારાજ કરશે.

ઓબયદુલ્લાહ લાલચોળ થયો. એણે બરાડો નાખ્યો: 'નાપાક આદમી! અત્યારે મોતને આરે ઉભો છે, છતાં તારૂં ગુમાન નથી જતું. તારી લાશને તો ગીધ–ગરજાં આગળ ફેંકાવી નાખવી જોઇએ.' એમ કહીને તેણે પોતાના માણસને હુકમ આપ્યો—

"આ બંડખોરને કોઠા ઉપર લઇ જઇ તેનું માથું વાઢી તેની લાશને નીચે ખાઇમાં ફેંકી દો."

મુસ્લીમ બીન અકીલને તો જીંદગીની પરવાહ નહોતી; પરંતુ એમને છેલ્લી એક બે ઇચ્છાઓ રહી જતી હતી, એટલે એમણે કહ્યું—

"શયતાનના ઓ સાથી! હું આ જીંદગીને ચાહતો નથી, પણ મારે છેલ્લી વસિયત કરવી છે; માટે કોઇ કુરેશીને બોલાવી આપ."

ઓબયદુલ્લાહે મુસ્લીમ બીન અકીલની આ છેલ્લી માગણીનો સ્વીકાર કર્યો. કુરેશી આવ્યો. સૌને એમ થયું કે, મરતાં મરતાં પણ આ ઓલીઆને સ્વાર્થ સાંભરતો હશે, એટલે વસિયત કરવાનું તેને સુઝયું છે. સૌ એકધ્યાન થઇ હજરત મુસ્લીમના છેલ્લા શબ્દો સાંભળવા ઉભા રહ્યા. મુસ્લીમ બીન અકીલે ચલાવ્યું—

"ઓય કુરેશી! મારા ઉપર સાતસો દરહમનું કરજ છે ખરા મુસ્લીમ બચ્ચા ઉપર દેવું ન હોય; માટે મારી આખરી ભલામણ છે કે, મારૂં આ અનોક બખ્તર વેચી નાખી, દેવાના પૈસા ભરી આપજે, એથી મારા જીવને શાંતિ થશે."

તુરતજ મુસ્લીમ બીન અકીલને એક ચાકર કોઠા ઉપર લઇ ગયો

એ વખતે આફતાબ મધ્યઆકાશમાં કડક તેજે પ્રકાશતો હતો જાણે કે સત્યના લોહની ઉપર ગુજરતો અન્યાય દેખી એને રીસ ચડતી હોય તેમ તેની રોશની ઉગ્ર બનતી હતી. ખાઇમાં નીચે સમડીઓ મીંચીઆરી કરી રહી હતી. હજરત મુસ્લીમના જખ્મોમાંથી ખળખળ લોહી વહેતું હતું. એમણે માથું નીચું નમાવી ખુદાતાલાની પાક હજુરમાં બંદગી ગુજારી—

"હે પરવરદિગાર! મારા પ્યારા સરદાર હજરત ઇમામ હુસેનને તું આ ક્રૂર દુશ્મનો ઉપર ફતેહ આપજે. એમના સર ઉપર ઓલીઆનો તાજ આરોપજે.'

હુસેન એ યઝીદની સત્તા તોડવા પોતાના ચુનંદા માણસો સાથે કુફા તરફ કુચકદમ ચાલ્યા આવતા
હતા. કુફામાં હજરત મુસ્લીમ બીન અકીલ એમના એલચીતરીકે પ્રજાને જુલમી સુલ્તાન સામે
તૈયાર કરી રહ્યા હતા; પણ એવામાં ઓચીંતુંજ યઝીદનું લશ્કર કુફા ઉપર આવી પહોંચ્યું
હતું; અને કુફા સર કરી, તમામ દરવાજા બંધ કરાવી સુલ્તાનના એ લશ્કરનો સરદાર ઓબયદુ-
લ્લાહ, મુસ્લીમ બીન અકીલની શોધ કરવા લાગ્યો હતો. કુફા સર થયું છે અને એટલેજ હજરત
ઈમામ હુસેનમાટે કુફા આવવું અતિશય જોખમભરેલું છે, એની ખબર ઇમામ હુસેનને પહોં-
ચાડવા માટે કોઇ પણ માર્ગે નાસી છૂટવાનો લાગ શોધતા હજરત મુસ્લીમ બીન અકીલ છુપાતા
છુપાતા ફરતા હતા. બે દિવસના ઉપવાસને અંતે આજે તેમણે આ ડોશીનો આશ્રય લીધો. એમને
પકડવા માટે તો યઝીદના વિજયી સેનાપતિ ઓબયદુલ્લાહે ઇનામો કાઢ્યાં હતાં. રાત અને દિવસ
તેના સિપાઇઓ ઘરઘરનાં બારણાં ઠોકી મુસ્લીમ બીન અકીલની ખોજ કરતા હતા.

પથારીમાં પડ્યો પડ્યો બિલાલ ભયંકર વિચારોમાં ગુંચાયો હતો. મુસ્લીમ બીન અકીલની
આજે ઘણા દિવસોથી શોધ થાય છે, એ તે જાણતો હતો. તેની તલાસ આપનારને ભારે નજરાણો
મળશે, એ પણ તેને ખબર હતી. તે વિચારના ઘોડાપર ચઢ્યો.

"હવે મારૂં દારિદ્ર ફીટી જશે. બસ, સવારમાં સહુથી પહેલી ખબર પહોંચાડી દઉં."

પરોઢીઆના ચાર વાગ્યા, કુકડાના પ્રથમ અવાજે હજરત મુસ્લીમ બીન અકીલ પથારીમાંથી
બેઠા થયા. બેઠા થઇને એમણે પરવરદિગારની બંદગી આદરી.

બિલાલ પણ પથારીમાંથી ઉઠ્યો. તેની મા ઉંઘમાં ઘોરતી હતી; એટલે તે મુસ્લીમ બીન અકીલની
ઓરડી પાસે ગયો. બારીની ચીરાડમાંથી તેણે અંદર નજર નાખી જોયું તો હજરત આંખો મીંચી
બંદગી કરતા હતા. ઘડીભર બિલાલને દિલમાં ડંખ થયો, પણ તેની નજર આગળ સરદાર ઓબય-
દુલ્લાહની મહેરબાની નાચવા લાગી. મક્કમ પગલે તે ઘરબહાર ચાલ્યો ગયો.

હજરત મુસ્લીમ બીન અકીલ તો ધ્યાનમગ્ન હતા. ખુદાની સાથે તે એકતાન બન્યા હતા.
હાથમાં તસ્બી ધીમે ધીમે ફરતી હતી, બહાર કુકડો સવારની છડી પોકારતો હતો.

મુસ્લીમ બીન અકીલે વઝીફા-નમાજ પછીની દોઆ શરૂ કરી; એટલામાં બહાર રસ્તાપરથી
સંખ્યાબંધ ઘોડાના દબડાટનો અવાજ આવવા લાગ્યો. એ અવાજ નજદીક આવતો હતો.

ડોશી પથારીમાંથી સફાળી ઉઠી.

"સરતાજ! નાસો, નાસો! કોઇએ દગો કર્યો જણાય છે...અલ્યા બિલાલ, ઓ બિલાલ!"
પોતાના છોકરાને ડોસી બૂમ મારવા લાગી.

પણ બિલાલ કયાંથી જવાબ આપે? ડોસીએ બિલાલની પથારી ખાલી જોઇ.

"યા ખુદા! મારા હરામી દીકરાએ ગજબ કર્યો! એણેજ બાતમી આપી દીધી!!"
ડોસી કલ્પાંત કરવા લાગી.

એટલામાં તો ઘોડેસ્વારો ઘરના દરવાજા નજીક આવી પહોંચ્યા. નાસવાનો લગારે સમય
નહોતો. અચખુચ બખ્તર પહેરી સમશેર અને ઢાલ લઇ તેઓ બહાર નીકળી પડયા.

એમની સામે સિત્તેર સ્વારો સમશેર ચમકાવતા ઉભા હતા. સવારના આછા અજવાળામાં
એ સઘળા ભયંકર ભૂતાવળ જેવા લાગતા હતા.

ખુદા તાલાહનું નામ લઇને હજરત એમના ઉપર ત્રાટક્યા. પ્રથમ ઝટકેજ પહેલા સ્વારને
ઉડાવી દઇ વિજળીના વેગે તે ઘોડાપર કૂદ્યા અને પછી કોઇ હજાર હાથવાળા મહાવીરની જેમ
[illegible]શેરના ઝપાટા બોલાવવા લાગ્યા. રસ્તો સાંકડો હતો, એટલે એમને સામાવાળાઓ ઘેરી શકે
નહોતા. જેમ જેમ તેમની સામે સ્વારો આવતા ગયા, તેમ તેમ તો ધડથી માથાં જૂદાં પડવા
. હજરત મુસ્લીમ બીન અકીલ એક અથંગ લડવૈયા હતા. એમની તલવાર જેનાપર પડતી
[illegible]યભેગો જ થતો હતો. સ્વારો પાછા હઠવા લાગ્યા. હજરતને અજાયબ શૂરાતન ચઢ્યું. એ
ભાજીમૂળાની જેમ શત્રુઓને વાઢવાજ માંડયા. દિવસ ઉગ્યો એટલી વારમાં તો તે ગલીમાં
[illegible]ના ઢગલા થઈ પડયા અને લોહીની નદી વહેવા લાગી.

હજરત મુસ્લીમ બીન અકીલ અજબ જવાંમર્દીથી જંગ ખેલી રહ્યા હતા. એમનું ધ્યાન કેવળ સમશેર ચલાવી શીર જૂદાં કરવામાંજ હતું. એવામાં થોડા ઘોડેસ્વાર જંગમાંથી લાગ જોઇ નાસી ગયા. એમણે સેનાપતિને હજરતની કાતીલ બહાદૂરીની ખબર આપી. થોડી વાર થઇ કે તુરતજ તાજા તાજા દોઢસો ઘોડેસ્વારો તબડાટી કરતા આવી પહોંચ્યા. એમણે આવતાંવેંતજ હજરત ઉપર દૂરથી તીરોનો વરસાદ વરસાવ્યો, પથરાઓનો ધોધમાર હલ્લો ચાલુ કર્યો, લડાઇના કાનુનોથી ઉલટા જઇ એમણે આમ બેવફાઇથી જંગ આદર્યો, ત્યારે હજરત શાંત બનીને ઘોડા ઉપર બેઠા રહ્યા.

"સનનન્! " કરતો એક જંગી ફાળમીંદ પહાણો આવીને હજરત મુસ્લીમ બીન અકીલના કપાળમાં ચોંટયો. તીરના સતત મારથી એમનું શરીર વિંધાઇને ચારણી જેવું થઇ ગયું. ઘોડા ઉપરથી આમ ડક દઇને નીચે પડયા; પરંતુ આંતને ટેકો દઇ બેસી ગયા. ફુટેલા કપાળમાંથી વહેતા લોહીથી તેમની સુરત લાલ ચણોઠી જેવી બની રહી.

ઓચિંતાજ એ દિવાલ આગળથી એક માણસ નીકળ્યો. એણે પોતાની સમશેર સોઇ ઝાટકી-ને મુસ્લીમ બીન અકીલને લગાવી. હજરતનો હોઠ લઇને તલવારનો એ ઘા ચાલ્યો ગયો. છેલ્લી ઘડીએ આમ ચારે કોરથી ઝટકા સહન કરતા તે દિવાલને ટેકે દઇ બેસી રહ્યા.

ઘોડેસ્વારોએ આવીને તેમને ઘેરી લીધા. તેમને મુસ્કે ટાટ બાંધી સાંઢિયા ઉપર બેસાડીને લુચ્ચાર સરદાર ઓબયદુલ્લાહ પાસે લઇ ગયા.

મુસ્લીમ બીન અકીલનો શ્વાસ રૂંધાતો હતો. એમની કાયા ઉપરના અપરંપાર ઝખ્મો રડતા હતા. મોત એમનાથી બહુ દૂર નહોતું. એમણે ઓબયદુલ્લાહને કહ્યું—

"જાલીમોના એ દૂત! યાદ રાખજે કે, આખરે સત્યનોજ વિજય છે. કુફા અને શામના ખરા માલેક તો હજરત ઇમામ હુસેનજ છે. થોડા વખતમાં તારા સીતમગાર સુલ્તાનના તખ્તને-એ તારાજ કરશે.

ઓબયદુલ્લાહ લાલચોળ થયો. એણે બરાડો નાખ્યોઃ 'નાપાક આદમી! અત્યારે મોતને આરે ઉભો છે, છતાં તારું ગુમાન નથી જતું. તારી લાશને તો ગીધ-ગરજાં આગળ ફેંકાવી નાખવી જોઇએ.' એમ કહીને તેણે પોતાના માણસને હુકમ આપ્યો—

"આ બંડખોરને કોઠા ઉપર લઇ જઇ તેનું માથું વાઢી તેની લાશને નીચે ખાઇમાં ફેંકી દો."

મુસ્લીમ બીન અકીલને તો જીંદગીની પરવાહ નહોતી; પરંતુ એમને છેલ્લી એક બે ઇચ્છા-ઓ રહી જતી હતી, એટલે એમણે કહ્યું—

"શયતાનના એ સાથી! હું આ જીંદગીને ચાહતો નથી, પણ મારે છેલ્લી વસિયત કરવી છે; માટે કોઇ કુરેશીને બોલાવી આપ."

ઓબયદુલ્લાહે મુસ્લીમ બીન અકીલની આ છેલ્લી માગણીનો સ્વીકાર કર્યો. કુરેશી આવ્યો. સૌને એમ થયું કે, મરતાં મરતાં પણ આ ઓલીઆને સ્વાર્થ સાંભરતો હશે, એટલે વસિયત કર-વાનું તેને સૂઝયું છે. સૌ એકધ્યાન થઇ હજરત મુસ્લીમના છેલ્લા શબ્દો સાંભળવા ઉભા રહ્યા. મુસ્લીમ બીન અકીલે ચલાવ્યું—

"અય કુરેશી! મારા ઉપર સાતસો દરહમનું કરજ છે. ખરા મુસ્લીમ બચ્ચા ઉપર દેવું ન હોય; માટે મારી આખરી ભલામણ છે કે, મારું આ અસ્નેડ બખ્તર વેચી નાખી, દેવાના પૈસા ભરી આપજે, એથી મારા જીવને શાંતિ થશે."

તુરતજ મુસ્લીમ બીન અકીલને એક ચાકર કોઠા ઉપર લઇ ગયો.

એ વખતે આફતાબ મધ્યઆકાશમાં કડક તેજે પ્રકાશતો હતો. જાણે કે સત્યના સોગતી ઉપર ગુજરતો અન્યાય દેખી એને રીસ ચઢતી હોય તેમ તેની રોશની ઉગ્ર બળતી હતી. ખાઇમાં નીચે સમડીઓ ચીચીઆરી કરી રહી હતી. હજરત મુસ્લીમના જખ્મોમાંથી ધખધખ લોહી વહેતું હતું. એમણે માથું નીચું નમાવી ખુદાતાલાની પનાહમાં બંદગી ગુજારી—

"હે પરવરદિગાર! મારા પ્યારા સરદાર હજરત ઇમામ હુસેનને તું આ કુફ શયતાનો ઉપર ફતેહ આપજે. એમના સર ઉપર દમીરકનો તાજ આરોપજે."

હજરત મુસ્લીમ બીન અકીલ પોતાની દુઆ આગળ વધારવા જતા હતા, એવામાં તો પેલા ગુલામે એમની ગરદન ઉપર જોશથી સમશેર ઝીંકી. ધડ ઉપરથી માથું ચીભડાંની જેમ જુદું ઉડી પડયું. એજ ક્ષણે ઓબયદુલ્લાહ કોઠા ઉપર આવ્યો, એણે ફરમાવ્યું—

"મુસ્લીમ બીન અકીલનું ધડ નીચે ફેંકી દઈશ નહિ, મારે તેનું કામ છે."

"જેવી નામવરની ફરમાશ" ગુલામે ઝુકી ઝુકીને સલામ ભરી.

ઓબયદુલ્લાહને આ ઓલીઆ ઉપર આટલા સીતમો ગુજાર્યાથી પણ સંતોષ નહોતો વળ્યો; એટલે એણે તમામ માણસાઇ અને ન્યાયની લાગણી છોડી દઇને નરી હેવાનીઅત અખ-તીઆર કરી અને પોતાના અનુચરોને ફરમાન કર્યું કે, આ બંડખોરની સરવિનાની લાશને પગે દોરી બાંધી આખા ગામમાં એ માથાવિનાના ધડને ઘસડી જાવ.

ગુલામોએ એ આજ્ઞા ઉઠાવી લીધી. શેરીએ શેરીએ સત્યના સંગાથી હઝરત મુસ્લીમ બીન અકીલની લાશને એ રીતે ઘસડવામાં આવી. લોકો આ અત્યાચાર જોઇને હાય પુકારવા લાગ્યા; પણ સુલ્તાન યઝદ અને સરદાર ઓબયદુલ્લાહના જાલીમ કોરડા નીચે માથું ઉંચકવાની એ નામર્દોમાં તાકાત નહોતી.

આ રીતે ઇસ્લામના એક જવાંમર્દ ઓલીઆની જીંદગીનો કરુણ છતાં ભવ્ય અંત આવ્યો. કરબલાના ધર્મજંગની તૈયારીમાં સત્યને માટે અપાયલાં અનેક બલિદાનોમાં આ એક અણમોલું બલિદાન હતું. પ્રજાની આઝાદી અને પાક ઇસ્લામની રક્ષામાટે જુલમી ચક્રમાં પીસાયેલા એ શહીદનો રોજો સત્ય અને ઇન્સાફના આખરી વિજયની આલબેલ પોકારતો આજે પણ કુફા ગામના એક વિભાગમાં ઉભો છે.

("હિંદુસ્થાન" તા. ૫–૧–૨૮ના અંકમાંથી)

૧૦૭–ગીતાજયંતિ–દિવસ

લોકમાન્ય તિલક મહારાજે "ગીતારહસ્ય" માં લખ્યું છે કે "**સમસ્ત સંસારના સાહિત્યમાં ગીતાના જેવો કોઇ પણ ગ્રંથ નથી.**" એ ઉપરાંત બૌદ્ધોનો ત્રિપટક તથા ધમ્મપદ અને ખ્રિસ્તીઓના બાઇબલ સાથે પણ ગીતાની તુલના કરીને તેમણે એજ નિષ્કર્ષ કાઢયો છે કે "દુઃખી આત્માને શાંતિ આપનાર, આધ્યાત્મિક પૂર્ણદશાની ઓળખાણ આપનાર અને ટુંકાણમાં ચરાચર જગતનાં ગૂઢ તત્ત્વોને સમજાવી દેનારો ગીતાના જેવો કોઈ પણ ગ્રંથ સમસ્ત વિશ્વની કોઇ પણ ભાષામાં નથી."

ખરેખર, ગીતાના જેવો દિવ્ય સંદેશવાહક ગ્રંથ આજ સુધી બીજો નથીજ રચાયો. ગીતાના સંબંધમાં માનવજાતિએ એટલી બધી આલોચના–પ્રત્યાલોચના કરી છે કે તેટલી આજસુધી બીજા કોઈ પણ ગ્રંથના સંબંધમાં થઇ પણ નથી અને થવાનો સંભવ પણ નથી. ગીતાના કેવળ અંતરંગ રૂપ ઉપરજ એટલું બધું લખાયું છે કે, જો તે બધાનો સંગ્રહ કરવામાં આવે તો મહા-ભારત જેવડા તો કેટલાય ગ્રંથો તૈયાર થાય. ગીતાની ગહનતા, વિલક્ષણતા અને પૂર્ણતાને સમ-જવાની પ્રચંડ પિપાસા મનુષ્યને અનંતકાળથી લાગેલી છે, કે જેને શાંત કરવાને તે કેટલીયે મજલ કાપી ચૂક્યો છે; તોપણ તે પોતાના લક્ષ્યને પહોંચી જઇને ક્યારે પોતાની પિપાસાને શાંત કરી શકશે તે કંઈજ કહી શકાતું નથી.

ગીતાના કાવ્યમાધુર્ય ઉપર કવિ મુગ્ધ છે; ગીતાના સાર્વભૌમ નીતિશાસ્ત્ર ઉપર નીતિજ્ઞ ગળગળો થઇ જાય છે; તેના નિષ્કામ કર્મયોગ ઉપર કર્મયોગી આફરીન છે અને તેની વીરત્વ-ભરી વાણી ઉપર દૃઢપ્રતિજ્ઞ માનવ આસક્ત થાય છે. કોઇ ગીતાને જ્ઞાનનો સાગર કહે છે, તો કોઇ તેને ઉપનિષદોનું હૃદય કહે છે; અને કોઇ કર્મયોગશાસ્ત્ર કહે છે તો કોઇ ભક્તિસૂત્ર કહે છે. વાસ્તવમાં ગીતા એ નટવર શ્રીકૃષ્ણચંદ્રની ઝોળી અને સ્વર્ગનું કલ્પવૃક્ષ છે, કે જેના વડે માનવી જે કંઇ જોઇએ તે પ્રાપ્ત કરી શકે તેમ છે. જો એમ ન હોત તો લોકોની ભિન્ન રુચિ અનુસાર

ગીતામાંથી કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, પ્રવૃત્તિ, નિવૃત્તિ વગેરે ચિત્રવિચિત્ર ફળો ક્યાંથી નીકળી શકત ?

એક દિવસે રોમન જાતિનું નામ સાંભળતાંજ યૂરોપની જાતિઓ ભીંજાયલી બિલ્લીની પેઠે ધ્રુજતી હતી; એક સમયે બેબીલોનિયનોના ડરથી યૂરોપીયનો થરથર કંપતા હતા; એક જમાનામાં યૂરોપ, એશિયા અને આફ્રિકામાં ઇજીપ્શિયનોનો દમામ ચાલતો હતો અને કોઇ સ્મૃતિગમ્ય કાળમાં ચીનની ધાક સમસ્ત યૂરોપમાં ફેલાઈ હતી; પરંતુ તે જોરાવર જાતિઓ પણ કાળરૂપી સમુદ્રમાં ક્યાંની ક્યાંય વિલીન થઈ ગઇ અને હિંદુજાતિ-એ હિંદુજાતિ કે જે કાસ્પિયન, ગ્રીસ, બલ્ક, હિરાત અને ત્રિવિષ્ટપ(તિબેટ)માંની જાતિઓથી પણ ઘણા કાળ પહેલાં ધર્મક્ષેત્ર-કુરુક્ષેત્રમાં, સુરસ શ્રુતિ-ઋચાની લહરિમાં અવગાહન કરતી હતી તે-આજપર્યંત શી રીતે અચલ-અટલ રહી શકી છે? અમારા અભિપ્રાય પ્રમાણે તેનું જબરદસ્ત કારણ તેનું ઉદાત્ત સાહિત્યજ છે; અને એ વાત પણ સત્યજ છે કે, તે સાહિત્યનું મંથન કરીને યોગેશ્વર શ્રીકૃષ્ણચંદ્રે ગીતામાં તેનું હૃદય એવી સુંદર રીતે ગોઠવી દીધું છે, કે જેથી કરીને સંસારમાં આર્યજાતિ યા હિંદુજાતિની પ્રતિષ્ઠા અને મહિમાનો પ્રચાર કરનાર ગીતા જેવો બીજો કોઈપણ ગ્રંથ નથી.

આજે હિંદુજાતિ ગુલામ છે, દરિદ્ર છે અને છિન્નભિન્ન છે. તેને ધૂર્ત જાતિઓ "કપિલા ગાય" માને છે; પરંતુ જ્યારે તેઓ ગીતાની અભય વાણી તરફ કાન માંડે છે, ત્યારે હિંદુજાતિને ભૂખ્યા વાઘ જેવી માને છે અને તેમનાં ગાત્ર ઢીલાંઢબ થઇ જાય છે. જ્યારે આ જાતિઓ જુએ છે કે, ફેઝીએ ફારસીમાં, આબુ સુલેહે અરબીમાં, સ્લેગને લેટિનમાં, ડિમિટ્રિયસે ગ્રીકમાં; બર્નુફે ફ્રેંચમાં, લોરિંજરે જર્મનમાં, સ્તાનિસલસ ગેટીએ ઇટાલીમાં અને ટૉમ્સન, આર્નોલ્ડ, ડેવિસ તથા ચાર્લ્સ વિલ્કિન્સને અંગ્રેજી ભાષાઓમાં અનુવાદ કરીને ઘણી ખરી નીતિશૂન્ય જાતિઓમાં સદાચાર શાસ્ત્રનો પ્રકાશ ફેલાવવાનો પ્રયત્ન કર્યો છે; ત્યારે એ પ્રજાઓ શરમની મારી મસ્તક નમાવે છે અને હિંદુજાતિને આદિગુરુ, આદિસભ્ય, આદિવીર, આદિનીતિજ્ઞ અને આદિશાસક માની લે છે. પછી ભલેને તે માન્યતા પેટમાંજ સંતાડી રાખીને તેઓ સ્વાર્થ-સાધનાને ખાતર મિસ મેયો જેવી સ્ત્રીઓને માયાજાળ ફેલાવવામાં છૂટે હાથે મદદ કર્યા કરે! ચાર્લ્સ વિલ્કિન્સને ગીતાનો જે અનુવાદ કર્યો છે, તેની ભૂમિકા વૉરન હેસ્ટિંગ્સ સાહેબે લખી છે. એ ભૂમિકામાં તેમણે મુક્તકંઠે સ્વીકાર્યું છે કે "કોઈ પણ જાતિને ઉન્નતિના ઉચ્ચ શિખરે ચઢાવવામાં ગીતાનો ઉપદેશ અદ્વિતીય છે." અમેરિકાનો સર્વશ્રેષ્ઠ સાહિત્યકાર એમર્સન તો ગીતાના પુસ્તકને પોતાની દૃષ્ટિ સમક્ષજ રાખતો હતો; કેમકે ગીતાને તે સમગ્ર વિશ્વના સાહિત્યમાંનો સર્વોત્કૃષ્ટ ગ્રંથ અને માનવના ચિંતનની તથા અનુભવની સૌથી મહાન સંપત્તિ માનતો હતો. જ્યારે તે ગીતાના "सर्वभूतेषु चात्मानं सर्वं भूतानि चात्मनि।" એ શ્લોકને વાંચતો, ત્યારે તેનું આખું શરીર પુલકિત થઇ જતું, તેનું હૃદય નાચી ઉઠતું અને તે કલાકોના કલાકો સુધી આનંદાશ્રુ વહાવતો! તે પોતાના ગીતા-પુસ્તકને ઇષ્ટદેવની મૂર્તિસમાન ગણતો હતો અને તે પુસ્તક અદ્યાપિપર્યંત ન્યુયૉર્કની એક લાયબ્રેરીમાં સુરક્ષિત છે. ચીની ભાષામાં ગીતાનો અનુવાદ કરનાર માણસ શ્રીકૃષ્ણના જ્ઞાન ઉપર એટલો બધો મુગ્ધ હતો કે તે દરરોજ વારંવાર પ્રેમ-રુદન કરતો હતો ! ચીનાઓએ તેનું નામ "કિપનજી" (કૃષ્ણજી) પાડ્યું હતું અને આજપર્યંત ત્યાં એજ નામથી તે ઓળખાય છે અને તેનું અસલ નામ લુપ્ત થઇ ગયું છે ! બાલી અને જાવા બેટની "કવિ-ભાષા"માં ગીતાના કેટલાયે ગદ્ય-પદ્ય અનુવાદ છે અને ફિલ્મોમાં ગીતાના બધા દશ્યો દેખાડવામાં આવે છે. આ વિશાળ ભારતમાં તો ગીતાની પ્રતિષ્ઠા એથી કરતાં પણ વધારે છે.

આપણે ત્યાંની તો વાતજ જૂદી છે. અહીં તો જેણે ગીતા ઉપર કંઈ પણ લખ્યું ન હોય તે સમર્થ વિદ્વાન કે આચાર્યજ ગણાતો નથી. તેમનો કોઇ પણ મત કે સિદ્ધાંત એવો હોતો નથી, કે જેનું તેમણે ગીતાથી સમર્થન ના કર્યું હોય; અને એજ કારણે અદ્વૈતવાદી શંકરાચાર્ય, વિશિષ્ટાદ્વૈતવાદી રામાનુજાચાર્ય, વિશુદ્ધાદ્વૈતવાદી વલ્લભાચાર્ય, દ્વૈતવાદી મધ્વાચાર્ય અને દ્વૈતાદ્વૈતવાદી નિમ્બાર્કાચાર્ય વગેરેએ અને તેમના અનુયાયીઓએ ગીતા ઉપર એટલાં ભાષ્યો, વ્યાખ્યાઓ,

વૃત્તિઓ, નિવૃત્તિઓ, ટીકાઓ, ટિપ્પણીઓ, આલોચનો, રહસ્યો અને વિવરણો સંસ્કૃતમાં લખ્યાં છે કે એ બધું જો કોઈ વાંચવા માગે, તો તે પાછળ કોઈપણ માણસને બે-ચાર જન્મ તો લેવાજ પડે! આ સાંપ્રદાયિક વિવેચનો ઉપરાંત ગીતા ઉપર સેંકડો સ્વતંત્ર વ્યાખ્યાગ્રંથો પણ સંસ્કૃતમાં લખાયા છે. ભારતીય પ્રાકૃત ભાષાઓમાં પણ શ્લોકાનુવાદ, ભાવાનુવાદ, છાયાનુવાદ, આલોચન, અંતરંગ વિવરણ અને બહિરંગ સમાલોચનાના અગણિત ગ્રંથો નીકળ્યા છે. એમાં લોકમાન્ય તિલક, હીરેન્દ્રનાથ દત્ત અને અરવિંદ ઘોષના ગ્રંથો સર્વોત્કૃષ્ટ ગણાય છે. તુલસીકૃત રામાયણસિવાય ભારતવર્ષમાં કોઈપણ ભાષામાં એવો કોઈપણ ગ્રંથ નથી કે જેનો ગીતાના જેટલો પ્રચાર હોય. પ્રત્યેક ધર્મપ્રેમી હિંદુ તેનો નિત્ય-પાઠ કરે છે. મરણ વખતે પણ ગીતોપદેશ સંભળાવવાની અત્યંત પ્રાચીન પરિપાટી આપણે ત્યાં છે. વધારે તો શું, ભારતના જડ-ચેતન-માત્રમાં ગીતોપદેશના સંસ્કારો ભર્યા પડયા છે; પરંતુ તે અવ્યક્ત છે, વ્યક્ત નથી; સુપ્ત (સૂઈ રહેલા) છે, જાગૃત નથી.

ગીતાના આ દિવ્ય કિંતુ અવ્યક્ત અને સુપ્ત ઉપદેશને વિકાસ અને જાગૃતિના નવીન સ્વાંગ સજાવવા એજ હિંદુજાતિનું આજનું પરમ આવશ્યક કાર્ય છે. આપણે ગીતા વાંચીએ છીએ; પરંતુ તેનો સદુપયોગ કરવાનું નથી જાણતા. આપણે "**निर्वैरः सर्व भूतेषु**" નો પાઠ કરીએ છીએ, પરંતુ ઘરમાંજ વેર-ઝેરના દાવાનળ સળગી રહ્યા હોય છે. આપણે "**युध्यस्व विगतज्वरः**" નું રટણ કરીએ છીએ, પરંતુ ધર્મ અને જાતિની રક્ષાર્થે રણાંગણમાં કૂદી પડતાં ડરીએ છીએ! આપણે "**क्लैब्यं मा स्म गमः पार्थ**" નું પારાયણ કરીએ છીએ, પરંતુ મા-બ્હેનોની બે-આબરૂ થતી જોવા-જાણવા છતાંયે નપુંસકતા દર્શાવીએ છીએ. આપણે "**सुखीनः क्षत्रियाः पार्थ लभंते युद्धमीदृशम्**" નો દમ મારીએ છીએ, પરંતુ દેશની સ્વાધીનતાના સંગ્રામમાં નાગી તલવારોની ધારો ઉપર નાચતાં ડરીએ છીએ! આપણે "**क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप**" ની બુલંદ ગર્જના કરીએ છીએ, પણ હીજડાઓની પેઠે બીજાઓના માર ખાયા કરીએ છીએ. આપણે "**नैनं छिंदन्ति शस्त्राणि नैनं दहति पावकः**"ની બડાઈ હાંકીએ છીએ; પરંતુ ધર્માત્માઓના તનતોડ પરિશ્રમ છતાંયે આત્મબળના પ્રબળ પ્રતાપથી સંસારને ચકિત કરી શકતા નથી!

ગીતાનો નિત્યપાઠ કરો, તેને સમજો અને તે પ્રમાણે આચરણ કરો. જો તમે એ પ્રમાણે કરો, જો ગીતાનો વ્યાવહારિક ઉપયોગ કરો તો તો તેનો એક શ્લોક પણ તમારી નસોમાં ચેતના જગાવવાને પૂરતો છે. ગીતાનો એક એક શબ્દ, એક એક અભય વાણીનો એવો નમુનો છે, કે જે અભય વાણીનો ભક્ત મહાકાળને પણ ધૂળ ભેગો કરી શકે છે; તો પછી મનુષ્યોના તે શા હિસાબ? હકીકત આવી હોવાથી પ્રત્યેક સ્વાભિમાનીએ આ અભય વાણીને પોતાના હૃદય-પટ ઉપર સુવર્ણાક્ષરે લખી લેવી જોઈએ. હિંદુસંગઠનના નિશામાં મસ્ત રહેનાર વ્યક્તિઓએ એવો પ્રખર પ્રયત્ન કરવો જોઇએ, કે જેથી પ્રત્યેક હિંદુગૃહમાં આ અભયવાણીનું-આ ગીતોપનિષદનું રામનામની પેઠે રટણ થાય. જેઓ સંસ્કૃતમાં ગીતા સમજી શકતા નથી, તેઓ પોતાની માતૃભાષામાં વાંચે અને જેઓ માતૃભાષા પણ જાણતા નથી તેઓ બીજાઓ પાસે વંચાવીને સાંભળે. આ રીતે જે દિવસે બધાએ હિંદુઓ ગીતાભક્ત થઇ તેનો વ્યાવહારિક ઉપયોગ કરીને હિંદુ-જાતિ સમક્ષ જાગૃતિનો શંખનાદ ગજવશે, તે દિવસે આ ભૂમંડળમાં એવી કોઈ જાતિ નહિ રહે કે જે આપણી સામે આંખ પણ ઉંચી કરી શકે. જે દિવસે આપણે ધર્મરક્ષણ અને આત્માભિમાનને ખાતર વીર વ્યાઘ્ર અર્જુનની પેઠે ત્રિલોકવિજયી ગાંડીવનો વિજયટંકાર કરીશું, તે દિવસે આ સંસારમાં એવી તે કયી પ્રબળ શક્તિ છે કે જે ઘુંટણીએ પડીને શિર ના નમાવે? ગીતા-સિદ્ધાંતના પાયા ઉપર જે દિવસે આપણે હિંદુસંગઠન કરી લઇશું, તે દિવસે વિશ્વની પ્રભુતામત્ત શક્તિઓ પણ ધ્રૂજી ઉઠશે અને મહાભયંકર કૃતાંત કાળ પણ કંપી ઉઠશે.

પૂનાના ગીતાધર્મ મંડળે માગશર સુ. ૧૧ (તા. ૫ મી ડિસેમ્બર)ને દિવસ સમસ્ત ભારતવર્ષમાં ગીતા-દિવસતરીકે ઉજ્વવાનો નિશ્ચય કર્યો છે. એજ દિવસે સંસારમાં સૌથી મહાન યુદ્ધ મહાભારત શરૂ થયું હતું અને ધર્મના રક્ષણાર્થે આપણે પણ એજ દિવસથી મહા-

ભારત શરૂ કરવાની આવશ્યકતા છે. આ તિથિ લોકમાન્ય તિલકે નક્કી કરેલી છે અને કેટલાંયે વર્ષોથી આ પુણ્યદિવસ ઉજવાય છે પણ ખરો. આ દિવસે સમસ્ત દેશમાં ગીતાપ્રવચનો, ગીતા-વ્યાખ્યાનો, ગીતાપદેશસંબંધી લેખો, ગીતા-પાઠ અને ગીતા-સમાલોચનાઓ કરવાની મંડળે સૂચનાઓ કરેલી છે. મંડળ ઇચ્છે છે કે, તે દિવસે પ્રત્યેક હિંદુ કમમાં કમ ગીતાના એક અધ્યાયનો પાઠ અવશ્ય કરે અથવા સાંભળે. હિંદુમહાસભાના દિલ્હીવાળા અધિવેશનમાં પણ એવો ઠરાવ પસાર થયો હતો. વાસ્તવમાં મંડળની આ યોજનાની જેટલી સ્તુતિ કરીએ, તેટલી ઓછી છે. એમાં તો શંકાજ નથી કે, આ પદ્ધતિથી જનતામાં ગીતાનો કંઇક પણ વધુ પ્રચાર થશે અને જેટલો પ્રચાર વધુ થશે, તેટલો સંગઠનનો કિલ્લો મજબૂત થતો જશે. અમને તો વિચાર કરતાં મહા આશ્ચર્ય થાય છે કે, જે જાતિમાં ગીતા જેવો જ્વલંત ઉપદેશક ગ્રંથ છે, તેનું સંગઠન થતાં આટલી બધી વાર શા સારૂ થાય છે! પરંતુ એ તો ત્યારેજ થઇ શકે, કે જ્યારે ગીતાનો રામનામની પેઠે પ્રચાર થાય અને તેના ઉપદેશોનો આચાર-વ્યવહારમાં ઉપયોગ થવા લાગે. તેથી આ ગીતા-દિવસને મહાન મહોત્સવનું રૂપ અપાવું જોઇએ. તે દિવસે "**तस्मात्तुत्तिष्ठ कौंतेय युद्धाय कृतनिश्चयः**" ના તુમુલ નિનાદથી ભારતવર્ષના વાયુમંડળને ભરપૂર કરી દેવું જોઇએ. એ દિવસે બલુચિસ્તાનથી આસામ અને હિમાલયથી કન્યાકુમારી સુધી "**तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व जित्वा शत्रून् भुंक्ष्व राज्यं समृद्धम्** ની એવી બુલંદ ગર્જના થવી જોઇએ, કે જેથી વિરાટ હિંદુજાતિનાં રેક્સાંમાં ગરમાગરમ લોહી ધસી આવે અને તે સંગઠનનો સુદૃઢ દુર્ગ રચવાને બુદ્ધિપૂર્વક આગળ ધસે.

('હિંદૂપંચ' તા. ૧-૧૨-૨૭ ના અગ્રલેખનો સ્વતંત્રાનુવાદ)

૧૦૮–હોલી ઔર ઉસપર હમારા કર્તવ્ય

ઇસમેં કોઇ સન્દેહ નહીં કિ હોલી હિંદુઓં કા બહુત પુરાના ત્યૌહાર હૈ; પરંતુ ઇસકે પ્રચલિત હોનેકા પ્રધાન કારણ ઔર કાલ કૌનસા હૈ ઇસકા એકમત સે અબ તક નિર્ણય નહીં હો સકા હૈ. ઇસકે બાબત કઇ તરહ કી બાતેં સુનને મેં આતી હૈં. સંભવ હૈ, સભીકા કુછ કુછ અંશ મિલકર યહ ત્યૌહાર બના હો; પર આજકલ જિસ રૂપ મેં યહ મનાયા જાતા હૈ ઉસસે તો ધર્મ, દેશ ઔર મનુષ્યજાતિ કો બડા હી નુકસાન પહુંચ રહા હૈ. ઇસ સમય ક્યા હોતા હૈ ઔર હમેં ક્યા કરના ચાહિયે? યહ બતલાને કે પહલે, હોલી ક્યા હૈ, ઇસપર કુછ વિચાર કિયા જાતા હૈ. સંસ્કૃત મેં 'હોલક' અધપકે અન્ન કો કહતે હૈં, વૈદ્યક કે અનુસાર 'હોલા' સ્વલ્પ બાત હૈ; ઔર મેદ, કફ તથા થકાવટ કો મિટાતા હૈ. હોલીપર જો અધપકે ચને ગન્ને યા લાઠી મેં બાધકર જલતી હુઇ હોલી કી લપટ મેં સેંકકર ખાયે જાતે હૈં, ઉન્હેં 'હોલા' કહતે હૈં. કહીં કહીંપર અધપકે નયે જૌ કી બાલેં ભી ઇસી પ્રકાર સે કી જાતી હૈં. સંભવ હૈ વસંતઋતુ મેં શરીર કે કિસી પ્રાકૃતિક વિકાર કો દૂર કરને કે લિયે હોલી કે અવસર પર હોલા ચબાને કી ચાલ ચલી હો ઔર ઉસીકે સંબંધ મેં ઇસકા નામ હોલિકા, "હોલિકા" યા "હોલી" પડ ગયા હો.

હોલી કા એક નામ હૈ "**वसंती नवशस्येष्टि**" ઇસકા અર્થ 'વસંત મેં પૈદા હોનેવાલે નયે ધાન કા યજ્ઞ' હોતા હૈ. યહ યજ્ઞ ફાલ્ગુન શુક્લ ૧૫ કો કિયા જાતા હૈ. ઇસકા પ્રચાર ભી શાયદ ઇસી લિયે હુઆ હો કિ ઋતુપરિવર્તન કે પ્રાકૃતિક વિકાર યજ્ઞ કે ધુએં સે નષ્ટ હો કર ગાંવ ગાંવ ઔર નગર નગર મેં એકસાથ હી વાયુ કી શુદ્ધિ હો જાય. યજ્ઞસે બહુત લાભ હોતે હૈં; પર યજ્ઞધૂમ સે વાયુ કી શુદ્ધિ હોના તો પ્રાયઃ સભી કો માન્ય હૈ અથવા નયા ધાન કિસી દેવતા કો અર્પણ કિયે બિના નહીં ખાના ચાહિયે. ઇસ શાસ્ત્રોક્ત હેતુ કો પ્રત્યક્ષ દિખલાને કે લિયે સારી જાતિ ને એક દિન ઐસા રક્ખા હો જિસ દિન દેવતાઓં કે લિયે દેશભર મેં નયે ધાન સે યજ્ઞ કિયા જાય. આજકલ ભી હોલી કે દિન જિસ જગહ કાઠ-કંડે ઇકટ્ઠે કર કે ઉસમેં આગ લગાઇ જાતી હૈ, ઉસ જગહ કો પહલે સાફ કરતે ઔર પૂજતે હૈં ઔર સભી ગ્રામવાસી ઉસમેં

કુછ ન કુછ હોમતે હૈં. યહ શાયદ ઉસી '**नवशस्येष्टि**' કા બિગડા હુઆ રૂપ હો. સામુદાયિક યજ્ઞ હોનેસે અબ ભી સભી લોગ ઉસકે લિયે પહલે સે હોમને કી સામગ્રી ઘર ઘર મેં બનાને ઔર આસાની સે વહાંતક લે જાને કે લિયે ઉસકી માલાએં ગૂંથકર રખતે હૈં.

ઇસકે અતિરિક્ત ઇસ ત્યૌહાર કે સાથ ઐતિહાસિક, પારમાર્થિક ઔર રાષ્ટ્રીય તત્ત્વોં કા ભી સંબંધ માલૂમ હોતા હૈ. કહા જાતા હૈ કિ ભક્તરાજ પ્રહ્લાદ કી અગ્નિપરીક્ષા ઇસી દિન હુઇ થી. પ્રહ્લાદ કે પિતા દૈત્યરાજ હિરણ્યકશિપુ ને અપની બહિન 'હોલકા' સે (જિસકો ભગવદ્-ભક્ત કે ન સતાને તક અગ્નિ મેં ન જલને કા વરદાન મિલા હુઆ થા) પ્રહ્લાદ કો જલા દેને કે લિયે કહા. હોલકા રાક્ષસી ઉસે ગોદ મેં લેકર બૈઠ ગઇ, ચારોં તરફ આગ લગા દી ગઇ. પ્રહ્લાદ ભગવાન કે અનન્ય ભક્ત થે, વે ભગવાન કા નામ રટને લગે. ભગવત્કૃપા સે પ્રહ્લાદ કે લિયે અગ્નિ શીતલ હો ગઈ ઔર વરદાન કી શર્ત કે અનુસાર 'હોલકા' ઉસમેં જલ મરી ભક્તરાજ પ્રહ્લાદ ઇસ કઠિન પરીક્ષા મેં ઉત્તીર્ણ હુએ ઔર આ કર પિતા સે કહને લગે—

રામ નામ કે જાપક જન હૈં, તીનોં લોકો મેં નિર્ભય; મિટતે સારે તાપ નામ કી, ઔષધ સે પક્કા નિશ્ચય.
નહીં માનતે હો તો મેરે, તનકી ઓર નિહારો તાત; પાની પાની હુઈ આગ હૈ, જલા નહીં કિંચિત્ ભી ગાત.

ઇન્હીં ભક્તરાજ ઔર ઇનકી વિશુદ્ધ ભક્તિ કા સ્મારકરૂપ યહ હોલી કા ત્યૌહાર હૈ. આજ ભી 'હોલિકા–દહન' કે સમય પ્રાયઃ સબ મિલકર એક સ્વર મેં 'ભક્તવર પ્રહ્લાદ કી જય બોલતે હૈં. હિરણ્યકશિપુ કે રાજત્વકાલ મેં અત્યાચારિણી હોલકા કા દહન હુઆ ઔર ભક્તિ તથા ભગવન્નામ કે અટલ પ્રતાપ સે દૃઢવ્રત ભક્ત પ્રહ્લાદ કી રક્ષા હુએ ઔર ઉન્હેં ભગવાન કે પ્રત્યક્ષ દર્શન હુએ.

ઇસકે સિવા ઇસ દિન સભી વર્ણ કે લોગ ભેદ છોડ કર પરસ્પર મિલતે–જુલતે હૈં. શાયદ કિસી જમાને મેં ઇસી વિચાર સે યહ ત્યૌહાર બના હો કિ સાલભર કે વિધિ–નિષેધમય જીવન કો અલગ અલગ અપને કામોં મેં બિતા કર ઇસ એક દિન સબ ભાઇ પરસ્પર ગલે લગ કર પ્રેમ બઢાવેં. કભી ભૂલ સે યા કિસી કારણ સે કિસીકા મનોમાલિન્ય હો ગયા હો તો ઉસે ઇસ આનંદ કે ત્યૌહાર મેં સબ એકસાથ મિલ જુલ કર હટા દેં. અસલ મેં એક ઐસા રાષ્ટ્રીય ઉત્સવ હોના ભી ચાહિયે કિ જિસમેં સભી લોગ છોટે–બડે ઔર રાજા–રંક કા ભેદ ભૂલ બિના કિસી ભી રૂકાવટ કે શામિલ હો કર પરસ્પર પ્રેમાલાપ કર સકેં. યહી હોલી કા ઐતિહાસિક, પારમાર્થિક ઔર રાષ્ટ્રીય તત્ત્વ હૈ.

જો કુછ ભી હો, ઇન સારી બાતોં પર વિચાર કરને સે યહી અનુમાન હોતા હૈ કિ યહ ત્યૌહાર અસલ મેં મનુષ્યજાતિ કી ભલાઇ કે લિયે હી ચલાયા ગયા થા; પરંતુ આજકલ ઇસકા રૂપ બહુત હી બિગડ ગયા હૈ. ઇસ સમય અધિકાંશ લોગ ઇસકો જિસ રૂપ મેં મનાતે હૈં ઉસસે તો સિવા પાપ બઢને ઔર અધોગતિ હોને કે ઔર કોઈ અચ્છા ફલ હોતા નહીં દીખતા.

આજકલ ક્યા હોતા હૈ?

કઈ દિન પહલે સે સ્ત્રિયાં ગંદે ગીત ગાને લગતી હૈં, પુરુષ બેશરમ હોકર ગંદે અશ્લીલ કવીત, ધમાલ, રસિયા ઔર ફાગ ગાતે હૈં. સ્ત્રિયોં કો દેખકર બૂરે બૂરે ઇશારે કરતે ઔર આવાજેં લગાતે હૈં. ડફ બજા કર બૂરી તરહ સે નાચતે ઔર બડી ગંદી ગંદી ચેષ્ટાએં કરતે હૈં. ભાંગ, ગાંજા, સુલ્ફા ઔર માંજૂ આદિ પીતે તથા ખાતે હૈં. કહીં કહીં શરાબ ઔર વેશ્યાઓં તક કી ધૂમ મચતી હૈ. ભાભી, ચાચી, સાલી, સાલે કી સ્ત્રી, મિત્ર કી સ્ત્રી, પડોસિન ઔર પત્ની આદિ કે સાથ નિર્લજ્જતા સે ફાગ ખેલતે ઔર ગંદે ગંદે શબ્દોં કી બૌછાર કરતે હૈં. રાખ, મિટ્ટી ઔર કીચડ ઉછાલે જાતે હૈં; મુંહ પર સ્યાહી, કારિખ યા નીલા રંગ પોત દિયા જાતા હૈ; ગંદે શબ્દ કપડોં પર ઔર દિવારોં પર લિખ દિયે જાતે હૈં. ટોપિયાં ઔર પગડિયાં ઉછાલ દી જાતી હૈં, કહીં કહીં પર જૂતોં કે હાર બનાકર પહને ઔર પહનાયે જાતે હૈં. લોગોં કે ઘરોં પર જા જાકર ગંદી અવાજેં લગાઇ જાતી હૈં. ફલ ક્યા હોતા હૈ? ગંદી ઔર અશ્લીલ બોલ-ચાલ ઔર ગંદે વ્યવહાર સે બ્રહ્મચર્ય કા નાશ હો કર સ્ત્રી–પુરુષ વ્યભિચાર કે દોષ સે દોષી બનતે હૈં. શાસ્ત્ર મેં કહા હૈ—

स्मरणं कीर्तनं केलिः प्रेक्षणं गुह्यभाषणं। संकल्पोऽध्यवसायश्च क्रियानिष्पत्तिरेव च ॥
एतन्मैथुनमष्टांगं प्रवदन्ति मनीषिणः । विपरीतं ब्रह्मचर्यमनुष्ठेयं मुमुक्षुभिः ॥

(૧) કિસી ભી સ્ત્રી કો કિસી અવસ્થા મેં ભી યાદ કરના; (૨) ઉસકે રૂપગુણોં કા વર્ણન કરના, સ્ત્રીસંબંધી ચર્ચા કરના યા ગીત ગાના; (૩) સ્ત્રિયોં કે સાથ તાસ, ચૌપડ, ફાગ આદિ ખેલના; (૪) સ્ત્રિયોં કો દેખના; (૫) સ્ત્રી સે એકાંત મેં બાતેં કરના; (૬) સ્ત્રી કો પાને કે લિયે મન મેં સંકલ્પ કરના; (૭) પાને કે લિયે પ્રયત્ન કરના ઔર (૮) સહવાસ કરના. યે આઠ પ્રકાર કે મૈથુન વિદ્વાનોં ને બતલાયે હૈં. કલ્યાણ ચાહનેવાલોં કો ઇન આઠોં સે બચના ચાહિયે. ઇસકે સિવા ઐસે આચરણોં સે નિર્લજ્જતા બઢતી હૈ, જબાન બિગડ જાતી હૈ, મનપર બૂરે સંસ્કાર જમ જાતે હૈં, ક્રોધ બઢતા હૈ, પરસ્પર મેં લોગ લડ પડતે હૈં, અસભ્યતા ઔર પાશવિકતા ભી બઢતી હૈ. અતએવ સભી સ્ત્રી-પુરુષોં કો ચાહિયે કિ વે ઇન ગંદે કામોં કો બિલકુલ હી ન કરેં. ઇસસે લૌકિક ઔર પારમાર્થિક દોનોં તરહ કે નુકસાન હોતે હૈં. ફિર ક્યા કરના ચાહિયે? ફાલ્ગુન સુદી ૧૧ સે ચૈત્ર સુદી ૭ તક નીચે લિખે કામ કરને ચાહિયેઃ—

(૧) ફાલ્ગુન સુદી ૧૧ કો યા ઔર કિસી દિન ભગવાન કી સવારી નિકાલની ચાહિયે, જિસમેં સુંદર સુંદર ભજન ઔર નામકીર્તન હો.

(૨) સત્સંગ કા ખૂબ પ્રચાર કિયા જાય. સ્થાન સ્થાન મેં ઇસકા આયોજન હો. સત્સંગ મેં બ્રહ્મચર્ય, અક્રોધ, ક્ષમા, પ્રમાદ કે ત્યાગ, નામમાહાત્મ્ય ઔર ભક્તિ કી વિશેષ ચર્ચા હો.

(૩) ભક્તિ ઔર ભક્ત કી મહિમા કે તથા સદાચાર કે ગીત ગાયે જાયં.

(૪) ફાલ્ગુન સુદી ૧૫ કો હવન કિયા જાય.

(૫) શ્રીમદ્ ભાગવત ઔર શ્રી વિષ્ણુપુરાણ આદિ સે પ્રહ્‌લાદકી કથા સુની ઔર સુનાયી જાય.

(૬) સાધકગણ એકાંત મેં ભજન-ધ્યાન કરેં.

(૭) શ્રી શ્રીચૈતન્યદેવ કી જન્મતિથિ કા ઉત્સવ મનાયા જાય. મહાપ્રભુ કા જન્મ હોલી કે દિન હી હુઆ થા. ઇસી ઉપલક્ષ્ય મેં મુહલ્લે મુહલ્લે ઘૂમ ઘૂમકર નામકીર્તન કિયા જાય. ઘર-ઘર મેં હરિનામ સુનાયા જાય.

(૮) ધુરેન્ડી કે દિન તાલ, મૃદંગ ઔર ઝાંઝ આદિ કે સાથ બડે જોર સે નગરકીર્તન નિકાલા જાય, જિસમેં સબ જાતિ ઔર સભી વર્ણોં કે લોગ બડે પ્રેમ સે શામિલ હોં.

('વિશ્વમિત્ર'ના અંકમાં લેખક—બા૦ હનુમાનપ્રસાદજી પોદ્દાર)

૧૦૯—નવયુવકોં કો આહ્‌વાન

નાનાં બાળકોને ઝાડો (જુલાબ) લાવવામાટે માતાઓ મોટા ભાગે એરંડીઉં તેલ આપે છે, પણ માતાઓની આ ટેવ વખતના વહેવા સાથે બાળકોને વધુ કબજીઆત બનાવે છે; અને પરિણામે ગરીબ બિચારાં નિર્દોષ બાળકો વધુ હેરાન થાય છે. બાળકોને જુલાબ લાવવામાટે એક જાણીતો જર્મન તબીબ ભલામણ કરે છે કે, બાળકોને દરેક ખોરાક આપવાના વખતની વચ્ચે પાણીવધુ આપવું; તેમજ દૂધ આપ્યા પછી અર્ધા ચમચાથી એક ચમચાસુધી ઑલીવ ઑઇલ આપવું.

દર ચોવીસ કલાકમાં બાળકોને એકથી ત્રણ ઝાડા થવાની જરૂર છે. ઝાડો નરમ, સુંવાળો અને રાઇના રંગનો હોવો જોઇએ, જે લચકાના રૂપમાં હોવો જોઇએ નહિ. તેમાં બંધાયલા દૂધના ગાંગડા, મળ કે કફ હોવો જોઇએ નહિ. આવા ઝાડાઓ બાળકોની તંદુરસ્તીની નિશાની છે.

× × × ×

ગર્ભવતી સ્ત્રીઓમાટે સોનેરી સૂચના

ગર્ભવતી સ્ત્રીઓ માટે એક જાણીતા અમેરિકન તબીબની નીચલી સૂચનાઓ દરેક બાઇએ લક્ષમા રાખવી જરૂરી છે:—

(૧) દરરોજ ઝાડો સાફ આવે તેમ કરવું.

(૨) શરીર પોષ સાફ રાખવા માટે બની શકે એટલું પાણી પીવું.

(૩) બની શકે એટલાં તાજાં ફ્રૂટ અને તરકારીનો ખોરાક ખાવો.

(૪) ખાસ કરી બાળકને જન્મ આપવાના મહિનાઓમાં ભારે અને મીઠાશદાર ખોરાક લેવાથી પરહેજ રહેવું.

(૫) રાતનું ભોજન ભારી ખોરાકનું લેવું નહિ.

(૬) દરરોજ તાજી ખુલ્લી હવામાં ચાલવાની કસરત લેવી. આ ઉપરાંત દરરોજનું કામકાજ કરતાં રહેવું.

(૭) ઓરડાની બારીઓ ખુલ્લી રાખીને રાતે ઉંઘ કહાડવી, જે ઓછામાં ઓછી ૮ કલાકની હોવી જોઇએ.

(૮) દરરોજ નહાવાની અને છેવટનાં અઠવાડીઆંઓમાં ગરમ પાણીમાં બેસવાની તજવેદ રાખવી.

(૯) કોઇ પણ જાતનાં ટાઈટ તતરબંધ કે વજનમાં ભારી કપડાં પહેરવાં નહિ.

(૧૦) દાંતોને પૂર તંદુરસ્તીમાં રાખવાનો મજબૂત પ્રયાસ કરવો.

(૧૧) ચોક્કસ વખતના અંતરે ડૉક્ટર પાસે પીશાબ તપાસાવવામાં ઘણો લાભ સમાયલો છે.

× × ×

મેલેરીઆનો રામબાણ ઇલાજ—સાધારણ મીઠું

જાણીતો જર્મન ડૉ૦ બુક જેણે મેલેરિયાને મારી હઠાવવાને પચાસ વર્ષો સુધી ફરી, અમેરિકા વગેરે અનેક સ્થળોએ તત્સંબંધ અખતરાઓ કર્યા છે, તેણે મેલેરિયાના ઇલાજતરીકે સાધારણ નીમક (મીઠું) જેને તબીબી ભાષામાં 'સોડિયમ ક્લોરાઈડ'તરીકે ઓળખવામાં આવે છે, તે રામબાણ હોવાનું જાહેર કર્યું છે. આ ઇલાજ કોઇ પણ પ્રકારના મેલેરિયાના તાવ ઉપર કેવળ ચમત્કાર કરવાની તે ખાત્રી આપે છે. આ જર્મન જણાવે છે કે, આ ઇલાજથી માત્ર ૪૮ કલાકમાં દર્દી સાજો થઇ શકે છે; એટલુંજ નહિ પણ તેની ઉપર ખાસ ફરી તાવ હુમલો કરતો નથી. વધુમાં તે જણાવે છે કે, આ ઇલાજ દર્દી પર બે વાર અજમાવવો પડે છે. તે કહે છે કે, આ ઇલાજથી હજારો દર્દીઓ આ તાવના આવું મટવાથી સાજા થયા છે. અમેરિકાના રાજ્ય કે જ્યાં આ તાવ જેણે એક વાર ભારે ઘણા દિવસો તે

આ ઇલાજથી રફતે રફતે અલોપ થતો જાય છે. ડૉ૦ બ્રૂક આ ઇલાજ નીચે મુજબ અમલમાં મૂકવાની મજબૂત ભલામણ કરે છે.

× × × ×

મેલેરિયા ઉપર મીઠું કેમ વાપરવું?

સ્વચ્છ 'સોડિયમ ક્લોરાઇડ' (મીઠું) એક મુઠ્ઠી ભરી લેવું અને તે ચૂલાપર તપતી કડાઈ-(ફ્રાઈંગ-પેન)માં નાખવું. નીચેથી ગરમી આપવાનું ચાલુ રાખવાથી મીઠામાંનો પાણીનો ભાગ ઉડી જશે. જ્યાંસુધી કડાઈમાંનું નીમક (મીઠું) ભૂરો રંગ પકડે, ત્યાંસુધી તેને ગરમી આપવાનું ચાલુ રાખવું.

ઉમરે પહોંચેલા શખ્સોએ ઉપરની રીત મુજબ ભુંજેલા મીઠાનો 'ડોઝ' એક મોટો ચમચો ભરીને લેવો, જે વજનમાં એક ઔંસ જેટલો છે. આ મીઠું ગરમ પાણીથી ભરેલા એક ગ્લાસમાં નાખવું અને તેને ખૂબ એકરસ કરી તાવ ઘુમલો કરે તેની એક દિવસ અગાઉ સવારના પહોરમાં પી જવું. પછી તે મુજબ પેટે પીવાની સંભાળ રાખવી. મીઠું એક ઔંસથી વધુ નહિ તેમજ એક ઔંસથી ઓછું પણ નહિ હોવું જોઇએ. આ ઇલાજ ખુલ્લા પેટે કરવામાં નહિ આવે, તો તેની જરા પણ અસર તાવપર થઈ શકવાની નથી, તે ખૂબ યાદ રાખવું. આ નિમક લેતા પહેલાં ખોરાક લેવો પરંતુ પાણી પણ પીવું નહિ. મીઠાનો 'ડોઝ' લીધા પછી [illegible] તેને પાણી સિવાય બીજું કશું આપવું નહિ. [illegible] ગરમ કરેલું પાણી થોડુંક પી જવું. [illegible] ખોરાક આપવો, પરંતુ તે [illegible] પાણી પીધા પછી ચોવીસ કલાક પછી માત્ર થોડું [illegible] ખોરાક લેવો. આ રીતે કરવામાં અગર [illegible] નહિ. વળી મીઠાનું પાણી લીધા પછી [illegible] નહિ તેની ખૂબ સંભાળ રાખવી. આવા [illegible] પહેરવાની ટેવ પાડવી.

[illegible] મેલેરિયાના [illegible] પકડાતા દર્દીઓ [illegible] મેલેરિયાથી [illegible] જશે.

બીડીથી આંખોનો બગાડ

[illegible] નુકસાનનું [illegible] બીડીથી આંખોને કેટલું નુકસાન થાય છે [illegible] નુકસાન [illegible]

[illegible]

[illegible]

[illegible]

તંબાકૂનો કડવો અનુભવ

મી૦ એચ. ઈ. ઓબેન્ડસ જે ફિઝિકલ કલ્ચરના વિષયમાં સ્પેશિયાલીસ્ટ ગણાય છે, તેણે તંબાકુથી થતા નુકસાનના અનેક દાખલાઓ જે તેની નજર આગળથી પસાર થયા છે તે રજુ કર્યા છે, જે આપણા દેશી જુવાનીઆઓ માટે ધડો લેવા જેવા હોવાથી હું તેમાંના બે ત્રણ આંહી જાહેરમાં મૂકવાની લાલચ દૂર કરી શકતો નથી. હું તેનાજ શબ્દોમાં જણાવવાનું વાજબી ધારું છું:—

"એક યુવાન 'કલાર્ક' ફિઝિકલ કલ્ચરના શિક્ષણમાટે મારી પાસે આવ્યો. તેની છાતીમાં એક વરસ કરતાં વધુ મુદતથી દુઃખાવો ચાલુ રહ્યાં હતો. તે સાથે તે ખાંસીથી પણ વધુ અને વધુ પીડાતો હતો, જેથી તેના મનમાં ક્ષયના હુમલાનો મોટો ભય પેસી ગયો હતો. તે બે વરસથી સીગારેટ પીતો હતો. તેના દુઃખનું કારણ સીગારેટ હોવાનો મને પાકો શક હતો. મેં તેને સીગારેટ છોડી દેવાની તાકીદ કરી. ફિઝિકલ કલ્ચરના શિક્ષણના પહેલા માસ દરમિયાન તેને પોતાની તબિયતમાં કાંઈક સુધારો થતો લાગ્યો; પણ ૭ અઠવાડીઆં પૂરાં થતાં તેણે પોતાને છાતીના દુઃખાવા અને ખાંસીના દરદથી સમૂળગો મુક્ત થયેલો જોયો. એ વખત દરમિયાન તેણે કલાર્કની નોકરી છોડી બહારના કામકાજની નોકરી હાથ કરી હતી. તે 'ફિઝિકલ કલ્ચર'ના શિક્ષણની મજબૂત તારીફ કરતો હતો; પણ તે સમજી શક્યો નહિ કે, બહાર ફરવાની નોકરીથી કે શારીરિક કસરતના શિક્ષણથી તેનું દરદ નાબુદ થયું હતું. કેટલાક મહીના સુધી તેની સાથે મારો મેળાપ થઇ શક્યો નહિ. એક દિવસે તે ઓચિંતો મને મળ્યો અને પોતાની આગલી નોકરીપર પાછો જવાથી તેનું દરદ પાછું ઉભરી આવશે કે નહિ તે માટે મને પૂછવા લાગ્યો. મેં તેને સલાહ આપી કે, જો સીગારેટ પીવાની છોડી દેશે તો ગમે તેવી નોકરીથી તેનું અસલ દરદ પાછું ઉભરી નીકળી શકશે નહિ. હું ખરો પડ્યો. થોડાક વધુ મહીનાએ મજબૂત સાબીત કર્યું કે, તેની છાતીનો દુઃખાવો અને ખાંસી સીગારેટની મહેરબાની હતી.

બીજો દાખલો—હું એક કસરતબાજને ઓળખું છું, જેનો ધંધો સરકસમાં બાઇસિકલ ઉપર અદ્ભુત કામ દેખાડવાનો હતો. એ કસરત 'સાઇકલ-વ્હર્લ'ના નામથી જાણીતી છે, જેનો હેતુ સાઇકલને એકદમ ચકાવો આપવાનો છે. આ કસરત ઘણીજ જોખમભરેલી ગણાય છે અને તે માટે ઠંડાપણા અને મજ્જાતંતુના બળની ઘણી જરૂર છે. આ ધંધો તેણે પોતાની ચાળીસ વરસની વયે છોડી દીધો; કેમકે તેને લાગ્યું કે, આવી મોટી ઉંમરે આ કસરત કરતાં તેને ગભરાટ છૂટતો હતો અને તે બીકણુ બનતો જતો હતો. અંતે સીગારેટ છોડી દેવાની સલાહ તેને એક ડૉક્ટરે આપી. આ સલાહ ઉપર અમલ કરતાં તેણે કદી નહિ ધારેલું એવું પરિણામ આવ્યું. તેણે પોતાની બગડેલી તંદુરસ્તી અને તનની શક્તિ એટલી બધી તો મેળવી કે તે પોતાની આગલી નોકરીમા પાછો દાખલ થયો અને બાઇસિકલ ઉપર આગલીજ ફતેહ સાથે ઘણાં વર્ષોસુધી પોતાનો કામ ચાલુ રાખ્યો.

ત્રીજો દાખલો ઘણોજ જાણવા જોગ છે. કોલોરાડો ખાતે રહેતી એક અમેરિકન સ્ત્રી ખાસ ભલામણથી મારી સલાહ લેવા માટે મારી મુલાકાતે આવી. મારી પાસે મોકલનારનો હેતુ એ હતો કે, કસરતના શિક્ષણથી તેણીના હાર્ટમા થોડોઘણો સુધારો થવા પામે. મેં તેણીને સવાલ કર્યો કે, તેણીને હાર્ટનું દરદ છે, એમ તેણીને કેમ માલમ પડ્યું? તેણીએ મને સમજાવ્યું કે, તે પોતાની ડાબી બાજુએ સૂઈ શકતી નથી; કેમકે સૂતાં આખની બાજુએ કાનપટી આગળ મજબૂત ધબકારા થાય છે. મેં તેણીની હકીકતપરથી જાણ્યું કે, તેણીને સીગારેટ પીવાની બહુજ બુરી ટેવ પડી ગઇ હતી. અંતે હું તેણીની સખ્ત વેદના દૂર કરવાને ફતેહ પામ્યો; પણ ફિઝિકલ કલ્ચરની કસરતથી નહિ. અલબત્ત, કસરતે તેણીની સામાન્ય પ્રકૃતિને લાભ કર્યો હતો ખરો, પણ તેણીનું જાલમ દરદ સીગારેટ પીવાનું છોડી દેવાની મેં તેણીને પાડેલી ફરજથી સમૂળગુ દૂર થયું હતું. આ દરદ સીગારેટ પીવાનું છોડયા પછી ફક્ત દશ દિવસની ટુંક મુદતમા બિલકુલ દરજ્જે દૂર થયું હતું. પાછળથી મને માલમ પડ્યું કે, સીગારેટ પીવાનો તેણીનો આગલો ભય પાછો ઉભરાઇ આવવાથી તે અભાગિનીજ દુઃખનો કમનસીબ ભોગ થઇ પડી હતી.

બીજા ઘણાક દાખલાઓ રજુ કરીને મી૦ ઓબેન્ડસ જણાવે છે કે, તંબાકુ કોઈના પર

ઓછી તો કોઇના પર ઘણી માઠી અસર કરે છે; એટલે કે તંબાકુ દરેકને ઓછું–વત્તું નુકસાન તો જરૂરજ કરે છે. તંબાકુની ટેવ છતાં ઘણાકો પોતાનું જોર ટકાવી રાખે છે તે ઉપરથી એમ સમજવું જોઇતું નથી કે, તંબાકુ તેઓ ઉપર કદી પણ માઠી અસર કરી શકશે નહિ. આવા શખ્સો આ બુરી ટેવ છોડી દે તો તેઓ છે તે કરતાં વધુ તનમનથી આસુદા બનવા પામે. તંબાકુથી થતા નુકસાનની કસોટી કરવા માટે તંબાકુનો એક યા બીજી રીતે વિયોગ કરનારાંઓ તંબાકુ છોડી દઇ પોતાની આગલી શરીરપ્રકૃતિ સાથે સરખામણી કરશે તો તેઓને આગલી કરતાં પાછલી સ્થિતિ વધુ સુખરૂપ લાગશે.

× × × ×

ઓટના ખોરાકની ખુબી

તબીબોનો એવો અભિપ્રાય છે કે, ઓટમાં માંસ વધારનારો, ગરમી આપનારો અને ખનીજનો ગુણ એટલો બધો તો સમાયલો છે, કે એકલો એજ ખોરાક બીજા ખોરાકોની ગેરહાજરીમાં જીવન ટકાવી રાખવાને પૂરતો થઇ પડે છે. ઘઉં કરતાં ઓટમાં વધુ ચરબી અને ખારનું તત્વ હોવાથી તે ઘઉં કરતાં વધુ કિંમતી ખોરાક થઇ પડે છે. ઓટમાં નીચલા પ્રમાણમાં નીચલાં તત્ત્વો જોવામાં આવે છેઃ–

પાણી ૧૫.૦, નાઇટ્રોજન ૧૩.૦, કારબો હાઇડ્રેટસ ૬૩.૦, ચરબી ૬.૦, ક્ષાર ૩.૦

ઓટનું ધાન્ય પચવામાં પણ ઘણું સારૂં છે. તેમાં રેચકનો ગુણ છે. તે શરીરને પુષ્ટિ આપે છે, એટલુંજ નહિ પણ તેના ચાલુ ઉપયોગથી ડૉક્ટરોનું ઘર જોવું પડતું નથી. આ ખોરાક પોરીડજ (પાણી અથવા દૂધમાં ઉકાળી બનાવવામાં આવેલી કાંજી), રોટલી, કેક વગેરેના રૂપમાં લેવાથી ઘણો ફાયદાકારક છે.

એટલું તો ખરૂં છે કે, ઓટ દરેકને એકસરખી રીતે પાચન થઇ શકતો નથી. દાખલાતરીકે પેટમાં ઉત્પન્ન થતા વાયુવાળા દરદીઓને ઓટની પોરીડજ (કાંજી) પચવી મુશ્કેલ થઇ પડે છે. એનું કારણ પોરીડજ બરાબર એટલે કે સંપૂર્ણ રીતે નહિ પકાવવાનો છે; અગર જો તે બરાબર પકાવવામાં આવેલી હોવા છતાં પણ પચી શકતી ન હોય તો સમજવું કે, આ ખોરાક એવા બીજા ખોરાક સાથે લેવામાં આવતો હોવો જોઇએ કે જે બંનેની મેળવણી તમારી પ્રકૃતિને અનુકૂળ થઇ પડતી નહિ હોય. આથી બીજા ખોરાકની ભેળ નુકસાનકારક સમજવી, નહિ તો ઓટ-મીલ પણ તેને બરાબર પકાવી તે ધીને ધીમે ખાવામાં આવે તો તે સહેલાઇથી પચી શકે છે અને તેના સંબંધના લાભો થઇ શકે છે.

× × × ×

બહેરાપણાનાં કારણો

કાનને બહેરાપણું લાગવાનાં ઘણાંક કારણો છે, જેમાં નીચલાં મુખ્ય છેઃ—

૧–સળેખમ, શરદી જે નાક અને ગળાને લાગુ પડે છે તે કાનની ભૂંગળી સુધી પહોંચવાના પરિણામે.

૨–કાનમાં મેલ થતાં તે ટાંકણી કે સોય જેવા નુકસાનકારક હથિયારવડે કાઢવાથી કાનના પડદાને નુકસાન થવાથી.

૩–ઇન્ફ્લુએન્ઝા અને બીજાં દરદોની માઠી અસરથી.

૪–[illegible] વગેરેની બિમારી દરમિયાન જંતુનો ચેપ લાગવાથી.

૫–[illegible] અને મોંનાં દરદોના પરિણામે.

× × × ×

ઈશ્વરના આશીર્વાદ–તે કેમ મેળવશો ?

[illegible]

ઉંઘ નહિ આવવાનું મુખ્ય કારણ આપણી પોતાની મૂર્ખાઈ છે. આ મૂર્ખાઈ કુદરતનો કાયદો તોડવાની છે. જેઓ કુદરતના કાયદાઓને તાબે થાય છે, તેઓમાંનો એકેએક ખુશનુમા ઉંઘ કાઢવાને લાયક બને છે. સ્નાયુના કામકાજના પંમારાથી ઉત્પન્ન થયેલી અશક્તિ લોહીમાં દાખલ થાય છે ત્યારે ઉંઘ પેદા થાય છે.

× × × × ×

ખુશનુમા ઉંઘના ઈલાજો

હું આગળ ચાલતાં ઉંઘમારીની ફરિયાદ દૂર કરવાના અનેક ઈલાજો રજુ કરતો રહીશ, પણ આ ઇલાજોના પહેલા પાકતરીકે નીચલી સૂચનાઓ ધ્યાનમાં રાખવાની હું ખાસ ભલામણ કરૂં છું.

(૧) તમોએ ઉંઘ લાવવાની ટેવની ખીલવણી કરવી જોઈએ છે. તમોને ઉંઘ આવી શકવાની નથી એ ખ્યાલ મગજ ઉપરથી તમારે દૂર કરવો જોઈએ છે. જેવા તમો બિછાને જાઓ કે તુરતજ મગજ ઉપરના વિચારોને કાઢી કાઢજો અને ઉંઘી જવાનો મજબૂત પ્રયાસ કરજો. એ માટે તમારા મગજપર મજબૂત કાબુ મેળવવાની કોશીશ કરજો.

(૨) ઉંઘ નહિ આવવાનાં અનેક કારણોમાં ચા, કૉફી અને બીજાં પીણાંઓ મારેનું અનેરૂં પણ એક છે. જ્યારે ઉંઘ વગર તમો પીડાતા હો ત્યારે ચા, કૉફી અને બીજા પીણાથી દૂર રહેવાની કોશીશ કરજો. ચા અને કૉફી મગજને ઉશ્કેરે છે અને ઉંઘને નસાડે છે. ખાસ કરી સાંજના વખતે ઉશ્કેરનારા પીણાથી દૂર રહેજો.

(૩) સવારે યા સાંજે તમારી પ્રકૃતિના પ્રમાણમાં કસરત લેવાની ટેવ રાખજો.

(૪) ખાલી પેટે કદી પણ બિછાને જતા નહિ, તેમજ તમારી હોજરીને બીનજરૂરી ખોરાકના બોજાથી લાદી બિછાને જતા ના. વધુ ભારથી લાદેલી હોજરી તમારી ઉંઘ અને તનમનની શાંતિનો કાતિલ શત્રુ છે. પરિણામે ઘણાંક દરદોને જાણી જોઈ આમંત્રણ કરવામાં આવે છે. તમારે ભારે ખોરાક અને મોડી રાતનો ખોરાક તજવો જોઈએ છે. ખાણું લીધા પછી તુરતજ બિછાને જતા નહિ.

(૫) જાણીતા તબીબોનો એવો મત છે કે, બિછાને જવાની અર્ધી કલાક આગમજ કુણાં (થોડું ગરમ) પાણીએ નહાવાથી ઘણો સારો લાભ થાય છે. એમ કરવાથી લોહી મગજમાંથી પગ સુધી ખેંચાઈ જાય છે, જેથી મજ્જાતંતુઓમાં લોહીનો ઘટાડો થાય છે અને ઉંઘમાં વધારો થાય છે. સારી ઉંઘમાટે કબજીયાતને પણ દૂર કરવાની જરૂર છે.

(૬) સુવાના ઓરડાને તાજી હવાના સારા જથાની ઘણી મોટી જરૂર છે, (મચ્છર સતાવતાં હોય તો) ઢોલિયાને મચ્છરદાની હોય તો ઘણું સારૂં.

(દૈનિક "હિંદુસ્થાન"માંથી)



૧૩૧—શીર્ષાસન

નીચે માથું અને ઉપર પગ રાખીને ઉભા રહેવું તેને શીર્ષાસન કહે છે. શરૂઆતમાં આ આસન દિવાલ સાથે કરવાથી સહેલાઇથી થઇ શકે છે. દિવાલને અઢેલીને કરવાથી પાછળ પડી જવાની બીક રહેતી નથી. જો એક-બે મિત્રોની મદદ લઇને કરવામાં આવે તો વળી ઘણુંજ સારું. મદદ લઇને ફક્ત સાતજ દિવસ કરવાથી પછી પોતાની જાતેજ મદદસિવાય કરી શકાય છે.

કહેવત છે કે "ઉતાવળે આંબા પાકે નહિ" તેમ એકદમ શીર્ષાસન કરવાનું શરૂ કરો અને પહેલેજ દિવસે અડધો કલાક કરો તો તેથી ફાયદો નહિજ થાય, પણ બહુજ નુકસાન થશે. તમે નબળા હો કે બળવાન હો, તોપણ ધીરે ધીરે અને થોડો થોડો વખત આજથી શરૂ કરો. પછી જુઓ કે, તમારૂં શરીર અને ગર્દન કેવી મજબૂત બની ગઇ છે.

પહેલા બે દિવસ મિનિટ કે અડધી મિનિટ સુધી, પછીના બે દિવસ બે મિનિટ સુધી, પછીના આઠ દિવસ ત્રણજ મિનિટ સુધી, પછીના આઠ દિવસ પાંચજ મિનિટ સુધી, પછીના દશ દિવસ સાત મિનિટ સુધી અને તે પછીથી દરરોજ દશ મિનિટ કરવું. ધીરે ધીરે ૭ માસ સુધીમાં અડધા કલાક સુધી લઇ જવું. શાંતિથી અને થોડી મહેનતથી બહુજ લાભ થાય છે.

શીર્ષાસન સવારમાં કરવાથી બહુજ લાભ થાય છે. આસન શરૂ કર્યા પહેલાં અને પછી દરરોજ ચાર-પાંચ પ્રાણાયામ કરવાથી બહુજ ફાયદો થાય છે. શ્વાસ શાંતિથી લેવો અને ઉચ્છ્વાસ પણ શાંતિથી કરવો. શીર્ષાસન કરતી વખતે શરીરને કોઇ પણ જાતનું સખત બંધન હોવું જોઇએ નહિ. બધી નસો અને નાડીઓમાં છૂટથી લોહી ફરી શકે માટે ફક્ત લંગોટજ પહેરવો અને તે પણ બહુ સખત પહેરવો નહિ. સવારમાં ભૂખ્યા કોઠેજ આસન કરવું.

આ આસન યથાવિધિ અને નિયમિત કરવાથી બહુજ લાભ થાય છે. જેમ શીશીમાં પાણી રેડીને ઉંધીચતી કરવાથી ધોવાઇને સાફ થાય છે, તેમ માણસનું શરીર ઉંધુંચતું થવાથી બહુજ લાભ થાય છે. આ આસન શરૂ કરતા પહેલાં તમારા પગનો રંગ જુઓ, પછીથીજ શીર્ષાસન કરવાનું શરૂ કરો. આસન કર્યાબાદ વળી પાછા તમારા પગનો રંગ જુઓ. શીર્ષાસન કર્યા પહેલાં તમારા પગનો રંગ સફેદ જણાશે. તમે જાતેજ વિચારો કે, તે શાથી સફેદ થયો? શીર્ષાસન કરવાથી લોહી નીચે ઉતરી જાય છે. લોહીનો અભાવજ પગનો રંગ કહી આપે છે; પરંતુ જ્યારે શીર્ષાસન છોડી દેવામાં આવે છે, ત્યારે પગમાં નવા લોહીનો સંચાર થવાથી વધુ લાલાશ આપે છે. **શુદ્ધ લોહીનો સંચાર એજ આરોગ્ય.** શીર્ષાસન કરવાથી શુદ્ધ લોહીનો સંચાર થાય છે. શરીરમાં સંપૂર્ણ રીતે લોહી ફરી વળવાથી આરોગ્ય વધવાનો સંભવ છે.

માથાનું દરદ, છાતીની કમજોરી, મોંની અરુચિ, કંઠ-દોષ, ગળું પડવું તેમજ સ્વપ્નદોષ અને વીર્યદોષ વગેરે દર્દો નાશ પામે છે. મગજમાં પણ શુદ્ધ લોહી પહોંચવાથી બુદ્ધિ અને સ્મરણશક્તિ વધે છે.

લોહી માથા ઉપર ચઢાવવાથી રાત્રિદિવસ હૃદયને બહુજ કષ્ટ પડે છે, જ્યારે શીર્ષાસન કરવાથી હૃદયને આરામ મળે છે. શરીરનું સઘળું લોહી હૃદયમાં પોતાની જાતેજ આવીને એકઠું થાય છે અને શુદ્ધ થાય છે. હૃદયને આરામ મળવાથી તેની શક્તિ વધે છે અને શક્તિ વધવાથી આયુષ્ય વધે છે. એક દિવસમાં ફક્ત વધુમાં વધુ અડધો કલાકજ નિયમિત કરવું જોઇએ.

આ આસન નિયમિત અને યોગ્ય રીતિથી કરવામાં આવે તો જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે. જઠરાગ્નિ પ્રદીપ્ત થતાંની સાથેજ આહારની ઇચ્છા થાય છે. શરીર ભૂખથી સાત્વિક ખોરાક માગે છે અને તુષ્ટિ મેળવે છે. ભૂખ અનુસાર ભોજન નહિ મળવાથી શરીર બગડે છે. શીર્ષાસનના અભ્યાસીઓએ નાય કે ભેંસનું માખણ, ઘી, દૂધ વગેરે સાત્વિક પદાર્થો લેવાથી સ્વાસ્થ્ય સુધરે છે.

પાંચ વર્ષથી તે સાઠ વર્ષ સુધીની ઉમરવાળા મનુષ્યોને આ આસનથી સારૂં પરિણામ નીકળ્યું છે. આ વાત અમારા કેન્દ્રોથી અનુભવસિદ્ધ છે. સાધારણ દૃષ્ટિથી જે અનુભવ છે અને જે કમા છે, તે સારા વિચારવાળા ડૉક્ટરો અને શારીર-શાસ્ત્રના છે. આશા છે કે, આ આસન દરેક [illegible] [illegible] અનુભવો સિદ્ધ કરશે અને તેનો લાભ ઉઠાવશે.

("વ્યાયામ"ના એક અંકમાં લેખક—રા. અંબાલાલ પટેલ, [illegible])

૧૩૨–ઘરઘરાઉ હુન્નરો

અશક્ત બાઈઓના ધાવણ–વૃદ્ધિની દવા

કેટલાંક કારણોથી સ્ત્રીઓના અંગપરના દૂધમાં ઘટાડો થાય છે. આથી છોકરું પીએ તો તેને પેટ ભરી દૂધ મળી શકતું નથી. તેમાં ત્રણ પ્રકારના દોષ હોય છેઃ–

(૧) સમૂળગું દૂધ ન આવવું, (૨) દૂધ થોડું આવવું, (૩) કમતી કે જાસ્તી આવીને જલદી બંધ થાય છે. વૈદક શાસ્ત્રના નિયમ પ્રમાણે છોકરાને દાંત આવતાંસુધી પણ તેની માતાનું દૂધ પૂરતું મળવું જોઈએ. તે ખામી દૂર કરનારી દવા ખાસ અત્રે લખી છે; તેનો લાભ શહેરની અને ગામડામાં વસતી સ્ત્રીઓ જરૂર લેશે.

શેરડીના મૂળનું ચૂર્ણ (ભૂકી) તોલા ૨૦, મેથીના ઝાડને સુકાવીને બનાવેલું ચૂર્ણ તોલા ૨૦, આસન તોલા ૨૦, કપાશીઆનાં મૂળનું ચૂર્ણ તોલા ૨૦, દિવેલીઆનાં પાનરાંનું ચૂર્ણ તોલા ૨૦, ઘીમાં તળેલી કણક તોલા ૨૦.

ઉપરની ચીજો બરાબર વજનથી લેવી. તે દરેક ચીજ સાફ કરીને તેનું ચૂર્ણ (ભૂકી) ઘણું બારીક બનાવવું. તેનું એક મિશ્રણ બરાબર બનાવવું. પછી તેના એક તોલાનાં પડીકાંઓ બાંધી રાખવાં. એવાં પડીકાંઓ શહેરમાં અથવા ગામડાંઓમાં બનાવી વેચી શકાય છે.

પડીકાં વાપરવાની રીતઃ—દશ તોલા ગરમ દૂધમાં એક તોલો સાકર મેળવીને તેમાં એક પડીકું ચૂર્ણનું મેળવીને ઓછું દૂધ આવનાર બાઈને ચટાડવું. એ મુજબ દિવસમાં બે વખત બે પડીકાંઓ પીવડાવવાં. એ મુજબ પીવાથી તે બાઈના લોહીમાં સુધારો થઈને વૃદ્ધિ થાય છે; તેમજ તેથી દૂધ પણ પુષ્કળ આવે છે.

ઠંડો (કપડાં ધોવાનો) સોડા બનાવવો

સોડાએશ–ધોવાનો સોડા પાણીમાં નાખીને મિશ્રણ કરવાથી તે પાણી જરા ગરમ થાય છે, તેથી તેને ગરમ સોડાએશ કહેવામાં આવે છે. તેવા સોડાના પાણીથી કપડાં ધોવામાં આવે તો તે કપડાં ખરબચડાં–રફ થઈને જલદીથી ફાટી જાય છે. એવો કેટલાકનો પૂરતો અનુભવ છે. તેથી લોક કપડાં ધોવામાં ઠંડો સોડા વાપરે છે. તે બનાવવાની રીતઃ–લોખંડની કડાઈમાં ૧૦ શેર સોડા સીલીકેટ અને ૫ શેર ઠંડું પાણી, એમનું મિશ્રણ કરીને ઉકાળવું. ગરમ કરતી વખતે તાવેથાવડે હલાવીને બધું મિશ્રણ એકજીવ મિશ્ર કરવું–એટલે તળીએ સીલીકેટ સોડા ચોંટશે નહિ.

ઉપરનું મિશ્રણ પાતળું થયા પછી તેમાં સોડાએશ ૪૦ શેર ભૂકો થોડોથોડો મેળવીને તે બધું મિશ્રણ હલાવીને બરાબર મિશ્રણ એકસરખું બનાવવું. તે મિશ્રણના તળીએ ધીમી ગરમી આપવી, જેથી તેના મોટા અથવા ઝીણા ગાંગડાઓ અને ભૂકી બનશે. ગાંગડા મોટા થયા હોય તો વાટીને અથવા લોખંડની ખાંડણીમાં કૂટીને તેની ભૂકી બનાવવી. તે ભૂકીને ઠંડો સોડાએશ કહે છે. તે ભૂકી ટીનના ડબ્બામાં એક રતલ જેટલી ભરવી, અથવા કાગળનાં પડીકાંઓમાં અર્ધોએક શેર જેટલી ભરવી. સોડાએશ કરતાં આ ઠંડો સોડાએશ મોંઘો વેચાય છે. આ ધંધો રૂપિયા ૧૫ થી ૨૦ મા સારી પેઠે કરી શકાય છે. તે ધોવાના પડીકાંઓનું વેચાણ કરવું.

આંખના ખીલ મટાડનારી મેશ બનાવવી

નાના છોકરાની આંખમાં અસ્વચ્છતાથી ખીલ થાય છે; અને તેનું ઘર્ષણ આંખોની અંદરની બાજુએ ઉપર થવાથી ફુલ, છારી તથા વણ પેદા થાય છે. તે સર્વે દરદોનું મૂળ કારણ જે ખીલ તે મટાડનારી દવા સ્ત્રીઓને બનાવતા આવડવી જોઈએ. તેથી તે એક સ્ત્રીઓનોજ ઉદ્યમ ગણી શકાય છે. તેવી સરસ જાતની મેશ (કાજળ) વપરાય છે, તે બનાવવાની રીતઃ–

ફુલાવેલી ફટકડીની ભૂકી તોલા ૨, ફુલાવેલું મોરથુથુ (સલ્ફેટ ઑફ કૉપર) તોલા ૨, કપૂરની ભૂકી તોલો ૦॥, સુરોખાર સ્વચ્છ ભૂકી તોલા ૨, દીવેલના દીવા ઉપર પાડેલી મેશ તોલા ૮ અને ચોખ્ખું ઉત્તમ ગાયનું ઘી તોલા ૨૪.

૧૩૩—દાંત અને મોઢાના રક્ષણમાટે ઉપયોગી સૂચનાઓ

૧—શરીરની તંદુરસ્તીનો મુખ્ય આધાર દાંત અને મોઢાની સ્વચ્છતા ઉપર રહેલો છે, માટે હમેશાં તેને સાફ રાખો.

૨—તંદુરસ્ત બાળકની ઇચ્છા રાખનાર માતાએ ગર્ભાવસ્થા દરમિયાન દાંત અને મોઢાને બરાબર સાફ રાખવાની જરૂર છે.

૩—ગર્ભાવસ્થામાં જો માતાઓ પોતાનું મોઢું બરાબર સાફ રાખે તો તેથી (અવતરનારા) બાળકનું મોઢું કે દાંત કદી ખરાબ થતા નથી.

૪—બાળકના જન્મથીજ તેનું મોઢું માતાએ હમેશાં સાફ રાખવું. નવરાવ્યા પછી પણ સ્વચ્છ પાણી અને ટુવાલવડે હમેશાં તેના મોઢાને સાફ કરી નાખવું જોઇએ, જેથી તેના ભવિષ્યના દાંત સારા અને સ્વચ્છ તથા મજબૂત બનવા પામે.

૫—જ્યાંસુધી બાળક ધાવણ ધાવે છે, ત્યાંસુધી માતાએ પોતાના પણ દાંત અને મોઢું બરાબર સાફ રાખવું જોઇએ.

૬—નાનાં બાળકોને થતાં કેટલાંક દર્દોમાં તેનું કારણ ઘણે ભાગે તેની માતાના ખરાબ દાંત અને મોઢું હોય છે. એથી માતાની પાચનશક્તિ ખરાબ થઇ તેની અસર બાળકપર થાય છે. આવું ન થવા માટે હમેશાં દાંત સાફ રાખવા જોઇએ.

૭—બાળકોને ઉછેરવા માટે માતાના ધાવણ જેવો કોઈ પણ ઉત્તમ ને પોષણકારક ખોરાક નથી.

૮—બાળકને રૂડે પ્રકારે ધવરાવનારી માતાનું પોતાનું શરીર પણ સારી પેઠે ખીલે છે. ઘણા માણસો એમ માને છે કે, તેથી માતાનું શરીર ઘસાય છે. તે વાત ભૂલભરેલી સમજવી.

૯—જો માતાનું દૂધ તંદુરસ્ત હોય તો બાળકોને ઉછરતાં વાર નથી લાગતી.

૧૦—ગરીબ માણસનું બાળક કે જેને ઉછેરવાને માટે તેની માતા પોતાની છાતીનું દૂધ પ્રેમથી પાય છે, તેવા બાળકના દાંત દૂધ જેવા સફેદ, મોતીની હાર માફક ચળકતા અને મજબૂત રહે છે; જ્યારે તેજ ઉંમરનાં ધનવાનોનાં બાળક જોશો તો તેને મિઠાઈ વગેરે ચીજો આપવામાં આવતી હોવાથી તેના દાંત સડેલા તથા શરીર તંદુરસ્તીમાં ઢીલું અને રોગીષ્ઠ જણાશે.

૧૧—દાંત આવતી વખતે બાળકોને થતા દરદમાંથી બચાવવા ઇચ્છા હોય તો જન્મથીજ તમારા બાળકનું મોઢું ઘસીને સાફ રાખતા જાઓ. એથી આવનારા દાંત વગરઇજાએ ફુટી નીકળશે.

૧૨—બાળકને ઘણે ભાગે ૬ થી ૭ મે મહીને દાંત ઉગવાનું શરૂ થાય છે. પ્રથમ નીચેના દાંત શરૂ થઇ પછી તેજ જગ્યાએ ઉપરના ભાગના દાંત ઉગે છે; અને પ્રથમની જોડી, વચ્ચેથીજ ઉગે છે.

૧૩—બાળકના દૂધીઆ દાંત જો ખરાબ હશે તો ત્યારપછીના દાંત પણ ખરાબ આવવાના;માટે જો તમારે સારા દાંતની આશા રાખવી હોય તો તમે નાનપણથીજ દાંતને સુધારો.

૧૪—દાંત વહેલા કે મોડા આવવા એમાં કુદરતનો મોટો હાથ નથી, પણ તંદુરસ્તીપર આધાર છે.

૧૫—બાળકોને જેમ જેમ દાંત આવતા જાય છે, તેમ તેમ તેને કઠણ ખોરાક આપવાની ખાસ જરૂર છે; કારણ કે તેથી કસરત મળતાં દાંત મજબૂત થતા જાય છે.

૧૬—પાચનક્રિયાનાં તમામ દરદો દાંતને આભારી છે; માટે તમો દાંતને બને તેટલી કસરત આપો અને ખોરાકને બરાબર ચાવી પાણી જેવો થાય ત્યારેજ કોળીયો ગળે ઉતારો કે જેથી તે તરતજ હજમ થઇ શકે.

૧૭—અતિશય ઠંડા કે અતિશય ગરમ પદાર્થો એક પછી એક ઉપરાઉપરી ખાવા નહિ, કારણ કે તેમ કરવાથી દાંતની ગરમી એકદમ કમી—જાસ્તી થવાથી દાંતમાં ચીરા પડે છે અને તેનાં મૂળ નિર્બળ થઈ જાય છે.

૧૮—હમેશાં બચપણથીજ કઠણ પદાર્થો ખાવાની ને ખાવા આપવાની ટેવ પાડો કે જેથી દાંતોને ઘટતી કસરત મળે અને દાંત સ્વચ્છ તથા મજબૂત બને.

૧૯—હોજરીને કાંઇ દાંત હોતા નથી, માટે તમારો ખોરાક તમે બરાબર હજમ કરવા ચાહતા

હો તો તેને બરાબર ચાવીને (પાણી જેવો પાતળો મોઢામાં થઇ જાય ત્યારેજ) ગળે ઉતારો.

૨૦—કંઇ પણ ખાધા પછી દાંતને બરાબર સાફ કરો. બાળકો પાસે પણ આ નિયમ ખાસ પળાવો.

૨૧—જે માણસ બરાબર ચાવીને ખાય છે, તેનેજ ખોરાકનો કુદરતી સ્વાદ જણાય છે; અને તે પોતાનું પોષણ થોડા ખોરાકથી મેળવી શકે છે.

૨૨—બાળકોના મોઢામાં ચૂસવા માટે આંગળી કે બીજું કંઈ પણ આપવું નહિ. કેમકે એથી બાળકની તંદુરસ્તી વધારે ખરાબ થવા પામે છે ને તેમનો ચહેરો પણ એથી ખરાબ થાય છે.

૨૩—બાળકના દાંતમાં કંઇ પણ ખામી જેવું જણાય તો તરતજ કોઇ સારા દાંતના ડૉક્ટરને બતાવીને તેનો ઉપાય કરવો જોઇએ.

૨૪—બચપણમાં દાંતની કાળજી હશે તો પાછળના આવેલા દાંત જીંદગીસુધી ટકી રહેશે. બીજી વારના દાંત પછી બાને છઠ્ઠે-સાતમે વર્ષે આવે છે. જેના દૂધીઆ દાંત ખરાબ હશે, તેને એ દાંત પણ ખરાબજ મળશે, માટે માતાએ બાળકોના દાંતનું બરાબર રક્ષણ કરવું.

૨૫—ઘણાં માબાપો પોતાનાં બાળકોને મોઢું સાફ રાખવાનું બરાબર શીખવાડતાં નથી અને તે તરફ બેદરકારી રાખે છે તે ઠીક નથી. નાનાં બાળકોને દાતણ કરતાં, મોઢું સાફ રાખતાં અને વારંવાર તેને બરાબર ધોતાં અને દાતણ કરી સાફ રાખતાં નાનપણથીજ શીખવાડવું જોઇએ.

૨૬—કહેવાય છે કે, જૂના વખતમાં માણસોને ૪૪ દાંત હતા. ત્યારપછી તંદુરસ્તી ઘટી જતાં તે ૩૨ રહ્યા. હવે તેથી પણ વધારે ખરાબ તંદુરસ્તી થઇ જતાં ૨૮ થઈ જવા આવ્યા છે. આ સર્વ ધીમે ધીમે ઘટવાનું કારણ દાંતની સંભાળ ઓછી છે.

૨૭—મોઢામાં સારા દાંત હોવાથી ખુબસુરતી સારી રહે છે, બરાબર બોલી શકાય છે અને ખોરાકને ચાવવામાં તથા પચાવવામાં ઘણીજ મદદ મળે છે.

૨૮—સડેલા દાંત અને અસ્વચ્છ મોઢું એ ક્ષયરોગને આમંત્રણ આપનાર સ્થિતિ ગણાય છે. માંસના ખોરાકથી પણ દાંતને કોહોવાટ લાગે છે, માટે તેવો ખોરાક પણ ખાવો જોઇએ નહિ.

૨૯—સડેલા દાંતને સારા કરવા પાછળ થતા ખર્ચ કરતાં તેને સડતા અટકાવવાનો ખર્ચ ઘણોજ ઓછો આવે છે.

૩૦—જમ્યા પછી સંતરાં, લીંબુ, મોસંબી, પીચ, સફરજન, પેર વગેરે ચીજો ખાવાથી દાંત સહેલાઇથી સાફ થઇ જાય છે; માટે તમો તમારાં બાળકોને એવી ટેવ પાડો કે જેથી થોડાજ ખર્ચમાં દાંત સાફ રહી શકે.

૩૧—તમારું મોઢું સ્વચ્છ હશે તો તમારું શરીર પણ નિરોગી સમજજો.

૩૨—વાસ મારતું મોઢું કોઇને પણ ગમતું નથી. જે માણસને સ્વમાન છે, તે કદી તેમ થવાજ દેતો નથી. આવા વાસ મારતા મોઢાવાળાં માણસો મેળાવડામાં હોવાં એ એક ભયસમાન ગણાય છે; માટે તમે પણ તેમ થવાજ ન દેશો.

("નવું ચેતન"ના દીપોત્સવી અંકમાંથી. સંગ્રાહક—વૈદ્ય ગોપાલજી ઠક્કર, સંપાદકઃ 'આરોગ્યસિંધુ'—કરાંચી)



૧૩૪-શંખ અને શંખનાદની ખાસ ઉપકારકતા

વિજ્ઞાનાચાર્ય જગદીશચંદ્ર બસુ મહાશયે સિદ્ધ કરી બતાવ્યું છે કે, શંખનો અવાજ જેટલા પ્રદેશમાં પહોંચે છે, તેટલા પ્રદેશમાંના અનેક રોગજંતુનો નાશ થઇ જાય છે. આથી જણાય છે કે, સવાર અને સાંજ બન્ને વખત સંધિના સમયે મંદિરોમાં અને બીજા અનેક જગ્યાએ શંખ વગાડવાને માટે આ કારણથીજ પ્રથા પડેલી હોવી જોઇએ. આ વાત અત્યારે પણ જૂના વિચારના હિંદુઓમાં પ્રસિદ્ધ છે કે, સંધિના સમયે શંખ વગાડવાથી રાક્ષસ દૂર થઈ જાય છે; અને રાત્રિનો સમય રાક્ષસોનો જણાવેલો છે. સંધ્યાના સમયે કંઇ એક રોગોની વૃદ્ધિ થાય છે અને તે અર્ધરાત્રિપર્યંત વધતીજ રહે છે. તે પછી તેમાં ઘટાડો થાય છે. જો રોગોનું કારણ ઝીણા જંતુઓ છે, કે જે સૂક્ષ્મદર્શક યંત્રથીજ જોઇ શકાય છે. આપણે તે રોગીષ્ટ જંતુને રાક્ષસ કહી શકીએ.

રાક્ષસ એને કહીએ છીએ, કે જેનાથી રક્ષા કરવી જોઇએ અને જેનાથી અલગ રહેવું જોઇએ. એવા અર્થમાં રોગજંતુને આપણે રાક્ષસ માનીએ છીએ. ઘણા વિદ્વાન લેખો, રાક્ષસ શબ્દનો અર્થ રોગજંતુ માને છે. સંધિના સમયમાં રોગના જંતુઓ પેદાશ થાય છે અને તે વધીને આગળ ફેલાય છે, માટે તે સમયે શંખ વગાડવાથી આરોગ્યતાને ઘણો લાભ થાય છે. ફાટી નીકળતા રોગપ્રસંગે આ પ્રયોગ જરૂર કરવો જોઇએ. આજકાલ વિજ્ઞાનવેત્તાઓ જે ચીજોની શોધ કરે છે, તે જોઇને સમસ્ત ભારતવાસીઓ આશ્ચર્યમાં પડી જાય છે; પરંતુ પોતે તો કાંઇ નથી કરતા. મુંગા માણસની સાથે શંખના પ્રયોગની વાત લઇએ. મારી માન્યતા પ્રમાણે મુંગા માણસને દરરોજ બે-ત્રણ કલાક શંખ વગાડવાનું કહેવું જોઇએ. આ પ્રયોગનો વધારે પ્રમાણમાં અભ્યાસ કરાવતા જઇએ અને વાત કરવાનો પણ અભ્યાસ કરાવતા જઇએ તો મુંગો માણસ બોલવા માંડશે. વળી તેની સાથે સાથે શંખમાં-૨૪ કલાક સુધી પાણી ભરી રાખીને તે પાણી તેને પીવરાવીએ તથા શંખભસ્મનો પણ પ્રયોગ કરી શકીએ તો અવશ્ય લાભ થાય છે.

પહેલાંના સમયમાં પણ નાના નાના છોકરાઓના ગળામાં પણ નાના નાના શંખમાં છિદ્ર પાડીને ગળે બાંધવાનો રિવાજ હતો. તેથી નાનાં છોકરાં જલદી બોલતાં શીખતાં હતાં; પણ આજ તો તે રિવાજ કાઢી નાખ્યો છે. આ પ્રમાણે નાના શંખમાં છિદ્ર પાડીને મુંગા માણસને તેનો હાર પહેરાવવાથી તેને બોલવાની શક્તિ જલદી આવી જાય છે.

ક્રોમોપૈથિક ડૉક્ટર જેવી રીતે રંગીન શીશીઓમાં પાણી ભરીને પીવડાવે છે અને રોગ દૂર કરે છે, એવીજ રીતે શંખમાં પાણી ભરીને પીવડાવ્યા કરો, તો જંતુસહિત રોગનો જડ-મૂળથી નાશ થશે અને ગરીબ માણસને પૂરો ફાયદો પણ મળશે. શંખની ભસ્મ પણ બનાવે છે, એ વાત તો શાસ્ત્રોમાં પણ લખી છે. વિદ્વાન વૈદ-ડૉક્ટરો એને અનેક રોગ ઉપર કામમાં લે છે, અને તેથી ફાયદો પણ થાય છે. આ પ્રયોગથી ઘેલછાના રોગમાં પણ વધારે ફાયદો થાય છે. મૃગી, બધીરતા, કર્ણરોગ, બંધકોષ, મંદાગ્નિ, નેત્રરોગ વગેરેમાં તેનાથી જલદી આરામ થાય છે. તેમાં વધારે પૈસાનો વ્યય કરવાની આવશ્યકતા રહેતી નથી અને અસંત લાભદાયક ચીજ છે. એના ફાયદાનો લાભ આપણે જરૂર લેવો જોઇએ.

(તા. ૧૧-૧૨-૧૯૨૭ના "આર્ય પ્રકાશ"માં લેખક શ્રી. રામકૃષ્ણ વર્મા, બી. એસ. સી.એલ. એસ.એસ.)

૧૩૫—ઉપવાસના ફાયદા

રોગના નિવારણમાટે ઉપવાસ કરવાની પ્રથા માનવજાતિના જેટલી પુરાણી છે. ખ્રિસ્તીઓના ધર્મપુસ્તક બાઇબલમાં ઉપવાસનાં અનેક દષ્ટાંતો મળી આવે છે. કેટલીયે બિમારીઓમાટે ઉપવાસ અને ઇશ્વરપ્રાર્થનાનો નુસખો તેમાં બતાવેલો છે. આપના ધાર્મિક વિચારો ભલેને ગમે તેવા હો, પણ પ્રાર્થનાથી આશાનો સંચાર થાય છે, એટલું તો આપને સ્વીકાર્યેજ છૂટકો છે. પછી ભલે એ પ્રાર્થનાનો સ્વીકાર થાય છે કે નહિ તે પ્રશ્ન આપણે બાજુએ રાખીએ. પ્રાર્થનાદ્વારા માનસિક સ્થિતિ સુધારવાની સાથે સાથે ઉપવાસ જેવો આરોગ્યપ્રદ ઉપાય પણ અજમાવશો, તો સુવર્ણમાં સુગંધ ભળશે અને વિશેષ લાભ થશે; પણ આ લેખમાં ઉપવાસ એ રોગનિવારણનો એક ઉપાય છે તે વિષેજ માત્ર વિચાર કરેલો નથી. આમાં ઘણે ભાગે એવા મનુષ્યોની ચર્ચા છે કે જેમનું સ્વાસ્થ્ય સાધારણ છે અને જેઓ દરરોજ ત્રણ ચાર ભોજન કરે છે; પછી ભલેને તેટલી વારના ભોજનની તેમને જરૂર હોય કે ન હોય.

વગરભૂખે ભોજન કરવાથી થતી હાનિ

જેઓનો એવો વિચાર હોય કે, ભૂખ ન હોવા છતાં પણ અમારે અમારી શક્તિ ટકાવી રાખવા માટે ભોજન તો કરવુંજ જોઇએ; તો તે તેઓનું ગાંડપણજ છે. પરલોકમાં સીધાવેલા પેલા કરોડો આદમીઓ કે જેઓ ઠાંસી ઠાંસીને ખાવાના કારણથીજ યોગ્ય સમય પહેલાં ત્યાં પહોંચી ગયા હોય છે, તેમને પાછા બોલાવીને અહીં ખડા કરી શકીએ તો સમસ્ત સંસારની ચારે બાજુએ આઠ કતારોમાં તેમને ઉભા કરી શકાય. અત્યારે પણ લગભગ બધા માણસો ખાવાના ગાંડા સ્વભાવથીજ અકાળે સ્મશાનમાં સીધાવે છે. કદાચ એવા સ્વભાવને ગાંડપણ કહેવું અયોગ્ય હોય તો એટલું તો નક્કીજ છે કે, આપણો ભોજન કરવાનો હાવરો સ્વભાવ આપણા શારીરિક અજ્ઞાનને અને આપણી સ્વાદપ્રિયતાનેજ આભારી છે. વૈજ્ઞાનિક રીતે ભોજન કરવા તરફ તો હજુ હમણાંજ કેટલાકો ધ્યાન આપવા લાગ્યા છે. અમારાં પાળેલાં જાનવરોને ખવડાવવાની બાબતમાં અમે કોઇ પણ માહિતી અને સાવધાનતા રાખીએ ખરા, પણ અમો માનવોમાટે તો ઔષધિ ખાવાની અને જુલાબ લેવાની અવળીજ સમજણ અને આદત અમારાપર સવાર થઇ બેઠી છે; એટલુંજ નહિ પણ અનેક પેઢીઓથી ઉતરી આવેલા પેલા સુંદર સ્વાસ્થ્ય આપનારા સામાન્ય પરન્તુ પ્રયોગો પણ અમે છેક ભૂલી બેઠા છીએ અને તેથી વાતની વાતમાં વૈદ્ય-ડૉક્ટરને ત્યાં દોડી જઇએ છીએ; અને એને પરિણામે વધારે અનુભવીઓ કહે છે તેમ તેમને પ્રતાપે બચે છે થોડા અને ઘણાખરા તો તેમના પ્રતાપે સ્મશાનેજ સીધાવી જાય છે.

ધર્મોમાં ઉપવાસ

દુનિયામાં ચાલતા ઘણાખરા ધર્મોમાં ઉપવાસ માટે કેટલાક દિવસો નક્કી કરી રાખેલા હોય છે. હિંદુજાતિમાં એકાદશી, ચાતુર્માસ વગેરે પ્રસંગો છે અને મુસલમાનોમાં રોઝા છે; તેમ આગલા સમયમાં ખ્રિસ્તીઓ પણ ઇસુના ચાળીસ દિવસના પ્રતિવર્ષ ખ્રિસ્તનું અનુકરણ કરતા હતા અને ભોજનસંબંધી ઘણી સખ્ત વિધિ નક્કી કરેલી હતી. કેટલાક ધર્મોના ખ્રિસ્તીઓ તે ચાળીસ દિવસોના પૂરા ઉપવાસ પાળતા અથવા તો માત્ર રોટી અને પાણી ઉપરજ નિર્વાહ કરતા અથવા એવુંજ કોઈ કઠિન વ્રત પાલન કરતા હતા. પણ કેટલાંયે વર્ષો પૂર્વે "શક્તિ ટકાવી રાખવા માટે ભોજન કરવાનો" એ સિદ્ધાંત [illegible] અને દિવસના [illegible] પણ [illegible] ધર્મોના [illegible] થઈ ગયો. અને હિંદુઓમાં અને વિશેષ કરીને શહેરો [illegible] છે કે [illegible] ભોજન [illegible] ([illegible]) [illegible] છે.

ભોજનની છુટી

જેમને સ્વેચ્છાનુસાર ભોજન પ્રાપ્ત થતું હોય, તેમને તો બસ શરીરને થોડા થોડા સમયને આંતરે ચાહ, કૉફી, દૂધ, ભોજન, નાસ્તો વગેરેમાંનું કાંઈ ને કાંઈ ઉડાવ્યે જવાની છુટી! આવી રીતે જેમને વારંવાર નાસ્તો અને ભોજનાદિ કરવાની ટેવ હોય છે, તેમના ઉપર રોગનો પણ થોડે થોડે આંતરે હુમલો થતોજ રહે છે. એ વખતે તેમની ભૂખ મરી જાય છે અને મનમાં ખાવાની ઈચ્છા ગમે તેટલી હોવા છતાં પણ મોઢાનો સ્વાદ બગડી જવાથી તેઓ ખાઈ શકતા નથી; અને જો તે જબરજસ્તીથી (મોઢું કડવું કરીને) પેટમાં કંઈ નાખી દે છે, તો પેટ તેને સમાવી નહિ લેતાં તરતજ ઉબકા લાવીને બહાર કાઢી નાખે છે! આવી સ્થિતિમાં તેમને ફરજિયાત ઉપવાસ કરવા પડે છે. પણ આવી સ્થિતિમાં ઉપવાસ કરવાની ફરજ પડે તેની પહેલાંજ—ભૂખ જરા પણ ઓછી લાગે ત્યારેજ—રાજીખુશીથી ઉપવાસ કરવામાં આવે, તો બિમારીજ થવા પામે નહિ, એ કેટલો બધો સરસ રસ્તો!

અઠવાડીક ઉપવાસ

જો માણસ પ્રથમથીજ સમજે કે, ક્યારે અને કેવી રીતે ઉપવાસ કરવાથી તે માંદગીમાંથી બચી શકે તેમ છે; તો એવા ઉપવાસ કરવા છતાં માંદગી આવે એ તો અસંભવિતજ છે. ભૂખ ઓછી હોય ત્યારે ભોજન ઓછું કરવું, એ તો જરૂરનુંજ છે; પરંતુ જો જરા પણ ભોજન ન ખવાય તો તો વળી બહુજ સારી વાત. આ લેખનો મૂળલેખક બરનાર મેકફેડન દર અઠવાડીએ એક કે બે દિવસના ઉપવાસ આદરે છે. તે લખે છે કે—સોમવાર આવે છે એટલે હું વિચાર કરૂં છું કે, મને ઉપવાસ કરવાની જરૂર છે કે નહિ! સામાન્ય રીતે જરૂર હોય છે અને ઘણાખરા માણસોને તેની આવશ્યકતા પણ રહે છે, કેમકે રવિવાર રજાનો દિવસ હોવાથી તે દિવસે ખાધાસિવાય બીજું કોઈ ખાસ કામ અમારા લોકોને હોતું નથી; એટલે એ દિવસે અમે જરૂરીઆત કરતાં ઘણુંજ વધારે ખાઈ લઈએ છીએ.

જે માણસ હોજરીને કોઈ કોઈ વાર આરામ આપતો હોય, તે માણસ કોઈ વાર પૂરેપૂરૂં પણ યથેચ્છ ભોજન લઈ શકે છે; પણ જ્યારે આપણે વગરભૂખે કે ઓછી ભૂખેજ પેટમાં ભોજન નાખીએ છીએ, ત્યારે એનો અર્થ તો એટલોજ છે કે, એક પુરૂષ માંદી સ્ત્રીમાટે સવામણ દળણું લઈ આવે, તેની પેઠે આપણે પણ હોજરીની શક્તિ અને ઇચ્છાવિનાજ મનમાં આવે તેમ પેટમાં ખોરાક ભરીએ છીએ! અને તેથી કરીને એ ખોરાક નહિ પચતાં હોજરી વધારે થાકી જવાની અને ખોરાક મોટે ભાગે જ્યાંનો ત્યાંજ પડ્યો રહીને ભયંકર વ્યાધિ પેદા કરી દે તોપણ નવાઈ નથી. તમારૂં સ્વાસ્થ્ય અને શક્તિ ટકાવી રાખવા માટે તમે જેટલું ઓછું ખાવાનું રાખશો, તેટલુંજ તમારૂં શરીર સ્ફૂર્તિવાળું રહેશે, તેટલુંજ મન પણ સ્વસ્થ રહેશે અને તેટલુંજ આયુષ્ય લંબાશે, એમાં જરા પણ શક નથી. સામાન્ય લોકો જેટલું ભોજન કરી શકે છે, તેટલું કરવાનો તેમને અભ્યાસ પડેલો હોય છે; પણ જો તે એ રીત બદલીને જેટલું પણ ઓછું ખવાય તેટલું ઓછું ખાવાની રીત પકડે તો તેથી તેમને ઘણોજ ફાયદો થાય.

ઉપવાસમાં નુકસાન ક્યારે થાય છે?

ઉપવાસ કેવી રીતે તોડવો એની બરાબર ખબર ન હોય ત્યારેજ ઉપવાસથી નુકસાન થાય છે; પણ ચાર પાંચ દિવસના કે તેથી વધુ દિવસના ઉપવાસ તોડવાના હોય, તેવા ઉપવાસને માટે તો તોડવાની રીત જાણવાની ખાસ આવશ્યકતા છે, તેથી ઓછા માટે નહિ. જો તમે એક અઠવાડીઆનો ઉપવાસ કર્યો હોય તો તે તમારી હોજરીને—પક્વાશયને બહુ નાનું બનાવી દે છે; અને સાધારણ કરતાં બહુજ ઓછો ખોરાક જીરવવાની શક્તિ તેનામાં (ઉપવાસ છોડતી વખતે) હોય છે. તેથી આ જાતના ઉપવાસ પછી ખાવાનું શરૂ કરવામાં આવે, ત્યારે બહુ થોડા ને હલકા તથા પ્રવાહી ખોરાકથીજ શરૂઆત કરવી જોઈએ, અને મનથી પણ વધુ ખાવાની લોલુપતા ન રાખતાં સંતોષ રાખવો જોઈએ. તમને એ વખતે ભૂખ કદાચ વધારે હોય તોપણ હોજરી ને આંતરડાં તો પહેલે દિવસે ભારે કે વધારે ખોરાક જીરવવાને અસમર્થજ હોય છે. આથી રોજ રોજ પક્વાશયની શક્તિ થોડી થોડી વધારે

થોડા દિવસોમાં પાછી મૂળ સ્થિતિ ઉપર પણ આવી જાય છે. રોગીઓનો આહાર ભોજનના પ્રમાણ ઉપર આધાર રાખે છે. તેના ઉપર જેટલો દબાવ હશે તેટલીજ તે રુગ્ણતાની પીડ મોટી હશે. ઉપવાસ શરૂ કર્યા પછી જે પ્રશ્વાસ નીકળે છે, તે પણ વધારે દુર્ગંધવાળો હોય છે; પરંતુ એ પણ એક શરીરને શુદ્ધ કરવાનોજ માર્ગ કુદરતે યોજેલો છે. કેમકે એ રસ્તે પણ શરીરમાંનું ઝેર બહાર નીકળી જાય છે.

પાણી ખૂબ પીઓ

ઉપવાસ વખતે આ પણ ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ કે, પાણી ખૂબ છૂટથી પીવું જોઇએ. પાણીને દવાની પેઠે એકદમ નહિ પીતાં કલાકે કલાકે કે બબ્બે કલાકેજ નવેસ ઠીકે એટલું અને ધરાઈ ધરાઈ પીતા રહેવું જોઇએ. એક પવાલું પાણી પણ દરેક ઘુંટડો મોઢામાં જરા વાર રાખીને તે પછીજ ગળે ઉતારવું. ઉપવાસના દિવસોમાં પણ રોજ ચાર શેરથી આઠ શેર સુધી પાણી પીવામાં કશુંજ નુકસાન નથી; કેમકે જો છૂટથી પાણી ન પીવાય તો લોહી એટલું જાડું થઇ જાય છે કે તે શરીરની સૂક્ષ્મ નાડીઓમાં છૂટથી ફરી વળી શકતું નથી અને તેથી તે ઝેરી થવાનાં ચિહ્ન પણ દેખાઇ આવે છે.

અધુરા ઉપવાસ

કેટલાક પ્રકારના અધુરા ઉપવાસથી પણ ફાયદો થઇ શકે છે. કેટલાક માણસો પૂરા ઉપવાસ નહિ કરતાં રોજ બે કે ત્રણ નારંગી ખાઇને અથવા નારંગીનો રસ પીને રહે છે. બીજા પ્રકારનો અધુરો ઉપવાસ એ છે કે, દિવસમાં ત્રણ વાર મલાઈ ઉતારેલા દૂધનો એક એક પ્યાલો પીવો. આ દૂધ પક્વાશયને સાફ કરે છે અને ઉપવાસથી થતી ખરાબ અસરને ઓછી કરે છે. પાણીને બદલે શાકભાજીનો રસ પણ દિવસમાં કેટલીયે વાર લઈ શકાય છે. મધનો ઉપયોગ તો વળી ઉપવાસના દિવસોમાં અસાધારણ ફાયદો આપે છે. કેમકે પીવાનું પાણી મધ મેળવીને ગળ્યું કરી પીવાથી ભૂખ પણ મટે છે અને ઉત્સાહની પણ વૃદ્ધિ થતી જણાય છે. પછી તો વજન ઘટવા સિવાય બીજી રીતે તમને ખબર પણ નહિ પડે કે, ઉપવાસ ચાલુ છે. ઉપવાસને બદલે બીજાં પણ કેટલીયે જાતનાં ભોજનોની વ્યવસ્થા થઈ શકે છે. જો કે પ્રત્યેક સ્થિતિમાં પ્રવાહી પદાર્થ તો પૂરતા પ્રમાણમાં લેવો જોઇએ. બરાબર તંદુરસ્ત પુરુષ પ્રવાહી પદાર્થવિના પણ કેટલાય દિવસો સહેલાઇથી ગાળી શકે છે. ઇંગ્લૅંડના ડૉક્ટર ટેનરે બે ચાલીસા કર્યા હતા. તેમણે કહ્યું છે કે, છેલ્લા ચાલીસ દિવસના ઉપવાસમાં શરૂનાં બે અઠવાડીઆં સુધી તો તેમણે પાણી પણ જરાએ પીધું ન હતું. પણ આ રીતે તો જેનું શરીર અસાધારણ તંદુરસ્ત હોય તેજ ચલાવી શકે. બીજાઓને તો નુકસાનજ થાય. શરીરને શુદ્ધ રાખવાને માટે પાણીની જરૂર તો સાધારણ રીતે સર્વને માટે છે.

કથનનો સારાંશ

ઉપર કહેલી બાબતોનો સારાંશ એટલોજ છે કે, ભૂખ જતી રહી હોય કે ઘટી હોય, ત્યારે ઉપવાસ કરવો, એજ એક સારામાં સારી યુક્તિ અને ઔષધિ છે; અથવા અઠવાડીઆમાં કે મહીનામાં એક દિવસ એવો નક્કી કરી રાખવો કે જે દિવસે પોતાની જાતને પ્રશ્ન કરી શકાય કે,આજે આપણને ઉપવાસની જરૂર છે કે કેમ? હું રજાના દિવસ પછીનો—સોમવારનો દિવસ આ કાર્યમાટે ઘણોજ સારો માનું છું. આપ પેટ ભરીને ખાવાના અભ્યાસી હશો તો તો એ પ્રમાણે કર્યા સિવાય તમને ભોજનમાં સ્વાદજ નહિ આવે; અને જો આપ હલકા ભોજનના અભ્યાસી હશો અને ખાસ કરીને હલકા ખોરાકની સાથે પથ્ય પદાર્થોનું સેવન કરતા હશો, તો તો વર્ષોસુધી પણ ઉપવાસવિના ચલાવી શકશો.

કાંદા (ડુંગળી) તરફ ઘણાકો ઘૃણાની નજરે જુએ છે, પણ ઔષધિની દૃષ્ટિએ તો તેને "કસ્તૂરી" કહી છે, એ પણ ભૂલવાનું નથી. આપણા મહાન અનુભવી પ્રાચીન વૈદ્યો એને બુદ્ધિવર્ધક, વીર્યવર્ધક ને શોધક કહી ગયા છે તે પણ યથાર્થજ છે. કાચા કાંદામાં પક્વાશયમાંના સડાને રોકવાનો ખાસ ગુણ છે તે ભૂલવું ન જોઇએ. કાચા કાંદા સામાન્ય રીતે દુર્ગંધીવાળા હોય છે. જો બીજા ખાદ્ય પદાર્થોનો યોગ્ય રીતે ઉપયોગ થાય તો તો એની (કાંદાની) આવશ્યકતા પણ રહેતી નથી. જો કે કાચા અને પકાવેલા, બન્ને પ્રકારના કાંદામાં સડાને રોકવાનો ખાસ ગુણ છે; પરંતુ તેમાં પણ પકાવેલા કરતાં કાચામાં એ ગુણ વિશેષ છે.

જો તમે લાંબા કાળસુધી આરોગ્ય રહેવા ઇચ્છતા હો, તો તો તમારે ઉપવાસને જરૂરીજ માનવો પડશે; અને જો તમે તેમ નહિ કરો તો વર્ષના કેટલાયે દિવસો તમારે રોગી હાલતમાં ગાળવા પડશે. ખાટલે પડ્યા પછી તો તમને જણાશેજ કે ઉપવાસ કર્યો હોત તો આટલું દુઃખ ના વેઠવું પડત. આવા પ્રકારના કેટલાક અનુભવો થયા પછી તો આ વાત તમને પૂરેપૂરી સમજાશે કે, ભોજનની રૂચિ ઓછી જણાતાં ભોજન નહિ લેવાથી કેટલો બધો ફાયદો થાય છે. મનુષ્યના વિચારોજ તેની શારીરિક સ્થિતિના સૌથી જબરા ભોમિયા છે. તમને તમારૂં જીવન સરસ લાગતું હોય અને બહારની મોસમની દરકાર કર્યા સિવાય દિવસ સારો લાગે, તો તો તમે સારૂંજ આરોગ્ય ધરાવો છો એમ સમજજો; પણ જ્યારે તમને ઉદાસીનતા લાગે અને રોજનું કામ દુઃખદાયક અને ભારે જણાય તથા તમે તમારો ઉત્સાહ અને સ્વાદ ખોઇ બેસો, ત્યારે તો તમારે ઉપવાસનોજ વિચાર જરૂર કરવો જોઈએ. એક કે બે ટંકનું ભોજન છોડી દેવાથી તમે જરૂર પહેલાંના જેવા થઇ જશો. પણ જો તમે તેમ નહિ કરતાં વૈદ્ય-ડૉક્ટરનીજ પાસે પાચનશક્તિની દવા માટે દોડાદોડી કરશો, અથવા શક્તિ ટકાવી રાખવા માટે ભોજનને જરૂરી ગણ્યા કરશો, તો તો તમે જરૂર બિમારીમાંજ ફસાઇ પડશો અને કદાચ સ્મશાનભૂમિનો પણ રસ્તો માપશો ! આ જાતનાં સંકટોમાંથી બચવાનો એકજ ઉપાય છે અને તે એ કે, સારૂં આરોગ્ય હોય ત્યારે પણ અમુક સમયને અંતરે તો એકેક ઉપવાસ કર્યાજ કરવો.

(મૂળલેખક બર્નાર મેકફેડન. "વિશ્વમિત્ર"માંથી સ્વતંત્રાનુવાદ)

૧૩૬—ખાખરાના રસવિષે વધુ ખુલાસો

સ્વર્ગસ્થ રા. રા. અમૃતલાલ સુંદરજી પઢિયારે "ગુજરાતી"માં ખાખરાના રસમાંથી બનતી આંખની અકસીર દવા બાબતનો લેખ લખેલ હતો.

સને ૧૯૨૩ માં મારી પોતાની બંને આંખમાં મોતીઓ આવતો હોવાથી અને તે બાબત રાજકોટમાં સિવિલ સર્જન મે. ફરન સાહેબે સર્ટિફિકેટ આપતાં હું ગવર્નમેન્ટ સર્વિસમાંથી તે કારણસર બિમારીનું પેન્શન લઇ રિટાયર થયેલ છું; તેમજ મોતીઆ બાબત જેતપુરના મર્હુમ ડૉક્ટર રા. જીવણલાલ મોદી કે જે બાહોશ આંખના ડૉક્ટર અને એલ. એમ. એન્ડ એસ. હતા,–તેમણે અંધારી કોટડીમાં બત્તીવડે તપાસ કરી મારી આંખમાં મોતીઓ હોવાની વિશેષ ખાત્રી આપી હતી. રા. પઢિયારની 'ગુજરાતી'માં છપાયેલ હકીકતની અંદર ફક્ત ઝાંખ, ખીલ, પડળ, ફુલું વગેરે દર્દો સ્પષ્ટ રીતે લખેલ હતાં; એટલે તેની અંદર મોતીઓ ચોખ્ખા શબ્દમાં લખેલ નહોતો તોપણ ઈશ્વર ઉપર આસ્થા રાખી ખાખરાનાં મૂળ મંગાવીને રસ કાઢી તે આંજવાનું શરૂ કરેલ છે અને તેથી મને ઘણો ફાયદો થયેલ છે. આથી મોતીઓ ગળી ગયેલ હોય એમ લાગે છે. અને તે ઉપર ઑપરેશન કરાવવાની ભવિષ્યમાં પણ જરૂર પડશે નહિ, એમ લાગે છે. ઉપર મુજબ મને ફાયદો થતાં બીજાઓને તેનો લાભ મળે તેટલા ખાતર તે હકીકત મેં 'ગુજરાતી' 'કાઠિયાવાડ ટાઈમ્સ' વગેરેમાં છપાવી પ્રસિદ્ધ કરેલ છે.

તે ઉપરથી 'ગુજરાતી'માં તા. ૩૦–૮–૧૯૨૫ના પૃષ્ઠ ૧૩૫૩–૫૪ ઉપર તેથી થતા ફાયદા બાબત લખી છપાવેલ છે. તેમજ ઠા. વાલજી સુંદરજી વડગાદી સેમ્યુલ સ્ટ્રીટ. શ્રીદ્વારકાનાથજી મંદિર–મુંબઇવાળાએ પણ પોતાને મોતીઓ હોવાથી સદરહુ રસનો ઉપયોગ કરતાં પોતાને ફાયદો થયાનું તા. ૧૩–૯–૨૫ના "ગુજરાતી"માં પૃષ્ઠ ૧૪૩૦ પર છપાવેલ છે. તે ઉપરાંત એ દવા મારા તરફથી ઘણાને મફત આપતાં લોકોએ ફાયદો થવાનું જાહેર કરેલ છે. ટુંકામાં ખાખરાના રસથી આંખનાં દરદોમાં અને મોતીઆમાં પણ ફાયદો થયાના ઘણા અનુભવ આ ત્રણ વર્ષમાં થયા છે. આપ આ બાબત વિસ્તારથી આપને યોગ્ય લાગે તે મુજબ 'શુભસંગ્રહ'માં છપાવવાની તજવીજ કરશો તો જનસમાજને–ખાસ કરીને ગરીબ લોકોને–ઘણો ફાયદો થશે; અને જો ખંતથી

તે દવાનો ઉપયોગ કરશો તો ડૉકટરોની વાઢ-કાપમાંથી ઇશ્વરેચ્છા તો બચી જશે. તે રસ કેવી રીતે કાઢવો તેની વિગત નીચે મુજબ રજુ કરું છું:–

ખાખરાનાં મૂળ મંગાવી એક હાંડલાની અંદર તેના કટકા ભરવા. પછી જમીનમાં ખાડો ખોદી કલઈવાળું વાસણ અગર માટીનું વાસણ મૂકવું. પછી તે ઉપર હાંડલાને ઉંધું વાળવું અને હાંડલાની ચોતરફ છાણાં ખડકીને સળગાવવાં, એટલે ખાખરાનાં મૂળીઆંમાં રહેલો રસ નીચે વાસણમાં પડે છે; અને તેમાં જે ગરભાગ (કચરો) હોય છે તે નીચે જામી જાય છે અને પાતળો રસ ઉપર રહી જાય છે. તે પાતળા રસને ગાળી લેવો. તે રસમાં સુરમો આંજવાની સળી બોળી ને સળી આંખમાં આંજવાથી આંખની ઝાંખ મટી જાય છે. એ ખીલ, પડળ, ફુલું વગેરે આંખનાં દરદોમાં બીજી ઘણી દવાઓ કરતાં વિશેષ ફાયદો કરે છે. આ દવા થોડા દહાડા આંખમાં આંજવાથી આંખનું એટલું બધું તેજ વધી જાય છે કે ઘણા વિદ્યાર્થીઓને ચશ્મા ઉતરી જાય છે. × × × × × ×

આપના 'શુભસંગ્રહ'(ભાગ પહેલા)માં આંખનાં ફૂલાંનો અકસીર ઉપાય બતાવેલ છે તેમાં ખાખરાના રસથી જારી વળવી, ઝાંખ આવવી, ફુલું પડવું એનો ખાખરા સિવાય બીજો ઉપાય બતાવેલ છે; પરંતુ તેની અંદર ખાખરાના રસથી મોતીઓ તેમજ ઝામરવાને ફાયદો થાય છે એમ લખેલ નથી, તેથી જો આપ મારી વિનતિ ધ્યાનમાં લઈ મોતીઆ આગળ અનુભવસિદ્ધ ખાખરાના રસસંબંધે છાપશો અને સાથે સાથે તે કાઢવાનો પ્રયોગ પણ બતાવશો તો લોકોને ફાયદો થશે અને યાજ્ઞિક લક્ષ્મીરામ રામજીના શુભસંગ્રહમાં થયેલ લખાણથી લોકો ગભરાશે નહિ; કારણ કે ઉપાય બહુજ સહેલો છે.

લિ૦ ભૂરાભાઈ કસલચંદ મહેતા–પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ મું૦ વઢવાણ શહેર

ઉપલી બાબત એ ગૃહસ્થના તા. ૭-૯-૨૬ ના પત્રમાંથી લીધી છે. જેમને કાંઈ પણ વધુ પૂછવું હોય તેમણે મુકામ વડીયા (કાઠિયાવાડ) એ ઠેકાણે તેમને પૂછવું. અત્ર તરફથી કેટલોક ખુલાસો પૂછતાં તેમણે વિશેષમાં નીચે મુજબ લખી મોકલ્યું હતું:–

(૧) મૂળના કકડા આખાને આખા માટલામાં ઉભા મોઢામાં થઇ રાખવા, અધકચરા કરવાની જરૂર નથી.

(૨) કકડા પાણીથી ધોવાની જરૂર નથી. ધૂળ લાગેલી હોય તો કપડાથી લૂછી નાખવી.

(૩) જે દિવસે મૂળ આવેલાં હોય તે દિવસે રસ કાઢવાથી વધારે નીકળશે. જેમ વધુ વખત જશે તેમ મૂળીઆં સૂકાવાથી રસ પણ સૂકાઇ જશે.

(૪) બશેર-સવાશેર મૂળનો આશરે અર્ધોશેર રસ નીકળશે; પરંતુ જે વાસણ જમીનમાં ખાડો ખોદીને રાખવાનું છે, તે વાસણની નીચે-એટલે કે ખાડામાં-પાણી છાંટવું, નહિતર થોડો રસ નીકળે તે તો અગ્નિને લીધે બળી જાય છે.

(૫) વાસણના મોઢાની અંદર મૂળીઆં નાખ્યા પછી તેના મોઢા ઉપર કપડું ઢાંકી માટીથી અગર લોટથી કાંઈ કાંઈ બાંધી લેવું અને તે ઘડો અગર માટલું નીચેના ઠામમાં ઉંધું વાળવાનું છે, તેથી તેની નીચેથી બાજુએ કાણું પાડવાની જરૂર નથી

[illegible] નીચે જે રસ પડેલો હોય, તે કપડાથી ગાળીને શીશી ભરી લેવી અને જે ગર (જાડો) ભાગ રહે છે તે પણ બહુ ઉપયોગી છે પણ તેના અનુપાનની મને ખબર નથી. હું રોજ આંખમાં આંજવાના ઉપરાંત રસમાં સળી બોળી પાન ઉપર લગાડી ખાઉં છું [illegible] સવારે ખાઉં છું, અને તેથી મને જરરોજ તેજ રહે છે, ભૂખ બહુ લાગે છે. (જો કે હું અમુક રોટલી-થી વધારે ખાતો નથી.) દસ્ત સાફ આવે છે.

૧૩૭–શાક અને ફળસંબંધી ઉપયોગી હકીકત

આપણા ગુજરાતમાં ખાવા ન ખાવાની બાબતમાં વહેમ અને ઉંધી માન્યતા ઘણી છે. જે જાતનો ખોરાક ઘણા પ્રમાણમાં લેવો જોઇએ, તે લેતાં લોકો ડરે છે અને જો તે ખાય છે તો તે ઘણોજ ઓછા પ્રમાણમાં ખાય છે; અને જે ચીજોથી ડરતા રહેવું જોઇએ તે ચીજોને ઘણી પ્રિય ગણી તેમનું ખૂબ સેવન કરીને લોકો હેરાન થાય છે. વળી કેળાં, કેરી, ટેટી જેવાં ઉત્તમ ફળો વધારે ખાઇને તેનો ફાયદો મેળવવાને બદલે ઉલટા લોકો હેરાન થાય છે. આ સ્થળે જે વસ્તુઓ ખોરાક અને દવા બન્નેની ગરજ સારે છે અને જે ખાવાથી શરીર નિરોગી રહે છે, તેવી વસ્તુઓની હકીકત નીચે પ્રમાણે છે.

જો આપણે ઈશ્વરની લીલા તરફ નજર કરીએ તો તેણે ઝાડનાં ફૂલોમાં તરેહ તરેહના રંગ, વાસ અને વળી કેટલાંક ફૂલોમાં તો મીઠાશ પણ મૂકી છે. તેણે જે જે બનાવ્યું છે તે સકારણ છે. તેમના રંગ, વાસ અને મીઠાશથી જીવજંતુઓ લોભાઇને તેમની પાસે જાય, તેમનાપર બેસે અને એક ફૂલની પરાગ બીજે લઈ જઈ ફળ–બંધારણ કરે એવી કુદરતની ઇચ્છા છે. તેજ પ્રમાણે માણસનું મન લલચાઇને અમુક વસ્તુઓને ખાસ ગ્રહણ કરે તેટલા સારૂ તેમનામાં તરેહ તરેહના રંગ, વાસ અને સ્વાદ મૂક્યાં છે. કોઈ વખત જ્યારે આપણે શાક અને ફળાદિના બજારમાં જઈ ઉભા રહીએ અને જો તે બરાબર ગોઠવેલ હોય તો તેને જોઈ આપણી નજર તેમનાપર ઠરી જાય છે; અને તેની વાસથી આપણા મોમાં રસ ઝરે છે. જે ચીજોને જોઈ કુદરતી રીતે આપણું મન લલચાય, તે ચીજોનો વહેમ કે ખોટી માન્યતાને લીધે ત્યાગ કરવો કે તેનાથી ડરીને થોડીક ખાવી એ ઇષ્ટ નથી.

જે શાકભાજી તરફ માણસનું મન સ્વાભાવિક રીતે લલચાય છે તેનાં નામ રિંગણ, દુધી, મૂળા, કોબીજ, કોલી ફ્લાવર, બટાકા, કાંદા અને ભાજી છે. બટાકા લગભગ સઘળાને પ્રિય હોય છે. બટાકામાં વીસ ટકા ઉપરાંત પૌષ્ટિક તત્ત્વો છે અને તે ખાધે ઘણા સારા છે. તેમાં રહેલાં તત્ત્વોથી માણસને 'સ્કર્વી' જેવો રોગ લાગુ પડતો નથી. આ બટાકાને પાણીમાં બાફી નાખવાથી તેમાંનાં પૌષ્ટિક તત્ત્વો ઓગળી જાય છે. જેમણે વગર બાફેલા અને બાફેલા બટાકા વચ્ચેના સ્વાદમાંનો તફાવત અનુભવ્યો હશે, તે ખાત્રીથી કહી શકશે કે, બાફ્યા વગરના બટાકામાં બાફેલા બટાકા કરતાં વધારે મીઠાશ છે. આ મીઠાશ પૌષ્ટિક તત્ત્વોની છે.

બટાકા સાથે કાંદાનો નિકટ સંબંધ છે, તે કાંદા–બટાકાનું એકત્ર શાક ખાનારા કહી શકશે; તેથી હવે તેની વાત કરૂં છું. કાંદા તો ગરીબ લોકોની કસ્તૂરી છે એમ તેને માટે લોકવાયકા છે. તેમાં ગંધકનાં તત્ત્વો ઘણા પ્રમાણમાં છે, ને તે ખાવાથી શરીર નિરોગી રહે છે. આપણા શરીરમાં ગંધકનાં તત્ત્વો છે અને તેની ખોટ કાંદા ઘણી સારી રીતે પૂરી પાડે છે. કાંદા ખાનારને દસ્ત સાફ આવે છે. સાંજે રાંધેલા પુષ્કળ કાંદા ખાધા હોય તો સવારના જાણે રેચ લીધો હોય એમ થાય છે. આવાંજ તત્ત્વો જૂદી જૂદી જાતની ભાજી વગેરેમાં પણ છે અને તે ખાવાની વૈદ્યો પણ સલાહ આપે છે. આ ઉપરાંત કાચા કાંદાનું કચુંબર ખાધાથી જઠર મજબૂત બને છે અને તે ખોરાક વધારે સારી રીતે પચાવી શકે છે. કોબીજ, વેંગણ, કોલી ફ્લાવર, મૂળા, તાંદલજો, મેથીની ભાજી અને બીજી ભાજીઓમાં ૧થી ૫ ટકાસુધી પૌષ્ટિક ખોરાક છે, ત્યારે બાકીનાં તત્ત્વો લોહી શુદ્ધ કરનાર અને રેચક છે. આ શાકો ખાનારાઓને રેચ લેવાની જરૂર નથી રહેતી.

ગાજર શક્તિવર્ધક છે. ગાડીમાં ફરનારા ઘોડાઓને ગાજર ખાસ ખવડાવવામાં આવે છે, તેનું કારણ આજ છે; પણ સમજુ માણસો પોતાની અક્કલનો દુરુપયોગ કરી તેને નાપાક બનાવી બેઠા છે; અને તે ગ્રહણ કરવાથી પાપ થાય છે, એમ પણ કેટલાક માને છે. સેંકડે એકાદ જણને તે નડતા હોય એમ લાગે છે ખરૂં, પણ તેથી કરીને તે છેક ખરાબ છે, એમ કહી શકાય નહિ. તેના રંગથી અને તેમાં રહેલી મીઠાશથી મન લલચાય છે, ને તે મના કરેલી ચીજ હોવા છતાં પણ ઘણા તે ખાય છે. જો કોઈ શાક ખાવાથી માંદા થવાય તો તે પાકું થઈ ગયેલું આરીઉં છે.

આ ખાવાથી તાવ આવવાનો સંભવ છે, માટે તે ન ખાય તો સારું. જ્યારે વરસાદ ન હોય અને તેને શીખ બંધાતી શક્તી દાખવતી ન હોય, ત્યારે તે ખાવાથી હાનિ થતી નથી. આ ઉપરાંત દરેક લીલી શાકભાજી, ફળ વગેરેમાં વીટામીન નામનું એક તત્ત્વ છે, જેથી શરીરને જીવન અને સ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે. કાચા શાકમાં તે વધારે પ્રમાણમાં જોવામાં આવે છે, જ્યારે રાંધેલા શાકમાં તે ઓછું માલમ પડે છે. આમ હોવાથી જ્યારે બને ત્યારે, કચુંબર ખાવાની ભલામણ વૈદ્ય-ડાક્ટરો કરે છે. આવા કચુંબર કાકડી, કાંદા, મૂળા વગેરેનાં થઈ શકે છે.

હવે ફળની વાત કરીએ. દરેક ઋતુમાં આપણે ત્યાં કંઈક ને કંઈક ફળ તો થાય છે. આ ઉપરાંત બીજા પ્રાંતોમાંથી ઘણી ઘણી જાતનાં ફળો બજારમાં આવે છે. કેરી, કેળાં, પપૈયાં, જમરૂખ, બોર, સીતાફળ, ટેટી, તડબુચ, નારંગી, સફરજન, દાડમ, લીંબુ, પીચ વગેરે અનેક ફળો બજારમાં મળે છે. આપણે આ પૈકી ઘણુંખરૂં થોડાં ફળો ખાઈએ છીએ. જમરૂખ બંધકોશ કરનાર, સીતાફળ તાવ લાવનાર, બોર ઉધરસ કરનાર, પપૈયાં ગરમ; વગેરે વગેરે કહી તેનો વપરાશ આપણે ઓછો કરી હાથે કરીને હેરાન થઈએ છીએ. આ ઉપરાંત બીજો એક મોટો દોષ આપણામાં છે. કેળાં અને કેરી જેવાં મીઠાં ફળોને ખાતી વખતે તેમાં આવેલી કુદરતી મીઠાશ જાણે ઓછી હોય તેમ તેમાં ખાંડ ભેળવીએ છીએ અને જે પદાર્થ પચવામાં ઘણો ભારે છે, તે શરીરમાં દાખલ કરી પચાવનારા બધા અવયવોને નાહકની ઘણી તસ્દી આપીએ છીએ, તેથી હજી બીજી પણ એક અવ્યવસ્થા થાય છે. તેમાં પુષ્કળ ઘી નાખવામાં આવે છે. ઘી નાખવાથીજ શરીરનું સારું પોષણ થાય છે, એમ માનીને આમ ઘી ભેળવવામાં આવે છે. કેળાં, ઘી ને ખાંડ એકઠાં કરી લચકો કરેલો જેમણે જોયેલ હશે, તેમને મનઉપર તેથી થયેલી ગંદવાડની છાપ કદી ભૂંસાશે નહિ. ક્યાં દેખાવે સુંદર અને કુદરતી સ્વાદવાળાં પાકાં કેળાં અને ક્યાં એ ચીકણો લચકો! કેરીમાં ખાંડ નાખવામાં આવે કે તરતજ તેની કુદરતી મીઠાશ જતી રહે છે; ને તેમાં ઘી નાખે એટલે તેનો કુદરતી સ્વાદ દૂર થઈ જાય છે. આવી રીતે ફળને ખાનારાઓ તેથી થતા અનેક લાભો ગુમાવીને પોતે ગેરલાભ ભોગવે છે અને દુઃખી થાય છે.

આપણા અને પરદેશી લોકોના ખોરાક વચ્ચે એક મોટો ફરક એ છે કે, તેઓ રોજ કંઈ ને કંઈ ફળ ખાય છે, ત્યારે આપણે મોસમમાં કેટલાંક ફળો ખૂબ ખાઈને હેરાન થઈએ છીએ; અને બીજી વખતે વહેમથી કે મોંઘવારીથી કરીને ફળ તરફ નજર પણ કરી શકતા નથી. ફળવાદી એ સારામાં સારી દવાઓ છે, તેથી અહીં થોડાં ફળોના ગુણો દર્શાવીશું.

સૌથી ઉત્તમ ફળ સફરજન છે. તેમાં ફોસ્ફરસ ઘણા પ્રમાણમાં હોવાથી તે મગજને શક્તિ આપે છે. તેમાં રહેલા ક્ષારો વગેરેથી પિત્તાશય ચપળ થાય છે. બેઠાખાઉ થઈ ગયેલા લોકોને આથી ઘણો ફાયદો થાય છે. એ કુદરતી રેચ છે. તે ખાનારની ચામડી અને ચહેરો સારાં રહે છે. સ્કૅન્ડીનેવીઆના અસલી લોકો એમ માનતા કે, દેવતાઓને જ્યારે નિર્બળતા લાગશે, ત્યારે તેઓ શારીરિક તેમજ માનસિક અશક્તિ દૂર કરવા સારૂ સફરજનનો ઉપયોગ કરતા. આ ફળનું સેવન કરનારને શક્તિ પ્રાપ્ત થાય છે, એ નિઃસંશય છે. કેળાંમાં પણ ફોસ્ફરસ ઘણો છે અને મગજમારીનું કામ કરનારાઓને માટે તેની ભલામણ કરવામાં આવે છે. ટાઈફોઈડ જેવા તાવવાળાઓને પણ પાછળથી સૂકવેલાં કેળાંના લોટની કાંજી આપવાની ભલામણ કરવામાં આવે છે. કેળાંમાં રહેલા ઉત્તમ ગુણોને લીધેજ તેને આપણે પવિત્ર માની પૂજન વખતે તેનો ઉપયોગ કરીએ છીએ. રાત્રે જો કેળું ખાધું હોય તો બંધકોશ ટળે છે, એમ કેટલાક માને છે. સ્ટ્રોબરી અને પીચમાં લોહી સુધારવાનો ગુણ છે; અને જેમનું લોહી ફિક્કું પડ્યું હોય તેઓ જો આ ફળોનું સેવન કરે તો તેમનામાંથી ગયેલી રતાશ પાછી આવે છે.

નારંગી, દાડમ અને લીંબુ લોહીને સ્વચ્છ કરનારાં, મગજને શાંતિ આપનારાં, જઠરાગ્નિને તેજ કરનારાં તથા પૌષ્ટિક ફળો છે. દાડમના ઠળીઆ ખાઈ જવા ન જોઈએ. કેટલેક ઠેકાણે આ ફળોનો રસ કાઢી તેને પીવામાં આવે છે. આ રસ ઘણોજ મધુર અને શાન્તિ આપનારો છે. પાકી કેરી પૌષ્ટિક છે. તેમાં રહેલી મીઠાશ એ એકદમ પચી શકે એવી ખાંડને લીધે છે. તેમાં રહેલાં કેટલાંક

તત્ત્વોથી પિત્તાશય મજબૂત બને છે. પપૈયામાં પણ તેવાંજ તત્ત્વો છે. તે ઉપરાંત પપૈયા પેટની બાદીને તોડી જઠરાગ્નિ પ્રદીપ્ત કરે છે. દ્રાક્ષ પૌષ્ટિક છે; અને તેથી લોહી સાફ થાય છે. એ ખાવાથી માણસનું મન પ્રફુલ્લિત થાય છે અને તેનાથી સ્ફૂર્તિ આવે છે. અંજીર, દ્રાક્ષ વગેરે ઝીણાં બીવાળાં ફળોની અંદર રહેલી ગીકાશ એમાં જલદી પચે એવી ખાંડને લીધે છે, તેથી તેવાં ફળો પૌષ્ટિક છે. તેમાં રહેલા તેજાબી પદાર્થોથી લોહી સુધરે છે; અને તેનાં બીને આપણે પેટમાં ઉતારી દઈએ છીએ તે રેચક નીવડે છે. બોરમાં પણ ગીકાશ અને તેજાબી પદાર્થો છે, તેથી પણ ઘણો લાભ થાય છે. વળી તેમાં રહેલાં કેટલાંક તત્ત્વો રેચક હોવાથી બહુ ખાધાં હોય તો દસ્ત સાફ આવે છે. આપણા લોકો કેટલાંક ફળ ખાવાથી હેરાન થાય છે, તેનું કારણ ફળ નથી; પણ એક તો તેનાપર અવક્રિયા કરીએ છીએ તે છે, અને બીજું કારણ તેનાં ફળો જ્યારે ખાઇએ છીએ ત્યારે પુષ્કળ પ્રમાણમાં આપણે તે ખાઇએ છીએ તે છે. જે લોકોને તંદુરસ્ત રહેવું હોય અને તેમ રહેવા સારૂ જેમને દાક્તરની મદદ નજ લેવી હોય તેમણે અન્નની સાથે શાક અને ફળનો છૂટથી ઉપયોગ કરવો.

("ગુજરાત શાળાપત્ર"ના એક અંકમાં લેખકઃ-શ્રી. હરરાય અમુલખરાય દેસાઇ)

૧૩૮–અગત્યની થોડીક ઘરગતુ સૂચનાઓ

દીવામાં ડુંગળીનાં છોડાં નાખવાથી ફુદાં તેની પાસે આવશે નહિ.

એક શેર (૪૦ તોલા) કપડાં ધોવાના સાબુમાં સાડાસાત તોલા ટંકણખાર ભેળવીને કપડાં ધોવાથી સાબુ ઓછો વપરાશે અને કપડાં બહુ જલદી સ્વચ્છ થશે.

કાનમાં કાનખજુરો કે બીજું જીવ–જંતુ પેસી જાય તો પિલુડીના પાનનો રસ કાનમાં નાખવાથી કીડા મરી જશે અને બહાર નીકળી આવશે.

બાળકના પેટમાં માટી ગઈ હોય તો થોડુંક પાકું કેળું મધમાં મેળવીને ખવડાવવાથી માટી બહાર નીકળી જશે.

શૌચ જતી વખતે દાંત બરાબર ભીડેલા રાખવાથી દાંતનું કંઇ પણ દર્દ થશે નહિ.

પગ ધોતા પહેલાં માથું ધોતા રહેવાથી મગજ કદી પણ નબળું નહિ પડે.

ભોજન કર્યા પછી પિશાબ કરી આવવાથી મૂત્રેન્દ્રિયસંબંધી કોઇ પણ રોગ થતો નથી.

ડુંગળી(કાંદા)ના એક તોલો રસમાં મધ મેળવીને કેટલાક દિવસ પીવાથી બળ અને વીર્ય વધે છે.

ગાયના દૂધમાં અફીણ અને જાયફળ ઘસીને નાક અને માથા ઉપર ચોપડવાથી સળેખમમાં આરામ થાય છે.

લીંબુના રસમાં જાયફળ ઘસીને ચાટવાથી દસ્ત સાફ આવે છે તથા પેટનો આફરો મટે છે.

મોરનાં પીંછાંમાંના વાળ બાળીને તેની એક માસા રાખમાં ૭ માસા મધ મેળવીને ચાટવાથી ઓડકાર અને ઉલટીમાં અવશ્ય આરામ થાય છે.

લીમડાની નવટાંક અંતરછાલ બશેર પાણીમાં નાખી ઉકાળવી. દોઢશેર પાણી રહે ત્યારે ઠંડું પાડીને ગાળી લેવું. આ પાણીથી ઘા ધોવાથી તેમાં જલદી આરામ થાય છે અને તે પાકતો નથી.

ત્રણ કે ચાર માસા હીંગ પાણીમાં ઓગાળીને પાવાથી અફીણનું ઝેર ઉતરી જાય છે. અથવા ડાબલીમાં અફીણની સાથે હીંગનો નાનો કકડો રાખી મૂકવાથી અફીણની અસર રહેતી નથી.

(૧૯૨૬ ઑક્ટોબરના "ચાંદ" ઉપરથી અનુવાદિત)

૧૩૯—શરીર સંભાળવાની સૂચનાઓ

અળશીની ચા—ખાંસી અને મુત્રરોગનો અકસીર ઇલાજ

અળશીની ચા જે અંગ્રેજીમાં 'લિનિન્સ ટી' તરીકે ઓળખાય છે અને જે જૂની ખાંસી તેમજ મૂત્રરોગનો અકસીર ઇલાજ છે, તે એ જાતના દર્દીઓને અજમાવવાની મજબૂત ભલામણ કરું છું. તેને બનાવવાની રીત હું નીચે રજુ કરું છું:—

બે ડ્રામ જેટલું જેઠીમધનું ચુરેલું મૂળિયું અને એક ઔંસ અળશી લેવી. અળશીને ખાંડવી નહિ. આ બંનેને એક પેંટ જેટલા ઉકાળેલા પાણીથી ભરેલા વાસણમાં નાખો. આ વાસણને ચાર કલાકસુધી દેવતા આગળ રાખી મૂકો. આ પછી આ મિશ્રણની મલમલ અથવા ફેલિનના કપડામાંથી ગાળી કાઢો અને તેને ચા કે ઉકાળાતરીકે પીવાના ઉપયોગમાં લેશો તો તમારી ગમે તેવી જૂની ખાંસી કે બલગમ દૂર થઇ જશે; એટલુંજ નહિ પણ પેશાબને લગતા રોગો દૂર થઇ દર્દીઓને ઘણી રાહત અને આરામ મળશે.

"ડૉક્ટર! મને કાંઈ શક્તિની દવા આપો."

આવી માગણી આજકાલ દર્દીઓમાં ઘણી સાધારણ થઇ પડી છે, પણ નામાંકિત તબીબોનો મજબૂત અભિપ્રાય છે કે, શક્તિની દવાથી મગજના તંતુઓના કામને પુષ્ટિ મળી શકતી નથી. શરીરનું પુષ્ટિકારક બંધારણ શક્તિની દવાથી નહિ પણ યોગ્ય ખોરાકથીજ થઇ શકે છે. શક્તિની દવા, હયાત સ્થિતિને ખરેખરી રીતે સુધાર્યા વિના માત્ર સારી લાગણીજ પેદા કરી શકે છે. આ સિવાય શક્તિની દવા જેને 'ટૉનિક'ના નામે ઓળખવામાં આવે છે, તે શરીરના બંધારણ ઉપર વધુ સારી અસર કરી શકતી નથી.

જર્મન પેથોલૉજીસ્ટો શક્તિની દવાની વિરુદ્ધ મજબૂત અભિપ્રાય રજુ કરે છે. શરીરને મળતી સર્વથી વધુ શક્તિ દવાથી નહિ પણ યોગ્ય ખોરાક, તાજી હવા, યોગ્ય કસરત અને ઠંડા પાણીવડે નહાવાથી મળી શકે છે. શરીરને સર્વથી વધુ શક્તિ ઘરની બહાર સુવાથી મળી શકે છે. સવારના પહોરમાં ઠંડા પાણીનો 'બાથ' સર્વથી સરસ શક્તિ આપનાર સાધન છે. એનાથી વધુ શક્તિ બીજાં કોઇ પણ સાધનથી મળી શકવાની નથી. અગર જો ઠંડો 'બાથ' લઇ શકાતો ન હોય તો ઠંડી હવાનો 'બાથ' તેની જગો રાખી શકે એમ છે.

બાળકોને ખરજવું

બાળકોને ખરજવું થવું ઘણું સાધારણ છે. એનું મુખ્ય કારણ અજીર્ણ છે. બચ્ચાંઓને ખરજવું જણાતાં તેના ખોરાકમાં ફેરફાર કરવો જરૂરી છે. આવાં બચ્ચાંઓને દિવસમાં બે-ત્રણ ઝાડા થવા જોઇએ છે. જુવાન બાળકોને થતું ખરજવું ગાયના દૂધને પણ આભારી હોય છે. એવા વખતે દૂધનો ખોરાક ઓછો કરી નાખવાની ઘણી જરૂર છે. કોઇ કોઇ વખતે દૂધનો ખોરાક દિવસો-સુધી મુલતવી રાખવો પડે છે. આ વેળાએ બાળકોને તરકારીની પુરી કરી આપવાથી ઘણો સારો ફાયદો થાય છે. વળી 'મોલ્ટ સુગર' એટલે કે ભીંજવી કોહોવડાવેલા જવની ખાંડ દરરોજ એકથી બે ઔંસ જેટલી આપવાથી ઘણો ફાયદો થતો માલમ પડી આવશે.

જ્યારે ખરજવાથી ચામડી રાતી થઇ સુજી આવેલી માલમ પડે, તે વખતે તે ઉપર લેનોલીન ક્રીમ લગાડવાથી જરૂર ફાયદો થયા વગર રહેશે નહિ. આ ક્રીમની સમજ અને તેની બનાવટની રીત મેં નીચલી બાબતમાં સમજાવી છે, જે ઉપર વાચકોનું હું ખાસ લક્ષ ખેંચું છું.

ચામડી માટે પુષ્ટિકારક ખોરાક

આપણી ચામડી અનેક કીસમના દર્દોથી પીડાય છે; કેમકે ચામડીનાં દર્દો અનેક કીસમનાં હોય છે. ઘણી વેળાએ લોકો વિલાયતી બનાવટના અનેક કીસમના 'સ્કીન ફુડ' વાપરે છે કે

ચામડીમાં કાંઈક તેજી આવી શકે. આ 'સ્કીન ફુડ' મોટા ભાગે સાધારણ ઑઈન્ટમેન્ટ કે મલમ હોય છે, કે જે ડુક્કરની કે બીજી ચરબીઓમાંથી બનાવવામાં આવે છે અને તેને ખૂબ સુગંધીદાર કરવામાં આવે છે. એટલું જરૂર યાદ રાખજો કે, ચામડી ઉપર કાંઇ પણ દવા ઘસવાથી કે લગાડવાથી તેમાં સુધારો થઈ શકવાનો નથી. ચામડી કાંઇ હોજરી નથી. ચામડી તો દમ લેનારી અને બહાર કાઢી નાખનારી ઇંદ્રિય છે. ચામડી બહાર કાઢે છે, તે જવલ્લેજ કાંઈ અંદર લે છે. તે ભીનાશ પોતામાં લે છે, પરંતુ તે પણ ઘણાજ નાના પ્રમાણમાં. ઘસારા(ફ્રીકશન)થી ચામડીનું સર્ક્યુલેશન સુધરે છે અને આવી રીતે તે પોતે પોતાના પોષણમાં મદદ કરે છે.

જ્યારે ચામડીમાં કુદરતી તેલ અપૂર્ણ હોય છે, ત્યારે તેને કોઇક રૂપમાં દરરોજ તેલ લગાડવાની જરૂર છે. ચામડી માટેનો સર્વથી ઉત્તમ ખોરાક નીચલી મેળવણીવાળું તેલ છે, જે ન્યુયૉર્કના ઘણાજ પ્રખ્યાત ચામડીના ખાસ તબીબની બનાવટ ઉપરથી હું નીચે રજુ કરૂં છું:-

લેનોલીન ૨ ઔંસ, બોરો-ગ્લીસરાઈડ ૧ ઔંસ અને સફેદ વેસેલીન સાથે બનાવેલી કોલ્ડ ક્રીમ ૬ ઔંસ. આ મેળવણી ચામડી માટે તદ્દન સલામત સમજવી. જ્યારે ચામડી સૂકી માલમ પડતી હોય અથવા તે તડતડતી હોય યા ફાટી ગઇ હોય, ત્યારે આ મેળવણી ચામડીને દરરોજ લગાડવાથી બિલકુલ આરામ થવાનો સંભવ રહે છે. જ્યારે ચામડી લાલ થઈ સૂજી આવી હોય, ત્યારે ઉપલી એકંદર મેળવણીના દર એક ઔંસે ૧૦ ગ્રેન કારબોલિક એસિડ અથવા મેન્થોલ ક્રીસ્ટલ્સની મેળવણી ઉપલી મેળવણીમાં ઉમેરવી. ઘણીજ કીડ લાગતી હોય તો (૧૨૦ ડીગ્રી ફારેનહાઇટ) જેટલું ગરમ પાણી તેને લગાડવું અને તે પછી ઉપલી ? મેળવણી જે મેનોલીન ક્રીમના નામથી ઓળખાય છે, તે લગાડવાથી આરામ થઈ જશે.

હોજરીની મુખ્ય ફરજ શી છે ?

હોજરી અથવા જઠર શરીરના અન્નમાર્ગનો એક ભાગ છે. અન્નમાર્ગમાં આ ભાગ ઘણો પહોળો છે. હોજરીનો ભાગ ખોરાક અને પાણીનો 'રિઝરવૉયર' એટલે કે હોજ કે તળાવ જેવો છે. તેનું કામ ખોરાકને છાશ જેવો બનાવવાનું છે. દાખલાતરીકે રોટલીનો એક જથો હોજરીમાં ઉતરે છે. હોજરીમાં તેના દાખલ થયા પછી થોડાજ વખતમાં તે આસપાસ હીલચાલ કરવાનું શરૂ કરે છે. આમ બનવું હોજરીની અદ્દભુત હીલચાલને આભારી છે. આ રોટલીના જથાને હોજરીના એક ભાગમાંથી બીજા ભાગસુધી હડસેલી દેવામાં આવતો હોવાથી આ ખોરાકમાં ફેરફાર થવા માંડે છે અને બે કલાકના અરસામાં તે છાશને મળતા આવતા પ્રવાહીમાં બદલાઈ જાય છે. તબીબો તેને ચીમીના નામથી ઓળખે છે. એવી રીતનો ફેરફાર કરવો તે હોજરીનું મુખ્ય કામ છે.

હોજરીની શરીરના બીજા ભાગો સાથે અજબ હમદર્દી એટલે કે એકસરખી લાગણી હોય છે, પણ હોજરીને મગજ સાથે તો સર્વથી વધુ સંબંધ હોય છે. આ બાબતના સંબંધમાં હવે પછી ખુલાસાવાર લખવાનો ઇરાદો રાખું છું.

(દૈનિક "હિંદુસ્થાન"ના એક અંકમાંથી)



૨૪૦—મારા કરતાં સૌ સારાં

મને સવારમાં ફરવા જવાની ટેવ છે. પ્રાતઃકાળની શુદ્ધ હવા મનુષ્યોને નવજીવન આપે છે. જ્યારે જ્યારે હું ઘેર હોઉં છું, ત્યારે સવારમાં ફરવા જવાનું તો એક પ્રકારના નિયમ જેવુંજ થઈ ગયું છે. એક દિવસ સવારમાં ફરવા નીકળ્યો, ત્યારે વાયુની પરમાર્થવૃત્તિ ઉપર વિચાર કરવા લાગ્યો.

પશ્ચિમનો વાયુ વાતો હતો. મેં વિચાર્યું કે, કેટલી મહેનત પછી આ પવન અહીં આવ્યો હશે! ક્યાંથી આવ્યો, કેટલા ઉપકાર કર્યા, એનો અંદાજ કોણ કરી શકે? જારબનો પશ્ચિમસાગર અહીંથી લગભગ ૬૦૦ માઈલ દૂર હશે; પણ તેની આગળ આફ્રિકાસુધી મહા સમુદ્ર છે. સંભવ છે કે ત્યાંથી પશ્ચિમના પ્રદેશો, પહાડો, નદીઓ, સમુદ્રો, મનુષ્યો અને જીવજંતુઓને જીવન આપતો આપતો તે અહીં આવ્યો હશે; અને હવે અહીંના લોકોને સુખ આપીને પોતાના કર્તવ્યપાલનને માટે શાંતભાવથી પૂર્વના દેશો તરફ આગળ વધશે.

મેં વિચાર્યું કે, આ હવા આટલી બધી સેવા કરે છે, છતાં પણ વર્તમાનપત્રોમાં તેની ચર્ચા કેમ થતી નથી? હવાને મેં કહ્યું કે "હવા! તું સંસાર ઉપર આટલા બધા ઉપકાર કરે છે, પરંતુ તારી સેવાની પ્રશંસા હું વર્તમાનપત્રોમાં તો કદી પણ વાંચતો નથી. તું જે કંઈ કરે તેને મીઠું-મરચું ભભરાવીને વર્તમાનપત્રોમાં છપાવ્યા કરને." ત્યારે હવાએ કહ્યું કે "કયું વર્તમાનપત્ર સારું છે?" મેં કહ્યું-"જુદી જુદી ભાષામાં એવાં ઘણાંય વર્તમાનપત્રો છે. તેમાં તારી પ્રશંસા છપાવ્યા કર." હવાએ પૂછ્યું-"શું સૂર્યલોક અને ચંદ્રલોકમાં પણ તમારાં છાપાં જાય છે?" મેં કહ્યું-"ત્યાં તો નથી જતાં."

હવાએ મારી મૂર્ખતા ઉપર હાસ્ય કર્યું અને કહ્યું કે "તમે ખરેખરા કૂપમંડૂક છો, તમારે મન થોડાજ લોકોનું બ્રહ્માંડ છે; મેં તો પ્રાણીમાત્રની સેવાનું વ્રત લીધું છે અને મારું વર્તમાનપત્ર તો મારા ઈશ્વરનું હૃદય છે. ત્યાં બધી ખબરો આપોઆપ પહોંચી જાય છે. સારી-ખોટી સૌ વાતો ત્યાં છપાય છે. કોઈપણ વાતનો ત્યાં પક્ષપાત હોતો નથી. કોઈના કહેવાથી ત્યાં કોઈ ખબર છપાતી નથી. સાચી ખબરો તો ત્યાં આપોઆપ છપાઈ જાય છે. હું તમારા જેવી મૂર્ખ નથી કે વિજ્ઞાપનબાજીના વાડાઓમાં ફસાઈ પડું. નિઃસ્વાર્થ ભાવથી ચૂપચાપ પ્રાણીમાત્રની સેવા કરવી, એજ મારો ધર્મ છે; અને મારા સ્વામીને પણ એજ પ્રિય છે. તમે પણ મારું અનુકરણ કરો તો સારી વાત."

હવાના આ સ્પષ્ટ શબ્દો મને બહુ ખરાબ લાગ્યા. હું શું હવા જેવી જડ વસ્તુનું અનુકરણ કરું?! મનમાં તો થયું કે, એકાદ ભાષણ ભરડી મારું! વર્તમાનપત્રોમાં તો તેનાં મનોહર વર્ણનો છપાશેજ; પરંતુ હવાને તો "લગન લગી પ્રભુ પાવનકી!" તેને મારું ભાષણ સાંભળવાની ફુરસદ ક્યાંથી મળે? તે તો "कामये दुःखतप्तानां प्राणीनामार्तिनाशनम्" એમ ગાતી ગાતી ચાલી નીકળી.

આથી પછી મેં તો મારો બધો ક્રોધ ઊંટ ઉપર ઢોળ્યો. વાત એમ છે કે, રસ્તામાં એક ઊંટ મહાશય થાક ઉતારવા માટે હાથપગ પછાડીને ધૂળ ઉછાળતા હતા. મેં તો ઉડતી ધૂળથી અકળાઈ જઈને ક્રોધપૂર્વક ઊંટને કહ્યું કે "તું ભારે ગમાર છે; પશુ તો છેજ, પણ તારામાં જરા પણ અક્કલ નથી. અમે જે રસ્તે થઈને જઈએ છીએ, ત્યાં ગરીબ મનુષ્યો પણ એક બાજુ ઉભા રહી નમીને પ્રણામ કર્યા કરે છે. અમે જ્યારે જ્યારે ફરવા જઈએ છીએ, ત્યારે ત્યારે અમારા લકુટધારી નોકરો રસ્તામાં ચાલનારાઓનો નાકે દમ લાવી દે છે. તેં તો નમીને પ્રણામ કરવાનું તો વેગળું મૂક્યું, પણ ઉલટી ધૂળ ઉછાળવા માંડી! આથી માલમ પડે છે કે, તું ગમાર પણ છે અને ધૃષ્ટ પણ છે."

આ ઉપરથી ઊંટે પોતાનો વ્યાયામ તો બંધ કર્યો, પણ મારી વાતો ઉપર ખડખડાટ હસી પડ્યું. તેણે કહ્યું કે "તમે મૂર્ખ તો છોજ, પરંતુ અભિમાની પણ છો. હમણાંજ તમે પવનને ઉપદેશ આપવાની ધૃષ્ટતા કરતા હતા. પણ પવન તો આદર્શ સેવક છે અને ઈશ્વરભક્ત એટલે છે. તેણે તમને કંઈ કહ્યું નહિ. પરંતુ મારી સાથે એવી ધૃષ્ટતા નહિ કરતા મનમાંજ

[illegible] કહો કે, [illegible] કરતાં તમે બહુજ આગળ વધેલા છો." મેં કહ્યું–"ઉંટ ! તું પણ અને મનુષ્યને ઉદ્દેશ [illegible]. એવું છે ? મને તારી બુદ્ધિ ઉપર દયા આવે છે." ઉંટનું મુખ ગંભીર થયું [illegible] તેજ ચમકવા લાગ્યું; પોતાનાં નસકોરાં ચઢાવીને તેણે કહ્યું કે "શું માત્ર મનુષ્યદેહ [illegible] મનુષ્ય પોતાને મનુષ્ય કહેવરાવી શકે ? શું ઓરંગઝેબ, નાદિરશાહ, મહમ્મદ ગીઝની, [illegible] અબ્દુલ [illegible] અને એવા એવા અનેક પાપીઓ શું પોતાને મનુષ્ય કહેવડાવી શકે ? અને તેમને માનવદેહ [illegible] માટે શું તેઓ અમ પશુઓ કરતાં ઉંચા ગણાઇ શકે ? જો તમે પણ એવુંજ માનતા હો તો તો તમારી બુદ્ધિને પણ સો વાર ધિક્કાર છે !"

[illegible] મેં કહ્યું "ભાઇ ઉંટ ! એ પાપી મનુષ્યોની વાત જવા દે. તેઓ તો નર– [illegible], [illegible] નહિ. હું તો મારે માટે કહી શકું છું કે, મારી સમજ પ્રમાણે [illegible] કરતાં હું [illegible] છું." ઉંટ ફરીથી હસ્યું અને કહેવા લાગ્યું—"ઠીક, જરા બતાવો [illegible] કે, [illegible] કરતાં તમારામાં શું શું સારૂં છે ?"

[illegible] કે, શું બતાવું ? મન સિવાય મારી પાસે બીજી શી વસ્તુ છે, કે જેનું [illegible] કરીને મેં ધમાતે અવાજે કહ્યું "ઠીક છે, તું જાણે છે [illegible] રહું છું, ખાદી પહેરૂં છું, એ શું ઓછું છે ?"

[illegible] "[illegible] અભિમાન લેવા જેવું શું છે ? મને જુઓ, હું તો કંઇજ [illegible], હું ભોજન પણ સાદું કરૂં છું, મસાલાવાળા અને [illegible]" [illegible] કે "બારે ત્યાગ કર્યો, મને તો જુઓ, હું તો [illegible]" મેં કહ્યું–"મેં તો ગૃહસ્થાશ્રમનો પણ ત્યાગ કરેલો છે."

[illegible] મેં તો ગૃહસ્થાશ્રમમાં પ્રવેશજ કર્યો નથી, [illegible]" મેં કહ્યું–"મારામાં કર્મેન્દ્રિય વધારે નથી, બહુજ ઓછું [illegible], [illegible] પણ ઓછો આવે છે." ઉંટે કહ્યું કે "એમાં શી [illegible]; મારું તો હું જાનવરમાં બોલ્યુંજ નથી."

[illegible]

[illegible] એક વાછરડું આરપાર કર્યું [illegible] અને વાછરડું ઘાસ ખાઇને [illegible] કરે છે. [illegible]

[illegible]

લાગ્યો કે "ભજો' નું તો પેટ પણે પશુઓથી પણ ભૂંડળ છે." એટલામાં પાન ઉપલા કેટલાક આડે પણ સાધુઓ હસતાંહસતાં કહ્યું કે "આ પેટ શું કરે છે." ત્યારે મેં કહ્યું—"અરે! મને પેટના જેટલું તો આત્મબળ આપો."

એટલામાં આકાશમાં એકાએક વિજળી થઈ, વાદળાં ગાજવા લાગ્યાં. તેનાકારો ગાજનારે સાંભળ્યું અને કહેનારે કહ્યું કે:—

"મો સમ કૌન કુટિલ ખલ કામી, જેહિં તન દિયો તાહિ બિસરાયો;
એસો નિમકહરામી. મો સમ કૌન કુટિલ ખલ કામી!"

કોઈએ કહ્યું કે, કહેનાર અને સાંભળનાર બન્નેય એક છે, કોઈએ કહ્યું કે એ તો આનંદ છે. આખી મેં પોતેજ ભૂખ પાડીને કહ્યું કે "આપ કરતાં તો સૌ સારાં છે."

('ત્યાગભૂમિ' માર્ગશીર્ષ-૧૯૮૪ના અંકમાંના ખાનસાહેબ નિઝામના લેખનો અનુવાદ.)

૨૪૧—માટીનો મહિમા

આરોગ્યના મારા પુસ્તકમાં મેં માટીના ઉપચારોવિષે સારી પેઠે વર્ણવ્યું. તે વાંચતાં માટીના પ્રયોગો કરનાર શ્રી. વિઠ્ઠલદાસ પુરુષોત્તમ લખે છે કે:—

"'નવજીવન'માં તમે માટીના ઉપચારવિષે લેખ લખેલ તે મેં વાંચ્યો છે. તેમાં તમે માટી કપડામાં બાંધીને પેડુ ઉપર લગાડવાનું લખેલ છે; પણ ખરી રીતે જો માટીના ઉપચારોથી ખરેખરો ફાયદો મેળવવો હોય, તો માટીને ભીંજવી કપડા ઉપર મૂકી ત્યારબાદ પેડુ ઉપર અથવા શરીરના જે ભાગ ઉપર જરૂરી હોય ત્યાં સીધી ચામડી ઉપર મૂકવી; કપડાનો ભાગ ઉપર આવવો જોઈએ. મેં એડાલ્ફ જસ્ટના પુસ્તકનો સંપૂર્ણ અભ્યાસ કરેલ છે, અને 'એપેનડાઇસીટીસ' જેવા રોગ ઉપર પણ તેનો ઉપયોગ કરી માત્ર ત્રણજ દિવસોમાં સંપૂર્ણ આરામ થાય છે, એમ જાતે અનુભવ્યું છે; તો આપ 'નવજીવન' મારફત ઉપર લખ્યા પ્રમાણે માટી ચોપડવા લખી જણાવશો, તો જે લોકોને માટીના પ્રયોગો કરવા હશે તેમને જરૂર ફાયદો થશે. કપડા બગડવાની બીકથી કપડામાં માટી બાંધી પેટ ઉપર મૂકવાથી ફાયદો ઓછો થવા સંભવ છે."

"વિશેષમાં આટલું પણ જણાવવાની જરૂર છે કે, જ્યાં દુખાવો થતો હોય ત્યાં તો માટી લગાડવી; છતાં પણ પેટ ઉપર તો માટી લગાડતાં નજ ભૂલવું જોઈએ. કારણ કે મૂળ રોગ થવાની જગ્યા પેટ છે. એટલે દુખાવો થતો હોય ત્યાં તેમજ પેટ ઉપર બન્ને ઠેકાણે માટી લગાડવી જોઈએ અને ઘણા ખરા રોગો તો માત્ર પેટ ઉપરજ માટી લગાડવાથી તુરતમાં મટી જશે. મજકુર પ્રયોગો દરમિયાન ઉપવાસ કરવાનીયે જરૂર છે; અને જો ઉપવાસ ન થઈ શકે તો ફળ અથવા દૂધ ઉપર રહેવું જોઈએ."

આ ઉપરથી પોતાનો અનુભવ જણાવવા મેં લખતા તેમણે નીચેનો પત્ર લખ્યો:

'પેટનો દુખાવો તો એટલો સખ્ત હતો કે જમણું અથવા ડાબા પડખે પણ ફરી શકાતું નહિ. ખોરાક બંધ કરેલ અને ત્રણ દિવસ અને રાત ચાલુ પેટ ઉપર માટી બાંધી રાખેલ. માટી દિવસના ભાગમાં બે બે કલાકે બદલાવતો, પણ રાતના તો સૂતી વખતે બાંધતો તે ઠેઠ સવાર સુધી તેમજ રહેવા દેતો. દુખાવો જે અસહ્ય હતો તે તો માત્ર બેજ કલાકમાં ઓછો થઈ ગયો, અને પડખાભર ફરવામાં પણ તકલીફ નહોતી પડતી; પણ પેટની અંદરનો રોગ તદ્દન નાબૂદ થઈ જાય તે માટે ત્રણ દિવસસુધી પ્રયોગ ચાલુ રાખ્યો. મારા ડૉક્ટર મિત્રને મારા દુખાવાની વાત કરી, એટલે તેમણે તો તે 'એપેનડાઇસીટીસ' જણાવ્યું અને તેમાં આવી રીતે માટીનો ઉપયોગ કરવા માટે થોડો ઠપકો પણ આપ્યો. તે બાબતને મળેલા જ્ઞાન મુજબ તેમણે જે ઠપકો આપ્યો તે બદલ મેં તેમનો ઉપકાર માન્યો; પણ છેલ્લા આઠ વર્ષોથી હું જે કુદરતી ઉપચારો કરતો આવ્યો છું અને

જે શ્રદ્ધા તેમાં બેસી ગઈ છે, તેમાં કંઇ ફેરફાર મજકુર ભાઈ ન કરાવી શક્યા. પાંચમે દિવસે થોડી થોડી છાશ અને નારંગીથી અપવાસ તોડ્યા અને આસ્તે આસ્તે ચાલુ ખોરાક ઉપર આવી ગયો. આ રોગથી મારી કેટલાક દિવસની મનની મુરાદ પાર પડી. મને અન્નનો ત્યાગ કરી ફળ, શાક, દૂધ અને છાશ ઉપર રહેવાનું કેટલાયે વખતથી થયા કરતું હતું; પણ તે બાબતમાં ચોક્કસ ઠરાવ નહિ કરેલ અને મારા આ અપવાસ પણ મારી આજ દિવસની જીંદગીમાં પહેલવહેલાજ હતા. ખોરાકમાં ફેરફાર કરવાની તક સારી મળી ગઈ, એટલે મેં તેજ દિવસથી અન્નનો ત્યાગ કર્યો છે. ખજૂર, મગફળી, બદામ, કીસમીસ, શાકભાજી, દૂધ અને છાશ ઉપર રહું છું; અને જે લાંબા વખતથી કબજિયાત રહ્યા કરતી તે હવે નથી. વખતસર દિશાએ જવું પડે છે, × × × ×"

"તાવ ઉપરઃ-બે વર્ષના છોકરાના પેટ ઉપર માટી બાંધેલ, તેના ઉપર ઉનનું કપડું બાંધેલ; ખોરાકમાં માત્ર ગરમ પાણી અને સ્વાદને ખાતર થોડું મધ. બેજ દિવસ આ ઉપચાર કરવાથી તદ્દન આરામ થઇ ગયો."

"શરદીમાં પણ માત્ર પેટ ઉપર પાટો બાંધવાથી મને પોતાને આરામ થયો છે; પણ તે દરમિયાન ખોરાક તો જરૂર બંધ રાખતો-અપવાસ કરતો."

"ખરજવું:-એક ભાઇને લાંબા વખતથી મજકુર રોગ હતો. તેમના એક મિત્રે ડુંગળીનો લેપ કરવા જણાવ્યું; પણ લેપથી તો આરામ થવાને બદલે વેદના વધી. આંગળી પાકી અને વેદના તો એટલી હદ સુધી વધી પડી કે રાતના ઉંઘ પણ ન આવે. બે દિવસ બાદ તેમણે મને વેદનાની વાત કરી. મેં તેજ વખતે લેપ ખોલાવી માટી બંધાવી. માત્ર બેજ કલાકમાં ઠંડક વળી ગઈ. સંપૂર્ણ રૂઝ વળતાં ૧૫ દિવસો લાગ્યા. મજકુર ભાઈ તેલ-મરચાંનો છૂટથી ઉપયોગ કરે છે, એટલે નહિ જેવી અસર હજી રહી ગયેલ છે. તે જો તેઓ મૂકી દે તો રોગ જડમૂળથી જાય."

આ બન્ને પત્રોની સૂચનાનો ઉપયોગ ઘણાં દરદોમાં તો છૂટથી થઈ શકે તેમ છે. જ્યાં જખમ થયો હોય અથવા ચામડી ઉતરી ગઇ હોય ત્યાં તો માટી ખુલ્લી નજ મૂકાય, એમ મારો અભિપ્રાય છે. પેડુ ઉપર જરૂર છૂટી માટી મૂકી શકાય છે; અને કપડાંમાં મૂકેલી માટી જેને લાભ ન આપે તે છૂટી માટીનો પ્રયોગ કરી જુએ. હાલ પણ માટીના સામાન્ય પ્રયોગો હું કરૂંજ છું અને તેના ફાયદા અનુભવું છું. એ ઈલાજ એવો સહેલો, સસ્તો અને સાદો છે કે બધાએ મર્યાદામાં અજમાવવા યોગ્ય છે. પેટ ઉપર માટી મૂકવાનો પ્રયોગ ભૂખે પેટેજ થાય એ યથાર્થ છે. માટી હમેશાં ચોખ્ખી જગ્યાએથી લેવી જોઇએ, એ યાદ રાખવાની આવશ્યકતા છે. માથાના દુઃખાવામાં અને તાવમાં બરફનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યાં માટી બરફના કરતાં સામાન્ય રીતે વધારે સારો જવાબ આપે છે.

મોહનદાસ કરમચંદ ગાંધી

(તા. ૮-૧-૧૯૨૮ ના 'નવજીવન'માંથી)





૧૪૨—ગુન્હા ઘટાડવાની રશિયાની અજબ રીત

રશિયાનાં બોલ્શેવિક કેદખાનાંઓવિષે મેં હજારો વાતો સાંભળી હતી. સામ્રાજ્યવાદી વર્તમાનપત્રોએ એ જેલોનાં કાલ્પનિક ચિત્રો દોરી સોવીએટ રશિયાને શિરે કાળો ટીલો ચઢાવ્યો હતો. બોલ્શેવિક કારાગર એટલે ભયંકર અત્યાચારોનું સ્થાન, સાક્ષાત્ મલિનતા, સીતમગાર સત્તાધારીઓનું નબળાને કચરી નાખવાનું હથિયાર, એવા એવા છાપાશાહી ખ્યાલો બાંધીને હું રશિયામાં પ્રવાસે પહોંચી, અને મારી સૌથી પહેલી ઇચ્છા આવું એકાદ કેદખાનું જોવાની હતી.

જ્યોર્જીઅન જેલ

તિફલિસથી થોડે દૂર એક જ્યોર્જીઅન કેદખાનું રશિયન સામ્યવાદની અમોલ છડી પોકારતું ઉભું છે. મોટરમાં બેસી હું બે-ત્રણ સખીઓ સાથે એ બાજુ રવાના થઈ. શહેરના મુસ્લીમ વિભાગમાં થઈને મોટર નીકળી ત્યારે મારા સ્મરણપ્રદેશમાં ભૂતકાળનાં ચિત્રો ઘેરાયાં. તિફલિસ ઉપર અનેક પ્રજાઓનાં વિકરાળ આક્રમણ થયાં હતાં. ઈરાનીઓએ, ગ્રીકોએ, આરબોએ, કઝારો અને મંગોલોએ કોકેસસ પર્વતની તળેટીના આ પ્રદેશની ઘણીય વાર ખાનાખરાબી કરી હતી. એ સૌને અંતે આવ્યું બોલ્શેવિક આક્રમણ; પણ એણે તો આગલા સર્વ હુમલાઓને શમાવી દઈ આ પ્રદેશ ઉપર જ્ઞાન અને વિકાસનાં અજવાળાંજ પાથર્યાં છે.

રંગીઆળી , સગવડો

જેલના દરવાજે અમને કારાગારનો કમાન્ડર (ઉપરિ અધિકારી) મળ્યો. તેણે અમને અંદર દાખલ કર્યાં. વિશાળ ચાલીની આસપાસ સુંદર બગીચો આવી રહ્યો હતો. નાના છોડ ઉપર પુષ્પો ઝળકી રહ્યાં હતાં. છૂટા છૂટા ક્યારાઓમાં માણસો ખુશમીજાજથી હરતા ફરતા હતા. સામાન્ય લેબાસમાં એક માણસ કમાન્ડર પાસે આવ્યો. મેં તેને પૂછ્યું-"તમે જેલરક્ષક-વૉર્ડર છો ?"

મારૂં અનુમાન જુઠું પડ્યું; કારણ કે એ તો ખૂનના ગુન્હા બદલ પાંચ વરસની સજા ભોગવતો કેદી હતો !

બગીચાને બીજે ખૂણે અમે જઇ પહોંચ્યાં. ત્યાં સ્વચ્છ વિશાળ સ્નાનગૃહો હતાં. એમાં ધારાસ્નાન(શાવર બાથ)ની રંગીઆળી સગવડો હતી. સૂર્યસ્નાન માટે પણ એક ખુલ્લો ઓરડો હતો. પૂછપરછ ઉપરથી મને જણાયું કે, આ બધી ચીજો કેદીઓએ પોતાના હાથથીજ બનાવી હતી.

કેદમાં સારંગી

અમે જેલનું બરાબર નિરીક્ષણ શરૂ કર્યું. એક બાજુ રસોડાઓની હાર પડી હતી, તેની પાસેજ નાની ઓરડીઓની કતાર હતી. પહેલાંના જમાનામાં એ ખોલીઓમાં કેદીઓને ગોંધી મૂકવામાં આવતા, પણ અત્યારે તો તેમાં 'શાવર-બાથ' ગોઠવી દેવામાં આવ્યાં હતાં !

નીચલો ભાગ વટાવી અમે ઉપરને માળે ગયાં. તુરતજ અમારી આસપાસ ગુન્હેગારો કુંડાળું બાંધીને ઉભા રહ્યા. અમે આગળ ચાલ્યા કે એ સૌ કેદીઓ પણ લહેરથી અમારી સાથે ફીંદવા માંડ્યા. અંધારખાનાની ઓરડીઓ, તાળાં કે ખોલીઓ જેવું ત્યાં કાંઇજ નહોતું. કેદીઓને પૂરી રાખવામાં આવતા નહિ. માત્ર મોટા મોટા સ્વચ્છ ઓરડા હતા. તેમાં કેદીઓ સૂતા-બેસતા અને વાંચતા. એમના બારણાં ઉપર તાળાં કોઇ દિવસ લટકાવવામાં આવતાંજ નથી. કેટલાક ઓરડાઓમાં તો સૌંદર્ય અને કળાનું વાતાવરણ દેખાતું. પુષ્પોના સુંદર પ્યાલા અને બાબરીઓને કેદીઓ પોતાના ઓરડામાં ગોઠવી રાખતા. એક ઓરડામાંથી બે-ત્રણ અપરાધીઓ સારંગી બજાવતા હતા !

આ તે જેલ કહેવાય કે નિશાળ ?

અમારી સંગાથે જ્યોર્જીઅન લેબોરેટરીનો ભોમિયો (?) હતો. એને જોઇ એક કેદી ઉભો થયો અને ઉમળકાભેર હસ્તધૂનન કર્યું. એમની વચ્ચે જે પછી થોડી ગોઠડી પણ ચાલી. વાત એમ હતી કે, એ કેદી આ લેબોરેટરી જનરલનો નિશાળનો ગોઠીઓ હતો.

તમામ કેદીઓએ એમનાં મૂળ કપડાંજ પહેર્યાં હતાં. કેદીનો દરજ્જો બતાવવામાટે બીજા દેશોમાં જેમ અમુક જાતનોજ હલકો પોશાક પહેરાવવામાં આવે છે, એવું કશું ધતીંગ આ રશિયન કેદખાનામાં હોતું નથી. બીજા દેશોની જેલોમાં જઇએ તો કેદીઓના વદન ઉપરની ગમગીન છાયા જોઇ, એમની નિરાશા કે ઝનુન જોઇ આપણને એવીજ લાગણી થાય કે, ગરીબોને જાલીમ કાયદાએ સમાજમાંથી બહાર તગડી મૂક્યા છે; પણ અહીં બોલ્શેવિક તંત્ર નીચે ચાલતી જેલમાં તો તમામ કેદીઓ આનંદી, ઉત્સાહી અને ઉલ્લાસવંત ભાસતા હતા. પ્રાથમિક નિશાળમાં અભ્યાસ કરતાં બાળકો જેવો તેમનો દેખાવ હતો. આખી જેલ સંસ્થા જોઇને મને એમજ લાગ્યું કે, અહીં જેલખાતું નથી, પણ શિક્ષણશાળા અને ઉદ્યોગ–કારખાનાં ઉદાર વ્યવસ્થાપૂર્વક ચાલે છે.

જેલમાં ફાયદા

જે કેદીઓ નિરક્ષર હોય તેઓ અહીં લખતાં–વાંચતાં શીખે છે. અભ્યાસની અનેક સગવડો અહીં પૂરી પાડવામાં આવે છે. ઉદ્યોગનું પણ સંગીન શિક્ષણ અપાય છે. જેને જે ઉદ્યોગમાટે રસ હોય તેનાજ શિક્ષણની તેને સગવડો મળે છે; અને આ સૌને શિરે સગ ચડાવે એવી અહીંની વ્યવસ્થા તો એ છે કે, આ કેદખાનાના હુન્નરઉદ્યોગની ચીજોમાંથી જે કંઈ નફો થાય છે તેમાંથી ૫૦ ટકા કેદીઓનેજ મળે છે! એમાંનો ૨૫ ટકા નફો તો તેમને વેચાણની સાથેજ આપી દેવામાં આવે છે, કે જેથી જેલમાંજ તેઓ તેનો ઉપયોગ આનંદમાટે કરી શકે. બાકીના પચીસ ટકા તેમને મુક્ત થયા પછી મળે છે, કે જેથી તેઓ આબરૂદાર અને વ્યવસાયી જીવન શરૂ કરી શકે.

કેદમાં પણ નાટક–સીનેમા!

કામ કરવાના ઓરડામાં અમે જઇ પહોંચ્યાં. સાંજ પડેલી હોવાથી કોઇ કેદી કામ કરતો નહોતો.

મેં પૂછ્યું:–"શું બધાજ કેદીઓ હુન્નર ઉપર દરરોજ કામ કરે છે?"

"બધા તો નહિ, ઘણા ખરા. વળી અમે કામ કરવામાટે તેમને પ્રલોભન પણ આપીએ છીએ. બે દિવસ કામ કરનાર કેદીને માટે જેલનિવાસના ત્રણ દિવસ પસાર થયા ગણાય છે. આ હિસાબે તેઓ કેદમાંથી નિયત સમયથી વહેલા છૂટી શકે છે." જેલરે જવાબ આપ્યો.

જેલમાં નાટક–સીનેમાની પણ સગવડ પૂરી પાડવામાં આવે છે. એક જંગી હૉલમાં રંગભૂમિ રાખી છે અને તે પર લેનીન તથા માર્ક્સની છબીઓ લટકે છે. રંગભૂમિપર કેટલાક કેદીઓ સીનેરી ગોઠવતા હતા. કેદખાનાની 'નાટક મંડળી'ના તેઓ સભ્યો હતા.

પુસ્તકાલય

જેલની લાયબ્રેરીમાં અમે સામ્યવાદી છાપાંઓ જોયાં. ઉપરાંત કેદીઓ પોતે પોતાનુંજ એક વર્તમાનપત્ર ચલાવતા હતા. એ પત્રના વચલા પાનામાં કેદીઓની ફરિયાદો નોંધવામાં આવી હતી. કાગળો કેમ મોડા મળે છે, વૉર્ડરો બેદરકાર છે કે પોસ્ટ ઑફીસ શિથિલ છે, એ બાબતની તેમાં મુક્ત ચર્ચા હતી.

કેદીઓમાંથી ધારાશાસ્ત્રીઓ

પુસ્તકાલયની બાજુઓમાં કેદીઓના કાયદાના સલાહકારો બેઠા હતા. એ સલાહકારો બહારથી નહોતા આવ્યા, પણ કેદીઓમાંથીજ કેદીઓએ ચુંટી કાઢેલા હતા. અઠવાડીઆમાં બે વખત કેદીઓના સંબંધીઓ જેલમાં મુલાકાતે આવી શકે છે. મુલાકાતદરમિયાન કોઇ પણ પ્રકારનો જાપ્તો રાખવામાં આવતો નથી.

જેલ–સ્વરાજ્ય

તિફલિસના કેદખાનામાં કેદીઓ સ્વરાજ્ય માણે છે. તેમનાપર સખ્તાઇ મૂકાતી નથી. જેલરક્ષક કહે છે કે, કેદીઓ પોતાની મેળેજ વ્યવસ્થા અને નિયમન પાળે છે. સત્તાધારીઓ એમના ઉપર અજબ વિશ્વાસ રાખે છે. રવીવારે જો કેદીઓની ઇચ્છા થાય તો તેમને પોતાનાં કુટુંબમાં મજાહ માણી આવવાની છૂટ–પરવાનગી મળે છે. આ વાત અજાયબી પમાડે તેવી છે, છતાં સાવ સાચી છે. રશીઆમાં ગુન્હા અને અપરાધને ખરાબ સંયોગો અને યોગ્ય શિક્ષણના અભાવનુંજ

પરિણામ મળવામાં આવે છે. એ તેમના સંજોગો દૂર કરી તેમને સંગીન શિક્ષણ આપવામાં આવે તો અપરાધનો અંશ લગભગ નાબૂદ થાય, એમ મૉટ ઑસ્બોર્ન મક્કમપણે માને છે. જો અપરાધીઓની આર્થિક સ્થિતિ સુધરે એવી યોજના થાય તો પછી કાંઇ માંદગીસિવાય ગુન્હાનો અવકાશ રહેતો જ નથી. માનસશાસ્ત્રની નજરથી અપરાધીઓને કેળવવાની પ્રથા રશિઆમાં શરૂ થઇ છે. એની સાબિતી પુરતી રીતે જોઇ શકાય છે. ગુન્હેગારોને સમાજમાંથી નકામા અને ભયંકર માણસો તરીકે કાયમના કોરડાથી હડધૂત કરવાને બદલે તેમને ઉપયોગી શહેરીઓ બનાવવાની સોવિયટ રશીઆની નેમ છે.

નિદાન

જ્યારે જેલ છોડી અને સહુ બહાર આવ્યાં, ત્યારે મારા મનમાં એકજ વિચાર ઘોળાયા કર્યો—

"[illegible] કારખાનાઓમાં કામ કરતા મજૂરો કરતાં આ કેદખાનામાં કામ કરતા કેદીઓની સ્થિતિ કેટલી બધી સારી છે !"

ખરેખર, રશિયન જેલો તો અપરાધીઓને સંસ્કારવાનાં સુંદર સાધનો છે. બધા દેશો એને પગલે પડે તો દુનિયામાંથી ગુન્હેગારી કેટલી બધી ઓછી થઇ જાય !

(તા૦ ૧૪-૪-૨૮ ના "હિંદુસ્તાન"માંનો મીસ ફ્રેડા અટલીનો લેખ)

૧૪૩—ખાંડને બદલે ગોળ ખાઓ.

વર્તમાન યુગમાં વિજ્ઞાને જે અનેક નવી શોધો કરી છે, તેમાં સફેદ ખાંડ એ પણ આ જમાનાની શોધનું પરિણામ છે. એ પહેલાં લોકો ગોળ અને થોડા પ્રમાણમાં ઝાંખા રંગની ખાંડ વાપરતા. હજુ પણ ગામડામાં ખાંડને બદલે ગોળ વપરાય છે અને ત્યાં લોકો ખાંડ કરતાં ગોળને વધુ પૌષ્ટિક માને છે. તેઓ ખોરાક દેખાવડો કરતાં નથી. શહેરોમાં આજે તેથી ઉલટી રીત છે. શહેરવાસીઓ દેખાવને અઘટતું પદ આપતા જણાય છે. ગોળની બનાવટ દેખાવે ખાંડ કરતાં કંઇક શ્યામ બને છે; તેથી ખાંડ પૌષ્ટિક છે કે નહિ, તેનો વિચાર કર્યાવિના સ્વચ્છ દેખાવની ખાંડ શહેરીઓ ખુબ વાપરે છે અને પરિણામે ખાંડના વધુપડતા ઉપયોગથી પોતાની તંદુરસ્તી અમુક પ્રમાણમાં બગાડે છે.

દુનિયાના કોઇ પણ ભાગ કરતાં હિંદમાં વધારે શેરડી પાકે છે, છતાં દુનિયાની કોઇ પણ પ્રજા કરતાં આપણે ગળપણનો એટલો હદ ઉપરાંતનો ઉપયોગ કરીએ છીએ કે આપણે બીજા દેશોમાંથી ઘણી ખાંડ આયાત કરીએ છીએ. પરદેશથી આવતી એ ખાંડ તદ્દન સાફ થયેલી હોવાથી તેમાંથી ઘણાં પૌષ્ટિક તત્ત્વો નાબુદ થયેલાં હોય છે અને તેથી આવી ખાંડ આપણા શરીરને ઘણું નુકસાન પહોંચાડે છે કેટલાકનું એમ માનવું હોય છે કે, ગોળ કરતા ખાંડ વધારે સાફ થયેલી હોય છે, અને તેથી ખાંડ વાપરવાથી શરીરમાં તેટલો કચરો ઓછો જાય; પણ આ ખોટી ગેરસમજ છે. ગોળને ઘણો સાફ નહિ કરેલો હોવાથી તેમા ઘણી જાતના તત્ત્વો–કેલ્શિયમ, લોહ અને વાઇટામિન્સ (જીવન–તત્ત્વો) રહેવા પામે છે, જ્યારે ખાંડને તદ્દન સાફ બનાવવા જતાં આ બધા શરીરને ઉપયોગી થવાવાળા તત્ત્વો નાશ પામે છે. સફેદ ખાંડ તેથી એક કેવળ રાસાયણિક પદાર્થ બની રહે છે અને તે ખોરાકને લાયક રહેતી નથી.

ગોળ કે ખાંડ મુખ્યત્વે શેરડીમાંથી બને, પણ નવી શોધ પ્રમાણે જર્મની અને બીજા દેશમાં 'બીટરૂટ'(ગાજર જેવું કંદ)માંથી હવે પુષ્કળ જથ્થામાં ખાંડ બને છે. આ શેરડી કે બીટરૂટ પાકને ઘણી ઉંચી જાતનું ખાતર દર વખતે જોઇએ છે. આનું કારણ એ હોય છે કે, શેરડીનો પાક જમીનમાંથી ઘણો કસ ચૂસી લે છે. આથી જો દર વર્ષે તેમા ખાતર નાખવામાં આવે નહિ, તો જમીનની ફળદ્રુપતા ઘટવા માંડે છે. વળી શેરડીના પાકને સૂર્યનો તડકો ખાસ જરૂરી

ગણાય છે અને બીજા પાકના પ્રમાણમાં શેરડીનો પાક લાંબા સમય સુધી ઉભો રહે છે. આથી શેરડીવાળા પ્રદેશના લોકો શેરડી ચૂસે છે અથવા કોલ ઉપર તાજો રસ પીએ છે. આથી તેમના શરીરમાં ખૂટતાં તત્ત્વો મળી રહે છે. હાડકાંને મુખ્યત્વે 'કૅલ્શિયમ' ઘણું જોઇએ, અને શેરડીના રસમાંથી તે ઘણું મળી આવે છે. ઘણી વખત માંદા માણસને શેરડીવાળા પ્રદેશમાં લઇ જઇ કોલ ઉપરથી તાજો રસ પાવામાં આવે છે. આથી ઘણી વખત આવા દરદીઓ સાજા થાય છે. તાવથી પીડાતા દરદીને હજુ પણ ગામડાંઓમાં શેરડીના કકડાઓને થોડા ગરમ કરી ચૂસવા આપવામાં આવે છે અને કેટલીક વખત આ ઇલાજ ઉપયોગી થઇ પડે છે. દેશી પદ્ધતિએ શેરડીના રસમાંથી ગોળ બનાવવામાં આ બધાં તત્ત્વો કાયમ રહે છે; પણ જેમ જેમ તે રસને વધુ ને વધુ સાફ કરી બહુજ સફેદ ખાંડ બનાવવામાં આવે, તેમ તેમ આ બધાં જીવનનાં ઉપયોગી તત્ત્વો નાશ પામતાં જાય છે; એટલે તે ખોરાકને લાયક રહેતી નથી.

આપણામાં માટલીઓ ગોળ વધારે પૌષ્ટિક મનાય છે. સ્વાદમાં તે ખારો હોય છે, પણ એ બતાવી આપે છે કે, તેમાંથી જરૂરી તત્ત્વો નાશ પામ્યાં નથી. શરીર ફિક્કું પડી ગયું હોય તેમને માટે ખાંડને બદલે આવોજ ગોળ વાપરવો જોઇએ કે જેથી તેમના લોહીમાં જે લોહનો ભાગ ખૂટે છે તે પૂરો થઇ રહે અને તેમનું લોહી કંઇક સુધરે. ગરીબ માણસો આર્થિક સ્થિતિને લઇને ગોળ વાપરે છે, તેથીજ તેઓ શરીરે કંઇક નિરોગી રહેતા હોય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. શેરડીના ખેતર ઉપર કોલમાં રસ કાઢતાં જે બાકીનો ભાગ કચરાતરીકે ગણાય છે, તે ઢોરના ખોરાકતરીકે ઉપયોગમાં આવે છે; આથી તેઓ પણ રૂષ્ટપુષ્ટ બને છે.

આ ઉપરથી એમ સમજી લેવાનું નથી કે, આપણે ખૂબ ગોળ ખાતા થઇ જવું. શારીરિક શ્રમને લઇને લોહીમાંથી જે ખાંડ વપરાય છે તેની જગ્યા પૂરવા પૂરતાજ ગળપણની ખોરાકમાં જરૂર છે; પણ એ જરૂર (શરીરશ્રમ વધુ ન હોય તેવા માણસો માટે) ઘણી ઓછી હોય છે. એટલે આપણા ખોરાકમાં ગળપણ ઓછું હોવું જોઇએ, અને જે ગળપણ લઇએ તેમાં ખાંડને બદલે ગોળનોજ ઉપયોગ કરવો જોઇએ. જો કે ગળપણમાં સૌથી સારી વસ્તુ તો સૂકો મેવો ગણાય છે.

('નવચેતન'ના એક અંકમાં લેખક—શ્રી. ચુનીલાલ ધ. પટેલ)

૧૪૪—શીંગોડાં

હિંદુસ્તાનમાં દરેક ઋતુમાં કંઈ ને કંઇ ફળ થયાજ કરે છે. એ ઋતુઋતુનાં ફળ ખાવાની આપણે ટેવ રાખીએ તો ચાહ, કૉફી કે સોડાલેમન જેવાં ક્ષણિક આનંદ આપનાર પીણાં પાછળ જેટલા પૈસા બગાડીએ છીએ તેથી ઓછે મૂલ્યે આપણે વધારે પૌષ્ટિક અને સાત્વિક ખોરાક તથા કુદરતી મીઠાશનો આનંદ માણી શકીએ; અને આપણા દેશમાં કુદરતની તો એવી મહેર છે કે ગરીબો પણ ખાઇ શકે એવો સોંઘો ને પૌષ્ટિક મેવો તે પૂરો પાડે છે. શીંગોડાં પણ એમાંનોજ એક મેવો છે.

રસાયણશાસ્ત્રીઓ શીંગોડાંનાં તત્ત્વો નીચે પ્રમાણે જણાવે છે:—પાણી ૮૪.૫૮ ટકા, ચરબી .૧૮ ટકા, સ્ટાર્ચ ૬.૧૪ ટકા, રેસા .૫૬ ટકા, પ્રોટીન્સ (શરીરબંધારણને પુષ્ટિઆપનાર તત્ત્વ) ૨.૭૭ ટકા, ઓગળી શકે એવા સ્ટાર્ચ(મેંદા)ના ભાગ ૨.૨૫ ટકા, ક્ષાર .૯૨ ટકા.

૧૦૦ ગ્રામ (સવાશેર પાશેર) શીંગોડામાં ૮૮.૩૭ ટકા કેલોરીક ગરમી આપવાનું બળ છે. એની સાથે દૂધનાં નીચેનાં તત્ત્વો સરખાવવાથી બંનેની પોષણશક્તિ સમજાશે.

પાણી ૮૭.૩૫ ટકા, ચરબી ૫.૨૦ ટકા, પ્રોટીન ૩.૩૮ ટકા ક્ષાર .૭૦ ટકા અને કાર્બોહાઇડ્રેટ ૪.૪૨ ટકા હોય છે.

• [illegible]

દૂધ કરતાં શીંગોડાંમાં ૨૨ ટકા વધારે ખનીજ ક્ષારો છે અને તે પણ કેવા કેવા ! પોટાશના, સોડાના, ચૂનાના, લોહના તથા ફૉસ્ફરસના. લોહ અને ફૉસ્ફરસને લીધે એ તાકાત આપનાર તથા લોહી અને જ્ઞાનતંતુને બળ આપનાર ગણાય છે. આયુર્વેદમાં એને આરોગ્યવર્ધક (ઑલ્ટરેટિવ), વીર્યવર્ધક, સારક (એપેરિઅન્ટ) તથા રુચિપ્રદ કહ્યાં છે.

બજારમાં મળતાં બાફેલાં શીંગોડાં તાજાંતાજાં ખાવાથી બહુ ફાયદો કરે છે. સૂકાં શીંગોડાંનો લોટ પણ પચવામાં હલકો અને માંદાં માણસોને અનુકૂળ મનાય છે. એરોરૂટ, સાબુદાણા કે ચોખા કરતાં એ વધારે પૌષ્ટિક છે અને એના લોટની ખીર દૂધમાં કરીને ખાધી હોય તો સ્વાદમાં પણ મિષ્ટ બને છે તથા બહુ સહેલાઈથી પચી જાય છે.

હિંદમાં એકલા કાશ્મીરમાંજ શીંગોડાંમાંથી એક લાખ રૂપિયાની આવક થતી જોઈ ઑસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરનો ફર્ડિનાન્ડ વૅન મુલર કલકત્તેથી એના બીજ લઈ ગયો છે અને આખા ઑસ્ટ્રેલિયાના તળાવોમાં વાવીને એ પુષ્ટિકારક ખોરાક અખૂટ જથ્થામાં પૂરો પાડવાની આશા રાખે છે.

('કુમાર'ના એક અંકમાં લેખક—ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ)

૧૪૫—દૂધ

દૂધનો ખોરાક બાળકથી માંડીને વૃદ્ધ સુધીના—સાજાં તેમજ માંદાં—બધાંને માટે ખાસ ઉપયોગી છે; પરંતુ એની જેટલી દરકાર રાખવી જોઈએ તેટલી આપણે રાખતા નથી. દૂધને જો બરાબર સંભાળપૂર્વક ન રખાય તો તે એકદમ બગડી જાય છે. નાના જંતુઓ—બેક્ટિરિયા—ની વૃદ્ધિ દૂધ ઉપર એકદમ થાય છે. જેમ માણસ માટે દૂધ ઉત્તમ ખોરાક છે, તેમ નાનાં જંતુઓ માટે પણ એ ઉત્તમ ખોરાક છે. ઢોરના આંચળમાંથી તરતનું નીકળેલું દૂધ બિલકુલ જંતુરહિત હોય છે, પરંતુ માત્ર દશ-પંદર મિનિટમાંજ તેની અંદર સેંકડો જંતુઓ ઉત્પન્ન થાય છે. સારે નસીબે આ જંતુઓ જે તરતજ વૃદ્ધિ પામે છે તે રોગના ન હોવાથી શરીરને બહુ નુકસાન કરતા નથી; પરંતુ બે ચાર કલાક એમ ને એમ રાખવાથી તેની અંદર લાખો જંતુઓ ઉત્પન્ન થાય છે અને આ જંતુઓમાં રોગનાં પણ અનેક જંતુઓ ઉત્પન્ન થાય છે. ઘણા લોકો દૂધની અંદર જંતુનાશક રસાયણો, બોરિક એસિડ વગેરે નાખે છે; પરંતુ પશ્ચિમના દેશોમાં આવાં રસાયણો વાપરવાની કાયદાથી મનાઈ છે. આપણે તો દૂધની વધારે સંભાળ રાખતાંજ શીખવું જોઈએ.

દૂધને સફેદ બાટલીમાં રાખવાને બદલે જો લાલ રંગની બાટલીમાં રાખવામાં આવે તો મોડું બગડે છે. જો લાલ બાટલી ન મળે તો સફેદ બાટલી ઉપર લાલ કાગળ લપેટી લેવાથી પણ કામ સરે છે. આવી રીતે લાલ બાટલીમાં રાખેલું દૂધ તડકામાં પણ એકદમ બગડતું નથી. દૂધમાં ચૂનાના પાણીની આછ (લાઈમ વૉટર) નાખવાથી પણ તે બગડતું નથી; ઉલટું એથી તેનો સ્વાદ સુધરે છે. સવાશેર દૂધની અંદર બે નાના ચમચા ભરીને ચૂનાનું પાણી પૂરતું થઈ પડે છે. મોટાં શહેરોમાં જ્યાં ઘણે દૂરથી દૂધ આવે છે ને વાપરનારને મળતાં પહેલાં પાંચસાત કલાક અગાઉનું દોહેલું હોય છે તે દૂધ તો ગરમ કરીનેજ વાપરવું જોઈએ. આવા દૂધની અંદર રોગનાં અનેક જંતુઓ હોય છે અને તે એમ ને એમ વાપરવાથી ફાયદો થવાને બદલે નુકસાનજ થાય છે. દૂધ ઉનું કરી તેના ઉપર માખી કે બીજી જીવાત ન બેસે તેટલામાટે બરાબર ઢાંકીજ રાખવું જોઈએ.

("કુમાર"ના ચૈત્ર ૧૯૮૪ના અંકમાં લેખક શ્રી. મૂળચંદ પારેખ)

૨૪૬—ભારતીય મલ્લશાલાયેં

સંસાર કો ભારત કી પહલવાની પર નાજ઼ હૈ. જબ હમ ઇન ભારતીય વીરોં કો કુસ્તી કે લિયે એક-દૂસરે કો લલકારતે દેખતે હૈં તો હમેં ભારત કે પ્રાચીન મલ્લયુદ્ધોં કા સ્મરણ હો આતા હૈ. હમ ઇનમેં અપને પ્રાચીન ગૌરવ કી બિજલી દૌડતી કુછ દેખતે હૈં. હમેં અભિમાન હોતા હૈ કિ યહ-યહ હૈં ભારત કે સુંદર બાલક! સચ્ચી સુંદરતા તો સ્વાસ્થ્ય હી હૈ. ભલા ભારતમાઁ કો અસંખ્ય પીડાઓં મેં ભી ઇનકે લિયે 'બના મેરે લાલ' કહને પર કિતની શાન્તિ મિલ જાતી હોગી!

ભારતવર્ષ મેં બડે બડે અનોખે પહલવાન હો ચૂકે હૈં. આજ ઇસ ગયે બીતે સમય મેં ભી ગામા ઔર ગામા કે સમાન વીર પહલવાન ઉસકી ગોદ મેં ખેલ રહે હૈં. ઉફ ! ઉનમેં કિતની સુંદરતા હૈ, કૈસા તેજ હૈ, કૈસી શક્તિ હૈ !

ગામા પંજાબ કા સુવિખ્યાત પહલવાન હૈ. કલ્લૂ, કીકરસિંહ, ગુલામ ઔર રહીમ કી ભાંતિ વહ ભી અપને સમય કા અનોખા વીર હૈ. જિસ પ્રકાર વિશ્વવિજય કા દાવા રખનેવાલે યૂરપ-વિખ્યાત પહલવાન ટૉમ કૈનાન કો રહીમ ને ચિત કિયા થા; જિસ ભાંતિ ગુલામ યૂરપ ગયા ઔર વહાં તુર્ક તારાપતિ અહમદ મદારલી કો ધરાશાયી કર કે આયા; જિસ પ્રકાર અપને સમય કીકરસિંહ ને અપને સામને કિસી કો ઠહરને ન દિયા, ઇસી પ્રકાર ગામા ઔર ઉસકે ભાઇ ઇમામબખ્શ ને ભી કિસી બાહિરી વીર કે સામને સર નહીં ઝુકાયા.

એક બાર ગામા ઔર ઇમામબખ્શ યૂરપવિજય કે લિયે ગયે. યદ્યપિ ઉસ સમય મેં યહ ભારત કે સાધારણસે પહલવાન સમઝે જાતે થે, પરંતુ ફિર ભી યૂરપ મેં ઇનકા કોઇ સાની ન મિલા. ગામા કી પ્રસિદ્ધ અમેરિકન પહલવાન રોલો સે મુઠભેડ હુઈ. ગામા ને બીસ મીનટ કે અંદર હી ઉસે ચૂલ્હે પર ધર કર દે મારા. ઇધર ગામા કે અનુજ ઇમામબખ્શ સે સ્વિટ્ઝરલૅંડ કા પહલવાન લૈમ અટક પડા. ઇમામબખ્શ ને ઉસે દસ મિનટ કે અંદર હી જમીન પર ધર પટકા.

ઇસકે બાદ યૂરપવિજયી પોલૈંડ કા પહલવાન જબિસ્કો ઉતરા. યહ જોડ સચમુચ ગામા કે યોગ્ય થી. વીર ગામા ને જબિસ્કો સે હાથ મિલાયા. જબિસ્કો ગામા સે લગભગ દૂના થા. ઉસકી લંબાઇ ચૌડાઈ દેખ કર હી ઉસે અંગ્રેજ લોગ રાક્ષસ (જાયન્ટ) કે નામ સે પુકારતે થે.

વીર જબિસ્કો ઔર ગામા અખાડે મેં ઉતરે. લગભગ પૌન ઘંટે તક રગડા-રગડી હોતી રહી. કભી યહ ઉપર આ જાતા, કભી વહ. કભી જબિસ્કો ગામા કો દાબકર બૈઠ જાતા થા તો ગામા સહજ હી મેં ઉસકે ચંગુલ સે ફિસલ કર બાહર નિકલ આતા ઔર ઉસકી છાતીપર ચઢ બૈઠતા. અંત મે તીન ઘંટે કે અંદર હી વીર જબિસ્કો કા દમ ફૂલ ગયા ઔર વહ પૃથ્વી પર લેટ ગયે. ઇસ દિન જોડ બરાબરી કી છૂટી.

દૂસરે દિન ગામા ને ફિર જબિસ્કો કો ચૈલેંજ દિયા. જબિસ્કો ચૂપચાપ ઇંગ્લૅંડ સે બાહર ચલા ગયા. જબિસ્કો કા પંદર હજાર રૂપયા (એક હજાર પૌન્ડ) ઔર પેટી વિજયી ગામા કો ઇનામ મેં મિલ ગઇ. ઇસ મૈચ કા નામ 'ગામા-જબિસ્કો-સંઘર્ષ'-રખા ગયા થા.

ઉસ દિન દો હિંદુસ્તાની પહલવાનોં કા પારસ્પરિક સંઘર્ષ હુઆ. કોલ્હાપુર કે એક બ્રાહ્મણ પહલવાન ગંગા કા યૂરપવિજયી ગામા કે સાથ મલ્લયુદ્ધ ઠહરા. મહારાજા કોલ્હાપુર ને વિજયી કો એક ચાંદી કી ગદા પ્રદાન કરને કા બચન દિયા. દોનોં વીર અખાડે મેં ઉતરે. બહુત દેર તક ગંગા ઔર ગામા કી કુસ્તી હોતી રહી. અંત મેં વીર ગંગા ને ગામા કી પકડ પર હી ઉસે ચિત કર દિયા. મહારાજ કોલ્હાપુર ને ગંગા કો ચાંદી કી ગદા પ્રદાન કી. વિજયી ગંગા ને કંધે પર ગદા રખકર હનુમાન બૈઠક કી, ઔર નિરભિમાન ઘર ચલા ગયા. ઇસ અદ્વિતીય વિજય કે ઉલ્લાસ મેં ભી વહ અપને કુલગુરુ આદર્શવીર અંજનીકુમાર કો ન ભૂલા થા. વીર ગામા કો

ભી જમના ને ગોદ મેં ઉઠા લિયા. જિસ સમય તક ઇનકા મલ્લયુદ્ધ સમાપ્ત નહીં હો ગયા થા, તબ તક દોનોં એક-દૂસરે કે પ્રતિ બડે ઉદાર ઔર સ્નેહપૂર્ણ વિચાર પ્રદર્શિત કર રહે થે. ઉન્હેં અભિમાન ન થા, ક્રોધ ન આતા થા. દોનોં ગૌરવ સે અકડી હુઇ ગર્દન, તેજ સે આલોકિત મુખમંડલ ઔર પરાક્રમપૂર્ણ વક્ષઃસ્થલ ફુલાયે હુએ થે. જબ તક વે લડતે રહે, ઇસી પ્રકાર સર્વંગત્ય રહે ઔર જબ લડ ચુકે તબ ભી એક-દૂસરે કે હૃદય મેં અનુરાગ કી રેખાએં પડ રહા થા.

ધન્ય હૈ વહ વીરતા જો સૂર્ય કે સમાન પ્રચંડ હોને પર ભી ચંદ્રમા કે સમાન સુધાસાવણ કર સકતી હૈ. જિસે દેખકર ક્યા અપના ક્યા પરાયા, પ્રત્યેક મનુષ્ય ગૌરવ કરતા ઔર હર્ષ સે ફૂલા નહીં સમાતા હૈ, વહ સમઝતા હૈ કિ ઇન્હીં વીરવરોં કે રહને તક હમ અપની પ્રાચીન શૂર-વીરતા કા અનુમાન લગા સકતે હૈં. યહ હમારે અસંભવવાદ કો સંભવ કર દેતે હૈં, ઔર હમારે મનન કરને કે લિયે અચ્છે સાધન બન જાતે હૈં.

જિસ સમય વીર ગામા યૂરપ ગયા થા, ઉસ સમય ઉસકા છોટા ભાઇ ઇમામબખ્શ ઉસકે સાથ થા. અપને ભાઇ કી ભાંતિ ઇમામબખ્શ ને ભી પીટ ગોનોલી નામક એક વિખ્યાત પહલવાન કો ચિત કિયા થા.

૧૯૧૨ મેં મિસ્ટર બેનજેમિન થોડે સે ભારતીય પહલવાનોં કો અપને સાથ ઇંગ્લેંડ લે ગયે; પરંતુ કિસી ભી યૂરોપીય પહલવાન કો ઉનસે ભિડને કા હિયાવ ન હુઆ. કુછ દિનોં બાદ અહમદ બખ્શ કી સ્વિટ્ઝરલેંડ કે દો પહલવાનોં સે કુશ્તી હુઇ, પરંતુ અહમદ ચુટકી બજાતે ઉન દોનોં કો નીચે લે બીતા.

એક દૂસરા ગોબર પહલવાન નામક ભારતીય મલ્લ ભી યોરપ ગયા થા. બ્રિટન કે રુસ્તમ જિમી એસન સે લડા ઔર ઉસે પરાસ્ત કર આયા. અભી હાલ હી મેં બસંતસિંહ નામક એક ભારતીય વીર યૂરપ ગયા. વહાં ઉસને અમેરિકન કુશ્તી સીખી ઔર પાશ્ચાત્ય દેશોં કી આંખો મેં ચકાચૌંધ પૈદા કર દી. યહ વીર જલંધરનિવાસી ઔર ભારત કા એક બહુત સાધારણ ગૈરપેશેવર પહલવાન હૈ.

ઇસ બાર જબિસ્કો અપને છોટે ભાઇ ઔર એક તીસરે પહલવાન કે સાથ આ રહા હૈ. સુનતે હૈં જબિસ્કો ગામા સે ઔર ઉસકા ભાઇ ઇમામબખ્શ સે ઔર ઉનકા તીસરા સાથી ગોબર પહલવાન સે કુશ્તી લડેગા. ગોબર પહલવાન ઇમામ બખ્શ કી જોડ કા હૈ. દેખિયે ક્યા હોતા હૈ.

યહ ભારતવર્ષ કા દુર્ભાગ્ય હૈ કિ યહાં મલ્લશાલાએં ખોલના ભી પ્રતિષ્ઠા કે વિરુદ્ધ સમઝા જાતા હૈ. લોગ ઇસે કેવલ પેશેવરોં તક હી સીમિત સમઝતે હૈં. યહી કારણ હૈ કિ ભારતવર્ષ દિન-બદિન અશક્ત પુરુષોં ઔર પુત્રવતી બાલિકાઓં કા દેશ બનતા જાતા હૈ. ઇસમેં હમારે ધની રાજાઓં કા ભી થોડા સા ઉત્તરદાયિત્વ હૈ. યદિ વહ અપને રાજ્ય મેં પાંચ-દસ મલ્લશાલાએં ભી ખુલવા દેં તો ઉનકે ઇસ થોડે સે પ્રયાસ સે ભી ભારતવર્ષ કા બડા કલ્યાણ હો સકતા હૈ. ઉનકી ઉદાસીનતા કે કારણ હી ભારતવર્ષ કી મલ્લશાલાઓં મેં તાલે પડતે જા રહે હૈં.

("મહારથી"ના ઑક્ટોબર ૧૯૨૭ના અંકમાં લેખકઃ—શ્રી. ગંગાદત્ત જોશી)

૧૪૭–વેદામૃત

यथा राजा तथा प्रजा।

उग्रो राजा मन्यमानो ब्राह्मणं जिघत्सति। परा तत्सिच्यते राष्ट्रं ब्राह्मणो यत्र जीयते॥ अ०५।१९

(यः राजा) જે રાજા પોતાને **(उग्रः)** શક્તિશાળી **(मन्यमानः)** માને છે, અને **(यत्र)** અભિમાની રાજા **(ब्राह्मणः)** જ્ઞાનશીલ, સત્કર્મી પુરુષોને **(जीयते)** દબાવે છે–સતાવે છે તથા જ્યાં રાજા **(ब्राह्मणम्)** સત્યગામી બ્રહ્મનિષ્ઠનો **(जिघत्सति)** નાશ કરવા ઇચ્છે છે **(तत् राष्ट्रम्)** રાજ્ય **(परासिच्यते)** બહુ નીચે પડે છે–નાશ પામે છે.

ભાવાર્થઃ—જે દેશનો શાસનકર્તા–રાજા, અન્યાય કરનાર કારભારીઓ અને પોતાના યુદ્ધવિશારદ સૈન્યબળનું અભિમાન રાખે છે કે 'અમારા કારભારીઓની કૂટનીતિ અને અમારી કુશળ સેનાની સામે થનાર કોઇ નથી' અને પોતાની રાજભક્ત પ્રજા અને શાંત સ્વભાવવાળા ધર્માત્મા વિદ્વાનોને અન્યાયપૂર્વક દબાવવા અને તેમનો નાશ કરવા ઇચ્છે છે, તે રાજા નાશ પામે છે.

વેદ ભગવાન આગલા મંત્રમાં એજ બાબતની પુષ્ટિ નીચે પ્રમાણે કરે છે—

"ब्राह्मणं यत्र हिन्सन्ति तद्राष्ट्रं हन्ति दुच्छुना।"

અર્થાત્ શાંતિ-પ્રિય, બ્રાહ્મણસ્વભાવવાળી પ્રજાને જે રાજાના રાજ્યમાં સતાવવામાં, લૂંટવામાં કે કતલ કરવામાં આવે છે, તે રાષ્ટ્ર આવી રીતે પીડાયલી પ્રજાના શાપથી નષ્ટભ્રષ્ટ થઇ જાય છે.

નીતિનિપુણ શુક્રાચાર્ય લખે છે કેઃ—**"अन्यथा स्वप्रजातापो–नृपं दहति सान्वयम्"**

પીડાયલી પ્રજાના દુઃખરૂપી અગ્નિમાંથી નીકળતી જ્વાળાઓ રાજાને તથા તેના આખા કુળને બાળી નાખે છે. આજ પ્રમાણે મહાભારતના શાંતિપર્વમાં વ્યાસ ભગવાન કહે છે કેઃ—

"न रक्षति प्रजा सम्यक् यः स नृपस्त्वस्ति तस्करः।

જે રાજા પોતાની પ્રજાનું પુત્રની પેઠે પાલન કરતો નથી અને ચોર, વ્યભિચારી અને હત્યારાઓ વગેરે આતતાયીઓથી રક્ષણ નથી કરતો તે રાજા નથી, પણ ચોર અને લૂંટારો છે. કેમકે-

"यावत्तु धर्मशीलः स्यात् स नृपस्तावदेवहि।"

જ્યાંસુધી રાજા ધર્મપૂર્વક ન્યાયી આચાર રાખીને દુષ્ટોને દંડ આપી શ્રેષ્ઠ જનોનું પાલન કરે છે, ત્યાંસુધીજ તે રાજ્યનો અધિકારી છે, નહિ તો તે રાજધર્મશૂન્ય લૂંટારોજ છે.

કોઇ કોઇ સજ્જન વ્યભિચારાદિ અધમ કાર્યને સમયનો દોષ કાઢીને તેને માટે પ્રજાને દોષ કાઢે છે અને તે પ્રમાણે લખી મારે છે. 'વ્યાસ ભગવાન' મહાભારતના શાંતિપર્વમાં આનું સમાધાન આ પ્રમાણે કરે છે કેઃ—**"युगानां न प्रजानां न दोषः किन्तु नृपस्य हि।"**

વ્યભિચાર, ચોરી, લૂંટ અને ધર્માત્મા સંતોને દુઃખ દેવું વગેરે જેટલાં પણ અધર્મવાળાં કાર્યો જે રાજાના રાજ્યમાં થાય છે, તે કાળ યા પ્રજાના દોષથી નથી થતાં; પરંતુ એ સૌ પાપ કેવળ દોષી રાજાનેજ કારણે થાય છે. જે રાષ્ટ્રનો રાજા સંયમી, ન્યાયશીલ, ધર્માત્માઓને દુઃખ ન દેનાર, દુષ્ટોને શિક્ષા કરનાર અને પ્રજાની સાથે પુત્રની પેઠે વર્તનાર હોય છે, તે રાષ્ટ્રની પ્રજા પણ એવીજ હોય છે. એ વાત નીચેનું એક ઐતિહાસિક ઉદાહરણ પણ સ્પષ્ટ રીતે દર્શાવી આપે છે.

એક વખત કોઇ ઋષિ કૈકય દેશમાં જઇ પહોંચ્યા અને તેમણે ત્યાંના રાજા અશ્વપતિની પાસે જઇને પ્રશ્ન કર્યો કે "હે કૈકય દેશના રાજન્! તમારૂં રાષ્ટ્ર બરાબર ઉન્નત છે ને?" ઋષિના એ પ્રશ્નના જવાબમાં અશ્વપતિ મહારાજ કહે છે કે "હા, મારો દેશ અત્યંત ઉન્નત અને સમૃદ્ધ છે. કેમકેઃ—

"न मे स्तेनो जनपदे न कदर्यो न मद्यपः। नानाहिताग्निर्नाविद्वान् न स्वैरी स्वैरिणी कुतः॥

હે ઋષિ! મારા રાજ્યમાં કોઇ ચોર નથી, કોઇ ક્રૂર કંજુસ નથી, કોઇ નશાબાજ-દારૂ

પીનાર નથી, કોઇ પણ એવો માણસ નથી કે જે અગ્નિહોત્ર ન કરતો હોય. કોઇ મૂર્ખ નથી, કોઇ વ્યભિચારી નથી અને જ્યારે વ્યભિચારી પુરુષજ નથી તો વ્યભિચારિણી સ્ત્રી તો હોઈ શકેજ નહિ. આ વાતને નીતિશાસ્ત્ર વધારે સ્પષ્ટરૂપે લખે છે કેઃ—

राज्ञि धर्मिणि धर्मिष्ठा पापे पापः समे समाः ।
राजानमनुवर्तन्ते यथा राजा तथा प्रजाः ॥

જે રાષ્ટ્રનો રાજા ન્યાયનિષ્ઠ અને ધર્માત્મા હોય છે, તે રાષ્ટ્રની પ્રજા પણ રાજ્યભક્ત અને ધર્મપરાયણ થાય છે; પરંતુ જે રાષ્ટ્રનો રાજા અન્યાયી, પ્રજાને લૂંટનાર, વ્યભિચારી, ક્રૂર અને દારૂ વગેરે કેફી અને માદક પદાર્થોનો પ્રચાર કરવાનું પાપી કાર્ય કરે છે તે રાષ્ટ્રની પ્રજામાં પણ રાજાના સંસર્ગથી છળ, કપટ, ચોરી, લૂંટ, વ્યભિચાર અને મદ્યપાન વગેરે દુર્ગુણો આવી જાય છે; અને રાજા જે પ્રમાણેનો વ્યવહાર કરે છે, તેજ પ્રમાણેના ગુણ–દોષવાળી તેની પ્રજા બની જાય છે.

વાચનાર જો આ નીતિશાસ્ત્રનું ઉદાહરણ જોવા ઇચ્છે તો ભારતવર્ષ અને ભારત સરકાર તેની સમક્ષ મોજુદ છે. આજે આ દેશમાં દારૂ, ગાંજો, ભાંગ, ધતુરો વગેરે માદક વસ્તુઓનો ઘેરઘેર પ્રચાર થઈ રહ્યો છે, તેનું શું કારણ છે? ભારત સરકારજ તેનું કારણ છે; કેમકે તેણે પોતેજ આ માદક વસ્તુઓ ઉપર ટેક્સ લગાવીને તેને ચાલુ રાખી છે અને તેને સ્થિરતા આપી છે. જો આજે રાજ્યના હુકમથી માદક વસ્તુઓની દુકાનો બંધ કરવામાં આવે અને તે પદાર્થોની આપ-લે બંધ કરવામાં આવે તો ઘણાખરા લોકો આ દુર્ગુણથી બચી જાય. આજે આ દેશમાં જુગાર, છળ-કપટ, ચોરી, લૂંટ, વ્યભિચાર અને કતલ–ખૂનરેજી વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. જો સરકાર ઇચ્છે તો તેને તે સતીપ્રથાની પેઠે એકદમ અટકાવી શકે છે. હાલમાં જે લૂંટ, મારામારી, ટંટાફિસાદ, કતલ અને ખુનામરકી થાય છે, તેના પાયારૂપે સરકારની નીતિજ કામ કરી રહી છે. જો તે ઇચ્છતી હોત તો આતતાયીઓ અને તેમના સાગરીતોને સજા કરીને ઠેકાણે લાવી શકત. જો સરકાર આ પ્રમાણે કરત તો અમે આગ્રહપૂર્વક કહીએ છીએ કે, જે અસંતોષ અને ક્રાંતિ ભારતવર્ષમાં હાલ ફેલાઈ રહ્યાં છે, તે કદી પણ ન થાત; પરંતુ ભારત-સરકાર નથી ઇચ્છતી કે, આ દેશના મનુષ્યો સમજી અને પરસ્પર મેળાપથી રહે. એમ થવાથી તો તેના સ્વાર્થમાં ધક્કો પહોંચે છે અને તેને નીતિમાં વાંધો આવે છે. તેથી નીતિશાસ્ત્રની '**यथा राजा तथा प्रजा**' એ ધારણા અક્ષરશઃ સત્ય છે અને પ્રજામાં જે બુરાઈઓ આજે જોવામાં આવે છે, તે રાજ્યકર્તાની કૃપાનાં પરિણામ છે. અસ્તુ.

અમે પ્રાર્થના કરી છીએ કે, હે પ્રભો! ભારતવર્ષના રાજા પોતાની પ્રજાના શુભચિંતક અને કલ્યાણ ઇચ્છનાર હો, કે જેથી કરીને વર્તમાન સમયમાં દેશભરમાં ફેલાયલી ખૂનરેજી અને અશાંતિ દૂર થાય અને રાજા તથા પ્રજા શાંતિપૂર્વક પોતપોતાના કર્તવ્યનું પાલન કરી શકે.

('શુદ્ધિસમાચાર'માંના ચિદાનંદ સંન્યાસીના લેખનો સ્વતંત્રાનુવાદ)

૧૪૮—નિઠુર સમાજ

પંડિતોં કી પોથી પોથી—કામ કી રહેગી નહીં, વેદ–ઉપનિષદોં કા નિયમ ન ભાયેગા.
શિખા-સૂત્ર-ધારિયોં કા, પાયેગા ઠિકાના કહાં, ગૌઓં કા રક્ષક ચોટી ભક્ષક કહાયેગા.
ગર્વ કરતા હૈ, જિન આર્ય-પુરખાઓંપર, ઉનકા નિશાન ભી ન ઢૂંઢને સે પાયેગા.
યદિ સોનાયેગા તૂ અંતર આખોં ધ્ર ન, નિઠુર–સમાજ ! તેરા નામ મિટ જાયેગા.

('હિંદપંચ'ના 'રાખા'ના લેખક–શ્રી હરીઝબ સિંહ "પંક")

૧૪૯–આદર્શ કા અપમાન

કિસી આદર્શ પુરુષ કે ઉન્નત ચરિત્ર કે પરાક્રમ કે આગે મનુષ્યમાત્ર કા મસ્તક આત્મમેવ [illegible] ઝુક જાતા હૈ ઔર ઉસ પૂજ્ય મહાપુરુષ કી ઉપાસના સે માનવ–સમુદાય ઉસે અપના આદર્શ માનને લગતા હૈ. માનવ કે ઉચિત સમ્માન કે ફલસ્વરૂપ સમાજ સમુન્નત હોતા હૈ ઔર સમાજ કે લોગોં મેં શાન્તિ ઔર સુખ કા સામ્રાજ્ય સ્થાપિત હોતા હૈ; કિંતુ સમાજ ઇસ રૂપ મેં તભી તક ગૌરવાન્વિત હો સકતા હૈ, જબ તક સમાજ કે લોગ બુદ્ધિ ઔર વિવેક સે કામ લે કર આદર્શ પુરુષ કે આદર્શ ચરિત્ર, નિર્મલ આચરણ ઔર નિષ્કપટ વ્યવહારોં કો અપનાને તથા જીવન કો સફલ બનાને કી ચેષ્ટા મેં રત રહતે હૈં. અન્યથા સમાજ કી અવનતિ હોને લગતી હૈ ઔર આદર્શ ચરિત્ર ગૌરવ–ગાથામાત્ર હી રહ જાતે હૈં–ઉનકા કુછ ભી મહત્ત્વ નહીં રહતા.

[illegible] સમાજ કો આદર્શ પુરુષોં કે જીવન કી પવિત્ર ઘટનાઓં કો અસંભવ ઔર અ- [illegible] મિશ્રણ સે ધીરે ધીરે આદર્શ પુરુષોં કી ઉપાસના [illegible] વિચિત્રતાઓં કી માત્રા સત્ય ઘટનાઓં મેં બઢને લગતી હૈ, સત્- [illegible] હૈ, આદર્શ જીવન કે અનુસરણ મેં સમાજ કે સાધારણ લોગ [illegible] ઔર સમાજ ક્રમશઃ પતન કો પ્રાપ્ત હોતા જાતા હૈ. [illegible] આડમ્બર મેં આબદ્ધ હોને લગતે હૈં ઔર ધર્મ- [illegible] ઇસ પ્રકાર નિર્મૂલ ઔર નિસ્સાર બાતોં કે મિશ્રણ સે આદર્શ [illegible] કી બુદ્ધિ સે દૂર હો કર વિચારપૂર્ણ લોગોં કે [illegible]

[illegible] શ્રીરામચંદ્રજી કે આદર્શ ચરિત્ર કો [illegible] મહાકવિ વાલ્મીકિ ઔર તુલસીદાસ ને [illegible] હૈ, ઉનમેં માનવ કી સભી અવસ્થાઓં કા ચિત્ર [illegible] ચરિત્ર ઉસ વિલક્ષણતા [illegible] અનુમોદક [illegible] નહીં હૈ, [illegible]

આદર્શ પુરુષોં કી આત્મા કે આગે નતમસ્તક હો, કુછ લોગોં ને ઉનકા સંમાન 'પરમેશ્વર કા અવતાર' માન કર કિયા. યહ સત્યતા કી સીમા કે ઉલ્લંઘન કી પહલી અવસ્થા થી. ફિર તો સ્વેચ્છાચારિતા ને અપના ઐસા આતંક જમાયા, કિ અવતાર કા આદર્શ ભી ભ્રષ્ટ હો ગયા; ક્યોં કિ લોગ 'અવતાર' કે સંબંધ મેં નિર્ણય હો કર અપને મન કી બાતેં ગઢને લગે–ચાહે વે બાતેં સંભવ હો યા અસંભવ. ઉનકે આગે તો યહ વિચાર થા કિ ઈશ્વર કી સર્વશક્તિમત્તા કે લિયે કુછ ભી અસંભવ નહીં.

આજ શ્રીરામચંદ્રજી કી પૂજા, ભક્તિ ઔર શ્રદ્ધા ને દૂસરે હી રૂપ મેં જોર પકડા હૈ. ઇસ રૂપ મેં જિન શોચનીય આશ્ચર્યભરી બાતોં કા સમાવેશ હૈ, ઉનપર વિચાર કરને સે સમાજ કે પતન કા પૂરા–પૂરા પરિચય મિલતા હૈ. અવતાર મેં કૃષ્ણ ઔર રામ હિંદૂઓં કે પરમપૂજ્ય અવતાર હૈં. કૃષ્ણ કા ચરિત્ર શૃંગારરસ કા ભાંડાર હૈ, ચાહે વહ કિસી કારણ સે હુઆ હો; પરંતુ અબ તક રામભક્તોં કો યહ આનંદ નહીં મિલતા થા, શૃંગાર કી વહ બડી લહર ઉનકે જીવન કો પરિપ્લાવિત નહીં કરતી થી ઔર આનંદોત્સવ તથા સ્વેચ્છાચારિતા કા સુઅવસર ઉનકે હાથ નહીં આતા થા. શાંત ભી કબતક રહતે ? જિસ શૃંગાર–રસ કા પાન કર વે વૈદિક ગૌરવ સે હાથ ધો બૈઠે થે, ઉસસે ખાલી રહ, રૂખે સ્વર સે રામ–નામ કા જાપ કબતક કરતે રહતે ? વહ સમય આજ આ હી ગયા, જબ રામ કે ભક્ત ભી કૃષ્ણ–ભક્તોં કી સમાનતા મેં શૃંગાર કા ખૂબ આનંદ ઉડાને લગે.

રામ કે સાથ સીતા કા સમ્માન બઢા, સીતા–રામ 'યુગલ–સરકાર'કી ઉપાધિ સે વિભૂષિત હુએ, નરોત્તમ રામજી રામલલા બનાયે ગયે, કૃષ્ણ કી ગોપિયોં કે સમાન રામ કી મર્દાની સખિયોં ઉત્પન્ન હુઈ, રામ કોહબર મેં સુલાયે જાને લગે, સખિયોં સે ઠઠ્ઠોલ કરને લગે, બીસવીં સદી મેં ભી અપને સસુર, સાસ, સાલે આદિ કે નાતે કા મોદ મનાને લગે ઔર મોક્ષ દેતે–દેતે બેટા–બેટી, પોતા–પોતી ભી દેને લગે.

ઇન બાતોં કે પ્રચાર મેં કેવલ અજ્ઞાનિયોં કા હી હાથ નહીં રહા; વિદ્યા–ખોજ હોનેવાલોં ને ભી ભરપૂર સહાયતા દી. ધનિયોં ને રામજન્મ, રામ–વિવાહ, રામ–કોહબર, રામ–કલેવા આદિ મેં જી ખોલકર ધન દે, આનંદ મનાયા ઔર પુસ્તક–પ્રકાશકો ને આંખેં બંદ કર અપને આદર્શ પુરુષ કે ચરિત્રપર કુછ ભી ધ્યાન ન દે, કિંચિત્ લાભ કી પ્રેરણા સે ઇન નિર્મૂલ ઔર અપમાન-જનક બાતોં કે પ્રચાર મેં સહાયતા પહુંચાનેવાલી પુસ્તકોં કો પ્રકાશિત કિયા. સાથ હી જિન લોગોં કો પ્રસિદ્ધિ કા ઔર કોઇ માર્ગ નહીં દિખાઇ પડતા થા, વે દૌડકર સાડી–ઘુંઘરુ પહન, રામજી કી સખિયાં બન આરતી લે, રામ–ભક્તિ મેં મસ્ત થિરકને લગે, રોને લગે, સિસકને લગે ઔર તરને લગે.

ક્યા વિચારશીલતા હૈ ! જિસ દેશ કે પુરુષો કે આચરણ સે સંસાર કે પુરુષો કો આચાર કી શિક્ષા લેની થી, વહીં કે પુરુષ ભક્તિ મેં મસ્ત લહંગા–સાડી પહને, ભગવાન કી સખિયોં બન મટક–મટક કર ભગવાન કો રિઝા રહે હૈં. જિસ દેશ કે ઋષિયો કે શાસ્ત્રોં કી સમાનતા કે ગ્રંથ સંસાર કે કિસી ભાગ કે વિદ્વાન ને આજતક ઉત્પન્ન નહીં કિયે, વહીં કે લોગ આજ 'રમરહબો રાજતોરે પિઉવરવા' કે આલાપ મેં મસ્ત હો રહે હૈં. જિસ દેશ કે દાર્શનિકો ને પરમાત્મા ઔર આત્મા કે વિકટ પ્રશ્ન કો સંસાર મે સબને પહલે સુલઝાને કા ગૌરવ પ્રાપ્ત કિયા, વહીં કે લોગ જીવાત્મા કો ભી પૂર્ણ પરમાત્મા માન, ઉસકી મર્યાદા કો ભી નષ્ટ કર રહે હૈં. જહાં કે યોગિયોં ને પરમાત્મા કી પ્રાપ્તિ કા માર્ગ–યોગ બતલાકર વર્ષોં તપશ્ચર્યા સે ઇંદ્રિયોં કા સાધન કિયા, વહીં કે મનમાની બાતોં કે પ્રચારક મોક્ષ કે સૌદે કો સાધારણ મૂલ્ય મે ભોગ–વિલાસ મેં લિપ્ત હોકર મોલ લે લેનેકી હેકડી ભરતે હૈં.

જો કુછ હો, અંધભક્તિ ઔર ગુણાનુરૂપ ઉપાસના, જ્ઞાન ઔર અજ્ઞાન, સત્કર્માનુષ્ઠાન ઔર હેકડી કા ભરના, ભિન્ન–ભિન્ન વસ્તુએં હૈં. સમાજ કા વાસ્તવિક લાભ પ્રત્યેક દશા મેં પહલી

-બાત કે માનને મેં હી હૈ. નિર્મૂલ બાતોં કા પ્રચાર કિસી આદર્શ પુરુષ કે જીવન કે સાથ કરના ઉસકે આદર્શ કો નષ્ટ કરના હૈ. યહી કારણ હૈ, કિ આદર્શ પુરુષ શ્રીરામચંદ્રજી કે ચરિત્ર કા અપમાન કર ભાઈ ભાઇ કે પ્રાણ કા ગ્રાહક બન બૈઠતા હૈ, પુત્ર પિતા કે રક્ત કા પ્યાસા રહતા હૈ, માતા ઔર પુત્ર મેં નૈસર્ગિક પ્રેમ કા અભાવ પાયા જાતા હૈ, રાજા અપને ઉત્તરદાયિત્વ કો નહીં પહચાનતા, પ્રજા અત્યાચારી રાજ્ય સે પીડિત હોતી રહતી હૈ, સમાજ મેં અધર્મ ઔર પાખંડ કા પ્રચાર જોર પકડતા જાતા હૈ ઔર હિન્દૂસમાજ અપને આર્ય-ગૌરવ કો ખો કર અપમાનિત હો રહા હૈ. સમાજ કા પુનરુદ્ધાર પાખંડ કે ત્યાગ ઔર સત્ય કે ગ્રહણ મેં હૈ, સમાજ કે લોગોં કા જીવન શુદ્ધ હોના આદર્શ પુરુષોં કે જીવન કી સચ્ચી ઘટનાઓં કે અનુસરણ સે સંભવ હૈ ઔર સમાજ કી સુખ-શાંતિ આપ્ત પુરુષોં કે અપમાનોં કો દૂર કરને મેં હૈ.

("હિંદૂપંચ"ના 'રામાંક'માં લેખકઃ-પાંડેય રામાવતાર શર્મા બી. એ.)

૧૫૦-ભગવાન રામચંદ્ર

ભગવાન રામચંદ્રજી કો મર્યાદા-પુરુષોત્તમ કહા હૈ. ઉનકે પવિત્ર નામ કી સુરસરિતા ને સારે મનુષ્યજીવન કો પવિત્ર કર દિયા હૈ. ભગવાન ને નરરૂપ ધારણ કર ઇસ શરીર કી દૈવી સંભાવનાઓં કો પ્રકાશિત કર ઉસકો દેવ-દુર્લભ બના દિયા. આઇયે, આજ ઉનકે જન્મ કી પુણ્ય-તિથિ મેં ઉનકે જીવન પર ક્ષણિક દૃષ્ટિપાત કર ઉનકા જન્મ-મહોત્સવ મનાયેં ઔર ઉસસે ઉપદેશ ગ્રહણ કર અપને જીવન કો સફલ બનાયેં. શ્રીરામચંદ્રજી કર્તવ્ય-પરાયણ તો થે હી, કિંતુ ઉન્હોંને કષ્ટમય જીવન વ્યતીત કર કે સંસાર કો દુઃખ કા મહત્ત્વ બતલાયા. શ્રીરામ ને અપને ઉપદેશ મેં નર-તન કી મહિમા ગા કર બતલાયા હૈ, કિ ઉસકા ઉદ્દેશ વિષય-ભોગ નહીં હૈ. દેખિયેઃ-

"બડે ભાગ માનુષ તન પાવા, સુર-દુર્લભ સબ ગ્રંથ હી ગાવા.
સાધન-ધામ મોક્ષ કર દ્વારા, પાઇ ન જિહિ પરલોક સંવારા.
× × × × ×
યહિ તન કર ફલ વિષય ન ભાઇ, સ્વર્ગહુ સ્વલ્પ અંત દુઃખદાઇ;
નર-તન પાય વિષય મન દેહીં, પલટિ સુધા તે શઠ વિષ લેહીં.
તાહિ કબહુ ભલ કહૈ ન કોઈ, ગુંજા ગહૈ પરસ મનિ ખોઈ.

શ્રીરામચંદ્રજી ને ઇસ ઉપદેશ કો અપને જીવન મેં ચરિતાર્થ કર સંસાર કો બતલા દિયા, કિ માનવ-શરીર ને ક્યા-ક્યા હો સકતા હૈ. પહલી બાર હમ ઉનકી વિનયશીલતા કા પરિચય પરશુરામ-સંવાદ મેં પાતે હૈં. વે ધનુષ કો તોડને કા દુર્લભ કાર્ય કર કે ભી પરશુરામજી કે સંમુખ વિનય કા વ્યવહાર, અપની શક્તિ મેં વિશ્વાસ રખતે ઔર પરશુરામજી કી કટૂક્તિ સુનતે હુએ ભિન્ન સંબોધન કરતે હૈં વે ઉનકી વિનયશીલતા કા પૂરા પરિચય દેતે હૈં; ઔર વહ વિનય-શીલતા દેખકર હમેં શ્રદ્ધા સે નતમસ્તક હો જાના પડતા હૈ. વે કહતે હૈં—

"નાથ શંભુ-ધનુ-ભંજન હારા. હુઇ હૈ કોઉ એક દાસ તિહારા."

ઔર—

"રામ રમાપતિ કર ધનુ લેહૂ, ખેંચહુ ચાપ મિટૈ સંદેહૂ."

ઇસકે બાદ અપની શક્તિ કા પરિચય દેતે હૈં. [illegible] શક્તિ [illegible] ... [illegible]

યદિ વે ચાહતે તો [illegible], તો [illegible] અપને [illegible] કિંતુ ઉન્હોંને અપને [illegible] કી ભાંતિ ઉનકા અપના રાજ્ય પાલન કરને મેં [illegible]. [illegible] લોગોં કી પ્રતિષ્ઠા ઔર [illegible] ન કે, ઉનકો ભી [illegible] ભરતજી કે [illegible] ઔર ફિર [illegible] ન દિયે. [illegible] ઔર [illegible] દુઃખ મેં ઉનકો મન કો કભી ભી વિચલિત ન કિયા, વન મેં [illegible] પડા. ઉન્હોંને દુઃખ [illegible] દિયા, કિ [illegible] ઔર [illegible] ભી ઉનમેં [illegible] વર્તમાન થા. સુગ્રીવ કી મૈત્રી [illegible], ઉસકા [illegible] સૌંપા, [illegible] ઔર [illegible] સ્નેહ ઔર માનવી ભાવોં કા પરિચય દિયા. [illegible] પરિચય [illegible] વિજય-લાભ કિયા. ફિર [illegible] સે ભી અપને લિયે ન રખા, [illegible] વિભીષણ કો સૌંપ દિયા. જબ ઉન્હોંને અપને રાજ્ય કો ભી તિરસ્કાર કર દિયા થા, તો દૂસરે કે રાજ્ય કે લિયે મન કૈસે વિચલિત કર સકતે થે! લંકા સે ઘર લૌટે, પ્રેમ સે પ્રજાપાલન કરને લગે. ઇતને મેં ભી એક ધોબી કી બાત સુન, લોકમત કા ઇતના આદર કિયા, કિ [illegible] સીતા કો ભી, જિનકે પીછે સમુદ્રપર પુલ બાંધને ઔર લંકા વિજય કરને કા કષ્ટ ઉઠાના પડા થા, વનવાસ દે દિયા. કહા જાતા હૈ, કિ સીતાજી કે સાથ અન્યાય હુઆ; કિંતુ જબ હમ ઇસપર ધ્યાન દેતે હૈં, તો દેખતે હૈં, કિ રાજા હોતે હુએ ભી ઉન્હોંને એકપત્નીવ્રત પાલન કિયા; દૂસરા વિવાહ ન કિયા. રાજસૂય-યજ્ઞ મેં ભી સીતાજી કી હી સ્વર્ણ-મૂર્તિ સ્થાપિત કી. ઉન્હોંને સીતાજી કો દુઃખ દિયા, તો સ્વયં ભી સુખ નહીં ઉઠાયા. ઉનકો અપની કીર્તિ કી ભી ઇતની પરવાહ ન થી, કિંતુ વે અપને ઉજ્જ્વલ વંશ કી શુભ કીર્તિ પર કલંક નહીં લગાના ચાહતે થે. ઇસ લિયે કિસી કે કહને કે કારણ અગ્નિપરીક્ષા ઔર ઉસકે બાદ સ્વયં સીતાજી કી પરવાહ ન કર ઉમ્રભર દુઃખ ઉઠાયા. ઉન્હોંને સચ્ચરિત્ર ઔર ધર્મ-પરાયણ હો કર ભી કિતના દુઃખ સહા, ઇસને ભર કી કીર્તિ કો પ્રત્યેક ભારતીય આ-ત્મા કે હૃદય-પટ પર અંકિત કર દિયા. આઓ, આજ હમ ઉનકે પવિત્ર આદર્શ કો અપને હૃદય મંદિર મેં સ્થાપિત કર અસલી જન્મ-મહોત્સવ મનાયેં!!

("હિંદૂપંચ"ના 'રામાંક'માં લેખકઃ-શ્રી૦ ગુલાબરાયજી, એમ. એ. એલ. એલ. બી.)

૧૫૧—અનુરોધ

નાથ! ભારત મહઁ આય પધારહુ.
આરત હૌં સબ ભારતવાસી, અબ નિજ રૂપ દિખાવહુ.
ધન અરુ જન સોં હીન ભયો હૈ, લખિ યહ દેશ સંભારહુ;
દીન-બંધુ કહલાઈ નાથ! તુમ, દીનન-કષ્ટ નસાવહુ.
પતન કિયો અરિ ધરમ હમારો, સો અવિલંબ બચાવહુ;
સત્ય કરહુ ગીતા કી વાણી, ભારત-ભાગ્ય જગાવહુ.
પુનિ-પુનિ બિનતિ 'કર્ણ' કરત હૈ, તા પૈ ધ્યાન લગાવહુ;
અબ જનિ કરઅતિ દેર નાથ! તુમ, વેગિ દયા કરી ધાવહુ.

("હિંદુપંચ"ના 'રામાંક'મા લેખક-શ્રી દેવનારાયણ લાલ 'કર્ણ').

૧૫૨–ગુરુકુલ અને કુલપતિ કેવા હોય?

ગાયનું દૂધ અર્ધો શેર (૨૦ તોલા), ગાયનુ મૂત્ર ૫ તોલા, ગાયના છાણનો રસ ૨ાા તોલા, ગાયનું સારૂં દહીં ૧ા તોલો, ગાયનું ઘી ૧૦ માસા અને મધ ૪ માસા, એ બધાને મેળવીને કાચના કે માટીના વાસણમાં ઘુંટીને એકરસ કરી લેવુ ત્યાર પછી સૂર્યોદયસમયે સ્નાનાદિથી પરવારી સ્વચ્છ થઇને સૂર્યનારાયણ તરફ મુખ રાખીને ભગવાનનું ધ્યાન કરીને પી જવું. એમ

હમેશાં નિયમસર કરતા રહેવાથી મનુષ્યના રોગમાત્ર છૂમંતર થઇ જાય છે. જ્યાંસુધી માણસ આ પ્રયોગ કરે, ત્યાંસુધી તેણે થોડી ઘણી પરહેજી પાળતા રહેવું. અસ્તુ. મહારાજે મને એમ પણ કહેલું કે, તેમાં બ્રાહ્મીનો રસ પણ મેળવી શકાય છે અને મોતીની ભસ્મનુ પણ તેની સાથે સેવન કરવાથી અપૂર્વ ફાયદો થાય છે. આનું સેવન કરનાર માણસ ઇશ્વિરભક્ત, દયાવાન અને સત્યવાદી હોવા છતાં પણ તે જ્વરથી પીડાતો હોય, વિનાશકારક રોગોથી ગ્રસ્ત હોય અને જીવનથી નિરાશ થઇ ચૂક્યો હોય તો તેણે પોતાની શક્તિનો વિચાર કરીને આ ઔષધિનું ઓછા-વત્તા પ્રમાણમાં સેવન કરવું. જો આનું પાચન ન થાય તો પછી આ પ્રયોગ કરવો નકામો છે. વગેરે વગેરે. વૈદ્યકવિષે મહારાજશ્રી સાથે બીજી અનેક વાતો થઇ. અંતે સ્વામીજીએ કહ્યું કે, મેં જે પ્રયોગ તમને બતાવ્યો છે તે અપસ્માર અને ઉન્માદ ઉપર પણ અચૂક પરિણામદાયક છે. મંદ અને ભ્રષ્ટ બુદ્ધિવાળા પુરુષોને તો તે નિર્મળ જ્ઞાન દેનાર છે. હું બીજી પણ એક વાત સાંભળીને આનંદ પામ્યો. સ્વામીજીએ કહ્યું કે, આની વડે ઘી : પણ તૈયાર કરી શકાય છે. તે ઘણું કલ્યાણકારક છે. તે વિષે તમે 'વૈદ્યક'માં જોજો. બસ માત્ર આટલી ચર્ચા થઇને સમાપ્ત થઇ; કેમકે એટલી વાતોમાં તો મારું ગામ આવી પહોંચ્યું. હું મહારાજની આ અદ્‌ભુત યોજનાઓમાં એટલો બધો મસ્ત થઇ ગયો હતો કે મને મહારાજનું નામ ઠામ પૂછવાનું પણ ભાન ન રહ્યું. તેઓ કયાંથી આવ્યા ને કયાં જાય છે, તે પણ કશું પૂછવાનું યાદ ન રહ્યું. ન તો મારું સરનામું કહેવાનો પણ ખ્યાલ રહ્યો અને વિચારમાં ને વિચારમાં બહાર નીકળ્યો. ગાડી ઉપડી ગયા પછી યાદ આવ્યું એટલે ખેદ કરતો કરતો ઘેર આવી ગૃહકાર્યમાં સામેલ થઇ ગયો. પણ મેં મહારાજના બતાવેલા ઉપાયો એક પુસ્તક ઉપર લખી લીધા હતા. આજ કેટલાંક વર્ષ (દશ વર્ષ) પછી જ્યારે હું આ વિષય ઉપર લેખ લખવા બેઠો, ત્યારે અચાનક મહારાજે બતાવેલા પ્રયોગનો ખ્યાલ આવ્યો; એટલે મેં તે જેમનો તેમ આપ સૌની સમક્ષ રજુ કરવાની હિંમત કરી છે. મેં આજપર્યંત આનો અનુભવ નથી કર્યો, મને તે ખ્યાલમાં પણ રહ્યું ન હતું. આશા છે કે, જે મહાશયો આ પ્રયોગ કરે અને જે પરિણામ આવે તે મને જણાવશે તો ઘણોજ ઉપકાર થશે. આ પ્રસંગમાં મેં ઘણીખરી વાતો લખી નાખી છે, કયાંક કયાંક મહાકઠણ ઔષધિઓ પણ લખી છે. નિવેદન એટલુંજ છે કે, જો કોઇ મહાશય આ પ્રયોગ જાતે ન કરી શકે તો કોઇ વૈદ્ય પાસે તૈયાર કરાવે. સંસારમાં અનેક પ્રકારની ઔષધિઓ છે, પણ જે જે મળી આવે છે અથવા માલમ પડે છે, તેનો માણસ વિશેષ ઉપયોગ કરી શકે છે. આમાં ઘણી ઔષધિઓ વંશપરંપરાગત અનુભવાતી આવેલી પણ લખેલી છે. મેં પણ મારા અનુભવની ઔષધિઓ લખી છે અને ભગવાનને આદરપૂર્વક સાનંદ પ્રાર્થના કરું છું કે, હે દયામય કરુણાનિધાન ! આ ઔષધિઓથી લોકોનું જરૂર કલ્યાણ થજો. મારો લખેલો કોઇ પણ ઉપાય કોઇ પણ માનવના ઉપયોગમાં આવશે તો મારું જીવન સફળ સમજીશ.

('કૈલાસ'ના તા-૨૧-૩-૨૭ના અંકમાંથી અનૂદિત લેખકઃ-પં૦ મુરલીધર પરસાઈ વૈદ્ય)



૧૮૨—ભોજન

ભોજનસંબંધી અજ્ઞાન અને ઋતુ તથા પ્રકૃતિ પ્રમાણે નિયમિત ભોજન નહિ કરવાથી પેટમાં અનેક વિકારો ઉત્પન્ન થાય છે; તેથી દસ્ત સાફ આવતો નથી અને બંધકોશ અથવા કબજીઆત થાય છે. સર્વ કોઇ જાણે છે કે, દસ્ત સાફ ન આવવાથી અને પેટના વિકારોને લીધેજ માણસને અનેક જાતના સાધારણ તેમજ ભયંકર રોગો થાય છે. ડૉક્ટર કે વૈદ્યની પાસે જઇએ છીએ તો તે પ્રથમ એમજ પૂછે છે કે, દસ્ત સાફ આવે છે કે નહિ.

દસ્ત સાફ આવતો હોય તો રોગજ ક્યાંથી થાય? પ્રથમ તે દસ્ત ઉતારવાનીજ દવા આપે છે, અથવા જે રોગની દવા આપે છે તેના ભેગી દસ્તની દવા ભેળવી આપે છે. દસ્ત સાફ આવવાથી રોગ પણ શાન્ત થાય છે. જો રોગ વધારે થાય છે, તો તેને મારી હઠાવવો વૈદ્ય કે ડૉક્ટરોને પણ ભારે થઇ પડે છે. કોઇ પણ રોગ પેટના વિકારથીજ ઉત્પન્ન થાય છે.

કબજીઆત રહેવાથી આંતરડાં બરાબર કામ કરતાં નથી અને આંતરડાં બરાબર કામ કરતાં નહિ હોવાથી પાચનક્રિયા સારી થતી નથી, તેનાથી લોહી અને વીર્ય સારું થતું નથી; લોહીમાં બગાડ થવાથી ફોલ્લા, ખસ વગેરે દર્દ, પાંસળીમાં શૂળ થવું, હાડકાંમાં પીડા થવી, કૉલેરા વગેરે જેટલા રોગો છે, તે બધા પેટના વિકારથી થાય છે; પરંતુ માણસ અજ્ઞાનતાને લીધે તે તરફ કંઇ પણ ધ્યાન આપતો નથી; અને તેને સાધારણ સમજીને મહાન રોગોમાં સપડાઇ દુઃખ ભોગવે છે.

કબજીઆત એ બહુજ ભારે દર્દ છે, તેથી તેનાથી હરપળે બચવાનું ધ્યાનમાં રાખવું જોઇએ. આપણા દેશમાં કોઇ પણ ઘર આ રોગવિનાનું રહ્યું નથી. દરેક ઘેર કોઇ ને કોઇ માણસને આ રોગની ફરિયાદ હોય છેજ; તેથી આ રોગને સાધારણ નહિ સમજતાં તેના ઉપાય સર્વેએ કરવાજ જોઇએ.

માણસે નિરોગી અને દીર્ઘાયુ થવાનો આ એકજ સરળ ઉપાય છે કે રોજનો આહાર-વિહાર વિચારપૂર્વકજ કરવો અને ઋતુ તથા પ્રકૃતિ પ્રમાણે ભોજન કરવું.

ઉપરની રીતે ભોજન નહિ કરવાથી મનમાં ગ્લાનિ પેદા થાય છે, અપ્રસન્નતા રહે છે, શરીરમાં સુસ્તી, બેચેની, કોઇ પણ કામમાં મન ન લાગવું, માથું દુખવું, નિર્બળતા, મનમાં અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પ થવા, ખરાબ વ્યસનો તરફ મનનું જવું વગેરે અનેક પીડાઓ થાય છે; પણ માણસ જાણતો નથી કે, આનું કારણ શું છે!

યકૃત અને પ્લીહા, હૃદય તથા ફેફસાં ઉપર કબજીઆતની ખરાબ અસર થાય છે, વીર્યમાં પણ અનેક વિકારો પેદા થાય છે. પ્રમેહ, સ્વપ્નદોષ, હરસ વગેરે સામાન્ય તેમજ ભયંકર રોગો પણ આજ કારણે થાય છે. રોજ દસ્ત સાફ ન આવવાથી પેટમાં મળ એકઠો થાય છે, તેથી દુર્ગંધવાળો વાયુ લોહીમાં મળી આખા શરીરમાં ફેલાઇને શરીરને રોગી બનાવે છે; આ રીતે કબજીઆતથીજ અનેક રોગો ઉત્પન્ન થાય છે.

સ્ત્રી, પુરુષ, બાળક, વૃદ્ધ, એ બધાને પેટનાજ વિકારથી રોગ થાય છે, પરંતુ જ્યાંસુધી તે રોગ શરીર ઉપર પૂરેપૂરો જામી જતો નથી, ત્યાંસુધી લોકો અજ્ઞાનતાને લીધે તેની પરવા પણ કરતા નથી, તેથી દસ્ત હંમેશા સાફ આવે એ અત્યંત જરૂરનું છે. હંમેશા બરાબર પચી જાય તેવું ભોજન કરવું જોઇએ. કેમકે—

ભોજનના અજ્ઞાનથીજ કબજીઆત થાય છે. અજીર્ણ હોય ત્યારે ભોજન કદાપિ કરો નહિ. ભૂખ્યા રહેવા જેટલું બહુજ ઓછું ભોજન પણ કરો નહિ. ભોજન કરતાં વધારે વસ્તુઓ ઠાંસી ખાઓ નહિ.

શરીર તંદુરસ્ત હોય તો તેથી પણ વધારે બળવાન થવા માટે ભૂખે સૂઓ પણ નાસ્તો ટાળો

કે પુષ્ટિ આપનાર પદાર્થો ખાતા નહિ. જે પદાર્થો પુષ્ટિ આપનારા છે, તેમાંના ઘણા ખરા કબજીઆત કરનારા હોય છે. વધારે મસાલા ખાવા તે પણ હિતકારક નથી.

શરીરના પોષણમાટે જેટલા ખોરાકની જરૂર હોય છે, તે પચાવવા માટે રોજ પાંચ જાતના રસ પેદા થાય છે; અને તે ખોરાકને પચાવી તેનું લોહી વગેરે બનાવી શરીરને પોષણ આપે છે. પરંતુ અનેક પ્રકારના મસાલાવાળું સ્વાદિષ્ટ ભોજન હોવાથી માણસ ખૂબ ખાય છે, ત્યારે તે પચાવવા માટે રસ ઓછો પડવાથી બરાબર પચી શકતું નથી; કેમકે પાચક રસ ઉત્પન્ન કરનાર પેટ વધારે ભરાવાથી તે પોતાનું કામ બરાબર કરી શકતું નથી. તેથી પાચક રસ ઓછો થવાથી તેમજ પચવામાં વાર થવાથી મળ સૂકાઇને આંતરડાંમાં જામી જાય છે; એટલે તે બહાર નીકળવો મુશ્કેલ થઇ પડે છે. તેથી દસ્ત સાફ નહિ ઉતરતાં તે સૂકાયેલો મળ આંતરડાંમાં એકઠો થઇ તેમને કમજોર બનાવે છે. આ રીતેજ કબજીઆતમાંથી વધીને બીજા રોગો પેદા થાય છે.

નિયમિત ભોજન નહિ કરવાથી અથવા શરીરના પોષણપૂરતા ખોરાક કરતાં ઓછો લેવાથી પણ શરીરનાં યંત્રો તેમનું કામ સારી રીતે નથી કરતાં, તેથી પણ મળ સૂકાઇને એજ દશા થાય છે. જરૂરવિનાના પુષ્ટિકારક ખોરાકો લેવાથી પણ આંતરડાં તે પચાવવાને અશક્ત થાય છે અને તેથી કબજીઆત થાય છે.

તેથીજ કુદરતે શરીરને નિરોગી રાખી પોષણ કરનારા પદાર્થો સારી રીતે પચે તેટલા માટે તેની સાથે બીનજરૂરી પદાર્થો પણ ભેળવી દીધેલા છે.

જેમકે:-ઘઉં અને તેની ઉપરનાં છોડાં. સર્વ કોઈ જાણે છે કે, ઘઉંનો લોટ જેટલો જાડો તેટલો જલદી પચે છે. ઘઉંનો મેંદો જેટલો વધારે બારીક તેટલોજ વધારે સમય તેમાંથી બનાવેલી ચીજો પચવામાં લાગશે. માંદા માણસોને જલદી પચે તેટલા માટે ઘઉંનાં ફાડીયાંજ ખવડાવે છે. ઘઉંના લોટ કરતાં મેંદો પચવામાં વધારે ભારે છે; તેજ પ્રમાણે મગ, અડદ અને મસુરની છોડાં વિનાની દાળ પચતાં વધારે વાર લાગે છે; અને છોડાંવાળી જલદી પચી જાય છે. કુદરતે કોઇ પણ પદાર્થ અને તેનો કોઇ પણ ભાગ નકાનો બનાવ્યો નથી. તેથી બને ત્યાંસુધી કબજીઆત કરનારા પદાર્થોનું સેવન નહિ કરવું જોઇએ.

કોઇ કહેશે કે, સઘળા પદાર્થ ખાવા માટેજ બનાવેલા છે તો શામાટે ન ખાવા? માણસ કુદરતના નિયમો પ્રમાણે ઋતુ અને પ્રકૃતિનો વિચાર કરીને હમેશાં તેનું સેવન કરે તો કંઇ નુકસાન નથી; પરંતુ વાત એવી છે કે, લોકો અજ્ઞાનતાને લીધે જે ભાવ્યું તે ખાધાજ કરે છે. તેમને નથી હોતું ઋતુનું ભાન કે નથી થતો પ્રકૃતિનો વિચાર કે અમુક વસ્તુ નુકસાન કરશે. અનેક દર્દીઓ વધવાનું બસ આ એકજ કારણ છે.

કેટલાક તમાકુ, સીગારેટ, બીડી વગેરે પીએ છે અને કહે છે કે, તેનાથી દસ્ત સાફ આવે છે. તમાકુ ખાઇને દસ્ત સાફ ઉતરવાની આશાએ તેઓ જાજરૂ જાય છે, પણ તેઓ જાણી જોઇને પોતાને હાથેજ પોતાના પગમાં કુહાડી મારી રહ્યા છે. ભવિષ્યમાં તેમને તેથી ખૂબજ નુકસાન થવાનું છે, કેમકે આ બીનજરૂરી વસ્તુઓથી પણ કબજીઆત થાય છે; પરંતુ તેની તેમને કંઇ ખબરજ નથી.

વીર્યની નબળાઇથી તેમજ વધારે વિષયસેવનથી પણ પાચનશક્તિ ઓછી થાય છે. તેમને પણ કબજીઆત અને અજીર્ણ થાય છે; તેથી ઉપર લખેલી કબજીઆત કરનારી ખોટી આદતોને છોડી દેવી જોઇએ.

કબજીઆત દૂર કરવાના સરળ ઉપાય

અનેક પ્રકારના ભારે પદાર્થો જમવાથી કબજીઆત થઇ હોય તો મસાલા અને ભારે પદાર્થો ખાવાના છોડવા જોઇએ. બને ત્યાંસુધી સાદું ભોજન અને ફળનું સેવન કરવું જોઇએ, શાકભાજી જરૂર ખાવી અને ભોજન હમેશાં સારી પેઠે ચાવીને કરવું જોઇએ.

નિયમિત ભોજન નહિ કરવાથી તથા ઓછું ખાઇ ભૂખ્યા રહેવાથી કબજીઆત થઇ હોય તો

જૂના ચોખાનો

માં એકદમ દાખલ થાય તેવું બહુજ હલકું ભોજન જેવું કે-ખીચડી, દાળ,
ખીર, દૂધ વગેરે લેવું જોઇએ.

નિયમસર ભોજન ન મળવાથી આંતરડાં ખાલી હોઇને સંકોચાઇ જાય છે અને શૂન્યથી વાયુ
થઇને આંતરડાંના મળને સૂકવી દે છે; તેથી આંતરડાંમાં ફેલાઇને સૂકાયેલા મળને કાઢી
એવા પદાર્થોનું સેવન કરવું લાભકારક છે. વધારે પૌષ્ટિક વસ્તુઓ તથા ઔષધિઓ ખાવાથી
જઆત થઇ હોય તો પકવેલાં કાઢીઓ, છોડાં સાથે મગની દાળ, ચોળાફળી, પાલખ, બથવો
ા), મેથી વગેરેનું શાક, લીંબું અને તાજાં ફળ ખાવાં જોઇએ.

વધારે પાન ખાનારા, તમાકુ ખાનારા-પીનારા તથા સીગારેટ-બીડી પીનારાઓને કબજીઆત
તો તેમણે તેવું સેવન ઓછું કરવું જોઇએ. વીર્યની નબળાઇથી મંદાગ્નિ થાય છે અને
ંકર કબજીઆત થાય છે-અર્થાત્ કબજીઆતથી બીજા પણ અનેક રોગ ઉત્પન્ન થાય છે.

તેને માટે વિષયનો ત્યાગ કરીને વિષયવિકાર દૂર કરવો અને વીર્યવૃદ્ધિ કરનારા તથા પુષ્ટિ
ાપનારા પદાર્થોનું સેવન કરવું જોઇએ; પરંતુ એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે, જેઓ પારો
ગેરે એકદમ બળદાયક વસ્તુઓનું સેવન કરે છે, તેઓ પહેલા તો એટલા બધા વિષયાસક્ત
થયેલા હોય છે કે આગળ પાછળની કંઇ ખબરજ નથી રાખતા. જ્યારે વીર્ય ઓછું થવાથી
અગ્નિ મંદ થઇ જાય છે અને અનેક રોગ થવા માંડે છે, ત્યારેજ તેઓ એકદમ બળવાન બનાવે
એવી દવાઓ ખોળે છે.

આ લાલચમાં ફસાઇને તે અજ્ઞાનીઓ શરીરમાં હાથી અને વાઘ સાથે લડવા જેવું બળ
પેદા કરવા માટે તે જાતની જાહેર ઔષધિઓનું સેવન કરીને વધારે નુકસાન ભોગવે છે.

એકદમ પારા વગેરેનું સેવન કરવાથી તેમની સ્થિતિ વળી વધારે ખરાબ થાય છે. વળી યાદ
રાખવું જોઇએ કે, બળદાયક દવાઓ પચાવવામાટે પણ બળની જરૂર છે, તેથી પ્રથમ તે બળદાયક
દવાઓ પચાવવા માટે શરીરમાં બળ પેદા કરવું જોઇએ; અને ત્યારેજ તે દવાઓ ફાયદો કરશે.

આને માટે કુદરતી પદાર્થો(ખોરાક)જ પૂરતા છે. વીર્ય ઉત્પન્ન કરનારા, વીર્યને પુષ્ટ કરનારા
અને વધારનારા ખોરાક લેવા જોઇએ.

જરૂરની સૂચના

કબજીઆત થતાં લોકો આઠમે દશમે દિવસે કે મહીને બે મહીને જુલાબ લીધા કરે છે.
કેટલાક તો આઠમે દિવસે જુલાબ લીધાજ કરે છે. આ તેમની જબરી ભૂલ છે. વારંવાર જુલાબ
લેવાથી વળી વંધારે કબજીઆત થાય છે, ઓછી નથી થતી; અને આંતરડાં દિનપ્રતિદિન નિર્બળ
થતાં જાય છે. કોઈ કોઈ તો દસ્ત સાફ લાવવાની દવા રોજ લે છે, નહિ તો તેમને દસ્ત
પણ ન ઉતરે.

આવી ટેવ પાડવી એ તંદુરસ્તી માટે અત્યંત હાનિકારક છે. કેટલા બધા દુઃખની વાત છે
કે, વૈદકશાસ્ત્રનું કંઇ પણ જ્ઞાન ન હોવાથી મનુષ્ય પોતાને હાથેજ રોગ ઉત્પન્ન કરે છે. જુલાબની
સઘળી દવાઓ જલદ હોય છે. પ્રથમ તો તે તેની ગરમીથી મળને કાઢી નાખે છે; પરંતુ પાછળથી
તંદુરસ્તીને ખૂબ નુકસાન કરે છે.

વારંવાર જુલાબ લેવાથી શરીરના આંતરિક અવયવો નિર્બળ થઇ જાય છે, તથા તેને લીધે
આગળ જતા અનેક રોગ શરીરમા ઘર ઘાલીને બેસે છે; અને શરીર છૂટે છે ત્યારેજ તેમનોક
નાશ થાય છે.

("ચિકિત્સક"ના ઑગષ્ટ ૧૯૨૬ના અંક ઉપરથી અનુવાદ)

કે પુષ્ટિ [illegible] પદાર્થો ખાતા નહિ. જે પદાર્થો પુષ્ટિ આપનારા છે, તેમાંના ઘણા ખરા [illegible] છે. વધારે મસાલા ખાવા તે પણ હિતકારક નથી.

[illegible] જેટલા ખોરાકની જરૂર હોય છે, તે પચાવવા માટે રોજ [illegible] છે; અને તે ખોરાકને પચાવી તેનું લોહી વગેરે બનાવી શરીરને પોષણ [illegible]. મસાલાવાળું સ્વાદિષ્ટ ભોજન હોવાથી માણસ ખૂબ ખાય છે. [illegible] રસ થોડો પડવાથી બરાબર પચી શકતું નથી; કેમકે પાચક રસ ઉત્પન્ન [illegible] તે પોતાનું કામ બરાબર કરી શકતું નથી. તેથી પાચક રસ ઓછો [illegible] મળ સુકાઈને આંતરડાંમાં જામી જાય છે; એટલે તે બહાર [illegible] નહિ ઊતરતાં તે સુકાયેલો મળ આંતરડાંમાં એકઠો [illegible] છે. [illegible] રોગો પેદા થાય છે.

[illegible] અથવા શરીરના પોષણપૂરતા ખોરાક કરતાં ઓછો [illegible] કામ સારી રીતે નથી કરતાં, તેથી પણ મળ સુકાઈને એમ [illegible] તેથી પણ આંતરડાં તે પચાવવાને અશક્ત થાય છે [illegible]

[illegible] પોષણ કરનારા પદાર્થો સારી રીતે [illegible] જાણી લીધા છે.

[illegible]

નાડીઓમાં કેવળ ધર્મનું રુધિર વહે છે, ધર્મમાટેજ તેઓ જીવે છે. બંને બાળકો વઝીરખાનની વાત સાંભળી કાંઈ પણ બોલ્યા નહિ, તેથી તે ગુસ્સે થઇ ગયો અને જવાબમાં બોલ્યો કે "જો તમે જીવવાની ઇચ્છા રાખતા હો તો જલદી મુસલમાન બની જાઓ, નહિ તો દિવાલની અંદર તમને બંનેને જીવતા ચણી લેવામાં આવશે."

મહાત્મા તેગબહાદૂરના પૌત્રો સામે ધર્મત્યાગ કરવા જેવી અસંભવ વાત! બંને વીરબાળકોના ચહેરા ધર્મઝનુનથી લાલચોળ જેવા બની ગયા. તેઓ થોડી વાર તો કંઈ બોલ્યા નહિ. છેવટે મોટા બાળકે કહ્યું "સુબા સાહેબ! શું તમે જાણતા નથી કે, અમે ગુરુ નાનકદેવનાં વંશજ છીએ? શું તમે એમ સમજો છો કે, અમે ધર્મ વેચીને જીવનારા તુચ્છ પ્રાણીઓ છીએ? શું ગુરુ ગોવિંદસિંહની સંતાનીમાંજ તેનાં બાળકો જ્યારે ત્યારે પણ નાશ પામનારા આ તુચ્છ દેહમાટે પોતાના મોંઘા ધર્મને વેચી દઈ શકે? કદી નહિ. મહાશય! આપની ઇચ્છામાં આવે તેમ કરો! ગમે તો મસ્તક ઉતારી લ્યો! ચાહે અમારા એક એક અંગના ટુકડેટુકડા કરી નાખો, પરંતુ ધર્મત્યાગ કરવાની આશા સ્વપ્નમાં પણ રાખશો નહિ. અમારી માતાના દૂધનું પાન કર્યું ત્યારથીજ મૃત્યુનો ભય અમારા અંતઃકરણમાંથી વિદાય થઇ ગયો છે!"

આટલા નાના બાળકોની આવી નિર્ભયવાણી સાંભળીને વઝીરખાન ક્રોધથી સળગી ઉઠ્યો. તેણે આ બંને બાળકોને દિવાલમાં ચણી લેવા માટે ઘાતકને હુકમ કર્યો. ઘાતકે એક દિવાલમાંથી થોડી ઇંટો પાડી નાખી. ત્યાં બંને ભાઇઓને ઉભા કરવામાં આવ્યા, કડીઆએ ઇંટો ગોઠવવા માંડી. ઇતિહાસમાં આટલાં નાનાં બાળકોએ ધર્મમાટે આવો મહાન ભોગ આપ્યાના દાખલા ભાગ્યેજ મળશે. દિવાલમાં નિર્ભયતાની મૂર્તિસમા આ બંને બાળકો ઉભા રહ્યા! દેવતાને પણ દર્શન કરવાની ઇચ્છા થાય, એવું દિવ્ય દૃશ્ય બની ગયું! કમર સુધી ઇંટો ચણાઈ ગઈ. મુસલમાન હાકેમ સામે ઉભો ઉભો જોયા કરે છે. તેણે કહ્યું "હે અભાગી બાળકો! હજી વિચાર કરો. તમારી સામે એક બાજુ મોટી જાગીર અને ધન-દોલત છે, અને બીજી બાજુ મૃત્યુ છે! આ બન્નેમાંથી તમને શું પસંદ છે? ઇસ્લામ સ્વીકારો તો નિર્ભય બનીને સુખ-ચેનમાં જીવન ગુજારી શકશો; માટે હજી પણ સમજી જાઓ." જવાબમાં બંને બાળકો ચૂપ છે.

હંમેશાં હુકમ કરવા અને મનાવવાના સ્વભાવવાળો હાકેમ પોતાની વાતનો અનાદર થવાથી વધારે કોપ્યો અને તેઓને જલદી આ દુનિયામાંથી ગુમ કરી દેવા માટે કડીઆને હુકમ કર્યો. કડીઆએ ગર્દન સુધી ઇંટો ગોઠવી દીધી! ગુરુ ગોવિંદનાં આ સુંદર બાળકોને આમ નિર્દય રીતે ચણી નંખાતા જોઈ દિશાઓ ધ્રુજી ઉઠી અને આસપાસ ઉડતાં પંખીઓ પણ ફફડી ઉઠ્યાં! પરંતુ યવન હાકેમનું પાષાણહૃદય પીગળે તેમ નહોતું. જો આ સમયે નેપોલિયન, સિકંદર કે નાદિર જેવો કોઈ દુશ્મન હોત, તો તે આ ધર્મવીર બાળકોની આવી અપૂર્વ વીરતા અને ધર્મપ્રેમ જોઇ મુગ્ધ બની જાત અને છોડી મૂકત; અરે તેમને અપાય તેટલું માન આપીને ભેટત. પ્રભુની સૃષ્ટિના આવા અમૂલ્ય રત્નોને ધૂળમાં રોળી નાખત નહિ; પરંતુ અહીં તો હતી [illegible] ભૂમિમાં ઉત્પન્ન થયેલી અને ક્રૂર અને આત્મવિહોણી ઇસ્લામી સંસ્કૃતિ! તેને આ બાળકોમાં રહેલી અલૌકિક ધર્મભાવના દેવતાને આકર્ષતી નહિ. હાકેમે તેમને જલદી ખતમ કરી નાખવા માટે કડીઆને ઉપરાઉપરી હુકમ આપવા માંડ્યા. કડીઆએ [illegible] ગુરુના પવિત્ર દેહને છેક [illegible] ઇંટો દીધી. [illegible] મસ્તક બહાર હતું, તેની આંખોમાંથી [illegible] મુસલમાન હાકેમ સમજ્યો કે, બાળક મૃત્યુથી ડરે છે. તેણે કહ્યું "[illegible]" [illegible] હજી પણ ઇસ્લામ સ્વીકારવાને કબૂલ થાવ, [illegible] છોડી [illegible]."

[illegible]

૧૮૩–ગુરુ ગોવિંદના પુત્રોનું બલિદાન યાને આર્યસંસ્કૃતિનું ભાન!

ઇતિહાસ પોકાર કરી રહ્યો છે કે, જુલમથી કદી કોઈ જાતિ દબાઈ જતી નથી, ઉલટું એવા પ્રસંગે મરેલી પ્રજામાં પ્રાણનો સંચાર થાય છે. શીખોના દશમા ગુરુ ગોવિંદસિંહે મોગલ બાદશાહના જુલ્મથી દબાઈ જવાને બદલે શીખ પ્રજાને એક લડાયક કોમ બનાવી દીધી. ગુરુ પોતાનાં આદર્શ ચરિત્ર અને અનુપમ વ્યક્તિત્વના લીધે શીખોમાં ધર્મનું બીજારોપણ કરવા માટે યોગ્ય બની ગયા હતા. તેમણે ધર્મને માટે સર્વસ્વનું બલિદાન કરી દેવાથી અનેક લોકો તેમના અનુયાયી બની ગયા. આ કારણથી મોગલ બાદશાહ ભય પામવા લાગ્યો અને કોઇ પણ પ્રકારે ગુરુ-ગોવિંદનો નાશ થાય, તેવા ઉપાયો વિચારવા લાગ્યો.

ગુરુ આનંદપુર નામના ગામમાં રહેતા હતા. તે ગામને એક દિવસ મોગલસેનાએ ઘેરી લીધું. એકાએક આ હુમલો આવી પડવાથી વીર શીખો ગભરાઇ ગયા, ગુરુ પોતે પણ વિચારમાં પડી ગયા અને થોડા સમયમાટે મુંઝવણમાં પડી ગયા. આટલા ગણ્યાગાંઠ્યા શીખો લઇને મોગલ-સેના સામે થવામાં આગમાં કૂદીને ભસ્મ થઇ જવા બરાબર હતું; તેમજ પોતાનું સર્વસ્વ દુસ્મનોને આપી દેવા કરતાં મૃત્યુ પસંદ કરવા જેવું હતું. આ બેમાંથી કયો માર્ગ ગ્રહણ કરવો તેના વિચારમાં ગુરુ હતા, તેવામાં મોગલો તરફથી સંદેશો મળ્યો કે “જો આ સમયે તમે આનંદપુર છોડીને ચાલ્યા જશો તો તમને કોઇ પણ જાતની હરકત કરવામાં નહિ આવે.” ગુરુ ગોવિંદ-સિંહને આ સંદેશા ઉપર વિશ્વાસ બેઠો નહિ, પરંતુ તેમ કર્યા સિવાય અન્ય માર્ગ હતોજ નહિ. બીજે દિવસે સવારે ગુરુએ આનંદપુરમાંથી બહાર નીકળી ચાલવા માંડયું; પરંતુ મુસલમાનો કદી વચનની કિંમત સમજતાજ નથી. તેમણે વચનનો ભંગ કરી મુઠ્ઠીભર શીખો ઉપર માર્ગમાં હુમલો કર્યો અને તેઓને ઘેરી લીધા. શીખો મોગલો તરફથી આવી આશા રાખતાજ નહોતા, તેઓ એકાએક આ હુમલાથી ગભરાઇ ગયા અને જેને જેમ ફાવે તેમ નાસવા લાગ્યા. અનેક મોગલોના હાથે કતલ થઇ ગયા. કેટલાકે સતલજ નદીમાં કૂદી પડી પોતાના પ્રાણ ગુમાવ્યા. ગુરુ પોતે કેટલાક વિશ્વાસુ સાથીઓ સાથે રૂપનગર તરફ ચાલી નીકળ્યા. તેમની ધર્મપત્ની કેટલાક સાહસી શિખોને લઇ દિલ્હી રવાના થઇ ગઈ! તેમની માતા ફતેસિંહ તથા જોરાવરસિંહ નામના પોતાના બે પૌત્રોને (ગુરુના પુત્રોને) લઇને પોતાના બ્રાહ્મણ રસોઇયા સાથે તેને ઘેર ગયાં; પરંતુ અહીં તે દુષ્ટ બ્રાહ્મણે વિશ્વાસઘાત કરીને ઉક્ત બાળક-રત્નોને મોગલ સુબા વઝીરખાનના હાથમાં સોંપી દીધા. તેમનાં ઘરેણાંની પેટી પોતાના ઘરમાં રાખી લીધી. વઝીરખાનને ગુરુ ઉપર પ્રથમથીજ દ્વેષ હતો. તેને ગુરુના પુત્રો પોતાના હાથમાં આવવાથી બદલો લેવાનો ઉત્તમ અવસર મળ્યો! તેણે વિચાર્યું કે, આ બાળકોનો વધ કરવા કરતાં તેમને મુસલમાન બનાવી દેવાથી ગુરુની આબરૂ-ને વધારે ધક્કો પહોંચશે અને શરમથી ગુરુ ઉંચું મુખ કરી શકશે નહિ.”

આવા વિચારથી એક દિવસ તેણે ઉક્ત બંને બાળકોને પોતાની પાસે બોલાવ્યા. યવનોના હાથમાં સપડાયાથી આ બંને ધર્મવીર બાળકોએ કેટલાક દિવસથી ખાધું નહોતું. આથી તેમનાં ગુલાબ જેવાં તેજસ્વી મુખ ચીમળાઇ ગયાં હતાં. જ્યારે તેઓ દરબારમાં આવ્યા, ત્યારે એક મુસલમાન સિપાઇએ વઝીરખાનને સલામ કરવાની તેમને સૂચના કરી. જોરાવરસિંહે જવાબ આપ્યો કે “અમે એકમાત્ર અકાલપુરુષ સિવાય કોઇને માથું નમાવતા નથી.” એમ કહી અક્કડ ઉભા રહ્યા.

વઝીરખાને તે બન્ને બાળકોને કહ્યું કે “તમારા પિતાનો અપરાધ અક્ષમ્ય છે, પરંતુ તમે નિર્દોષ બાળક છો. તમારા ઉપર મને દયા આવે છે. જો તમે ઇસ્લામધર્મને સ્વીકારી લ્યો, તો તમને છોડી દેવામાં આવશે અને મોટા થશો, ત્યારે મોટી જાગીર બક્ષીસ આપી મોટા હોદ્દાઓ આપવામાં આવશે. વઝીરખાન સમજતો હતો કે, જીવનદાન મળવાથી તેમજ મોટા હોદ્દાની લાલચથી બંને બાળકો ઇસ્લામનો સ્વીકાર કરશે. તેને સ્વપ્નમાં પણ ખ્યાલ નહોતો કે, આ બાળકોની

ક્યા આપકા મુઝપર વિશ્વાસ નહીં થા, જો પિતાજી કો કહને બૈઠીં? આપ મુઝસે હી વન જાને કે લિયે કહ સકતી થીં. મૈં આપકો પરમ પૂજ્યા સમઝતા હૂં." ઔર યહ કહ કર વે પિતા કી ચરણવંદના કર કે કૈકેયી કા ભી પદસ્પર્શ કરતે હૈં. યહ હૈ માતૃ-પિતૃ-ભક્તિ કા જ્વલંત આદર્શ!!

અનેક કષ્ટોં કો સહતે હુએ ભી ભગવાન રામ કે હૃદય મેં ક્રોધ ઉત્પન્ન નહીં હુઆ ઔર ઉન્હોંને સ્વાર્થ કો નહીં અપનાયા. યદિ વે ચાહતે, તો ઉસ સમય, જબ ભરત સેનાસહિત ચિત્રકૂટપર મિલને ગયે થે, લક્ષ્મણ કી સહાયતા સે યુદ્ધ મેં જય-લાભ કર, રાજ્ય કર સકતે થે. પરંતુ ઉન્હોંને ઉસ સમય ક્રુદ્ધ લક્ષ્મણ કો જો ઉપદેશ દિયે હૈં, વે સુવર્ણાક્ષરો સે લિખને યોગ્ય હૈં. કહા ઉનકા ભરત કે હી કારણ વનવાસ ઔર કહાં દોનોં ભાઇયોં કા ગલે-ગલે મિલ, ફૂટ-ફૂટ કર રોના! ઇસે કહતે હૈં ભ્રાતૃ-પ્રેમ!!

ઇતના હી નહીં, ભરત ઉનસે લૌટને કે લિયે અનેક પ્રાર્થનાએં કરતે હૈં. સભી પુરવાસી ઉનકે સ્વર કે સાથ સ્વર મિલા રહે હૈં, ઔર ફિર ભી વે અપની પ્રતિજ્ઞાપર અડે હુએ હૈં. પ્રતિજ્ઞાપાલન કા કિતના ઉચ્ચ આદર્શ હૈ!!

સુગ્રીવ ને રામ કી કૃપા સે રાજ્ય પાયા, સ્ત્રી પાયી; પર ઉસી નશે મેં વહ રામ સે કી હુઈ પ્રતિજ્ઞા કો ભૂલ ગયા—અર્થાત્ સીતા-ખોજ કે લિયે ઉસને કોઈ પ્રયત્ન નહીં કિયા. અબ ઇસ અવસ્થા મેં શ્રીરામ ને કેવલ લક્ષ્મણ કો ભેજ કર ઉસે ઉસકી પ્રતિજ્ઞા કી યાદ દિલાયા. ઇસપર સુગ્રીવ ને જબ ક્ષમા માંગી, તો આપ કહતે હૈં કિ "મેરે આપપર જૈસે ભાવ પહલે થે, વૈસે હી અબ ભી હૈ." યહ થા ઉનકા સૌહાર્દ!!

અબ તનિક ઉનકા શત્રુઓ કે સાથ ભી વ્યવહાર દેખિયે. સભી જાનતે હૈં કિ ઉન્હોંને રાવણ કે અનુચર શુક-સારણ કે સાથ, જો રામ કી સેના કે ગુપ્ત ભેદ લેને આયે થે, કૈસા સદ્વ્યવહાર કિયા થા! ઉન્હોંને વિભીષણ કો અપને પરમ શત્રુ રાવણ કા ભાઇ જાન કર ભી અપને હૃદય મેં સ્થાન દે દિયા, જરા ભી અવિશ્વાસ નહીં કિયા. યહ થા શરણાગતરક્ષા કા વ્રત!

ભગવાન રામ કે ચરિત્ર મેં કહીં કહીં કોઇ કોઇ કૂટ-તાર્કિક ધર્મ સે પતન કા મિથ્યા આભાસ ભી દેખ પાતે હૈં, પર તનિક વિચાર કરને સે ઉનકે કાર્યોં કા વાસ્તવિક તથ્ય સમઝ મેં આ જાતા હૈ; ઔર પ્રતીત હોતા હૈ, કિ વહ ભી ઉચ્ચકોટિ કી ન્યાય-પથ-સ્થિતિ હી હૈ.

હમારા દૃઢ વિશ્વાસ હૈ, કિ ઐસા વ્યક્તિ અભી સંસારભર કી કિસી જાતિ મેં નહીં હુઆ; ઔર હમ યહ ભી કહ સકતે હૈં, કિ યદિ ઉનકે ચરિત્ર કા સૂક્ષ્મ દૃષ્ટિ સે વિવેચન કિયા જાયે, તો દેશ કો ઉન્નત બનાને કી સંપૂર્ણ આધુનિક વિવાદપૂર્ણ સમસ્યાએં હલ હો સકતી હૈં.

("હિંદૂપંચ"ના 'રામાંક'મા લેખકઃ-શ્રી. નૃસિંહદેવ સારસ્વત શાસ્ત્રી)



૧૮૫–ભગવાન રામચંદ્રની પ્રતિજ્ઞા–એકાંકી નાટક

(પ્રથમ દ્રશ્ય)

સ્થાન–શ્રીરામનું વિશ્રામભવન (શ્રીરામ એકલા, ચિંતામગ્ન થઇને થોડી વાર બેસે છે અને વળી પાછા ઉભા થઇને ટહેલવા લાગે છે.)

રામઃ—"રાજાનું જીવન ચિંતા, આપદા અને ક્લેશની ધગધગતી ભઠ્ઠી છે, કે જેમાં કર્તવ્યનો દેવતા સુખ અને સૌભાગ્યની આહુતિ આપે છે. રાજાનું જીવન એ એક વિશાળ પર્વત છે, જેની દૂરથી ઉંચાઇ જોઇને પ્રત્યેક વ્યક્તિ ઇર્ષ્યા કરે છે; પરંતુ પાસે જઇને એ કોઈ નથી જોતા કે, તે પર્વત કેવી દશામાં દિવસ વીતાવે છે. જેઠ–અષાઢમાં અગ્નિસ્વરૂપ સૂર્યનો તાપ સહે છે, શ્રાવણ–ભાદરવામાં વાવાઝોડાં અને વરસાદ સાથે ભયંકર યુદ્ધ ખેલે છે, પોષ અને માઘ માસમાં મડદાની પેઠે બરફની ચાદર ઓઢી રહે છે. આટલાં દુઃખ ઉપરાંત જ્યારે કોઇ વાર તેના એકાન્તમય સૂનસાન હૃદયમાંથી 'હાહાકાર' નીકળે છે, ત્યારે દુનિયા તેને ધરતીકંપ માનીને તેનાથી ડરે છે અને તેની ઘૃણા કરે છે. રાજ્યભાર! તને નીતિ અનુસારે વહન કરવો એ એક કઠિન વ્યાપાર છે! જો વિધાતાએ મને ભરત, લક્ષ્મણ યા તો શત્રુઘ્નજ બનાવ્યો હોત તો આજે મારે આવી દુઃખદ વેદના ન સહેવી પડત—

"सीने में जब दिल न रहा, तब राज्य फिर किस काम का?
सीता विना जीवन निकम्मा, है जहाँ मैं राम का॥
मैंने प्रजा के चरण में, कर दी समर्पण जानकी।
बस कर विधाता! दे चुका हूं, भेट अपनी जानकी॥"

શત્રુઘ્ન—(પ્રવેશ કરીને) "નહિ, નહિ–ભાઇ! એવી નિષ્ઠુરતા ના ઘટે."

રામ—"પ્રિય શત્રુઘ્ન! કેમ? શું થયું?"

શત્રુઘ્ન—"કેમ તો શું આ બધી ફોગટ ચર્ચા છે?"

રામ—"ફોગટ ચર્ચા નથી, સાચી છે."

શત્રુઘ્ન—"શું કહ્યું! સાચી છે?"

ભરત—(પ્રવેશ કરીને) "શું સાચી છે?"

રામ—"ભાઈ ભરત! પ્રિય શત્રુઘ્ન! સૌ વાત સાચી છે."

ભરત—"રઘુનાથ અને આવો વજ્રપાત! મર્યાદાપુરુષોત્તમ રામ અને પ્રેમનું આવું ભીષણ પરિણામ! બન્ને હોઇજ ના શકે."

રામ—"નહિ, એ તો થઇ ચૂક્યું અને ક્યારનુંયે થઇ ચૂક્યું. શું કરૂં, ભાઇ! તમે બધા જાણો છો. અયોધ્યાની પ્રજા મારી પાસે સીતાને માગે છે અને આજે પણ માગી રહી છે."

ભરત—"રઘુકુલતિલક! તો શું પ્રજા જે કંઇ માગશે તે આપવું પડશે?"

રામ—"અવશ્ય."

ભરત—"અને જો તે નીતિવિરુદ્ધ હોય તો?"

રામ—"તોપણ આપવુંજ જોઇશે."

ભરત—"આપવું પડશે? જો અયોધ્યાની પ્રજા રાજદ્રોહી થઇને રાજ્યલક્ષ્મી લૂંટવા ઇચ્છે, જો તે ભારતવર્ષના બધા દેવાલયો તોડી પાડવા ઇચ્છે, જો તે દેવતાઓનું અપમાન કરવા ઇચ્છે, જો તે સતીત્વને ધર્મનું અંગ નમાનવા ઇચ્છે, તોપણ શિર ઝુકાવી માનવું પડશે!"

રામ—"નિઃસંદેહ—"

ભરત—"કારણ!"

રામ—"કારણ એજ કે, રાજા પ્રજાનો સેવક છેઃ—

"धन्य है वह भूपति, जिसको प्रजाही प्यार है।
जो न हो राजा प्रजा का, उसको सौ धिक्कार है॥
तुच्छ है सीता-सती, प्रजा-प्रेम के सामने।
यह दिया बस आजसे, सीता को छोडा राम ने॥"

ભરત—"હં હં, ભાઈ! આપે આ શું કર્યું? આ તો પવિત્રતાની મૂર્તિ, સતીત્વની પ્રાણ, દેવી સીતા; અને ક્યાં અયોધ્યાની ગલીઓમાં ભટકનાર એ કુત્તા ?—

"आपकी सुनते नहीं, यह नाद है अपमान के।
जानकी माता सभी की, योग्य है सम्मान के॥"

રામ—"योग्य है सम्मान के, सचमुच ही सीता राम की।
पर जो न भावी हो प्रजा को, वह मेरे किस काम की॥
हो खुशी जिसमें प्रजा की, उसमें सुख है, क्षेम है।
मैं हूँ चातक स्वाति-जल, मेरा-प्रजा का प्रेम है॥"

ભરત—"પરંતુ જેમ આપ પ્રજા-પ્રેમનું પાલન કરો છો, તેમ આપે નારી-પ્રેમનું પણ પાલન કરવું જોઈએ—

"कारण कि नारी-प्रेम से ही, गृहस्थ का कल्याण है।
जिस घर में हो नारी दुःखी, वह घर नहीं, श्मशान है॥
नारी न हो दुनियाँ में तो, दुनियाँ है फिर किस काम की?
है जानकी दुनियाँ में तो, दुनियाँ है सारी राम की॥"

રામ—"ભરત! ભરત!! આ બધી મિથ્યા ચર્ચા છે. રામે જે નિશ્ચય કર્યો છે, તે અચળ છે."

ભરત—"ભાઈ! ભાઈ!! એ આપ શું કહો છો?"

રામ—"ભરત! રામ નથી કહેતો, સમય કહી રહ્યો છેઃ—

(ગાય છે.)

"सब दिन होत न एक समान।
दुःख सुख जीवन भोग हि मानो, दो दिन की गुजरान॥ सब दिन॰
इक दिन राजा हरिश्चंद्र की, संपत्ति मेरुसमान। सब दिन॰
इक दिन जाय डोम घर सेवत, अंबर हरत मसान॥ सब दिन॰
इक दिन ध्रुव की माता सुरुचिने, कीन बडा अपमान। सब दिन॰
इक दिन ध्रुव का दर्शन करने, आये थे भगवान॥ सब दिन॰
इक दिन सीता रुदन करती थी, महा विकट उद्यान। सब दिन॰
इक दिन राम सिया दोऊ मिल, विहरत पुष्प-विमान॥ सब दिन॰
प्रकट है पूरब की करनी ही, तज मन सोच अजान। सब दिन॰
तुलसीदास गुण कहँ लग बरणूं, विधि के अंक प्रमान॥" सब दिन॰

લક્ષ્મણ—(જલદીથી પ્રવેશ કરીને) "દુર્મુખ પાગલ છે. અવશ્ય કોઈ રાજ્યદ્રોહીનું આ ભીષણ કાવત્રું છે."

રામ—"કાવત્રું નહિ, લક્ષ્મણ! અયોધ્યાની પ્રજા એકઅવાજે કહી રહી છે."

લક્ષ્મણ—"ભાઈ! ક્ષમા કરજો; શું કહી રહી છે?"

રામ—"એજ કે સીતા અ-સતી છે"

લક્ષ્મણ—"અ-સતી છે—સીતા અસતી છે! આહ! આ 'અ' અક્ષરે જાણે ચંદ્રમાની પૂર્ણ કળાને રાહુ થઈને ગ્રસી લીધી. આ 'અ' અક્ષરે જાણે કાળા નાગનું રૂપ લઈને મારા અંતઃકરણને ડંશ દીધો. સૂર્યના ઉજ્જવળ પ્રકાશમય કિરણોથી ખીલેલી કુમુદિની સમાન નિર્મળ, નક્ષત્ર-સમાન પવિત્ર અને રાત્રિદિવસ પતિનામની માળા જપનારી સીતા અ-સતી છે? ભાઈ! ભાઈ!!

શું એક જુઠ્ઠાબોલા, નિંદક અને ધોબીના રૂપમાં આવેલા કાળા ઝેરી નાગની વાતને મણિમય સિંહાસન ઉપર બેસાડીને સાચા સતી-રત્નને ફોગટ કાદવ-કીચડમાં ફેંકી દેવા છો? જો સતીશિરોમણિ સીતાની સાથે સ્વયં મર્યાદાપુરુષોત્તમ શ્રીરામજી આવું વર્તન તો પછી પતિવ્રતા સીતાનું સરળ હૃદય એ પુરુષના વિલાસની સામગ્રીજ ગણાશે. સૌનો પ્રેમ પુરુષના ઉપહાસનું રમકડુંજ બની જશે. ભારતીય રમણીઓની પતિભક્તિનો ભારતવર્ષ લોપ થઇ જશેઃ—

" फिर तो नारी-धर्म का, होना न होना एक है।
जब कि जनता के लिये, पित्तल व सोना एक है॥
इस लिये मानो मेरी भैया! न त्यागो जानकी।
जानकी संसार की, शोभा है जीवन-प्राण की॥"

રામઃ—" जानकी शोभा नहीं, बिजली है वह अपमान की।
डर के मारे त्याग दी, जीवन में मैंने जानकी॥
कह दिया परित्याग तो, परित्याग टल सकता नहीं।
मेरी प्रतिज्ञा विश्व में, कोई बदल सकता नहीं॥"

લક્ષ્મણ—(રામને ચરણે પડીને) "આહ! ભાઈ! ભાઈ!!:—

" भैया! ऐसे न कठोर बनो, माँ सीता परम पुनीता है।
सीता भी वह सीता जिसने, पति-सेवा का धन जीता है।
श्रीराम! प्रतिज्ञा की दृढता का, त्याग करो, वह सीता है।
सीता भारत की पुण्यमयी, गंगा-गायत्री-गीता है॥"

રામ—" લક્ષ્મણ! લક્ષ્મણ!! તો શું રામને ભૂલી ગયો?

" चिह्न बाकी हैं रघुकुल के, अभी तक भालपर।
क्योंकी बेटा हूँ मैं दशरथ का, पितामह थे सगर॥
इस लिये मुझको लखन! अपने वचन से प्रीति है।
प्राण जाये पर न जाये, धर्म कुल की रीति है॥"

લક્ષ્મણ—"એ સત્ય છે, ભાઈ! પરંતુ સીતા–અ–સતી"

રામ—(ધુરકીને) "લક્ષ્મણ!"

લક્ષ્મણ—(ધ્રૂજતાં ધ્રૂજતાં) "ભાઇ!"

રામ—" हरि इच्छा भावि बलवाना। तुम कहँ तात सदा कल्याना॥
यह मम वचन पाल लघु भाई। प्रात जानकी जाओ लिवाई॥
आज्ञा मोरि जो टारहु ताता! रहे न प्राण तात मम गाता॥"

(श्री तुलसीकृत-रामायण)

(શ્રીરામ છાતીમાં છરી મારવા જાય છે, લક્ષ્મણ રોકે છે.)

લક્ષ્મણ—"શાન્ત થાઓ, ભાઇ! શાન્ત થાઓ!! રામ-પ્રતિજ્ઞા પૂર્ણ થશે–" (જાય છે)

(રામનું મુર્છિત થઇ પડી જવું.)

કૌશલ્યા—(પ્રવેશ કરીને) "હેં! હેં બેટા! આ શું અનર્થ કરવા બેઠા છો? શું સર્વસ્વ નાશ કરવા [illegible] છો?"

રામ—(ભાન આવતાં) "લક્ષ્મણ! સીતા!–માતા! તું અહીં?"

કૌશલ્યા—"બેટા! શું હું અહીં ન આવું? [illegible]"

રામ—[illegible] રામને [illegible]

ચરણરજ આપો, કે જેને આ શૂન્ય લલાટે લગાવીને મારી કર્મ-રેખાઓને છુપાવું, આપને વૃથા કલ્પાંત ન કરાવું."

કૌશલ્યા—"હું બધુંયે જાણું છું, બેટા! હું બધુંયે જાણું છું. એજ ને કે, તું મારી રાજરાણી વહુ, સાક્ષાત્ લક્ષ્મીસ્વરૂપા સીતાનો ત્યાગ કરશે; પણ રામ! શું એ સત્ય વાત છે?"

રામ—"જો ઉદય અને અસ્ત સત્ય છે, ઉત્પત્તિ અને વિનાશ સત્ય છે, તો આ પણ સત્ય છે, માતા!"

કૌશલ્યા—"શું હું પણ એ સત્ય ઉપર વિશ્વાસ કરૂં?"

રામ—"અવશ્ય! આપના વિશ્વાસથી તો પ્રતિજ્ઞા સફળ થશે."

કૌશલ્યા—"રામ! હું જાણું છું, કે રાજકાર્યસંબંધી "આ કેમ થયું? આ શાથી થયું?" એમ કહીને દખલ કરવાનો સ્ત્રીજાતિનો ધર્મ નથી–તેથી હું તને આજ્ઞા નથી કરતી, માત્ર વિનય..."

રામ—"નહિ-નહિ, માતા! એ મારાથી નહિ બને."

કૌશલ્યા—"નહિ બને! શું કહ્યું? નહિ બને?"

રામ—"જનની! ઓ જનની!! ઈશ્વરને ખાતર અટકાવ ન કરો."

કૌશલ્યા—"તો શું હું મારી ભાગ્યલક્ષ્મીને જતી કરૂં? મારા કુળની આબરૂને ઉકરડે ફેંકી દઉં! મારી વંશવૃદ્ધિની અમર વેલીને વનમા મોકલી દઉં? નહિ બને, રામ! મારા જીવતાં જીવતાં તો એવું નહિ બનવા દઉં—"

રામ—"માતા! હું પ્રતિજ્ઞા કરી ચૂક્યો છું."

કૌશલ્યા—"પ્રતિજ્ઞા કરી ચૂક્યો છે? જો પ્રતિજ્ઞા કરી ચૂક્યો હોય તો પછી બતાવ કે, તને પ્રતિજ્ઞા નિભાવવાની શક્તિ કોણે આપી? મેં–મારા દૂધે–રામ! આજ એજ દૂધ પોતાની શક્તિ પાછી લઇ લેવા ઇચ્છે છે. હું તારી પાસેથી તે પાછી લઇશ, અવશ્ય પાછી લઇશ રામ! ઈશ્વરને ખાતર સીતાનો ત્યાગ ન કર. જો, જો, આજ તારી માતા–રામની માતા–મર્યાદાપુરુષોત્તમ પુત્રની સમક્ષ હાથ લંબાવીને ભિક્ષામાં સીતા માગે છે! શું તું નહિ આપે? સીતા નહિ આપે? રામ! રામ!! બોલ, બોલ!"

રામ—"જનની! ઓ જનની!! આવું હૃદયવિદારક દૃશ્ય' આહ! મારૂં ભાવિ! જે ચરણરજના પ્રતાપે મારા પૂર્વજ ભગીરથ હિમાદ્રિપુત્રી ગંગાને દેવલોકમાથી પૃથ્વી ઉપર લાવ્યા, જે ચરણરજના પ્રતાપે વ્યાસપુત્ર શુકદેવ જન્મ લેતાજ આત્મજ્ઞાની કહેવાયા, જે ચરણરજના પ્રતાપે ભગવાન પરશુરામે ૨૧ વાર ક્ષત્રિયવંશનો સંહાર કર્યો, જે ચરણરજના પ્રતાપે મેં લંકાપતિ રાવણ ઉપર વિજય મેળવ્યો, આજ તેજ ચરણરજની સ્વામિની મારી માતા, અશ્રુધારાભરી આંખે, દીન અધીન ભાવે ધુંટણીએ પડીને, મારી પાસે ભિક્ષા માગી રહી છે અને હું 'નહિ આપું' 'નહિ આપું' એમ કહીને માતાનો તિરસ્કાર કરૂં? નહિ, નહિ, કદી નહિ. ન્યાય-મર્યાદા નાશ પામે, રામને માનસિક દુઃખ થાય અને સંસારમા રામ પ્રતિજ્ઞાભ્રષ્ટ થાય, તોપણ હું એમ કહીશ, આકાશના નક્ષત્રોને સુણાવીને એમજ કહીશ, કે માતા' ઉઠો, ઓ જનની! ઉઠો–તમારી ઇચ્છા પૂર્ણ થાઓ."

કૌશલ્યા—"ઇચ્છા પૂર્ણ થાઓ?–શું કહ્યું બેટા? મારી ઇચ્છા પૂર્ણ થાઓ!"

કર્મ—(પ્રવેશ કરીને) "ઇચ્છા પૂર્ણ થાઓ."

"मनुष्य-इच्छा पूर्ण हो सकती है श्रीरघुवीर से।
पर कर्म का लिक्खा नहीं टलता किसी तदबीर से॥"

રામ—"કોણ, કર્મ? જનની! સાંભળ્યું?"

કૌશલ્યા—"હા સાંભળ્યું."

રામ—"મા! હું વિવશ છું–પરાધીન છું."

કૌશલ્યા—"બેટા! બેટા!! આહ! કર્મ–ગતિ! આહ' સીતા સતી–(મૂર્છા આવે છે.)

રામ—"આહ! સીતા! સીતા!! સીતા!!!"

('હિંદુપંચ'ના વિજયાંક ઉપરથી અનુદિત. લેખક—નાટ્યાચાર્ય પંડિત 'બેતાબ')

૧૮૬–વિજયાદશમી કોની છે?

વિજયાદશમી કોની છે? એ પ્રશ્નના ઉત્તરમાં પ્રત્યેક શિખાસૂત્રધારી એમજ કહેશે કે ‘વિજયાદશમી’ અમારી છે; પણ હું કહીશ કે, ઓ કાયર, નામર્દ, ડરપોક, અશિક્ષિત, સ્વાવલંબનહીન, પરતંત્ર હિંદુજાતિ! હરગીજ આ વિજયાદશમી તારી નથી. વિજયાદશમી તો તેજ વીરજાતિની છે કે જેની વીરતાનો વિજયડંકો સમસ્ત સંસારમાં વાગી ચૂક્યો હોય, જેની વિજયવૈજયંતી દશે દિશામાં ફરફરતી અને જેની યશઃપતાકા ગગનચુંબી હિમાચળસમા પર્વતોનાં શિખરો ઉપર લહેરાતી હોય!

હિંદુજાતિ! વિજયાદશમી ઉજવતાં પહેલાં શું તારૂં મસ્તક નીચે નથી નમી પડતું? શું તારી જાતને પરતંત્રતાની બેડીમાં જકડાયલી જોવા છતાં પણ તારાં નેત્રોમાંથી પ્રબળ અશ્રુધારાઓ નથી વહેતી? શું તારા શુષ્ક કલેવરમાં તારા પૂર્વગૌરવનું જરા પણ ભાન નથી રહ્યું? શું હાડમાંસનાં આ સુકલકડી પૂતળાંની નસોમાં તેમના વીર, પવિત્ર, સ્વનામધન્ય, કર્તવ્યપરાયણ પૂર્વજોના લોહીનું એક બુંદ પણ નથી રહ્યું? શું ભૂલેચૂકે સ્વપ્નમાં પણ તને ભૂતકાળના વીર ભારતવર્ષનું સ્મરણ પણ નથી થતું?

શું વિજયાદશમી ઉજવવા પહેલાં તને તેનું મહત્ત્વ યાદ નથી આવતું? હા હિંદુજાતિ! તારી નિદ્રાવસ્થા ઉપર તો એમ થઈ જાય છે કે, પોકેપોક મૂકીને રડું! પણ હા! આજ એટલું પણ સાહસ નથી રહ્યું. આજે અમે અમારા ભારતવર્ષમાં નથી તો રડી શકતા કે નથી હસી શકતા! કેમ? કેમકે હિમગિરિનાં શિખર ઉપર ઉડનારા ભગવા ઝુંડા ઉપર હવે ભગવાન સહસ્રરશ્મિનો પુણ્ય–પ્રતાપ નથી રહ્યો, પણ માત્ર વાંકી ચૂકી રેખાઓનાં નિશાનજ રહ્યાં છે.

હિંદુજાતિના રહ્યા સહ્યાઓ નવજુવાનો! “વિજયાદશમી”નો વિજય–મહોત્સવ ઉજવવા પહેલાં એક વાર જરા વિચારી લો કે, તમને આ વિજયાદશમી ઉપર વિજયોલ્લાસનો મહોત્સવ ઉજવવાનો અધિકાર છે? શું કહ્યું? “અમારો તહેવાર છે?” દૂર રહો! તહેવાર ઉજવનારાઓ દૂર રહો! શી વીરતા ઉપર તહેવાર ઉજવવા નીકળ્યા છો? તમારાં ઘરોની સીતાઓને આજે ગુંડાઓ ઉઠાવી તમારી નજરસમક્ષજ જાય છે અને તમે હસતા હસતા તહેવાર ઉજવવા નીકળ્યા છો! જ્ઞાનવિહીન, નિષ્પ્રાણ હિંદુજાતિ! ગુંડાઓ–રાક્ષસોના હાથમાં તારાં ગૃહોની કુલલક્ષ્મીસ્વરૂપા, સતી સાધ્વી સીતાસમી કુલલલનાઓનાં નગ્ન શરીર જોઇને તારી આંખો શું નથી ફાટી પડતી? આત્મા કલેવરનો કેમ ત્યાગ નથી કરતો? પ્રાણ કેમ નીકળી જતા નથી? શરીર કેમ ફાટી પડતું નથી? પણ ફાટીયે શી રીતે પડે? કાયર, માન–અપમાનરહિત, રક્ત–વીર્યશૂન્ય, પરતંત્ર અને શક્તિહીન જાતિ સંસારમાં કોઇ પણ હોય તો તે આ હિંદુજાતિજ છે; નહિ તો એક ગોરી ચામડીવાળી ચારિત્રહીન, ધર્મવિહીન અને વારાંગનાને ‘ભારતીય નારીઓ ભ્રષ્ટ ચારિત્રવાળી અને વેશ્યાઓ જેવી છે’ એવું લખવાનું સાહસ ક્યાંથી થાત? જો તું તારા માન–અપમાન ઉપર મરી ફીટતાં જાણતી હોત તો પછી કોની ગુંજાશ હતી કે અમારી દેવીઓ ઉપર દૃષ્ટિપાત પણ કરે? દુર્યોધને દ્રૌપદીને જાંઘ દેખાડી હતી, પણ સાચા હિંદુ દ્રૌપદીપતિ ભીમે તેનો બદલો દુર્યોધનની જાંઘ તોડી નાખીનેજ લીધો હતો! છે તમારામાં પણ એવું જોશ? જેઓ તમારી લલનાઓને પોતાની જાંઘ ઉપર બેસાડવા ઇચ્છે છે, તે દુષ્ટોની જાંઘ તોડી નાખવાની છે એવી તાકાત! જે દુષ્ટો તમારી બ્હેન–દીકરીઓને ભેટવાનાં સ્વપ્નો જોઇ રહ્યા છે, તેમની ગળચી દબાવવા જેટલી છે તાકાત? ફોડી શકો તેમ છો એ નરપિશાચોની આંખો કે જેઓ તમારી મા–બ્હેનો ઉપર કુદૃષ્ટિ કરે છે? પી શકો તેમ છો એ દુઃશાસન જેવા દૈત્યોનાં કલેજાંનાં ગરમાગરમ લોહી અને બાંધી શકો છો તેમના લોહીથી તમારી કુલલક્ષ્મીની વીખરાયલી વેણી? છે એ રાવણ જેવા રાક્ષસ પ્રકૃતિના દુષ્ટોનો નાશ કરવાની તાકાત, કે જેઓ તમારી સીતાસરખી સતી–સાધ્વી,

હીન્દુધર્મપત્નીને ભાવી નથી છે ? નથી ! તો પછી વિજયાદશમી શી રીતે ઉજવવા નીકળ્યા છો ?

કેવળ રામલીલા ભજવવાથી વિજયાદશમી તમારી નહિ બની શકે. સાચી લીલા કરો. દર-હમેશ સીતા-હરણ થયેલ જાય છે; અને લીલા કરવાનીજ ઇચ્છા હોય તો રામ બનીને-રામની શક્તિ પ્રાપ્ત કરીને, તેમની પેઠે સુખશાન્તિની સ્થાપના કરીને, તેમની પેઠે અદમનીય પ્રતાપ વિસ્તારીને-વિજયાદશમી ઉજવો તેજ તેની સાર્થકતા છે. જો તમારામાંથી એક પણ રામની પેઠે સર્વ ગુણસંપન્ન થઇ શકે, તો તે વખતે હું કહીશ અને હિંદુજાતિ પણ અભિમાન લેશે કે, આજે વિજયાદશમી છે ! તે સમયે વિજયાદશમી ઉજવજો, સારી પેઠે ઉજવજો, ખુલ્લે હૃદયે ઉજવજો, નાચી કુદીને ઉજવજો; કેમકે તે વખતે તો તમારોજ વિજયોત્સવ ફરફરતો હશે. કિંતુ પ્રિય હિંદુજાતિ ! ત્યાંસુધીને માટે તું વિજયાદશમી ઉજવવી-મારી પ્રાર્થનાને ખાતર નહિ, પણ તારી મા-બહેનો અને પત્નીઓની દુર્દશા અને શોચનીય પરિસ્થિતિ તરફ લક્ષ આપીને-છોડી દે. આ વિજયાદશમી ઉપર ઓ હિંદુજાતિ ! તું હાસ્ય ન કર ! હદ નહિ !' એમ નહિ !!! આ વિજયાદશમીના રામલીલાના મેદાનમાં એકત્ર થઇને એ અભિનય કર, કે જે અરણ્યકાંડમાં થયો હતો-અર્થાત્ વાનરોમાં પણ સંગઠનનું અપૂર્વ બળ. વિજયાદશમી ઉપર આ વખતે સીતા-હરણનો પાઠ વાંચ, એકાગ્રચિત્તે વિચાર કર કે તારી સતી સાધ્વી, સીતા સમી અપહરણ કરાયલી મા-બહેનોનો શી રીતે ઉદ્ધાર થઇ શકે ! રામે કેવળ સુગ્રીવનામધારી વાનરની સલાહ લીધી હતી. તું હજારો, લાખો અને કરોડોની સંખ્યામાં એકત્ર થઇ સીતા-ઉદ્ધારનો ઉપાય વિચાર. એકવાર એ પ્રમાણે કરવાથી ઓ હિંદુજાતિ ! તારી સીતાનો અવશ્ય ઉદ્ધાર થશે !

('હિંદુપંચ'ના વિજયાંકમાંથી અનુદિત. લેખકઃ-શ્રીયુત હરદ્વારપ્રસાદ જાલાન).

૧૮૭—મહાન નરોને કેમ જન્મ આપશો ?

મરજી પ્રમાણેનાં ખૂબસુરત અને બુદ્ધિશાળી બાળકો પેદા કરવાની વિદ્યા

× × × "ભાષણો માટે દુનિયાની ફરતી મુસાફરી વખતે યુરોપ-અમેરિકામાં સ્ત્રીમંડળો આગળ ઘણાંક ભાષણો આપવાની મને તક મળી હતી. એક વખતે ન્યુયોર્ક શહેરના "ઓએસીસ" નામના સ્ત્રીમંડળમાં તા૦ ૨૦ મી માર્ચ ૧૯૨૪ના રોજ 'પૂર્વમાં સ્ત્રીનો દરજ્જો' એ વિષય ઉપર ભાષણ આપ્યું હતું. તે વખતે જણાવ્યું હતું કે, હિંદી સ્ત્રીઓ જેવી વફાદાર અને પવિત્ર જીંદગી ગુજારનાર સ્ત્રીઓ દુનિયામાં બીજે કોઈ ઠેકાણે માલમ પડતી નથી; ત્યારે અમેરિકાની સ્ત્રીઓને ખીજવાટ લાગ્યો અને ભાષણ ઉપર બગડવા લાગી. આ સ્ત્રીઓને વળતો જવાબ આપતાં મેં જણાવ્યું કે, હિંદી સ્ત્રીઓ એટલી તો વફાદાર છે કે પોતાના ધણીને ઈશ્વરનું સ્વરૂપ માને છે અને જ્યારે ધણી મરણ પામે ત્યારે અસલના વખતમાં તો હજારો સ્ત્રીઓ પોતાના ધણી સાથે જીવતી ચેહમાં બળી મરતી અને કેટલીક સ્ત્રીઓ તો પોતાના સતીત્વના બળથી પોતેજ દેવતાઇ અગ્નિ ઉત્પન્ન કરી બળી મરતી. આવી ધણી તરફની વફાદારીના દાખલા દુનિયાની કોઇ પણ સ્ત્રીઓની તવારીખમાં માલમ પડતા નથી. તમો પશ્ચિમની સ્ત્રીઓ જરા પણ વાંધો પડતાં છુટાછેડા કરવા તૈયાર થાઓ, જ્યારે હિંદી સ્ત્રીઓ કદી છુટાછેડા કરતી નથી. પણ પોતાના ધણીને હમેશાં વફાદાર રહે છે અને તેની સાથે બળી મરવા પણ તૈયાર થાય છે, અને કોઈ પણ પરપુરુષ સાથે છૂટ લેતી નથી; જ્યારે તમો પરપુરુષો સાથે નાચતા પણ શરમાતાં નથી. પેલી અમેરિકાની બાનુ મીસ મેયોએ હિંદી સ્ત્રીઓની નિંદા કીધી છે, તેઓને આ ટુંક જવાબ પુરતો છે. આવી વફાદાર અને પવિત્ર હિંદી બહેનોની સેવામાં આજે હાજર રહેવાને મને ઘણી ખુશાલી ઉત્પન્ન થાય છે.

સ્ત્રીનું માતાતરીકેનું દૈવી કાર્ય

સ્ત્રી માતાતરીકેનું દૈવી કાર્ય કરવા સરજાઇ છે, જે માટે તમામ જગત તેમને નમન કરે છે. હિંદ માતા, સ્ત્રી માતા, પ્રજાની માતા, ધરતી માતાને સર્વે જગતનું નમન છે.

સ્ત્રી માતાતરીકેની પોતાની ફરજો બજાવવા જે જે કષ્ટ ખમે છે, જે જે ભોગો આપે છે તેવો ભોગ બીજું કોઇ આપતું નથી. નવ મહીનાસુધી બાળકને પેટમાં રાખવા કેટલી વેદના તેણી ખમે છે, વળી બાળકને જન્મ આપતી વખતે કેટલું કષ્ટ ખમે છે! ઘણીક સ્ત્રીઓ જન્મ આપતાં પોતાના જીવનો ભોગ આપે છે-મરણ પામે છે. એક સિપાઇ બચ્ચો લડાઇના મેદાનમાં જે જખમો ખમે છે અને જીવનો ભોગ આપે છે, તે કરતાં વધુ કષ્ટ અને ભોગ એક માતાનો છે; એટલુંજ નહિ પણ બાળકના જન્મ્યા પછી તેની માવજત કરવા જે જે કાળજી તેણી દેખાડે છે, તેવી સેવા કોણ કરી શકશે? પરમાર્થી આદમીઓ ભૂખ્યાંને અન્ન આપે છે, પણ કોઇ એવું આદમી છે કે ભૂખ્યાને પોતાના લોહીમાંથી ખોરાક બનાવી આપે? માતા પોતાના લોહીમાંથી દૂધ બનાવી બાળકને ખોરાક આપે છે. આ કેવો ભોગ છે! વળી બાળકની માવજત કરવા ન પોતે સૂવે કે ન આશાયશ લે. વળી બાળકને બોલતાં, ચાલતાં, કેળવણી આપવા અને છેવટે સંસારમાં નાખવા શી રીતની એક માતા કાળજી દેખાડે છે અને કષ્ટ ખમે છે? ખરેજ, માતાનો આભાર આપણે કેમ વાળી આપીશું? માતાને ઇશ્વિરના સ્વરૂપતરીકે ભજની જોઇએ. સ્ત્રીઓને પવિત્ર માતાતરીકે માન આપવું જોઇએ અને પવિત્ર લાગણી હંમેશાં દેખાડવી જોઇએ.

આટલી કાળજી-આટલું કષ્ટ ખમવા છતાં ઉત્તમ બાળકો પેદા થતાં નથી તેનું કારણ શું? કારણ એજ કે, એ બાબતનું જ્ઞાન માબાપોને આપવામાં આવતું નથી.

માણસજાતનું સ્વરૂપ ફેરવનાર શોધ

ડૉકટર ફાઉલર જણાવે છે કે "માણસને માબાપ કેમ થવું તે પહેલાં શીખવો, પછી કેળવણી આપો; જેથી આખી દુનિયામાં ફેરફાર થઈ જશે." આજે તમારી સન્મુખ જે શોધો રજુ કરવામાં આવશે તેથી માણસજાતનું સ્વરૂપ ફરી જશે, હિંદમાં મહાન નરો પેદા થશે, હિંદને સ્વરાજ અપાવશે અને હિંદ માતાની ઉન્નતિ થશે; માટે પ્રિય બહેનો! આ શોધો ઉપર દિલોજાનીથી અમલ કરજો.

બેબી-વીક

હાલમાં "બેબી-વીક"ની હીલચાલ ચાલી રહી છે, જે ઘણી સ્તુતિપાત્ર છે. એક બાળક કદરૂપું જન્મે ને "ઈડીયટ" યાને દિવાનું જન્મે, અથવા અવયવની ખોડખાંપણવાળું જન્મે, તો તે બાળકને ગમે તેવી કેળવણી કે જતનથી તે ખૂબસુરત કે બુદ્ધિશાળી કે તંદુરસ્ત બનતું નથી, માટે માબાપને ઉત્તમ બાળક પેદા કરવા, તે જન્મે તે અગાઉની, ગર્ભ રહ્યા પછીની બાબતોનું જ્ઞાન આપવાની ખાસ જરૂર છે અને એ બાબતની પહેલી હીલચાલ થવી જોઇએ; તોજ "બેબી-વીક"ની હીલચાલનું ઉત્તમ પરિણામ આવે, અને હિંદની ઓલાદ ખૂબસુરત અને બુદ્ધિશાળી થાય.

ઓલાદથી ઉતરતા ગુણો

ડૉકટર ગ્રેગરી જણાવે છે કે, માબાપો પોતાનાં છોકરાંમાં પાછી જીંદગી ગુજારે છે; કારણું છોકરાંઓ માબાપને આબેહુબ મળતાં આવે છે. ફક્ત ચહેરામાં અને શરીરના બંધારણમાં એટલુંજ નહિ પણ મનની સાધારણ વલણો અને સદ્‌ગુણો અને દુર્ગુણોમાં પણ આપણે સાધારણ રીતે તપાસ્યું છે કે, કેટલાંક માને મળતાં આવે છે, કેટલાંક બાપને મળતાં આવે છે; એટલે સુધી કે કેટલાક દાખલામાં જો માબાપને મોં ઉપર ડાઘ અથવા ખાડો હોય છે તો છોકરાંને પણ તેમજ હોય છે.

કેટલીક વખતે એવું બને છે કે, શરીર અને ચહેરાનું ચોક્કસ મળતાપણું અથવા તો મનની વલણો પાંચમી અથવા છઠ્ઠી પેઢી પછી એકદમ પ્રગટી નીકળે છે, જેને અંગ્રેજીમાં "રિવર્ઝન" કહેવામાં આવે છે. એ ઉપરથી અમુક માણસ, જાનવર અથવા ઝાડપાનની પહેલી ઓલાદ કેવી હતી તે માલમ પડે છે.

એક સફેદ માબાપને ત્યાં શામળું બાળક જન્મ્યું, જેથી પેલા ભરથારને પોતાની સ્ત્રીની

પવિત્રતા ઉપર શક ઉત્પન્ન થયો. સ્ત્રીએ પોતાની નિર્દોષતા માટે સોગંદ ખાધા, જેથી તેણીનો ભરથાર ફ્રાન્સમાં પોતાના બાપદાદાના મકાનમાં ખબર કાઢવા ગયો, તો માલૂમ પડ્યું કે, તેનો પાંચમી પેઢીનો વડવો એક આફ્રિકન સીધી હતો, જેની અસરથી તેનું પાંચમી પેઢીનું બાળક સીધી જેવું કાળું અવતર્યું.

આવા ઘણાક દાખલા-દલીલોથી માલમ પડે છે કે, માબાપની જેવી મનોવૃત્તિ હોય તેવા ગુણો ઓલાદમાં ઉતરે છે; તેથી જો માબાપને બાળકની ઉત્પત્તિ વખતેની ચોક્કસ મનોવૃત્તિ રાખવાનું જ્ઞાન આપવામાં આવે તો બાળકો પણ તેવીજ મનોવૃત્તિ ધરાવતાં પેદા થાય; જે દલીલ આપણે હવે દાખલાઓથી પૂરવાર કરી શકીશું.

પ્રેમથી ખૂબસુરત ઉત્તમ સ્વભાવનાં બાળક પેદા થાય છે.

ડૉક્ટર ફાઉલર એક વખતે પોતાની પત્ની સાથે ફરતા હતા. તે વખતે તેમણે બે બાળકો ઘણા ખૂબસુરત અને ઉમદા સ્વભાવનાં નિહાળ્યાં. તુરત એ બાળકોનાં માબાપ કેવાં હશે તેની તપાસ કરવા તેઓનું ઠેકાણું પૂછી લઇ તેઓને ત્યાં તપાસ કરવા ગયા તો માલૂમ પડ્યું કે, એ બાળકોનાં માબાપ કાંઈ ઘણા ખૂબસુરત નહોતાં, પણ તેઓ એકબીજા તરફ ઘણો પ્રેમ દેખાડતાં હતાં; અને જણાવતાં હતાં કે, તેઓએ આખી પરણેલી જીંદગીમા એક પણ સખન અને કુસંપ ઉત્પન્ન કરે એવો શબ્દ કે કાર્ય કર્યું નહોતું. જો ખૂબસુરત, ઉમદા અને સાત સ્વભાવનાં બાળકો જોઇતાં હોય તો પતિ અને પત્નીએ એકબીજા તરફ પ્રેમ અને ભક્તિ દેખાડવી જોઇએ અને જરા પણ કુસંપ કે કજીયો-કંકાસ થાય એવા શબ્દો કે કાર્ય કરવાં જોઇએ નહિ. આવા ઉત્તમ સદ્‌ગુણના ફળતરીકે તમને ઘણાં ખૂબસુરત અને ઉમદા સ્વભાવનાં બાળકો પેદા થશે.

જો વિચાર કરશો તો માલૂમ પડશે કે, પરસ્પર પ્રેમ અને ભક્તિભાવવાળાં પતિ-પત્ની જ્યારે એકબીજાના પ્રેમમાં લીન થાય છે, તે વખતે તેઓના ચહેરા ઉપર કેવી ખૂબસુરતી અને શાંતિ પ્રસરી નીકળે છે, તેઓના શરીરનાં જ્ઞાનતંતુ કેવાં આનંદી થાય છે! આવી સ્થિતિમાં બાળકનું બીજ ઉત્પન્ન થાય છે તો તેમાંથી ખૂબસુરત અને ઉમદા બાળક પેદા થાય છે. જો પતિ-પત્નીનો સંગત હવસી જુસ્સાથી, ગુસ્સાથી કે વઢવાડથી થાય છે, તેઓનાં બાળકો કદરૂપાં, ચીડવાળાં, ઝનુની કે ખૂની લડાયક પેદા થાય છે.

કદરૂપા માબાપ છતાં ખૂબસુરત બાળકો કેમ પેદા થાય?

અમેરિકાનો નામાંકિત તબીબ ડૉક્ટર જેક્સન એક દાખલો પોતાની ચોપડીમા નીચે મુજબ આપે છે.—

ગેમબ્રીજનો ન્યાયાધીશ નાના કદનો, કદરૂપો અને ખુંધી હતો. તેને ત્યાં એક બાળક જન્મ્યું, તે તેના જેવુંજ કદરૂપું અને હસ્તીપના પુતળા જેવું આબેહુબ હતું. આ ઘરની ઉપરાંત તેવા નાના કદરૂપા દેખાવથી તે બાપને ભય ઉત્પન્ન થયો કે, તેની આખી ઓલાદ આ પ્રમાણે કદરૂપી જન્મશે તેથી તે એક બહુજ વખણાયલા ડૉક્ટર નેલ્સનની સલાહ લેવા ગયો. ડૉક્ટરે સલાહ આપી કે, બિછાનાની આસપાસ તારે ઘણુ નાના ખૂબસુરત પુતળા રાખવાં. એક પગ આગળ, એક જમણા હાથ તરફ અને બીજું ડાબા હાથ તરફ, કે જેથી તારી સ્ત્રી જ્યારે પણ નજર કરે ત્યાં આ ખૂબસુરત પુતળા તેની નજરે પડે. પેલા કદરૂપા ન્યાયાધીશે ડૉક્ટરની સલાહ પ્રમાણે બરાબર અમલ કર્યો અને જે બાળક જન્મ્યું તેનાથી સાબીત થયું કે, તે પહેલું કરતાં ઘણું વધારે ખૂબસુરત હતું.

ચિત્રોની અસરથી ખૂબસુરત બાળકો

એક જુવાન સદ્દગૃહસ્થ અને તેના બાપ એક ઘણા ખૂબસુરત બાળકનું ચિત્ર ખરીદવા આખા બોસ્ટન શહેરમાં મુસાફરી કરી [illegible] તે ચિત્ર બીછાના [illegible] પડ્યા કરે તેમ દિવસ રાત રહ્યું, કે જેથી સ્ત્રીને તે [illegible] અને પોતાના કવિમન [illegible] ખૂબસુરતી [illegible]

ત્યાં બાળક જન્મ્યું તે આબેહુબ પેલા ચિત્રમાં દર્શાવેલા ચહેરા જેવુંજ ખૂબસુરતીમાં અને સ્વભાવમાં હતું; એટલે સુધી કે તેઓને ત્યાં આવનારા પરોણાઓ પેલું ચિત્ર જોતા ત્યારે પેલા બચ્ચાનુંજ ચિત્ર છે, એમ માનતા હતા.

આવીજ રીતે માબાપનાં મનપર કદ્રૂપા દેખાવો પડે છે, ત્યારે કદ્રૂપાં બચ્ચાં જન્મે છે, જેના પણ ઘણા દાખલાઓ મળી આવે છે.

સુથાર-લુહારને ત્યાં મહાન નરો કેમ પેદા થાય છે?

હવે સુથાર, લુહાર કે ખેડુતને ત્યાં મહાન નરો કેવી રીતે પેદા થયા હતા તેના દાખલા તપાસીએ. ફીલાડેલ્ફિયાના એક લુહારને ત્યાં એક ઘણીજ બુદ્ધિમાન અને હુશિયાર છોકરી પેદા થઇ હતી. તેણીનો બાપ આ છોકરી પેદા કરવાના કાર્ય વખતે મનની કેવી સ્થિતિમાં હતો તે આ પ્રમાણે જણાવે છેઃ-

"આ છોકરીના જન્મની એક વર્ષ અગાઉ વરાળથી ચાલતું એક વહાણુ બનાવવાને તે ખંતથી રોકાયો હતો. આ વહાણની યોજના રચવા અને બનાવવાને મગજને એટલું બધું ઉશ્કેરવું પડતું હતું કે કપાળ અને લમણું (ટેમ્પલ) જ્યાં મસ્તકરેખાની વિદ્યા પ્રમાણે યોજનાઓ અને કારણ શોધવાની શક્તિઓનું રહેઠાણ આવેલું છે તે ભાગો એટલા તો ગરમ થઇ જતા કે તેઓને ઠંડા કરવા એ ભાગોપર વારંવાર પાણી લગાડવું પડતું હતું. મનઃશક્તિ આ પ્રમાણે ઉશ્કેરાયલી હતી તે વખતે પેલા બાપે પોતાની પત્નીની સંગતથી આ બાળકનું બીજ પેદા કીધું. આ છોકરી ઉંમરે પહોંચી ત્યારે તેણીનું માથું ૨૩) ઇંચ જેટલું મોટું હતું; અને કપાળ તથા લમણા(ટેમ્પલ)નો ભાગ જે પેલા બાપે મનઃશક્તિ ખૂબ વાપરવાથી ગરમ થયાં હતાં, તેજ ભાગો આ છોકરીમાં વધારે ખીલેલા માલમ પડતા હતા. આવા દાખલા ઉપરથી માલમ પડે છે કે, કેટલીક વખતે સુથાર-લુહારને નવા દાગીના બનાવવાને માટે યોજના કરવાની, કારણ શોધવાની, અવલોકન કરવાની, સંપૂર્ણ અને સુંદર બનાવવાની વગેરે શક્તિ ખૂબ વાપરવી પડે છે. આવી રીતે જ્યારે મનઃશક્તિઓ ઘણીજ ઉશ્કેરાયલી હોય, તે વખતે બાળકનું બીજ ઉત્પન્ન કરવામાં આવે છે તો તે બીજમાંથી મહાન નર પેદા થાય છે. આવીજ રીતે આપણા ઘણાક મહાન નરો સુથાર-લુહારને ત્યાં જન્મ્યા હતા.

મહાન નરો માતાને આભારી છે

કેટલાક વિદ્વાનોનું એવું કહેવું છે કે, આપણા મહાન નરો મોટેભાગે પોતાની માતાની હમેલના વખતની ઉચ્ચ મનની સ્થિતિને આભારી છે. જોસફ કુક નામનો વિદ્વાન એ બાબતમાં લખે છે કે "જ્યારે બાળક પેટમાં હોય છે, ત્યારે માતાની ઉપર નસીબવંત અથવા કમનસીબ બનાવો અસર કરે છે, તો તે સારા અથવા માઠા પરિણામતરીકે બાળકની જીંદગીમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે."

પ્રૉફેસર નાઇટના પ્રયોગો

આ વિદ્વાને રૉયલ સોસાયટીમાં એક નિબંધ વાંચ્યો હતો તેમાં એ વિદ્વાન જણાવે છે કે, તેણે કેટલાંક જાનવરોપર હમેલની વખતે પ્રયોગો કર્યા હતા. ગર્ભવાળાં જાનવરો પાસે ચોક્કસ કાર્યો કરાવવામાં આવ્યાં અને તેઓને ચોક્કસ કળાઓ શીખવવામાં આવી તો માલુમ પડ્યું કે, તેઓનાં બચ્ચાં વગરશીખવ્યે પોતાની માતાના જેવાં કાર્યો અને કળા વાપરવા લાગ્યાં.

આપણા કેટલાક મહાન નરો પોતાની માતાના હમેલના વખતની ઉચ્ચ સ્થિતિને આભારી હતા, એમ આપણે દાખલાથી તપાસીશું.

નેપોલિયન બોનાપાર્ટ

મહાન લડવૈયો નેપોલિયન બોનાપાર્ટ જેણે દુનિયાને જીતવાની કોશીશ કરી હતી, તે કેમ પેદા થયો હતો?

જોસફ કુક લખે છે કે, નેપોલિયનની માતા હમેલદાર હતી, તે વખતે યૂનાન દેશના પ્રખ્યાત વિદ્વાન પ્લુટાર્ક જેણે નામાંકિત માણસોની જીંદગીના બોધદાયક હેવાલો લખ્યા છે, તેની ચોપડી

અને બહાદુરીભરેલાં કાર્યોનું સાહિત્ય હમેલની વખતે વાંચતી હતી, જેની અસરથી નેપોલિયન મહત્ત્વાકાંક્ષી અને દુનિયા ડુલાવનાર લડવૈયો થયો હતો.

અદ્ભુત અંકગણિતશાસ્ત્રી ઝેરાહ કોલબર્ન

આ ઝેરાહ કોલબર્ન અંકગણિતમાં અદ્ભુત શક્તિ ધરાવતો હતો અને પોતાની આ અદ્ભુત શક્તિથી સઘળા પ્રદેશોનાં માણસોને તેણે છક કરી નાખ્યાં હતાં. તેણે મોઢેથી ગણિત કરવાની નવી રીત શોધી કાઢી હતી. આ અદ્ભુત મનઃશક્તિ તેણે પોતાની માતા તરફથી વારસામાં કેવી રીતે મેળવી તે આપણે તપાસીએ.

ઝેરાહ કોલબર્નની માતાને કાપડપર જૂદી જૂદી આકૃતિ વણવાને ઘણીજ બારીકીથી ગણત્રી કરવી પડતી હતી. તેણી વારંવાર નવી નવી આકૃતિ પોતાના મનમાંથી ઉપજાવી કાઢતી હતી; અને પોતાના મનમાંથી ઉપજાવી કાઢેલી આકૃતિ વણવા માટે તેણીને તાંતણાઓની ઘણી બારીક ગણત્રી કરવી પડતી હતી. એક નવી આકૃતિ વણવા માટેની ગણત્રી કરવા દિવસોના દિવસોસુધી તેણીએ કોશીશ કીધી, પણ નકામી ફોકટ ગઈ. એક દિવસે તે આખી રાત આ આકૃતિ વણવાને માટે ગણત્રી કરી. નિરાશ થઇ અને વણવાનું છોડી દેવાની અણીપર હતી, તેવામાં તેણીના મનમાં એક નવી ગણત્રી એકદમ આવી કે, જો અમુક દોરા આવી રીતે વણવામાં આવે તો આ આકૃતિ વણી શકાય. સવારે તેણીએ આ ગણત્રી પ્રમાણે વણવાથી મહેનતવગર પેલી આકૃતિ વણી શકી; અને આ આકૃતિ પાછળ આટલી ખંતથી જૂદી જૂદી ગણત્રી જ્યાંસુધી નિરાશ થઇ ગઇ ત્યાંસુધી કર્યા કરી. ગણત્રીની મનઃશક્તિને આટલી બધી ઉશ્કેરેલી હતી તે વખતે તેણીને હમેલ હતા. પેલો ઝેરાહ તેણીના પેટમાં હતો. આ ઝેરાહ કોલબર્ન નવી ગણત્રીના શાસ્ત્રનો શોધક અને અદ્ભુત મનઃશક્તિ ધરાવતો હતો, તેનું કારણ એટલુંજ કે, જ્યારે તે પેટમાં હતો ત્યારે તેની માતાએ ગણત્રીની ચોક્કસ આકૃતિ વણવા હદબહાર મનઃશક્તિ વાપરી હતી. આ અંકગણિતશાસ્ત્રી જ્યારે ફક્ત ત્રણ વરસનો હતો, ત્યારે ઉભો ઉભો પોતાના મનથી બબડતો હતો કે " આમાંના આટલા લઇએ અને પેલામાંના આટલા લઇએ તો આટલા બીજા થાય. " જે પ્રમાણે તેની માતા પેલી આકૃતિ વણવા દોરાની ગણત્રી કરતી હતી, તેજ પ્રમાણે આ છોકરો નાની વયમાં ગણત્રી કરતો હતો.

ચાર્લ્સ કિન્સ્લી

ચાર્લ્સ કિન્સ્લીની જીંદગીના હેવાલપરથી માલમ પડે છે કે, તે પોતાની માતાના પેટમાં હતો, ત્યારે તેની માતાએ વિચાર કર્યો કે, મારે દુનિયાની લાલચોથી દૂર રહી પરહેજગારી રાખવી, કે જેથી મારા પેટમાંના બાળકપર પવિત્ર અસર થાય. આવા વિચારથી તેણી શહેરમાંથી જતી રહી, ડેવનશાયર નામના ગામડામાં રહેવા ગઇ અને ત્યાં આખો વખત કુદરતની ખુબસુરતી ઉપર લક્ષ આપી સર્વશક્તિમાન ઇશ્વરનાં કાર્ય અને કરામતનાં વખાણ કરવા લાગી. આનું પરિણામ એ આવ્યું કે, તેણીને છોકરો જન્મ્યો તે મોટો થયો ત્યારે તેણે કુદરતની ખુબસુરતીની 'ગ્લોકસ' નામાંકિત પુસ્તક લખ્યું, એટલુંજ નહિ પણ તે એક માન પામેલો ધર્મગુરુ થયો.

મરજી પ્રમાણેનાં ૯ બાળકો–એક માતાના પ્રયોગો

હમેલવાળી સ્ત્રી પોતાની મનઃશક્તિથી મરજી પ્રમાણેના બાળકો કેમ પેદા કરી શકે, તેનું જ્ઞાન મેળવી, પ્રયોગો કરી પોતે ફતેહમંદ નીવડી તેનો હેવાલ નીચે પ્રમાણે આપે છે:—

પહેલા બાળકની વખતે જ્યારે તેણી હમેલદાર હતી તે વખતે તેણીએ વિચાર કર્યો કે, તેણીના બાળકને એક છટાદાર બોલનાર બનાવવો, જેથી તેણી એ વખતે સર્વે છટાદાર વક્તાઓનાં ભાષણોમાં જતી. બીજા છોકરાની વખતે હમેલ હતા ત્યારે તે છોકરાને એક નામીચો ચીતારો બનાવવાના વિચારથી તેણી યુરોપના દરેક સ્ટુડિયોમાં જઇ ત્યાં ઉમદા ચિત્રોનો અભ્યાસ કરતી હતી, જેથી એ છોકરો એક નામીચો ચીતારો થયો હતો અને પહેલા જે કરી છટાદાર બોલનાર થયો હતો. પ્રોફેસર ફાઉલર જણાવે છે કે, આ બાના ૯ બ્ચાં તેણીએ હમેલની વખતે જે રીતની મરજી દેખાડી અને કોશીશ કીધી તેવા થયા હતા.

આ દાખલાઓ ઉપરથી માલમ પડે છે કે, મહાન નરો પોતાની માતાને આભારી છે. માતાઓ ચાહે તો હમેલની વખતે જેવી ઈચ્છા ધરાવે અને મનઃશક્તિ વાપરે તેવાં બાળકો પેદા કરી શકે.

ડૉકટર ફાઉલરની એક અગત્યની શોધ

ડૉકટર ફાઉલરે ઘણાક દાખલાઓની તપાસ કરી એક ઘણી અગત્યની શોધ કરી છે, તે એ કે, હમેલ રહ્યા પછી પહેલા ૭ મહીના સુધી બાળકના શરીરનું બંધારણ થાય છે અને ફક્ત પાછલા ત્રણ મહીનામાં જૂદી જૂદી મનઃશક્તિ જેવી કે ધાર્મિક, ભક્તિભાવની, સદ્‌ગુણની, કારણ શોધવાની વગેરે શક્તિવાળા ભેજાના ભાગનું બંધારણ થાય છે; માટે દરેક હમેલદાર સ્ત્રીએ હમેલના ૭ મહીના પછી યાને છેલ્લા ત્રણ મહીના તો ખાસ કરી ઉમદા સદ્‌ગુણોમાં, ભક્તિભાવમાં અને પરમાર્થી કાર્યોમાં મનને વારંવાર રોકવું જોઇએ, કે જેથી ઉત્તમ મનઃશક્તિનાં બુદ્ધિશાળી બાળકો પેદા થશે.

એજ પ્રમાણે મી૦ બનાજીએ કેટલાક દાખલાઓ આપી જણાવ્યું કે, હમેલવાળી સ્ત્રી જો ગમગીન રહે છે તો બાળકના માથામાં પાણી ભરાય છે. જો તે ધાસ્તી અથવા ફાળ ખાય છે તો બાળકો લૂલાં, લંગડાં, પાંગળાં, ભેજાંવગરનાં, બેવકુફ જન્મે છે. જો માતા એ વખતે વઢવાડ અથવા ગુસ્સો કરે છે, તો તે બાળક ઘણું ચીઢીયું, ઝનુની અને ખૂની જેવું પેદા થાય છે. માટે ઉમદા બાળકનો જન્મ આપવા હમેલવાળી સ્ત્રીએ શાંત, સદ્‌ગુણી અને ભક્તિભાવથી જીંદગી ગુજારવી જોઇએ.

સ્ત્રીઓ ! હિંદની ઉન્નતિ માટે મહાન નરો પેદા કરો.

સ્ત્રીઓએ મહાન નરો પેદા કરવાનો કુદરતનો ભેદ હવે જાણ્યો છે. આ ભેદની ચાવી તમને હવે મળી છે. હવે સ્ત્રીઓએ એ ચાવીનો એ ઉમદા જ્ઞાનનો ઉપયોગ કરી ખૂબસુરત અને સદ્‌ગુણી-બાળકો પેદા કરી હિંદની ઓલાદને ઉત્તમ બનાવવી જોઇએ. હિંદની ઉન્નતિ માટે, હિંદમાતાના કલ્યાણું માટે હવે દરેક સ્ત્રીની ફરજ છે કે, તેમણે મહાન નરો પેદા કરવાની ફરજ સમજવી જોઇએ.

એક હિંદી કવિ કહે છે તેમ—

જનની જણ તો ત્રણ જણે, ભકત, દાતાર કે શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવતી નૂર.

(મી. બેહમન સો. બનાજીનું ભાષણ "હિંદુસ્થાન" ના ૨૮-૪-૨૮ ના અંકમાંથી.)

૧૮૮—પગ પીછે નહીં હટાયેંગી.

હમ વીર હૈં ક્ષત્રાણી હૈં, પગ પીછે નહીં હટાયેંગી;
પ્રતિજ્ઞા કર કે વેદી પર, વાલન્ટિયરોં મેં નામ લિખાયેંગી.
ઝંડા લે કર ઓરૂમ્ કા હમ, સ્વામી કા ઋણ ચુકાયેંગી;
શસ્ત્ર લે કર શુદ્ધિ કા હમ, બલયુત મૈદાન મેં આયેંગી.
બિછુડ રહી જો બહિનેં હમસે, અબ ઉનકો ગલે લગાયેંગી;
પ્રકાશ દિખાકર વેદોં કા, ઇસ અંધકાર કો હટાયેંગી.

('હિંદુપંચ'ના એક અંકમાં લેખિકા શ્રીમતી કૌશલ્યાદેવી, અધ્યાપિકા-બિજનૌર.)

૧૮૯—રામાયણમાંની બે વીર જનની—આર્યમાતાઓ

આજ વિજયદશમી કા ત્યોહાર હૈ, કઈ બહિનેં ઔર માતાએં આજ અપને અપને શહરોં મેં રામલીલા કા ખેલ મેં રામ ઔર સીતા કે દર્શન કરને કે લિયે જા રહી હોંગી. ઇસ રામલીલા ને ભારત માતા કી જગ મેં હંસી કરાઇ હૈ. હમ આજ કે દિન ઇસ શુભ અવસર પર વાલ્મીકિ રામાયણ મેં સે માતા કૌશલ્યા ઔર માતા સુમિત્રા કે પવિત્ર ચરિત્ર કા પાઠ, પાઠિકાઓં કે સામને રખતે હૈં. આશા કરતે હૈં કિ વહ ઇન ચરિત્રોં કો પઢ કર, ફિર સે ભારત મેં ઇન પવિત્ર દેવિયોં કી આત્મા કો નિમંત્રિત કરેંગી.

માતા કૌશલ્યા

રાજા રામચંદ્ર જનકપુરી સે વિવાહિત હો કર અયોધ્યા મેં આતે હૈં. પ્રજાજન કી અભિલાષા કે કારણ ઉન્હેં યુવરાજ બનાયા જાતા હૈ. વહ ઇસ સંદેશ કો સુન કર માતા કે પાસ જાતે હૈં. માતા કૌશલ્યા કો યહ સમાચાર સુમિત્રા તથા લક્ષ્મણ દ્વારા પહલે માલૂમ હો ગયા થા. જબ રામચંદ્ર માતા કે મહલોં મેં પહુંચતે હૈં તો ક્યા દેખતે હૈં:—

तस्मिन्कालेऽपि कौशल्या, तस्थावामीलितेक्षणा । सुमित्रया त्वास्यमाना, सीतया लक्ष्मणेन च ।
श्रुत्वा पुष्ये च पुत्रस्य यौवराज्येऽभिषेचनम् । प्राणायामेन पुरुषं ध्यायमाना जनार्दनम् ॥

કૌશલ્યા ઇસ આનંદસમાચાર કો સુન કર સુમિત્રા, સીતા ઔર લક્ષ્મણ કે સાથ બૈઠી હુઇ પ્રાણાયામપૂર્વક પરમાત્મા કા ધ્યાન કર રહી થી. થોડીસી સંપત્તિ વ ઐશ્વર્ય કે મિલ જાને પર સાધારણ સ્ત્રિયાં આનંદ મેં નિમગ્ન હો અપને આપકો ભૂલ જાતી હૈં, ઔર નિત્યનિયમ કો છોડ બૈઠતી હૈં; પરંતુ કૌશલ્યા પુત્ર કો યુવરાજ બનતે હુએ દેખ કર ભી, ધાર્મિક નિયમોં તથા ઈશ્વરારાધન કો કરતી હુઈ, અપની શુદ્ધ મનોવૃત્તિ કા પરિચય દેતી હૈ. એક તરફ યહ અવસ્થા હૈ. ઇસકે બાદ જબ કઇ કારણોં સે રામચંદ્ર કો વન મેં જાના પડતા હૈ, ઉસ સમય ભી કૌશલ્યા ને જો ધૈર્ય દિખાયા હૈ વહ અલૌકિક હૈ. કવિ વાલ્મીકિ લિખતે હૈં:—

उपावर्त्यापि प्रहृष्टेव सा दुःखवशवर्तिनी । वाङ्मात्रेण नभावेन वाचा संसज्जमानया ।
आनम्य मूर्ध्नि चाघ्राय परिष्वज्य यशस्विनी । अवदत्पुत्रमिष्टार्थो गच्छ राम! यथासुखम् ॥

વનવાસ જાને કી બાત સુન કર વહ દુઃખિત હુઇ; પરંતુ અપને આપકો રોક કર, પુત્ર કા સિર ચૂમ કર રામચંદ્ર કો કહા—હે પુત્ર! જાઓ, સુખપૂર્વક વન મેં રહો, અપને વચન તથા કર્તવ્ય કા પાલન કરો. કવિ લિખતા હૈ કિ યહ આશીર્વાદ દેતે સમય કૌશલ્યા પ્રસન્ન થી. વહ અપને પુત્ર કો ધર્મ પર દૃઢ દેખ કર, ખુશ થી. ઇસ લિયે ઉસને દુઃખભરી આવાજ હોતેહુએ ભી પ્રસન્ન હૃદય સે રામ કો વિદાઇ દી. આજ દેશ મેં કિતની માતાએં હૈ જો અપને પુત્રોં કો ધર્મક્ષેત્ર મેં પ્રસન્નતા કે સાથ સુખ-દુઃખ મેં સમ રહતી હુઇ વિદા કર સકતી હૈં? સુખ ઔર દુઃખ મેં સમ રહનેવાલી માતા હી રામ જૈસે વીર પુત્ર કો જન્મ દે સકતી હૈ. જિસ પ્રકાર યુવરાજ બનતે સમય તથા વનવાસ જાતે સમય રામ કે ચેહરે પર [illegible], ઉસી પ્રકાર કૌશલ્યા ને ભી દોનોં સમય, ધ્યાન ઔર [illegible] કે આધાર પર દુઃખ કે [illegible] ન [illegible] દિયા. ઐસી માતાએં તથા ઐસે પુત્ર ધન્ય હૈં. જિનકે કારણ હી હમારી [illegible] ધન્ય હૈ.

માતા સુમિત્રા

જિસ સમય રામચંદ્ર વન કો જાતે હૈં લક્ષ્મણ ભી અપની માતા [illegible] કે પાસ વન જાને કી આજ્ઞા લેને કે લિયે જાતે હૈં. ઉસ સમય સુમિત્રા અપને પુત્ર કો [illegible] કરતી હૈ:—

सृष्टस्त्वं वनवासाय स्वनुरक्तः सुहृज्जने । रामे प्रमादं मा कार्षीः पुत्र! भ्रातरि गच्छति ।
रामं दशरथं विद्धि मां विद्धि जनकात्मजाम् । अयोध्यामटवीं विद्धि गच्छ तात यथासुखम् ॥
दे. ११

હે પુત્ર! અપને પ્રિય મિત્ર કે સ્નેહ કો નિભાને કે લિયે તુમ રામ કે સાથ બન મેં દેર મત કરો. રામ કો પિતાતુલ્ય સમઝો, સીતા કો માતા સમઝો, જંગલ કો અયોધ્યા આનંદપૂર્વક રામ કે સાથ બન જાઓ. આજ કિતની માતાએં હૈં જો નિષ્કામ ભાવ સે પુત્રોં કો ધર્મ કે લિયે ભેજ સકતી હૈં? સૌતેલી (ઓરમાન) માતાઓં તથા સૌતેલે ભાઇઓં કે કૌશલ્યા, સુમિત્રા, રામ ઔર લક્ષ્મણ કે ઉદાહરણ અનુકરણીય હૈં.

("સત્યવાદી" ના આશ્વિન ૧૯૮૨ ના અંકમાંથી)

૧૯૦—અમેરિકા કો કિસને ખોજા?

મેક્સિકો મધ્ય અમેરિકા ઔર યૂકેટન પ્રાંતોં મેં આજકલ જો અનુસંધાન હો રહે હૈં યહ પક્કા વિશ્વાસ હો રહા હૈ કિ કોલંબસ કો અમેરિકા કો ઢુંઢને કે કમ સે કમ એક વર્ષ પહલે એશિયાવાસિયોં કો ઉસકા પતા લગ ગયા થા. વહાં ઐસે શિલાલેખ આદિ મિલે જિનસે પતા લગતા હૈ કિ કાબૂલનિવાસી બૌદ્ધ ધર્મ કે પ્રચારક હુઇશેન આજ દિન કે ઔર એલ્યૂટિયન દ્વીપસમૂહોં કે માર્ગ સે હોતે હુએ અપને બૌદ્ધ ધર્મ પ્રચારક દલ કે સાથ પહુંચે થે: વૈસે ક્યૂરાઈલ ઔર એલૂટિયન દ્વિપવાલોં કા ઉત્તર અમેરિકા સે હી બરાબર સંબંધ થા. ઈન્હીં લોગોં સે બૌદ્ધોં કો અમેરિકા પ્રદેશ કી ખબર મિલતી થીં. મેક્સિકો તથા અન્ય સ્થાનો મેં ઐસે શિલાલેખ તથા પ્રાચીન સમય કે ઐતિહાસિક લેખ મિલે હૈં. ઈન્હીંસે સંબંધ રખનેવાલે બહુત સી ઐતિહાસિક કિંવદંતિયાઁ ઔર કહાનિયાઁ પ્રચલિત હૈં, જિનમેં ચીન સે ૭ હજાર મીલ પૂર્વ કી તર્ફ મહોદધિ કે ઉસપાર મહાદેશ કે હોને કી બાત હૈ ઔર યહ મહાદેશ અમેરિકા હી હો સકતા હૈ. ઉસ જમાને કે ચીની લોગ ઉસ મહાદેશ કો ફુઅંગ કહા કરતે થે. હુઇશેન ને ચીન કે સમ્રાટ યુંગન કે સમય મેં ૪૯૯ ઈ૦ મેં મેક્સિકો કી યાત્રા કી થી. વે સન ૫૦૩ મેં મૈક્સિકો સે કઇ પ્રકાર કે આઇને, કપડે, સૂત, લે કર ચીન લૌટે. હુઇશેન ને અપની રિપોર્ટ મેં લિખા હૈ કિ કાબૂલ કે ચાર બૌદ્ધ ભિક્ષુઓં ને સન ૪૩૫ ઈ૦ મેં હી ઇસ નયે મહાદેશ કા પતા લગાકર બૌદ્ધ ધર્મ કી પુસ્તકોં, સિદ્ધાંતોં ઔર મૂર્તિયોં કા પ્રચાર કિયા તથા વહાં કે લોગોં કો સુધારા થા. ઉનકે લેખોં સે પતા ચલતા હૈ કિ ઉન દિનોં અમેરિકા કે દેશોં મેં તાંબા બહુત થા; પર લોહા ન થા. સોને-ચાંદી કા કોઈ મૂલ્ય નહીં થા. શહર, કિલે આદિ નહીં થે.

મૈક્સિકો મેં હુઇશેન કે જાને કે પ્રમાણ મૌજૂદ હૈં. વહાં યહ કિંવદંતિ પ્રચલિત હૈ કિ "એક શ્વેતરંગ કા ઢીલા વસ્ત્ર ઔર ચદ્દરધારી અસાધારણ વ્યક્તિ આયા, જિસને લોગોં કો બુરાઇ સે બચને ઔર શાંત ધાર્મિક જીવન બિતાને કો કહા. ઉસે બડી યંત્રણાયેં દી ગયીં. જબ યંત્રણાયેં અસહ્ય હો ગયી તો વહ એકાએક ગાયબ હો ગયા. પીછે ઉસકે પદચિન્હ એક ચટ્ટાન મેં (જો દક્ષિણ કેલિફોર્નિયા કે જગદલેના સ્થાન કે પાસ હૈ) વહાં ઉસકી મૂર્તિ સ્થાપિત કી ગયી. મિલેજલ કોટલ નામક એક અન્ય ધર્મગુરુ અપને સાથિયોં સહિત ઉત્તર સે પનુ કો હોતે હુએ મેક્સિકો ગયે થે. અભી ભી મેક્સિકો મેં "ગૌતમ" "શાક્ય" કે નામ સુને જાતે હૈં. કઇ નગરોં, ગાંવોં કે નામ મેં યે શબ્દ પાયે જાતે હૈં. પલેનોર સ્થાન કે પાસ એક બૌદ્ધ મૂર્તિ પાઇ ગયી હૈ. ઉસપર "શાક્મોલ" (શાક્ય મુનિ) શબ્દ અંકિત હૈ. કોપીચે સ્થાન મેં બુદ્ધ કી એક ઠીક ઔર બડી મૂર્તિ મિલી હૈ. પલેકે મેં દે. શેરોપર પલથી મારકર બૈઠે હુએ પ્રચારક કી મૂર્તિ મિલી હૈ. બહુત સે મંદિરોં કી દિવાલોં કે પત્થરોં મેં ઐસે ચિત્રાદિ ખુદે હૈં, જો એશિયા કે દેશોં કે પ્રાચીન સભ્યતા કે યુગ કી કલા સે મિલતે જુલતે હૈં.

('વિશ્વમિત્ર'ના એક અંકમાંથી)

૧૯૧—એક દિવાનાનો બડબડાટ

ધર્મીના ઢોંગ અને સુધારકના સોંગ લેનારાઓને નમસ્કાર સાથે અર્પણ

(“મુંબઈ સમાચાર”ની અઠવાડીક આવૃત્તિમાં લખનાર એક મૂર્ખ—અભણ)

૧—તા. ૧૩-૫-૨૮ ના અંકમાંથી.

જેઓ ધર્મનાં ફરમાનો ખાલી વાંચી જઈનેજ અભ્યાસ ને અનુભવવગર સમજાવ્યા જાય છે, તેઓ પોતાની અક્કલનો ઘોડો આગળ દોડાવે છે ને પોતાની અક્કલને મહાન પેગંબરોની બરાબર એકજ પંક્તિપર હોય એમ દેખાડે છે; ને પોતેજ પેગંબર હોય તેમ પેલા પેગંબરોને ટાંકી દઈ જાણે કંઈ નવું દેખાડતા હોય ને ખુદાને પહોંચી ગયા હોય, તેમ તે પૂરા પહોંચી ચૂકેલા પેગંબરોનાં લખાણોપર સુધારા-વધારા ને ટીકા કરે છે. આવુંજ માન જેઓના દિલમાં પોતાના પેગંબરોવિષે હોય, તેઓ પોતે કેવા ધર્મી ને કેટલા ભણેલા છે, તેનો વિચાર તેઓને કેમ નથી સૂઝતો ? આ તે શું ધર્મ ને પેગંબરની સેવા કરવાની રીત ? આ શું તમારા શીખેલા, ભણેલા ને શાણામાં ખપતાઓની વિદ્યાનો ભંડોળ ? ધર્મીઓ! એમાં તમે શું ભલું માનો છો ? આપણા મનમાં વિચારો શા આધારપર ઉભા થયા તે આપણેજ જાણી શકીએ; તેમ પેગંબરોનાં ફરમાનો શા આધારપર રચાયાં તે તમો કેમ કરી જાણી શકો ? જે કોઈ તે વખતે હાજર હોય તે થોડુંઘણું કલ્પી શકે; પણ અમારી ને પેગમ્બરોની વચ્ચે હજારો વર્ષોનો ફરક પડી ગયો તો હવે કલ્પના પણ ચાલી શકવાની નથી. જો તમારી ને પેગંબરોની અક્કલ ને બુદ્ધિ એકજ સરખી માનો છો, તો તો તમારે પણ કંઈ નવોજ ધર્મ સ્થાપવો હતો; પણ તેમ થતું નથી એજ દેખાડે છે કે, તમારામાં તેટલી અક્કલ ને બુદ્ધિ નથી, તેથીજ જૂનાને હાથ લગાડો છો. ‘નીમ હકીમ ઓર ખતરે જાન, નીમ મુલ્લાં ઓર ખતરે ઇમાન’ તેમ આવા ધર્મઝનુનીઓ જેટલો ધર્મને જગતમાં વગોવે છે ને તેનો નાશ કરે છે, તેટલો જેઓ સાધુસંતોને નમસ્કાર કરે છે યા તો પોતાના ધર્મમાંથી ન સમજાતું હોય તો કોઇ બીજા ધર્મમાંથી સમજી લે છે, તેઓ તો ખુલ્લા દિલે કબૂલ કરે છે કે, ધર્મ સમજતો નથી. આવા તેઓ ભોળાભાળા ને બચ્ચા જેવા નિર્દોષ હોય છે; પણ જેઓ સમજતા નથી, ખાલી સમજતા હોય તેવું દેખાડે છે ને પોતાનો ધર્મ સૌથી સારો છે, એમ બીજાઓના મતો પ્રમાણે કહી મુંઝવણમાં નાખે છે, પણ ક્યાં ને કેવી કરણી કરવી ને શું ફરમાનો છે, તે વાતના અખાડા કરવામાંજ શોભા ને માન સમજે છે ને પરધર્મો તરફ તિરસ્કાર દેખાડે છે; એવા ધર્મીઓ કેટલું ખોટું બોલે છે ને કેવી પાપી કરણી કરે છે, તેનો કંઇ ખ્યાલ તેઓ કરે છે કે ? પોતે તો ખોટા કામો કરી રહ્યા હોય છે; પણ જેઓ ખુદાને રસ્તે જતા હોય તેઓને ધાકધમકી આપીને ઉંધે રસ્તે દોરવવા માગે છે. પોતે જે લોભ-લાલચોમાં ફસેલા છે-પોતે જે ખોટી કરણી કરી રહ્યા છે તેઓ, જેઓ ખુદાને ભજીને લોભ-લાલચથી મન મારવા માગે છે, પાપી ખોટી કરણીથી દૂર રહેવાની કોશીશ કરે છે, તેઓને ખોટું સમજાવી-લલચાવીને-ફસાવીને, પોતે જે કરણી કરી રહ્યા છે તેજ ખરું છે ને સૌ કોઇએ પણ એવીજ રીતે ચાલવું એમ સમજાવી રહ્યા છે ! આ તો પેલી કહેવત પ્રમાણે ‘શાણો દુશ્મન ભલો, પણ મૂર્ખ દોસ્ત પરવડે નહિ’ તેમ નામમાત્રના ધર્મીઓ કરતાં તો જેઓ સાધુસંતોને નમસ્કાર કરે છે, પરધર્મમાંથી પણ ખુદાને સમજે છે અને સ્વધર્મને અનામત રહેવા દે છે, તેની સાથે ધર્મીઓની માફક ખોટી આસનાઇ કરતા નથી યા તો ચુથી-પીંખી નાખીને તેનો નાશ કરતા નથી. જેઓ ધર્મનો નાશ કરે તેઓ ધર્મી કહેવાયજ કેમ ? એક કુટુંબનાં સર્વ માણસો એકજ શહેર યા ગામમાં રહીને સમાતાં નથી. તેમાંનો કોઇ પરદેશ જઇને પણ કુટુંબનું ગુજરાન કરે છે ને જૂદો પડે છે, તેથી તે કુટુંબપરનો તેનો હક ગયો યા તો તે કુટુંબનું નામ જતું રહ્યું કે ? જ્યાં પણ હોય ત્યાં તે તેજ કુટુંબનો રહે છે; તેમ આપણા ધર્મમાં રહીને પારકા ધર્મના સાધુસંતોને નમસ્કાર કર્યાથી કાંઈ આપણા ધર્મપરનો હક જતો રહેતો નથી. કોઇ કપુત કુટુંબમાંજ રહીને-માબાપનું ખાઇ તેઓનેજ મારફાડ કરી ગાળ-ગલોચ આપીને દુઃખ તથા સંતાપ આપે છે, તેવાજ આ કહેવાતા ધર્મીઓ પણ ધર્મના

[illegible] છે ને ધર્મમાં રહીને જ પેગંબરોનાં નામ તથા કામને ખોટું લગાડે છે ને પોતાના [illegible] અર્થ કરીને પોતાના ધર્મને દુઃખ તથા સંતાપ આપી રહ્યા છે. જે પવિત્ર પેગં[illegible] [illegible] ને તે [illegible]નો અનુભવ (રીલીજસ એક્સપિરિયન્સ) થાને જે પૂરતાર [illegible] [illegible] કરી ગયા ને નહિ કે કલ્પનાથી સમજીને અનુમાનો (થિયરીઝ) રચી ગયા. જે [illegible] [illegible] અર્થ ખુલ્લો થતો નથી. તેનો એકજ અર્થ થાય છે. અનુમાનો પૂરતાર [illegible] [illegible] પંડિતો ને વિદ્વાનો પોતાના અનુમાન પ્રમાણેનો અર્થ કરે છે ને [illegible] [illegible] આવા પંડિતો ને વિદ્વાનો ધર્મને સલામત રાખવાને બદલે તેનું [illegible] અનુભવથી સિદ્ધ થએલા ધર્મને અનુમાનોની પંક્તિપર ઉતારી નાખે છે; અને [illegible] છે ને સાધુસંતોને નમસ્કાર કરે છે, તેઓ તો ધર્મનો ખ્યાલ ને રક્ષણ કરીને [illegible] છે. કારણ કે તેઓ અર્થનો અનર્થ પણ કરતા નથી અને [illegible] ખટપટજ કરતા નથી. પેગંબર સાહેબોએ પ્રથમ [illegible] (પોતાના) ઉમતીને લોકોને સોંપ્યો છે, તે એવી આશાથી કે તમે ખાલી [illegible] નહિ રાખી મુકતાં આ પ્લાન પ્રમાણે જે સુંદર ને સુખનું મકાન [illegible] કરીને બાંધી લેશો તો તમારે પર પણ આપેલું આ મકાન [illegible] ભોગવી રહેશો. જેમ ઘરબારમાં એટલે કે દુનિયાનાં ઘરે [illegible] કરતા હો છો, તેમ આ ઘરનું નથી; પણ એવું છે કે જે [illegible] નથી. કારણ કે તેની રચનામાં તે [illegible] [illegible] ધર્મમાં રાખવા થવાનો રસ્તો [illegible] [illegible]

મુએ અનુભવ થઇ રહેશે. આપણે અત્યારે તેમને સમજાવી શકતા નથી તેનું કારણ એજ છે કે, જે ચીજ તેઓએ જોઇ–જાણી નથી, તે તેમને સમજાવીજ શકાતી નથી ને સમજાવવા જઇએ તો એક સવાલનો જવાબ આપતાં અનેક સવાલ ઉભા થયા કરીને તેનો છેડોજ આવતો નથી. કેમકે ઉત્તર પોતેજ તે સવાલ સમજ્યું હોતું નથી. જેને એ વાતની સમજ પડી હોય, તેના સવાલ આપોઆપજ બંધ થવા જોઇએ; તેમ ખુદાની બાબત પણ માણસ એકદમ અમટતે વખતે સમજવા માગે તો તે પણ બની શકતું નથી. કેમકે તે એક જવાબમાંથી અનેક સવાલો ઉભા કરશે ને ગુંચવણો વધારેજ કરશે. તેથી કહેવત છે કે "જિનને પાયા ઉનને છુપાયા." જેણે મેળવ્યું તેણે છુપાવ્યું. તેને છુપાવવાની જરૂર પણ હોતી નથી ને તે છુપાવવા માગતો પણ નથી; પણ લેવાને લાયક લેનારજ કોઇ તૈયાર નથી, તેને તે શું કરે! લેવાને લાયક બનવાની જે કોઇ કરણી કર્યાં જાય છે, તેને આપોઆપ બરાબર અનુભવ થતો જાય છે. માટે ધર્મની પોથીઓ વાંચ્યાથી ને કોઇ સમજાવે તેથી પણ ખુદાની સમજ પડતી નથી. જે જાણે છે તે તો સમજે છે ને સમજાવી પણ શકે છે; પરંતુ સમજ લેવાવાળામાં તેટલી અક્કલ, બુદ્ધિ ને જ્ઞાનનું ઊંડાણ પણ જોઇએ ને! જ્યારે સમજ પડતી નથી ત્યારે પછી અયોગ્ય શ્રોતા તો એમજ કહેશે કે, બધું ખોટું ને દગો છે ને નહિ બની શકે તેવું છે. વળી સમજાવનાર વાહિયાત ને બેજાના પગેલા, ને ધખારાના ભરેલા છે, એવું પણ માનવા તેવાઓ તૈયાર થઇ જાય છે. વળી કરણી પણ ચોક્કસ પ્રકારની જોઇએ ને તે પણ તેની મુદત સુધી ને તેની સંખ્યા જેટલી કરવી હોય તેટલી પૂરી કર્યાંથીજ અનુભવ થાય છે. એજ પ્રમાણે ખુદા પણ મોઢેથી સમજાવ્યાથી સમજાતો નથી ને આંખોથી જોઇ શકાતો નથી. ખુદા અનુભવથીજ દેખી શકાય એવો છે ને જેને અનુભવ થયો હોય તેજ જાણે છે કે, તે શું છે ને કેમ જોઇ શકાવાનો છે. માટે એ લેભાગુ અભ્યાસીઓ ને ધર્મમાં ખપતા પણ અંતરમાં તો ધર્મના ખરા દુશ્મનો! ધર્મની સાહ્દો ટાંકી બતાવવાથી હાથ ઉઠાવો ને જેઓ ખુદાને માર્ગે જઇ રહ્યા છે તેઓને ઉત્તેજન આપો. ખુદાને (ભૌતિક) ધર્મની સાથે પહોંચાતું નથી. નદીને પેલે પાર જવા ઇચ્છનારે પાણી ને નાવ બન્ને પાછળ મૂકી દેવાં પડે છે, તેમ ખુદા પાસે પણ (ભૌતિક) ધર્મની સાથે પહોંચી શકાતું નથી. પણ જેમ આખી નદી ઓળંગ્યા સિવાય પેલે પાર ઉતરાતું નથી, તેમ સંપૂર્ણ રીતે ધર્મને અનુસરતી કરણી કરીને આવશો ત્યારેજ પેલે પાર ખુદાના દરબારમાં દાખલ થઇ શકશો. ખુદાને કોઇ પણ ધર્મ નથી, કારણ તે નિરાકાર છે. તેને શરીરજ નથી તો ધર્મ ક્યાંથી? તેથી ખુદા ધર્મ-રહિત છે ને તેની પાસે જવા રહેવા સારૂ ધર્મરહિત અવસ્થાની જરૂર છે. ધર્મરહિત અવસ્થા ધર્મ વાપર્યું [illegible] ને પૂરો થયા પછીજ આવે છે. ખુદાને સર્વ ધર્મો એકસરખા છે ને દરેક ધર્મમાંથી ખુદાને પહોંચાય છે. તેથી એક ધર્મ છોડીને બીજો લેવાની જરૂર નથી; પણ [illegible] છે કે, [illegible] વગર લાંબો વખત પડી રહેલો હોવાથી તેનાપર ધૂળ ને કચરો જમા થઇ [illegible] ને નિરૂપયોગી થઇ પડે છે ને કોઇ [illegible] રંગ ઉડાડીને તે રસ્તો [illegible] વપરાશમાં ન આવે ત્યાંસુધી, જ્યાં જવું છે ત્યાં પહોંચે રસ્તે ન જવું એવું [illegible] પણ નથી; એમ કરાવવાનું કામ પણ નથી. જે રસ્તાપર ધૂળ ને કચરો [illegible] છે, તે [illegible] [illegible] ધર્મોનો કચરો કાઢીને સાફ કરવાને બદલે [illegible] [illegible] રસ્તો તે પર નાખીને તેને વધુ નિરૂપયોગી બનાવે છે. [illegible] નથી કર્યો; તેથી એઓને તે [illegible] [illegible] છે. તેઓ પરમાર્થ [illegible] [illegible] લેવાની હિંમત નથી. [illegible] નિરૂપયોગી [illegible] [illegible] ને [illegible] નથી; પણ [illegible] દુઃખ દેવું તે [illegible] [illegible] દુનિયાના દુઃખ [illegible] નથી [illegible] [illegible] [illegible] છે, દુનિયાના દુઃખ [illegible]

[illegible] સુખ નથી મળતું, પણ એઓને બીજે દરજ્જે [illegible]
[illegible] તથા [illegible] પદ મળી રહે છે. [illegible]
[illegible] ક્રિયાને રીતરિવાજો આ માટે [illegible]
[illegible] છે, તે પોતાના સારુ [illegible]
[illegible] કરવી જોઈએ. [illegible]
[illegible] બીજા જાતિધર્માઓને પણ મળી રહેશે [illegible]
[illegible] માટે [illegible] કરી શકશો. જે એટલું કરે છે [illegible]
[illegible] ડીગ્રીઓ ને સરકારી માનપાનનાં [illegible]
[illegible] તથા પોતાને [illegible] ને દરેક [illegible]
[illegible] પણ હમેશાં [illegible] ને [illegible] કરતા [illegible]
[illegible] ધર્મનું કોઈ પણ રીતે [illegible]
[illegible] નહિ. કારણ તેઓને પોતાના [illegible]
[illegible] માટે અભિમાનની જરૂર નથી, ને [illegible] અભિમાન [illegible]
[illegible] પોતાની [illegible] અભિમાન કરે છે ને [illegible]
[illegible] આપણી એ [illegible]
[illegible] કરવાનું [illegible]
[illegible] છે ને [illegible] તેઓએ કરવી [illegible]
[illegible] પણ તૈયાર છે ને [illegible]
[illegible] બાકી છે [illegible]
[illegible] તેની [illegible] કરીને આપણું સારું [illegible]
[illegible] નથી [illegible]
[illegible] પણ [illegible] ધર્મમાં પોતાની [illegible]
[illegible]

[illegible]

[illegible]

તેમાં ફેરફાર યા સૂચના કરવાનું મન થાય છે, પણ તે ફેરફાર આખા નાટકને બંધબેસતો થઈ શકે નથી ને નાટકની મઝામાં ભંગ પડે છે. જેઓ નાટકપર ટીકા કરે છે, તેઓ દરેક ભાગ છૂટો છૂટો તપાસતા હોવાથી તેઓને ભૂલ જેવું યા ખોટું માલૂમ પડે છે, પણ જો સામટો યા આખું નાટક એકસામટો સમજી લે તો તેવી ટીકા કરવાની જરૂરજ રહે નહિ. ધર્મનું પણ તેમજ સમજવું. જે પેગંબરો ધર્મો લખી ગયા તે કંઇ એકજ માણસને કામ લાગે તેવા લખ્યા નથી, પણ સર્વને કામ લાગે તેવા લખ્યા છે. તેમાંથી જેઓ છૂટાં છૂટાં વાક્યો તપાસતા તથા અર્થ કરવા બેસે છે, તેઓને તેમાં સુધારા ને ફેરફાર કરવાનું સૂઝે છે ને ભૂલો હોય તેમ માલૂમ પડે છે, પણ તે ભૂલો નથી. ભૂલ આપણા તરફની છે કે આખો ધર્મ તપાસતા નથી ને એક ભાગ લઇને તેને શોધ તપાસીએ છીએ; માટે જેઓ ધર્મોપર ટીકા કરે છે, તેઓ પૂરો ધર્મ જાણતાજ નથી, એવું તેઓ પોતેજ પુરવાર કરી આપે છે; તો એવા અધુરાઓના ટીકા યા ફેરફાર યા સુધારા-ઓને કેટલું વજન આપવું તે તમોજ નક્કી કરી લેજો. જેઓ ધર્મોપર ટીકા લખે છે, તેઓને તો ધર્મમાં અધુરાપણું હોવું જોઇએ. અને તેથી તે ધર્મના પેગંબરો પણ તેમને મન અધુરાજ લાગે ને તેથી તેઓ પોતાને પેગંબરો કરતાં ચડતા દરજ્જાપર મૂકવાની કોશીશ કરે છે, એવુંજ ધારી શકે છે. આ તેઓનું ધર્મીપણું ને તેઓની પેગંબરો તરફની જાનફેશાની ને માન-મહોબત એજ છે. જેઓ વિદ્વત્તા ને પંડિતપણામાં આગળ વધે છે, તેઓ ધર્મમાં ઉલટા પાછળ પડે છે ને ખુદાથી દૂર જાય છે. વિદ્યામાં જોર મેળવે છે, તેઓ પછી બીજાઓને વિદ્વત્તા દેખાડવાની લાલચને રોકી શકતા નથી. કેમકે પોપટીઆ વિદ્યા એ માયા યાને ખોટી બનાવટજ છે ને માયામાં-જ લાલચ-લલચાવની શક્તિ છે. તેથી વિદ્વાનો ને પંડિતો પોતાના વિદ્યાના જોરે ધર્મોપર ટીકા કરે છે ને પોતાની વિદ્યા બીજાઓને દેખાડી શકે છે. સાચા જ્ઞાનીની પાસે ચોપડીઆ વિદ્યા હોતી નથી (ને હોય છે તો દેખાડવા ઇચ્છતો નથી) તેથી તે દેખાડી શકતો નથી, ને જ્ઞાન નિરાકાર હોવાથી દેખી શકાતું નથી; તેથી આવા જ્ઞાનીઓ, આપણા પંડિતો ને વિદ્વાનોને તદ્દન સાધારણ માણસ યા તો અક્કલવગરના હોય યા તો મૂર્ખ હોય તેવા દેખાય છે ને તેઓનું પોતાનું પણ માનવું તેવુંજ હોય છે. દુનિયાઇ વિદ્યા જોઇ શકાય એવી વસ્તુ છે અને ઇશ્વરી સાચું જ્ઞાન જોઈ શકાતું નથી. વિદ્વાનો પાસે એવું સાચું જ્ઞાન હોતું નથી પણ દેખાડવાની વિદ્યાજ હોય છે; તેથી તે વિદ્યા અજ્ઞાન-તામાંથી બહાર કાઢતી નથી, પણ વધુ ઉંડા અંધકાર તરફ જવાનો રસ્તો કરી આપે છે. ધર્મ અંધકારમાંથી નીકળવાનો રસ્તો છે, તેથી વિદ્યા ને ધર્મ ઉલટા-સુલટા છે; તો વિદ્યાથી ધર્મ કેમ સમજી શકવાના ને તેનો ખરો અર્થ પણ કેમ નીકળી શકવાનો ! તેથી જેટલી દુનિયાઇ વિદ્યા વધુ શીખે તેટલો ધર્મ વધુ છૂટે છે. એવી વિદ્યાએ વિશ્વાસ જાય છે ને તર્ક-કુતર્ક વધે ને તકરાર, અવિશ્વાસ, શંકા ને મન ડામાડોળ થાય છે. આ એમ કહે છે ને પેલો એમ કહે છે; આનો મત ને આનો મત એક નથી; પેલો શું કહેતો હતો ને આ તો કંઇ ઉલટુંજ બોલે છે—એમ હજારો વિચારો ઉભા થાય છે ને નક્કી ઉતરપર અવાતું નથી. આથી એવી વિદ્યા જેમ ઓછી હોય છે, તેમ મન વધારે સ્થિર કરી શકાય છે અને અવિશ્વાસ આવવાનું કારણ રહેતું નથી. એવી વિદ્યા અવિશ્વાસનું કારણ છે, અને ધર્મની વિરુદ્ધ છે, એવી વિદ્યાથી અભિમાન વધે છે, અભિમાન એ પાપનું મૂળ એટલે પોપટીઆ વિદ્યાપણું પાપનું મૂળ છે. જેમ જેમ વિદ્યા આગળ વધે છે, તેમ તેમ આપણે દુર્ગુણો ને પાપો જગતમાં વધી રહેલા જોઇ રહ્યા છીએ. આગળ લોક એટલા ભણ-ગણેલા નહિ હતા, પણ ભોળાભાલા, સદ્ગુણી ને સદાચરણી હતા. હાલના [illegible] ઓના જમાનામાં નજર કરો તો દુર્ગુણ ને પાપો નજરે પડશે, ને [illegible] દુર્ગુણી ને દુરાચરણી બનતા જાય છે. હાલમાં કોર્ટ ચડતા [illegible] કોર્ટકચેરી, ચોરી-ઠગાઇ, કજીઆ ને લડાઇની સંખ્યા વધેલી [illegible] તે આગળ પર જો તો દરેક માલમ પડશે, ને તે વિદ્યાના [illegible] ઓછો થતું જાય છે, તેમ તેમ આપણી વિદ્યા [illegible] આપણે બીજે; ને પાપો વધુ તેથી ખુદાથી વધુ દૂર જઇ [illegible]

તેટલું અભિમાન પણ કમી; ને પાપ ઓછું તેથી ખુદા સાથ સહેલાઇથી મળી જઇ શકાય છે. એક પાઉડરમાં બીજો પાઉડર મેળવવાનો હોય ને તે થોડોજ હોય તો જલદી મેળવણી કરી શકાય છે, પણ તેનું માપથી પ્રમાણ વધુ હોય તો તે જલદીથી મળી શકતો નથી; તેમ (હાલની અવિદ્યા જેવી) વિદ્યા કમી હોય તેમ સહેલાઇથી ખુદા સાથ મળી જવાય છે, અને એવી વિદ્યાનું પ્રમાણ મોટું હોય તેટલું સહેલાઈથી મળી શકાતું નથી, કામ મુસ્કેલ થઇ પડે છે. જેમ જેમ (લોભ-લાલચમાં નાખનારી) વિદ્યાના પાસામાં વધુ જઇએ છીએ, તેમ તેમ તે આપણને પોતાના તાબામાં લઈ લેવાની વેતરણમાંજ રહે છે. પછી તે પોતાનું જોર ને શક્તિ ધર્મ ઉપર ને અવતાર તથા પેગંબરપર અજમાવીને તેઓને ઉથલાવી પાડવાની તે વિદ્વાનો મારફતે કોશીશો કરાવે છે ને ત્યાં ફતેહ મળી કે પછી તે વિદ્વાન મારફતે ખુદા સાથે હાથ અજમાવે છે ને તમોને ખુદા જેવું કંઇ છે કે નહિ તેની શંકામાં નાખીને નાસ્તિકપણાને રસ્તે ઉતારે છે. જેટલા નાસ્તિકો છે એટલા સર્વ વિદ્વાનોજ છે. તેઓ વિદ્યાના ભોગ થઈ પડયા છે. અભણોમાંથી કોઇ નાસ્તિક થતું નથી; કારણ કે તકરાર કરવા જેટલું તેઓમાં પોપટીયા વિદ્યાનું જોર નથી, ને વિદ્યા નથી તેથી અવિ-શ્વાસુ પણ બનતા નથી. જેમ જાદુગર દોરીની મદદથી માટીનાં પૂતળાં ગમે તેમ નચાવી શકે છે, તેમ આ વિદ્યા આ માણસનાં પૂતળાં યાને વિદ્વાનોને પોતાના જોરથી ગમે તેમ નચાવે છે ને શંકાશીલ તથા અવિશ્વાસુ બનાવી મૂકીને નાસ્તિક કરી મૂકે છે. વિદ્યા દુનિયાનું યાને ખોટું સુખ મેળવવાનું સાધન છે ને ધર્મ ખુદાનું યાને ખરૂં સુખ મેળવવાનું સાધન છે; તો ખુદાનું સુખ જેને જોઇતુંજ હોય તેને એવી વિદ્યાની જરૂર શી છે? જે પેલે પાર ઉતરે છે તેજ તે મુલકનું તેમજ દરિયાની સફર કરીને દરિયાનું પણ સુખ મેળવે છે; પણ જે પેલે પાર જતો નથી ને ખાલી દરિયા-માંજ યાને ભવસાગરમાંજ ફર્યા કરે છે, તે તો માત્ર દરિયાનુંજ સુખ ભોગવે છે; પણ પેલે પારના મુલકનું સુખ શું છે ને કેવું છે તેનું ભાન યા કલ્પના પણ કરી શકતો નથી. દુનિયાઇ વિદ્યાને હદ રહે છે, તેનું માપ થઈ શકે છે; તેથી તે જોઈ-જાણી શકાય છે ને શીખાય છે. પણ ખુદાઇ જ્ઞાનને હદ નથી, તેનું માપ છેજ નહિ. તે બે-માપ ને બે-હદ છે, તે અનંત છે તેથી તે નજરે જોઇ શકાતું નથી. તેથી આવા વિદ્વાનો પોતાનું માપ યા કિંમત કરી શકે છે ને આવા જ્ઞાનીઓની કિંમત કરી શકતા નથી. સાચા સાધુ-સંતો પાસે (અમલી) જ્ઞાન છે; (મોઢાની) વિદ્યા નથી તેથી તેમને પોતાને માટે અભિમાન નથી, કિંમત નથી તેથી માન-અપમાન નથી, સુખદુઃખ નથી. જ્યાં (ગોખણીયા) વિદ્યા છે તેવા વિદ્વાનો અભિમાનની કિંમત કરતા હોવાથી તેઓને માન-અપમાન ને સુખ-દુઃખ છે, માટે કોઇપણ (દુનિયાઇ ચીજની) કિંમત કરવી નહિ, અભિ-માન લેવું નહિ, વિદ્વાન થવું નહિ; તોજ આ ઉલટસુલટ યાને એકથી વિરુદ્ધ જે બીજું જોઈ રહ્યા છીએ તે સર્વ દેખાતું બંધ પડશે. ન સારૂં કે ન ખરાબ, ન સુખ કે દુઃખ, ન મોટાઇ કે હલકાઇ એવું કંઈપણ રહેનાર નથી. કિંમત મૂકવી એજ પાપ થઈ પડે છે. દુનિયાના સુખ સારુ વિદ્યાપર કિંમત મૂકી, શરીરપર કિંમત મૂકી એટલેજ સ્વાર્થમાં ને જન્મ-મરણના ચક્રમાં સપ-ડાઈ જવું. દુનિયાનાં સુખ કે શરીર યા જગતની સર્વ પેદાશ કિંમતવગરનીજ ગણી, એટલેજ પરમાર્થનો રસ્તો પામ્યા ને જન્મ-મરણમાંથી મુક્ત થવાના. અંતકાળે યા મરતી વેળાએ પણ માણસ આનું એમ કરજો, પેલાનું તેમ કરજો, એવી કિંમત મૂકવા ચૂકતો નથી તેથી તેને પાછું જગતમાં આવવુંજ પડે છે. કેમકે તેનો જગતનો હિસાબ તેણે બાકી રાખ્યો છે, એટલે ચૂકતે કરવા આવવુંજ પડવાનું; પણ જેનો હિસાબ ચૂકતે થઇ ગયો, જેણે કિંમત જેવું કંઈ રાખ્યુંજ નહિ તેજ જીવનમુક્ત છે અને તેનો હિસાબ રહ્યોજ નથી, તો પછી તેને પાછું જગતમાં આવવાનું પણ રહ્યું નહિ. આ પ્રમાણે એણે ફરી જન્મનું કંઈ પણ સાધન રાખ્યુંજ નથી; તેથી તેને મરણ પણ ક્યાંથી હોય? જેણે ફરી જન્મવાનું સાધન તૈયાર કરી રાખ્યું હોય, તેનેજ મરણ રહે છે; કારણ કે મરણ એકલું રહી શકતું નથી. મરણ સાથે જન્મ રહેલો છે, તેથી જે પછી જન્મ-વાનો હોય તેનેજ મરણ આવે છે. જે પછી જન્મવાનો નહિ હોય તેને માટે મરણ પણ નથી. તેવા [illegible] સાધુ-સંતોને તમો જોશો તો કોઈ પણ એમ કિંમતી નથી, સર્વ કિંમતવગરની

છે; તેથીજ તેઓ નાગા, પરબારવસ્ત્રના; સોનું ને પત્થર, હીરા ને કાચ એકસરખાંજ જાણે છે ને ગણે છે; પણ જે તેઓના જેવા થાય તેજ તેઓની હાલત સમજી શકશે. અહીં (પોપટીયા) વિદ્યાનું કામ નથી, અનુભવનું કામ છે. સાધુ-સંતોનો ઉપદેશ હમેશાં સ્વાર્થ છોડીને પરમાર્થને માર્ગે લગાડવા સારૂ રહે છે. તેઓનું બોલવું આટલુંજ છે કે, નિરભિમાની થાઓ, હલકાપણું લ્યો; એટલે કિંમત જેવું કંઇ રહેનાર નથી. વસ્તુપર કિંમત મૂકીને તેની સાથે બંધાઇ ગએલા છો, તે પર કિંમત નહિ મૂકો તોજ તે વસ્તુથી અલગ રહેતાં શીખશો, ને એજ પરમાર્થ સાધનો રસ્તો છે. હવે ધર્માંઓ ને ગુરૂઓ, ધર્માધ્યક્ષો ને અધિપતિઓ જેઓ એકબીજાને સલામ કે નમસ્કાર કરે છે, તેઓ પણ તેમના આગળ પોતાનું હલકાપણું સ્વીકારે છે. અને પોતાનું અભિમાન કમી કરે છે; તો પછી પરમાર્થને રસ્તે ચાલનારા આપણે કેવી રીતે થયા? ત્યારે હવે હલકાપણામાં શરમ જેવું કંઈ નથી કે લાજવાનું પડે; પણ જેમ ધર્મના અર્થનો અનર્થ કરો છો, તેમ ભાષાના શબ્દોનો પણ અનર્થ કરી રહ્યા છો. હલકાપણાથીજ સ્વાર્થ તજી શકીને યાને કિંમત નહિ મૂકતાં શીખીને પરમાર્થનો રસ્તો મળી રહે છે અને ખુદા પોતે પણ મળી રહે છે. કિંમત મૂકવી એટલે હદ બાંધવી. જેમ જેમ માણસ પોતાની કિંમત કરવાનું છોડતો જાય છે, તેમ તેમ તેના તરફનું સર્વ કમતી થતું જાય છે; એટલે તેમને દૃશ્ય આંખોનો ઉપયોગ પણ કમતી કરવો પડે ને જ્યારે જ્યારે દેખતી આંખોને અંધાપો આવે છે, ત્યારે અદૃશ્ય આંખ ફૂટી નીકળે છે ને તે અદૃશ્ય યાને નિરાકાર ને બેહદ—અપાર—અનંત—રૂપે જોઈ રહે છે. તે અદૃશ્ય આંખ તે પોતેજ જોઇ શકે છે, પણ બીજા જોઈ શકતા નથી. જેનું તેનેજ કામ આવે છે. જે પોતે જોઇ રહ્યો છે તેવું બીજા આ દેખતી આંખોથી જોવા માગે છે તે કેમ દેખાવાનું! તેથીજ સાધુ—સંતો ને પેગંબરો વાંચવા કરતાં કરણીપર વધારે ભાર મૂકી ગયા છે. જેઓ આવી કરણી કરી રહ્યા છે, જેઓ વસ્તુની કિંમત છોડતા જાય છે, તેઓને તે આંખ—અદૃશ્ય આંખ મળી રહેશે, ત્યારેજ તે સાધુ—સંતો ને પેગંબરો જે બોલી રહ્યા હતા તે ખરૂં હતું, એમ અનુભવ થઈ રહેશે. તેથી જે વિદ્વાનો કરણી વગર માત્ર ચોપડીઓમાંથીજ વિદ્યા મેળવીને થયા હોય છે, તેઓનેજ સાધુ—સંતો ને પેગંબરોનું બોલવું ખોટું યા તો ખોટું લાગે છે. જેવી કેળવણી માબાપોએ મેળવી, તેવીજ કેળવણી આપણને આપી ને જન્મોજન્મના આપણા સંસ્કાર પણ તેવાજ છે. તેથીજ નાનપણથી આપણે વસ્તુની કિંમત કરવા લાગીએ છીએ. તેથીજ બે-હદનો ખુદા અવળી કરણી કરનારાઓને દેખાતો નથી ને દેખાવાનો પણ નહિ. ધર્મની સમજ પડતી નથી ને સમજવાના પણ નહિ. પાણી શાંત હોય છે ત્યારેજ નિર્મળ ને સ્વચ્છ રહે છે; પણ જ્યારે આપણે યા કોઈ બીજો, કોઈ પણ રીતની ખટપટ કરીને તેની સ્થિરતાનો ભંગ કરીને પાણી હલાવી મૂકીએ છીએ, ત્યારેજ તે ગદલુ ને ગંદીલું થાય છે. તેમ માણસ બચપણમાં શાંત ને ચૂપ અજાણ હાલતમાં હોય છે, ત્યાંસુધીજ તેનું મન સ્વચ્છ ને નિર્મળ રહે છે. નિર્દોષ બચ્ચું જ્યારે ખટપટ કરીને વિદ્યા મેળવે છે, ત્યારેજ તેનું મન ગંદુ થવા લાગે છે, અભિમાન આવી જાય છે ને પવિત્રતા ગુમ થઇ જાય છે ને જેવો બાલ્યાવસ્થામાં નિર્મળ, સ્વચ્છ યાને નિર્દોષ હતો તેવો તે વિદ્યા મેળવીને રહેતો નથી. તેથીજ બચપણની સાત વર્ષની ઉંમર ઠરાવીને તેઓની નિર્દોષ હાલત છે તેથી તેઓને ધર્મ નહિ, ત્યારપછીજ તેઓને ધર્મમાં દાખલ કરીને ધર્મના કાયદા ને ફરમાનો લાગુ પડે છે. કારણ કે હવે તેનું મન તેટલુંજ સ્વચ્છ ને પવિત્ર રહેનાર નથી ને રહેતું પણ નથી.

૧૯૨—ભગવાન આદિશંકરાચાર્યની પુનઃ વેદધર્મ સ્થાપના

અને હાલના સંન્યાસીઓનું માયાવીપણું

અંધારૂં એટલું શું? અંધારૂં એ કોઇ પદાર્થ નથી, પણ પ્રકાશની ગેરહાજરી હોય તેને આપણે અંધારૂં કહીએ છીએ. એક મોટા ઓરડો આખું વરસ બંધ રાખ્યો હોય તો તેમાં આખુંયે વર્ષ અંધારૂં છે, એમ કહેવાય; અને એ આખા વર્ષનું અંધારૂં ફક્ત એકજ દીવાસળી

પેટાવ્યાથી દૂર ભાગશે. ખરું પૂછો તો અંધારું ઓરડામાંથી નાસીને દૂર જતું નથી; પરંતુ અજવાળું થાય, એટલે અંધારું નજ રહે. માટે અજવાળું એ પદાર્થ છે અને અંધારું એ પદાર્થની ગેરહાજરી છે. જૂના કાળમાં, વેદના મહાજ્ઞાનને સમજનારા જ્યારે હિંદમાં ઓછા થઇ ગયા, ત્યારે વંશપરંપરાના ઉંચપણાનો ઇજારો લઇ બેસનારા લેભાગુ બ્રાહ્મણોએ પશુને હોમવાના યજ્ઞો વગેરે કરી કરાવીને લોકોને હેરાન હેરાન કરી નાખ્યા હતા. ખુદ "વેદ" જેવા મહાગ્રંથના નામથી પણ લોકો કંટાળી ગયેલા. તેઓને એમ થતું હતું કે, વેદમાં તે બધો આવોજ ગડબડ ગોટાળો ભેગો થયો હશે?

એવા કઢંગા સમયમાં લોકસમાજ ઉપર પ્રભુને દયા આવી અને ભગવાન બુદ્ધ તથા ભગવાન મહાવીર સ્વામીના અવતાર થયા; અને વેદને બાજુએ મૂકીને એ દયાળુ મહાપુરુષોએ સ્વતંત્ર શાસ્ત્રો રચીને જનસમાજનું સાચું કલ્યાણ સાધ્યું. હળવે હળવે એ બે ધર્મોનો ડંકો આખા હિંદમાં વાગ્યો અને ત્યાર બાદ, ચઢતી–પડતીના નિયમ પ્રમાણે એ ધર્મોમાં પણ ધતીંગો પેસવા માંડ્યાં ને તેનાથી લોકસમાજને ત્રાસ પેદા થયો. એને પરિણામે ભગવાન શંકરસ્વામીનો અવતાર થયો. એમણે પોતાની અલૌકિક શક્તિવડે 'વેદ'ના લુપ્ત થયેલા સત્યને યથાવત્ પારખી લીધું અને પોતાની મહાસમર્થ ભાષામાં એનું વિવેચન ચોતરફ પ્રગટ કર્યું. એમણે વેદધર્મને નવેસરથી સ્થાપન કર્યો ખરો, પણ તે કાંઇ એના જૂનાખખ સ્વરૂપમાં નહિ, પરંતુ પોતાના જમાનાને અનુકૂળ પડે એવા તાજા સ્વરૂપમાં સ્થાપન કર્યો અને આખા ભરતખંડમાં વેદમાર્ગનો પાછો ડંકો વગડાવ્યો. આ બીના અગાઉ આપણે કહી ગયા છીએ.

શંકરસ્વામીના સંપ્રદાયને "અદ્વૈત" સંપ્રદાય કહે છે. અદ્વૈત એટલે કે જ્યાં બીજું કાંઇ છેજ નહિ, પરમાત્મા એકલોજ છે. એ પરમાત્મા એટલે કે ઘટઘટ વ્યાપી રહેલું પ્રભુચૈતન્ય અથવા 'ફોર્સ' આપણે આપણી પામર આંખથી દેખી શકતા નથી. એ ચૈતન્ય દીવા જેવું સ્વયંપ્રકાશિત છે; પરંતુ જ્યાંસુધી આપણે ઘટઘટમાં વ્યાપી રહેલા એ દીવાને દેખી નથી શકતા, ત્યાંસુધી આપણને માત્ર અંધારૂંજ જણાયા કરે છે. આ કારણથી આઠે પહોર આ ફાની દુનિયામાં આપણે મૂઢની પેઠે ઘસડાયા કરીએ છીએ; એટલે કે આપણે અંધારામાં ફાંફાં માર્યા કરીએ છીએ. અંધારામાં ફાંફાં મારનારને અથડાવાનો ભય હોય, પડી જવાનો ભય હોય, વીંછી-સર્પ વગેરેનો ભય હોય, વળી ખરેખરા વીંછી ને સર્પ અંધારા ઓરડામાં જોકે હમેશાં નથી હોતા, તોપણ આપણને એના ભયની કલ્પના તો થયાજ કરે છે. એજ પ્રમાણે આ સંસારના અંધારામાં અથડાયા કરનારા જે આપણા મૂઢ બંધુઓ–તેઓને અનેક પ્રકારના સાચા–ખોટા માયાના ભયમાં ભટકવું પડે છે. જો જ્ઞાનરૂપી દીવો પ્રગટે તો સંસારનો ભય એની મેળેજ દૂર ભાગે. સંસારના એવા અટપટા ભયને શંકરસ્વામી "માયા" કહે છે. માયા એ કલ્પિત ચીજ છે. દીવાની ગેરહાજરીમાં અંધારા જેવા કલ્પિત પદાર્થને જેમ આપણે સાચો માનીએ છીએ; તેજ પ્રમાણે સત્ય–જ્ઞાનની ગેરહાજરીમાં આ સંસારની માયાને આપણે સાચી માની બેઠા છીએ; અને તેને પરિણામે ભૂલભૂલામણીમાં ભટકી ભટકીને આપણું આ કઠોર જીવતર પૂરૂં કરીએ છીએ. માટે હે સજ્જનો! જ્ઞાનરૂપી દીવો પ્રગટાવો, એટલે માયા ઉભીજ નહિ રહે, એમ ભગવાન શંકરસ્વામી પોકારી પોકારીને કહે છે. શંકરસ્વામીના પહેલાં ઘણાં વર્ષો ઉપર ભાગવત શાસ્ત્ર રચાયેલું હતું. એ સુંદર અને અનુપમ ભાગવત શાસ્ત્રમાં મંગળાચરણના સૌથી પહેલા શ્લોકમાં એવીજ વાત કહેલી છે કે, હે સજ્જનો! આવો, આપણે પરમપદાર્થ જે "સત્ય" નામે ઓળખાય છે તેનું ધ્યાન ધરીએ. એ સત્ય સ્વયંપ્રકાશિત છે. એ સત્યને ઓળખાવવા માટે બીજો દીવો કરવાની જરૂર નથી. વળી એ સત્ય પોતાના પ્રકાશવડે આ ફાની માયાની ઠગબાજીને–માયાના ગડબડ ગોટાળાને હડસેલી કાઢે છે. મતલબ કે, આપણે સર્વવ્યાપી પરમાત્માના ચૈતન્યસ્વરૂપનું–જ્ઞાનસ્વરૂપનું જો રક્ષણ કર્યા કરીશું તો આ બિચારી કલ્પિત માયા આપણી સામું પણ જોવાની હિંમત નહિ કરે. યજ્ઞ કરવા, પશુ મારવાં, નાના–મોટા રાજાઓને નમાવવા, એવા રાજાઓ-

ની માફક વગરવાંકે ઝુરવાં અને એ ઝુંડનાં નજીવાં દુઃખ, દરદ, અગ્નિ વગેરે દેવતાઓને ઊતરવાં એ બધી આપણી માન્યતા છે. હમણાંના કેટલાક દેશો રાજ્યો એજ રીતે પોતાની ઈશ્વરી પ્રજાને ચૂંટીને વિશ્વાસઘાત કેટલાં જાતે એ ઝુંડનાં નાખ્યાં બોરી દેવતાઓના મુખમાં હોમી દે છે. એવા કામમાં ઋગ્વેદ કેમ હોય છો ! યુરોપના એવા લેખકો પણ એવોજ જાતનો મત ધરે છે. આખા હિંદના તમામ ગામડાંને ખૂણેખૂણે તેઓ યુરોપમાં રહીને જાણતા લાગે છે. અને નર્મદાને કિનારે ત્યાં બેઠાને યુરોપ-અમેરિકાવાળાના મેળામાં મામલું નાખી દેખી રહે છે: અથવા તાબાની રમતમાં આપણા દેશનાં ગરીબ ગામડાંમાં દાખલ કરીને ગરીબોના પૈસા ડંકે ધર્મની બુદ્ધિ બદલાવે છે. શંકરાચાર્યે પોતાના જમાનાની દ્રષ્ટિ પ્રમાણે વેદવાક્યનો અર્થ કરી દેખાડ્યો. આપણે પણ આપણા જમાનાની દ્રષ્ટિએજ વેદવાક્યનો અર્થ કરવાનો છે. ભાગવતમાં કહ્યું છે કે, 'વેદ' એ કલ્પવૃક્ષ છે અને તેમાંથી જેવી જેના મનમાં અર્થ ઇચ્છવાના હોય તેવા ઉત્પન્ન થાય. માત્ર કામાક્રાંતોએ સ્વાર્થી અર્થો કરવાથી અને એવા સ્વાર્થી અર્થો ઉપર ધ્યાન આપવામાંથી સજ્જનોએ ચેતતા રહેવું ઘટે.

માયા જડ કે-નાશવંત છે, એનામાં નવાં નવાં રૂપ લેવાની તાકાત હોય નહિ. પરંતુ પ્રભુનું ચૈતન્ય કે જે તમામ ઠેકાણે ફેલાયેલું છે, તેની સત્તાનેજ લઈને માયા નવું નવું રૂપ ધારણ કરીને આપણને દેખાવી શકે છે. પ્રભુનું ચૈતન્ય એકજ એક સત્ય પદાર્થ છે; માટે એ ચૈતન્યનુંજ નિરંતર સ્મરણ કરવું. એ ચૈતન્ય અનેક અવતાર ધારણ કરે છે. તેમાં દશ અવતાર મુખ્ય છે; એ વાત આપણે અગાઉ જોઈ ગયા. આ સૃષ્ટિ દિવસે દિવસે આગળ વધી છે, એમ યુરોપીયન વિદ્વાનો પણ કબૂલ કરે છે અને ભાગવતમાં પણ પ્રભુના પહેલા અવતાર કરતાં બીજો અવતાર અને બીજા કરતાં ત્રીજો અવતાર વધારે મહિમાનો છે, એમ બતાવ્યું છે. દશ અવતારમાંથી આઠ અવતારનું વર્ણન ભાગવતમાં આવે છે. એ આઠમો અવતાર શ્રીકૃષ્ણનો છે અને આઠેય અવતારોમાં તે ઉત્કૃષ્ટ છે, એમ સિદ્ધ કરવાનો સમર્થ પ્રયત્ન ભાગવતમાં કરેલ છે.

શ્રી પરમાત્મા એક એક અણુમાં પ્રવેશ કરીને રહેલા હોવાથી તેમને વિષ્ણુ કહેવામાં આવે છે. વળી વિષ્ણુ ભગવાન જળમાં શયન કરીને રહેલા છે, એમ પણ મનાય છે. જળનું બીજું નામ "નારા" છે. એ નારાને વિષે જેનું રહેઠાણ છે તે પ્રભુને નારાયણ પણ કહે છે. ભગવાન શંકરાચાર્ય અને તેમની ગાદી ઉપર થયેલા શિષ્યો તથા એ સંપ્રદાયના સંન્યાસીઓને આપણે પ્રણામ કરવા હોય તો "ૐ-નમો-નારાયણાય" બોલવું પડે છે અને તેના ઉત્તરમાં એ સ્વામી મહારાજ "નારાયણ" એમ બોલીને આપણા પ્રણામ સ્વીકારે છે. માટે શંકરાચાર્યનો સંપ્રદાય શિવ અથવા મહાદેવનો સંપ્રદાય નથી, પણ વિષ્ણુનો સંપ્રદાય છે, એમ જાણવું. પણ ઘણી વાર સમજફેરથી લોકો એ સંપ્રદાયને શિવજીનો સંપ્રદાય ધારી બેઠા છે. શિવનું બીજું નામ શંકર છે અને આ સંપ્રદાયના પ્રથમ આચાર્યનું નામ શંકરસ્વામી છે, એ કારણથી સમજફેર ઉત્પન્ન થાય છે. તેની ખાત્રીને માટે શંકરસ્વામીનાં રચેલા વિષ્ણુ અને કૃષ્ણનાં ભાવપૂર્ણ સંસ્કૃત પદો વાંચી લેવા.

પરંતુ કાળની બલિહારી છે. કાળે કરીને મોટી મોટી ઉથલપાથલ થઈ જાય છે. શંકરસ્વામી મહાસમર્થ ત્યાગી હતા અને સંન્યાસીનો આશ્રમ પણ તેમણેજ નવેસરથી સ્થાપન કર્યો. સંન્યાસીઓ કોઈપણ ચીજની માલકી ધરાવી ન શકે, એમ તેઓએ ફરમાન કાઢ્યું; જગતની માયામાં સંસારીઓએ પણ લપટાવું નહિ, એમ પ્રત્યક્ષ દેખાડી આપવાને સંન્યાસીઓને ઠેરઠેર ફરીને ઉપદેશ દેવાની યોજના ઘડી; પરંતુ આ પાપી કળિયુગમાં તેઓની ગાદી ઉપર બિરાજવાને વલખાં મારનારા અનેક ધૂતારા ઉત્પન્ન થવા લાગ્યા છે. તેઓ ગાદી જેવી એક ફાની વસ્તુ માટે આપસઆપસમાં વઢે છે. વકીલો તથા સોલીસીટરોને ત્યાં ધક્કા ખાય છે અને સાચાં ખોટાં કરવાને લલચાય છે. એ ગાદી ઉપર બિરાજનારા મહાપુરુષો "રાજરાજેશ્વર"નો ઇલ્કાબ ધરાવે છે, છતાં રાજા તો શું પણ તેના એકાદ ન્યાયાધીશ કે માજીસ્ટ્રેટ ઉપર કંગાલ અરજીઓ લખવામાં તેઓ નીચું માનતા નથી! વળી તેઓ "જગદ્‌ગુરુ" કહેવાય છે, છતાં જગતને તેઓ કાંઈ પણ

સારું કામ શીખવી શકતા નથી; પણ ઉલટા પોતે આ જગતનાં પામરમાં પામર પોતાના ગુરુ બનાવી તેઓની પાસે વઢવાડ કરવાની ભુંડી રૂઢિઓ શીખી લે છે. મારા એક વિદ્વાન બાળમિત્ર પણ સંન્યસ્ત લઇને આગળ જતાં એવી કઢંગી લાલચમાં લપટાઈ બેઠા અને તેઓને મફતીયા વકીલ તથા સોલીસીટરો પણ મળી રહે છે! એ બધી કાળની બ છે. જે ધર્મના ગુરુઓ મૂળથીજ સંસારી હોય અને તેને લીધે સંસારની માયામાં રચ્યાપચ્યા તેઓને પણ આપણે પસંદ નથી કરતા, તો સંન્યાસ ધર્મના ગુરુઓને કૉર્ટમાં ધક્કા ખાતા આ કેમ પસંદ કરીશું? માટે મારી નમ્ર પ્રાર્થના છે કે, આપણા કૃપાળુ ભગવાન આદિશંકરા આપણા દિલમાં આવીને વસે અને ઠગારી માયાને આપણાથી દૂર રાખીને તેઓ આપણને આપ જન્મનું સાર્થક કરી લેવામાં તત્પર બનાવે. તથાસ્તુ.

(તા૦ ૨૩-૫-૧૯૨૮ ના "મુંબઇસમાચાર" માં લેખકઃ-રા. નરોત્તમ જેઠાભાઇ નરમ

૧૯૩-પુસ્તકોનો વૃથા સંગ્રહ કરી રાખનારાઓને સલાહ

આપણે મધ્યમ વર્ગના માણસો, આપણા ઘરમાં જે પુસ્તકો પડયાં છે તેને જોઇ જઇ તો જણાશે કે, તેમાંનાં કેટલાંએકને આપણે કદી વાંચ્યાંજ નથી. તેઓ પહેલેથી ઘરમાં પડયાં ને પડ્યાં રહેતાં આવ્યાં છે, તેમને ઉપાડીને જોવાની કે વાંચવાની આપણને ફુરસદજ મળી નથી, તેમ વારંવાર સાચવીને રાખવાની આપણી રીતિ ચાલુજ રહી છે. કેટલાંએક પુસ્તકો એક વાર આપ આપણા માટે ખરીદેલાં હતાં તે એક જગાએ પડેલાં દેખાશે. તેનો ઉપયોગ વર્ષો પહેલાં હતો, હવે તે નકામાં છે. તેથી આપણે તેને હાથ ઝાલતા નથી-અર્થાત્ વાપરતા નથી; પણ તેને પણ સંભા કરીએ છીએ. કેટલાંએક પુસ્તકો આપણે સારાં જાણી મંગાવેલાં છે, પરંતુ માલવિનાનાં હોવા આપણે તેને કોરે મૂકેલાં છે. કેટલાંએક એવાં પણ છે, કે જે ભયંકર અથવા ઉત્તેજક સાહિત્યના વિભાગમાં પડે અને તેને આપણે જોઇ ગયા પછી તેમાંથી લાભ-અલાભ લીધા પછી છુપાવીને કાળજીથી વેંઢાર્યાં કરીએ છીએ. કેટલાંએક આપણા ધંધાને લગતાં છે, પરંતુ અદ્યતન નથી તેથી નકામાં છે, કેટલાંએક ભેટતરીકે આવેલાં અગર લેખકોએ વળગાડેલાં છે, કે જેની આપણને પરવા સરખી નથી. કેટલાંએક કામનાં છે એમ લાગે છે ને દીકરાઓ મોટા થશે ત્યારે વાપરશે, એવી બુદ્ધિથી રખાએલાં છે.

આપણે જરા મનથી વિચારીએ તો લાગતું જોઇએ કે, આ બધાંને ઘરમાં શામાટે રાખતાં! એક તો તેઓ જગા રોકે છે, સંભાળ માગે છે ને છતાં કેવળ ભારરૂપ કે ખોટી શોભારૂપ છે. આ આપણી અયોગ્ય પરિગ્રહવૃત્તિનું ફળ છે. ઘરડાંઓને જોઇશું તો દેખાશે કે, તેઓ જે આવ્યું તે ભેગું કરવામાં સમજે છે. મેડા ઉપર કે કાતરીઆમાં તે નજરે ચડે તે ફેંકના જાય છે. તે બધું ઉતારીને જોઇએ તો ત્રીસ ત્રીસ વર્ષથી ન વપરાયેલી, કાટ ખાઇ ગયેલી ને ન વાપરી શકાય તેવી ચીજો તેમાંથી મળે. તે નાખી દીધાના બરનીજ હોય. નાખી દીધેલીજ છે, પરંતુ અવિવેકી પરિગ્રહવૃત્તિ તેને બહાર નાખી દેવાની ના પાડે છે ને મમત્વનો ખોટો સંતોષ લે છે. પુસ્તકો રાખી મૂકવાની બાબતમાં પણ એમજ છે. જે પુસ્તકો સાથે હવે કશું લેવાદેવા નથી, તેવાં પુસ્તકો અભરાઇ કે કબાટમાં રાખી આપણે આપણી બુદ્ધિ અને વિવેકનું અંધારું બતાવીએ છીએ. સાપ પોતાની કાંચળી જૂની થતાં ઉતારી દે છે, જૂના નકામા જોડા ને વસ્ત્રોનો ત્યાગજ કરીએ છીએ; એમજ આપણા પૂરતાં જે પુસ્તકો જૂનાં, ઘરડાં, નકામાં થઇ ગયાં છે, તેને આપણે આપણી છાતીપર રાખી તેનો ભાર ન વેઠવો જોઇએ. એ કેવળ નકામી ઉપાધિ છે. આપણને પુસ્તકાલયનો શોખ હોય તે ખરું, પણ ઘણાં પુસ્તકો રાખવા કરતાં ઉપયોગી પુસ્તકો રાખવાં તે સાચો શોખ છે. આપણી તે મિલ્કત છે, માટે તેને છોડી દેવાનું મન ન થાય તે ખરું; પણ પુસ્તકમાં જે મિલ્કત છે તે તેમાંથી જ્ઞાન મેળવવાની ઉપયોગિતાપૂરતી છે ને હોવી જોઇએ. પુસ્તકના સ્થૂળ

ની ખરી કિંમત નથી. માત્ર સ્થૂળ પુસ્તક ખરું ધન નથી. આપણે આપણાં બાલબચ્ચાં માટે પુસ્તકો રાખવા માગતા હોઇએ તે સંભવિત છે, પરંતુ તેમ રખાયેલાં પુસ્તકો આખરે નવી પ્રજાને જૂનાં પડે તેમ હોય તો તે નકામાં છે. પ્રગતિ સાથે નવું સાહિત્ય થયે જાય છે ને ખરી ઉપયોગિતા તેની છે. આમ વિચારી આપણે આપણા ઘરમાંથી કાઢી નાખવાં જેવા પુસ્તકોને નોખાં કાઢવાં જોઇએ. આપણે તે પુસ્તકો રાખીએ, કે જે કાયમના ઉપયોગનાં હોય, જે આપણને આપણી જાત જેટલા પ્રિય હોય ને તેથી તેને અળગાં નજ કરી શકતા હોઇએ; કારણ કે તેના વાચનમનનથી આપણને પ્રાણ, ઉત્તેજન અને ઉત્સાહ મળે છે. તે પુસ્તકો ન નાખી દઇએ કે જે સ્મૃતિરૂપ હોય, જે વડીલની પૂજારૂપ હોય, જે આપણા જીવનનાં ચક્રવર્તી હોય, જે નિરંતરનું જીવન રેડી શકતાં હોય, જે સનાતન સત્યનાં હોય; પણ બાકીનાં આપણે બહાર કાઢી તેને મોકલી આપીએ. તેની જગાએ નવાં નવા પુસ્તકો મૂકીએ ને હમેશ નવું એટલે પ્રગતિવાળું પુસ્તકાલય રાખીએ.

પણ કાઢી નાખેલાં પુસ્તકો કયાં નાખવાં? અમસ્તાં એ પુસ્તકો નકામાં ઘરમાં પડયાં હતાં, પણ હવાં તેને વેચીને પૈસા ઉપજાવવાનું મન થશે. ખરી રીતે તો આપણે નકામી વસ્તુમાંથી છુટયા એજ મોટો લાભ છે. પૈસા મેળવવા જઇશું તો બુકસેલરો અર્ધી કિંમત પણ નહિ આપે; માટે એ બધાં પુસ્તકોને આપણે આપણા ગામના કે શહેરના પુસ્તકાલયને આપી દઈ શકીએ. ત્યાં બધી જાતનાં પુસ્તકોનો ઉપયોગ છે, ત્યાં વિવિધ જાતના વાચકો છે. આપણે જેનો ઉપયોગ નથી, તેનો ઉપયોગ કરવાવાળા ત્યાં આવી ચડે છે. વળી ગામનું એક પુસ્તકાલય આપણાં જૂનાં પુસ્તકોથી સમૃદ્ધ થતું રહે તો તેને માટેના પૈસા નવા પુસ્તકો વધારે પ્રમાણમાં ખરીદવામાં મળે. આથી પુસ્તકાલય બમણું સમૃદ્ધ થાય. આમ ન કરીએ તો આપણાં પુસ્તકો જેને ઉપયોગ લાગે તેવા ગરીબ વિદ્યાર્થીઓ, સગાંસંબંધીઓને આપીએ; પણ વિશાળ ઉપયોગ તો પુસ્તકાલયમાં મોકલવાથી છે; માટે આપણને જે ખરેખર ભારરૂપ છે; તેને વેંઢારવાનો મોહ છોડી દઇને આપણે બીજાઓને ઉપયોગી થઇએ. ("પુસ્તકાલય" માસિકમાં લેખક–શ્રી. મિજુભાઈ)

૧૯૪–આરોગ્યવિષે કિંમતી સૂચનાઓ

૧–એરંડિયું અથવા કેસ્ટર ઑઇલના ગેરફાયદા

આપણા દેશીઓ જરા જરામાં બાળકોને જુલાબ લાવવા માટે એરંડીયાનો દીંચારો દીંચાડે છે. આ તબેલ ઘણી નુકસાનકારક છે. તે જેમ બાળકોમાટે તેમ મોટી વયના માણસો-માટે પણ નુકસાનકારક થઇ પડે છે. એરંડીયું લેવાની ટેવ પડી જવાથી પરિણામ એ આવે છે કે, કબજીઆતનો રોગ જાયુકનો થઈ પડે છે. એજ પ્રમાણે જુલાબ લાવનારી બીજી દવાઓમાટે પણ સમજવું. માટે બાળકોને કે પોતાને કદી પણ એરંડીયું લેવાની તબેલ પાડવી નહિ.

પેરેફીન ઑઇલ અથવા કોઇક રૂપમાં પેરેફીન લેવાની અથવા ગુવાનો છૂટથી ઉપયોગ કરવાની રીત તંદુરસ્તીમાટે પણીજ સલામતીભરી છે. આથી એરંડીયું કે જુલાબ લાવનારી બીજી દવાઓનો ઉપયોગ કરવાની કદી પણ જરૂર પડશે નહિ.

૨–ગુલું—એ એક ઘણોજ કિંમતી ખોરાક છે.

હાલની તબીબી વિદ્યાએ ગુવાના ખોરાકને ઘણો કિંમતી ગણ્યાથી તે તરફ આપણા દેશીઓનું પણ ઘણું સારું ધ્યાન ખેંચાવા લાગ્યું છે. તબીબો કહે છે કે, ખોરાકની ખરી ખુબી જોતી હોય તો તે ગુવામાં મળી આવે છે. એ ખોરાકમાંથી ચૂનો, લોખંડ અને વીટામીનોનો કુદરતી જથ્થો મળી આવે છે. એટલુંજ નહિ પણ ભરપૂર દૂધ જો એટલા જથ્થામાં સ્ટાર્ચ અને પ્રોટીન પણ ગુવાના ખોરાકથી શરીરને મળે છે. આ ઉપરથી સ્પષ્ટ માલમ પડી આવે છે કે, ગુવાનો ખોરાક શરીરને માટે ઘણી પુષ્ટિ આપનારો થઈ પડે છે. તબીબો તરફથી ખોરાકતરીકે ગુવું છડયા વાપરવાની મજબૂત ભલામણ કરવામાં આવે છે. કેટલાક વખતના મળ્યા વેગને એક મોટા સમૂહો

ભરી થુલું લેવાથી ઘણો ફાયદો થાય છે. એક તબીબ તો આગળ વધીને કહે છે કે, કોઈક રૂપમાં પેરેફીન ઑઈલ સાથે તેનો ઉપયોગ કરવાથી શરીરને કોઇ પણ ચીજ કરતાં વધુ તાકાત આપે છે. ભીનું થુલું વધુ નરમ અને સુવાળું લાગે છે.

વળી થુલાની એક વધુ ખુબી જુલાબ લાવવા માટેની છે. ગમે તેટલી લાંબી મુદત સુધી તેનો ઉપયોગ કરવાથી તંદુરસ્તીને તેનાથી સહેજ પણ નુકસાન થવાનો સંભવ રહેતો નથી. તેમાં જુલાબ લાવવાનો ગુણ એટલા માટે છે કે તેમાં જોઇતો સેલુલાસનો જથો કુદરતે સમાવેલો છે.

એક તબીબ ઘણો ભાર મૂકી જણાવે છે કે, થુલાના વધતા ઉપયોગથી સહેજ પણ ગભરાવું નહિ. એથી મોઢાને, હોજરીને કે આંતરડાંના કોઈ પણ ભાગને સહેજ પણ અસ્રવસ્ર આવતી નથી. થુલું જે મોટી ખુબી ધરાવે છે તે એ છે કે, તંદુરસ્તી માટે જેટલો ચુનો, લોખંડ વગેરેની જરૂર છે તેટલો જથો તે ધરાવે છે. ઘઉંમાંના આવા પુષ્ટિકારક ભાગને આપણે રદ્દી ચીજતરીકે ફેંકી દેતા હતા.

× × × × ×

૩–હૃદય બંધ પડી જવાનાં કારણો

આજકાલ હાર્ટ ડીઝીઝ અને હાર્ટ ફેલ્યોર એટલે કે હૃદય બંધ થઇ જવાની બીમારી ઘણી વધી પડવાની ફરિયાદ લગભગ દરેક કોમ કે દેશમાં થતી રહી છે; પણ હૃદય બંધ પડવાનાં કારણોથી થોડાઓજ જાણીતા હશે. એક જાણીતો અમેરિકન તબીબ જે આજે મોટી સત્તાસમાન ગણાય છે, તેણે હૃદય બંધ થઇ જવાનાં કારણોમાં નીચલાંને ઘણાં અગત્યનાં હોવાનું જાહેર કર્યું છેઃ—

(૧) તમાકુમાં રહેલું નીકોટીન, (૨) દારૂમાં રહેલું આલકોહોલ, (૩) ચા અને કૉફી, (૪) માંસનો ખોરાક, (૫) ઝાડાની કબજીઆત.

ઉપલી ચીજો શરીરમાં જવાથી લોહીમાં ઝેરની મેળવણી થાય છે, જેથી ધોરી નસો કમજોર થાય છે; અને હૃદય બંધ થવાનું આ મુખ્ય કારણ છે.

૪–એક તબીબની ઉપયોગી સૂચનાઓ

(૧) રાતના વખતે મોઢું અને જીભ સુકાઇ જવાનો સબબ મોઢું ઉઘાડું રાખી સૂવાનો છે.

(૨) મીઠી પીસાબના રોગનું મુખ્ય કારણ શેરડીમાંથી બનેલી ખાંડ અને માંસનો ખોરાક છે.

(૩) તંબાકુના ચાલુ ઉપયોગથી ફેફસાંમાં ક્ષયરોગનો પાયો નંખાય છે.

(૪) બાળકને તેના દરેક રતલ વજન દીઠ દરરોજ અઢી આઉંસ પ્રવાહી ખોરાકની જરૂર છે.

(૫) ૭ મહીનાની વય પછી બાળકને પાકેલા ફળનો રસ ફાયદાકારક થઇ પડે છે.

(૬) ધાવતાં બાળકોને દાંત આવવાનું શરૂ થતું હોય તે વખતે તેઓને માતાના દૂધ કરતાં વધુ લાભકારક બીજો એકે ખોરાક નથી.

(૭) બાળકો માટે ધાવણ મૂકાવવાનો અનુકૂળ વખત ૯ થી ૧૦ મહીનાની ઉંમરનો વખત છે.

(૮) બાળકોને અંગુઠો ચૂસવાની ટેવ પાડવાથી દાંત બેડોળ ઉગે છે અને મોઢાનું જડબું પણ કદરૂપું બને છે. બનતાંસુધી બાળકોને આ તબેહથી દૂરજ રાખવાની કોશીશ કરવી.

(૯) આપણાં શરીરને પ્રોટેનની ઘણી ઓછી જરૂર પડતી હોવાથી પ્રોટેનવાળો ખોરાક જેમ બને તેમ ઓછો લેવો.

(૧૦) માંસનો કે બીજો ભારે ખોરાક વધુ લેવાય છે, તેમ ગુરદા ઉપર કામનો વધુ બોજો પડે છે.

("હિંદુસ્તાન અને પ્રજામિત્ર"માં લેખકઃ–એફ. ટી.)

૧૯૫–ચા અને કૉફીના ઉપયોગથી થતી દુનિયાની બરબાદી

ટેનીનની માઠી અસર

હા દુનિયાનું એક એવું જબરદસ્ત પીણું થયું છે કે તેને આપણે છોડી શકીશું કે કેમ, તે મુશ્કેલીભરેલો પ્રશ્ન માલૂમ પડે છે. ચા અને કૉફી બેઉમાં જે કાંઇ અસર તેજી લાવનારૂં સત્વ છે તે કેફીન છે. આ કેફીન સૂકાં પાંદડાંમાં ૨ થી ૩ ટકા હોય છે. ચાનાં પાંદડાં ૫ ગ્રામમાંથી

બનાવેલી ચાહ, અગર ૧૫ થી ૧૭ ગ્રામમાંથી બનાવેલી કૉફી ૧ ગ્રામ જેટલું કેફીન ધરાવે છે. આ ઉપરાંત બીજાં તત્ત્વો પણ એક પીણાંમાં હોય છે. કૉફીમાં ચરબી અને ક્લોરોજીનિક એસીડ રહેલું હોય છે, જ્યારે ચાહમાં ટેનીન અને થીઓબ્રોમીન હોય છે.

ચાહમાં કેફીન અને ટેનીન મોટા અંશમાં હોય છે. ચાહનો ઉપયોગ કોઈ પણ રીતે ખોરાક-તરીકે ગણી શકાયજ નહિ. હલકી ચાહમાં જેટલા પ્રમાણમાં ટેનીન હોય છે, તેટલાજ પ્રમાણમાં ટેનીન ઉંચી ચામાં હોય છે. ચાહ બનાવવાની રીતમાંજ ટેનીન કેફીન કેટલું અંદર આવે છે તેનો આધાર રહે છે. જેમ લાંબો વખત ચા ગરમ પાણીમાં વધુ ઉકળે કે રહે, તેમ ટેનીન વધારે અંદર દાખલ થાય; અને થોડા વખતમાં થોડુંક કેફીન ભળે છે. એમાંથીજ બીજો પ્યાલો કાઢવાથી પણ કેફીન મેળવાય છે તે ખોટી હકીકત છે; કારણ કે કેફીન પહેલા પ્યાલામાં પૂરેપૂરા પ્રમાણમાં ચાલ્યું જાય છે, પછી બીજામાં ટેનીન મોટા અંશમાં આવે છે.

કેફીન તેજ લાવનારૂં તત્ત્વ છે અને તેથીજ હૃદયના દરદીઓનું મરણપ્રમાણ વધે છે; કેમકે કેફીનની અસર હૃદય ઉપર તાત્કાલિક થાય છે. આરોગ્યશાસ્ત્રીઓનો એવો અભિપ્રાય છે કે, વિચારની ગતિ ઝડપી અને શુદ્ધ હોય છે અને ચુસ્તી ઉડી જાય છે, થાક દૂર થાય છે અને કેફીનથી બધી જ્ઞાનેંદ્રિયો તીવ્ર અને તેજ બને છે. આથી અફીણના પ્રતીકારરૂપે કેફીન ઘણું કામે વપરાય છે. કેફીન લીધા પછી નબળાઈ કેટલી આવે છે, માણસની તાકાત કેટલી નાશ પામે છે તેનો અખતરો મી० હોલિંગવર્થે કર્યો છે. તાઇપ ચા 'ચાવીથી ટાઇપ કરવાનું' કામ, આંકડા ગણવાનું કામ, કાગળ લખવાનું, છાપવાનું વગેરે ઝડપથી બનતું હતું; કારણ કે કેફીનનો અંશ મોટો હતો. આ બધી અસર મગજમાંથી—મનની ઇંદ્રિયોની તેને માલૂમ પડી હતી. કેફીનની અસર સ્નાયુ ઉપર થાય છે અને તેમને તે વેગ આપે છે.

કેફીનની માઠી અસર શરીરના બીજા એકે વિભાગ ઉપર થતી નથી; પરંતુ હૃદય ઉપર થાય છે, લોહીના દબાણમાં ઉછાળો આવે છે. કેફીન સારી રીતે એટલે કે ઔષધરૂપે કીડનીના રોગમાં અસર કરે છે; અને થોડા પ્રમાણમાં લેવાથી, અંદરની નસોને તાકાત આપે છે. ડાય-રેટીન દસ્તાવરની દૃષ્ટિએ કેફીન સાથે ક્લોરાગેનું સત્વ માલૂમ પડે છે, અને તેમાં સોડિયમ સાલીસીલેટનો ઉમેરો થાય છે. આવી રીતે ડાયરેટિક અસર મેળવવામાટે કેફીન ઘણું અગત્યનું ઔષધ થાય છે, જેથી આંતરડાંના રોગોમાં આ ગુણકારી માલમ પડે છે અને આનાથીજ કેફીન [illegible] થાય છે. આનો દુરુપયોગ અને નુકસાન ચા બનાવવાની ખરાબ રીતથી થાય છે. કેફીન મોટા પ્રમાણમાં જો લેવામાં આવે તો તેથી ગભરાટ, ધ્રુજારી છૂટે છે. [illegible] અવાજ આવે છે, નિદ્રાહિન રહેવું પડે છે અને તેથી મગજને મોટો ક્ષોભ થાય છે. દરરોજ જો રોજ માણસ પાંચ પ્યાલા ચા પીએ તો કેફીન મોટા પ્રમાણમાં શરીરમાં નાખી, બાધિઓ પેદા કરે છે.

ટેનીન થોડી પણ વધારે લાંબો વખત લેવાથી ખરાબ અસર કરે છે. આ ટેનીનથી [illegible] રોગ લાગુ થાય છે. [illegible] નામના [illegible] પુરવાર કર્યું છે કે, [illegible] તંતુઓ ચાહથી [illegible] રીતે [illegible] કરે છે અને [illegible] નથી [illegible] પણ આવી ચાહ [illegible] છે. [illegible] વધારે [illegible] ટેનીનની અસર [illegible] શરીરના [illegible] છે, [illegible] ટેનીનને ઔષધતરીકે વાપરવામાં આવે છે. [illegible] છે, એ કહેવું [illegible] છે; પરંતુ [illegible] રોગમાં [illegible]

જો કે ચા અને કૉફી [illegible] છે, [illegible] માલૂમ [illegible] કેફીન ટેનીનનો [illegible] શરીરમાં [illegible] કેફીન [illegible] છે. [illegible] કેફીન [illegible] ટેનીન શરીરમાં [illegible] હશે.

([illegible] ૧૯૪૮ના દૈનિક 'હિંદુસ્તાન'માંથી)